॥ ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

શ્રીશ્વેતાયનવ્યાસવિરચિતા

શ્રીલક્ષ્મીનારાયણસંહિતા અંતર્ગત

(૫૧ અધ્યાયોનું ગુજરાતી ભાષાંતર, ભાગ-૧)

સર્વકષ્ટ દુઃખોને દુર કરનાર અને સંકલ્પ પૂર્તિ કરનાર



: લેખક :

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

M.A.,Ph.D., D.Phil., D.Litt.

: પ્રાપ્તિ સ્થાન :

પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :

શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

✳ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સંપ્રદાય ✳

સમગ્ર વિશ્વનું ગૌરવ

● ભારત દેશનું ગૌરવ ● દેવભાષા સંસ્કૃતનું ગૌરવ ● સંત સમાજનું ગૌરવ
● સાહિત્ય જગતનું ગૌરવ ● વિદ્વત્ સમાજનું ગૌરવ ● પટેલ સમાજનું ગૌરવ



તા. ૨૧-૧૦-૧૯૦૫
આસો વદ-૮
તીર્થધામ કુકાવાવ

સ્વધામગમન

તા. ૨૮-૦૨-૧૯૮૬
મહા વદ-૪
તીર્થધામ જુનાગઢ

પરબ્રહ્મ અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણ
પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
વિદ્યામૂર્તિ શ્રી શ્વેતાયયનવ્યાસ શ્રીહરિ

શ્રી ૧૦૦૮ આચાર્યવર્ય, **શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ,** મહામહોપાધ્યાય, **ભારતભૂષણ,** દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈષેશિકશાસ્ત્રી, સાહિત્યમનિષી, સાંખ્યયોગતીર્થ, વેદાન્તતીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિકમાર્તણ્ડ, તાર્કિકવાચસ્પતિ. (M.A., Ph.D., D.Phil, D.Litt)
ભારત મહાગુજરાત રાજ્ય બહુસન્માનીત, ઉત્તરપ્રદેશ ભારત રાજ્ય વિશેષ સમ્માનીત, ૫૭ જેટલા શ્રેષ્ઠ સંસ્કૃત-હિન્દી-ગુજરાતી શાસ્ત્રોના રચયીતા.

❖ ❖ ❖

સમગ્ર વિશ્વનાં ધર્મગુરૂઓ-રાજકીય મહાનુભાવો - સંતો-મહંતો-મહામંડલેશ્વરો-વિદ્વાન પંડિતો તેમજ દેશ-વિદેશની અનેક યુનિવર્સિટીઓ અને સંસ્કૃત મહાવિદ્યાલયોના સંચાલકશ્રીઓ દ્વારા **૫૦૦ જેટલા અભિનંદન પત્રો** દ્વારા વિશેષ સમ્માનીત.

❖ ❖ ❖

વિશ્વનો સર્વશ્રેષ્ઠ, અજોડ, વિશાળ, અદ્ભુત, દિવ્ય તેમજ કલ્યાણકારી મહાધર્મગ્રંથ **શ્રીલક્ષ્મીનારાયણસંહિતા (૧,૨૬,૦૦૦ સંસ્કૃત શ્લોક)** જેવા શાસ્ત્રના રચયિતા શ્રીશ્વેતાયનવ્યાસ હરિ.

પ્રસ્તાવના

અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે પરમધામાધિપતિ સર્વોપરી પરબ્રહ્મ અવતારી અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહાપ્રભુજી સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વરૂપે આ પૃથ્વી પર પ્રગટ થયા તેમજ અનેક કલ્યાણકારી ધર્મકાર્યો કર્યા જે પૈકી સત્તાવન જેટલા ગ્રન્થોની રચના કરી. જેમાં સૌથી મહત્વપૂર્ણ 'શ્રીલક્ષ્મીનારાયણસંહિતા' (શ્વેતાયનસંહિતા) નામક મહાધર્મગ્રન્થની રચના કરી છે. તેમાં ૧,૨૬,૦૦૦ શ્લોકોમાં કૃતયુગ સંતાન, ત્રેતાયુગ સંતાન, દ્વાપરયુગ સંતાન તથા તિષ્યયુગ સંતાન નામક ચાર ખંડમાં સર્વે શાસ્ત્રના સારનો ગાગરમાં સાગરના ન્યાયે સમાવેશ કરી લીધો છે.

મહાભારતના સંબંધમાં જે ઉક્તિ છે તે ઉક્તિ આ મહાધર્મગ્રન્થના વિષયમાં પણ કહી શકાય. 'यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् क्वचित्' અર્થાત્ ''જે આ ગ્રન્થમાં છે તે જ અન્ય ગ્રન્થોમાં છે જે આ ગ્રન્થમાં નથી તે ક્યાંય નથી.'' ભગવાન વેદવ્યાસ રચિત મહાભારત નામક ગ્રન્થ પછી ગીર્વાણ ભાષામાં આટલો વિશાળકાય અને અર્થસભર ગ્રન્થ ઈતિહાસમાં બીજો જણાતો નથી કે જેના છંદ છંદમાં કાવ્ય કૌશલ્યની સંપૂર્ણ ગરિમા અપ્રતીમ માધુર્ય સાથે સમાહિત કરી દેવાય છે.

મહામહોપાધ્યાય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિષયક 'અભિનંદન ગ્રન્થ'માં પણ અનેક વિદ્વાનોએ 'શ્રીલક્ષ્મીનારાયણસંહિતા' શાસ્ત્રના અપાર મહિમાનું વર્ણન કર્યું છે અને સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે આ શાસ્ત્રને સર્વ શાસ્ત્રના સારરૂપ કહ્યો છે તેમજ 'હું તેમાં અખંડ નિવાસ કરીને રહ્યો છું' એમ પણ કહ્યું છે માટે જ મને 'શ્રીલક્ષ્મીનારાયણસંહિતા' અત્યંત પ્રિય છે. પ્રગટ ભગવાનના તમામ શાસ્ત્રોમાં રહેલા કલ્યાણકારી અદ્‌ભુત જ્ઞાનને માત્ર વિદ્વાનો જ નહિ પરંતુ આમ જનતા પણ સમજી શકે તે માટે તમામ શાસ્ત્રોનું યથાર્થ ગુજરાતી ભાષાંતર થવું તે મને અત્યંત જરૂરી લાગ્યું અને તેનો શુભારંભ શ્રીલક્ષ્મીનારાયણસંહિતાથી થયો તેનો મને અત્યંત આનંદ છે. હું જ્યારે પણ પ્રગટ ભગવાનની શાસ્ત્ર રચના કરતી મૂર્તિના દર્શન કરતો કે તેમને મળેલા ભક્તો પાસેથી સાંભળતો કે ''અમે જ્યારે પણ મહારાજના દર્શન કરવા જતા

ત્યારે મોટા ભાગે તેઓ શાસ્ત્રની જ રચના કરતા હોય તેવા દર્શન થતાં.'' આમ પ્રગટ ભગવાને સ્વયં અનંત જીવાત્માઓના કલ્યાણ માટે કલાકોના કલાકો સુધી બેસી ખૂબ જ મહેનત કરી અનંત જીવાત્માઓના કલ્યાણ માટે શાસ્ત્રોની રચનાઓ કરી છે, માટે જ મહારાજની અતિમહેનત સામે જોઈ હૃદયમાં દ્રઢ સંકલ્પ થયો કે 'પ્રગટના આ કલ્યાણકારી શાસ્ત્રોમાં રહેલા મોક્ષના અતિ ઉત્તમ રહસ્યો, યથાર્થ ઉપાસના, ઉત્તમ ભક્તિ તેમજ ભગવાનના લીલા ચરિત્ર વગેરેનો આમજનતાને પણ લાભ મળે તે માટે આ શાસ્ત્રોનું ગુજરાતી ભાષાંતર થવું ખૂબ જરૂરી છે.'

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ શાસ્ત્ર સ્વરૂપે પણ આપણી વચ્ચે પ્રગટ બિરાજમાન છે. મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણસંહિતા તે સંપૂર્ણ તેમનું જ સ્વરૂપ છે. આ મહાન દિવ્ય સંકલ્પને પૂર્ણ કરવાની શુભ શરૂઆત હવે થઈ ગઈ છે. માટે પ્રગટ ભગવાનની ઈચ્છાથી જ તેમના આ શાસ્ત્રના ગુજરાતી ભાષાંતરના કાર્યમાં નિમિત્ત બનવાનું સૌભાગ્ય જેઓ પ્રકાંડ પંડિતની સાથોસાથ તીવ્ર બુદ્ધિશાળી મહાપુરૂષ પણ છે તેવા ભક્તરાજ ડૉ. હર્ષદભાઈ સતાસીયા (વેદાંતાચાર્ય, પી.એચડી)ને પ્રાપ્ત થયું છે તેનો મને અપાર આનંદ છે. વિશેષમાં ભક્તરાજ ડૉ. હર્ષદભાઈ સતાસીયાએ અતિ ઉત્સાહ અને ઉમંગથી આ કલ્યાણકારી કાર્યનો શુભારંભ કર્યો છે તો તેમનો પણ હું હૃદયપૂર્વક આભાર માનુ છું અને હવે ભવિષ્યમાં પણ શ્રીલક્ષ્મીનારાયણસંહિતાનો ગુજરાતી અનુવાદ તેમના દ્વારા જ થાય તે માટે પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેમને ખૂબ સારૂ સ્વાસ્થ્ય, માનસિક બળ તથા અંતરના રાજીપાના આશીર્વાદ આપે તેવી સમસ્ત શ્રીહરિશરણાગતમંડળ વતી પ્રગટના દિવ્ય ચરણોમાં હું અંતરથી પ્રાર્થના પણ કરૂ છું.

આજે પ્રગટ ભગવાનના અનેક કાર્યો હું ખૂબ જ ટુંકા સમયમાં એક પછી એક પાર પાડતો જાઉં છું. તેમાં સૌ પ્રથમ હું મારા ઈષ્ટદેવ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ ત્યારબાદ મારા ગુરૂદેવ પરમ પૂજ્ય શ્રીઆત્મપ્રકાશદાસજી સ્વામી તેમજ મારા વડીલ ગુરૂજનો પ.નિ. કોઠારી સ્વયંપ્રકાશદાસજી સ્વામી, પ.નિ. અનાદિ મહામુક્તરાજ શ્રીહેમંત ભગત, પ.નિ. દેવપ્રકાશદાસજી સ્વામી, પ.નિ. જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી તથા સમસ્ત

શ્રીહરિશરણાગતિમંડળના ભક્તજનો વગેરેનો અંતરનો રાજીપો અને આશીર્વાદ જ કારણરૂપ છે. વળી આ તમામ કાર્યોમાં આર્થિક સહાયક યશસ્વી યજમાનોનો પણ હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું અને આ તમામ પાસે ફરી ફરી આવા અનેક સત્કાર્યો કરવા માટેનું અખુટ બળ મને સદાય મળતું રહે તેવા આશીર્વાદની ઈચ્છા રાખું છું.

આ અતિ વિશાળકાય મહાધર્મગ્રન્થ શ્રીલક્ષ્મીનારાયણસંહિતાનું સંમ્પૂર્ણ ગુજરાતી ભાષાંતર કરવું ઘણું મુશ્કેલ હોય તેથી શરૂઆતમાં તેમાંથી ચુંટેલા એકાવન અધ્યાયોનું અક્ષરશઃ સમ્પૂર્ણ ગુજરાતી અનુવાદનું આ શાસ્ત્ર ભાગ-૧ રૂપે શ્રીલક્ષ્મીનારાયણસંહિતાની ૪૫મી જન્મજયંતિ (ચૈત્ર સુદ-૯, રામનવમી)ના અતિ પવિત્ર દિવસે પ્રકાશિત થયું છે અને હવે આ રીતે પ્રગટ ભગવાનની મરજી હશે તે મુજબ ચુંટેલા બીજા અધ્યાયોના અનુવાદના શાસ્ત્ર યથાસમય પ્રકાશિત થતા રહેશે.

પ્રગટ ભગવાનના આ કલ્યાણકારી મહાધર્મગ્રન્થ શ્રીલક્ષ્મીનારાયણસંહિતાના પ્રકાશન કાર્યમાં જે યશસ્વી યજમાન ભક્તોએ આર્થિક સહયોગ આપ્યો છે તે સર્વ ભક્તો પર પ્રગટ ભગવાન પોતાની પૂર્ણકૃપા દૃષ્ટિ રાખે તેમજ તેમને આલોક તેમજ પરલોકમાં મહાસુખીયા કરે તેવી પ્રાર્થના કરીએ છીએ તેમજ હવે પછીના પણ આવા શાસ્ત્રોના પ્રકાશનોના કાર્યોમાં સર્વ ભક્તજનો સેવાનો લાભ અવશ્ય લઈ મહારાજનો વિશેષ રાજીપો પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના છે.

અંતમાં મહાધર્મગ્રન્થ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં રહેલ દિવ્ય કલ્યાણકારી ઉપદેશોને આપણે સૌ કોઈ જીવનમાં અપનાવીને આલોક અને પરલોકમાં મહાસુખીયા થઈએ તેમજ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના કૃપાપાત્ર બની સર્વશ્રેષ્ઠ એવા પરમધામમાં તેમના દિવ્ય ચરણોની સેવાના અધિકારી બનીએ એ જ અભ્યર્થના...

લી. શ્રીકૃષ્ણપ્રકાશસ્વામી
ગુરૂ : સદ્‌ગુરુ પરમ પૂજ્ય સ્વામી શ્રીઆત્મપ્રકાશદાસજી
જૂનાગઢધામ.

અનુવાદકનું અભિવાદન

પરાત્પર પરબ્રહ્મ પુરૂષોત્તમનારાયણે સ્વયં ગીતામાં કરેલી 'સમ્ભવામિ યુગે યુગે'ની ઘોષણા પ્રમાણે સર્વતન્ત્ર સ્વતન્ત્ર અને સમ્રાટ એવા એ રાજાધિરાજને પૃથ્વી પર પ્રગટ થવાના કૃપા સિવાય કોઈ બાધ્ય કારણો હોતા નથી. ઘણીક વખત એવું પણ બને છે કે તુચ્છ બુદ્ધિના માનવીઓ કે જે તેમના અવતરણનો હેતુ સમજી શકતા નથી. તેઓ પરમેશ્વરના માપદંડ કાઢવા બેસે છે પરિણામે કૂપમંડુક ન્યાયે તે પોતાની ગેરસમજણ દુનિયામાં ફેલાવે છે પરંતુ 'યમેવૈષ વૃણુતે તેનૈષ લભ્યઃ' આ વેદવાક્ય પ્રમાણે પરમેશ્વરે જેનું કૃપા વડે વરણ કર્યુ કે 'હું આને મળુ, હું આને ઓળખાવ, હું આને યથાર્થ સમજાઉં વિગેરે... તેને જ પરમેશ્વર મળે છે, ઓળખાય છે, સમજાય છે. બીજાને તો મનુષ્યરૂપ ધારીને સામે ઉભા હોય તોય પોતાના જેવા જ લાગે છે. પરમધામમાં સ્થિત પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણે માતા કંભરાલક્ષ્મી - પિતા ગોપાલકૃષ્ણ થકી કુંકાવાવમાં જન્મ ધારણ કરી, સ્વામિનારાયણ સંપ્રદાયમાં દીક્ષા ધારણ કરી અનેક મહાન સત્શાસ્ત્રોની રચનાઓ કરી. સર્વવિદ્યામહોદધિ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃતને ભાષા તરીકે સ્વીકારી. એવું બિલકુલ પણ ન હતું કે તેઓ એક સંસ્કૃત ભાષાના જ મહાવિદ્વાન હતાં. દુનિયાની દરેક ભાષા તેમના માટે સામાન્ય હતી. તેઓ જે ભાષામાં ધારે તે ભાષાઓમાં ગ્રન્થોના નિર્માણ કરી શકત પરંતુ આર્ષ પરંપરાને અખંડિત રાખવા તેમણે સંસ્કૃત ભાષાને માધ્યમ બનાવી. મને ઘણીક વખત મનમાં અમે થતું કે આ કળિકાળના સમયમાં મહારાજે સંસ્કૃતમાં કેમ શાસ્ત્રો લખ્યા હશે ? આ કોણ વાંચશે ? આ કોણ સમજશે ? વાંચશે અને સમજશે નહિ તો તેનાથી કલ્યાણ કેવી રીતે થાશે ? પછી એકવાર ભગવત્કૃપાથી એકાએક મનમાં એ વિચાર સ્ફૂર્યો કે અનાદિશ્રીકૃષ્ણનારાયણે ભક્તો પર કૃપાદૃષ્ટિ રાખી તે ગજબ છે. આ શાસ્ત્રોના દર્શનમાત્રથી તેઓ મોક્ષ આપવા બેઠા છે. તેમના લખેલા આ શાસ્ત્રો વંચાય અને સમજાય તો તો વાત જ જુદી છે પણ તેમ ના થાય તો

તે સત્શાસ્ત્રોના દર્શન અને વંદન જ મોક્ષ માટે પર્યાપ્ત છે. હું એક તુચ્છ બુદ્ધિનો માણસ પુરૂષોત્તમ નારાયણની કલમે લખાયેલી તેમની વિચારધારાઓનો શું અનુવાદ કરી શકું? જેના વિચારોમાં અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની મહાશક્તિઓ સમાયેલી છે તે જ વિચારધારાએ શબ્દો અને કલમ વડે 'લક્ષ્મીનારાયણ સંહિતાનું' રૂપ ધારણ કર્યુ છે. આ સંહિતાનો શબ્દે શબ્દ અતિ દિવ્ય છે કારણ કે તે સ્વયં શ્રીહરિના મનથી ઉદ્ભવી તેમનાં જ કરકમળો વડે લક્ષ્મીનારાયણ સંહિતામાં અંકિત થયેલો છે. પ્રગટના ઉપાસકો માટે આ મોક્ષનું ઉત્તમોત્તમ સાધન છે અને જે શ્રીહરિશરણાગતિમંડળમાં નથી પરંતુ આસ્તિકતાએ ઈશ્વર-પરમેશ્વર સાથે જોડાયેલા છે તેમના માટે પણ આ ગ્રન્થ આ લોક અને પરલોકમાં પરમ સુખીયા થવાનું ઉત્તમ દ્વાર છે. મારા જીવનના અગણિત પ્રસંગોમાં મહારાજની પ્રત્યક્ષતા મેં જાતે અનુભવી છે. અતિ દયાભાવે કરીને અને પોતાના જાણીને તે પરમેશ્વરે અનધિકારી એવા મારી અગણિત વાર રક્ષા કરી છે જેનો હું સભાન સાક્ષી છું. તે તમામ કૃપાઓ કરતા પણ પોતાના સ્વહસ્તે લખેલ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના અનુવાદની જે સેવા મને આપી તે કૃપાને હું સર્વશ્રેષ્ઠ કૃપા માનું છું. સાગર અગાધ ભર્યો છે તેમાં જેનું જેવડું ગજુ તે પ્રમાણે તે પાણી પીએ તેમ આ મહાસાગર છે તેમા મારી બુદ્ધિમાં બેસી અનાદિશ્રીકૃષ્ણનારાયણે જેટલો પ્રકાશ કર્યો તેટલું અનુવાદનું કામ મેં કર્યું છે. હું ખુલ્લે આમ સ્વીકારૂ છું કે આ અનુવાદ હું મારા ભણતરના જોરે કરવા જાઉં તો ના જ સંભવે કારણ કે ગમે તેટલું ઉંચુ ભણતર પણ પરમેશ્વરની કલમ સમજવામાં પાંગળુ પડે ત્યાં માત્ર કૃપા જ કામ કરે છે. આવી પરમેશ્વરની આ કૃપાદૃષ્ટિને અને પરમેશ્વરને હું કોટિ કોટિ પ્રણામ કરૂં છું.

જન્મથી જ ભગવાન શ્રીસ્વામિનારાયણના ઉપાસક એવા માતાપિતાને ત્યાં જન્મ પામવાથી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની મારી નિષ્ઠા અને સમર્પણભાવ સહજ હોય તે સ્વાભાવિક છે પરંતુ મહારાજના સાક્ષાત્ શિષ્ય

સદ્‌ગુરૂ શ્રીઆત્મપ્રકાશદાસજી તથા તેમના શિષ્ય શ્રીકૃષ્ણપ્રકાશસ્વામીની મહામહેનતે આ કામ સાકાર થયું છે. વળી શ્રીકૃષ્ણપ્રકાશસ્વામીની પ્રેરણાથી પરમધામ નિવાસી બાબુભાઈ ભીમજીભાઈ દેવાણી કે જેઓ મહારાજની વંશ પરંપરામાં ત્રીજી પેઢીએ જ આવે છે તેમની પુત્રી સાથે મારો વિવાહ થયો અને મને અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનના પરિવારમાં સ્થાન મળ્યું આને પણ હું મારા જીવનમાં ભગવાનની સૌથી મોટી કૃપા માનું છું. આ મહાન મોક્ષોપયોગી સત્કર્મ કરવા પ્રેરનાર શ્રીકૃષ્ણપ્રકાશસ્વામીની ઉંમર હજુ ઘણી નાની છે પરંતુ મહારાજે આપેલું બુદ્ધિબળ અને સાહસ તેમનામાં ઘણું બધું છે. હજુ પણ જેમ જેમ ભગવાન બુદ્ધિમાં પ્રકાશ કરે તેમ તેમ આ કાર્યમાં આગળ આગળ વધવાનો તેમનો અડગ સંકલ્પ છે જે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

જેમની નિશ્રામાં રહી હું અધ્યાત્મ અને ભણતરના સોપાન ચઢ્યો છું એવા મારા ગુરૂજનોને હું કોટિ કોટિ પ્રણામ કરૂં છું. હું આજે જે કંઈ છું તે તેમની જ મહેનત અને કૃપાનું ફળ છે તેથી તેમને જેટલા વંદન કરૂ તેટલા ઓછા જ છે.

અંતમાં આ અનુવાદના કાર્યમાં મેં જેવી મહારાજની વાણી છે જેવી કલમ છે તેને સમજી તેવો જ અક્ષરશઃ અનુવાદ કરવાનો પ્રયત્ન કર્યો છે છતાં જ્યાં અનુવાદને સરળ કરી ભક્તજનોને સમજવામાં સુગમતા થાય તેવું કરવું પડે તેમ હતું તે પણ કર્યુ છે પણ તેમાં મહારાજની કલમને ખૂબ સાચવી છે અને અર્થનો અનર્થ ના થાય તેનું ધ્યાન રાખ્યું છે છતાં માનુષી બુદ્ધિને કારણે જ્યાં ક્યાંય દોષો રહી ગયા હોય તો આપનો સેવક જાણી માફ કરજો અને અમારા આ સહિયારા પ્રયત્નને અંતરના આશીર્વાદ આપજો એવી વિનંતી સહ શ્રીહરિશરણાગતિમંડળને કોટિ કોટિ પ્રણામ...

અનુવાદક

ડૉ. હર્ષદભાઈ સતાસીયા

અનુક્રમણિકા

ક્રમ	અધ્યાયનું નામ	પેજ નં.
૧.	પુરૂષોત્તમનારાયણની સર્વસૃષ્ટિમાં સમૂર્તપણે વર્તમાનતા અને સૌરાષ્ટ્રના કુંકાવાવમાં કૃપા વડે તેમનું પ્રાગટ્ય ઈત્યાદિ નિરૂપણ	૦૧
૨.	મહામન્ત્ર રહસ્યમાં મન્ત્ર, તેના અર્થ, ન્યાસાદિનું નિરૂપણ	૦૭
૩.	અશ્વપટ્ટ સરોવરે ખટવાંગદ રાજાના તપ કરવાથી લક્ષ્મીનારાયણદેવે આપેલ પોતાનું દર્શન તથા ચાંદલો કરતા પડેલા કુંકુમના બિંદુઓથી કુંકુમવાપી તીર્થ તથા કંભરા-ગોપાલ રૂપે ત્યાં લક્ષ્મીનારાયણનો નિત્ય નિવાસ એ નિરૂપણ	૧૫
૪.	કુંકુમવાપિકા તીર્થના દર્શન સ્મરણાદિકે કરીને પાપીઓનો મોક્ષ ઈત્યાદિક નિરૂપણ	૧૮
૫.	સૌરાષ્ટ્રમાં કુંકુમવાપિ તીર્થક્ષેત્રનો મહિમા પાર્વતી પ્રત્યે શંકરે કહ્યો તે વર્ણન	૨૫
૬.	અડસઠ તીર્થો તથા આધ્યાત્મિક તીર્થો વિગેરેનું નિરૂપણ	૩૨
૭.	વધૂગીતામાં બહુવિધ દિવ્યમન્ત્ર અને ગુરૂના બળ ઈત્યાદિ નિરૂપણ	૩૫
૮.	જીવચ્છ્રાદ્ધવિધિનું નિરૂપણ	૪૩
૯.	મુક્તિધર્મમાં વિવિધ ધામોનો નિર્દેશ અને શ્રીમાનસા અને ચિદાનંદ ના પરસ્પર પ્રશ્નોનું નિરૂપણ	૫૧
૧૦.	લક્ષ્મી અને રાધા માટે વૈકુંઠ અને ગોલોક ધામનું નિર્માણ કર્યું તે નિરૂપણ	૫૭

૧૧. ઋણાનુબન્ધથી સંતાન, ગર્ભાધાનને અનુરૂપ સંતાન અને રજસ્વલાના દોષનો પરિહાર કરનાર વ્રતનું નિરૂપણ ૫૯
૧૨. પુત્રપ્રાપ્તિ કરાવનારૂ પયોવ્રત અન અવૈધવ્યવ્રતનું નિરૂપણ ૬૬
૧૩. પુત્રને માટે પુણ્યક નામના વાર્ષિકવ્રતનું નિરૂપણ અને તેમાં દેવા યોગ્ય દાનનું નિરૂપણ ૭૨
૧૪. પુત્રને માટે વ્રતકરનારી સ્ત્રીઓના દ્રષ્ટાંતો, દેવ ઋષિઓનું આગમન અને તેમના આશીર્વાદો અને શ્રીકૃષ્ણદર્શન ઈત્યાદિ નિરૂપણ ૭૬
૧૫. એકાદશી અને જયંતિઓનું મહાત્મ્ય ૮૨
૧૬. રૈવતાચલમાં મહાલક્ષ્મીનું આગમન તેમનું પૂજનાદિ સમુદ્રમન્થનમાંથી અલક્ષ્મીની ઉત્પત્તિ, તેનું સ્વરૂપ, તેના નિવાસ સ્થાનો, ત્યાર પછી તુલસી અને લક્ષ્મીનો પ્રાદુર્ભાવ અને બારસનો મહિમા નિરૂપણ ૮૬
૧૭. ત્રિસ્પૃશા એકાદશીનું વ્રત-ફળ-પૂજન આદિ કથન ૯૪
૧૮. મૃત શવની ક્રિયા-પિંડદાન-પ્રેતશોક આદિ નિરૂપણ ૧૦૧
૧૯. પ્રેતોનો અશુદ્ધ ભૂમિમાં વાસ - પ્રેતકૃત વિવિધ પીડાઓ -પ્રેતકૃત સ્વપ્ન ચિહ્ન અને તેની નિવૃત્તિ-ઉપાય-નિરૂપણ ૧૦૫
૨૦. કોણ પ્રેત ? પ્રેતોનો વાસ-ભોજનાદિક અને ત્રણ પ્રકારના પ્રેત ઈત્યાદિ નિરૂપણ ૧૧૦
૨૧. મૃતકનું યથાયોગ્ય સૂતક સપિંડિકરણ-તલાદિકનું દાન અને આતુરને મન્ત્ર પ્રદાન ઈત્યાદિ નિરૂપણ ૧૧૫

૨૨. દાનફળ, નિષેક સમય, ગર્ભનિર્માણ, શારીરકોષ અને બ્રહ્માંડની એકતા ઈત્યાદિ નિરૂપણ ૧૨૦
૨૩. પ્રકીર્ણદાન-શય્યાદિદાન-પંચક મૃતોર્ધ્વકાર્ય તથા અનાશન પૂર્વક દેહત્યાગનારની ગતિ ઈત્યાદિ નિરૂપણ ૧૨૪
૨૪. મુક્તિના વિવિધ સાધનો, નિષ્કામભાવે કરેલા કર્મો અને દાન મુક્તિ દેનારા છે તથા દેવા યોગ્ય દાનો અને આત્મશુદ્ધિ આદિનું નિરૂપણ ૧૨૭
૨૫. નારાયણબલિ ક્રિયા નિરૂપણ ૧૩૧
૨૬. ગાયનું મહાત્મ્ય ૧૩૬
૨૭. સત્પુરૂષોના યોગથી વંચીત પ્રેતના ઉદ્ધાર માટે ગોદાન અને ગાયોના મહાત્મ્યાદિકના નિરૂપણ ૧૪૦
૨૮. ગવારાધન નામક વ્રત, ગોમૂત્ર અને છાણમાં લક્ષ્મીનો વાસ, ગોદાનના પ્રેતના ઉદ્ધારક આદિ વિવિધ ફળો અને સત્પુરૂષોનો આશ્રય સર્વોદ્ધારક છે ઈત્યાદિ નિરૂપણ ૧૪૭
૨૯. વિવિધ દાનો વડે પ્રેતનો ઉદ્ધાર થાય છે તે, સત્પુરૂષો ઈત્યાદિ દાનના શ્રેષ્ઠ પાત્રો છે તે, વૃષાદર્ભિ અને સૂર્યના નિદર્શનથી નિરૂપણ ૧૫૬
૩૦. સર્વવ્રતોત્તમવ્રત સાધુસેવામાનતાત્મકનું નિરૂપણ ૧૬૩
૩૧. સુખદુઃખાદિકમાં સાધુદેવાદિકની સેવા-વ્રત-માનતાદિકનું નિરૂપણ ૧૭૦
૩૨. પિતૃ સેવા અને પત્નીવ્રત પુરુષાત્મક બ્રાહ્મણનો મહિમા કથન ૧૭૮
૩૩. પત્નીવ્રત નામક પુરૂષને બ્રહ્મચર્ય ગૃહસ્થધર્મ માહાત્મ્યાદિકનું નિરૂપણ ૧૮૩
૩૪. ભક્તિની દાસીઓના નામ વિગેરેનું નિરૂપણ ૧૮૮

૩૫. કાળ-મૃત્યુનું સ્વરૂપ, તેના બળનું પ્રદર્શન અને
તેના પર વિજય માટે પરમેશ્વરના મન્ત્ર જપાદિકનું
નિરૂપણ ૧૯૧
૩૬. અક્ષરધામમાં પરબ્રહમ-બ્રહમ અને મુકતોની
દ્રવમુક્તિ હોવાં છતાં પણ સાકારતા છે તે
નિરૂપણ ૧૯૮
૩૭. દીર્ઘઆયુપ્રદાન કરનારા સાધનો મોક્ષના
સાધનો તથા સંતોની સેવા ઈત્યાદિ નિરૂપણ ૨૦૧
૩૮. બ્રહ્માના પાંત્રીસમાં વર્ષે
અનાદિશ્રીકૃષ્ણનારાયણનું શ્રીશિવરાજ્ઞીશ્રીસહિત
પ્રાગટય અને યુગલશ્રીકાન્ત સ્તોત્રાદિ કથન ૨૦૮
૩૯. સર્વ દુઃખનાશક બ્રહ્મશર, પૂજનીય નમસ્કરણીય
સાધુજનના માહાત્મયમાં પ્રણદ્બ્રહમ સાધુના
આશીર્વાદથી અને સેવાથી
કશ્યપ અદિતિને માતૃત્વ પિતૃત્વની પ્રાપ્તિ થઈ ૨૪૭
૪૦. તમામ આપત્તિઓ પાપો તથા બન્ધનાદિના
નાશ માટે ‘વ્યપોહન સ્તવન’ ૨૫૮
૪૧. બારસની હરિવાસરમાં કારણતા, લક્ષ્મીનું વિધિવત
પૂજન, તેનું ફળ અને લક્ષ્મીના નિવાસ સ્થાનો
ઈત્યાદિ નિરૂપણ ૨૬૫
૪૨. લલિતા મહાલક્ષ્મીના એકસો પાત્રીસ નામ
અને ગુરુતીર્થમહાત્મ્ય ૨૭૮
૪૩. કામધેનુના હરણના મિષે જમદગ્નિનો નાશ,
રેણુકાનું સતી થવું, પરશુરામને શંકર પાસેથી
કવચ મંત્ર અને સ્ત્રોતનો લાભ, પરશુરામને થયેલ
સ્વપ્નમાં શુકનો અને સહસ્ત્રાર્જુનને થયેલા
સ્વપ્નમાં અપશુકનો, પતિવ્રતા મનોરમાનું
સતીત્વ અને રણાગમન ઈત્યાદિ વર્ણન ૨૮૫

૪૪. ગણેશની વિશેષ અગ્રપૂજા, આશીર્વાદ, મન્ત્ર કવચ સ્તોત્રાદિકનું નિરૂપણ ૨૯૫
૪૫. હનુમન્મન્ત્ર, તેનો જપ, હનુમત્પ્રાણપ્રતિષ્ઠાદિવિધિ નિરૂપણ ૩૦૧
૪૬. સાંસારિક દુઃખોને દૂર કરી સુખી કરનાર શ્રીલક્ષ્મીનારાયણવ્રત તેનો ઉત્સવ તેમજ સર્વપાપોનો નાશ કરી પુણ્ય પ્રદાન કરનાર શ્રીધ્વજારોપણવ્રત ઈત્યાદિ નિરૂપણ ૩૦૮
૪૭. સૌરાષ્ટ્રમાં ફણાગામ નિવાસી રણસ્તમ્બનામક કુંભારના ઘરે સુનારિણી નામક સ્ત્રીભક્તથી ચંદ્રનો જન્મ ચંદ્રસ્તમ્બાદિકે કરેલી કુંકુમવાપી યાત્રા, ત્યાં સર્વેનો વાસ તથા મોક્ષ ઈત્યાદિ નિરૂપણ ૩૧૬
૪૮. વાસુદેવની ઈશ સૃષ્ટિનું પ્રદર્શન ૩૨૩
૪૯. બહુવિધ બ્રહ્માદિકોના અધિકારોનું વર્ણન ૩૨૫
૫૦. અવ્યાકૃતધામ અને બદરિકાશ્રમધામ - પ્રદર્શન ૩૨૮
૫૧. પ્રભુની સર્વથા પ્રસન્નતા પ્રાપ્ત કરાવનારા ભક્તિના વિવિધ સ્વરૂપોના વિવેચન ૩૩૨

❋ ❋ ❋

॥ ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૩

શ્રીકૃષ્ણ બોલ્યા : હે રાધે ! અનાદિશ્રીકૃષ્ણનારાયણના આનંદથી સંભૃત એવી દિવ્ય અને મનોહર કથા કહું છું તે તમે સાંભળો. પરબ્રહ્મ પરેશ્વર શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ ભગવાને અગણિત ઈશ્વરો, કરોડો ભૂમાપુરૂષો, કરોડો વૈરાજ પુરૂષો, કરોડો સદાશિવો, બ્રહ્માંડોની તો સંખ્યા જ નથી નથી ને નથી તેટલા બ્રહ્માંડો, દેવો, દૈત્યો, રાક્ષસો, મુનિઓ, ઋષિઓ, સત્પુરૂષો, સતીઓ, સૂર્યચંદ્રો, ગ્રહો, નાગો, પર્વતો, નદીઓ, સરીસૃપો, સ્થાવરો, જંગલો, લોકો, લોકરક્ષકો, ધામો, ધામપાલો, ધામેશ્વરો, ધામીઓ, બ્રહ્માંડોના ઈશ્વરો, રક્ષકો, વાસભૂમિકા આ બધાનું સર્જન કરી તેમાં યદ્યપિ અન્તર્યામિરૂપે સર્વથા રહ્યા છે છતાં પણ જ્યાં સુધી દ્રષ્ટિગોચર ના થાય ત્યાં સુધી શાંતિ થાય નહિ આમ વિચારીને આ બધા અવતારોએ-ઈશ્વરોએ-દેવતાઓએ પોતપોતાના ધામમાં લોકમાં અને પોતાની ભૂમિમાં પ્રત્યક્ષ દર્શન થાય તે માટે અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરવા લાગ્યા ત્યારે સૌથી પર અક્ષરમાં સ્થિત, અક્ષર અને મુક્તો વડે પ્રાર્થના કરાયેલા તે પુરૂષોત્તમ ભગવાન દ્વિભુજ અને અક્ષરાધિપતિ થઈને અક્ષર નામના મહાસિંહાસનમાં અક્ષર અને અક્ષરમાં વર્તમાન મુક્તોની ભાવના પ્રમાણે સુખદેનારા દિવ્ય દ્વિતીયરૂપધારી થઈ તેમના દ્વારા કરાયેલ અર્ચન ભોજનાદિકને ગ્રહણ કરે છે. આમ બીજા રૂપે અક્ષરવાસી મુક્તોની કામનાથી, ભક્તોને આનંદ દેવા માટે તથા મુક્તો પર અનુગ્રહ કરવા માટે તે પુરૂષોત્તમનારાયણ અક્ષરધામના મુક્તો

મધ્યે બિરાજમાન છે. મારા દ્વારા પ્રાર્થના કરાયેલા તે જ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન મારી ઈચ્છાથી ગોલોકમાં બિરાજે છે. હે રાધે ! મારા દેવગૃહમાં જુઓ હું તે સનાતન મૂર્તિ શ્રીકૃષ્ણનારાયણની નિત્ય પૂજા કરૂ છું. 'ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા' આ મન્ત્રનો જપ કરવા પૂર્વક હું તે પુરૂષોત્તમનું સ્મરણ કરૂં છું. મારા માટે, તમારા માટે, ગોપીઓ માટે, ગોપ માટે, મારા ધામ ગોલોક માટે તૃતીયરૂપ ધારી તે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન અહિંયા ગોલોકવાસી ભક્તોની પૂજા ગ્રહણ કરવા અને દર્શન દેવા બિરાજમાન છે. આ જ પરેશ્વર સાક્ષાત શ્રીભગવાન ચતુર્થ રૂપ ધારણ કરી લક્ષ્મીનારાયણ વડે પૂજાયેલા વૈકુંઠમાં બિરાજે છે. નારાયણ વડે પ્રાર્થના કરાયેલા તે પુરૂષોત્તમ વૈકુંઠધામમાં વાસ કરી, સાથે રહી આનંદ દેનારા થાય છે. તે જ પરમેશ્વર મત્સ્યધામમાં, કૂર્મધામમાં, વારાહધામમાં, કપિલધામમાં, અવ્યાકૃતધામમાં, વાસુદેવધામમાં, સંકર્ષણધામમાં, પ્રદ્યુમ્નધામમાં, અનિરૂદ્ધધામમાં, મહાપુરુષધામમાં, મહાકાળધામમાં, માયાધામમાં, સદાશિવધામમાં, વિષ્ણુધામમાં, મહાવિષ્ણુધામમાં, પ્રકૃતિધામમાં, પ્રધાનપુરૂષધામમાં તથા વૈરાજધામમાં તે તે ઈશ્વરો વડે પૂજિત વંદિત પ્રાર્થિત અને સેવિત છે. તે જ શ્રીહરિ સ્વયં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના લોકોમાં અને ભુવનોમાં તથા જળના ઉપર રહેલા વૈકુંઠમાં શોભે છે. ઋષિઓ, પિતૃઓ તથા ઈન્દ્રાદિક દેવો વડે વારંવાર પ્રાર્થના કરાયેલા તે ભગવાન દ્વિભુજ પણે તેઓના લોકોમાં અને ગૃહોમાં બિરાજે છે. તે ભગવાન પૃથુના ધામમાં તથા દત્તાત્રેયના ધામમાં પણ બિરાજે છે. હંસના ધામમાં, નૃસિંહના ધામમાં, ઋષભના ધામમાં, વામનના ધામમાં, પરશુરામના ધામમાં, યજ્ઞના ધામમાં, રામના ધામમાં, સનત્કુમારના ધામમાં, હયગ્રીવના આશ્રમમાં, નારદના લોકમાં, રાજરાજની રાજધાનીમાં, વ્યાસના ધામમાં, બુદ્ધના

ધામમાં, ઈશના ધામમાં, વરૂણના ધામમાં, કુબેરના ધામમાં, ઈન્દ્રના ધામમાં, યમના ધામમાં, પવનના ધામમાં, અગ્નિના ધામમાં, સૂર્યના લોકમાં, ચંદ્રના લોકમાં, ધ્રુવના લોકમાં, શુક્રના લોકમાં, મંગળના લોકમાં, બુધના લોકમાં, બૃહસ્પતિના લોકમાં, શનિના મંડળમાં, ગ્રહોમાં, નક્ષત્રોમાં તથા તારાઓમાં તે તે દ્વારા વંદના કરાયેલા તે શ્રીકૃષ્ણનારાયણ બિરાજમાન છે. મેરૂમાં, સર્વ દ્વિપોમાં, સમુદ્રના સર્વ દ્વિપોમાં, અલોકમાં, લોકોમાં, અંતરિક્ષમાં, વ્યોમવાસીમાં અને પર્વતવાસીઓમાં કૃષ્ણનારાયણ બિરાજમાન છે. જળથી પૂર્ણ તીર્થોમાં, પાર્થિવ ઘર ઈત્યાદિક આયતનોમાં, સ્થાનિકો દ્વારા વારંવર પ્રાર્થના કરાયેલા, પૂજા માટે આહૂત કરાયેલા શ્રીહરિ કૃષ્ણનારાયણ ભગવાન તેઓને દર્શન આપવા માટે સદા તેઓના ઘરમાં વાસ કરે છે. તે તે સ્થાન, આલય, વાસ, પત્તન, સ્થળ, ભૂમિ વિગેરેમાં દ્વિભૂજ અને અતિસુંદર મૂર્તિરૂપે મહારાજ કિશોરભાવ તથા અંકુરિત થતાં યૌવનભાવને આશરીને જેવા ભક્ત તેવા પોતે થઈ આનંદ દેનારા થકા બિરાજમાન છે. વૈરાજપુરૂષોના લોકોમાં, સ્વર્ગાદિક ધામોમાં, વસૂઓનાં આશ્રમોમાં, આદિત્યોના મંડળોમાં, રૂદ્રોના આશ્રમોમાં, અશ્વિનીકુમારોના ધામમાં, ધન્વન્તરીના ગૃહમાં, સમુદ્રમાં, ક્ષીરસાગરમાં, શ્વેતદ્વીપમાં, બદ્રીકાશ્રમમાં, માહેન્દ્ર પર્વતમાં, રૈવતગિરિમાં તે દ્વિભૂજભગવાન સદા બિરાજમાન રહે છે. દિવ્યક્ષેત્રોમાં, અરણ્યોમાં, વનોમાં, ઉપવનોમાં ભક્તો દ્વારા સમ્પ્રાર્થિત થયેલા તે અવતરિત થઈ બિરાજે છે. પાતાળમાં, સુતળમાં, અતળમાં, વિતળમાં, તળાતળમાં, રસાતળમાં, મહાતળમાં આમ નાગો અને અસુરોના લોકોમાં પણ ત્યાંના વાસીઓ દ્વારા પ્રાર્થના કરાયેલા તે બિરાજે છે. ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ, કૂષ્માંડ વિનાયક ઈત્યાદિ દ્વારા પ્રાર્થના કરાયેલા તથા વૃક્ષો, વેલીઓ, તૃણો ઈત્યાદિ વડે પ્રાર્થના કરાયેલા

આ પરમાત્મા શ્રીહરિ તેના તેના ગૃહમાં બિરાજે છે. શેષનારાયણના ગૃહમાં, કમઠના ગૃહમાં, દાનવ તથા દૈત્યોના ગૃહોમાં અર્ચિત થયેલા શ્રીસ્વામી કૃષ્ણનારાયણ બિરાજે છે. હે રાધે ! ભક્તોના ભવનમાં, ભક્તોના હૃદયમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામી બિરાજે છે. મુક્તાનિઓના ભવનમાં, દાસીઓના ભવનમાં, ઈશનીઓના રાજયોમાં, દેવીઓના ભુવનોમાં, પતિવ્રતાઓના ઘરોમાં, સાધ્વીઓના આશ્રમોમાં, ગૃહિણીઓના આલયોમાં, યોગીઓના અને સજજનોનાં આશ્રમો અને ઘરોમાં, કુમારીઓના હૃદયોમાં, યોગિનીઓના ઘરોમાં, માતાઓના નિવાસસ્થાનોમાં, સખીઓના મંડપોમાં અને પ્રિયજનોનાં શયનસ્થાનમાં કાંત-સ્વામી એવા ભગવાન બિરાજે છે. તે તે લોકમાં વસનારાઓ દ્વારા પ્રાર્થિત થયેલા ભગવાન શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેઓને દર્શન આપવા માટે તથા તેમની ઈષ્ટપૂર્તિ માટે દ્વિભુજ પરમેશ્વર થકા ભક્તોને અભિલષિત એવા રૂપ શીલ અને ગુણોનો આશ્રય કરી દિવ્યરૂપધારી દેવરૂપે શ્રીમહાપ્રભુ બિરાજે છે. તે જ પરમાત્મા પ્રાતઃકાળે સદા સર્વ દ્વારા સંસ્મરિત અને પૂજિત થાય છે. તે જ પરમાત્મામાં સર્વ દ્વારા પોતાનું સર્વસ્વ સમર્પિત થાય છે. તે જ પરમાત્માથી સર્વે ઋદ્ધિ, વિભૂતિ અને સંપતિ ઈચ્છે છે. તેમના વિના અન્ય કોઈ કોઈનો ઈષ્ટ થતો નથી. વિષમ સમયમાં સંભારાયેલા તે જ ભગવાન રક્ષા કરે છે. દરેક સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા ઈશ્વરો, દેવતાઓ, માનવો બ્રહ્માંડોની મહાવિપત્તિઓમાં રક્ષા માટે પ્રાર્થના કરે છે. ત્યારે તેઓની આપત્તિઓના નાશ માટે ત્યાં-ત્યાં ભગવાન પ્રગટ થાય છે. ક્યારેક કૃપા વડે ભક્તોને આધીન થયેલા તે ભગવાન લોકમાં પ્રગટ થાય છે. પોતાનો યોગ જીવાત્માઓને કરાવવામાં કૃપા જ મુખ્ય કારણ છે. કૃપા વડે જ તે પરમેશ્વર દેહધારીઓ પાસે જાય છે અને સાક્ષાત્કાર કરાવે

છે. આમ કૃપા કરીને પુરૂષોત્તમનારાયણ સર્વ બ્રહ્માંડોમાં સૃષ્ટિના આરંભમાં બ્રહ્માંડમાં જેવી સૃષ્ટિ હોય તેવા થઈને પધારે છે. તેમાં ક્યારેક દેવોમાં, ક્યારેક ઋષિઓમાં, ક્યારેક માનવોના કુળોમાં, ક્યારેક પશુઓમાં વળી ઈચ્છા પ્રમાણે રૂપધારણ કરનારા તે પરમેશ્વર ક્યારેક સ્થળમાં, ક્યારેક જળમાં, ક્યારેક અંતરિક્ષમાં, ક્યારેક અરણ્યમાં, ક્યારેક ઘરમાં, ક્યારેક ભુવનમાં, ક્યારેક નભસ્તળે, ક્યારેક રણમાં આમ જેમ તેમને ઈષ્ટ હોય તેમ તે પ્રગટ થાય છે અને જેવી ભક્તોની ભાવના હોય તેવી રીતે કાર્યોની સિદ્ધિ માટે વાસ કરે છે.

હે રાધે ! જ્યાં યમુના છે, જ્યાં ગંગા છે, જ્યાં ગિરનાર છે, જ્યાં નરનારાયણનો આશ્રમ છે. જ્યાં પૂર્વના સમયમાં ગોલોકના ત્રણ ખંડ આવ્યા છે તેવા કુંકુમવાપિકાક્ષેત્રમાં અશ્વપટ્ટ સરોવરની સમીપે સત્યુગમાં ગોપાલ અને કંભરાના ઘરે આ પ્રભુ શ્રીકૃષ્ણનારાયણ હરિ કૃપા વડે પ્રગટ થયા હતા. એક લાખ કોશવાળા ગોલોકનો જ્યાં ખંડ (વ્રજભૂમિ) છે. હું જ્યાં વસુદેવના ગૃહમાં તથા તમે જ્યાં વૃષભાનુ તથા કળાના ઘરમાં પ્રગટ થયા હતા તે પૃથ્વીને અનાદિશ્રીકૃષ્ણનારાયણે પાવન કરી. આસો માસની વદ પક્ષની અષ્ટમીને દિવસે પ્રાતઃકાળે તે શ્રીહરિ માતા કંભરા થકી સર્વના રક્ષણ માટે, સર્વ સૌભાગ્યોની સિદ્ધિ માટે દેહધારીઓને સંપૂર્ણ માંગલ્ય પ્રદાન કરવા માટે તથા પાવન કરવા માટે પ્રગટ થયા. જ્યારે પરમેશ્વર એવા શ્રીહરિએ કૃપા વડે ત્યાં જવાની ઈચ્છા કરી ત્યારે પહેલા તે પૃથ્વી પર આનર્ત નામના પોતાના પાર્ષદને મોકલ્યો અને તે જ શ્રીહરિએ તે આનર્તને મણિ આપવાની મને આજ્ઞા કરી અને મે તે મહાત્મા આર્નતને મણિ આપ્યો. તે મણિ વડે પૃથ્વીના પશ્ચિમ ભાગમાં સૌરાષ્ટ્ર નામનો દિવ્યલોક થયો. ત્યારપછી પરમેશ્વરે કૃષ્ણ એવા મને પત્નીવ્રતદ્વિજ તરીકે અને રાધા એવા તમને મહાલક્ષ્મીસ્વરૂપે મોકલ્યા. તમે બહુ

વર્ષ પર્યંત તપસ્વિની બનીને રહેનારા, મહાભાગા, પતિવ્રતા અને મહાલક્ષ્મીરૂપિણી કંભરા થયા. અને હું પત્નીવ્રત વેદ અને શાસ્ત્રોનો પ્રવર્તક ગોપાલકૃષ્ણ નામક દિવ્ય વિપ્ર થયો. હે પ્રિયે ! ત્યારે કંભરા એવા તમને મે ગર્ભ આપ્યો. તે ગર્ભદાન વાયુપૂરણ માત્ર અને દિવ્ય હતું પરંતુ ત્યારે કંભરાએ સૌને દ્રશ્યમાન થાય તેવો ગર્ભધારણ કર્યો. આમ તો તે યુગમાં સંકલ્પ માત્રથી જ સૃષ્ટિ હતી તેમાં ગર્ભવાસની કથા ક્યાં ? આ તો જેવી રીત છે તેવું વર્ણન કરું છું. હે સુન્દરિ ! સંકલ્પિત એવા શ્રીહરિ ત્યાં પધાર્યા અને પિતાના હૃદયમાં અને પછી માતાના ગર્ભમાં નિવાસ કરી જેમ બાળક જન્મ લે તેમ બાળસ્વરૂપે પોતે દર્શન આપ્યા ત્યારે ત્યાં શય્યા અને તમામ દિશાઓ તેજથી અતિ ઉજ્જવળ થઈ ગઈ. વળી મુખ્ય અવતારો ત્યાં આવી ત્યાં પુષ્પો, ચંદન અને લાજાની વૃષ્ટિ કરવા લાગ્યા તથા ધામોધામથી સખીઓ ભેગી થઈ ત્યાં આવી મધુર કંઠે ગીતો ગાય બ્રહ્મપતિ પૂર્ણપુરૂષોત્તમ નારાયણને વધાવવા લાગી. વળી સૃષ્ટિની સર્વ દેવીઓ અને કન્યાઓ ભેગી થઈ ત્યાં આવી અને ભગવાન શ્રીહરિનું મુખ કમળ જોઈ પ્રસન્ન થયેલા હૃદયવાળી તેઓએ કૃષ્ણનારાયણને આશિષો આપ્યા. વળી ઈશ્વરો, લોકપાલો, મુક્તો, સુરેશ્વરો, દેવતાઓ, બ્રહ્મસરો તથા અપ્સરાદિક સર્વે ત્યાં આવ્યા અને કાન્ત એવા તે પ્રભુને આદરપૂર્વક નમસ્કાર કરી નૃત્ય કરવા લાગ્યા. વળી ગાન્ધર્વીઓ, દેવીઓ, ચારણીઓ, કિન્નરીઓ, વિદ્યાધરીઓ, ગોપીઓ તથા મુક્તાનિકાઓ ત્યાં આવી વિધવિધ પ્રકારનાં વાજીંત્રો વગાડવા લાગી તથા પ્રત્યક્ષ પ્રભુના દર્શન કરી આનંદિત થઈ તથા ભૂલોક વાસિની માનુનીઓ પણ ત્યાં આવી અને તે પુરૂષોત્તમનારાયણને જોઈ સૌમ્ય વાણી વડે તો શ્રીહરિની વધાઈ ગાવા લાગી. આમ અન્ય દેવીઓ નાગિણીઓ, તિર્યક અને માનવ યોનિમાં રહેલી દેવીઓ તથા બીજી દિવ્ય, અદિવ્ય, તૃણાદિકમાં સ્થિત દેવીઓ

ત્યાં આવી અને કાન્ત એવા બાળરૂપધારી તે મહાપ્રભુના દર્શન કરી અત્યંત આનંદ પામી અને અક્ષત ઈત્યાદિ માંગલિક પદાર્થો વડે શ્રીહરિને વધાવવા લાગી. તે મહોત્સવ ત્યાં પૃથ્વીમાં સર્વત્ર અન્ય લોકોમાં તથા અન્ય સૃષ્ટિમાં પણ વિખ્યાત થયો. અનન્તમસ્તકવાળા-લાખ મસ્તકવાળા-કોટિ મસ્તકવાળા બ્રહ્માઓ, વિષ્ણુઓ, રુદ્રો તેમની અગણિત પત્નીઓ સહિત પ્રભુના દર્શન માટે કુંકુમવાપિકા આવ્યા. ત્યાં તે પરબ્રહ્મના દર્શન તથા આશીર્વાદ પામી સુખપૂર્વક પોતાના ધામોમા ગયા. તે સમયે અનાદિશ્રી કૃષ્ણનારાયણ ભગવાને સર્વજનોને તથા ઈશ્વરોને સૌથી પર એવા અક્ષરધામમાં સ્થિત પોતાનું દ્વિભુજ, ઉત્તમ, કોટિકૃષ્ણસ્વરૂપ, કોટિનારાયણાત્મક, કોટિવૈરાજાત્મક, કોટિમહાવિષ્ણુસ્વરૂપ, મનોહર, અનંત શક્તિ સામર્થ્ય અને ગુણોથી યુક્ત કિશોર સ્વરૂપના દર્શન કરાવ્યા. હે રાધે ! આમ દિવ્ય સ્વરૂપના દર્શન કરાવી પુનઃ તે શ્રીહરિ બાળરૂપે થયા અને મહેશ્વરોએ તેમની પૂજા કરી.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં દ્વિતીય ત્રેતાયુગ સન્તાનમાં પુરુષોત્તમ નારાયણની સર્વસૃષ્ટિમાં સામૂર્તપણે વર્તમાનતા અને સૌરાષ્ટ્રના કુંકાવાવમાં કૃપા વડે તેમનું પ્રાગટ્ય ઈત્યાદિ નિરૂપણ નામક ત્રીજો અધ્યાય ॥૩॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૬૮

શ્રીનારાયણીશ્રી બોલ્યા : હે ભગવન્ ! મોક્ષને દેનારી અને અનાદિશ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવનારી સમ્પૂર્ણ વધૂગીતા આપે કહી, કાન્તવર્ય ! ભવરોગનું પરમ ઔષધ એવા આપના મન્ત્રને સાંભળવા હું અતિ ઉત્સુક છું. હે શ્રીહરે ! હે કૃપાસિન્ધો ! કયા મન્ત્રથી પરમપદને પમાય છે ? તે મને તમામ સ્ત્રીઓના મોક્ષ માટે કહો ?

શ્રીપુરૂષોતમ બોલ્યા : હે શિવરાજ્ઞીશ્રી ! તમે સાંભળો, તમારા પુછવાથી હું તમને મન્ત્રોમાં શ્રેષ્ઠ શુભ મન્ત્ર અને મારૂ ઉત્તમ રહસ્ય કહું છું. (આ રહસ્યને) બધા દેવતાઓ ઋષિઓ અને ઈશ્વરો પણ જાણતા નથી. સૃષ્ટિના પ્રારંભમાં મેં બ્રહ્માને, વિરાટને, મહાવિષ્ણુને, ભૂમાપુરૂષને અને વાસુદેવ કૃષ્ણનારાયણને કહ્યું હતું. ઈશ્વરીઓ અને દેવિકાઓની સાથે પરમાત્મા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા મારો તેઓ પાર પામતા નથી. તેઓની પ્રાર્થનાથી ભકતોના ઉદ્ધારમાં તત્પર મારા સ્વરૂપ, રૂપ, આત્મબળ, ઐશ્વર્ય આદિથી યુકત મન્ત્રો મેં તેઓને દીધા હતા. હું મન્ત્ર છું, મન્ત્રરૂપ છું અને પુરાણપુરૂષોતમ છું. (તેથી મંત્રના) એકવાર ઉચ્ચારણ માત્રથી તેઓને (જીવોને) નક્કી જ પરમ પદ મળે છે. હે લક્ષ્મિ ! પુરશ્ચરણ વિના પણ મારા દેવતાઓ, મારા અવતારો અને મન્ત્રો ભુક્તિ અને મુક્તિ દેનારા છે. હે લક્ષ્મિ ! મન્ત્રોમાં જે શુભાવહ મન્ત્રરત્ન છે તેને તમે સાંભળો જે મન્ત્રના એકવાર સ્મરણ માત્રથી હું અક્ષરધામ આપુ છું. 'અનાદિશ્રીકૃષ્ણનારાયણ' આ ઉત્તમ મન્ત્ર શરણાગતની રક્ષા કરે છે અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ને આપે છે. દસ અક્ષરોવાળો આ મન્ત્ર દસ અવતારોથી સંયુકત છે. અ કાર મત્સ્યરૂપ છે. ન કાર નૃસિંહ રૂપ છે. દ કાર વરાહરૂપ છે. શ કાર હયગ્રીવરૂપ છે. ક કાર કૃષ્ણ રૂપ છે. ણ કાર વામન રૂપ છે. ન કાર પરશુરામ રૂપ છે. ર કાર રામ સ્વરૂપ છે. ય કાર બુદ્ધસ્વરૂપ છે અને ણ કાર કલ્કિસ્વરૂપ છે. આમ દશાવતારાત્મા મારો મન્ત્ર સર્વકામનાઓ પૂર્ણ કરનાર છે. આ મન્ત્રના ઉચ્ચારણ માત્રથી હું સર્વદા સંતુષ્ટ થઈ જાવ છું. હે લક્ષ્મિ ! સાંભળો આ મન્ત્રમાં અનાદિશ્રી તમે તથા કૃષ્ણનારાયણરૂપ પુરૂષોત્તમ હું બિરાજુ છુ. આથી આ મન્ત્ર યુગલ (બે) અર્થવાળો પણ છે અને યુગલોને સુખપ્રદાન કરનારો છે. દમ્પતિને સુખ, સમ્પત્તિ, સૌભાગ્ય, સમૃદ્ધિ

અને આનંદને દેનારો છે અને જપવાથી વંશવૃદ્ધિ કરનારો, ધનધાન્યાદિક વધારનારો, નિર્વિઘ્ન રીતે બ્રહ્મલોકની પ્રાપ્તિરૂપ મહાઆનંદને દેનારો, આરોગ્ય, કીર્તિ, સત્તા, લક્ષ્મી, રાજય, સ્વર્ગાદિકને પ્રદાન કરનારો અને સર્વઈષ્ટ આનંદનો દેનારો આ યુગલાત્મા મહામન્ત્ર છે. હે લક્ષ્મિ ! સાંભળો તે મન્ત્રમાં ચતુષ્ટય (ચારભાગ) શોભા પામે છે. અનાદિશ્રી સ્વયં રાધા છે અને કૃષ્ણ ગોલોકાધિપતિ ભગવાન છે. આનદિશ્રી લક્ષ્મી છે. અને નારાયણ વૈકુંઠાધિપતિ ભગવાન છે. (અર્થાત અનાદિશ્રી શબ્દ, કૃષ્ણ અનેનારાયણ આ બંને સાથે સમ્બદ્ધ થાય છે. એકવાર અનાદિશ્રી કૃષ્ણ અને એકવાર અનાદિશ્રી નારાયણ) રાધા અને લક્ષ્મી સમેત આ ચતુષ્ટયયુકત મન્ત્ર સર્વકામનાઓ પૂર્ણ કરનાર, સર્વ અર્થોને સિદ્ધ કરનાર, સર્વસૌભાગ્યને દેનાર અને ધામ દેનાર છે. હે લક્ષ્મિ ! તેવી રીતે તે મન્ત્રમાં બીજા ચતુષ્ટય (ચાર ભાગ) ને સાંભળો. મુકતો છે તે અનાદિ છે, મુકતાનિકાઓ છે તે શ્રી છે, ગોપ અને ગોપીઓથી યુકત કૃષ્ણ તથા નારાયણ તે હું છું અર્થાત મુકત મુકતાનિકાઓથી યુકત એવો નારાયણ અને ગોપગોપીઓથી યુકત ગોલોકવાસી કૃષ્ણ તે હું છું એમ ચતુષ્ટય છે. હે લક્ષ્મિ ! તે મન્ત્રમાં પરમ ષટ્ક (છ વિભાગ) પણ સ્થિત છે તેને સાંભળો. અ ઓંકારવાચક છે નાદ બ્રહ્મપરક છે. નાદો અસ્ય અસ્તિ ઈતિ નાદી વેદઃ અર્થાત્ નાદ છે આનો એવા વેદ સ્વયં નાદિ શબ્દ વાચ્ય છે. ઓંકારથી વિશિષ્ટ નાદી કહેતા સદા શુભ એવા સર્વવેદો તે છે (આ અનાદિ શબ્દ થયો અનાદિ = ૐ કારથી યુકત તમામ વેદો) શ્રી કહેતા તમામ શકિતઓ, અંગનાઓ, બ્રાહ્મીઓ છે. તેઓ વિદ્યાત્મિકા અને બ્રહ્મવિદ્યાત્મિકાઓ છે. કૃષ્ણ કહેતા મોક્ષને દેનારા સર્વ અવતારો, નારા કહેતા મોક્ષ દેનારા તમામ સન્તો અને સાધ્વીઓ તે બધામાં અયન (રહેવું) છે જે પરમાત્માનું એમ ઓંકારમાં, વેદોમાં, વિદ્યાઓમાં, અવતારોમાં, સાધુસાધ્વીઓમાં, વાસ કરનાર જે હું તે આ મન્ત્રમાં નિરૂપિત થયો છું.

હે લક્ષ્મિ ! તેવી જ રીતે મન્ત્રમાં ત્રણ ભાગ સ્થિત છે તેને કહું છું. અનાદિ અર્થાત્ અક્ષરધામ, શ્રીકૃષ્ણ અર્થાત ઈશ્વરોના લોકો, નારા અર્થાત્ બ્રહ્માંડો તેમાં હું અયન કરૂં છું. એમ ત્રણેય સૃષ્ટિમાં અન્તઃ સ્થિત (અંદર રહેનારો) હું પુરૂષોત્તમ સર્વકામના પુરી કરનારો છુ. હે લક્ષ્મિ ! આ મન્ત્રમાં જડચેતન રૂપ બે વિભાગને સાંભળો. મહામાયા પ્રકૃતિ ભગવાનની શક્તિ અનાદિશ્રી છે અને તેમાં રહેલો પુરૂષોતમ કૃષ્ણનારાયણ હું છું એમ આ મન્ત્રનો અર્થ જ્ઞાનદેનારો છે એમ જાણવું. હે લક્ષ્મિ ! તેવી જ રીતે તે મન્ત્રમાં સ્વતન્ત્ર અર્થ પણ રહેલો છે તે સાંભળો, અ કાર વાસુદેવ છે. ના કાર નારાયણ છે. દિ કાર સમસ્ત દેવો છે. શ્રી કાર સમસ્ત શક્તિઓ છે. કૃ કાર કૃષ્ણાદિ અવતારો છે. ષ્ણ કાર બ્રહ્મા છે. ના કાર નિયામ્યપણે રહેલા મુકતો ઈત્યાદિ છે. રા કાર ઋષિગણો છે. ય કાર યોગીશ્વર શંભુ છે. ણ કાર અર્થાત્ બધાનો નિયામક તે હું છું. આમ હે પ્રિયે ! આ મન્ત્રના અર્થમાં જે વિશિષ્ટ છે તે કહ્યું . વળી આ મન્ત્રનો બીજો શોભિત અર્થ સાંભળો. જેનો આદિમાં પણ કયારેય જન્મ થયો નથી તે શાશ્વતને અનાદિ કહે છે. શ્રી તમે શાશ્વત લક્ષ્મી છો હું કૃષ્ણ શાશ્વત છું અને આત્માઓમાં નિવાસ કરૂ છું આમ મન્ત્રમાં સ્થિત શ્રીકૃષ્ણ હું શાશ્વત અને અન્તર્યામી છું એમ મન્ત્રનો અર્થ થયો. આમ તમામ મન્ત્રોમાં શ્રેષ્ઠ મૂર્ધન્યમન્ત્ર મેં તમને કહ્યો. આનાથી પર કોઈ મન્ત્ર નથી આ સર્વમન્ત્રોમાં ઉત્તમોત્તમ છે. હવે બીજો 'લક્ષ્મીનારાયણ' મન્ત્ર પણ મેં માનેલો છે. શ્રી એવા તમે લક્ષ્મી છો અને હરિ એવો હું તે નારાયણ છું (આ એક અર્થ, હવે બીજો અર્થ કહે છે) લક્ષ્મી અર્થાત મારામાં પતિવ્રતાપણું તે જેમાં હોય તે બધી સ્ત્રીઓ લક્ષ્મી કહેવાય. સર્વે લક્ષ્મીઓ, બ્રહ્મપ્રિયાઓ એમ મારી કરોડો પત્નીઓ છે. નારા અર્થાત મારી સર્વે મુકતાનિકાઓ, હરિપ્રિયાઓ વિગેરે નારીઓ. આમ લક્ષ્મીઓમાં અને હરિપ્રિયા વિગેરે નારીઓમાં હું સર્વથા વાસ કરૂં છું તેથી 'લક્ષ્મીનારાયણ'

છું. આ મન્ત્રાર્થ તમને કહ્યો. (હવે ફરી બીજો અર્થ કહે છે) લક્ષ્મી અર્થાત્ મારા તિલક, શંખ, ચક્ર, ગદા, પદ્મ રૂપ ચિહ્નો તે જેમાં હોય તે સર્વે નર નારી ભકતો લક્ષ્મી કહેવાય તેવા ચેતન એવા જે સર્વે મારા આશ્રિતો તે નારા છે તેમાં મેં અયન પ્રાપ્ત કર્યુ તેથી હું 'લક્ષ્મીનારાયણ' છું. આ મન્ત્રનો હૃદગત અભિપ્રાય કહ્યો. (હવે ફરી બીજો અર્થ કહે છે.) કર્મફળને પામે છે તેથી લ અર્થાત બ્રહ્માંડવાસી જીવો, ક્ષમા કરે છે અને પોષે છે તેથી ક્ષ અર્થાત ઐશ્વર્યપરક ઈશ્વરો, બ્રહ્મલોકમાં જાય છે તેથી મ કહેતા મુકતો ઈત્યાદિ અને નારા અર્થાત માયાથી ઉત્પન્ન થયેલા તત્વો આ બધામાં જેણે અયન પ્રાપ્ત કર્યુ છે તે હું પરમેશ્વર છું. હે લક્ષ્મિ ! આવો મન્ત્રનો હૃદગત વિશિષ્ટ અર્થ છે. હવે બીજો મન્ત્ર 'શ્રીમન્નારાયણ' એવો મને માન્ય છે. જડચેતન સમસ્ત જગત મારો આશ્રય કરે છે તેથી તેઓથી યુકત એવો હું નારાયણ તે શ્રીમન્નારાયણ અર્થાત્ શ્રીપુરૂષોત્તમ. (હવે બીજો અર્થ) શ્રી અર્થાત તમે લક્ષ્મી તેના વાળો હું તેથી શ્રીમત, નારા અર્થાત્ મારી કરોડો નારીઓ, તમારી સાથે હું તેઓના મધ્યમાં સદા પ્રતિષ્ઠિત છું તેથી શ્રીમન્નારાયણ. વળી ક્ષીરસાગરમાં હું તમારી સાથે છું તેથી શ્રીમન્નારાયણ છું. વળી શ્રીમન્નાર અર્થાત્ મારૂં અક્ષરધામ તેમાં મારી સ્થિતિ છે તેથી હું શ્રીમન્નારાયણ છું.

'શ્રીકૃષ્ણવલ્લભ' આ મન્ત્ર પ્રાપ્તિનો બોધ કરાવનાર છે. 'શ્રીકૃષ્ણવત્ લભ્યતે' અર્થાત શ્રીકૃષ્ણની જેમ જે પુરૂષોત્તમ પ્રાપ્ત છે તે 'શ્રીકૃષ્ણવલ્લભ' કહેવાય. નરનારીઓને હું કૃપા વડે નક્કી જ સુલભ છુ. પુરૂષોત્તમ માસ (અધિકમાસ) માં પણ હું કૃપા વડે સુલભ છુ. સૃષ્ટિ સૃષ્ટિમાં કલ્પ કલ્પમાં હું કૃષ્ણ થાઉ છું. ગોપીઓને સુલભ છું. ગોપોને સુલભ છું તથા અન્ય દેહધારીઓને પણ સુલભ છું. ગોલોકધામમાં સ્થિત સ્વયં કૃષ્ણ જેમ હું આ પૃથ્વી પર સુલભ છું તેમ અક્ષરધામમાં સ્થિત પરમેશ્વર કૃષ્ણ હું સુલભ છું. આ પૃથ્વી પર અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીપુરૂષોત્તમનારાયણ સ્વયં

હું કલ્પે કલ્પે પ્રગટ થાઉ છું. હે લક્ષ્મિ ! આવી રીતે હું સુલભ હોવાથી, 'શ્રીકૃષ્ણવલ્લભ' એવો મન્ત્ર છે. (હવે બીજો અર્થ કહે છે) શ્રીકૃષ્ણ મને વલ્લભ કહેતા અત્યંત પ્રિય છે, મેં જ તે રૂપ રાધાના રંજન માટે અને ગોપીઓને આનંદ માટે ધારણ કર્યુ હતું. સર્વેને સુલભ રૂપ 'શ્રીકૃષ્ણવલ્લભ' પણ હું છું. વલ્લભ અર્થાત્ સ્વામી, કાન્ત, પતિ, શ્રીપુરૂષોત્તમ એવો જે હું તે મારા ભકતોનું આકર્ષણ કરીને મારા પરમધામમાં લઈ જાઉ છું. તે હું સ્વામી પતિ, શ્રીયુક્ કૃષ્ણ, પરબ્રહ્મ, પ્રભુ, સ્વયં હરિ આ 'શ્રીકૃષ્ણવલ્લભ' મન્ત્રના અર્થમાં છું. શ્રીપુરૂષોત્તમનારાયણ એવો જે હું તે સર્વદા અનાદિશ્રીકૃષ્ણનારાયણ આ મન્ત્રના ઉચ્ચારણ માત્રથી સંતુષ્ટ થાઉ છું. સર્વે વર્ણો, આશ્રમો, નર-નારીઓ, નપુંસકો, સંસ્કાર પામેલા કે નહિ પામેલા બધાજ આ મન્ત્રના અધિકારી છે. નાગો, સર્પો, દાનવો, દૈત્યો, રાક્ષસો પણ આ મન્ત્રના અધિકારી છે તો પછી પૃથ્વી પરના મનુષ્યની શું વાત ? પશુઓ, પક્ષિઓ, જન્તુઓ, વૃક્ષો, સર્વે દેહિઓ આ મન્ત્રના અધિકારી છે. આ મારો મન્ત્ર તિર્યક્ યોનિને સંભળાવતા મોક્ષ દેનારો થાય છે. યક્ષો, ગન્ધર્વો, સૂતો, પિશાચો, કિન્નરો, પક્ષીઓ, (ગરૂડ ઈત્યાદિ) કિંપુરૂષો, પુણ્યજનો, ભૂતો, પ્રેતો, દેવતાઓ, વિનાયકો, વેતાલો, ગણો, ગણિકાઓ, યોગિનીઓ, સન્યાસીઓ, સાધ્વીઓ, પતિવ્રતાઓ, વૃદ્ધાઓ, બાળાઓ, બાળકો (સ્તનપાન કરનારા પણ), વસુઓ, ઋષિઓ, રૂદ્રો, સૂર્યો, ચન્દ્રમાઓ, કામદેવો, મનુઓ, મહેન્દ્ર આદિ દેવતાઓ, લોકપાલો, દિકપાલો, નક્ષત્રો, ગ્રહો, તારાઓ, માનવો, સિદ્ધો, ચારણો, રાજાઓ, પ્રજાજનો, યમ, યમદૂતો, ઈશ્વરો, ઈશ્વરાણીઓ, બ્રહ્મશીલ, સાત્વિક, રાજસ, તામસ, તથા ધામવાસી સર્વે આ મન્ત્રના અધિકારી છે. આ ઉત્તમ મન્ત્ર અનન્ય સેવક શરણાગતોને શરણ દેનાર છે. અનન્ય સાધનવાળાનું સાધન છે. દુઃખી જનોએ એકવાર કે અનેકવાર જપેલો તુરંત ફળ આપનાર છે. મુમુક્ષુ જીવોને જન્માન્તરનો નિવારક છે. એમ

સર્વેને મોક્ષ દેનારા મારા આ ચાર પ્રકારના ('અનાદિશ્રીકૃષ્ણનારાયણ', 'લક્ષ્મીનારાયણ', 'શ્રીમન્નારાયણ', 'શ્રીકૃષ્ણવલ્લભ') મન્ત્રો છે. દુઃખી સ્વાર્થી કે વિવેકી તેને ઈચ્છનારો તેનો અધિકારી છે. શરણાગતિને પ્રાપ્ત કરીને મન્ત્ર મેળવીને મુક્તિરૂપ ફળને પ્રાપ્ત કરી શકાય છે. દીક્ષિત (અન્ય દીક્ષા હોય તો પણ) ભકત, નિર્માનિ, આસ્તિક, કૃતી (કર્તવ્યપરાયણ) કૃતજ્ઞ, શ્રદ્ધાએ યુકત, શુશ્રુષુ, (સેવા કરનાર) દોષરહિત, મારી તાદાત્મ્ય ક્રિયાને યોગ્ય જે હોય તેણે આ ઉત્તમ મન્ત્ર ગ્રહણ કરવો. પાપીઓને પણ શુધ્ધ કરનારો ભવરોગનાશક આ મન્ત્ર કહેવો. આ મન્ત્રથી માંસ ખાનારો શુધ્ધ થાય તો ધર્મ માર્ગે ચાલનારની શું વાત ? આ મન્ત્રથી વ્યભિચારી શુધ્ધ થાય તો શીલમાર્ગે ચાલનારની શી વાત ? આ મન્ત્રથી ચોર શુદ્ધ થાય તો ન્યાય માર્ગે ચાલનારની શું વાત ? આ મન્ત્રથી દારૂપીનાર પણ શુધ્ધ થાય તો ધર્મવાન ની શું વાત ? આ મન્ત્રગ્રહણમાં દેશકાળાદિનો કોઈ નિયમ નથી. આ મન્ત્રગ્રહણમાં સ્નાન-દાનાદિનો કોઈ નિયમ નથી. આ મન્ત્ર ગ્રહણમાં વ્રતોત્સવાદિકનો કોઈ નિયમ નથી. આ મન્ત્રગ્રહણમાં નારી નરાદિકનો કોઈ નિયમ નથી. વૈષ્ણવ (ભગવાનના ભકત) એવા ગુરૂ અથવા ગુર્વી પાસેથી આ મન્ત્ર ગ્રહણ કરવો એવો નિયમ છે. અને મન્ત્ર લીધા પછી ભકતે સદા મારી ભક્તિ કરવી, મારા ચિન્હોથી દેહનો અંકિત કરી રાખવો, મારૂ આરાધન કરવુ, મારામાં જ સર્વ કર્મો અર્પણ કરવા, મારૂ શરણાગત થાવું, મારામાં ફળાર્પણ કરવું અને મારામાં વિશ્વાસ રાખવો. અનન્ય સાધન (મારા સિવાય બીજુ કોઈ સાધન નહી તેવા) થવું. મારામાં સર્વાપર્ણ કરવું, અનન્ય દેવતાક (મારી સિવાય બીજા દેવની આશા ન રાખનારા) થવું. આ બધા નિયમો મન્ત્રગ્રહણ કરનાર ભકતે પાળવા. દશાક્ષર મારા મન્ત્રનો હું અનાદિકૃષ્ણનારાયણ ઋષિ છું. બ્રહ્મપ્રિયાશ્રી સહિત પરદેવ હું દેવતા છું તથા ગાયત્રી છન્દ છે. તથા બીજા જે લક્ષ્મીનારાયણ

શ્રીમન્નારાયણ અને શ્રીકૃષ્ણવલ્લભ આ છ અક્ષરવાળા ત્રણ મંત્રો તેનો અંગન્યાસ કરવો. દશાક્ષર મન્ત્રનો મુર્ધા, નેત્ર, મુખ, ગ્રીવા, બાહુ, હૃદય, ઉદર, કટિ, ઉરૂ, પાદ, આ દશ અંગોમાં ન્યાસ કરવો. ષડક્ષર મન્ત્રનો ગ્રીવા, ભુજા, હૃદય, ઉદર, સાથળ અને પાદ આ ઉત્તમ અંગોમાં ન્યાસ કરવો. લક્ષ્મી સહિત નારાયણ એવા મારૂ તથા મારાથી યુકત યથાર્થ દેવતાઓનું ધ્યાન મને સમ્મત છે. પછી કંભરાબાળ શ્રીમદ્ગોપાલકૃષ્ણનંદન અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા મારૂ પૂજન કરવું. હે પ્રિયે ! જેના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ શોભે છે, જે કમલાપતિ છે, શૂલ-મીન-ધ્વજ-ધનુષ-ચક્ર-સ્વસ્તિક-ઈત્યાદિ ચિહ્નોથી જે શ્રીહરિ યુકત છે, જેના ડાબા અંકમાં લક્ષ્મી બીરાજમાન છે, જે લક્ષ્મીશ છે તે પરમેશ્વર એવા મારૂં ગન્ધ-પુષ્પ-નૈવેદ્ય-વસ્ત્ર-આભૂષણ-શ્રૃંગાર-આરતી- સ્તવન-પ્રદક્ષિણા-દક્ષિણા- નૃત્ય-કીર્તન-ગાયન-વિસર્જન-ઈત્યાદિ વડે પૂજન કરવું. યથાશક્તિ સત્પુરૂષોને અને સાધ્વીઓને ઉત્તમ દાન આપવા, જમાડવા, રમાડવા, મનોરંજન કરવા તથા સેવવા, વૈષ્ણવપણે રહેવું અને દાસભાવે વર્તવું. પોતાના ઈષ્ટ (ગમતા) મન્ત્ર વડે નિત્ય ભજન કરવું. તે હજાર મન્ત્ર જપવા અથવા સો માળા કરવી. અથવા એક માળા કરવી અથવા તો સવારે બપોરે ને સાંજે દસવાર જપ કરવા તેથી હું મોક્ષ દેનારો થાઉં છું. સકામ ભકતોને નક્કી જ સમ્પદા આપનારો થાઉં છું અને નિષ્કામ ભકતોને નિશ્ચિતપણે જ કલ્યાણ આપનારો થાઉં છું. હે લક્ષ્મિ ! આવી રીતે મેં તમને મારા મન્ત્રોનું રહસ્ય કહ્યું. નરનારીએ આનો જપ કરવો અને જે દેહિને તેની અભિલાષા હોય તેમને આપવા.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં મહામન્ત્ર રહસ્યમાં મન્ત્ર, તેના અર્થ, ન્યાસાદિનું નિરૂપણ કર્યું એ નામે અડસઠમો અધ્યાય ॥૬૮॥

कृतयुग सन्तान
अध्याय-५६

श्रीनारायण बोल्या हे लक्ष्मि ! सांभळो त्यार पछी वैराग्यना वेगथी ते राजा खटवांगद रैवताचळथी (गिरनारथी) पूर्वमां त्रण योजनथी वधारे दूर, व्याघ्रारण्यमां अति महान अश्वपट्टनामनुं रमणीय सरोवर के जे अखंड जळवाळुं, नजीकमां मूळ - फळादि वृक्षोवाळुं, निर्जन छतां निरुपद्रववाळु जाणी अति दूर नहि एवा ते सरोवरना किनारे आव्या. शीतळ छायामय, बोरडी-दाडम-जांबु-आमली-गुंदा आदिक अनेक वृक्षोथी व्याप्त पाताळना जळथी भरेल वावथी युकत, वळी जे वावमां सतत झरणाओ रूपे जळनी धाराओ फूटी स्त्रवे छे अने वावने पूर्ण करी ते जळ सरोवरमां आवे छे तेवा अश्वपट्ट सरोवरना किनारे स्थित बोरडीना मूळमां (नीचे) पृथ्वी पर शालग्रामने सामे राखीने ते खटवांग राजा तप करवा लाग्यां. तेमां प्रथम हजार वर्ष सुधी तेमणे मात्र जाम्बुनुं भक्षण कर्युं. बीजा हजार वर्ष सुधी तेमणे गुंदानुं भक्षण कर्युं. त्रीजी हजार वर्ष सुधी तेमणे मात्र दाडमनुं भक्षण कर्युं. चोथा हजार वर्ष सुधी तेमणे बोरनुं भक्षण कर्युं. पांचमा हजार वर्ष सुधी तेमणे आंबलीना कातरानुं भक्षण कर्युं. छट्ठा हजार वर्ष सुधी तेमणे कन्दनुं भक्षण कर्युं. सातमां हजार वर्ष सुधी तेमणे मात्र पांदडाओनुं भक्षण कर्युं. आठमां हजार वर्ष सुधी तेमणे मात्र जळनुं पान कर्युं. नवमा हजार वर्ष सुधी तेमणे मात्र वायुनुं भक्षण कर्युं. दशमां हजार वर्ष सुधी ते निराहारी थई मात्र पगना अंगुठाओ पर स्थित थई शालग्राममां कृष्णनारायण अने गुरुनुं ध्यान करता सतत लक्ष्मी सहित विष्णुनारायणनुं चिंतन करता अने 'लक्ष्मीपते श्रीमन्नारायणाय ते नमः' आ मन्त्रनो जप करता स्थिर रहयां त्यारे तेमना मस्तकमांथी महान अग्नि

પ્રગટ થયો. તેની મહાજ્વાળાઓ તથા ધૂમ્ર ત્રણેય ભુવનમાં વ્યાપી ગયાં અને માનવો દેવો દૈત્યો અને નભમાં સ્થિત તમામને તે બાળવા લાગ્યાં. (આ જોઈ) પૃથ્વી દેવી કંપવા લાગી, સાગરો ક્ષોભ પામવા લાગ્યાં. એમ ત્યાં તપની અગ્નિથી ઉત્પન્ન થયેલ દાવનળ થયો. તે વ્યાપ્ત એવા દાવાનળમાં દયાળુ એવા લક્ષ્મીનારાયણ પ્રભુ તપ કરનાર અને દેહભાનથી રહિત એવા ખટવાંગદના રક્ષણ માટે આવ્યાં અને તેના મસ્તક ઉપર અમૃતનું સિંચન કર્યુ તેથી શાન્ત થયેલા તે મસ્તકમાંથી દાવાનળ નીકળતો બંધ થયો અને નારાયણે તો ખટ્વાંગદને કહયું કે હે ભકત ! ભક્તિ વડે તે મને વશ કર્યો છે. હે મહાભકત ! ભક્તિ કરતો તું શોભાને પામે છે. ભક્તિમય તપને કરતો તું પ્રજાનું કલ્યાણ કરીશ. હે પાપરહિત રાજા ! આ તપનો વિરામ કરો અને મારાં દર્શન કરો. નિઃસ્વાર્થ ભકતને ન આપી શકાય એવું મારી પાસે કંઈ નથી. (અર્થાત બધુ જ આપી શકું છું) હે રાજન ! તમને શું અપેક્ષા છે ? તમને જે ઈષ્ટ હોય તે માંગો આમ કહી શ્રીહરિ મૌન રહયાં ત્યારે રાજાએ આંખ ખોલીને જોયું તો લક્ષ્મીનારાયણ દેવને ઉપસ્થિત જોયા ત્યારે શ્રીહરિની પદરજને માથે ચડાવી સ્નેહથી પરિપૂર્ણ થઈ તે અહોભાગ્યમ્ અહોભાગ્યમ્ એમ બોલતા બોલતા દર્શન કરવા પૂર્વક નૃત્ય કરવા લાગ્યો અને વારંવાર લક્ષ્મી અને નારાયણના ચરણમાં આળોટવા લાગ્યો ચક્રવર્તિ સમ્રાટ એવા તે રાજાએ દાસ થઈ ચરણ સેવા આપો તેમ વરદાન માગ્યું. વળી જયાં તપ કર્યુ તે સ્થાને પોતાની મૂર્તિની સન્નિધિમાં દર્શનની આકાંક્ષાથી લક્ષ્મી અને નારાયણ ને માગ્યાં (અર્થાત મને અહી નિત્ય દર્શન આપતા બિરાજો એમ માંગ્યું) ત્યારે નારાયણની આજ્ઞાથી લક્ષ્મી એ તથાસ્તુ એમ કહયું અને ભીના કુંકુમથી તે રાજાના ભાલમાં શુભ ચાંદલો કર્યો. લક્ષ્મીએ ચાંદલો કર્યો ત્યારે

તો ભીના કુમકુમ ના ઘણાં બિંદુઓ તે વાવમાં પડયાં. અને ત્યાં લક્ષ્મીએ હાથ ધોયા. વળી તો વાવના જળનું પાન કરી તેમા સ્નાન કરી તે જળ રાજાને પીવડાવી તે શાલીગ્રામમાં લક્ષ્મીનારાયણ દેવે નિત્ય નિવાસ કર્યો. લક્ષ્મી સહિત નારાયણ મહાપ્રભુ ત્યાં નિત્ય બિરાજે છે. ત્યારથી લઈને તે વાવ કુંકુમવાપિકા નામે પ્રસિદ્ધિ પામી વળી ત્યાં તે ખટવાંગદ રાજાએ સાર્વભૌમ શ્રીનારાયણનું મંદિર કરાવ્યું અને તે લક્ષ્મીનારાયણ દેવની સેવા કરી. તે લક્ષ્મી.

कं=सुखं बिभ्रति इति कम्भरा અર્થાત્ સુખને ધારણ કરે છે તે કુંભ તથા **गोः=पृथिव्याः पालकं नृपं शरणे लाति गृहणाति इति गोपालः**

અર્થાત ગો અર્થાત પૃથ્વીના પાલક એવા રાજાને પોતાના શરણે લેનાર ગોપાલ કહેવાયા. આમ લક્ષ્મીનારાયણ કંભરા ગોપાલ કહેવાયા. તેમના પત્નીવ્રત નામનો પુત્ર સ્વયં નારાયણના અંશથી ઉત્પન્ન થયો હતો. તે કૃષ્ણવલ્લભ નામક તેમનો પુત્ર ત્યાં જ તપ કરતા પોતાના માતા પિતા રૂપ દેવોનું ધ્યાન કરતાં, આશ્રિતોને મોક્ષ દેનાર એવા કુંકુમવાપી નામના તીર્થમાં સર્વત્ર વ્યાપક હોવા છતાં દિવ્ય શરીરવાળા હોય કલ્પો સુધી સ્થિત છે. આ દિવ્ય અશ્વપટ્ટ સરોવર, વિસ્તૃત વ્યાઘ્રારણ્ય, દિવ્ય કુંકુમવાપિકા, કંભરા-ગોપાલ મંદિર, પત્નીવ્રતદ્વિજતીર્થ અને ખટવાંગદ રાજાએ કરેલું કુંકુમવાપી (કુંકાવાવ) નામનું નગર તે સૌરાષ્ટ્ર દેશમાં છે. વૈકુંઠની સર્વ સામગ્રીઓ, દાસદાસી ગણો, સમૃદ્ધિઓ તથા ઐશ્વર્યોને લઈને શ્રીકૃષ્ણ ત્યાં બિરાજે છે. તે ભૂમિ અને જળ દિવ્ય વૈકુંઠ ધામ જેવા જ દિવ્ય છે. તેના જેટલા રજકણો છે તે પણ પવિત્ર અને મોક્ષ દેનારા છે. આ પુણ્યસ્થળી યજ્ઞ, શ્રાદ્ધ, દાનાદિક કરનારને મોક્ષ દેનારી છે. ત્યાં જે નર નારી કે કોઈપણ યોનિમાં સ્થિત જીવ દેહ છોડે છે તે અક્ષરબ્રહ્મ નામક પરામુક્તિને પામે છે. તે

ભૂમિમાં જેટલા નર છે તે સર્વ શ્રીહરિના પાર્ષદો છે તથા જેટલી સ્ત્રીઓ છે તે શ્રીકૃષ્ણની પરિચારિકાઓ છે. વળી પશુ પક્ષી આદિક તથા વૃક્ષવેલી આદિક જે જે સ્થિત છે તે સર્વ વૈકુંઠ ધામમાં સ્થિત મુકતો છે એમ જાણવું પણ બીજા ન જાણવા. તેઓને દિવ્યદ્રષ્ટિથી જોવા પણ ચર્મચક્ષુથી જોવા નહી.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં અશ્વપાટ્ટ સરોવરે ખટવાંગદ રાજાના તાપ કરવાથી લક્ષ્મીનારાયણદેવે આપેલ પોતાનું દર્શન તથા ચાંદલો કરતા પાડેલા કુંકુમના બિંદુઓથી કુંકુમવાપી તીર્થ તથા કંભરા ગોપાલ રૂપે ત્યાં લક્ષ્મીનારાયણનો નિત્ય નિવાસ એ નિરૂપણ નામનો છપ્પનમો અધ્યાય ॥૫૬॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૪૧

શ્રીનારાયણીશ્રી બોલ્યા, હે મારા સ્વામી ! હે અક્ષરાધિપતિ! હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ! હે ગોલાકાધિપતિ ! હે કૃષ્ણ ! હે વૈકુંઠેશ ! હે નારાયણ ! હે ભૂમન્ ! હે અવ્યાકૃતનાથ ! હે વાસુદેવ ! હે અમૃતેશ્વર ! હે શ્રીપતે ! હે શ્રીપુરવાસિન્ ! જે જે વ્રતો તમે કહ્યાં તે તે વ્રતો કરવામાં જે અશક્ત હોય તેની અને સ્ત્રી, બાળક, વૃદ્ધ, રોગી અને પશુપક્ષિઓની મુક્તિ કેવી રીતે થાય ?

શ્રીપુરૂષોત્તમ બોલ્યા હે રમે ! મારા નામોના સ્મરણથી તેઓની મુક્તિ થાય છે. "હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ! હે શ્રીકૃષ્ણ! હે સત્પતે ! હે શ્રીપતે ! હે શ્રીમન્નારાયણ ! હે નારાયણ ! હે ગોવિન્દ ! હે માધવ ! હે વિષ્ણો ! હે સ્વામિન્ ! હે નરેશ્વર ! તે અચ્યુત ! હે હરિકૃષ્ણ ! હે નીલકંઠ ! હે મહાલક્ષ્મીસુખાવહ ! હે બાલકૃષ્ણ ! હે દયાસિંધો ! હે શ્રીમદ્ગોપાલનંદન ! હે

કંભરાશ્રીનંદન ! હે અશ્વપટ્ટસરોધિપ ! હે કુંકુમવાપિકાતીર્થકૃતાવાસ! હે હૃદિસ્થિત ! હે રામ ! હે શ્રીપુંડરિકાક્ષ ! હે બ્રહ્મપ્રિયાપતે ! હે વિભો ! હે હરિપ્રિયાધિનાથ તમે મારી રક્ષા કરો અને તમામ બંધનોથી મને મુક્ત કરો'' આવી રીતે મારા નામોનું સંકીર્તન મોક્ષ દેનારૂ થાય છે. હવે બીજા ઉપાય કહું છું. જ્યાં મારો વાસ છે તે અક્ષરધામ રૂપ ક્ષેત્ર શ્રીઅશ્વપટ્ટ સરોવર અને કુંકુમવાપિકા તીર્થનું માહાત્મ્ય સાંભળવું અને ગ્રહણ કરવું (અંતરમાં ઉતારવું). વળી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળવી. એક લાખ છવ્વીસ હજાર શ્લોકાત્મક આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળવી તે ધર્મ અર્થ કામ અને મોક્ષ રૂપ ઈચ્છાઓને પુરી કરનાર અને ભક્તિ અને મુક્તિ દેનારી છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું તે સંહિતાત્મક બીજા રૂપે પૃથ્વી પર, જીવલોકોમાં, ઈશ્વરલોકોમાં સર્વત્ર તથા અક્ષરમાં પણ શબ્દ મૂર્તિ રૂપે સંહિતાત્મા થઈ સ્થિત છું. જે જીવાત્મા આ સંહિતાના સન્તાન પ્રકરણ અધ્યાય કે શ્લોકને પણ વાંચશે તે મુક્તાત્મા થશે. જે સ્થિરચિત્તે કરીને સાંભળશે તે બ્રહ્માત્મા થશે. લક્ષ્મીનારાયણ સંહિતાના વાચકને (વક્તાને) નમસ્કાર કરશે તે પાવન થશે. વળી આ ગ્રંથના વક્તાની જે પૂજા કરશે તે પરમ સ્વર્ગને (ધામને) પામશે. લોમશ ઋષિના આશ્રમરૂપ તીર્થમાં જઈને જે નિરંતર રહેશે તેઓની ભુક્તિ તથા મુક્તિ મારી કૃપાથી તેના હાથમાં સ્થિત રહેશે. વળી સુવર્ણ વર્ણવાળા વિમાનમાં બેસી તે સૌથી પર એવા અક્ષરધામમાં જશે. વળી આ તીર્થ અને સંહિતાની જે પ્રશંસા કરશે તે લક્ષ્મીના લોકને પામશે. જે નારીઓ આ તીર્થ કરશે તે લલિતાના ધામને પામશે. વળી તેઓ નારાયણીશ્રીના સાથે અક્ષરધામમાં આનંદને પામશે અને તે જ ધામમાં શિવરાજ્ઞીશ્રી સાથે નિત્ય નિવાસ કરીને રહેશે તથા કૃષ્ણ એવા મને પતિરૂપે પામીને નિરંતર મોહિત થશે. હે લક્ષ્મિ ! હું પરમ તીર્થ છું અને તું પણ મારા સદંશ જ તીર્થ છો તેથી આપણા

બંનેની જે નિવાસભૂમિ છે તે અક્ષરધામ સદૃશ તીર્થ છે. આનર્તનામના દેશમાં, સૌરાષ્ટ્રમાં, અશ્વપટ્ટ સરોવરની નજીક ભદ્રાવતી નદી (ભાદરનદી) થી દક્ષિણમાં, શત્રુંજયા (શેત્રુજી) નદીથી પશ્ચિમમાં, રૈવતાદ્રિ (ગીરનાર) થી પૂર્વભાગમાં, વ્યાઘ્રારણ્યથી ઉત્તરદિશામાં, સો કોશ જેનો વિસ્તાર છે એવું વર્તુળાકારવાળુ મારૂ ક્ષેત્ર તમામ પાપોને હરનારૂ, સમસ્ત પુરૂષાર્થોને આપનારું અને મોક્ષ દેનારું છે. અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરનારાઓ મોક્ષ કે સ્વર્ગને પામે છે. કુંકુમવાપિકા ક્ષેત્રાત્મક મંડળની શ્રીહરિ એવો હું દેવો, મુક્તો અને ઈશ્વરકોટિઓ સાથે સર્વથા રક્ષા કરૂં છું. હું મારી પ્રિયા એવી કુંકુમવાપિકા બદ્રીની રક્ષા કરું છું. તેનું સ્મરણ કરતો માનવ પાપોને બાળવામાં શક્તિમાન થાય છે. તો બદ્રીના દર્શનથી, નામસંકીર્તનથી કે મૃત્તિકાના સ્પર્શથી મનુષ્ય પાપોથી મુક્ત થાય છે. હજારો યોજન સુધીમાં રહેલા નર નારી બાળક ઈત્યાદિ પણ તે બદ્રીના સ્મરણ માત્રથી પરમ ગતિને પ્રાપ્ત કરે છે. વળી મનુષ્યો તે બદ્રી (બોરડી) ના પત્ર પુષ્પાદિકના સ્પર્શથી કલ્યાણને પામે છે. અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરીને જળપાન કરીને મનુષ્ય સાત કુળને પાવન કરે છે. મનથી બદ્રીનું ચિંતવન કરતો મનુષ્ય પુષ્કળ કામનાઓની સિદ્ધિને પામે છે. બદ્રીએ સહિત કુંકુમવાપિએ જઈને બ્રહ્મચર્યના પાલન પૂર્વક એક માસ વાસ કરી દેવતાઓ અને પિતૃઓનું તર્પણ કરવું જોઈએ. આમ કરનારો જ્યાં-જ્યાં જે-જે જન્મનો પામે છે ત્યાં-ત્યાં ઈષ્ટકામોને પ્રાપ્ત કરે છે. દેવતાઓ, દાનવો, ગન્ધર્વો, ઋષિઓ, સિદ્ધો, ચારણો વિગેરે બદ્રીના દર્શન કરીને સરોવરનું જળ પીઈને મારા અક્ષરધામને પામે છે. દુઃખી દરિદ્ર અને અલ્પ આજીવિકા વાળા માટે કુંકુમવાપિ અને બદ્રી જેવું મોક્ષદેનારું બીજું કોઈ સ્થાન નથી. વ્યાધિ થકી, દીન અવસ્થામાં, વૃદ્ધાવસ્થાને લીધે કે દૈવયોગે પણ જે બદ્રીની સમીપે પ્રાણનો ત્યાગ કરે છે તે સૂર્યસમાન દીપ્તિમાન કાંચનવર્ણની આભાવાળા વિમાનમાં બેસી

ભગવાન શ્રીકૃષ્ણના ધામમાં જાય છે અને ત્યાં શાશ્વત આનંદનો પ્રાપ્ત કરે છે. ભોગ્યાદિ પદાર્થોથી પરિપૂર્ણ એવા સર્વ ઈષ્ટ કામોને પ્રાપ્ત કરે છે અને સર્વ રત્નોમય, દિવ્ય અને અનેક પ્રકારના ધ્વજોથી યુક્ત વિમાનો અને સ્ત્રીઓના સમુદાયો વડે શાશ્વતપદમાં સુખ પામે છે. જ્યાં સર્વકામના પૂર્ણ કરનારા ફળવાળા વૃક્ષો છે જ્યાં સુવર્ણમયી અને સર્વરસોથી યુક્ત પૃથ્વી છે ત્યાં (ધામમાં) તે આનંદ પામે છે. જે મનુષ્ય બદ્રીને તથા કુંકુમવાપિકાને સંભારતો થકો પ્રાણનો ત્યાગે છે તે પરાત્પર એવા બ્રહ્મલોકનો નિશ્ચિતપણે પ્રાપ્ત કરે છે. કુંકુમવાપિકા ક્ષેત્રમાં કર્મણા મનસા વાચા ધર્મ અને સત્યના અવલંબનપણે જે ગાય, સુવર્ણ, મણિઓ, મુક્તાઓ, ધન, ધાન્ય, વસ્ત્ર, ઈત્યાદિકનું દાન પોતાના કાર્યમાં પિતૃકાર્યમાં કે દેવકાર્યમાં કરે છે તેનું અનંતગણું તે અક્ષરપદમાં પ્રાપ્ત કરે છે. લાખો ગાયમાંથી જે પયસ્વિની (દુધ દેનારી) હોય તેનું દાન કરવું જોઈએ. તે દાન પુત્રોને દાસદાસીઓને તથા નોકરચાકરને પણ આ લોકમાંજ તારી દે છે. જે કુંકુમવાપિક્ષેત્રમાં વિવાહવિધિપૂર્વક કન્યાદાન કરે છે તેનું પુણ્ય ધામમાં અનંતપણે પ્રાપ્ત કરે છે. હે પદ્મજે ! આ સૌરાષ્ટ્ર ભગવાન શ્રીકૃષ્ણનો મણિ હોઈ નિત્યવિગ્રહવાન છે અને મારા વાસથી પ્રલયમાં પણ આનો નાશ થતો નથી. અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરીને રાજસૂય તથા અશ્વમેધ યજ્ઞનું ફળ તથા શાશ્વત અપુનર્ભવ રૂપ ફળને મનુષ્ય નક્કી જ પામે છે. હે રમે ! મારા નિવાસરૂપ આ ક્ષેત્રમાં સાંઈઠ કરોડ દસહજાર તીર્થો છે તે સર્વે અહીં નિવાસ કરીને રહે છે. તેથી અહિં સુવર્ણની નારી બનાવી તેનું દાન કરનારો સ્વર્ગને પામે છે. ત્યાં તે ઉર્વશી જેવી સો કન્યાઓને પામે છે અને હજારો નારીઓનો પતિ થાય છે. જ્યાં અશ્વપટ્ટ સરોવર છે તે મારૂ સિદ્ધ ક્ષેત્ર છે. ત્યાં આળોટીને પાપાત્મા પણ પંકિતઓને પાવન કરનારો થઈ જાય છે. પવિત્રોમાં સૌથી પવિત્ર મંગળોમાં સૌથી મંગળ અને મોક્ષદેનારામાં સૌથી મોક્ષદેનાર કુંકુમવાપિકા ક્ષેત્ર છે. સરોવરથી

ઉત્તર દિશામાં પાતાળથી પ્રગટ થયેલી ભગવાન શ્રીલક્ષ્મીનારાયણે પ્રેરેલી શ્વેતદ્વીપમહાગંગા કે જે શુભ્રવર્ણા અને અન્તર્જળ વાળી વહે છે તે ભક્તિ અને મુક્તિ દેનારી છે. તેને સાક્ષાત વિષ્ણુપદી (ગંગા) સ્વર્ગથી આવીને અદ્રશ્ય રૂપે અહિં મળે છે. વળી મારા ચરણથી પાવન થયેલ બ્રહ્મહ્રદ નિત્ય આ સરોવરમાં નિવાસ કરે છે. તથા સ્વર્ગથી અમૃતની જે ધારા તે પણ આ સરોવરના જળમાં પ્રવેશ કરીને રહી છે તેથી સર્વે દેવતાઓ અશ્વપટ્ટની ભૂમિ પર રહેલા છે તેથી અહિંયા તીર્થ કરનારને અવિનાશી શાશ્વત ફળ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય એક માસ સુધી અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરે તે સર્વ પાપોથી મુકાઈને પરમ પદને પામે છે. અજ્ઞાનતાથી પણ જે અહીં તીર્થયાત્રાદિક કરે છે તે સર્વકામનાઓથી સમૃદ્ધ એવા સ્વર્ગલોકને પામે છે. એકવાર લોમશ ઋષિ પ્રયાગક્ષેત્રમાં ગયા. ત્યાં ભરદ્વાજમુનિ હતાં પણ પ્રયાગ હતા નહીં તેથી લોમશ ઋષિએ ભરદ્વાજને પુછ્યું કે તીર્થરાજ પ્રયાગ ક્યાં ગયા છે ? મને તેના દર્શન કેમ નથી થતાં ? ત્યારે ભરદ્વાજ ઋષિએ કહ્યું કે મહાકુંભના સમયે માનવો દ્વારા સ્નાન કરી પ્રયાગરાજને અપાયેલા મહાપાપો અને અતિપાપોને ધોવા તે અશ્વપટ્ટ સરોવર ગયા છે. જ્યાં કુંકુમવાપી (કુંકાવાવ) તીર્થરૂપે સ્વયં લક્ષ્મી સ્થિત છે. વળી જ્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન નિવાસ કરે છે. પ્રયાગરાજ ત્યાં ગયા છે. તે હમણા જલ્દીથી જ આવશે. (ભરદ્વાજના આવા વચનો સાંભળી) લોમશ ઋષિ તેમની વાટ જોતા એક મૂહુર્ત પર્યન્ત ત્યાં રહ્યા તેટલામાં સર્વપાપોને ધોઈને પ્રયાગરાજ ત્યાં પધાર્યા. લોમશ ઋષિ તેમની પૂજા કરી બદ્રીકાશ્રમમાં ગયા ત્યાં ભગવાન નારાયણનું સદા આશ્રયસ્થાન અને દિવ્ય સ્વરૂપવાળી એવી બદરી ન હતી ત્યારે લોમશ ઋષિએ તનું ઋષિને પુછ્યું કે બદરી ક્યાં ગઈ છે અને ક્યારે આવશે ? ત્યારે તનું ઋષિએ કહ્યું કે, સૌરાષ્ટ્રમાં આવેલ અશ્વપટ્ટ સરોવર અને કુંકુમવાપીક્ષેત્રમાં શ્રીપતિ પ્રાણપતિ પુરૂષોત્તમ એવા પ્રિય

બાલકૃષ્ણ પ્રભુની સેવા કરવા માટે તે બ્રહ્મપ્રિયાઓમાં સુશોભિત એવી કન્યારૂપે વર્તે છે. વળી તે ભગવાન શ્રીહરિની વધૂરૂપ દાસી થઈને લક્ષ્મી સાથે બિરાજે છે. તથા ક્યારેક તે તપસ્વિની ત્યાં કુંકુમવાપિકાના તટપર બદરીવૃક્ષના રૂપે વાવની ઉપર પોતાનો ઘેરાવ પાથરતી વર્તે છે. ભગવાન શ્રીકૃષ્ણથી પ્રેરાયેલી તેની શાખા સદા વાવ ઉપર ઉત્તર દિશામાં છત્રરૂપે વર્તે છે. હે મુને ! વિશાલાક્ષી (બદ્રિકા) જે શ્રીહરિની પત્ની અહિં (બદ્રિકાશ્રમમાં) બિરાજે છે તે જ બદ્રિ સ્વયં ત્યાં બિરાજે છે. તે બીજા રૂપે ભગવાનની સેવા માટે અહિં પણ રહે છે અને શ્રીહરિની નિવાસવેળામાં છાંયા પ્રદાન કરનારી થાય છે. તે બદ્રિ હમણાં મધ્યાહ્ન કાળની વેળામાં જલ્દીથી જ અહીં આવશે. આમ તનુ મહર્ષિ પાસેથી જાણીને લોમશ મુનિ મધ્યાહન કાળ સુધી ત્યાં રહ્યા અને સમય થતા તે સતી બદરી આકાશમાર્ગથી જલ્દીથી જ આવીને બોરડીના રૂપે થઈ. પછી લોમશ ઋષિએ તે બદ્રિ અને તેમની નીચે સ્થિત એવા નારાયણ ભગવાનનું પૂજન કર્યું અને ત્યાર બાદ તે મહાન બાલકૃષ્ણસરોવર અને માનસરોવરમાં સ્નાન કરીને વ્યોમ માર્ગે સૌરાષ્ટ્રમાં આવ્યા અને મનમાં નિશ્ચય કરીને નિત્ય મારા ક્ષેત્ર અશ્વપટ્ટ સરોવરમાં તે પૃથ્વીનું માહાત્મ્ય જાણવા પૂર્વક નિવાસ કરીને રહ્યાં. વળી મહાલક્ષ્મી એવી તે બદરી નારાયણ એવા મારા દ્વારા ''અહિં નિત્ય સ્થિર રહો'' એવી આજ્ઞા પામેલી વાપિકાના તટે સ્થિત છે. કાળાંતરે દ્રશ્યરૂપા અને અદ્રશ્યરૂપા પણ તે થશે. ભક્તોના સમુદાયમાં તે ફરી પ્રત્યક્ષ થશે. બદરીરૂપધારિકા બ્રહ્મપ્રિયા તથા કુંકુમવાપિકાની અન્ય સખીઓ કે જે તેના જળની વૃત્તિઓ વાળી હશે તેઓ પણ પ્રત્યક્ષ થશે કારણ કે ભૂમિ રિક્ત રહેતી નથી. વળી અહીંયા દેવી હરિપ્રિયા વેલ રૂપે વર્તે છે. અનારકલિ નામક દેવી દાડિમીના રૂપે, ઉત્તેજિની નામક મારી પત્ની આંબલીરૂપે, સ્નેહિલી તથા સુભગા આ બંને ઇંગુદીરૂપે, જાંબુવતી નામની મારી પત્ની જાંબુરૂપે, રાવિણીનામક ગાયિકા

ત્યાં રાયણરૂપે વર્તે છે. એમ મારી પત્નીઓ તથા તેમની બીજી સખીઓ અને દુગ્ધિકાનામક વેલીરૂપ કન્યા, પુષ્પિકા, ઉદ્યાનરૂપા અને દ્રુમાલિકા એવી દિવ્યવિગ્રહવાળી ઘણી બધી મુક્તાનિકાઓ ત્યાં મને સેવે છે. તેઓ ક્યારેક વૃક્ષવેલી રૂપે ક્યારેક અત્યંત મનોહર શરીરવાળી પત્નીરૂપે, ક્યારેક પ્રત્યક્ષરૂપે ક્યારેક અદૃશ્યરૂપે પણ રહે છે. વળી ક્યારેક શયનમાં ક્યારેક ગજાસનમાં, ક્યારેક વિમાનમાં તેઓ મારી સાથે વિહાર કરે છે. વળી આનંદભક્ષિકા તેઓ ક્યારેક મારી પાસે રાસભૂમિમાં ક્યારેક મંડપમાં અને ક્યારેક મારા હૃદયમાં લીન રહે છે. ક્યારેક તો મારી સાથે એકાત્મક ભાવને પામીને આનંદે છે તો ક્યારેક ભોજન પાન ક્રીડા તથા સેવામાં પૃથકપણે પણ રહે છે. હે લક્ષ્મિ ! જેમ-તમે મારા હૃદયમાં અને પાસે પણ રહો છો તેમ જ તે તમારા સદૃશ કમળાઓ પણ રહે છે. તેઓનો જ્યાં નિવાસ છે તે ભૂમિ સર્વ તીર્થોમાં ઉત્તમ, તીર્થમૂર્ધન્યોમાં ઉત્તમ તથા અક્ષરરૂપ છે. હે લક્ષ્મિ ! મારી ઈચ્છાથી બ્રહ્માંડના સર્ગ સમયે કલ્પે-કલ્પે સૌરાષ્ટ્રમાં કુંકુમવાપિકા તીર્થ મારા દ્વારા કરાય છે. દ્વીપકલ્પમાં સૌરાષ્ટ્ર અને તમારું રાજ્ય સ્વતંત્ર છે. (કે જેમાં) મારા સ્વરૂપવાળી કૃષ્ણતુલ્ય કૃષ્ણભૂમિ છે. તે મોક્ષદ્વારવતી ભૂમિ યુગોયુગમાં પણ પાવન કરનારી છે. વળી જ્યાં સુભદ્રા એવી ભદ્રિકા (સુખભાદર) નામની નદી મારા દ્વારા કરાયેલી છે. જેના જળના પાનથી, સ્પર્શથી અથવા સ્મરણમાત્રથી પણ પાપોનો નાશ થાય છે અને મનુષ્ય સ્વર્ગ તથા અક્ષરને પામે છે. મારા અર્ધસ્વરૂપ એવા નરના મારા વિયોગક્ષણે જ્યારે ઐશ્વર્યો લીન થાય છે અને દસ્યુઓ દ્વારા (કાબાઓ દ્વારા) સ્ત્રીઓ લૂંટાય છે ત્યારે નરપત્ની સુભદ્રા મહાન તીર્થસ્વરૂપા જળ રૂપે થાય છે. નિત્ય સર્વ પ્રકારે કલ્યાણકારિણી આ નદી સ્નાન કરનારાઓને મોક્ષ દેનારી છે. તે સુભદ્રા મારી બહેન રૂપે, મૂર્તિ રૂપે, કાર્ય સ્વરૂપા નદી રૂપે, બદ્રિકાશ્રમમાં દિવ્યરૂપે અને ધામમાં મુક્તાનિકારૂપે આમ પાંચ રૂપે રહે છે. પુણ્યમય સાગરો, સાગરતુલ્ય

સરોવરો તથા બ્રહ્મરૂપિકા નદીઓ મારા ક્ષેત્રરૂપ કુંકુમવાપીમાં રહે છે. અક્ષરમાં તથા જીવલોકમાં પણ મૂર્તિમાન એવા વેદો, યજ્ઞો, મહર્ષિઓ, પિતૃઓ, સિદ્ધો, સાધુઓ, સાધ્વીઓ, ચક્રધારીઓ, અચક્રધારીઓ, પાર્ષદો વિગેરે સર્વે અનાદિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એવા મને ભજે છે. આ કુંકુમવાપિકાક્ષેત્ર મહાન સિદ્ધિ ક્ષેત્ર તથા પરાત્પર ધામક્ષેત્ર છે, આ ધન્ય છે, સ્વર્ગને દેનારું છે, સત્ય સ્વરૂપ છે, સુખ સ્વરૂપ છે, પુણ્યમય છે, ધર્મમય છે, પાવન કરનાર છે અને ઉત્તમ છે. ભગવાન શ્રીકૃષ્ણના સંબંધવાન આ તીર્થના મહિમાને સાંભળીને પણ મનુષ્ય સ્વર્ગ, જાતિસ્મરત્વ, સર્વસ્મરત્વ, ત્રિકાળજ્ઞાન તથા સર્વજ્ઞતાને પણ પામે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં કુંકુમવાપિકા તીર્થના દર્શન સ્મરણાદિકે કરીને પાપીઓનો મોક્ષ ઈત્યાદિક નિરૂપણ કર્યું એ નામક એકસો ને એકતાલીસમો અધ્યાય ॥૧૪૧॥

ત્રેતાયુગ સન્તાન
અધ્યાય-૫૩૪

શ્રીનારાયણ બોલ્યા, હે લક્ષ્મિ ! સાંભળો, એકવાર કૈલાસમાં શંકર સૌથી શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણનારાયણ, કુંકુમવાપિકાક્ષેત્ર, તીર્થોમાં ઉત્તમ એવું પ્રભાસક્ષેત્ર, મહારમ્ય એવા વ્યાઘ્રારણ્ય અને સિંહારણ્ય, રૈવતાચલ (ગિરનાર), અશ્વપટ્ટસરોવરતીર્થ, ભદ્રા (ભાદર) અને શત્રુંજિતા (શેત્રુજી) નદી, વૈષ્ણવ ભક્ત એવા લોમશ ઋષિ, વિષ્ણુ એવા ગોપાલકૃષ્ણ અને દેવી કંભરાલક્ષ્મીનું સ્મરણ કરતાં ધ્યાન મગ્ન થયા હતાં ત્યારે તપેલા સુવર્ણના જેવી પ્રભાવાળા, શ્રીદેવી, યોગસિદ્ધિદા, મોક્ષદાયિની એવી પાર્વતી તેમના ઉત્સંગમાં આવીને બેઠા અને શંભુનું મુખ જોઈ પ્રેમથી પરિપૂર્ણ લોચનવાળી દેવી પાર્વતીએ સ્મિત સાથે મધુર વાણીથી કહ્યું કે, તમે રાત

દિવસ કોનું ધ્યાન કરો છો કે જેથી વિરામ જ પામતા નથી ? આમ કહી અતિ ભાવથી અશ્રુપૂર્ણ નયનોવાળી થઈ. ત્યારે શંકરે ધ્યાન છોડી મહેશ્વરીને કહ્યું કે, હે પ્રિયે ! તમારી આંખોમાં આંસુઓ પ્રેમથી કે શોકથી છે ? તમને જે પ્રિય હોય તે કહો હું સદા તેવું કરીશ હે દેવેશિ ! તમે મારું હૃદય છો અને હું તમારું હૃદય છું. તમે મારું સર્વસ્વ છો અને હું તમારું સર્વસ્વ છું. આવા શંકરના વચનો સાંભળી દેવી પાર્વતી સ્વસ્થ મનવાળા થયા અને ફરી શંકરને ધ્યાનમગ્નતાનું કારણ પૂછવા લાગ્યા કે હે નાથ ! તમે કોનું ધ્યાન કરો છો ? જો તે સ્વરૂપ સનાતન, શાશ્વત અને લોકને મોક્ષ પ્રદાન કરનારું હોય તો મને કહો. ત્યારે શંકર બોલ્યા કે હે સતિ ! ધ્યાનમાં સ્થિત એવો હું આ શ્રીહરિ એવા કૃષ્ણનારાયણનો પાર પામી શકતો નથી. તેથી તે રમાપતિનો સદા ધ્યાનમાં નિરખું છું અને તેમનું જ ચિંતવન કરું છું. તે કમલાકાન્તની જ પૂજા કરું છું. તે શ્રીમાણિકીપતિની અર્ચના કરું છુ અને તે જ લક્ષ્મીપતિ પ્રભાકાન્ત એવા નારાયણની સેવા કરું છું. હે સતિ ! હું જેમનું ધ્યાન કરું છું તે આ પાર્વતીશ્વર અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે. હું એમનામાંથી ઉત્પન્ન થયો છું. તેથી તેમનાથી પૃથક નથી. સાડા ત્રણ કરોડ તીર્થો જે શ્રીહરિમાં સદા નિવાસ કરે છે એવા લક્ષ્મીપતિનું હું સ્મરણ કરું છું. હે સર્વેશિ ! હું પોતાને શ્રીકૃષ્ણનારાયણાત્મક અને તમને શ્રીહરિની બાજુમાં સ્થિત લક્ષ્મીસ્વરૂપિણી સ્મરણ કરું છું. જે ભૂમિમાં લોમશઋષિનો આશ્રમ છે. વળી જે સૌરાષ્ટ્ર નામના દેશમાં રૈવતાચળ (ગિરનાર) તથા પ્રભાસ નામનું મારું તીર્થ છે. જ્યાં શેત્રુજી અને ભાદર નામની નદીઓ છે. જ્યાં કુંકુમવાપિકા છે અને જ્યાં અશ્વપટ્ટ સરોવર છે ત્યાં ગોપાલનંદન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્થિત છે તેમનું હું સ્મરણ કરું છું. અસદ્‌ભાવવાળા આ શાશ્વત ક્ષેત્રને જાણતા નથી. સદ્‌ભાવનાવાળા આ સનાતન ક્ષેત્રને જાણે છે. હે દેવિ ! આ કૃષ્ણનારાયણનાં પ્રાગટ્યનું શુભ

સ્થળ છે. આ ક્ષેત્રના કલ્પે-કલ્પે યુગોના ભેદ વડે જુદા-જુદા નામો થાય છે. તેને લોકો જાણતા નથી. પહેલા આ મણિક્ષેત્ર નામથી પ્રસિદ્ધ હતું. ત્યાર પછી સુરાષ્ટ્ર મંડળ અને ત્યારપછી પાદ્મક્ષેત્ર નામથી પૃથ્વી પર વિખ્યાત થયું. ત્યારપછી આ ક્ષેત્ર વૈષ્ણવક્ષેત્ર નામે થયું. ત્યારપછી તે લોમશક્ષેત્ર તરીકે વિખ્યાત થયું. ત્યારપછી તે પત્નીવ્રત ક્ષેત્ર નામે પ્રસિદ્ધ થયું. ત્યારપછી તે ઈન્દ્રદ્યુમ્ન‌નામક ક્ષેત્ર થયું. ત્યારપછી તે નારસિંહક્ષેત્ર થયું. ત્યારપછી તે વ્યાઘ્રારણ્ય નામક ક્ષેત્ર થયું. ત્યારપછી તે રુંકમાંગદ ક્ષેત્ર થયું. ત્યારપછી તે કુંકુંમવાપિકા નામક ક્ષેત્ર રૂપે વિખ્યાત થયું. ત્યારપછી તે અશ્વપટ્ટ સરોવર તીર્થ નામક થયું. હવે પછી તે પ્રભાસક્ષેત્ર નામે કહેવાશે. ત્યારપછી તે સોમેશ્વર ક્ષેત્ર. ત્યારપછી કંકાક્ષેત્ર. ત્યારપછી સોમપદ ક્ષેત્ર નામે વિખ્યાત થશે. ત્યારપછી કાળાંતરે તે ગિરનારક્ષેત્ર થશે. હે સતિ ! કલ્પની આદિમાં તથા મધ્યમાં આ સૌરાષ્ટ્રનાં મારા યોગોથી, તમારા યોગોથી, ઋષિઓના યોગોથી અને શ્રીકૃષ્ણનારાયણ નાં યોગોથી કાળે-કાળે પૃથક-પૃથક નામો થશે તે તમામને હું યોગશક્તિ વડે સર્વથા જાણું છું. હે સતિ ! અનાદિશ્રીકૃષ્ણનારાયણનાં સદા નિવાસ રૂપ પુણ્યકારી આ ક્ષેત્ર સર્વદેહિઓને મોક્ષ દેનારું છે. જ્યાં વામભાગથી વિષ્ણુ, જ્યાં કૃષ્ણનારાયણ, જ્યાં તળસ્વામી, જ્યાં ગોપીનાથ, જ્યાં સિદ્ધેશ્વર, સોમેશ્વર તથા ભદ્રેશ્વર રૂપે હું તથા ભદ્રિકા રૂપે હે સતિ ! તમે છો. જ્યાં ભૂમિના મધ્યભાગમાં લક્ષ્મીનારાયણ છે. જે રાજધાનીમાં ભગવાન શ્રીકૃષ્ણની ઘણી બધી પત્નીઓ નિવાસ કરે છે. જ્યાં આનર્તે બનાવેલું રાજ્ય છે. જ્યાં ગોપાલનંદન સાક્ષાત અનાદિશ્રીકૃષ્ણનારાયણ વાસ કરે છે. તેવું તે વિશાળ ક્ષેત્ર સો યોજનના વિસ્તારવાળું છે. વળી પ્રાયઃ સમુદ્રથી વ્યાપ્ત અને ત્રણેય બાજુ પહેલાની જે પૃથ્વી તેનાથી યુક્ત છે. (સૌરાષ્ટ્ર ભગવાન શ્રીકૃષ્ણે આપેલ મણિના વિસ્તારથી થયેલ હોઈ પૃથ્વી પર તેનો સમાવેશ ના કરતા પહેલાની પૃથ્વી આવું લખેલ છે.)

આવું આ સ્થાન દર્શનમાત્રથી લોકોના પાપ અને તાપને નાશ કરનારૂ છે. જ્યાં સાધુઓના, સાધ્વીઓના, યોગિનીઓના, મહાન સાત્ત્વિકોના, પૃથ્વીની રક્ષા કરનારાઓના, જ્ઞાનીઓના, તપસ્વિઓના, બ્રહ્મચારીઓના, લોકનું કલ્યાણ કરનારાઓના, ભગવદ્‌ભક્તા નારીઓના, સાધુ-ભક્તોના, સાધુ અને ભગવાન માટે દેહ અને સર્વસ્વ સમર્પિત કરનારાઓના અને ભગવાન શ્રીસ્વામિનારાયણને સર્વસ્વ અર્પણ કરનારા અને સેવનારાઓના સમૂહો નિવાસ કરીને રહે છે. જ્યાં વિષ્ણુના કળા અને વિભૂતિ અવતારો થાય છે. તે પુરાતનક્ષેત્ર મારૂ આસન છે. હે દેવિ ! હું તે મહાનક્ષેત્રનું સ્મરણ કરું છું અને પરમશાંતિને પામુ છું. વળી તમારું જ્યારે સ્મરણ કરું છું ત્યારે તે જ ક્ષણે સમાધિમાંથી બહાર આવું છું. આવું મને પ્રિય એવું આ ક્ષેત્ર કલ્પના અંતે કાર્ષ્ણવલ્લભ તથા તમારા યોગે કરીને પાર્વતક્ષેત્ર એવા નામે વિખ્યાત થશે. હે મહાદેવિ ! તે ક્ષેત્રમાં સમુદ્ર તટે એકાંતમાં મેં મારૂં ગુપ્તસ્થાન કરી રાખ્યું છે. તે સ્થાનમાં હું નિવાસ કરું છું. યુગે-યુગે તીર્થો ઉત્પન્ન થાય છે અને લય પામે છે. જે શાસ્ત્રોના અભ્યાસી નથી તેઓથી આ ક્ષેત્રને ગુપ્ત રાખવું તે જ બરાબર છે. પૃથ્વી પર સૌરાષ્ટ્રમાં પ્રગટ થનારા પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણના મહાત્મ્યને નહિ જાણનારા પાપીઓ તેમની નિંદા કરે છે અને જ્ઞાન વિનાના તેઓ આ તીર્થ છે પેલુ તીર્થ છે એમ કહી ભટક્યા કરે છે પરંતુ ગૃહમાં જ રહેલા (પોતાના જ પ્રાંતમાં રહેલા) પરમ તીર્થને જાણતા નથી. ભગવાન નારાયણ મીન-શૂલ-ધનુષ્ય-ધ્વજ-વજ્ર-સ્વસ્તિક અને ચક્ર આટલા ચિન્હો વડે ગોચર થાય છે. (પ્રત્યક્ષ જાણી શકાય છે.) હે દેવિ ! રાધિકા, પાર્વતી, લક્ષ્મી, માણિકી, સુપ્રભા અને તમામ તત્ત્વોના સ્વામી અને પતિ એવા શ્રીકૃષ્ણવલ્લભ નામક પુરૂષોત્તમને હું ભજું છું. પરમધામમાં સ્થિત, અશ્વપટ્ટ સરોવરમાં સ્થિત, લોમશના આશ્રમમાં સ્થિત, કોટિ-કોટિ ગોપીઓના પતિ પ્રભુ અને સ્વામીનો જ્યાં કલ્પ કલ્પાંતરોમાં

પણ સદા નિવાસ છે તેવા તે પુરાતન સ્થાનનું હું નિત્ય સ્મરણ કરું છું. અન્ય શ્રેષ્ઠ તીર્થોમાં મારૂં મન સ્થિર થતું નથી. પણ કુંકુમવાપિકા તીર્થમાં મારૂ મન તમામ રીતે સ્થિર થાય છે. તેથી સહજ પણે નિત્ય મનમાં તે સ્થાનનું સ્મરણ થયા કરે છે. જેવું હું તે ક્ષેત્રનું સ્મરણ કરું છું તેવા જ શ્રીકૃષ્ણનારાયણ જાણે કે મારા પુરાતન મિત્ર હોય તેમ મંદહાસ્ય કરતા થકા મારી પાસે આવે છે. વળી અનેક દિવ્ય ભાવો વડે લીલાઓ વડે અને કલ્પાંતરોમાં ધારણ કરેલ રૂપો વડે મને રમાડે છે. હે પ્રિયે ! જેમ મારૂ મન તે ભગવાનમાં ગુંથાયેલું છે અને છુંટું પડતું નથી તેમ તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પણ મને પોતાનામાં આકર્ષિત કર્યા કરે છે. મને મુક્તા નથી અને મારી બુદ્ધિને પોતાના સ્વરૂપમાં નિરોધિત કરે છે. હે કાન્તે ! હે મહેશ્વરિ ! હે પ્રિયે ! તમો પણ આવા આ પરમક્ષેત્ર અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરો. આમ ભગવાન શંકર દ્વારા કહેવાયેલી દેવી પાર્વતી કુંકુમવાપિકા તીર્થના માહાત્મ્યના શ્રવણ માત્રથી બ્રહ્માનંદથી પરિપ્લુત (ઓળઘોળ) અને બ્રહ્મમાં તન્મય અવસ્થાવાળી થઈ તેટલામાંજ તેમના હૃદયમાં કોટિ કંદર્પોથી પણ સુંદર એવા શ્રીકૃષ્ણનારાયણ દિવ્યરૂપ ધારણકરનાર બાળકના રૂપે પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે માતા ! તમે મારા ક્ષેત્રમાં કેમ ક્યારેય નથી આવતા ? આમ કહી પાર્વતીને નમસ્કાર કરી તેજોમંડળના મધ્યમાં રહેનારા કોટિકાન્તાકાંતે સેવિત એવા સાક્ષાત પોતાના દર્શન આપ્યા. ત્યારપછી યુવાવસ્થાવાળા અને અક્ષરધામના મુક્તોએ વિંટાયેલા એવા ત્યારપછી ગોલોકમાં સ્થિત દ્વિભુજ અને ગોપી-ગોપના ગણોથી પૂજાયેલા એવા ત્યારપછી વૈકુંઠમાં સ્થિત ચતુર્ભુજ અને રમા-લક્ષ્મી ઈત્યાદિ વડે પૂજાયેલા એવા દર્શન આપ્યા પછી કૈલાસમાં સ્થિત, નાગસૂત્રવાળા, હિમ સમાન ઉજ્જવળ, અત્યંત દ્રઢ શરીરવાળા, યુવાવસ્થાવાળા, જટાજૂટશિરાઓવાળા શંકરના સ્વરૂપે તે થયા, આમ પોતાના દર્શન આપી પછી અન્તર્ધાન થયા. તેથી મહદ્

આશ્ચર્યને પામેલી સતી પાર્વતી સમાધીમાંથી જાગ્યા અને પતિ એવા શંકરને કહેવા લાગ્યા. હે કાન્ત ! મેં તે ક્ષેત્રના દર્શન કર્યા અને શ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા. એ અચ્યુત પતિના દર્શન પામીને હવે હું કૃતકૃત્ય થઈ છું. સૌથી પર અક્ષરધામમાં જે પુરુષોત્તમનારાયણ બિરાજે છે તો જ પુરુષોત્તમનારાયણ શ્રીકૃષ્ણનારાયણ રૂપે અશ્વપટ્ટ સરોવરે વર્તે છે. વળી ગોલોકમાં, વૈકુંઠમાં, કૈલાસમાં અને મારા પતિ સ્વરૂપે બિરાજીત આપ પણ તે પુરૂષોત્તમનારાયણ છો. એવું મે હૃદયમાં (સમાધિમાં) જોયું છે. હવે મને તે વિશાળ ક્ષેત્રની માહિતી કહો મને સાંભળવામાં ઘણો આનંદ થાય છે. હે શંભો ! આજે મેં જાણ્યું કે, કુંકુમવાપિકાતીર્થ તમામ તીર્થોમાં ઉત્તમ છે. તેથી તેનું માહાત્મ્ય મને કહો. વળી કુંકુમવાપિકા ક્ષેત્રમાં કેવી રીતે જપ-તપ દાન હોમ ઈત્યાદિ સુકૃતો અક્ષય ફળને આપનારા થાય છે ? તથા આ ક્ષેત્રના વર્તુળની સીમા અને ક્ષેત્રનો સાર પણ મને કહો. કારણ કે તમને આ બધા દૃશ્ય હસ્તામલકવત્ છે. (હાથમાં રહેલા આમળાની જેમ દેખાય છે.) ત્યારે શંકરે કહ્યું કે હે દેવેશિ ! સૌરાષ્ટ્ર તો મને પ્રિય છે. વળી કુંકુમવાપિકાતીર્થ મને અને શ્રીકૃષ્ણને પ્રિય છે. પ્રભાસથી ગિરનારથી અને જામનગરથી શેત્રુંજી નદી સુધીનું જે ક્ષેત્ર છે તે મને પ્રિય છે. જ્યાં નિત્ય સ્વયં ભગવાન અચ્યુત નિવાસ કરીને રહે છે. વળી જ્યાં ઋષિ લોમશ, બ્રહ્મા અને હું નિવાસ કરીને રહું છું. સો યોજનના વિસ્તારવાળું તે સૌરાષ્ટ્ર મંડળ ભગવાન શ્રીકૃષ્ણે આનર્તને આપેલા દિવ્ય મણિથી ઉત્પન્ન થનારું દિવ્ય અને સદા પ્રાણીઓને મોક્ષ દેનારું છે. જેના પશ્ચિમમાં ગિરનાર, પૂર્વમાં શેત્રુંજો પર્વત, ઉત્તરમાં જામનગર અને દક્ષિણમાં સોમનાથ છે અને મધ્યમાં અશ્વપટ્ટ સરોવર અને કુંકુમવાપિકા છે. જે સૌરાષ્ટ્રમાં ભદ્રા (ભાદર), હિરણ્યા, સ્વર્ણરેખા (સોનરખી), ઓજસ્વતી, હરિણિ, ઉન્મત્તગંગા (ઘેલા), શત્રુંજિતા (શેત્રુંજી) સરસ્વતી, નાગનદી, ગોમતી અને કૃષ્ણા. આ શ્રીહરિની પ્રિય

દિવ્ય અને ભવથી તારનારી નદીઓ સર્વદા રહે છે. વળી ન્યંકુમતિ, વજ્રિણી, માહેશ્વરી, મહાસતી આ તીર્થો સિંહારણ્યમાં સ્થિત છે. વળી ભગવાન શ્રીકૃષ્ણનારાયણની ઈચ્છાથી સૌરાષ્ટ્રમાં જે બીજા તીર્થો, વાવો, કુવા, તળાવો, હ્રદો, સરોવરો, નદીઓ, વૃક્ષો, દેવાલયો અને સંતોના નિવાસ સ્થાનરૂપ ગામો આ બધા અત્યંત પુણ્યમય અને પાપોને હરનારા છે. સૌરાષ્ટ્રના મધ્યભાગમાં હરિ એવા શ્રીકૃષ્ણનારાયણ, ઉત્તરમાં ગોલોકાધિપતિ પ્રભુ શ્રીવાસુદેવ, પશ્ચિમમાં વામનદેવ, દક્ષિણમાં સોમનાથ અને પૂર્વમાં શ્રીગોપીનાથજી છે. આ સર્વે ભવથી તારનારા છે. સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં કોઈ નિકૃષ્ટકર્મ કરનારો, પાપી કે શઠ પણ નિવાસ કરે તો તે પણ સર્વપાપ થકી મુકાય છે. હે દેવિ ! મધ્યભાગમાં તમારી સાથે હું પણ નિવાસ કરીને રહું છું. વળી ત્યાં બ્રહ્માદિક દેવતાઓ પણ રહે છે અને યોગિઓ, સાધુઓ વિગેરે લોમશ મુનિની પરિચર્યા કરે છે. જે કાંઈ અશુભ કર્મો માનવબુદ્ધિએ કરાયેલા હોય તે સર્વે અહિં શ્રીકૃષ્ણનારાયણના આશ્રયથી નાશ પામે છે. ત્યાં ગોપાલેશ્વર એવા નામથી હું સ્થિત છું. પણ કલ્પોના અસંખ્યપણાથી લોકો મને જાણતા નથી. તમારા સ્નેહ અને ભક્તિ વડે મેં તમને કહ્યું કે હું અહિં નિત્ય વૈષ્ણવ બનીને (સૌરાષ્ટ્રના) મધ્યભાગમાં સર્વદા નિવાસ કરીને રહું છું. યજ્ઞ, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, ચાંદ્રાયણ, ઉપવાસ, તથા તીર્થાદિકનું અનેકોવાર આચરણ કરવાથી જે પદ મળે છે તેનાથી ક્યાંય વધુ શ્રેષ્ઠ અક્ષર નામક શ્રીહરિનું જે મહાન ધામ તે સૌરાષ્ટ્રના મધ્યભાગમાં નિવાસ કરવાથી મળે છે. તિર્યક્ યોનીવાળાઓ, પશુઓ, પક્ષીઓ, કૃમિકીટ પતંગાદિક, જળ અને સ્થળમાં વાસ કરનારાઓ, સ્થાવરો, જંગમો, બાળકો, વૃદ્ધો, નરનારીઓ, ચાંડાળો, કુબુદ્ધિવાળાઓ અને વિયોનિજ દેહીઓ પણ સૌરાષ્ટ્ર પ્રાંતના મધ્યભાગમાં નિવાસ કરવાથી મુક્ત થાય છે. લાંબી આયુષ્યવાળા લોમશ, નારસિંહ, સનકાદિકો, માર્કણ્ડેય, પંચશિખ,

વોઢુ, આસુરિ, દત્તાત્રેય, હનુમાન, ગણેશ, વ્યાસ, જામ્બવાન કપિલ અને એવા અન્યો તે ક્ષેત્રમાં નિવાસ કરે છે. તેના પ્રતાપથી મધ્યભાગવાસી જીવાત્માઓ મુક્ત થાય છે. સૌરાષ્ટ્રમાં દશ હજાર અર્બુદ અને ત્રણ કરોડ ઋષિઓ નિત્ય અદ્રશ્ય રૂપે નિવાસ કરે છે. હે સતિ ! મેરૂના ગુણો કહેવા શક્ય છે. સમુદ્રના બિંદુઓ ગણવા શક્ય છે પણ શ્રીકૃષ્ણનારાયણના આ દિવ્ય ક્ષેત્રના ગુણો કરોડો વર્ષે પણ કહી શકાય તેમ નથી. આમ દેવી પાર્વતીને કહીને ત્યાર પછી શંકર વિરામ પામ્યા. હે લક્ષ્મિ ! તમારા પતિ અને શ્રીકૃષ્ણનારાયણ એવા મારા તે પુણ્યક્ષેત્રનું માહાત્મ્ય સાંભળીને પાર્વતી શ્રીહરિનું સ્મરણ કરવા લાગી અને ધ્યાનમાં સ્થિત થઈ નિત્ય તો મુક્તિ દેનાર અનાદિ શ્રીકૃષ્ણનારાયણક્ષેત્રનું (કુંકુમવાપિકાક્ષેત્રનું) સ્મરણ કરતી હતી. આ માહાત્મ્યને સાંભળવાથી, વાંચવાથી, સ્મરણ કરવાથી કે વંદન કરવાથી આ ક્ષેત્ર જીવોને સમ્પદા ભુક્તિ અને મુક્તિ આપનારૂં છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં સૌરાષ્ટ્રમાં કુંકુમવાપિ તીર્થક્ષેત્રનો મહિમા પાર્વતી પ્રત્યે શંકરે કહ્યો તે વર્ણન નામક પાંચસો ચોત્રીસમો અધ્યાય ॥૫૩૪॥

ત્રેતાયુગ સન્તાન
અધ્યાય-૪૯૭

શ્રીનારાયણ બોલ્યા હે લક્ષ્મિ ! જીવાત્માઓને પાવન કરનારા અડસઠતીર્થો હું તમને કહું છું. સૌરાષ્ટ્રમાં સોમનાથ નામક મહાન તીર્થ છે. વળી રૈવતાચળ (ગિરનાર), કુંકુમવાપિકાતીર્થ (કુંકાવાવ) અને દ્વારિકાતીર્થ પણ મહાન છે. (જામનગર) ચમત્કારપુરતીર્થ, નારાયણ સરોવર અને અર્બુદાદ્રિ મહાન તીર્થ છે. પુષ્કર ઉત્તમ તીર્થ છે. હિંગળાજી મહાન તીર્થ છે. હરિદ્વાર ઉત્તમ તીર્થ છે. કાશ્મીર મંડળ, બદ્રિકાશ્રમ (બદ્રીનાથ) કેદારનાથ અને કુરૂક્ષેત્ર

પાવનકારી તીર્થ છે. શાલગ્રામ ક્ષેત્ર (ગંડકી) તીર્થ છે. કામરૂપમાં કામાક્ષી તીર્થ છે. નેપાળમાં પશુપતિનાથ તીર્થ છે. ગંગાસાગર સંગમે કપિલાશ્રમ તીર્થ છે તથા મહાલક્ષ્મીના નિવાસરૂપ મુક્તિનાથ તીર્થ છે. હરિહરક્ષેત્ર તથા જગન્નાથપુરી ક્ષેત્ર છે. ગયા ક્ષેત્ર તથા સાકેતનગરી (અયોધ્યા) તીર્થ છે. પર્શુરામ કુંડો તથા મથુરામંડળ (વ્રજ મંડળ) તીર્થ છે. સિદ્ધપુર અને પ્રયાગરાજ મહાનતીર્થ છે. કાશીક્ષેત્ર તથા દંડકારણ્યમાં ત્ર્યંબકેશ્વર તીર્થ છે. તથા ઓમકારેશ્વર તથા શુક્લતીર્થ ઉત્તમ તીર્થ છે. ભૃગુક્ષેત્ર (ભરૂચ) એ લક્ષ્મીતીર્થ છે. તથા નર્મદાસાગર સંગમ તીર્થ છે. કલ્કિનારાયણની પ્રાગટ્યભૂમિ સંભલ તીર્થ છે. તુલસીતીર્થ ચંદ્રભાગામાં સ્થિત છે. અરૂણાચલ મહાન તીર્થ છે. શ્રીશૈલ ઉત્તમ તીર્થ છે. શિવકાંચી અને વિષ્ણુકાંચી બંને શુભતીર્થ છે. ચિદંબર પાવન તીર્થ છે. જનાર્દને કરેલુ ક્ષેત્ર ભૂતપુરીતીર્થ છે. કુમારિકા સતીક્ષેત્ર તથા ધર્મારણ્ય પાવન તીર્થ છે. રામેશ્વર મહાન તીર્થ છે તથા મલ્લિકાર્જુન તીર્થ છે. મલયાચલ તીર્થ છે તથા તામ્રપર્ણી પાવનકારી તીર્થ છે. ઉજૈન્નમાં મહાકાલ તથા નૈમિષારણ્ય તીર્થ છે. મહેન્દ્ર પર્વત તથા વિશાલાક્ષીવન મહાતીર્થ છે. કાલંજર મહાક્ષેત્ર, ગોકર્ણક્ષેત્ર, અમરકંટક તથા સાપ્તગોદાવર નામક તીર્થ છે. વિન્ધ્યાચલમાં ત્રિકૂટ નામક તથા પક્ષીતીર્થ નામક તીર્થ છે. મહાકૈલાસ તીર્થ છે. તાપીસાગર સંગમ તીર્થ છે. પરશુરામ ભગવાનનો આશ્રમ પરશુરામક્ષેત્ર સારૂ તીર્થ છે. પુલહાશ્રમ તીર્થ છે. કાવેરી તીર્થ છે. વારાહ ક્ષેત્ર અને ઋષભક્ષેત્ર તીર્થ છે. નૃસિંહાચલ અને મીનાક્ષી તીર્થ છે તથા પદ્મનાભક્ષેત્ર તીર્થ છે. આમ આ અડસઠ તીર્થ પૃથ્વી પર અનાદિ તીર્થો છે.

હે લક્ષ્મિ ! બીજા પણ તેત્રીસ કરોડ તીર્થો છે. જેમાં તારકો (તારનારાઓ), સાધુઓ, દેવો, ઋષિઓ, મુનિઓ, સતીઓ, સાધ્વીઓ, કુમારીઓ, પતિવ્રતાઓ, તાપસીઓ, તપસ્વિઓ,

બ્રહ્મચારીઓ, ધર્મિષ્ઠો, ચમત્કારિકો, યતિવરો, ગાયો, જાતિસ્મરો (જેમને પોતાના પૂર્વ જન્મનું જ્ઞાન હોય તેવા), વૈષ્ણવભક્તો, શૈવભક્તો, સૂર્યભક્તો, ગણપતિભક્તો, દેવીભક્તો, બ્રહ્મા-ચંદ્ર-ઈશ અને અગ્નિ આદિ દેવતાના ભક્તો, સાધકો, માન્ત્રિકો, પરકાય પ્રવેશ કરનારાઓ તથા સિદ્ધિમાન લોકો નિવાસ કરીને રહે છે. હે પદ્મજે ! જ્યાં સાધુઓ, પરમહંસો અને સાંખ્યયોગીઓ નિવાસ કરે છે તે પુણ્યકારી તીર્થ છે. જડતીર્થ (જે બીજે સ્થાને જતાં નથી તેવા) પાપનાશ કરવામાં સમર્થ છે જ્યારે ચેતનતીર્થો (દેવતાઓ સંતો પતિવ્રતાઓ વિગેરે) જડતીર્થ ઉત્પન્ન કરનારા છે. હે પ્રિયે ! તમામ દેવસ્થાનો ગુરુના આશ્રમો અને ગુરુઓ સર્વદા તીર્થ છે. જે સંસારસાગરથી તારીને ઈશ્વર પદમાં કે મોક્ષમાં સ્થાપિત કરે તે પાપનાશકરનારા તીર્થ છે. પતિતીર્થ, પિતાતીર્થ, માતાતીર્થ, પતિવ્રતાતીર્થ, સતીતીર્થ, ગૌતીર્થ અને સંતતીર્થ ઉત્તમ તીર્થ છે. શ્રીહરિ દેવો અને ગુરુ સર્વદા તીર્થ છે. જ્ઞાનતીર્થ પરમ શુદ્ધ છે. ભક્તિતીર્થ તેથી પરતીર્થ છે. દાસ્યતીર્થ ઉત્તમ તીર્થ છે. સેવાતીર્થ ઉત્તમ તીર્થોમાં પણ ઉત્તમ છે. કારણ કે, બીજા જે જે તીર્થો છે તે તન્મૂલક છે.

'ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમઃ'

આ મંત્રનો જાપ મહાવૈષ્ણવત્વનો કારક અને મહાતીર્થ છે. 'શ્રીકૃષ્ણનારાયણ એ જ મારા સ્વામી છે બીજું કોઈ નહિં.' આમ આત્માનું અર્પણ એ પણ તીર્થ કહેવાયેલું છે. સ્થૂળ અને સૂક્ષ્મ અંતરાયોના સમર્પણ રૂપ જે દાસ્ય તથા જે-જે કર્મોથી ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય તે સર્વે તીર્થરૂપ જ છે. જેનાથી જનાર્દન ભગવાન સંતોષ પામે એવું અપ્સરાનું નૃત્ય તીર્થ છે, જેનાથી માધવ સંતોષ પામે એવું નારીઓનું ગીત તીર્થ છે. જેનાથી નારાયણ સંતોષ પામે એવું ગાન્ધર્વોનું વાદન તીર્થ છે. જેનાથી વ્રજેશ (કૃષ્ણ) સંતોષ પામે એવો ગોપીઓનો કામભાવ તીર્થ છે.

જેનાથી કેશવ સંતોષ પામે એવા યોગવાળાઓનું ધ્યાન તીર્થ છે. આવી રીતે બીજા તીર્થોને જાણીને તથા શ્રીકૃષ્ણને ઈષ્ટ સિદ્ધિ દેનારા જાણીને બધું તેમને જ અર્પણ કરી સમર્પિત થઈ બુદ્ધિમાન મનુષ્ય મોક્ષને સિદ્ધ કરે. આ અધ્યાયને વાંચવાથી કે સાંભળવાથી સર્વતીર્થોનું ફળ મળે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં અડસઠ તીર્થો તથા આધ્યાત્મિક તીર્થો વિગેરેનું નિરૂપણ કર્યું એ નામક ચારસો સત્તાણુમોં અધ્યાય ॥૪૯૭॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૬૨

શ્રીપુરૂષોત્તમ બોલ્યા : હે નારાયણીશ્રી ! તમે સાંભળો, જે સ્ત્રી મને સર્વાત્મક અને સર્વ ક્રિયાઓમાં અન્વયપણે રહેલો જાણે તો નારાયણ એવા મારો જ જપ કરે, પુરૂષોતમ એવા મને જ નમસ્કાર કરે, શયનમાં, વાહનમાં, ગમનમાં, સ્થાનમાં, ભોજનમાં, નિમેષ અને ઉન્મેષમાં, જાગરણ ઈત્યાદિમાં નારાયણ એવા મને જ સ્મરે તથા મને જ નમસ્કાર કરે. જે સ્ત્રી ભોજ્ય (જમવા યોગ્ય પદાર્થો) પેય (પિવા યોગ્ય પદાર્થો) અને લેહય (ચાટવા યોગ્ય પદાર્થો) ને 'નમો નારાયણાય' આ મન્ત્રથી પાવન કરીને ગ્રહણ કરે છે તે પરમ ગતિને પામે છે. મારા નામ, સ્મૃતિ, સંકીર્તન ઈત્યાદિથી સમૃધ્ધ સ્ત્રીઓ તો પોાતાના બીજા સંબંધી જનોને પણ સદ્ગતિ અપાવે છે અને સર્વસ્વરૂપા અને કૃષ્ણવલ્લભા એવી તમે લક્ષ્મી પણ તેના ગૃહ-ક્ષેત્ર (ઘર-ખેતર) ઈત્યાદિમાં વાસ કરો છો. પૂર્વેના સમયમાં ઈન્દ્રની પુત્રી જયન્તિ કે જે જન્મથી જ મુક (મુંગી) હતી તેણે ષોડશાક્ષર મન્ત્રનો જપ કર્યો તેથી તે સરસ્વતિ (ઉત્તમ વિદ્યા) સાર્વજ્ઞતા અને ઉત્કૃષ્ટ પાંડિત્ય પામીને બૃહસ્પતિ સમાન થઈ હતી, 'ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમઃ' આ

ષોડશાક્ષર મંત્રનો જપ કરવાથી બુદ્ધિમાં અતિ નિપુણતા આવે છે. 'ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય પતયે સ્વાહા' આ મન્ત્રનો જપ કરનાર સ્ત્રીનું સૌભાગ્ય સ્થિર થાય છે.

કાલમાયાપાપકર્મશત્રુયામ્યકુહૃદભયાત્ ।
શૂલમીનધ્વજધનુશ્ચકસ્વસ્તિકવાન્અવ ॥

આ મંત્રનો જપ કરનારી સ્ત્રીને નારાયણ એવો જે હું તે નાથ થઈને શાશ્વત આનંદને દેનારૂં મારૂં અક્ષરધામ આપુ છું.

બ્રાહમ્યહં શ્રીકૃષ્ણભકતાસ્મિ શાશ્વતિ ।
અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામી પતિશ્ચમે ॥

આ મંત્ર જપનાર સ્ત્રીને હું લક્ષ્મીરૂપા (લક્ષ્મી જેવી) કરૂં છું.

બાલકૃષ્ણઃ પરંબ્રહ્મ મમ વૈ શાશ્વતઃ પતિઃ ।
પિતા બન્ધુઃ સુહૃન્મિત્રં રક્ષકઃ પાલકોસ્તુ સઃ ।

આ મંત્રનો જપ કરનાર સ્ત્રીને હું બ્રહ્મપ્રિયા કરૂં છું.

શરણં શ્રીકૃષ્ણનારાયણોસ્તુ મમ સર્વદા ।

આ મંત્રનો જપ કરનાર સ્ત્રીના તમામ પાપોનો હું નાશ કરૂં છું.

અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ શ્રીપુરૂષોત્તમઃ ।
પરબ્રહ્માક્ષરાતીતોઽવતારાણાં સ્વરૂપધૃક્ ॥
અન્તર્યામિ સદાસ્માસુ ભગવાન્ સર્વકારણમ્ ।
સર્વાન્તરાત્મા સર્વેશો નિર્લેપો મોક્ષદઃ સ હિ ॥
પાવનઃ સેવિતો ભુક્તિમુક્તિદશ્ચ સદાવતુ ।

આ મન્ત્ર જપનાર સ્ત્રીને હું કમલાનું પદ આપું છું

બ્રહમપ્રીયાઃ સમસ્તાશ્ચ રાધાલક્ષ્મ્યાદિયોષિતઃ ।
પરબ્રહ્મ સ્વરૂપાશ્ચ પરબ્રહ્માર્ધમૂર્તયઃ ।
પરબ્રહ્માર્થસર્વસ્વા દિવ્યા ભુક્તિયમુક્તિદાઃ ॥
તત્સમ્બન્ધિ ક્રિયાશ્ચાપિ, નિર્ગુણા મોક્ષદાઃ સદા ।

આવી રીતના મન્ત્રનો જપ કરનારી સ્ત્રીને હું મુકતાનિ કરું છું.

યો યો યા યા બાલકૃષ્ણં તત્પ્રિયાશ્ચ ભજત્યતિ ।
સ સ સા સા તત્સ્વરૂપા દિવ્યા મોક્ષપ્રદા સદા ॥

આ મન્ત્રનો જપ કરનારી સ્ત્રીનું દિવ્ય રૂપ થાય છે.

ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા

આ મંત્રનો જપ કરનારી સ્ત્રીને હું પોતાના રૂપમાં અન્તર્ભાવિત કરી દઉ છું

ૐ શ્રીકૃષ્ણનારાયણઃ શરણં મે

આ મંત્રનો જપ કરનારી સ્ત્રીને હું ચારેય પુરૂષાર્થની સિદ્ધિ દઉં છું.

'કૃષ્ણસ્યપ્રિયભકતાહં શ્રીહરિઃ શરણં મમ' ।
'શ્રીકૃષ્ણઃ સર્વવિદ્યાબ્ધિઃ શ્રીસ્વામી શરણં મમ' ।
'શ્રીકૃષ્ણોવલ્લભસ્વામી શ્રીહરિઃ શરણં મમ' ।

આ મંત્રોનો જપ કરનાર સ્ત્રીનો મારામાં નિત્ય વાસ થાય છે. હે લક્ષ્મિ ! આ બધા મન્ત્રો મેં મારી મૂર્તિમાંથી પ્રગટ કર્યા છે તેથી તે મારી જેવા મારા જેવાજ સ્વરૂપવાળા અને મારી જેમ જ તમામ કાર્યોને સિધ્ધ કરનારા છે.

'શ્રીકૃષ્ણોવલ્લભો નાથઃ શરણં મે' આ દ્વાદ્વશાર્ણ મન્ત્ર તમામ અર્થને દેનાર છે. તેનું માહાત્મય હું તમને કહુ છું, બ્રહમાજીને સરસ્વતી નામની પુત્રી થઈ જે વેદવેદાંગની તમામ વિદ્યાઓથી પરિપૂર્ણ હતી. ત્યાર પછી શારદા નામની પુત્રી થઈ. સરસ્વતી ઉત્તમ કક્ષાની સંસ્કૃત ભાષા બોલતી હતી જયારે શારદા ઉપનયન થયા પછી પણ બોલી શકતી ન હતી. અને પ્રયત્ન કરવા છતાં પણ તેની જીભ ચાલતી ન હતી તેથી બ્રહમા અને સાવિત્રી અત્યંત દુઃખી થયા.

ત્યાર પછી શારદા સરસ્વતિ પાસે જઈ પોતાની જીભ દેખાડતી અત્યન્ત શોક કરવા લાગી ત્યારે સરસ્વતિએ વિચાર કરીને

દ્વાદ્વશાક્ષરમન્ત્ર જપીને અભિમન્ત્રિત કરી પાવન જળ તેની જીહવા પર મુકયું 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યઃ શરણં મે' વારંવાર આ મન્ત્રથી અભિમન્ત્રિત કરી જળ તેની જીહ્વા પર મુકયું ત્યાં તો શારદા દેવીની જીહ્વામાં વાણી આવી અને મન્ત્રના પ્રતાપથી તે સ્વર વ્યંજનયુકત વાકયોને, વેદ-વેદાંગોને અને ભૂતભવ્ય બધી વાતોને કહેવા લાગી. આવી રીતે શારદા દેવી દિવ્યવાણીએ યુકત થયા તેથી બ્રહમા સાવિત્રી અને સરસ્વતી પ્રસન્ન થયા. હે લક્ષ્મિ ! આ મેં દ્વાદ્વશાક્ષરમન્ત્રનો મહિમા કહયો, આને જે વાંચે કે સાંભળે તે નક્કી જ પરમપદને પામે છે. પાપાચારી પણ જો આ દ્વાદ્વશાક્ષર મન્ત્રતત્પર હોય તો તે પણ મારા અક્ષર નામના શુભ સ્થાનને પામે છે. 'ૐ' આ એકાક્ષર મન્ત્રનો જપ કરનાર પરાગતિને પામે છે. 'કૃષ્ણ' આ બે અક્ષરના મન્ત્રને જપીને ગોલોકને પામે છે. 'શ્રીકૃષ્ણ' આ ત્રણ અક્ષરના મન્ત્રને જપીને ગોલોકધામને પામે છે. 'વાસુદેવ, રાધાકૃષ્ણ' આ ચાર અક્ષરના મન્ત્રનો જપીને તમારા દ્વારા કરાયેલા લોકને (લક્ષ્મીલોક – વૈકુંઠને) પામે છે. 'ૐ નારાયણ' આ પંચાક્ષર મન્ત્રનો જપ કરીને શ્વેતાક્ષર પદ ને પામે છે. 'નમો નારાયણાય' આ મન્ત્રને જપતો બ્રહ્માક્ષર પદને પામે છે.

'ૐશ્રીકૃષ્ણનારાયણ' આ મન્ત્રને જપતો અક્ષરપદને પામે છે. 'લક્ષ્મીનારાયણશ્રીઃૐ' આ મન્ત્રને જપનાર વૈકુંઠને પામે છે. અને 'અનાદિશ્રીકૃષ્ણનારાયણ' આ મન્ત્રને જપનાર દિવ્ય અક્ષરપદને પામે છે.

હે લક્ષ્મિ ! 'ૐ માણિકીશ્રીકૃષ્ણનારાયણ'

આ મન્ત્રને જપતો દેહિ તમામ ધામોમાં ઉત્તમ એવા અક્ષરધામને પામે છે.

'ૐ સુખદાલક્ષ્મીકૃષ્ણનારાયણ'

આ મન્ત્રનો જપ કરનાર ભકત કે ભકતાનિ મારા પદને પામે છે.

'श्रीकृष्णोवल्लभः स्वामी शरणं मे' मन्त्रोमां श्रेष्ठ आ मन्त्रने उत्साह पूर्वक जपतो (भकत-भकतानी) मारी साथे एकतानो पामे छे.

ॐ श्रीकृष्णाय नमः, ॐ नारायणाय नमः,
ॐ वासुदेवाय नमः, ॐ महाविष्णवे नमः,
ॐ विष्णवे नमः, ॐ सदाशिवाय नमः,
ॐ हिरण्यगर्भाय नमः, ॐ शिवाय नमः,
ॐ रामादित्याय नमः, ॐ नृसिंहाय नमः,
ॐ कपिलाय नमः, ॐ श्रीहरये नमः,
ॐ श्री दत्तात्रेयाय नमः, ॐ ऋषभाय नमः,
ॐ वामनाय नमः, ॐ पर्शुरामाय नमः,
ॐ यज्ञाय नमः, ॐ सनत्कुमाराय नमः,
ॐ व्यासाय नमः, ॐ बुध्धाय नमः,
ॐ नरनारायणाय नमः, ॐ ब्रहमणे नमः,
ॐ परब्रह्मणे नमः, ॐ अन्तर्यामिणे नमः,
ॐ माधवाय नमः, ॐ गोविन्दाय नमः,
ॐ केशवाय नमः, ॐ श्रीपतये नमः,
ॐ स्वामिनो नमः, ॐ अक्षरातीताय नमः,
ॐ पुरुषोत्तमाय नमः, ॐ परमात्मनो नमः,

'ॐ अनादिश्रीकृष्णनारायणाय विद्महे गोपालकृष्णात्मजाय धीमहि तन्नः कम्भराश्रीसुतः प्रचोदयात्'

हे लक्ष्मि ! आ मन्त्रो सदा भुक्ति मुक्तिरुप फळने देनारा, पाप-तापने नाश करनारा, तो तो धामोने देनारा, तमाम पुरुषार्थोने देनारा तथा सर्वे ईच्छाओ पुरी करनारा छे. हजार, दस हजार, लाख अने करोड संख्यात्मक जप श्रध्धा प्रमाणे, संख्या प्रमाणे अने वेग प्रमाणे फळ देनारा मनाया छे.

ॐ श्रियै नमः, ॐ लक्ष्म्यै नमः, ॐ रमायै नमः,
ॐ महालक्ष्म्यै नमः, ॐ नारायणयै नमः,
ॐ ब्राहम्यै नमः, ॐ पुरुषोत्तम्यै नमः,
ॐ वैष्णव्यै नमः, ॐ कमलायै नमः,
ॐ मायै नमः, ॐ वासुदेव्यै नमः,
ॐ कृष्णायै नमः, ॐ माधव्यै नमः,
ॐ परमेश्वर्यै नमः, ॐ शिवायै नमः,
ॐ अन्तर्यामिण्यै नमः, ॐ महावैष्णव्यै नमः,
ॐ पद्मायै नमः, ॐ कंभरालक्ष्म्यै नमः,
ॐ प्रज्ञायै नमः, ॐ राधायै नमः,
ॐ ब्रहमप्रियायै नमः, ॐ हरिण्यै नमः,
ॐ हरिप्रियायै नमः, ॐ हिरण्यमय्यै नमः,
ॐ कार्ष्णवाल्लभ्यै नमः, ॐ पार्वत्यै नमः,
ॐ माणिकयायै नमः, ॐ सुखदालक्ष्म्यै नमः,
ॐ शिवराज्ञीश्रियै नमः, ॐ नारायणीश्रियै नमः,
ॐ धामिन्यै नमः,

'ॐ सुखदालक्ष्म्यै विद्महे नारायणीश्रियै धीमहि तन्नः शिवराज्ञीश्रीः प्रचोदयात्'
'ॐ कृष्णाय विद्महे वल्लभाय धीमहि प्रज्ञा तन्नः प्रचोदयात् ।'
'ॐ आचार्याय विद्महे गुरवे धीमहि पार्वती नः प्रचोदयात् ।'

हे लक्ष्मि ! आ मन्त्रो सदा भुक्ति मुक्ति रुप फळने देनारा छे, चारेय पुरुषार्थने देनारा छे अने सर्व सुखनी ईच्छाओने पुरी करनारा छे. सो, हजार, दस हजार, लाख, करोड, श्रद्धाए युकत अने मने के तमने संभारीने थयेला जप शाश्वत कामनाने देनारा छे. (मोक्ष करनारा छे) हे लक्ष्मि ! त्वमहम्, त्वमहम, अथवा सोहम् सोहम् एम मने संभारीने जे जप करे तेने पण हुं मारुं आसन, मारुं धाम अने मारो आत्मा पण आपुं छुं.

મારા ભકતો માટે જ મારૂ સર્વસ્વ છે. તેને આપવામાં હું બાકી રાખતો નથી, હે લક્ષ્મિ ! હે રાધે ! કૃષ્ણવલ્લભ એવા મુજ પતિને ભજ. હે કાન્તે ! અંતકાળે, પ્રકાશે, એકાંતે, દેહે, ગેહે, ગુપ્ત સ્થાને, સુપ્તાવસ્થામાં વળી બીજી બધી જગ્યાએ મને ભજ તેથી શાશ્વત આનન્દ કરનાર સુખ પ્રાપ્ત થાય છે. ભજન- ભક્તિ અર્થાત્ પ્રેમપૂર્વક, આનંદથી, દ્રવ્ય, સંપત્તિ, બાગ બગીચા ઈત્યાદિ વડે, મન, વચન, કર્મે કરીને પરમેશ્વર પરમાત્મા એવો જે હું શ્રીકૃષ્ણ તેની સેવા કરવી તે છે. પ્રત્યક્ષ વર્તમાન મને નરનારીઓ સેવે.

હું પરમ અક્ષરધામમાં વિચરણ કરનાર દિવ્ય સ્વરૂપવાન છું. તે જ આજ અહિંયા સૌરાષ્ટ્રમાં કંભરા-ગોપાલકૃષ્ણનો નંદન પરમેશ્વર છું, હે લક્ષ્મિ ! મન્વતરમાં હું સર્વથા અહિંયા જ સ્થિત થઈશ. જેવી રીતે હું પાવન ગુરૂરૂપ છું. તેવી જ રીતે લોમશ પણ છે. ધાતુ પાષાણ ઈત્યાદિની મૂર્તિઓમાં જેમ હું નિવાસ કરૂં છું તેવી જ રીતે સ્વયં પરપ્રભુ એવો હું વૈષ્ણવાચાર્યોમાં છું. જે જે યોગ્ય વ્યક્તિઓને નરનારીઓએ ગુરૂસ્થાને અભિષિકત કરેલા છે તેમાં તેમાં હે પદ્મજે ! તમારી સાથે હું નિવાસ કરૂં છું તેથી જ આ લોકમાં ગુરૂઓ દિવ્ય છે અને મારી જ મૂર્તિઓ છે. દર્શન કરવાથી સ્પર્શ કરવાથી કે સેવા કરવાથી તે તારનારા છે. મારા (અવતાર) વિના પૃથ્વી કયારેય ખાલી રહેતી નથી, પ્રવાહ, અંશ, આવેશ ઈત્યાદિ રૂપો વડે હું વર્તમાન રહું છું. પૃથ્વીમાં વાસ કરૂં છુ. તેથી ત્રણેય લોકમાં તમામ ગુર્વાત્મક મૂર્તિઓ મુજ ચેતનાત્મક છે. હું અક્ષરમાં સદા મુકત-મુકતાનિકા પતિ છું. ગોલોકમાં હું ગોપિકા અને ગોપોનો પતિ છું. વૈકુંઠમાં હું પાર્ષદો અને પાર્ષદીઓનો પતિ છું. આવી જ રીતે અવ્યાકૃતમાં તથા અમૃતમાં છું. શ્રીપુરમાં સ્વયં શ્રી છું, કૈલાસમાં શંકર છું, સત્યલોકમાં ગુરૂ અને બ્રહ્મા છું, પિતૃલોકમાં અર્યમાં છું, દેવતાનાં લોકમાં બૃહસ્પતિ

છું, માનવલોકમાં સાધુ છું, દૈત્યના લોકમાં શુક્રાચાર્ય છું, બ્રાહમણોમાં વસિષ્ઠ છું, સ્ત્રીઓમાં પતિવ્રતા છું અને પુરૂષોમાં બુધ્ધિમાન હું છું. સર્પોમાં હું શેષ છું. પશુઓમાં વૃષભ છું. યાદસોમાં હું કચ્છપ છું અને ક્રુરમાં હું શરભ છું. વેલમાં હું કલ્પલતા છું અને વૃક્ષોમાં કલ્પવૃક્ષ છું.

વિદ્યાર્થીઓમાં હું શિક્ષક છું. વધુઓમાં પતિમાતૃકા છું. હે પ્રિયે ! આમ મારૂં સત્તામય ગુરૂત્વ સર્વત્ર છે અને તે ગુરૂરૂપ ઉત્તમોત્તમ તીર્થમાં હું સદા રહું છું. જે મને પ્રત્યક્ષ ગુરૂને નિરંતર ભજે છે તેને બીજે કંઈ પણ શોધવું બાકી રહેતું નથી. હુ ગુરૂમાં સ્થિત રહીને સેવકની પ્રતિક્ષા કરૂં છું અને જે જે જેવી જેવી રીતે શરણે આવે છે તેને તેને તેવી તેવી રીતે ફળ આપું છું, હું બન્ધહર્તા બાન્ધવરૂપ સર્વથા ગુરૂમાં રહું છું. બધા બન્ધનો વાસના રૂપ છે. વાસના વૃત્તિઓમાંથી સંભવે છે. વૃત્તિઓને યોગ દ્વારા પામી શકાય છે. સંયોગ ભોગ્ય વસ્તુથી ઉત્પન્ન થાય છે. ભોગ્યવસ્તુઓની અપ્રાપ્તિ તે વિયોગ છે. આ વિયોગ વૃત્તિઓનો લય કરવામાં સહાયરૂપ છે. વૃત્તિના લય પામવાથી પછી વાસનાનો પણ લય થાય છે. ગુરૂનો યોગ નિર્બન્ધ ભાવનાનો સમ્પાદક, મોક્ષ સ્થાનનો પ્રાપક, મહાનન્દને દેનાર, દિવ્યતા આપનાર છે. ગુરૂનો સત્સંગ શેવધિ છે. હે લક્ષ્મિ ! આવી રીતે પ્રેમભક્તિ દ્વારા હું સદા પ્રાપ્ત થાઉં છું. તમામ જીવનો પ્રિય અને ગુરૂ એવો હું સદા નિર્બન્ધ છું અને બંધાયેલાને મુકત કરૂં છું, મહાપાપી એવા નર-નારી અને નપુંસકોને પણ તારૂં છું, ભગવાન એવો જે હું તે શરણે આવેલા પશુઓને, પક્ષિઓને જલચરોને, વનનિવાસીઓને, વૃક્ષોને, વેલીઓને, દેવતાઓને, પિતૃઓને, મુનિઓને, સારી રીતે રક્ષણ આપું છું. મારૂ કાર્ય જ દેહિઓને સુખ દેવું અને દુઃખથી રક્ષા કરવી તે છે. સૃષ્ટિની આદિમાં સૃષ્ટિમાં અને સૃષ્ટિના અંતે પણ તેવી જ રીતે હું સંરક્ષણ કરૂં છું. હે પ્રિયે ! આવી રીતે તમે જે પુછયું તે બધું મે કહયું વધૂગીતામય આ જ્ઞાન સર્વસ્ત્રીઓનો

મોક્ષ કરનારૂં છે. આના પઠન અને શ્રવણ (વાંચ્યા અને સાંભળ્યા) પછી કંઈ પણ જાણવું બાકી રહેતું નથી. આ જ્ઞાન ભુક્તિ મુક્તિ અને તાદાત્મય (ભગવાન સાથે એકતા) દેનારૂં છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણયસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં વધૂગીતામાં બહુવિધ દિવ્યમન્ત્ર અને ગુરૂ બળ ઈત્યાદિ નિરૂપણ નામક બાંસઠમો અધ્યાય ॥૬૨॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૬૫

શ્રીનારાયણીશ્રી બોલ્યા : જીવિત માણસે જીવતા કેવું શુભ સત્કર્મ કરવું જોઈએ જેનાથી તે આ લોકમાં સર્વત્ર અને પરલોકમાં સુખી થાય ?

શ્રીપુરૂષોતમ બોલ્યા : પરલોકમાં પરમસુખને આપનારી મારી પૂજા કરવી જોઈએ તથા દેવપૂજા તથા પિતૃપૂજા કરવી જોઈએ. શ્રેષ્ઠ દાન કરવું જોઈએ તથા શુભ એવું જીવત શ્રાદ્ધ કરવું જોઈએ. અહિં હસ્ત વડે જે કરાય છે તેનું ફળ પરલોકમાં મળે છે.

શ્રીનારાયણીશ્રી બોલ્યા : હે પ્રભો ! જીવત્શ્રાદ્ધ કેવું હોય અને કઈ રીતે કરવાનું હોય તે વિધિ, વળી તેમાં જે આપવાનું હોય તે સર્વ મને કહો ?

શ્રીપુરૂષોતમ બોલ્યા : દેવાલયમાં, સત્પુરૂષોનાં નિવાસ સ્થાને, મઠે, ઈશ્વરના સાનિધ્યમાં, વિદ્યાલયમાં, યજ્ઞભૂમિમાં, પર્વત પર, નદી તટે, વનમાં, તીર્થમાં, પાવન સ્થળે અથવા પોતાના નવા ઘરે સુખ દેનારૂ જીવત શ્રાદ્ધ કરવુ જોઈએ. જો ધર્મનું ચિંતન કરીએ તો શ્રાદ્ધ આદરપૂર્વક કરવું જોઈએ. શ્રદ્ધાપૂર્વક, હૃદયથી, ભાવનાઓથી, પોતાના હાથે જે અપાય છે તે જ સર્વથા શ્રાદ્ધ જાણવું જોઈએ. તે પાંચ પ્રકારનું કહેલુ છે. પારબ્રાહ્મિક, પૈત્ર્ય, દૈવ, ઐશ્વર અને ભૌતિક. બાલ્યકાળમાં, યૌવનમાં,

વાર્ધકયમાં કે મૃત વ્યક્તિની સન્નિધિમાં કયારેય પણ શુભ જનોએ પાંચમાંથી કોઈ પણ પ્રકારનું શ્રાદ્ધ કરવુ જોઈએ. કર્મ (શુભકર્મ) કરતો કે ન કરતો જ્ઞાની કે અજ્ઞાની જીવ જીવત શ્રાદ્ધ કરવાથી જીવતા જ મુકત થાય છે.

શ્રોત્રિય હોય કે અશ્રોત્રિય, ચાર પ્રકારના આશ્રમમાં સ્થિત હોય, કે ત્યાગી હોય ચારવર્ણના તમામ માનવોએ પાંચ પ્રકારનું શ્રાદ્ધ કરવું જોઈએ. (હવે પહેલું પારબ્રહ્મ શ્રાદ્ધ કહે છે) પૃથ્વી પર જીવતા જને પરબ્રહ્મ શ્રીહરિને સંભારીને મોટા મંદિરોમાં શ્રીહરિને નિત્ય નૈવેદ્ય કરવું જોઈએ. જીવતા જ ભગવાન શ્રીકૃષ્ણને છપ્પન ભોગરૂપ નવીન નવીન મહાનૈવેદ્ય અર્પવું તે મોક્ષ માટે થાય છે. નિત્ય પ્રાતઃ કાળે ભગવાન કૃષ્ણનારાયણને મગના લાડુ દુધ શર્કરા ઈત્યાદી અર્પણ કરવું તથા નાગરવેલના પાન વાળુ તામ્બૂલ તૃપ્તિ માટે અર્પણ કરવું તેના ફળ રૂપે દેનારને પોતાને પરલોકમાં અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે. મધ્યાહ્ન સમયે પણ શુભ મિષ્ટાન્નો ઘી સાકરથી યુકત પકવાનો સમર્પિત કરવા.

વિવિધ પ્રકારના શાક, દ્વિદલ, સૂપ વિવિધ પ્રકારે બનાવેલી પોળીઓ, પૂરીઓ, દૂધપાક, દૂધ, ખાટા મીઠા સ્વાદિષ્ટ ફળો, કન્દ – પુષ્પ – દલ - પત્ર ગાંઠો ઈત્યાદિ ભક્ષ્ય ભોજય લેહય અને ચોષ્ય આ ચાર પ્રકારના ભોજન સમર્પિત કરવા. સર્વ લક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણદેવને નિત્ય આવી રીતે સુવર્ણ આદિ ધાતુથી નિર્મિત થાળમાં, પાત્રમાં કે પાત્રોમાં રાજભોગનું નૈવેદ્ય કરવુ તે પ્રત્યક્ષ શ્રાદ્ધ છે.

જીવીત માણસે જો ભગવાનને વૃત્તિરૂપ આજીવિકા અર્પણ કરી હોય તો તે પણ શ્રીપુર ગોલોક કે અક્ષર ઈત્યાદિ ધામોમાં ફલિત થાય જ. પરમેશ્વરને દીધેલું બધું અક્ષય થાય છે. આ લોકમાં ઈશ્વરને દીધેલુ અનંતગણું થઈને પાછું પોતાને પ્રાપ્ત થાય છે. ગોલોકમાં, વૈકુંઠમાં, અવ્યાકૃતમાં કે અમૃત ઈત્યાદિ ધામમાં પણ પરમેશ્વરે પ્રત્યર્પિત કરેલુ (અનંત ગણું કરીને પાછુ આપેલું)

મુકતભાવમાં પણ જીવને પમાય છે. આવી રીતે સર્વઋતુઓમાં વાંછિત શીતળ મધુર મિષ્ટ અનેક પ્રકારના જળ પણ શ્રીહરિને અર્પણ કરવા. અર્પણ કરાયેલા તે વૃત્યાત્મક વિવિધ જળ તૃપ્તિરૂપે પ્રાપ્ત થાય છે.

હે લક્ષ્મિ ! આવી રીતે મુખશુદ્ધિ માટે વિધવિધ ભાતના તજ લવિંગ એલચી, કપુર, વીટિકા, સોપારી, કાથો, ચુનો ઈત્યાદિ યુકત મુખવાસો અર્પણ કરવા. ઉત્થાપનના સમયે પણ જળ ફળ તથા દળ આપવા અને જમવા માટે ઠંડા અને ગરમ ઘીમાં પકાવેલા, તેલમાં પકાવેલા, અગ્નિપર પકાવેલા, સૂર્યના તાપમાં પકાવેલા, ઋતુમાં પકવ થયેલા, સુગન્ધિ અને રસથી પરિપૂર્ણ એવા ભક્ષ્ય પદાર્થો શ્રીહરિને સદા તૃતીય પ્રહરે આપવા વળી સાંજના સમયે ભોજન પાણી માટે પુરીઓ પોળીઓ દુધશાક અને મીઠા સ્વાદિષ્ટ ફળો અને જળ નિત્ય અર્પણ કરવા. આજીવિકા માટે વાડી આપવી, ખેતર આપવું. વસ્ત્રો આપવા, ઘરો આપવા, ગામ આપવા, જીવિકાવૃત્તિ ચલાવે એવી પૃથ્વી આપવી અને પૂજાનો પ્રવાહ ચાલુ રહે તે માટે ધનથી પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા માટે આજીવિકાઓ બાંધવી. જે શ્રદ્ધાપૂર્વક આવી રીતે કરે છે તેને જીવત શ્રાદ્ધ કહેવામાં આવે છે.

જેવી પરિસ્થિતી હોય તે પ્રમાણે ભોજન, જળ, થાળ, નૈવેદ્ય, નાણાં વગેરે વર્ષે વર્ષે એકવાર આપવા અથવા દર મહિને આપવા અથવા દરેક પખવાડીએ આપવા અથવા દરેક પર્વે કે દરેક ઉત્સવે આપવા. વૃત્તિરૂપ જીવિકા અક્ષય ફળ દેનારી અને નિત્ય તૃપ્તિ પ્રદાન કરનારી થાય છે.

હે લક્ષ્મિ ! આવી રીતે મેં તમને પારબ્રહ્મ શ્રાદ્ધ કહ્યું હવે ઐશ્વર શ્રાદ્ધ કહું છું તે સાંભળો. જીવતાં જ જયાં જયાં મંદિરોમાં મારા અવતારની પ્રતિમાઓ, વાસુદેવાદિ વ્યૂહો, કપિલાદિક સાધુઓ, લક્ષ્મીઓ, પાર્ષદો, પાર્ષદાનીઓ અથવા વૈરાજાદિક ઈશ્વરો હોય તેમને મિષ્ટાન્ન જળ, ફળ, કન્દ, દળ, તાંબુલ, દૂધ,

મધ ઈત્યાદિ નિવેદિત કરવું તે ઐશ્વર શ્રાદ્ધ કહેવાય છે. તેનું મહાન ફળ થાય છે.

હે લક્ષ્મિ ! હવે પિતૃઓ માટે પ્રતિપાદિત થયેલું પૈત્ર્ય શ્રાદ્ધ તમને કહું છું. જીવતા જ જળમાં, દર્ભનામૂળમાં, વૃક્ષના મૂળમાં (પીપળાના મૂળમાં), ભૂતળમાં, બ્રાહ્મણના હાથમાં, બ્રાહ્મણના મુખમાં તૃપ્તિ માટે જળ આપવું અને ભોજનમાં આમપિંડ અને પકવાન્ન અને મિષ્ટાન્નો આપવા અને વિશેષ સંતોષ માટે શાક, પત્ર, ફળ, કન્દ, દૂધ ઈત્યાદિ આપવું તે પિતૃશ્રાદ્ધ કહેવાય છે. હવે દૈવશ્રાદ્ધ કહે છે આદરપૂર્વક આદિત્યો, રૂદ્રો, અશ્વિનીકુમારો, વસુઓ ઈત્યાદિ દેવતાઓને તથા અન્ય દેવતાઓને યથેષ્ટ શ્રદ્ધાપૂર્વક જે શુભ નૈવેદ્ય, જળાદિક અર્પણ કરવું તેને દૈવ શ્રાદ્ધ કહેવાય છે.

હવે શ્રાદ્ધ કરવાની વિધિ કહું છુ તે સાંભળો ગન્ધ-પર્ણ-રસ આદિ વડે વિધિવત ભૂમિની પરિક્ષા કરી તેને કાંટા કાંકરાથી રહીત કરી રેતી પાથરવા પૂર્વક યજ્ઞભૂમિ કરવી જોઈએ પછી મધ્યમાં પરમ સુશોભિત હાથમાત્રનો કુંડ કરી તેને લીંપી તેમાં અગ્નિ પ્રગટ કરી અન્વાધાન (સ્થાપિત કરેલા અગ્નિમાં બે કે ત્રણ સમિધા સ્થાપિત કરવી તે) કરી બધી બાજુથી પરિગ્રહિત કરી પરંપરાના ક્રમથી યથાશાસ્ત્ર પરિસ્તરણ કરી સર્વ અગ્નિમુખને સમાપિત કરીને સ્થણ્ડિલમાં (યજ્ઞભૂમિમાં સ્થિત યજ્ઞકુંડમાં) અગ્નિની પૂજા કરીને પૃથક પૃથક સમિધાઓ અને ચરૂઓ વડે આહૂતિઓ આપવી જોઈએ.વળી દેવતાદિકમાં પણ આત્મભાવથી ઘી વડે આહૂતિઓ આપવી સર્વતઃ તત્વભૂતોની તૃપ્તિ માટે પણ આહૂતિઓ આપવી .

ૐ ભૂઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય શાર્ઙ્ગિણે નમઃ ।
ૐ ભૂરનાદિશ્રીકૃષ્ણનારાયણાય સ્વાહા ।
ૐ ભુવઃ અવતારેભ્યો ઈશ્વરેભ્યો નમઃ ।
ૐ ભુવઃ અવતારેભ્યો ઈશ્વરેભ્યઃ સ્વાહાઃ ।

ॐ स्वः जीवसृष्टिभ्यः पितृदेवतादिभ्योः नमः ।
ॐ स्वः जीवसृष्टिभ्यः पितृदेवतादिभ्योः स्वाहा ।
ॐ भुर्वेधसे नमः ॐ भूर्वेधसे स्वाहा ।
ॐ भुवर्विष्णवे नमः ॐ भुवर्विष्णवे स्वाहा ।
ॐ स्वः शंकराय नमः ॐ स्वः शंकराय स्वाहा ।
ॐ महः सुरेशाय नमः ॐ महः सुरेशाय स्वाहा ।
ॐ जनः पितृभ्यो नमः ॐ जनः पितृभ्यः स्वाहा ।
ॐ तपः प्रकृतये नमः ॐ तपः प्रकृतये स्वाहा ।
ॐ सत्यं हरये नमः ॐ सत्यं हरये स्वाहा ।
ॐ कृष्णधरां मे गोपाय घ्राणे गन्धं देवाय कृष्णायभूर्नमः ।
ॐ कृष्णधरां मे गोपाय घ्राणे गन्धं कृष्णाय भूःस्वाहा ।
ॐ कृष्णधरां मे गोपाय घ्राणे गन्धं कृष्णस्य पत्न्यै भूर्नमः स्वाहा ।
ॐ कृष्णधरां मे गोपाय घ्राणे गन्धं कृष्णपत्न्यै भूः स्वाहा ।
ॐ हरे जलं मे गोपाय जिह्वायां रसं हरये भुवो नमः ।
ॐ हरे जलं मे गोपाय जिह्वायां रसं हरये भुवः स्वाहा ।
ॐ हरे जलं मे गोपाय जिह्वायां रसं हरेः पत्न्यै भुवो नमः ।
ॐ हरे जलं मे गोपाय जिह्वाया रसं हरेः पत्न्यै भुवः स्वाहा ।
ॐ परेशाग्निं मे गोपाय नेत्रे रुपं परेशाय स्वरों नमः ।
ॐ परेशाग्निं मे गोपाय नेत्रे रुपं परेशाय स्वः स्वाहा ।
ॐ परेशाग्निं मे गोपाय नेत्रे रुपं परेशपत्न्यै स्वेरों नमः ।
ॐ परेशाग्निं मे गोपाय नेत्रे रुपं परेशपत्न्यै स्वः स्वाहा ।
ॐ ब्रहम वायुं मे गोपाय त्वचि स्पर्श ब्रह्मणे देवाय महर्नमः ।
ॐ ब्रह्मवायुं मे गोपाय त्वचि स्पर्श ब्रह्मणे देवाय महः स्वाहा ।
ॐ ब्रह्म वायुं मे गोपाय त्वचि स्पर्श ब्रह्मपत्न्यै महरों नमः ।
ॐ ब्रह्म वायुं मे गोपाय त्वचि स्पर्श ब्रह्मपत्न्यै महः स्वाहा ।
ॐ परव्योम सुषिरं मे गोपाय श्रोत्रे शब्दं परव्योम्ने जनः स्वाहा ।

ૐ પરવ્યોમ સુષિરં મે ગોપાય શ્રોત્રે શબ્દં પરવ્યોમપત્ન્યૈ જનો નમઃ ।
ૐ પરવ્યોમ સુષિરં મે ગોપાય શ્રોત્રે શબ્દં પરવ્યોમ પત્ન્યૈ જનઃ સ્વાહા ।
ૐ મુકતેશ રજો મે ગોપાય દ્રવ્યે તૃષ્ણાં મુકતેશાય તપો નમઃ ।
ૐ મુકતેશ રજો મે ગોપાય દ્રવ્યે તૃષ્ણાં મુકતેશાય તપઃ સ્વાહા ।
ૐ મુકતેશ રજો મે ગોપાય દ્રવ્યે તૃષ્ણા મુકતેશપત્ન્યૈ તપો નમઃ ।
ૐ મુકતેશ રજો મે ગોપાય દ્રવ્યે તૃષ્ણાં મુકતેશપત્ન્યૈ તપઃ સ્વાહા ।
ૐ બાલકૃષ્ણ સત્યં મે ગોપાય શ્રદ્ધાં ધર્મે બાલકૃષ્ણાય સત્યં નમઃ ।
ૐ બાલકૃષ્ણ સત્યં મે ગોપાય શ્રદ્ધાં ધર્મે બાલકૃષ્ણાય સત્યં સ્વાહા ।
ૐ બાલકૃષ્ણ સત્યં મે ગોપાય શ્રદ્ધાં ધર્મે બાલકૃષ્ણપત્ન્યૈ સત્યં નમઃ ।
ૐ બાલકૃષ્ણ સત્યં મે ગોપાય શ્રદ્ધાં ધર્મે બાલકૃષ્ણપત્ન્યૈ સત્યં સ્વાહા ।
ૐ જીવપતે જીવનં મે ગોપાય ચેષ્ટં પરત્ર જીવપતયે જીવનં નમઃ ।
ૐ જીવપતે જીવનં મે ગોપાય ચેષ્ટં પરત્ર જીવપતયે જીવનં સ્વાહા ।
ૐ જીવપતે જીવનં મે ગોપાય ચેષ્ટં પરત્ર જીવપતિપત્ન્યૈ નમઃ ।
ૐ જીવપતે જીવનં મે ગોપાય ચેષ્ટં પરત્ર જીવપતિપત્ન્યૈ જીવનં સ્વાહા ।
ૐ પરબ્રહ્મણે નમઃ શ્રી પુરૂષોત્તમાય સ્વાહા ।
ૐ પિત્રે નમઃ પિત્રે સ્વાહા ૐ પ્રપિત્રે નમઃ પ્રપિત્રે સ્વાહા ।
ૐ પ્રપિતામહાય નમઃ ૐ પ્રપિતામહાય સ્વાહા ।
ૐ ભૂતેભ્યો નમઃ ૐ ભૂતેભ્યઃ સ્વાહા ।
ૐ સૂક્ષ્મેભ્યો નમઃ ૐ માત્રાભ્યઃ સ્વાહા ।
ૐ ઈન્દ્રિયેભ્યો નમઃ ઈન્દ્રિયેભ્યઃ સ્વાહા ।
ૐ પ્રાણેભ્યો નમઃ પ્રાણેભ્યઃ સ્વાહા ।
ૐ અન્તઃકરણેભ્યો નમઃ ૐ અન્તઃકરણેભ્યઃ સ્વાહા ।

ॐ आत्मने नमः ॐ आत्मने स्वाहा ।
ॐ कृष्णधरां मे छिन्धि ध्राणेगन्धं छिन्धि मेऽधं भूः स्वाहा भूवः स्वाहा, स्वः स्वाहा !

આવી રીતે કેવળ ઘી થી પૃથક પૃથક હજારવાર પાંચસો વાર કે એકસો આઠ વાર હોમીને માત્ર ઘી થી જ મહાલક્ષ્મીની એકસો એક વાર પ્રણાદિ દ્વારા આહુતીઓ આપવી.

ॐ प्राणे निविष्टोऽमृतं जुहोमि हरिर्माऽऽविश प्रदाहाय प्राणाय स्वाहा
ॐ प्राणाधिपतये श्री हरये परब्रह्मणे कृष्णाय स्वाहा
ॐ भूः स्वाहा, ॐ भूवः स्वाहा, ॐ स्वः स्वाहा, ॐ भूर्भुवः स्वः स्वाहा

આવી રીતે ક્રમથી શ્રાદ્ધવિધિમાં જે રીતે કહ્યું છે તે રીતે આહૂતિઓ આપવી. ત્યાર પછી પરમાત્માની તૃપ્તિ માટે પૂર્ણાહૂતિ આપવી ત્યાર પછી પરમાત્માની પત્નીઓની તૃપ્તિ માટે પૂર્ણાહૂતિ આપવી. આવી રીતે સમાપ્તિ કરીને દેવતાઓની, પિતૃઓની, પોતાના નામની, ભૂતાદિકોની, ઋણવાનની આહૂતિ આપે ત્યાર પછી અનૃણી થઈ અનેક યોગીન્દ્રોને, સાધુઓને, સત્પુરૂષોને, સતીઓને, સાધ્વીઓને, બાળબાલિકાઓને, બાન્ધવોને અને દિવ્યગુરુજનોને પણ જમાડે અને સત્પાત્ર વૈષ્ણવોને વસ્ત્ર, આભરણ, કામળાઓ, વાહન, પથારી, કાંસા-તાંબા ઈત્યાદિ ધાતુઓના વાસણો, સોનુ, ચાંદી, ગાય, તલ, ખેતર, અન્ય વૈભવો, દાસ-દાસીઓ અને દક્ષિણા પણ આપે અને પૃથક પૃથક અષ્ટપ્રકારે રસેસહિત પિંડ પણ આપે. ત્રણ દિવસ શ્રીવિષ્ણુને ચરૂ અને દૂધનું ભોજન આપે. મર્યા પછી આ બધું થાય કે ના થાય જીવતા જ કરેલું મરીને પ્રાપ્ત થાય છે. આવી રીતે જીવત શ્રાદ્ધ કરીને જે મૃત્યુ પામે છે તેનો શૌચાશૌચ હોતો નથી કારણકે તે જીવન્મુકત છે. તેથી તેનું સૂતક હોતું નથી. દાહક્રિયા કરવા જાય

તેમને પણ માત્ર સ્નાન કરવું તેથી અધિક સુતક હોતુ નથી. તેમના વંશમાં કન્યા કે પુત્ર જે કોઈ વંશવૃદ્ધિ કરનાર હોય તે પણ પિતૃઓનો ઉદ્ધાર કરનાર અને મુકત થાય છે. જીવત શ્રાદ્ધથી નરકને પામેલા પિતૃઓ પણ મુકત થાય છે. જીવત શ્રાદ્ધ કરનારો માતા પિતાના ઋણમાંથી પણ મુકત થઈ જાય છે. અને કાળનો પામ્યા પછી તેના શરીરનું દહન થાય, જલમાં વિલીન થાય કે જમીનમાં દફનાવાય તે બધું દોષ રહિત માત્ર મોક્ષમાટે જ થાય છે. પોતાનાથી જ પોતાનું કાર્ય થયું તેથી ઋણ માત્ર લય પામે છે.

હવે ભૌતિક શ્રાદ્ધ કહે છે ગાય ઈત્યાદિ પશુઓને પોપટ ઈત્યાદિ પક્ષિઓને, કીટ પતંગ પ્રાણીઓને, માછલી ઈત્યાદિ જળચરોને તેનું તેનું ભોજન દેવું, ભિક્ષુક ઈત્યાદિ દેહિઓને અન્ન વસ્ત્ર પાત્ર ઈત્યાદિ આપવું. વૃક્ષ ઈત્યાદિને પાણી આપવું એમ પોતાના હાથે યથાશક્તિ જે આપે છે તેને સર્વથા દ્વાદશાહની પ્રતિક્ષા રહેતી નથી તે વિમાનમાં બેસીને, વૃષ પર સ્થિત થઈને શીઘ્ર જ પુણ્યલોકમાં જાય છે. અથવા ઉર્ધ્વગતિ કરનારા આતિવાહિક દેવો તેને પુણ્યલોકમાં લઈ જાય છે.

હે લક્ષ્મિ ! આવી રીતે જીવત્શ્રાદ્ધ કરવું જોઈએ તે ભુક્તિ અને મુક્તિ દેનારૂં છે. પોતાના જ હાથે ઉપાર્જીત કરી પોતાના જ હાથે અર્પણ કરવું, પોતાના જ હાથે બનાવવું, પોતાના જ હાથે ભક્ષણ કરવું, પોતાના જ હાથે અર્જીત કરવું અને પોતાના જ હાથે દાન કરવું આમ જે કરે છે તે આ લોકમાં અને પરલોકમાં પણ જય પામે છે. આ અધ્યાયના શ્રવણમાત્રથી પણ તેવું જ પુણ્યવાન થવાય છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ
સંતાનમાં જીવચ્છ્રાદ્ધવિધિનું નિરૂપણ કર્યું
એ નામે એકસોનો પાંસઠમો અધ્યાય ॥૧૬૫॥

द्वापरयुग सन्तान
अध्याय-१७०

શ્રીનારાયણીશ્રી બોલ્યા : હે કૃષ્ણકાંત ! જીવો પર અનુકંપા કરવા માટે સર્વ સમ્મત અને મોહનું છેદન કરનારા મુક્તિધર્મો આપ કહો.

શ્રીપુરૂષોતમ બોલ્યા : હે નારાયણીશ્રી ! તમે સર્વસખીજનો સાથે સાંભળો હું હિતકારી સિદ્ધિદેનારા અને મુક્તિદેનારા ધર્મોને કહું છું. સત્ ચિત્ અને આનંદ જેનું લક્ષણ છે એવું અક્ષર પરમ વ્યોમ (આકાશ) છે તે (જીવોનું) મુક્તિ સ્થાન છે હે લક્ષ્મિ ! તે પરમધામ મારૂ છે તે તમે જાણો છો. રાધાદિક ગોપીકાઓના વૃંદો વડે સેવાયેલા મારા શ્રીકૃષ્ણ રૂપે હું સદા ગોલોકમાં નિવાસ કરૂં છું. પ્રથમ પરમધામ બીજું અક્ષર પદ ત્રીજુ મારૂં ગોલોકધામ જીવોનું મુક્તિ સ્થાન છે. ચોથા વૈકુંઠમાં હું નારાયણ રૂપે લક્ષ્મી આદિ પાર્ષદોએ સેવિત થયો થકો પરમેશ્વર રૂપે નિવાસ કરૂં છું. હે પ્રિયે ! પાંચમાં અવ્યાકૃત નામના ધામમાં અને જીવોના મુક્તિ સ્થાનમાં હું વાસુદેવ સંકર્ષણાદિક સાથે સદા નિવાસ કરૂં છું. છઠ્ઠા અમૃત નામના ધામમાં મહારાજાધિરાજ અને ઈશ્વરોના ન્યાયકર્તા એવા ભૂમાપુરૂષ રૂપે હું નિવાસ કરૂં છું. સાતમાં શ્રીપુર નામના ધામમાં લલિતા પતિ રૂપે નિવાસ કરૂં છું. જે આ શ્રી કંભરાલક્ષ્મી ગોપાલકૃષ્ણની સાથે મારી ભાગ્યશાળી માતા રૂપે આ પૃથ્વી પર વર્તે છે તે મહાલક્ષ્મીએ પૂજાયેલા મહાવિષ્ણુ સ્વરૂપધારી હું ત્યાં છું. આઠમાં પ્રાકૃત નામના ધામમાં માયામય પુરૂષમાં પ્રકૃતિના પતિ પુરૂષાત્મક રૂપે હું નિવાસ કરૂં છું. તે મહાપુરૂષનું મુક્તિ સ્થાન છે. નવમું સદાશિવનું નિત્ય કૈલાશ નામક ધામ. દશમું વૈષ્ણવનામનું વિષ્ણુરૂપ વડે સેવિત ધામ. ઈશ્વરકોટીનું અગીયારમું વૈરાજ નામક ધામ. બારમું માત્સ્ય, તેરમું કૌર્મ, ચૌદમું વારાહ, પંદરમું કાપિલ, સોળમું હારેય, સતરમું વાસુદેવિય, અઢારમું પાર્થ,

ઓગણીસમું દત્તાત્રેય, વીસમું હંસાશ્રિત, એકવીસમું નારસિંહ, બાવીસમું આર્ષભ, ત્રેવિશમું વામન, ચોવિશમું પરશુરામાશ્રય, પચ્ચીસમું યાજ્ઞ, છવીસમું રામધામ, સત્યાવીશમું કુમારધામ, અઠ્યાવીશમું હાયગ્રીવ, ઓગણત્રીસમું નારદ, ત્રીસમું રાજરાજ, એકત્રીસમુ વ્યાસ, બત્રીસમું બૌદ્ધ, તેત્રીસમું મોહિનીશ્રિત, ચોત્રીસમું નાપુંસક તથા અક્ષરમાં આવા અસંખ્ય ધામો છે. અક્ષરની સીમાના પ્રદેશોમાં આ ધામો આવેલા છે. હે રમે ! મારા અનેક સ્વરૂપો અને અવતારો છે તેથી મારા અનંત ધામો છે. ભકતોની ભાવનાપૂર્તિ માટે મેં તે તે રીતના તે તે ધામો કર્યા છે. હે પ્રિયે ! માનવો દ્વારા આ મુક્તિ સ્થાનો ઉપાસનાના બળ વડે યથાભક્તિ યથાસ્થિતિ પ્રાપ્ત કરાય છે. વળી આ લોકમાં પણ ઘણાંક ધામો છે. જલાવર, વૈકુંઠ, બ્રહ્માનું સત્યલોક, નરનારાયણરૂપ મારૂં બદ્રીકાશ્રમ, જે તેનાથી પણ શુભ અને મુક્તિ પ્રદ અને લૌકિક મુક્તિ દેનારૂં છે. શ્વેતદ્વિપ નામક ધામ કે જે નિરન્ન મુકત વડે સેવાયેલું છે અને લક્ષ્મી આદિ વડે સેવાયેલો હું જયાં શેષ શૈયા પર બીરાજું છું. વળી ચાંદ્ર સ્થાન અને સૌર્ય સ્થાન છે જયાં હિરણ્યમય દિવ્યમૂર્તિ છે. તથા વહિનમાં (અગ્નિમા પણ સ્થિત છે) આવી જ રીતે કૌબેર, યામ્ય, મારૂત, ઐન્દ્ર, એશાન, કૈલાશ, વારૂણ ઈત્યાદિક સ્થાનો છે. મેરૂ પર્વત પર પણ મુક્તિ તુલ્ય શીખ આપનારા સ્થાનો છે. વળી પાતાળમાં પણ સુખ દેનારા સ્થાનકો છે. હે લક્ષ્મિ ! તે સ્થાનો ઐહિકમુક્તિ (લૌકિક મુક્તિ) ને યોગ્ય છે. વળી બ્રહ્માંડમાં પણ સ્થિત આવા બીજા સ્થાનો મુક્તિને તુલ્ય લાંબાકાળ સુધી સુખ દેનારા છે. ઈશ્વરોના તે તે ધામો પ્રલય સમયે પ્રાકૃત હોય નાશને યોગ્ય જ છે. પરંતુ મારી ઈચ્છાથી તે સ્થાનો ચિરમુક્તિ દેનારા થાય છે. (અર્થાત શાશ્વત મુક્તિ આપનારા થતા નથી) હે લક્ષ્મિ ! અતિ વિશાળ એવા અક્ષરધામ વિનાના સર્વે લોકો અને દિવ્ય સ્થાનો પ્રકાશિત થાય છે અને લય

પામે છે. પરંબ્રહ્મ એવો જેહું તે જયારે યોગવાન થાઉ છું ત્યારે રાધાયુકત રમાયુકત (ઈત્યાદિ મુકતો યુકત થાઉ છું) તે સમયે મારા માટે તે તમામ ધામો બ્રહ્મથકી અક્ષરધામમાં આર્વિભાવને પામે છે તેથી હે પદ્મજે ! તે સર્વે બ્રહ્માત્મક અને બ્રહ્મત છે. કયારેક તો પરમધામમાં સ્થિત અને સર્વનો સ્વામી એવો હું તે મારામાં અક્ષરધામાદિક સર્વલીન લીન્ન થઈ જાય છે. મારૂ સદા પરમધામ છે. જેનાથી વારંવાર મારી ઈચ્છા પ્રમાણે અક્ષરાદિક ધામો તથા અનંત કોટિ મુકતો આર્વિભાવ અને તીરોભાવને પામે છે. જેઓ મારા આશ્રિત છે કે મારા અવતારોના આશ્રિત છે, મારા ઈશ્વરોના આશ્રિત છે કે મારા મૂર્તિના આશ્રિત છે, મારા અંશોના આશ્રિત છે કે મારા વિભૂતિઓના આશ્રિત છે, મારા સાધુઓના આશ્રિત છે કે મારી શકિતઓના આશ્રિત છે. મારી ભકિત અને ધ્યાનમાં રત રહેનારા છે કે મારી સેવા પરાયણ છે, મારા સાધુઓની સેવામાં રહેલા છે કે મારી સાધ્વીઓની સેવામાં રહેલા છે, મારા પરાવતારને આશ્રયેલા છે કે મારા આવેશાવતારને આશ્રયેલા છે. મારા વંશના આશ્રિત છે કે મારી પત્નીઓના આશ્રિત છે. જેણે મારા માટે આત્મા અને સર્વસ્વ નિવેદિત કરી દીધુ છે તે આ સર્વે આશ્રીતો મારા માર્ગમાં જ સ્થિત છે, મારા માર્ગની જ ઉપાસના કરે છે, મારા માર્ગમાં જ પ્રવૃત્ત થયેલા છે અને મારા માર્ગે જ આગળ ચાલનારા છે. મારામાં સ્નેહવાળા તે મારા સાન્નિધ્યને પ્રાપ્ત થયેલા છે તેથી મારા દ્વારા મારા ધામને પમાડાયેલા તે મુક્તિને પ્રાપ્ત કરે છે (પરંતુ સાક્ષાત મારો આશ્રય ન હોય તો) ક્રમમાર્ગમાં આરૂઢ તેઓ ક્રમે કરીને પરમપદને પામે છે. માનવો ઋષિઓ, દેવો, પિતૃઓ, મુનિઓ, સન્તો, સિદ્ધો, સત્પુરૂષો, સતિઓ, સાધ્વિઓ, પતિવ્રતાઓ, આત્મનિવેદીઓ અથવા તો જે મારા યોગવાળા વૈષ્ણવો છે તેઓના આશ્રયને પામેલા જીવાત્મા સર્વે ક્રમશઃ મારા અંશોની ઉપાસના શકિત થી

ધીરે ધીરે મને પામશે. તે લોકો દ્વારા આ લોકમાં ક્રમવાન મુક્તિ ધર્મ પુષ્ટ થાય છે. જે વેદ સંહિતાઓના જાણકાર સાક્ષાત મારો આશ્રય કરે છે તેને ક્રમ વિનાજ મારા પરમધામની પ્રાપ્તિ થાય છે આમ ઘણા લોકો મારી ઉપાસના કરી મારા લોકને પામ્યા છે. મારા અવતારોના ઉપાસકો તો ક્રમપૂર્વક મારા પદને (ધામને) પ્રાપ્ત કરશે. હે લક્ષ્મિ ! આમ, મેં કૃપા વડે આ લોકમાં મુક્તિમાર્ગ પ્રવર્તાવ્યો છે. તેને અનુસરીને મારા આશ્રિતો ભવારણ્યને ઉલ્લંઘિ જશે. એકવાર અશ્વપટ સરોવરના તટે શ્રીમાનસ નામના મુનિ બ્રહ્મવૃક્ષ નીચે ભૂતળ પર બેઠા શ્રીહરિનો જપ કરતા હતા. તેવામાં તેમણે જ્ઞાનવિજ્ઞાનમાં પારંગત, સર્વતત્વોના અર્થમાં કુશળ, સુખદુઃખના વિવેકી, જાતિસ્મર, પુણ્યપયકોવિદ, આત્મનિવેદી, દેહવર્તિઓના કર્મોની ગતિને જાણનારા, સિદ્ધ, પ્રશાંત, જિતેન્દ્રીય, બ્રાહ્મી અને શ્રી વડે દેદિપ્યમાન, અંર્તધાન વિદ્યાને જાણનારા, અભાગવત ભકતોને અદ્રશ્ય એવા યોગી પુરૂષને ધીરે ધીરે આવતા જોયા. ચિદાનંદ નામના તે યોગીને શ્રીમાનસે ઉઠીને સામે જઈને પ્રણામ કર્યા અને સ્વાગત ઈત્યાદિ વડે સંતોષ પમાડયા. શુદ્ધ ભાવ, શ્રદ્ધા, ભક્તિ અને સેવા વડે સંતોષ પામેલા તે ચિદાનંદે યોગ્ય એવા શ્રીમાનસ મુનિને કહયું કે સાધો ! તમે સાંભળો, હું માત્ર કૃપાથી કહું છું આ સર્વજગત કૃષ્ણનું જ છે. કૃષ્ણે જ પ્રેરેલું છે અને કૃષ્ણ માટે જ પરિકલ્પિત છે. કૃષ્ણ માટે યોજાયેલું તે મુક્તિ અને દિવ્યતા આપે છે. કૃષ્ણને છોડીને બીજા માટે યોજાયેલું તે લૌકિક પ્રાપ્તિ કરાવનારુ થાય છે પરંતુ શાશ્વત મુક્તિ માટે થતું નથી. મનુષ્યો અનેક પ્રકારના કર્મો અને કેવળ પુણ્ય યોગોથી શુભ એવી દેવલોકાદિમાં સ્થિતિને પામે છે ત્યાં અત્યંત સુખ નથી કે શાશ્વતિ સ્થિતિ પણ નથી વળી તે સ્થાનથી ભ્રષ્ટ થઈને ફરી ફરી દુઃખોની પ્રાપ્તિ અને અશુભગતિઓને તે પ્રાપ્ત કરે છે. પૂર્વના સમયમાં પાપોથી ભરેલા તથા કામ, ક્રોધ, મોહ, તૃષ્ણા,

રાગ, ઈત્યાદિથી ભરેલા અનેક કષ્ટો આપણે ભોગવ્યા છે. જેમાં વારંવાર મરણ અને વારંવાર જનમ થયા છે. આપણે અનેક પ્રકારના આહારો આરોગ્યા છે. અસંખ્ય સ્તનો (ઘણી માતાઓના દૂધ) પીધા છે. વિવિધ પ્રકારના માતા અને પિતાઓને જોયા છે. નર તથા નારીઓના વિચિત્ર સુખો તથા રોદન ઈત્યાદિક અનેક પ્રકારના દુઃખોને પણ અનુભવ્યાં છે તેમાં અનેક પ્રકારે છાતીઓ કુટી છે. શિર તાડન અને આત્મઘાતો કર્યા છે. અનેક પ્રકારના પ્રિયજનોનો વિયોગ અને અપ્રિયજનોનો સહવાસ મેળવ્યો છે. દુઃખથી પ્રાપ્ત કરેલા ધનનો નાશ જોયો છે. રાજા અને સ્વજનોથી અપમાનો, શારીરીક અને માનસિક અતિ દારૂણ વેદનાઓ, ઉગ્ર તિરસ્કારો, બંધનો, વધ ઈત્યાદિ અનેક પ્રકારના કષ્ટો ભોગવ્યા છે. વળી પરવશતા અને રોગના અતિ કષ્ટોને ભોગવ્યા છે. વળી નરકમાં પડીને યમદૂતો દ્વારા અપાયેલી યાતનાઓ, અનેક પ્રકારના જન્મરોગો તથા દારૂણ એવા વૃદ્ધાવસ્થાના રોગો અને સુખ દુઃખથી ઉત્પન્ન થનાર ત્રાસ દાયક સમસ્ત વ્યસનોને આ લોકમાં તે અને મે વારંવાર અનુભવ્યાં છે. તેમાં તો અનાદિશ્રીકૃષ્ણનારાયણના યોગથી માનસિક જાળનો ત્યાગ કર્યો અને દેહથી પરમાત્મા શ્રી હરિને સદા સમર્પિત થઈ અશ્વપટ્ટ સરોવર નામના આ મોક્ષ દેનારા ક્ષેત્રમાં પરમ પાવન શ્રી હરિના ચરણોમાં દિવ્યમુકતની જેમ રહી સુખી છો. હું પણ વારંવાર આ બધો વિચાર કરી પરમ વૈરાગ્યને પામ્યો અને અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણનો ઉપાસક થયો. દુઃખથી આર્ત અને સાધુવૃતિ વાળા મેં લોકતંત્રનો ત્યાગ કર્યો અને સર્વ દુઃખોને અનુભવી આ માર્ગ અનુષ્ઠિત કર્યો. ત્યાર પછી પરમાત્માની કૃપાથી સિદ્ધિઓને પણ પામ્યો. હવે હું શ્રીકૃષ્ણનારાયણ પ્રભુના દર્શન કરી, નમસ્કાર કરી અને પૂજા કરી પરમપદને પામીશ. તીર્થ કરીને હું જઈશ અને પાછો આવીશ નહિ. તમને જોઈને મને અહીં દિવ્યસિદ્ધી પ્રાપ્ત થઈ છે. આ

સિદ્ધિ પ્રાપ્ત થતા પહેલા પ્રજાસર્ગથી આત્માની શુભગતિ મને પ્રાપ્ત નહોતી થઈ તેવી રીતે આ ઉતમ સિદ્ધી છે. સર્વ શુભકર્મોને મે પરમાત્મા નારાયણમાં છોડી દીધા છે તેથી હવે પછી કોઈ શુભકર્મ ભોગવવું મારે બાકી રહેતુ નથી. હવે પછી હું શ્રીહરિના પરબ્રહ્મપદ પરમ ધામમાં જઈશ તેમાં તને સંશય ના થાઓ. હું અહીં ફરી આવનાર નથી કારણકે સૃષ્ટિલોક દુઃખ દેનાર છે. દિવ્ય આત્મનિવેદી શ્રી હરિ અને ગુરૂના ભકત એવા તમને જોઈને હું પ્રસન્ન થયો છું. કહો હું તમારા માટે શું કરૂં ? આ શુભકાળ તમને ભક્તિ અર્પણ કરવાનો છે. આત્મનિવેદી ભકતોની સેવાથી સર્વપ્રાપ્તિ થાય છે. અને તેમની કૃપાથી મહામુક્તિ પમાય છે. તેમાં સંશય નથી. જેમ તમે પ્રસન્ન થાઓ તેવી સેવા દેખાડો. તમારી શ્રીહરિની ભક્તિ અને ઉપાસનાથી હું અત્યંત પ્રસન્ન છું. જે તમને વાંછિત હોય તે સર્વ પૂછો. હું તમારી ભક્તિને ઘણી માનુ છું. અને તમારી ખૂબ પૂજા કરૂં છું. જીલ્દી કહો હું તમને શું આપું ? જેથી હું કૃતકૃત્ય થાઉ આવી રીતે ચિદાનંદ વડે કહેવાયેલા તે શ્રીમાનસે પણ અનેક વસ્તુઓ વડે તેમની પૂજા કરી અને બહુધામતિવાળા તે દિવ્યજનને પુછયું-દેહ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? દેહનો ક્ષય કેવી રીતે થાય છે ? કેવી રીતે દેહી સંસાર થકી મુકાય છે ? માયા કેવી રીતે પમાય છે ? માયાનો લય કેવી રીતે થાય છે ? એક દેહને છોડીને જીવ બીજા દેહને કેવી રીતે પામે છે ? કેવી રીતે આત્મા પોતે અર્જિત કરેલા શુભ અને અશુભ ફળોને ભોગવે છે ? શુભ અને અશુભ કર્મોને ભોગવીને જીવ કેવી રીતે બ્રહ્મને પામે છે ? ભૌતિક દેહ વિનાના જીવના કર્મો કયાં પ્રતિષ્ઠિત થાય છે ? કર્મફળોના નાશ માટે કોનો આશ્રય અને ઉપાસના કરવી જોઈએ ? કેવી રીતે અને કોનાં પ્રતાપથી આ લોકમાં દિવ્યતા મળે છે ? કેવી રીતે નિત્યમુકત થવાય છે ? કેવી રીતે અક્ષરમાં વાસ પમાય છે ? અને કેવી રીતે પરબ્રહ્મનું સારૂપ્ય

પ્રાપ્ત થાય છે ? તેનું નિરૂપણ કરો. હે લક્ષ્મિ ! આમ શ્રી માનસે ચિદાનંદને પુછયું ત્યારે કૃપા વડે ચિદાનંદે પરમેશ્વર એવા મારૂં સ્મરણ કરીને યથાયોગ્ય સર્વે પ્રશ્નોનો વિચાર કરીને ઉત્તર કહયાં.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં મુક્તિધર્મમાં વિવિધ ધામોનો નિર્દેશ અને શ્રીમાનસ અને ચિદાનંદના પરસ્પર પ્રશ્નોનું નિરૂપણ એ નામક એકસો સિતેરમો અધ્યાય ॥૧૭૦॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૩

શ્રીનારાયણ બોલ્યા, શ્રીહરિના વામ (ડાબા) ભાગમાં સ્થિત અક્ષર વામા (સ્ત્રી) રૂપે સેવા કરવાની ઈચ્છાને સફળ કરવા ઈચ્છતા હતા. નારાયણે જ પોતાના વામ (ડાબા) અંગમાથી પોતાની શક્તિમય, શુભ, સર્વમાંગલ્યયનો આશ્રય, સૌભાગ્યનો આશ્રય, પ્રેમાશ્રય, સ્નેહાશ્રય, દ્રવાશ્રય, રૂપાનુરૂપ, પોતાનું જ આધાન, પોતાનું જ ક્ષેત્ર, પોતાનો જ આશ્રય, પોતાના ગુણ, ઐશ્વર્ય, સામર્થ્ય, રજ, બળ અને ગૃહનુ આશ્રય, મૂર્ત રતિનામક ગુણનું આશ્રય, એવું લક્ષ્મીનામક રૂપ ધારણ કર્યુ. કૃપાનિધિ એવા પરમબ્રહ્મે લક્ષ્મી વડે અમોઘ રતિની સફળતાને ઈચ્છતા, અમોઘ વીર્યવાન એવું વાસુદેવ નામનું રૂપ ધારણ કર્યુ. એ જ આ નારાયણ વાસુદેવ શ્રીહરિ કહેવાયા અને તે લક્ષ્મી અને નારાયણ એમ બે રૂપે થયા. લક્ષ્મીએ બ્રહ્મલોકમાં સર્વે મુકતોને પુરૂષ રૂપે અને પોતાને એક ને જ પોતાની સમાન આકાર વાળા જોયા પણ બીજુ સ્ત્રી સ્વરૂપ ત્યાં કોઈનું જોયુ નહી ત્યારે પતિ શ્રીહરિ વાસુદેવને પ્રેમ પૂર્વક પ્રાર્થના કરી કે હે પ્રભો ! પતિપત્નીમાં આપ યોગ્ય સ્થાનનું નિર્માણ કરો. લક્ષ્મીનો ભાવ જાણીને પ્રિયાની શુભ ઈચ્છાથી ભગવાન શ્રીહરિએ બ્રહ્મલોકમાં વૈકુંઠ નામનું દિવ્ય ધામ

બનાવ્યું. તેમાં સેવા માટે દાસ દાસીઓ, દિવ્ય ભોગો, દિવ્ય ઉપકરણો, પૂર્ણ મનોરથવાળી, સર્વ સાધન સંપન્ન તથા સર્વ સમૃદ્ધિ અને સુખથી સંપન્ન ઈશ્વરી સૃષ્ટિ શ્રીહરિએ કરી તેમાં નિવાસ કર્યો. તે ધામની પૂર્ણતાએ પોતાને માન્ય કર્યુ. (અને લક્ષ્મીને કહયું કે) આ હું, આ તમે અને આ આપણો વૈકુંઠ નામનો લોક છે. આ પતિ પત્નીઓમય નવા મહાયોગને જોઈ ત્રણ ગુણોવાળી, નિત્યા, શ્રીહરિની શક્તિરૂપા, તમામ તત્વોને ઉપજાવનારી, અનાદિનિધના એવી માયાએ શ્રીહરિને પતિના રૂપમાં પામવાની ઈચ્છા કરી. જયાંથી તત્ત્વાત્મિકા સૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને જયાં પુનઃ લીન થાય છે તેવી માયાએ લક્ષ્મીના જેવું રૂપ ધારણ કરવાની ઈચ્છા કરી અને તેના માટે શ્રીહરિને પ્રાર્થના કરી પછી શ્રીહરિએ આજ્ઞા કરાયેલી તે માયાએ નવીન, મોહ પમાડનાર, સુભગ, અસંખ્ય રતિ પાત્ર એવું રાધા નામનું રૂપ ધારણ કર્યું. અને શ્રીહરિની ઈચ્છાથી અભિન્ન પત્ની રૂપે સ્થિત થયા. શ્રીહરિ પણ તેના માટે સર્વ કામનો આશ્રય, સર્વરસ વરસાવનાર, અમોધ અને અમેય (જેનું માપ જ ન કાઢી શકાય તેવા) વીર્ય, શ્રી, સૌંદર્ય, બળ અને કાંતિમાન, રાધાને રમણ કરવા યોગ્ય, યુવાન મૂર્તિધારી, પરમપુરૂષ શ્રીકૃષ્ણરૂપ થયા. રાધાએ તે સુભગ, પોતાને યોગ્ય એવા શ્રેષ્ઠ પતિને જોઈ તે ધામમાં દિવ્ય અને સ્વતંત્ર એવા આવાસની પ્રાર્થના કરી કે મારા વિહાર માટે, મારા ઉદ્યાન રૂપ, મારી રતીક્રિડા માટે, મહાન આશ્રય રૂપ, મારી વિભૂતિઓની પરાકાષ્ટા રૂપ અને મારી તમામ સામગ્રીઓથી યુકત, સર્વ પરલોક વાળુ, સચ્ચિદાનંદ રૂપ ધામ થાઓ. વળી ત્યાં શ્રીકૃષ્ણ માટે તો સર્વ સંભવો. આમ રાધિકાની અભિલાષાથી તે અક્ષરમાં કોટિ સમૃદ્ધિઓ અને દાસ દાસીઓથી યુકત એવું ગોલોક નામનું શ્રેષ્ઠ ધામ થયું. જે સીમાઓ વડે બ્રહ્મલોકમાંજ છે તેમ દેખાય છે. આમ શ્રીહરિની આજ્ઞાવડે અતિ સુંદર એવું ગોલોક ધામ રાધાકૃષ્ણએ બનાવ્યું. શાશ્વત એવા બ્રહ્મલોકમાં તે ગોલોક ધામ સમાહિત છે.

ત્યાં કૃષ્ણ રૂપ ધારી પરમેશ્વર રાધાએ કરેલી સેવાને સ્વીકારે છે. શ્રીહરિના બ્રહ્મલોક, ગોલોક, અને વૈકુંઠમાં દિવ્ય ભોગોના સંચયો સમાન છે અને સદા ભકતને આનંદ કરનારા છે. યથાલિંગ, યથારૂપ, યથાયોગ, યથાયોગ્ય, યથાજોશ અને યથાપેક્ષ તે ભોગો હરિમાંથી પ્રગટ થાય છે. તે લોકોમાં નિત્ય શ્રીહરિના યોગથી દિવ્ય રતિસુખ, દિવ્યપ્રેમ અને દિવ્ય આનંદ થાય છે. નાથ સ્વરૂપે પોતાની ક્રિયાઓમાં વૈકુંઠમાં જેમ સદા ભગવાન વિહરે છે. તેવી જ રીતે પતિરૂપે પ્રેયસીઓ સાથે ગોલોકમાં આનંદ કરે છે. વળી સૌથી પર અક્ષર નામક ધામમાં મુકતોમાં ભગવાન રમણ કરે છે. આમ મુકતોને, ભકતોને, સખાઓને અને દાસીઓને સ્વયં શ્રીહરિ આનંદિત કરે છે. એક રૂપે કે યુગલ રૂપે જેવી મારી ઉપાસના ભકતજન કરે તેવી જ રીતે તે સ્વામી અને સુખ દેનાર પતિના રૂપમાં મને પામે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં કૃતયુગ સન્તાનમાં લક્ષ્મી અને રાધા માટે વૈકુંઠ અને ગોલોક ધામનું નિર્માણ કર્યું તે નિરૂપણ નામક ત્રીજો અધ્યાય ॥૩॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૩૬

શ્રીનારાયણ બોલ્યા : હે કમલે ! તમે લોકવ્યવહારની ઘટનાને સાંભળો. હું તે તત્વતઃ કહું છું જેને સાંભળીને આશ્ચર્ય જ થાય છે. કર્મલોકમાં વ્યવહાર પરસ્પર સહાય વડે આદાન- પ્રતિદાનથી (લેવડ-દેવડથી) જ ઉત્પન્ન થનારો અને બન્ધનાત્મક છે. ધનવાન હોય તે સદા દરિદ્રને, નિર્ધનને અને અશકતને દેહયાત્રાની પ્રવૃત્તિ માટે (જીવન જીવવા માટે) સહાય કે દ્રવ્ય આપે છે તેનાથી કઠિન સમય સુખપૂર્વક નીકળી જાય છે પછી જયારે પોતાને સારા યોગ થાય અને સમય પણ લાભ દેનારો થાય ત્યારે તે ધનવાનનું દ્રવ્ય

અશેષપણે (થોડું પણ બાકી ન રહે તે રીતે) પાછું આપવું જોઈએ. ગ્રહીતા (ધન કે દ્રવ્ય લેનારો) જો પાછું ન આપે અને એમને એમ ઋણી થકો જ જો મૃત્યુ પામે તો તે આવતાં જન્મોમાં જો મનુષ્ય થાય તો ઋણ ચુકવવા માટે તે પહેલા પિતા થાય છે. તે સમયમાં પૂર્વે જે દાતાર (ઋણ જેની પાસેથી લીધું હોય) તે અકર્મઠ પુત્રો થાય છે. તે પત્નીના ગર્ભમાં સ્થિત થાય ત્યારથી બહુ ખર્ચ કરાવે છે. પત્નીને રોગિણી કરે છે તેથી બહુ દ્રવ્યનો નાશ થાય છે. તેના જન્મ વખતે પણ સરળતા હોતી નથી તેથી ત્યારે પણ ધનનાશ થાય છે. જન્મ પછી સુસ્વાથ્ય હોતું નથી તેથી તેમાં બહુ ખર્ચ થાય છે. બાલ્યકાળમાં પણ સર્વથા દુષ્ટ એવા પુત્રો ઘણો ખર્ચો કરાવે છે. ભોજન-આચ્છાદન-પાન-વિલેપન- મહોત્સવ-ઈત્યાદિ વડે (મોજ શોખમાં) તે પુત્રો પિતાના બહુ દ્રવ્યનો નાશ કરે છે. આમ રોગમાં, વ્રતમાં, વ્યસનમાં, વિદ્યાધ્યયનમાં, વિવાહમાં ખર્ચાથી ખર્ચા થયા કરે છે. જયાં સુધી ઉપાર્જન (કમાવા સક્ષમ) કરી શકે તેવા થાય ત્યાં સુધી નર્યો ખર્ચો કરાવે છે અને જયાં હવે પુત્ર કમાશે એવો સમય પિતાને દેખાય ત્યાં પાળી પોષીને યુવાન કરાએલો પુત્ર આકસ્મિક રીતે મૃત્યુ પામે છે અને આમ પૂર્વજન્મમાં જે દીધું હોય તે બધું લઈને (ભોગવીને, પોતાના નિમિત્તે ખર્ચા કરાવીને) જાય છે. અથવા દીર્ઘજીવી થાય તો મંદમતિ કે ગાંડા જેવો થાય તેથી સર્વથા તેના માટે દ્રવ્યનો વ્યય થાય તેમાં સંશય નથી. આવી રીતે પૂર્વજન્મના દાતારો આ જન્મે પુત્રો થાય છે અને દીધેલું દ્રવ્ય સમાપ્ત કરીને કર્માનુસારે જતાં રહે છે તેથી પૂર્વસમયના દાતારોને પોતાની ઘરે પુત્રો થયેલા જાણવાં. (આવી જ રીતે ઘણીક વખત ઊંધુ હોય છે. દાતા પિતા થાય છે અને લેનાર પુત્રો થાય છે તેથી આ જન્મમાં પુત્રો પિતા પાછળ ખર્ચ પછી ખર્ચ કર્યા જ કરે છે.) વળી જે ગ્રહિતા (ઋણ લેનારા અને પાછુ ન આપનારા) તે દાતારના ઘરે પશુઓ પણ

થાય છે. બળદો, ઘોડાઓ, ગધેડાઓ, ઉંટો વિગેરે થઈને ભાર ઈત્યાદિનું વહન કરી તે દ્વારા સ્વામીનો દ્રવ્ય અપાવીને પછી (ઋણ ચુકવાઈ જતાં) અન્ય શરીરને પામે છે અને ઋણમુકત થાય છે. જેને કોઈનું કંઈ પણ ઋણ બાકી રહેતું નથી તે કયારેય પુત્રવાન થાતો નથી તેથી પુત્રોને (ગ્રહીતા જો પુત્રરૂપે આવ્યા હોય તો) સદા દ્રવ્યના નાશ માટે જ આવેલાં જાણવાં પરંતુ યોગ્ય સમયે ઉત્પન્ન થયેલા સત્પુત્રો લાભદાયક જાણવા. કર્માનુબંધથી ચાલનારા આ સંસારમાં જેને જેનું ઋણ હોય તેને તે ચુકવીને ચિરકાળ માટે તેનાથી દૂર થઈ જાય છે. કોઈ કોઈનો પુત્ર નથી કે કોઈ કોઈનો પિતા નથી. હકીકતમાં ઋણના આદાન-પ્રદાન માટે જ (ઈશ્વરની) પિતા પુત્રાદિક યોજનાઓ છે. પોતાના પિતાની સેવા છોડીને પુત્રો જો અવળા માર્ગે જાય છે તો પિતાના નિઃશ્વાસ (નિશાસાઓ) થી સંદગ્ધ થયેલા તેઓ અધમમાં અધમ ગતિને પામે છે. માતા અને પિતાનું વૃદ્ધત્વ પુત્રે પાળવુ જોઈએ. જો પુત્ર ઘરમાંથી માતા પિતાને કાઢી મુકે તો તે તત્ક્ષણ તમામ પુણ્યોને નાશ કરનારો થાય છે. (અર્થાત્ આ લોકમાં ગમે તે કર્મ સંબંધથી મનુષ્ય જન્મ્યો હોય પરંતુ જન્મ પછી તો ઈશ્વરે નિર્ધારીત કરેલા નીતિ નિયમોમાં રહીને સર્વેને સ્વધર્મમય જીવન જ વ્યતીત કરવું જોઈએ. જ્ઞાનોપદેશનો અવળો અર્થ કરી કોઈ માં નથી કોઈ પિતા નથી કોઈ પુત્ર નથી એટલે મારે શું ? ઈત્યાદિ રીતે ધર્મભ્રષ્ટ થવું જોઈએ નહી (નહિતર તેને તે તે કર્મો અવશ્ય ભોગવવા પડે છે) ગુરૂને માતાને અને પિતાને જે હુંકારાથી (અહંકાર ભરેલા અવાજે) કે તુંકારાથી બોલાવે છે તે શમશાનમાં કાગડાઓ અને ગીધડાઓથી સેવિત થનારા વૃક્ષનો જન્મ પામે છે. વૃદ્ધાવસ્થામાં માતા અને પિતાને જે (તેમને રૂચે એવું અથવા તેમની તબિયતને અનુકુળ) અન્ન દેતો નથી દેવતાઓ તેનાથી રૂષ્ટ થઈને તેના અન્નાદિકનો નાશ કરનારા થાય છે. વૃદ્ધાવસ્થામાં માતાપિતાને

નિવાસ સ્થાન (ઘર) અને આજીવિકા (પોતાની મરજી મુજબ યોગ્ય જગ્યાએ ખર્ચ કરવા માટેના પૈસા કે ધન) જે આપતો નથી તેનો વાસ (ઘર) અને આજીવિકા (નોકરી-ધંધો) દેવતાઓ હરણ કરી લે છે. જે માતાપિતાનો તિરસ્કાર કરે છે મારે છે કે અપમાન કરે છે તેને કુપુત્ર કહેવાય છે. પરલોકમાં (આ શરીર છોડીને જયાં તે કર્માનુસારે જાય ત્યાં) તેવા જ દુઃખોને પામે છે. કયારેય કુપુત્ર થવું નહી. સદા સુપુત્ર થવું જોઈએ. સુપુત્ર માટે સ્વર્ગ, સંપત્તિ અને મોક્ષપણ હસ્તગત જ છે. જેઓએ પૂર્વજન્મોમાં સારા દેવતાઓનું આરાધન કર્યુ હોય અથવા બીજા પુણ્યો કર્યા હોય તેઓને ધાર્મિક, પવિત્ર, સેવક, માનદાતા, આજ્ઞાપાલક, સદા અનુસરણ કરનાર, ગુરૂ તથા માતાપિતા માટે સુખ દુઃખાદિકનો સહન કરનાર અને પોષણ કરનાર પુત્ર પ્રાપ્ત થાય છે. સત્પુત્રની ઉત્પતિ માટે સદા શુભ યોગોની અપેક્ષા રહે છે. ગર્ભધારણના યોગોમાં જે સારા યોગો છે તે સુપુત્ર દેનારા મનાયાં છે. ઋતુદાન (વીર્ય-દાન) ના સમયમાં પિતાના મનમાં જેવા વિચારો હોય, કામ, ક્રોધ,લોભ, તિરસ્કાર, ચોરી, મોહ, દંભ, મલિનતા, શઠતા, કુટિલતા, રાજસપણુ, તામસપણુ, દ્યૂત-મદ્યપાન, (જુગાર રમવો, દારૂપીવો) વ્યસન કે બીજુ જે અનિષ્ટકારક વર્તતુ હોય તો તન્મય બિન્દુથી (વીર્યથી) પુત્ર પણ તેવો જ થાય છે. દાન, ધર્મ, દયા, પ્રેમ, કોમલાન્તરતા, શૂરવીરતા, વિદ્યા કે સાત્વિકતા ઈત્યાદિ જો મનમાં વર્તતા હોય તો તન્મય બિંદુથી (વીર્યથી) તેવાજ ગુણવાળો પુત્ર થાય છે. (અર્થાત પુત્ર પ્રાપ્તિ માટે જયારે પિતા વીર્યદાન કરતો હોય ત્યારે ખુબ સાવચેતી રાખી, માનસીકતા પર કાબુ રાખી અને જેવા પુત્રની કામના હોય તેવા વિચારવાન થવું જોઈએ) ઋતુદાનના સમયમાં કુતરા કે ગર્દભ (ગધેડા) આદિકના અશુભ શબ્દો અથવા કલેશ કે કલહના શબ્દો સંભળાતા હોય તો તન્મય થયેલું વીર્ય ગર્ભમાં જાય છે અને તેનાથી ઉત્પન્ન થનારા પુત્ર પુત્રીઓ પણ કુતરા ગધેડાના ગુણોવાળા થાય છે. વળી નીચ

જાતીની સાથે રહેવાથી, તેઓના જેવું વર્તન કરવાથી વીર્યદાન થતાં તેના જેવા જ બાળકો ઉત્પન્ન થાય છે. ઘરમાં ભીંત ઈત્યાદિ પર સર્વત્ર જેવા ચિત્રો કે મૂર્તિઓ હોય તેવી આકૃતિવાળા પુત્રો થાય છે. કાળાવર્ણવાળા, તામસ યુદ્ધનો આરંભ કરનારા, ચોરો, કામીઓ, ઠગો, મજાક મશ્કરી કરનારા, દરિદ્રો, ધનાઢયો, વિજય પ્રાપ્ત કરનારાઓ, પલાયિત થયેલાઓ, રાક્ષસો, ભૂતો, પ્રેતો, ભાંડો, નર્તકો, નટો-નટીઓ (અભિનેતાઓ-અભિનેત્રીઓ) અથવા જેવી જેવી આકૃતિઓ (ચિત્ર-કે મૂર્તિમાં) ઘરમાં હોય વીર્યદાનના સમયે તેનું દર્શન થતાં કે સ્મરણ થતાં, તેવી તેવી રીતના ગુણો ઉત્પન્ન થનાર સંતાનમાં આવે છે તેથી વીર્યદાનના સમયમાં પણ બુદ્ધિમાન મનુષ્યે સુકૃતનું ચિંતન કરવું જોઈએ. વીર્યદાનના સમયે સંતોને, ધર્મયુકત ભકતને, યશને દેનાર સુકૃતને, શ્વેત, પુણ્યયુકત, શાંત અને સદ્‌ગુણી માનવને, ગુરૂને, પતિને, પિતાને, માતાને, દેવને, વિદ્વાનને, સત્‌ક્રિયા કરનારને, શૂરવીરને, સારી રેખાઓવાળા ભાગ્યશાળીને, ગૌરને, જે પોતાના સત્કાર્યોથી પ્રખ્યાત હોય તેવાને, શીલવાન તપસ્વિને, લોકનું હિત કરનારને, દેવપૂજન કરનારને, આસ્તિકને, ઉદ્યમીને, નીતિજાણનારને, સૌમ્ય હોય તેવાને દેવ સમાન ગુણોવાળાને, પરોપકારશીલને, સારા ભાગ્યવાનને, દાનવીરને, સર્વ સદ્‌ગુણ સંપન્નને, પવિત્રને (પતિ અને પત્નીએ ચિંતવવા જોઈએ) સંત સાધ્વી ભગવાન કે ભગવતી (દેવી) જેવાને જો વીર્યદાન સમયે પતિ-પત્નિ સંભારે છે તો તેવી રીતના પુત્રને પામે છે. ઋતુદાનના સમયમાં દંપતિનો જેવો ભાવ હોય તેવી રીતના ભાવવાળી સન્તાન થાય છે. આ સૃષ્ટિમાં બહુધા (મોટા ભાગે) સ્વભાવો પરસ્પર મિશ્રણથી (એકબીજામાંથી યોગ્ય અયોગ્ય બધુ શીખવાથી) સંકટભાવને પામી ગયા છે.શુધ્ધ રહયાં નથી છતાં પણ જેવું બુદ્ધિ બળ હોય તેવું સુખદેનાર ચિંતવન કરવું જોઈએ. તેનાથી તેનું સન્તાન સદા સુખ દેનારૂં અને માન દેનારૂં થાય છે. આર્તવ (રજસ્વલાપણું) ના સર્વ ગુણો સન્તાનમાં

જરૂર આવે છે. ઋતુ (રજસ્વલાપણું) ના આરંભથી ગર્ભ કમળ સંમુખ વિકસિત થાય છે. સોળ દિવસ પછી તે ગર્ભને ગ્રહણ કરતું જ નથી. મધ્યરાત્રિને ધ્યાનમાં રાખીને આગામી મધ્યરાત્રિ સુધીમાં જયારથી રજોદર્શન થાય તે દિવસથી ગણના કરવી જોઈએ. સોળ દિવસમાં રજોદર્શનથી આગળના ચાર દિવસ છોડીને બાકીના બાર દિવસ ગર્ભાધાન માટે યોગ્ય છે એમ સમજીને રજોયુકત જે ચાર રાત તે તો છોડી જ દેવી જોઈએ. તેનાથી આગળની પાંચમી કન્યા દેનારી છે. છઠ્ઠી રાત પુત્ર દેનારી છે આમ એકી સંખ્યાની રાત્રીઓ પુત્રી દેનારી અને બેકી સંખ્યાની રાત્રીઓ પુત્ર દેનારી છે એમ ગણના કરીને જેવો ઈષ્ટ હોય તેવો ફળપ્રદ યોગ (જે સન્તાનની ઈચ્છા હોય તે પ્રમાણેની રાત્રિએ તે ફળને આપનારો યોગ) કરવો જોઈએ. પરંતુ રજોદર્શનથી યુકત આગળની જે ચાર રાત્રિઓ છે તે ગર્ભાધાનમાં નિંદીત મનાએલી છે તેમાં કોઈ પણ સંજોગમાં યોગ (સંભોગ) ન કરવો કારણકે તે ગર્ભનાશક છે તેથી ધૈર્યપરાયણ થઈને શુદ્ધિ થયા પછી જ ગર્ભાધાન કરવું. દોષિત ચંદ્રમા, મઘા તથા મૂળ નક્ષત્રને છોડીને વિશેષ કરીને પુરૂષસંજ્ઞક નક્ષત્રોમાં પવિત્ર પત્નીને વીર્યદાન કરવું જોઈએ. પતિ અને પત્ની બન્નેએ શુદ્ધ થઈ (સ્નાન કરી) પછી જ શય્યામાં વિહાર માટે આવવું જોઈએ. (રાત્રી દરમિયાન ગમે ત્યારે સન્તાન પ્રાપ્તિ માટે દંપતિ સંભોગ કરે તો તે પહેલા સ્નાન અવશ્ય કરે) જો આમ ન કરે અને મલિનતાએ યુકત થકા જ ગર્ભાધાન કરે તો તેમની સન્તાન મલિન અને પાપી થાય છે. વળી નારીએ મૈથુનકર્મમાં શ્રૃંગાર-હાસ્ય ઈત્યાદિ કાર્યો કરવા તેથી સુખી, સૌમ્યદેખાવનું, હાસ્યવાળુ, દિવ્ય રૂપવાળું અને મનને અતિપ્રિય લાગનારૂ સંતાન થાય છે. દુધપાક તથા સફેદ રંગનું મિષ્ઠાન જમીને ગર્ભાધાન કરવુ જોઈએ તેથી ઉજ્જવળ (સફેદ) રૂપાળું અને સુદ્દઢ સંતાન ઉત્પન્ન થાય છે. (આમ તો જો દેવસમાન રૂપવાન સંતાનની ઈચ્છા હોય તો રજો દર્શનના પ્રથમ દિવસથી જ દુધ

- ભાત જમવા, સફેદ રંગના ધાન્યનો અને તેમાં પણ વિશેષ કરીને ભાતનો જ આહાર કરવો બીજા બધા મરી મસાલા તથા ધાન્યનો સોળ દિવસ સુધી ત્યાગ કરવો.) શાક ખાઈને જો ગર્ભાધાન કરવામાં આવે તો તે બાળક કૃષ્ણવર્ણ (કાળા રંગનું) થાય છે તેથી તે દિવસે શાક ખાવુ નહીં (આમ તો જો સારા સંતાનની ઈચ્છા હોય તો રજોદર્શનના દિવસથી જ શાક ખાવાનું છોડી દેવું) શ્વેત વર્ણના ભોજયથી (ભોજન કરવા યોગ્ય પદાર્થોથી) વીર્ય ઉજ્જવળ થાય છે તેથી પતિ અને પત્ની બંનેએ ઉજ્જવળ એવા દુધ-ભાત ઈત્યાદિનું ભક્ષણ કરવું ત્યાર પછી શુભ કાળમાં શુભ યોગમાં અને શુભ મુહુર્તમાં સત્સંતાનની પ્રાપ્તિ માટે સર્વશુભાવહ ઋતુપ્રસંગ (મૈથુન) કરવો પણ આ બધું ધ્યાનમાં રાખ્યા વિના ગર્ભાધાન ન કરવું. સારા સમયનો (સત્સંતાનની પ્રાપ્તિ માટે ગર્ભાધાનમાં જે યોગ્ય દિવસો, યોગો, મુહૂર્તો છે તેનો) અનાદર કરીને માત્ર કામના વેગથી જે જનો અકાળમાં ગર્ભાધાન કરનારા છે તેમના બાળકો દુર્ભાગ્યવાળા, અલ્પશક્તિવાળા, અલ્પસાત્વિકતાવાળા, અલ્પપુણ્યો કરવાવાળા, બુદ્ધિહીન, દુઃખ પૂર્ણ વર્તન કરનારા અને દુઃખ દેનારા જ થાય છે. તેથી શુભ સંતાનના લાભ માટે પત્ની અને પતિ બન્નેએ ધર્મમાં જ વર્તવું જોઈએ. કયારેય અધર્માચરણ કરવું જોઈએ નહીં તેનાથી એક ભાવથી રહેનારા તમને બન્નેને (પત્નીવ્રત અને પતિવ્રતાને) પરમ સુખ થશે, તમે બંનેલોકમાં (આલોક પરલોકમાં) વિજેતા થાઓ, તમારૂ કલ્યાણ થાઓ, તમો સદા સાર્થક અને એકબીજાના વિયોગ રહિત થાઓ. દેહ સમ્પત્તિ માટે પ્રશ્ન કરનારા એવા તમો દામ્પત્ય સુખને ભોગવનારા, નિત્ય આનંદશાળી અને ભાગ્યશાળી થાઓ. રજસ્વલા નામનો જે દોષ છે તે અશુદ્ધિ દેનારો જ છે તેથી રજસ્વલા સ્ત્રીએ ચાર દિવસ સુધી દૂર જ રહેવું જોઈએ. રજસ્વલા ધર્મમાં સ્થિત નારીએ કોઈનો સ્પર્શ ના કરવો જોઈએ. ઘરની વસ્તુઓ ઈત્યાદિક પણ રજસ્વલાના

સ્પર્શથી અશુદ્ધ થાય છે. અજ્ઞાનથી કે કોઈ વિશેષ કારણથી સ્પર્શનો દોષ ઉદ્ભવે તો તેની નિવૃત્તિ વર્ષે એકવાર આવતા ઋષિપંચમીના વ્રતથી થાય છે. ભાદરવા સુદ પાંચમને ઋષિપંચમી કહેવાય છે. તેમાં નારીએ ઉપવાસ કરવો અને દેવપૂજા કરવી તે વ્રતમાં જે અશકત હોય તેમણે ફળાહાર કરવો તેવું કરવાથી પણ વ્રતનો ભંગ થતો નથી. (અર્થાત્ ફળાહાર કરીને પણ તે વ્રત અવશ્ય કરવું જેથી જાણે અજાણે રજોદર્શનના સમયે થયેલા તમામ દોષોની નિવૃતિ થાય છે.)

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં ઋણાનુબન્ધથી સંતાન, ગર્ભાધાનનો અનુરૂપ સંતાન અને રજસ્વલાના દોષનો પરિહાર કરનાર વ્રતનું નિરૂપણ એ નામે છત્રીસમો અધ્યાય ॥૩૬॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૧૪૮

શ્રીલક્ષ્મી બોલ્યા : પયોવ્રત અને અવૈધવ્યવ્રત કેવી રીતનું હોય છે અને કેવી રીતે કરવાનું હોય છે ? જેનાથી પુત્રની પ્રાપ્તિ થાય અને સદા પતિનો યોગ રહે છે.

શ્રીનારાયણ બોલ્યા : સૌથી પ્રથમ આ વ્રત બ્રહ્માએ મહાત્મા કશ્યપને કહયું હતું પછી કશ્યપે તેની પત્ની દિતિને કહયું હતું અને તેથી (આ વ્રતના પ્રભાવથી) દિતિ હિરણ્યાક્ષાદિ પુત્રવતી થઈ હતી. તે ભગવાન કેશવનો સંતોષ પમાડનારૂ વ્રત બાર દિવસનું કરવું જોઈએ. ફાગણ સુદ પડવાથી આરંભીને ફાગણ સુદ તેરસ સુધીનું આ વ્રત કહેવાયેલું છે. (આ વ્રતમાં) બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ, પૃથ્વી પર સુવુ જોઈએ. સત્ય બોલવું જોઈએ. ઉંચા અને નીચા (તમામ પ્રકારના) રાજસ ભોગોનો ત્યાગ કરવો જોઈએ. દ્રોહ અને હિંસાનો પણ ત્યાગ કરવો જોઈએ. નિત્ય

શ્રીહરિનું ષોડશોપચારે કરીને, નૃત્ય વાદન અને ગીતોએ કરીને, સ્તુતિઓ કરીને અને સ્વસ્તિવાચનો કરીને પૂજન કરવું જોઈએ તથા જે શક્તિમાન હોય તેમણે નિત્ય પાંચ બ્રાહમણને જમાડવા જોઈએ. વ્રતના આરંભમાં મહાવદ અમાસના દિવસે મધ્યાહ્ન સમયે (બપોરે) જ ઘરને ગાયના છાણ અને માટી વડે લીપીને શુદ્ધ કરવું જોઈએ અને સ્વયં વસ્ત્રાદિક ધોઈને નારી શુદ્ધિનું સમાચરણ કરે વળી સાયંકાળે શરીરે શુદ્ધ માટીનો લેપ કરીને વ્રત કરનારી સ્ત્રી સ્નાન કરે. સારા ખેતર અથવા નદી તળાવથી માટી લાવવી જોઈએ.માટી લેતી વખતે સ્ત્રી પોતાની ભાષામાં આ મન્ત્ર બોલે હે દેવિ ! શ્રીવરાહભગવાન દ્વારા પૃથ્વીરૂપા એવા તમે સમુદ્ધૃત થયા છો હું તમને નમસ્કાર કરૂ છું અને માટી લઉ છું, મારા પાપોનો વિનાશ કરો આમ બોલી માટી લઈ ઘરે આવી સ્નાન કરી રાત્રીના પ્રારંભમાં નારાયણ અને વિષ્ણુ એવા શ્રીહરીની ષોડશોપચારે કરીને પૂજા કરીને સંકલ્પ કરે કે કાલથી હું પુત્ર પ્રાપ્તિ માટે પયોવ્રત કરીશ તમારી કૃપાથી મારૂ તે વ્રત પૂર્ણ થાઓ. બાર દિવસના તે વ્રતમાં બ્રહમચર્યાદિક યમોનું પાલન કરીશ. શ્રેષ્ઠ બ્રાહ્મણોને (બે કે તેથી વધારે) ભોજન કરાવીશ અને બાર દિવસ તમારી ષોડશોપચારથી પૂજા કરીશ પછી નિત્ય પ્રત્યે (બાર દિવસ) અર્ચાવતાર રૂપ મૂર્તિમાં, સૂર્યમાં, જળમાં, અગ્નિમાં, યજ્ઞસ્થળમાં, ગુરૂમાં, અને પતિમાં ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરે અને પોતાની ભાષામાં શુભ અર્થોવાળી ભગવાનની સ્તુતિ કરે કે હે ભગવાન ! તમને નમસ્કાર હો, હે પરમપુરૂષ ! તમને નમસ્કાર હો, સર્વની અંદર વાસ કરનાર વાસુદેવ અને સાક્ષી એવા તમને નમસ્કાર. અવ્યકત સૂક્ષ્મ અને વ્યકત પુરૂષ એવા તમને નમસ્કાર. ચોવીસતત્વરૂપ અને વિકૃતિના હેતુ એવા આપને નમસ્કાર. દ્વિમૂર્ધનાવાળા, ત્રિપાદ, ચતુઃશ્રૃંગ અને સૂત્રિ એવા તમને નમસ્કાર. સપ્તહસ્ત, વેદત્રયાત્મક અને યજ્ઞસ્વરૂપ આપને

નમસ્કાર. મહાદેવ રુદ્ર અને વૃષભ એવા આપને નમસ્કાર. તમામ વિદ્યાઓના અધિષ્ઠાતા અને તમામ પ્રાણીઓના સ્વામી એવા આપને નમસ્કાર. હિરણ્યકોશ અને સમસ્ત જગતનાં પ્રાણ અને આત્મા એવા આપને નમસ્કાર. યોગની સિદ્ધિઓ અને ઐશ્વર્યોવાળા અને યોગકર્તા એવા આપને નમસ્કાર. સર્વમાં આદિદેવ અને આત્મવર્તી એવા તમને નમસ્કાર. હરિકૃષ્ણ અને નરનારાયણ ઋષિ એવા આપને નમસ્કાર. નીલકમલ જેવા શ્યામ શરીરધારી અને શ્રીમાન એવા આપને નમસ્કાર. કેશવ, અનંત અને પિતાંબરધારી એવા આપને નમસ્કાર. તમે વરણ કરવા યોગ્ય, જનોને અભિષ્ટ દેનારા, વરદાતા અને પ્રભુ છો, તમારા ચરણકમળના રજની ઉપાસના નકકી મોક્ષને દેનારી છે, દેવો અને ઈશ્વરો તમારી આજ્ઞામાં વર્તે છે, લક્ષ્મી ઉર્ધ્વરેખા સ્વરૂપે તમારા બંને ચરણમાં સ્થિત છે, હુ તમારી કૃપાથી આનંદની (પુત્રની પુત્રીની) ઈચ્છા રાખુ છું હે ભગવાન મારી પર પ્રસન્ન થાઓ. આમ સ્તુતિ કરીને જગદ્‌ગુરૂ એવા તે શ્રીકૃષ્ણનું આહ્‌વાન કરવું પછી પાદ્ય અર્ધ્ય આચમન અને આસન આપવું. પછી શ્રીહરિને સુગંધિત તેલ આદિકનું મર્દન કરીને દુધ-દહી- ઘી- મધ- સાકર રૂપ પંચામૃતથી સ્નાન કરાવવું ત્યાર પછી શુદ્ધોદક જળથી સ્નાન અને અભિષેક કરાવવો ત્યારબાદ (મુલાયમ) વસ્ત્રથી માર્જન કરીને (લુંછીને), શુભ વસ્ત્રો અર્પણ કરવા, યજ્ઞ સૂત્ર (જનોઈ) ધારણ કરાવી, કૌસ્તુભ અર્પણ કરાવી, વિવિધ તેલના સારરૂપ અર્કોથી અર્ચના કરવી વળી તે દેવને કુંકુમ, અબીલ, અક્ષત (ચોખા) ઈત્યાદિ વડે પુજવા અને પુષ્પ ચંદન ધૂપ દીપ નૈવેદ્ય અર્પણ કરવા વળી આભૂષણો, આયુધો, મુકુટ, તિલક આદિ ધારણ કરાવવા તથા જળ અર્પણ કરી આરતી કરવી અને મુખવાસમાં તાંબુલ તથા ફળ અર્પણ કરવા પછી જળ અર્પણ કરીને દંડવત્ સહિત નમસ્કાર કરવા, પ્રદક્ષિણા કરવી, દક્ષિણા આપવી અને પોતાના અભિષ્ટસંકલ્પને કહેવો કે હે ભગવાન !

હું બાર દિવસ તમારી પૂજા કરીશ મને પુત્ર આપો પછી ×ૐ નમો ભગવતે વાસુદેવાય× આ મંત્રનો ૧૦૮ વાર જપ કરીને દુધપાકથી અથવા ઘી અને સાકરથી પૂર્ણ એવા બીજા કોઈ હવિથી જપ વિદ્યા વડે હોમ કરવો તથા ભગવાનને નિવેદિત કરેલ દૂધપાક તથા અન્ય મિષ્ઠાન્ન અલ્પ અલ્પ પ્રમાણમાં પ્રસાદના ભાવથી ભકતોને આપવા અને પોતે જમવા અને સ્તુતિઓ વડે પ્રભુનું સ્તવન કરી તેમનું જળ શિરપર ધારણ કરીને પછી દેવનુ વિસર્જન કરવું તથા ત્યાં શ્રેષ્ઠ બ્રાહ્મણોને (ઓછામાં ઓછાં બે) દુધપાક અને મિષ્ટાન્ન વડે જમાડવા અને તેમની આજ્ઞાથી વ્રત કરનાર પતિ અને પત્નીએ પાયસ (દુધ થી બનેલી વસ્તુઓ કે જે ભગવાનને નૈવેદ્ય કરી હોય તે) નું ભોજન કરવું અને રાત્રિના આરંભમાં વ્રત કરનાર દંપતિએ પૃથ્વી પર સુવું અને બ્રહ્મચર્યનું પાલન કરવું વળી બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને ઉકતવિધાન પ્રમાણે વિધિવત્ સ્નાન કરીને પ્રાતઃકાળે શ્રીહરિને ષોડશોપચારે કરીને પૂજવા. જયાં સુધી વ્રતની સમાપ્તિ ન થાય ત્યાં સુધી એકવાર માત્ર દૂધપાક ખાવો પણ બીજું કંઈ ખાવું નહિ. દિવસ ભક્તિ વડે અને રાત્રિ જપ અને નિદ્રા વડે પસાર કરવી. નિત્ય અગ્નિમાં હવન કરવો અને બ્રાહ્મણોને જમાડવા આમ પયોવ્રતિ બાર દિવસ સુધી શ્રીહરિની અર્ચા-પૂજા, હોમ, સાધુ બ્રાહ્મણોને ભોજન રૂપ પયોવ્રત નામનું આ વ્રત ફાગણ સુદ પડવાથી માંડીને ફાગણ સુદ તેરસ સુધી કરે તેરસનાં દિવસે સવારે શ્રીહરિની વિધીઓના જાણકાર બ્રાહ્મણો વડે વિધિપૂર્વક ષોડશોપચારે મહાપૂજા કરાવવી તેમાં ધનનો લોભ કરવો નહિ. પછી હવાર્થિની સ્ત્રીએ દૂધપાકનો ચરુ અગ્નિમાં શ્રપિત કરીને તે શ્રૃત વડે અગ્નિમુખ અને કૃષ્ણનું યજન કરવુ અને અત્યંત સંતુષ્ટિ દેનાર નૈવેદ્ય નારાયણને આપવું અને ગાય આભૂષણ વસ્ત્રો વગેરે કરીને શ્રોત્રિય અને જ્ઞાન સંપન્ન એવા આચાર્યને અને ઋત્વિજોને સંતોષ પમાડવા પછી વિવિધ પ્રકારના મિષ્ટાન્નો વડે તેઓને તથા અન્ય વિપ્રોને સાધુઓને અને સાધ્વીઓને જમાડવા અને તે

સર્વેને યથાયોગ્ય શ્રેષ્ઠ દક્ષિણાઓ આપવી વળી ત્યાં આવેલા અન્ય અભ્યાગતો અતિથિઓ વગેરેને પણ આદર સત્કાર ભોજન ઈત્યાદિ વડે પ્રસન્ન કરવા અને દીન, અંધ, ગરીબ, અશકત ઈત્યાદિકનો પણ અન્નજળાદિકના દાન વડે 'આ બધાની તૃપ્તિ તે ભગવાન વિષ્ણુની જ તૃપ્તિ છે એમ વિચારીને' તૃપ્ત કરવા. વળી ગાય, ઘોડા, કીડીઓ ઈત્યાદિકનો તે તે રીતનું ભોજન આપીને પછી બંધુઓ સાથે પોતે ભોજન કરવું પછી શેષ દિવસ ભગવાન કૃષ્ણનાં નામ સંકીર્તન કથા સ્તવન અને જપ વડે પસાર કરવો આમ પરમપુરૂષના આરાધન રૂપ આ પયોવ્રત મે તમને કહયું. દૂધપાકમાં ચોખા અથવા નિવાર (વાવ્યા વિના તળાવ ઈત્યાદિકના કિનારે ઉગતા લાલચોખા) શુભ મનાયેલા છે. વ્રત કરનાર દંપતિએ શાકાહાર કરવો નહી (કોઈપણ પ્રકારનું શાક ખાવુ નહી) કારણકે શાક ખાવાથી કાળા વર્ણનું સંતાન થાય છે દુધપાક જમવો તેનાથી સંતાન બળવાન અને ઉજજવળ થાય છે. વ્રતની પૂર્ણાહુતિ પછી યુગ્મ (૨જોદર્શનથી બેકી સંખ્યાવાળી) રાત્રિઓમાં પત્ની સાથે સમાગમ કરવો તેથી શક્તિમાન પુત્ર પ્રાપ્ત થાય છે. અને અયુગ્મા (૨જો દર્શનથી એકી સંખ્યાવાળી) રાત્રિઓમાં પત્ની સાથે સમાગમ કરવાથી સિદ્ધિને દેનારી કન્યા ઉત્પન્ન થાય છે. હે લક્ષ્મિ ! તપના સારરૂપ અને સંતાનરૂપ ફળ દેનારૂ આ વ્રત પતિ અને પત્ની બંનેએ કરવું અન્યથા (જો એક કરે તો) સંદિગ્ધ ફળવાળુ સંશયાત્મક ફળવાળુ) થાય છે. પરંતુ પૂર્ણફળ દેનારૂ થાતું નથી. હે પ્રિયે ! હવે અવૈધવ્યવ્રત (જે કરવાથી સ્ત્રી વિધવા ન થાય તેવુ વ્રત) કહું છું તે સાંભળો. રૈવતગિરિની પુત્રી રૈવતિ ગિરનારમાં દામોદરથી પશ્ચિમ દિશામાં નિત્ય સ્થિત રહે છે ત્યાં પાપોનો નાશ કરનાર રૈવતીકુંડ છે. તેનું જળ સર્વનારીઓને સૌભાગ્ય દેનારૂ અવૈધવ્ય (વિધવા ન થવાય તે) તથા સંતાન આપનારૂં છે તેમાં સ્નાન કરીને નારી બહુપુત્રો ાળી અને બહુ ધન સંપત્તિવાળી

થાય છે. તે કયારેય વિધવા થતી નથી અને અતુલ સૌભાગ્યવાળી થાય છે. સવારે સ્ત્રીઓ તે કુંડમાં સ્નાન કરીને કાજળ, કુંકુમ, ગૌરીસૂત્ર (મંગળસૂત્ર), તાંબુલ (મીઠુ પાન), પુષ્પો, પીળુવસ્ત્ર, ચોળી, લાકડી, વાંસના પાત્રમાં (કરંડીયામાં) ભરીને ફળો અને મિષ્ટાન્ન સાથે સાધ્વિ અને સતી સ્ત્રીઓને દક્ષિણા સાથે આપવા. ત્યાર પછી રૈવતીજીના દર્શન કરવા અને તેમનું ષોડશોપચારે પૂજન કરવું અને અવૈધવ્ય (વિધવા ન થવાય તે માટે) અને પુત્રપ્રાપ્તિ માટે સ્તુતિ કરવી કે હે સદા કૃપાવતિ રૈવતિ દેવિ ! મારા પર કૃપા કરો. મારૂ સદા અવૈધવ્ય થાઓ અને હું પુત્ર પૌત્રવતિ વળી ધનધાન્યવતિ થાઉ આ મારૂં ઈચ્છિત મને આપો. આમ સ્તુતિ કરીને નમસ્કાર કરીને દામોદરના દર્શન કરીને પછી ઘરે જવું આમ કાર્તક મહિનાના સુદ પક્ષના પંદર દિવસ રોજ અને પોતાના ઘરે (જો જૂનાગઢ બહારથી આવ્યા હોય તો તે જયાં રોકાયા હોય તે સ્થાને) પંદર દિવસ સુધી દુધપાક, મિષ્ટાન્ન, સારા સારા વ્યંજન તથા ઘી માં પકાવેલ પકવાન વિગેરે જમવા તથા (પુત્ર કે પુત્રીની ઈચ્છા પ્રમાણે અર્થાત્ પુત્રની ઈચ્છા હોય તો રજોદર્શનથી બેકી સંખ્યાવાળી રાત્રિઓમાં અને પુત્રીની ઈચ્છા હોય તો રજોદર્શનથી એકી સંખ્યાવાળી રાત્રિઓમાં) પતિ સાથે સહવાસ કરવો. આ વ્રતમાં પતિ સાથેના સહવાસનો નિષેધ નથી. વળી ઉપવાસ પણ કરવાના નથી કે બીજી કોઈ પૂજા ઈત્યાદિ પણ અપેક્ષિત નથી. વ્રત કરનારી સ્ત્રી કુંડમાં સ્નાન કરે, રૈવતીજીના દર્શન અને સ્તુતિ કરે, જે રીતે કહયું તે પ્રમાણે ફળાદિકનું દાન કરે અને દામોદરના દર્શન કરે આમ પંદર દિવસ સવારે કરેલું આ વ્રત સૌભાગ્યને વધારનારૂં છે. આ મે તમને અવૈધવ્ય કરનારું વ્રત કહ્યું હે મહાલક્ષ્મિ! હવે તમે મારાથી બીજુ શું સાંભળવા ઈચ્છો છો ? ત્યારે લક્ષ્મી બોલ્યા કે હે કૃપાસિન્ધો! રૈવતગિરિમાં (ગિરનારમાં) અને તેની પાસે કેટલા તીર્થો વસે છે

અને તે કેટલા સામર્થ્યવાળા છે તે હું સાંભળવા ઈચ્છુ છું તેથી હે કેશવ ! મને તે કહો.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં પુત્રપ્રાપ્તિ કરાવનારૂ પયોવ્રત અને અવૈધવ્યવ્રતનું નિરૂપણ કર્યું એ નામક એકસો અડતાળીસમો અધ્યાય ॥૧૪૮॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૯૫

શ્રીનારાયણ બોલ્યા : આમ વ્રત કરવાનું સાંભળીને હર્ષિત મનવાળી પાર્વતીએ આ વ્રતનું સર્વવિધાન ફરીથી શંકરજીને પુછયું. હે નાથ ! તે પુણ્યક વ્રત નિયમથી યુકત મારા દ્વારા કઈ રીતે કરવું જોઈએ ? તેમાં કયા કયા દ્રવ્યો જોઈએ ? કયા ફળો અને અન્ય વસ્તુઓ દાનમાં દેવી જોઈએ ? (આ વ્રતમાં) જે જે વસ્તુ અપેક્ષિત હોય તે કહો (કારણકે) વ્રત કરનારી નારીને પતિ જ સર્વ અર્થને દેનાર મનાય છે. સુતાને કૌમાર સમયે પિતા પાળે છે. લગ્ન પછી તેનુ રક્ષણ પતિ કરે છે અને વૃદ્ધાવસ્થામાં પુત્રાદિક રક્ષણ કરે છે. પિતા પ્રાણ સમાન પુત્રીને સત્પતિને આપીને સુખી થાય છે. પતિ (વૃદ્ધાવસ્થામાં) પત્નીને પોતાના પુત્રોને સોંપીને સુખી થાય છે. આવી રીતે ત્રણ (પિતા પતિ અને પુત્રો) થી યુકત નારી લોકમાં ભાગ્યવતી મનાયેલી છે. (ત્રણ માંથી) એક થી જો રહિત હોય તો મધ્યા કહેવાય અને સર્વહીન (ત્રણેય થી રહિત) દુઃખિની કહેવાય છે, પણ આ ત્રણથી રક્ષિત થયેલી ધન્યા અને અન્યના આશ્રયે રહેનારી નિન્દિતા કહેવાય છે. પિતાને રક્ષણ કરવા યોગ્ય કુમાર અવસ્થા તો મારી જતી રહી અને પતિને રક્ષણ કરવા યોગ્ય યૌવન પણ જતું રહેશે તો વૃદ્ધાવસ્થામાં પુત્ર વિના મારૂં રક્ષણ કોણ કરશે ? આથી હે નાથ ! મારૂં સુખનું કારણ એવો પુત્ર મને આપો. સર્વજ્ઞ એવો આપની સમીપમાં

(મારૂં) પાંડિત્ય (પંડિત જેવી વાતો) કલુષિત થાય છે. (પરંતુ) પુત્રને દેનારી (આપની) સત્કૃપા વિના મારે બીજુ કાંઈ જોઈતુ નથી. પાર્વતીની આવી વાત સાંભળીને શંકરે પાર્વતીને કહ્યું હે દેવી ! સાંભળો કૃષ્ણના વ્રતથી (તમારો) મનોરથ સફળ થશે હે પ્રિયે ! માઘશુકલ ત્રયોદશી થી (મહા સુદ ૧૩ થી) આ શુભવ્રતનો આરંભ કરવો જોઈએ અને માઘ શુકલ દ્વાદ્વશીને દિવસે આ વ્રત પૂર્ણ થાય છે. આ સાંવત્સર (એક વર્ષ માં પુરૂં થનાર) વ્રત કૃષ્ણભગવાનને સંતુષ્ટ કરનારૂં છે અને જેને પુત્રની ઈચ્છા હોય તેવી સ્ત્રીએ વિધિપૂર્વક આ વ્રત કરવું જોઈએ. દ્વાદ્વશીને (બારસને) દિવસે શિરઃ સંસ્કારપૂર્વક (માથુ ધોવાની સાથે) સ્નાન કરીને શુદ્ધ વસ્ત્ર પહેરીને ઉપવાસ કરવો, રાત્રિમાં શ્રીહરિનું સ્મરણ કરવું, સુતા પછી બ્રાહ્મમુહૂર્તમાં જલ્દીથી ઉઠીને શ્રીહરીનું સ્મરણ કરીને શૌચક્રિયા, દાતણ અને સ્નાન કરવું પછી સફેદ વસ્ત્રો ધારણ કરીને, બેસીને, આચમન કરીને, શ્રીહરીને અર્ઘ્ય આપીને પછી ચંદન કે કુંકુમનું બિન્દુ કે તિલક કરવું અને શ્રીહરીનું સ્મરણ કરવું તથા પોતાનુ નિત્યકર્મ કરીને સારા પુરોહિતનું વરણ કરવું પછી સ્વસ્તિવાચન પૂર્વક વિધિવત ઘટનું (કળશનું) સ્થાપન કરીને વેદવિહિત સંકલ્પ કરીને વ્રત કરવું. સ્વયં શ્રીહરિની ષોડશ (૧૬) ઉપચારો વડે પૂજા કરવી અને ભક્તિભાવપૂર્વક શ્રીહરિને આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, મધુપર્ક, વસ્ત્ર, ચંદન, આભૂષણ, પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ્ય, યજ્ઞોપવીત, અને તાંબુલ (મુખવાસ માટેનું પાનબીડું) અર્પણ કરવું તેમાં ન્યૂન (જેટલી પહોંચ હોય તેનાથી ઓછું) કરવું નહી કારણ કે ન્યૂન કરેલુ ફળપ્રાપ્તિમાં હાનિકારક થાય છે. વળી યથાશક્તિ ભગવાન શ્રીહરિને વિવિધ દાન દેવા (હવે) જે દાન દેવાથી જે પ્રાપ્તિ થાય છે તે કહું છું સાંભળો સારૂં રૂપ પામવા માટે પારિજાતનું પુષ્પ દેવું, સૌન્દર્યની પ્રાપ્તિ માટે સફેદ ચંપાનું ફુલ આપવું, મુખની

સુઘટતા માટે શ્રીકૃષ્ણ ભગવાનને કમળ અર્પણ કરવું, બન્ને નેત્રોની જયોતિ માટે રત્નોથી યુકત દર્પણ દેવું વળી આંખના રૂપ માટે નીલ કમલ આપવું, વાળની સુંદરતા માટે સફેદ ચામર આપવું, નાકની સુંદરતા માટે રત્નથી ભરેલો પડીયો આપવો, ઓષ્ઠ (હોઠ) ની લાલિમાં માટે બંધૂક વૃક્ષના પુષ્પો આપવા, દાંતની સુંદરતા માટે મુકતા ફળો આપવા (મોતીઓ આપવા), ગાલની સુંદરતા માટે બે ગંડુષ (ખોબા) રત્ન આપવા, સુંદર દાઢી માટે રત્નોના તોરણો આપવા, કાનની સુંદરતા માટે રત્નોએ સહિત કુંડળો આપવા, મધ અને સાકર સ્વર માધુર્ય માટે આપવી, વાણીની મધુરતા માટે અમૃત સમાન મિષ્ટાન આપવા, નિર્મળ દ્રષ્ટિ માટે રત્નપ્રદીપ (રત્નથી મઢેલા કોડીયાવાળો દીવો) આપવો, બલાદિકની દ્રઢતા માટે જળપાત્રાદિ આપવા, બાહુ (હાથ) ની દ્રઢતા માટે કમળ નાળો આપવી અને હાથની સુંદરતા માટે લાલ કમળ આપવા, આંગળીઓની સુંદરતા અને પુષ્ટિ માટે અંગુઠીઓ (વીંટીઓ) આપવી, નખની સુંદરતા માટે શ્વેતમણીઓ આપવી, વક્ષઃસ્થળ (છાતી) ની સુંદરતા માટે રત્નોના હાર આપવા, ભગવાન શ્રી કૃષ્ણને સ્તનની સુંદરતા માટે પાકેલા શ્રીફળ આપવા, દેહની સુંદરતા માટે સુવર્ણના પત્રો અર્પણ કરવા, નાભિની સુંદરતા માટે રત્નોથી મઢેલી કસ્તુરી આપવી, નિતમ્બની સુંદરતા માટે રત્ન જડેલા બે ચક્ર આપવા કમરની સુંદરતા માટે કેળના સ્તંભો આપવા, પગની સુંદરતા માટે સ્થલપદ્મ (જમીન પર ઉગતું કમળ) આપવા, ગતિની ચંચળતા માટે સોનાની માછલીઓ બનાવી આપવી વળી સારી ગતિ માટે સોનાના હંસ અને હાથીઓ બનાવી આપવા, તાલુ (તાળવા) ની સુંદરતા માટે સોનાનું છત્ર આપવું, સૌમ્ય હાસ્ય માટે માલતીનું પુષ્પ આપવું, વ્રતની પૂર્તિ માટે અને સુખપ્રાપ્તિ માટે અમૂલ્ય રત્નો આપવા, મનની શાંતિ માટે નિર્મળ સ્ફટિક મણીઓ આપવા, પ્રિય રાગની વૃદ્ધિ માટે પ્રવાલમણિ (પરવાળા) આપવા, સ્વામિનું સૌભાગ્ય પામવા માટે

માણિકયમણિઓ આપવા, ભગવાન શ્રીહરિકૃષ્ણને પૂજામાં પુત્રપ્રાપ્તિ માટે કોળું બિજોરૂં શ્રીફળ તથા નારંગી આપવી, પતિને ધન વૃદ્ધિ થાય તે માટે ઉત્તમ રત્નો આપવા જોઈએ અને સંપત્તિની વૃદ્ધિ માટે વ્રતમાં શ્રીહરિને વાદ્ય (વાજીંત્રો) સંભળાવવા જોઈએ. પતિના ભોગની વૃદ્ધિ માટે ભગવાનને પાયસ (દુધમાંથી બનેલી વસ્તુઓ) પિષ્ટક (લોટમાંથી બનેલી વાનગીઓ) સાકર, ઘી તથા કેસર અર્પણ કરવા જોઈએ. શ્રી હરિમાં ભક્તિની વૃદ્ધિ માટે પુષ્પમાળા અર્પણ કરવી જોઈએ. મિષ્ટાન્નની પ્રાપ્તિ માટે મધુર સ્વાદુ નૈવેદ્ય અર્પણ કરવું જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણની સંતુષ્ટી માટે તુલસીપત્ર અને માંજરો અર્પણ કરવી જોઈએ, ધાન્યની વૃદ્ધિ માટે સાધુઓ સાધ્વીઓ અને દીન (ગરીબ) જનોને જમાડવા જોઈએ, ભક્તિની વૃદ્ધિ માટે પુષ્પાંજલી અને પ્રણામો કરવા જોઈએ. વળી વ્રતમાં સ્થિત નારીએ છ મહિના હવિષ્યાન્ન (વ્રત ઉપવાસમાં ખાય શકાય તેવું અન્ન અથવા દિવસમાં માત્ર એકવાર જમવું તે) જમવું. પાંચ મહિના ફળાહાર કરવો (માત્ર ફળો લેવા) પછીના પંદર દિવસ ઘી પીવું જોઈએ અને ત્યાર પછીના પંદર દિવસ દુધ ભક્ષણ કરવું જોઈએ. ભગવાનની સામે (ઘીનો) અખંડ દીવો વર્ષ સુધી (વ્રતની શરૂઆતથી સમાપ્તિ સુધી) કરવો જોઈએ અને નિત્ય પ્રત્યે કુશ (દર્ભ) ના આસન પર મધ્યરાત્રિ સુધી જાગરણ કરીને પછી સુવું જોઈએ. વ્રતના ફળની પ્રાપ્તિ માટે સદા બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ અને જો તેમાં ક્ષતિ થાય (સ્વપ્ન દોષ અથવા બીજી કોઈપણ રીતે) તો ઉપવાસ અથવા ૧૦૮ ભગવાનના નામજપથી પ્રાયશ્ચિત કરવું જોઈએ વ્રતની અખંડિતતા માટે પ્રતિક્ષતિ (જે ભુલ થાય તેનું પ્રાયશ્ચિત) કરવું જોઈએ, અને માઘશુકલ ત્રયોદશીના (મહાસુદ તેરસના) દિવસે મહાન ઉત્સવ કરવો જોઈએ અને યથાશક્તિ સુવર્ણમુદ્રા અને રૌપ્ય મુદ્રા (ચાંદીની) આપવી જોઈએ. ત્રણસો સાઈઠ વસ્ત્રો અને તેટલા રૂપિયા આપવા જોઈએ, તેટલી જ (૩૬૦) સુવર્ણમુદ્રા આપવી જોઈએ અને તેટલા

(૩૬૦) સત્પુરૂષોને જમાડવા જોઈએ. વળી ૩૬૦ વાર તલનો હોમ કરવો જોઈએ. આ કામ રોજ કરવું અથવા વર્ષના અંતમાં કરવુ. (જો રોજ કરવુ હોય તો ૩૬૦ ના હિસાબે રોજ એક એક સત્પુરૂષને જમાડવા. દક્ષિણા આપવી અને હોમ કરવો એમ થાય અથવા તો વર્ષના અંતમાં સાથે જ કરવું) આ વ્રતના વૈભવથી (પ્રભાવથી) વિજેતા અને પ્રથમ પૂજય શ્રી હરિ સમાન પુત્ર થાય છે વળી સૌન્દર્ય, પતિનું સૌભાગ્ય, ઐશ્વર્ય, વિપુલ ધન અને સર્વ ઈષ્ટ સિદ્ધિઓ થાય છે. વ્રતના અંતમાં પોતાના પતિની શય્યામાં રમણ કરવું જોઈએ પણ વ્રતમાં નહિ. વ્રતના મધ્યમાં પતિ સાથે રમણ કરવાથી વ્રતનો ભંગ થાય છે. આથી વ્રતના વર્ષમાં નારીએ રમણ કરવું નહિ. ઋતુકાળમાં નારીનું અસેવન જે દુષણ છે તે આ વ્રતમાં ભૂષણ છે. (અર્થાત્ એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવું કોઈપણ રીતે સંભોગ કરવો નહી) હે મહેશ્વરિ ! આવી રીતે તમો આ વાર્ષિક વ્રતને એકવાર કરો આથી મારી ધાતુથી તમને અયોનિજ પુત્રની પ્રાપ્તિ થશે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં પુત્રને માટે પુણ્યક નામના વાર્ષિકવ્રતનું નિરૂપણ અને તેમાં દેવા યોગ્ય દાનનું નિરૂપણ એ નામે પંચાણુમો અધ્યાય ॥૯૫॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૯૬

શ્રીશ્વેતવ્યાસ બોલ્યા : હે સુશિખ ! (પછી) શંકરે પાર્વતીને પહેલા થયેલા વૃત્તાન્તો કહયા. વૈવસ્વત મનુની પત્ની શતરૂપા પુત્ર વિનાની હતી, તે એમ શોક કરતી હતી કે મારો જન્મ નિષ્ફળ છે. ધન ઐશ્વર્ય એ બધું પણ નિષ્ફળ છે ગૃહસ્થનું ઘર સમૃધ્ધ હોવા છતાં પણ પુત્ર વિનાનું શોભતું નથી. જન્માન્તરોમાં તપ દાન ઈત્યાદિ પુણ્ય કર્યા હોય તેનો જયારે ઉદય થાય ત્યારે

મનુષ્યને પુત્રી કે પુત્રનું મુખદર્શન થાય છે. નરકથી તારવા રૂપ જે ફળ તે પુત્રથી જ કહેવામાં આવ્યું છે. હે સુશિવે ! શતરૂપા આર્ષા (ઋષિ પત્ની જેવુ જીવન જીવનારી) અને નિષ્કિંચન (કોઈ કામના ના હોય તેવી) હોવા છતાં સારા શિષ્યની ઈચ્છા રાખતી હતી, સ્વયં નારાયણ દેવ પણ શિષ્ય વિના રહેતા નથી. જેને સ્ત્રી નથી તેને શિષ્ય પુત્ર છે અને જેને સ્ત્રી છે તેનું તો ધન જ પુત્ર છે. જે નિત્ય વન્દ્યા હોય કે નિત્ય વિધુર હોય તેને પોપટ મેના ઈત્યાદિ (પાળેલા પશુ પક્ષીઓ) પુત્રો છે. તેથી જે તપસ્વી હોય તેને પુત્ર વિનાનો નિવાસ શ્રેષ્ઠ મનાયો છે. (પરંતુ ગૃહસ્થનો તો નહીં જ) રાજય સંબંધી જનો, સમ્પતિ આ બધું જ પુત્ર વિના નિરર્થક છે. જેને પુત્ર ના હોય તેનું મુખ પણ માનવો સવારે જોતા નથી (અપશુકન માને છે) તેથી પુત્ર વિનાના પોતાનું મોઢું બતાવવામાં પણ લજ્જા અનુભવે છે, આવી રીતના શોકથી સંતપ્ત થયેલી શતરૂપાએ બ્રહ્માને નિવેદન કર્યુ ત્યારે બ્રહ્માએ કહ્યુ કે હે વત્સે ! સાંભળો માધ શુકલ ત્રયોદશી (મહા સુદ તેરસ) પુણ્યકવ્રતને યોગ્ય તિથિ છે. ત્યારથી માંડીને એક વર્ષ સુધી યથાવિધિ (જેવી વિધિ છે તેવી રીતનું) વ્રત કરો તેથી વિષ્ણુસમાન પુત્ર થશે. બ્રહ્માનું વચન સાંભળીને શતરૂપાએ વિધિપૂર્વક તે વ્રત કર્યુ તેથી તેને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ આ બે મનોહર પુત્ર પ્રાપ્ત થયા. દેવહૂતીએ આ વ્રત કરીને (નારાયણને પ્રસન્ન કરીને) નારાયણ થકી વરદાન પામીને નારાયણના અંશ એવા કપિલને પુત્રરૂપે પામ્યા. અરૂન્ધતિ આ વ્રત કરીને શક્તિ નામનો પુત્ર પામ્યા. શક્તિકાન્તા આ વ્રત કરીને પરાશર નામક પુત્ર પામ્યા. અદિતિ આ વ્રત કરીને વામનને પુત્રરૂપે પામ્યા. શચિ (ઈન્દ્રાણી) આ વ્રત કરીને જયન્ત નામના પુત્રને પામ્યા. ઉત્તાનપાદની પત્ની આ વ્રત કરીને ધ્રુવ નામક પુત્રને પામ્યા. અનસુયા આ શુભ વ્રત કરીને ચંદ્રરૂપ પુત્રને પામ્યા. અંગિરાપત્ની આ વ્રત કરીને

બૃહસ્પતિને પુત્ર પણે પામ્યા. ખ્યાતિ આ વ્રત કરીને ભૃગુઋષિ થી શુક્રને (શુક્રાચાર્યને) પુત્રરૂપે પામ્યા તેમજ આ વ્રતના પ્રભાવથી સ્વયં નારાયણ કંભરાના ગૃહમાં પ્રગટ થયા. તે નારાયણ તમારા પુત્ર રૂપે થશે આમ કહીને પાર્વતીને વ્રતનિમિતે ઘણું ધન આપીને અને સાધનો કહીને જ્ઞાન અને આનંદના સાગર એવા શ્રીહરિના ધ્યાન પરાયણ શંકર ધ્યાનમાં સ્થિત થયા. દેવી પાર્વતીએ પણ વ્રત માટેના તમામ દ્રવ્યોને એકત્રિત કરીને સનત્કુમાર વિપ્રને વ્રતની વિધિ માટે વરણ કર્યા. આ વ્રતનો મહોત્સવ જાણીને દેવેશો પણ આવ્યા. પત્નીએ સહિત બ્રહમા અને લક્ષ્મીએ સહિત ચતુર્ભુજ નારાયણ આવ્યા. ત્યારે શંકર પણ ધ્યાનમાંથી ઉઠીને વ્રત સ્થળે આવ્યા વળી તે મહોત્સવમાં સનક, સનંદ, કપિલ, આસુરિ, ઋતુ, હંસ, વોઢુ, પંચશિખ, અરૂણિ, યતિ, વસિષ્ઠ, સુમતિ, પુલસ્ત્ય, પુલહ, ભૃગુ, અગસ્ત્ય, અત્રિ, અંગિરા, દુર્વાસા, રમવન, પત્નીવ્રતધારી પ્રચેતા, કલ્પ, મરીચિ, કશ્યપ, ગૌતમ, જરત્કારૂ, બૃહસ્પતિ, સૌભરિ, ઉતથ્ય, જૈગિષવ્ય, જૈત્રિહવ્ય, દેવલ, સંવર્ત, વામદેવ, વિશ્વામિત્ર, વિભાંડક, ઋષ્યશ્રૃંગ, પારિભદ્ર, માર્કણ્ડેય, લોમશ, ગોકર્ણ, મૃકંડુ, પુષ્કર, પિપ્પલાયન, કૌત્સ, દ્વીત, એકત, ત્રીત, વત્સ, લેખન, શંખ, શંકુ, આપિશલિ, સ્વયંપ્રકાશ, આરૂણિ, દક્ષ, કણાદ, બાલાગ્નિ, અઘમર્ષણ, પાણિની, કાત્યાયન, નારદ, નર, નારાયણ, બ્રહ્મવ્રત, મહાશ્વેતવ્યાસ અને અન્ય મહર્ષિઓ આવ્યા. વળી ગીતા, જયંતિ, ગાયત્રી, લક્ષ્મી, વિદ્યા, સરસ્વતી, સ્તુતી, આરાધના, પૂજા, ભક્તિ, નિરાજના, રમા, એકાદશી, યોગિની, સાંખ્યયોગિનિ, સાધ્વીઓ, વીતરાગિણીઓ, સન્યાસીનીઓ, સિધ્ધિઓ તથા માતાઓ, નદીઓ, પુરીઓ તથા પાર્વતીના વ્રતોત્સવને જોવા માટે ઉત્સુક એવી અન્ય સ્ત્રીઓ પણ આવી. વળી દિકૂપાળો, દેવો, યક્ષો, ગન્ધર્વો, કિંનરો, કિંપુરૂષો, ચારણો અને દિવ્યવિગ્રહવાળા પર્વતો પણ આવ્યા. હર્ષ સભર

હિમાલય પણ પત્ની પુત્ર અને ગણે સહિત વ્રતમાં જેટલા દાનો છે તેટલા દ્રવ્યો, રત્નો અને મણિઓ લઈને આવ્યા અને વ્રતની સિધ્ધિ અને પૂર્તિ માટે તે પાર્વતીને આપ્યા, આમ અનંત રત્નોના ઉદ્‌ભવ સ્થાન એવા હિમાલયે પુત્રીને ઘણું બધું આપ્યું વળી વ્રત કરનારી પાર્વતીના સંતોષ માટે બ્રાહ્મણો, મનુઓ, સિદ્ધો, નાગો, વિદ્યાધરો, સાધુઓ, ભિક્ષુકો, બંદિજનો, સુતો, માગધો, વિદ્યાધરો, નર્તકીઓ, નર્તકો તથા અપ્સરાઓ આવી અને તે સૌએ પાર્વતીને 'પુત્રવતી ભવ' એમ આશીર્વાદો આપ્યા. શંકરે તે આવેલા સર્વેનું સ્વાગત સેવા ભોજન આતિથ્ય માન અને સત્કાર કર્યો તેથી સર્વે સંતુષ્ટ થયા અને શુભાશિષો આપ્યા. નમસ્કૃત થયેલા, નિત્યક્રિયા કરી ચુકેલા, પૂજિત થયેલા, ભોજન કરી ચુકેલા તે તમામ દેવતાઓ કૈલાસમાં મહાસભામાં ઉપસ્થિત થયા ત્યાં રત્નના સિંહાસનમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણનારાયણને મહાદેવે કહ્યું કે હે પ્રભો ! હે શ્રીનિવાસ ! સાંભળો, વ્રતોના અને મન્ત્રોના ફળ દેનારા દેવ આપ છો. પાર્વતી વ્રત વડે સુખદેનાર પુત્રને ઈચ્છે છે (આ વચનો સાંભળીને) જગદ્‌ગુરૂ, ભકતપ્રાણ, ભકતેશ, ભકતો પર અનુગ્રહ કરનારા નારાયણ એવા વિષ્ણુએ મહાદેવને કહ્યું કે ભક્તિ નો આધિન ભગવાન સર્વ સિદ્ધિને આપશે. કૃષ્ણનું વ્રત અને કૃષ્ણમન્ત્ર સર્વકામનાના ફળને દેનારો છે. વ્રત પૂર્ણ થતાં પાર્વતી સાથેના સંગમમાં તમારૂં વીર્ય બહાર સ્ખલીત થશે તેથી અયોનિજ પુત્ર થશે જે સર્વસૈન્યનો વિજેતા અને સર્વ કાર્યોના મંગળને દેનાર થશે. તેમાં કોઈ સંદેહ નથી. દેવો તે પુત્રની આકાંક્ષા રાખે છે. આમ વિષ્ણુ કહી રહ્યા હતા ત્યાં દેવાદિકની સન્નિધિમાં કૃષ્ણચરણમાં નમન કરવા માટે પાર્વતી આવ્યા અને ભગવાન વિષ્ણુના ચરણમાં નમસ્કાર કરીને કહ્યું કે હે જનાર્દન ! હે ભકત કલ્પતરૂ ! હે શ્રીમન્નારાયણ ! તમને નમસ્કાર છે તમારૂ આ પુણ્યક વ્રત કરવા વડે હું જેમ પુત્રવતી થાઉ તેવી કૃપા કરો ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે હે

દેવી ! તમારે સાવધાન પણે આ વ્રત કરવું. આ વ્રતમાં તન્દ્રા કરવી નહી. 'દેવકાર્યમાં સહાયરૂપ અનુષ્ઠાન કરનાર પુત્રવતી થાઓ.' હે દેવી ! હવે હું મારા ગોલોકધામમાં જાઉ છું. વ્રતની સમાપ્તિ સમયે પણ હું તમને જોવા આવીશ આમ સત્કાર કરાયેલા અને પૂજિત થયેલા તે કૃષ્ણ અને બીજા દેવીદેવતાઓ પણ આશીર્વાદ આપીને પોતપોતાના ઘરે ગયા પાર્વતીએ પણ મહાસુદ બારસના દિવસે દેહશુદ્ધિ માટે ઉપવાસની સાથે બધું (કે જે દેહશુદ્ધિ માટે કરવું જોઈએ તે) કર્યું અને મહાસુદ તેરસના દિવસે સવારે કરવાનું આહ્નિક કાર્ય કરીને સર્વ રત્નમણિ ધાન્ય દ્રવ્ય વસ્ત્રાદિક ની સાથે મંડપમાં આવીને સંસ્થિત થઈ પછી ગુરૂની પૂજા કરી અને ત્યાં સ્થિત તમામને નમસ્કાર કરીને અને અંતરાત્માથી શ્રીહરિને નમસ્કાર કરીને, શુકલ (સફેદ) ધાન્યો પર સ્થિર, પાંચ પાંદડથી યુકત, ફળ અક્ષત ચંદન, અગરૂ કસ્તૂરી કુંકુમ આદિથી સુશોભિત રત્નકળશની સ્થાપના કરીને, પુરોહિતને નમસ્કાર કરીને ત્રિદેવ (બ્રહ્મા-વિષ્ણુ-મહેશ) નું પૂજન કરીને સ્વસ્તિવાચન પૂર્વક પૂજન કાર્યનો આરંભ કર્યો અને તે મંગલ કળશમાં અભિષ્ટ દેવ શ્રીકૃષ્ણનું આહવાન કરીને ક્રમથી ષોડશોપચાર ભક્તિ પૂર્વક આપ્યા. વળી વ્રતની વિધિમાં જેટલા દેય (દાન દેવાના) દ્રવ્યો હતા તે સર્વે વેદમન્ત્ર વડે આપીને હોમ શરૂ કર્યો અને ત્રણ લાખ તલ અને ઘી ની આહુતિઓ આપી તથા મન્ત્રજાપ તથા કૃષ્ણનું સ્મરણ કરતી થકી વિધિપૂર્વક રોજ અનેક બ્રાહ્મણોને વર્ષ પર્યન્ત જ માડતી હતી. સમાપ્તિના દિવસે સર્વાત્મા એવા કૃષ્ણનું વારંવાર સ્મરણ કર્યુ કે હે કૃષ્ણ પ્રસન્ન થઈ પૂજન સ્થળે પધારો (તેમ કરતા શ્રીકૃષ્ણ પધાર્યા) ત્યારે સર્વેએ ચતુર્ભુજ શંખ, ચક, ગદા અને પદ્મને ધારણ કરનારા, કોટિ કામદેવની સુંદરતા ધારણ કરનાર અને પોતાની લાવણ્યતાથી કોટિ કામદેવને પણ મોહિત કરનાર, કરોડો ચંદ્રની પ્રભા સમાન પ્રસન્ન મુખવાળા તે ભગવાન શ્રીકૃષ્ણની

સ્તુતિ કરી અને તે દેવને રત્નના શ્રેષ્ઠ સિંહાસન પર બેસાર્યા અને બ્રહ્મા શક્તિ શિવ ઈત્યાદિકોએ મસ્તક નમાવીને તેમને પ્રણામ કર્યા. આ સ્વાગત પછી આરાધ્ય અને વ્રતથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ કહ્યું કે હે દેવી ! સુપુત્રને આપનારૂં તમારૂં આ પુણ્યવ્રત પુરૂં થયું ત્યારે પાર્વતીએ કહ્યું કે દેવોના પણ દેવ ! હે મહાપ્રભો! વિજેતા અને સર્વમાં પ્રથમ પૂજય એવા પુત્ર આપો. ત્યારે કૃષ્ણએ તથાસ્તુ ! એમ કહેતા કહ્યું કે હે દેવી ! દેવતાઓ દૈત્યોના વિનાશ માટે અને તારકાસુરના વધ માટે વારંવાર પ્રાર્થના કરી રહયાં છે તેથી વિજેતાઓમાં શિરોમણી એવો એક તમને પુત્ર થશે અને બીજો પણ સર્વ દેવતાઓમાં પ્રથમ પૂજય અને સર્વ મંગળને દેનાર તમારો પુત્ર થશે. આ બંન્ને પુત્રો શંકરના વીર્યથી થશે અને અયોનિજ થશે. હે ભામિનિ ! તમે પતિનું મનોરંજન કરો ત્યારે પાર્વતીએ કહ્યું કે કેટલાક યોગિઓ આપને કર્મફળપ્રદાતા પણે ચિંતવે છે. કેટલાક શાન્ત, સાકાર, ચતુર્ભુજ, ચાર આયુધોને ધારણ કરનારા, અદભુત, પિતામ્બરધારી, લક્ષ્મીકાંત, કિશોર, દ્વિભુજ, સુંદર, રત્નોથી સુશોભિત, શ્યામ, ગોપીઓના પતિ, મનોહર, માયાનાથ એમ વિવિધ પણે ચિંતવે છે. હું તો પુત્રને દેનારા કૃષ્ણ અચ્યુત એવા હે દેવ ! તમારૂં ધ્યાન કરૂં છું, હે નાથ ! તમારી પ્રેરણાથી તમારા જ અંશથી ઉત્પન્ન થયેલી માયા એવી હું તમારી માયાથી (શક્તિથી) પૂર્વના સમયમાં સર્વ અસુરોને મોહિત કરીને અને મારીને પર્વતરાજ એવા હિમાલયમાં આવી. ત્યાં તારકાસુરથી પીડીત દેવોએ મારી સ્તુતિ કરી તેથી દક્ષની પત્નીથી શિવસ્ત્રી તરીકે હું પ્રગટ થઈ પછી શિવા એવી હું તે પિતા દક્ષના યજ્ઞમાં શિવનિંદાથી દેહ છોડીને હિમાલયની પત્ની મેનકાથી પ્રગટ થઈ અને આ જન્મમાં પણ અનેક વિધ તપ વડે મેં શિવને પ્રાપ્ત કર્યા અને બ્રહ્મા દ્વારા વારંવાર પ્રાર્થના કરાયેલા મહાયોગી શિવે મારૂ પાણિ ગ્રહણ કર્યુ (મારી સાથે લગ્ન કર્યા)

પરંતુ દેવની માયાથી શ્રૃંગારથી ઉત્પન્ન તેમના તેજને (વીર્યને) મેં પ્રાપ્ત કર્યુ નથી તેથી પુત્રવિનાની દુઃખિતા એવી હું હે દેવેશ! તમારી જ સ્તુતિ કરૂં છું અને અત્યારે આ વ્રતથી સર્વ સેનાનો વિજેતા અને સર્વમાં પ્રથમ પૂજય એમ બે પુત્રોને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખું છું. મારી આ પ્રાર્થના સાંભળીને હે કૃપાસિંધો ! મારા પર આપ કૃપા કરવા યોગ્ય છો. એમ અભ્યર્થના કરીને દેવી પાર્વતી મૌન થયા અને ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપમાં જ બે દિવ્ય પુત્રો દેવી પાર્વતીને પ્રદર્શિત કર્યા (અને સમય જતાં તેમાંથી એક દેવસેનાપતિ કાર્તિકેય અને બીજાં સર્વદેવોમાં પ્રથમ પૂજય ગણેશ થયા.)

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં પુત્રને માટે વ્રતકરનારી સ્ત્રીઓના દ્રષ્ટાંતો, દેવ ઋષિઓનું આગમન અને તેમના આશીર્વાદો અને શ્રીકૃષ્ણદર્શન ઈત્યાદિ નિરૂપણ નામે છન્નુમો અધ્યાય. ॥૯૬॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૨૪

શ્રીનારાયણ બોલ્યા : પૂર્વ બ્રહ્માના બ્રહ્માંડના મહાસર્ગમાં ક્ષીર સાગરમાં સુતેલા નારાયણ પ્રભુની એકાદશ ઈન્દ્રિયોમાંથી દાનવનાશિની જે કન્યા ઉત્પન્ન થઈ તે મહાસાધ્વી એકાદશી છે. વળી તે મહાપ્રલયના સમયે નારાયણની મૂર્તિમાં લય પામી અને તે પ્રભુની ઈન્દ્રિયોના સામર્થ્યાત્મક તેજ સ્વરૂપે સદા મૂર્તિમાં સ્થિર થઈ. પછી મહાસર્ગ (સૃષ્ટિના આરંભ) સમયે સ્વયં નારાયણે ઈશ્વરોને વ્રત કરવા માટે સુવણવર્ણવાળી, દિવ્ય, બારવર્ષની, સર્વાંગ સુંદર, સંપૂર્ણ વ્રત તપ તેજથી યુકત એવી કન્યા પ્રગટ કરી અને વ્રત કરવા માટે તે ઈશ્વરોને અર્પિત કરી. તે કન્યા નારાયણ પરાયણ હોય, મોક્ષ દાનમાં નારાયણથી ન્યૂન નથી. મહાબળ

વાળી તે બ્રહ્મરૂપ અક્ષર નામના પરમ ધામમાં મુક્તિઓથી મંડિત થયેલી વર્તે છે. ઈશ્વરો તેનું વ્રત કરીને અક્ષર પદમાં મુક્તિને પામે છે. એકાદશી આદિક બ્રહ્માણીઓ બ્રહ્મદેહવાળી, બ્રહ્મ રૂપા, બ્રહ્મના ઐશ્વર્યથી સંપન્ન, બ્રહ્મરૂપ મુક્તિ પ્રદાન કરનારીઓ છે. જયારે એકાદશીને બ્રહ્માએ પોતાની સૃષ્ટિમાં પધારવા માટે પ્રાર્થના કરી ત્યારે નારાયણ એવો જે હું તે નિમિત્ત માત્રે દેવતાઓના શત્રુના નાશ માટે તૈયાર થયો. તેથી ક્ષીર સાગરમાં જયાં હું સુતો છું ત્યાં મુર નામનો મહાઘોર અને બલીષ્ઠ દાનવ આવ્યો. તેની સાથે યુધ્ધ કરવા માટે અને તેના નાશ માટે મેં મારી શક્તિને પ્રકાશિત કરી. તો એકાદશ સંખ્યા વાળી, ઈન્દ્રિયોના સામર્થ્યથી યુકત, મોહ પમાડનારી, રમ્યા, મારા દ્વારા જેનું તેજ વધારાયેલું છે તેવી, સર્વાંગ સુંદરી કન્યાને મેં તે દાનવના વિનાશ માટે પ્રેરિત કરી. તે કન્યા જયાં તે દાનવનો નાશ કરવા જાય છે ત્યાં તો તે દાનવે એકાદશીના રૂપમાં મોહપામી અને તેને પામવાની ઈચ્છાથી તેની સામે વિવાહનો પ્રસ્તાવ મુકયો. ત્યારે કન્યાએ કહયું કે દુષ્ટ! યુધ્ધમાં મને અને નારાયણને જીતીને પછી મને પત્ની બનાવ અન્યથા તારૂં ઈચ્છેલુ થશે નહી. આવું સાંભળીને મુગ્ધ થયેલો તે દાનવ જયાં યુધ્ધ કરવા તત્પર થયો ત્યાં તો એકાદશી એ તેનું મસ્તક ખડગ વડે છેદી નાખ્યું. તેથી અસુર ધરતી પર પડયો, ફરી ઉઠયો નહી અને મૃત્યુને પામ્યો. હે લક્ષ્મિ ! ત્યારથી માંડીને મેં તે કન્યાને મહાન વરદાન આપ્યું કે તારૂં વ્રત કરનાઓ પરમ ગતિને પામશે. તારી પૂજા કરનારો અક્ષરબ્રહ્મને પામશે. તારા વ્રતનું ઉદ્યાપન કરનાઓ ઈષ્ટ મનોકામના પુરનાર સ્વર્ગને પામશે. પાપી ને તમારા વ્રતનું દાન કરનારો મુક્તિને પામશે. તારા વ્રતના પુણ્યને દેનારો ભોગ વૈભવને પામશે. સકામ અથવા નિષ્કામ ભાવે જે જે તમારે શરણે આવશે તે નર નારીઓ હોય, દેવતાઓ હોય કે દૈત્યો હોય તે સર્વ પોતાના ઈષ્ટ એવા સ્વર્ગ

અથવા મોક્ષપદને નિશ્ચય પામશે. હે કન્યા ! તું મહાપાપો અને અતિપાપોનું નાશ કરનારી, સુખ દેનારી, મનુષ્યોને પાવન કરનારી તથા મોક્ષ દેનારી થા. આમ તે એકાદશી મારા દ્વારા અપાયેલા વરદાનથી સર્વ પાપોનો નાશ કરનારી અને મહા મોક્ષ ગતિને દેનારી હોય સર્વથી અધિક વર્તે છે. ત્યાર પછી તેણે મને કહયું કે હે નાથ ! તમે મારી એકલીનું જ સર્જન કર્યું છે. જનો અને લોકો તો અનંત છે. તે બધામાં હું કેવી રીતે રહું ? તેથી હું અનેકરૂપા થાઉ તેવી કૃપા કરો. ત્યાર પછી મેં તેને મહાન સામર્થ્ય આપ્યું. તેથી મુખ્ય ચોવીસ સ્વરૂપા થઈ અને બ્રહ્માંડોની વિપુલતા હોવાથી તે અનંત સ્વરૂપો વાળી થઈ. આમ એકાદશીઓ અપ્રતિમ સ્વરૂપોવાળી થઈ. ત્યાર પછી મેં પણ મારા સંકલ્પોથી ફરી ફરી (કાળાંતરે) અનંત કોટી એકાદશીઓ મારી મૂર્તિથી પ્રગટ કરી. તેમા મુખ્ય તથા પરા અને તેની અનંત દાસીઓ મેં બનાવી. તે બ્રહ્માંડોમાં સર્વત્ર મનુષ્ય વગેરેનો મોક્ષ કરનારી છે. આ બ્રહ્માંડમાં તે એકાદશીનું ધામ બ્રહ્માના સત્યલોકમાં નિર્મિત કરેલું છે. તપ કરનારી તપસ્વિની સાધ્વીઓ ત્યાં વસે છે. તેઓ સર્વદા અક્ષતસૌભાગ્યા, નારાયણપરાયણા, અક્ષરસામર્થ્યા, દિવ્યા અને બાર વર્ષની કુમારીકાઓ રૂપે વર્તે છે. મુક્તિ નામની સુસમૃદ્ધ દશાને પમાડનારી હોવાથી તે પાપનાશિની એકાદશી એવા નામની મનાય છે. દિવ્ય મૂર્તિ સ્વરૂપે તે નિત્ય પૂજાઓનું ગ્રહણ કરે છે. તેથી હે લક્ષ્મિ ! તારા દ્વારા પણ તે સાધ્વીઓ સર્વદા મારી જેમ જ પુજવા યોગ્ય અને સેવવા યોગ્ય છે. (હવે પછી અથ શબ્દથી બીજો વિષય શરુ કરે છે) ઈશ્વરો, દેવો, ઋષીઓ, પશુપક્ષીઓ, માનવો, દૈત્યો, જળ સ્થળ નિવાસીઓનો જયારે મારો આર્વિભાવ થાય છે ત્યારે વિજય થાય છે કારણ કે મારી સાથે જયા અને વિજયા નામની, મારા શરીરથી પ્રગટ થનારી, મારી જ દાસી કે જે અતિ સામર્થ્યવાળી, પ્રાગટય નામ વાળી અને મારાથી

અભિન્ન છે તે આવેલી હોય છે. સર્વથા દિવ્યા, શુભા, કુમારી કન્યકા, નક્કી જ ભકતોને મોક્ષ દેનારી, નારાયણી, મદાત્મિકા, બ્રહ્મરૂપા અને મારી મૂર્તિરૂપા તે જયંતિ (જન્મ જયંતિ) એવા નામથી વિખ્યાત થાય છે. તે જયંતિ મારા વિના કયાંય પણ નિવાસ કરતી નથી. તેથી જય પમાડનારી જયંતી મુક્તિદાત્રી થઈ મારી સાથે જ રહે છે. તેને પણ મેં અનેક રૂપ ધારણ કરવાની શક્તિ આપી તેથી તે જયંતિ પણ અનેક કોટિ સ્વરૂપે થાય છે. આમ જયંતિઓ અનંત છે. શ્રીહરિ એવો હું જયાં જયાં પ્રગટ થાઉં છું ત્યાં ત્યાં મારી સાથે સાધ્વી અને મોક્ષ દેનારી તે જયંતિ પ્રગટ થાય છે. વળી મેં અસંખ્ય ગૌણી જયંતિઓ પણ બનાવી તેઓ સદા તેમની દાસીઓ હોય મુખ્ય જયંતિઓની સાથે રહે છે. તેઓની સેવા કરવાથી, પૂજન કરવાથી, વ્રતના આચરણથી, જીવ અને ઈશ સૃષ્ટિમાં સ્થિત જીવોને મુકત કરે છે. તેઓનો વાસ મારી સાથે છે તેથી જયાં હું છું ત્યાં તેઓ સ્થિત છે. બ્રહ્મલોકમાં, ઈશલોકમાં, અને જીવલોકમાં બ્રહ્માનાં સત્યલોકમાં જયંતિઓના દિવ્ય આવાસો સ્થિર કરાયા છે. ત્યાં કોટિ જયંતિઓ નિવાસ કરે છે. જયાં શ્રીહરિનો ઉત્સવ થાય છે ત્યાં સાધ્વી રૂપા, સુંદર રૂપા, ઉત્સવ રૂપા, વ્રતરૂપા અથવા અરૂપા તેઓ આવે છે અને તેઓ સર્વથા (તે વ્રત ઉત્સવ કરનાર કરાવનારને) મોક્ષ દેનારી થાય છે. તેથી જેને પોતાની મુક્તિની ઈચ્છા હોય તેવા નર નારીઓએ સર્વદા મારી જન્મજયંતિનું સેવન કરવું જોઈએ. કારણકે મુક્તિ સદા તેમના હાથમાં સ્થિત છે. આમ જન્મતિથીઓએ પૂજાયેલી (વ્રત કે ઉત્સવ રૂપે ઉજવાયેલી) જયંતિઓ ભકતોને મારા સમાન અને મદાત્મક કરે છે. શુદ્ધ કે મલિન જે કોઈ ભકત આ વ્રતનું આચરણ કરે છે તે મને પ્રસન્ન કરીને મારા અવ્યય પદને પામે છે. આ જયંતિની રમણીય કથા સાંભળીને, અનેક પ્રકારના દાનો આપીને, તેનું વ્રત કરી શુદ્ધ થઈને જયંતિઓનું પૂજન કરીને

શ્રીહરિની કૃપાથી પરાગતિ પમાય છે. આમ જયંતિઓ મોક્ષદાન આપવાથી વિજય પામે છે. ગાયત્રી અને સરસ્વતિ નિત્ય ગર્જના કરે છે વળી ગીતાઓ અને એકાદશીઓ પણ ત્યાં સુધી જ ગર્જના કરે છે જયાં સુધી ત્રિભુવનમાં જયંતિઓ ગર્જના કરતી નથી. મુક્તિ દેનાર કોઈપણ ગર્જનાઓ જન્મ જયંતિની ગર્જના સમાન નથી. તેથી શ્રીહરિની જન્મ જયંતિઓ મોક્ષ આપવામાં સૌથી શ્રેષ્ઠ છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં કૃતયુગ સન્તાનમાં
એકાદશી અને જયંતિઓનું મહાત્મ્ય કહયું
તો નામક ચોવીસમો અધ્યાય ॥૨૪॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૧૫૫

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો પરવૈકુંઠમાં નિવાસ કરનારી મહાલક્ષ્મી નારાયણની સાથે જેવી રીતે રૈવતગિરી પર આવી તે કહું છું. જયારે શ્રીહરિએ બલિને બાંધ્યો ત્યારે અહિં રૈવતગિરિ પર મંડપમાં બલિની પત્ની સંધ્યાવલીએ રાજાબલિના બન્ધનની નિવૃતિ માટે મહાવૈકુંઠધામમાં સ્થિત એવા મહાલક્ષ્મીને સંભાર્યા અને પ્રહ્ન્વીભાવથી હૃદયમાં આવેલા મહાલક્ષ્મીને સ્તોત્રો વડે નમસ્કાર કરીને કહ્યું કે હે માતા મહાલક્ષ્મી ! આપને નમસ્કાર છે. મારા પતિ એવા તમારા ભકતની રક્ષા કરો. પ્રકૃતિનામની સંજ્ઞાને ધારણ કરનારા અને મુલા (સુષ્ટિનું મુળ) એવા આપનો નમસ્કાર છે. સંહર્ત્રી બ્રહ્મમાતા અને કુક્ષિસૃષ્ટિ એવા તમને નમસ્કાર છે. વામન અને દીર્ઘ નારાયણો તમારા મુખમાં છે અને મહાકાળ ઈત્યાદિ પણ જેમના ગ્રાસ (કોળીયા) છે તેવા આપને નમસ્કાર હો. સંકર્ષણો, રૂદ્રો તથા યમો તે તમારા મુખની એક દાઢના ચર્વણ છે એવી હે મહામાતા ! આપને નમસ્કાર છે. વાસુદેવ,

ભૂમાપુરૂષો, નારાયણો તે બધા તમારા પગની લાતથી તાડિત થયેલા છે એવી હે મહાશક્તિ ! આપને નમસ્કાર છે. તમારાથી લક્ષ્મીઓ અને મહાવિષ્ણુઓ ઉત્પન્ન થયા છે અને તમારા રોમમાં અનેક બ્રહ્માંડો છે એવી હે મહાલક્ષ્મિ ! અમારી રક્ષા કરો આપને નમસ્કાર છે. તમારા ગુપ્તભાગમાં મહાઅગ્નિઓ, તમારા સ્વેદમાં (પરસેવામાં) વડવાનળો અને તમારા ગર્ભમાં ઈશ્વરો છે એવી હે ચંડલક્ષ્મિ ! આપને નમસ્કાર છે અમારી રક્ષા કરો. તમારા જૃંભણમાં (બગાસામાં) પ્રલયો છે અને તમારા ક્રોધથી કાળ કંપે છે. બ્રહ્માંડો ચુર્ણ ચુર્ણ થઈ જાય છે તેવા તમને નમસ્કાર છે. હે મહામાયે ! હે પરમેશ્વરી ! મારા પતિની રક્ષા કરો રક્ષા કરો. ચંડી, તંડી, મહામુંડી, ઘમંડી, ડિંડિકા, કાલી, કરાલી, પ્રજવાલી, લિહાલી, રક્તિલા આ બધી તમારા લેશમાત્ર રકતને પામેલી શક્તિઓ છે એવી તમો મારા પતિની રક્ષા કરો જલ્દી કરો શીઘ્ર રક્ષા કરો અન્યથા હું મારૂ ગળુ કાપીને મારા મસ્તકથી તમારી પૂજા કરીશ. જો હું વિધવા થાઉ તો પહેલા તમે વિધવા થાઓ, જો હુ રાજયવિનાની થાઉ તો તમે વૈકુંઠ વિનાના થાઓ, જો રાજા (બલિરાજા) અપમાનિત થાય તો તમારા પતિ પણ અપમાનિત થાઓ, જો મારા યજ્ઞમાં વિઘ્ન થાય તો તમારા યજ્ઞમાં પણ નક્કી જ વિઘ્ન થાઓ, આમ તે સન્ધ્યાવલી ક્રોધના વેગથી સભાસદો સાંભળતા હતા છતા બોલતી હતી ત્યારે દેવતાઓ નહિ નહિ એમ કહી તે સ્ત્રીને નિવારતા હતા. તેટલામાં મહાપ્રભુની પત્ની મહાલક્ષ્મી ત્યાં પધાર્યા અને તે રાણીને સાન્ત્વના આપીને વામન ભગવાનના પગમાં પડયા અને કહેવા લાગ્યા કે હે પ્રભો ! આ ભક્તનું બધુ જ ના લઈ લો ત્યારે વામન બોલ્યા કે હું આને મારતો જ નથી અને આ મારા શ્રેષ્ઠ સેવકને હું રાજય થી પણ ભ્રષ્ટ નથી જ કરી રહયો. હે પ્રિયે ! સન્ધ્યાવલી સદૈવ સૌભાગ્યવતી થાઓ અને આ દૈત્ય (બલિરાજા) સુતળ નામના લોકમાં દૈત્યોનું

રાજય કરો. જયારે હું વૈકુંઠ છોડીશ ત્યારે હે મહાલલક્ષ્મિ ! તમારી સાથે હું તે બલિના ઘરમાં નિવાસ કરીશ આમ રાણી મારી સેવા કરે અને દેવોનું રાજય દેવોને તથા દૈત્યોનું રાજય બલિને દઈને જવું છે. સંધ્યાવલીનું શુભ થાઓ. પછી દૈત્યવર્યોએ તે મહાલક્ષ્મીની પૂજા કરી અને સર્વસૌભાગ્યની રક્ષા કરનારી તે માતા મહાલક્ષ્મીની દેવો દ્વારા પણ પૂજા થઈ પછી રૈવતગિરિ (ગિરનાર પર્વત) દ્વારા પ્રાર્થના કરાએલી તે મહાલક્ષ્મી સર્વસૌભાગ્યના હેતુ માટે વામન ભગવાનની સાથે સદા ત્યાં રૈવતથી પશ્ચિમભાગની ઉંચાઈ પર નિવાસ કરીને રહયા, મહામાયા મહાલક્ષ્મી પ્રાણરક્ષા કરનારી છે તે દીપોત્સવના (દિવાળીના) દિવસે વંદન કરાએલી, પુષ્પ કુંકુમ, અક્ષત (ચોખા), ચન્દન, સિન્દુર, શ્રીફળ, વસ્ત્ર, સાડી, અત્તર, અબીલ, ગુલાલ વિગેરે સૌભાગ્ય દ્રવ્યો, વિવિધ પ્રકારના ભોજનો, અનેક પ્રકારના પેય (પીવા લાયક) પદાર્થો, ચોળી, આભુષણ, કડાઓ, ઉર્મિ શ્રૃંખલા, તોડાઓ, મંગળ સૂત્ર, કુંડળ ઈત્યાદિ વડે આદરપૂર્વક પૂજાએલી અને તેથી જ પ્રસન્ન થયેલી તે દેવી અસૌભાગ્ય અમંગળ અને અનર્થનો નાશ કરે છે અને રાજય, કુશળ, પતિ, પુત્ર તથા ધન વિગેરે આપે છે. પૂજન માટે મહાલક્ષ્મીની મૂર્તિ ચારભુજાઓવાળી, સારા સ્વરૂપવાળી, મનોહર, સોળવરસની, જમણાં બે હાથમાં પદ્મ (કમળ) અને અમૃતકળશ ધારણ કરેલી અને ડાબા બે હાથમાંથી એકમાં પૂજાપાત્ર ધારણ કરતી અને બીજા હાથે અભયદાન આપતી મૂર્તિ બનાવવી અને તેની ષોડશોપચારો વડે પૂજા કરવી અને સ્તુતિઓ કરવી, વિવિધ પ્રકારના ભોજનો નૈવેદ્ય ફળ તાંબૂલ અર્પણ કરીને દક્ષિણા આપવી પછી આરતી કરી હીરા, રત્નમણિ, સુવર્ણ, રેશમી વસ્ત્રો, કમ્બલો (કામળાઓ) તથા ગાયોના દાન જે આપે છે તેને મહાલક્ષ્મીના પ્રતાપથી અક્ષય પુણ્ય થાય છે અને અનેક ભોગોને ભોગવીને તે અંતે વૈકુંઠમાં વાસ કરે છે. વળી (તે દિવસે) બાર વરસની ના થઈ હોય તેવી કન્યાઓ લક્ષ્મી સ્વરૂપા કહેવાય છે તેથી તેમની લક્ષ્મીની

જેમ અન્ન વસ્ત્ર ધન ઈત્યાદિ આપીને પૂજા કરવી અને આભુષણ અલંકાર દ્રવ્ય ઈત્યાદિથી સુશોભિત કરી વિવિધ મિષ્ટાન્ન પકવાન અને પાયસાન્નના સદ્રસ વડે જમાડવી વળી સાધ્વીઓ તથા વિરકત સાંખ્યયોગીઓની પણ પૂજા કરવી જમાડવા અને વિવિધ દાન દેવા તે પણ ઈષ્ટને કરનારૂ છે અને જો આર્થિક પરિસ્થિતિ સારી હોય તો બાળકોએ સહિત સધવા સ્ત્રીઓ, વિધવાઓ, દીનજનો, શરણ્યો, નિરાશ્રિતો, અશકતો વિગેરેને જમાડવા પૂજવા અને દક્ષિણા આપવી. આ બધાનું સતત સન્માન કરવું (તેમના પ્રત્યે આદરભાવ રાખી યથાશક્તિ તેમનો દાન-ભોજન ઈત્યાદિ આપવું) તેમની તૃપ્તિમાં લક્ષ્મીની તૃપ્તિ છે. મહાલક્ષ્મી પ્રસન્ન થતાં સર્વ સમૃદ્ધિઓ વધે છે કંઈ પણ ન્યૂન (ઓછું) થતુ નથી. જે જે અપેક્ષા હોય તે બધું મળે છે વળી સારી રીતે પૂજાએલા આ મહાલક્ષ્મી ઘરમાંથી અલક્ષ્મીને દુર કરે છે. હે લક્ષ્મિ! પ્રસંગ પ્રાપ્ત થતાં સમુદ્રમંથન વખતે સુખદેનારી જે કથા થઈ હતી તે કહું છું તમે સાંભળો. દુર્વાસાએ દીધેલી પારિજાતપુષ્પોની માળા ઈન્દ્રએ હાથીના માથા પર ફેંકી, હાથીએ તો નીચે પાડી પગ તળે કચરી. આ જોઈ ઋષિએ ઈન્દ્રને શ્રાપ આપ્યો કે મારા દ્વારા અપાયેલી આ માળાનું અપમાન કરનાર હે ઈન્દ્ર ! તારી લક્ષ્મી નષ્ટ થાઓ. આ શ્રાપથી ક્ષણવારમાં લક્ષ્મી અન્તર્ધાન પામી (લુપ્ત થઈ ગઈ) અને રત્નો બધા સમુદ્રમાં સમાઈ ગયા. તે લક્ષ્મીની પ્રાપ્તિ માટે દેવ અને દાનવોએ મળીને ક્ષીર સાગરનું મંથન કર્યુ ત્યારે મંદરાચળને કુર્મરૂપધારી ભગવાન શ્રીહરિએ પોતાની પીઠ પર ધારણ કર્યા, મંથનથી પહેલા કાળકૂટ મહાવિષ નિકળ્યું તે બધું શંકર પાન કરી ગયા. ફરી તે મંથન શરૂ કર્યુ. હે લક્ષ્મિ ! દૈત્યો દેવો અને મારા દ્વારા મંથન થાતા સમુદ્રમાંથી લાલ વસ્ત્રોથી આવૃત્ત જયેષ્ઠા દેવી ઉત્પન્ન થઈ તે અલક્ષ્મી અને તમારી મોટી બહેન શરીરથી અસુંદરી રૂપમાં કિરાતી (આદિવાસી પ્રજા) જેવા રૂપવાળી, ધીવરી (માછીમારની સ્ત્રી)

જેવા મુખવાળી, કૂકલાસ સમા કાનવાળી, નળીયા સમાન નાક વાળી, ભેંસ જેવા નેત્રોવાળી, રાક્ષસી જેવા મસ્તકવાળી, ખગ્રાસ જેવા ભાલવાળી, શાહી જેવા કાળા ગાલવાળી, શૂળના અગ્રભાગ સમાન દાંતવાળી, ઉંટના હોઠ જેવા હોઠ વાળી, હાથિણી જેવા કંઠવાળી, ગધેડી જેવા સ્વર (અવાજ) વાળી, બાવળ જેવા હાથવાળી, રાફડા જેવા સ્તનો વાળી, કોઠાર જેવા પેટવાળી, પત્થર જેવા પૃષ્ઠ (વાંસો), વાળી ઘાણી જેવી કેડ વાળી, ખજુર જેવા પગવાળી, જળો જેવા આંગળીઓવાળી, કાચબાની પીઠ જેવા નખોવાળી, દેડકી જેવી જીભ વાળી, કુતરી જેવા સ્વભાવવાળી, પ્રસન્ન થતા દરિદ્રતા રૂપ આભા(શોભા) વાળી, હસવામાં કંગાળ જેવી, વસ્ત્રમાં મોચણ જેવી, નિવાસમાં ચાંડાળ જેવી, જૃંભણ (બગાસા) માં જળવગરના સરોવર જેવી, મ્રોડનમાં ખાણ જેવી, સહવાસમાં ભાંડી જેવી, વિવાહમાં ક્ષારભૂમિ જેવી, સંવાદમાં રણભૂમિ જેવી, વૈમનસ્યમાં સમૃદ્ધિ જેવી હતી. તેને જોઈને દેવ દાનવ માનવ વિગેરે સર્વે ત્રાસ પામ્યા અને વિચાર કરવા લાગ્યા કે તમામ રીતે અમંગળા આ કોણ છે ? કાળરાત્રી છે મહામારી છે કે પ્રલયની ભૂખ છે ? વળી તે શંખલાની માળા હાથમાં લઈ પતિની ઈચ્છાથી પતિને શોધવા માટે આમ તેમ જતી હતી. તેને પાસે આવતી જોઈને તેને ન ઈચ્છતા એવા દેવતાઓ અને અસુરો દૂર ભાગતા હતા અને આ બાજુ ના આવ, મારી પાસે નહી, બીજા પાસે જા એમ બોલતા હતા. જયારે કોઈએ પણ તેની વરમાળા સ્વીકારી નહી ત્યારે નિરાશ થયેલી તેણીએ કહ્યું કે મને કયાંક વાસ આપો. ઉત્પન્ન થયેલી એવી હું નિરર્થા (અર્થ વિનાની) છું. મારે શું કરવાનું છે ? ત્યારે તે દેવીને દેવ અને અસુરગણોએ જલ્દીથી આમ કહ્યું કે જેના ઘરમાં રોજ કલહ વર્તાતો હોય તે સ્થાન તને આપીએ છીએ. તમામ અશુભોથી યુકત તું ત્યાં વસ. જેના ઘરમાં અભિચાર માટે ખોપરી હાડકા ઈત્યાદિ વડે પૂજન થતુ હોય, જયાં કઠોર શબ્દો બોલાતા હોય, મન્ત્ર તન્ત્ર દ્વારા

જયાં મારણ થતું હોય, અસત્ય, સાહસ, જુગાર, મદીરાપાન, મૃગયા, અભિમાન, માતાપિતાની અસેવા, ગુરૂજનોનું અપમાન, સ્ત્રી અને બાળકોના નિશાસા, કુટુમ્બી બાંધવોમાં કલેશ, પંકિતભેદ અને વ્યભિચાર જયાં છે તેના ઘરમાં દુઃખ અને દારિદ્રયને દેનારી તું નિવાસ કર. જયાં ગાય આદિક પોતાને આધીન રહેનારા પશુઓના નિશાસાઓ હોય, આશ્રિતોનું પાલન જયાં નીતિપૂર્વક ના થતુ હોય વળી સાસુ સસરામાં, પતિ-પત્નીમાં, પુત્રોમાં, પુત્ર પિતામાં, ભાઈઓમાં, માતા પુત્રીઓમાં, અને બહેનોમાં જયાં પરસ્પર વૈમનસ્ય હોય ત્યાં હાનિદેનારી તું વસ. જયાં કુટુંબીજનોમાં ચોરી કરી ખર્ચ કરાતો હોય, જે ઘરના કુટુંબમાં પોતપોતાના સ્વાર્થનીજ પ્રવૃતિ હોય, જયાં સ્વજનો પોતાના ઘરને પણ પારકુ ઘર માનતા હોય, કાર્યો કરવામાં (ઉદ્યમ કરવામાં) જયાં આળસ થતી હોય, અન્યને આધારે જયાં આજીવિકા ચાલતી હોય, જયાં વૃદ્ધોના વચન માન્ય ના થતા હોય, સ્નાન દેવપૂજા જપ ઈત્યાદિ જયાં ન થતા હોય, જયાં મનુષ્યને લગતા, દેવને લગતા કે વાર્ષિક ઉત્સવો થતા નથી વળી જયાં લોભ છે અને અધર્મમાં ધનનો વ્યય થાય છે ત્યાં વસ અને સુખી થા. જયાં પ્રાણીઓની હિંસા અને સત્પુરૂષોની નિંદા થતી હોય અને જયાં ધર્મનો દ્રોહ અને નાસ્તિકતા હોય ત્યાં કળીયુગને પ્રિય એવી તું વસ. જયાં અતિથિસત્કાર કે શુદ્ધિ નથી અને જયાં મલિનતા છે, નિરૂદ્યમતા છે, ક્ષણે ક્ષણે ક્રોધ છે, વિષયની તૃષ્ણાઓ છે, જીભ અને શિશ્નને લગતી જ પ્રવૃતિઓ છે, સીમાઓ રહિત વ્યસનો છે, ન્યાયથી બહાર દાસ દાસી કર્મચારીઓનું પીડન છે, પશુ પક્ષીઓ ગાય ભેંસ હાથી ઘોડા ઈત્યાદિનું પીડન છે અને ઘરના માણસોમાં અવિશ્વાસ છે ત્યાં વાસ કર. જયાં શ્રાદ્ધ નથી થતું, પિંડદાન નથી થતું, સ્વાહા સ્વધા વષટ્કાર ઈત્યાદિ ક્રિયાઓ નથી થતી, ભૂતયજ્ઞ, દેવયસ, બ્રહમયજ્ઞ નથી થતા, સ્ત્રી પુત્ર અને ગૃહસ્વામીમાં કે શેઠ અને નોકરમાં અસત્ય છે, લાંચ ખવાય

છે, પરદ્રોહ થાય છે, રક્ષણ કરવા યોગ્ય (બાળક સ્ત્રી વૃદ્ધ ઈત્યાદિ) નું અરક્ષણ, પોષણ કરવા યોગ્યનું અપોષણ અને દંડ દેવા યોગ્યને અદંડ છે ત્યાં તું નિવાસ કર. દેવ બ્રાહ્મણ અને ગાયોની આજીવિકાના હરણ કરનારના અને અનાથ અશકત અંધ ઈત્યાદિકને દુઃખી કરનારાના ઘરમાં સદા તુ વસ. સાધુ સાધ્વી યતિ યોગી વિરકત ઈત્યાદિકનો દ્રોહ કરનારાના અને દાન અને ધર્મનો નિષેધ કરનારના ઘરે સદા વસ. દેહથી ચોરી, મનથી ચોરી અને હૃદયથી જે ઘરમાં ચોરી થતી હોય ત્યાં વસ. અન્યાયથી ધનકમાનારના, ત્રાજવામાં ખોટો તોલ કરી છેતરનારના અને કૂટસાક્ષી (ખોટી સાક્ષીપુરનાર) ના ઘરે સદા વસ. વિદ્વાનોના અપમાન કરનારના ઘરે સદા વસ. ચૌદલોકમાં જયાં અન્યાય અવિવેક અને પૂજયપૂજાનો વ્યતિક્રમ (પૂજનીયની પૂજા ના થવી અને અપૂજયની પૂજા થવી) હોય ત્યાં વાસ કર. કપટથી યુકત દુકાનદારમાં, કપટથી યુકત વેપારીમાં અને કપટયુકત આચરણ કરનારમાં સદા વાસ કર. જયાં રાજા ધર્મપક્ષી હોય પ્રજા સાહસભક્ષિણી હોય અને રાષ્ટ્ર હૃદયભક્ષિ હોય ત્યાં સદા તું વાસ કર. જયાં કન્યાને વેચીને ધન મેળવાય છે અને જયાં નારીઓને વેચવાની વૃત્તિ (આજીવીકા) છે ત્યાં સદા નિવાસ કર. જયાં શીલવ્રત નથી હૃદય નિર્મળ નથી, પદનો ક્રમ પણ કપટથી છે અને શઠતા છે ત્યાં સદા વાસ કર. રાગદ્વેષથી યુકત થકો જેનો દિવસ જાય છે અને અધર્મનો જયા વંશ છે ત્યા સદા વસ. કૃતઘ્નતા (કરેલો ઉપકાર ભૂલી જાય તે), ઠગતા, પાશક (જાળ પાથરી શિકાર પકડનાર) ના, આતતાયીના (પોતાને મારવા તૈયાર થયા હોય તેવાના), અગ્નિદેનારના (કારણ વગર વન ઈત્યાદિ બાળનારના), દુઃખ દેનારના, કારણ વગરની હત્યા કરનારના અને વિધર્મીના ઘરે ધ્રુવવાસ કર. બીજાની ગુપ્ત વાતનું પ્રકાશન કરનારના, દુષ્ટના અને અન્ન વસ્ત્ર પૃથ્વીનું દાન નહિ કરનારના

ઘરમાં સદા નિવાસ કર. ચુગલીખોરના, ભેદકના (ભેદ પડાવનારના) અને કલેશ કરાવનારના ઘરમાં નિવાસ કર. રાજયમાં, રાષ્ટ્રમાં, અરણ્યમાં, વાટિકાઓમાં, વનોમાં, ઉદ્યાનમાં, ખેતર વાડીમાં, પર્વતમાં, સ્થળમાં, જળમાં, વૃક્ષમાં, ધાન્યમાં, બીજમાં, રત્નમાં, સોનામાં, રસમાં, રણમાં, સંગ્રામમાં, દેવ સંબંધી કે મનુષ્ય સંબંધી ઉત્સવમાં કે દેવસંબંધી સ્થળ કે જળમાં, તીર્થમાં, ભોજય(ખાવા યોગ્ય પદાર્થો)માં, વ્યવહારમાં, ખરીદમાં, વેચાણમાં, વિદ્યામાં, કળામાં, શિલ્પમાં, ઋતુમાં, વર્ષામાં અને જયાં જયાં તેનો માલિક શઠ, ધૂર્ત, લુચ્ચો, ચોર, પાપી, દુષ્ટ અન્યાયી અને મહાપાપી હોય ત્યાં ત્યા સદા નિવાસ કર. તને જાજુ કહેવાથી શું લાભ ? જયાં હિંસા, અસત્ય, ચોરી, કુવ્યવસાય, ગૃધ્ના (બીજા નું હડપ કરી લેવાની વૃત્તિ), અશુદ્ધિ, તૃષ્ણા, નિંદા અને લક્ષ્મીનો વાસ ના હોય ત્યાં સદા તારો વાસ થાઓ. આમ કહીને દેવોએ ઉદ્દાલક ઋષિને તે આપી અને તેમને પત્ની સાથે ત્યાંથી વિદાય કર્યા અને ફરીથી તે બધા ક્ષીરસાગરનું મન્થન કરવા લાગ્યા. ત્યાર બાદ શુભાનના (સુંદર મુખવાળી) વારૂણી દેવી ઉત્પન્ન થઈ. નાગરાજ અનંતે તે સુંદર લોચનવાળી વારૂણી દેવીનો સ્વીકાર કર્યો. ત્યાર પછી સારા લક્ષણો વાળી ગારૂડી દેવી ઉત્પન્ન થઈ તે વૈનતેય અર્થાત્ ગરૂડની પત્ની થઈ. ત્યાર પછી દિવ્ય રૂપ સમ્પન્ન અપ્સરાઓનો સમૂહ અને મધુર ગાયનમાં તત્પર એવા ગન્ધર્વો ઉત્પન્ન થયા. ત્યાર પછી ઐરાવત, ઉચ્ચૈઃશ્રવા, પારિજાત, સુરભિ અને ધન્વન્તરી ઉત્પન્ન થયા આ બધાને સર્વ દ્વારા શ્રેષ્ઠ મનાએલા શ્રીહરિએ ગ્રહણ કર્યા. ત્યાર પછી બારસના દિવસે સૂર્યોદય થતા પ્રભાતના સમયે ક્ષીરસાગરના મંથનથી શ્રીમહાલક્ષ્મી ઉત્પન્ન થયા. ત્યાર પછી ચંદ્ર અને હરિપ્રિયા તુલસી ઉત્પન્ન થયા અને તુલસી સહિત માં લક્ષ્મી કેશવ એવા ભગવાન શ્રીહરિને પરણ્યા. ત્યાર પછી ભગવાને દેવ-દાનવ-

માનવ મહામુનિઓ આદિ બધાને કહ્યું કે સર્વ ઉપદ્રવોનો નાશ કરનારી એકાદશી મહાપુણ્યવાળી છે તેથી પણ દ્વાદ્વશી (બારસ) પુણ્યવતી અને મને પ્રિય છે. આજથી લઈને જે લોકો એકાદશીનો ઉપવાસ કરીને બારસના દિવસે સૂર્યોદય થતાં પરમ શ્રદ્ધાથી યુકત થઈ તુલસી અને લક્ષ્મી સહિત મારૂં પૂજન કરશે તે સર્વે બંધનથી મુકત થઈ મારા પદને પામશે. જે લોકો બારસના દિવસે પુરૂષોતમ એવા મારૂ પૂજન કરતા નથી તે પાપી નાસ્તિક અને મારાથી વિમુખ લોકોને દુરત્યયા એવી મારી માયા વિષયોથી બાંધીને સતત સંસારમાં પાડે છે. ત્યારથી માંડીને ઋષિઓ દેવતાઓ ઈશ્વરો સિદ્ધો મનુષ્યો યોગિઓ મુનિઓ ઈત્યાદિ સર્વે ભગવાન વિષ્ણુની આજ્ઞાને માનીને પરમ ભક્તિથી યુકત થઈ એકાદશીના દિવસે ઉપવાસ કરી બારસના દિવસે લક્ષ્મીનારાયણ એવા મારૂ ભક્તિપૂર્વક પૂજન કરતા હતા. બારસનો વાર તે પણ મારો જ વાર કહેવાય છે. દંપતિનું સદા એકપણું હોવાથી તેને હરિવાસર અથવા લક્ષ્મીવાસર પણ કહેવાય છે. હવે તમે શું સાંભળવા ઈચ્છો છો ?

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં
રૈવતાચલમાં મહાલક્ષ્મીનું આગમન તેમનું પૂજનાદિ
સમુદ્રમન્થનમાંથી અલક્ષ્મીની ઉત્પત્તિ, તેનું સ્વરૂપ, તેના
નિવાસ સ્થાનો, ત્યાર પછી તુલસી અને લક્ષ્મીનો પ્રાદુર્ભાવ
અને બારસનો મહિમા નિરૂપણ એ નામે
એકસો પંચાવનમો અધ્યાય ॥૧૫૫॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૨૩૩

શ્રીલક્ષ્મી બોલ્યા : હે નારાયણ ! હે મહાવિષ્ણો ! હે કૃષ્ણ! હે શ્રી કમલાપતે ! દ્વારકાનું વૃત્તાંત સાંભળીને મને પરમાનંદ થાય છે. હે પ્રભો! કૃપાળુ એવા તમે મને આજે કૃતકૃત્ય કરી હવે મને

ત્રિસ્પૃશાનું માહાત્મ્ય અને સ્વરૂપ કહો. શ્રીનારાયણ બોલ્યા હે લક્ષ્મિ! સાંભળો હું તમને ત્રિસ્પૃશાનું માહાત્મ્ય કહું છું. જેના સમાન બીજું કોઈ વ્રત નથી. જે ફળ અને મોક્ષ દેનાર છે, જેનું ફળ સાંભળીને કર્મબન્ધનથી મુક્ત થવાય છે. અને જે વ્રત કરવાથી માધવ પ્રસન્ન થાય છે તથા મોક્ષને પમાય છે તે સર્વ સંકલ્પો પુરનારૂ વ્રત હું કહું છું. જેણે તે વ્રત કર્યુ તેણે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણની પૂજા કરી જ છે. ત્રિસ્પૃશા એવું નામ બોલનારો પુરશ્ચરણનો પુણ્યભાગી થાય છે. જેણે ત્રિસ્પૃશા કરી નથી તેની વેદો, પુરાણો, યજ્ઞો, તીર્થો, અસંખ્યકૃચ્છ્ર વ્રતો અને પૂજિત દેવતાઓ વડે પણ મુક્તિ થતી નથી. બ્રહ્માજીના પુછવાથી મેં ત્યારે કહ્યું હતું કે વિષયોથી વ્યાકુળજનોના સમૂહને તારનારો જો કોઈ મહાપથ હોય તો તે ત્રિસ્પૃશાનું વ્રત છે. (તેવા મનુષ્યો માટે) બીજો પથ મુક્તિદેનારો થતો નથી. ઉન્મત્ત થયેલા ઈન્દ્રિયો રૂપી ઘોડાઓ તપ વિના સ્થિર થતા નથી અને એ તપ ત્રિસ્પૃશા એકાદશીના વ્રતરૂપી છે. વિષયોરૂપી અરણ્યોમાં મગ્ન એવા લોકો પણ જો આ વ્રત કરશે તો તેઓની પણ શાશ્વતકાલિક મુક્તિ થશે. તેથી આ ત્રિસ્પૃશાનું વ્રત કરવું જોઈએ. વળી ઘણા સત્પુરૂષોએ આ ત્રિસ્પૃશાનું વ્રત કર્યુ છે. જો યોગાનુયોગ કાર્તકના શુકલપક્ષમાં (સુદ પક્ષમાં) તે આવે તો દસહજાર સોમયજ્ઞનું પુણ્યદેનારી અને અંતમાં મુક્તિ દેનારી થાય છે. કોટિ હત્યાઓના મહાપાપોને પણ નાશ કરી દે તેવી આ મહાબળવાળી છે. ત્રિસ્પૃશાનું વ્રત કરવાથી બ્રહ્મહત્યાદિક પાપો પણ સદ્યઃ (જલ્દીથી જ) નાશ પામે છે તો બીજા પાપોની તો શું વાત ? હે મહાલક્ષ્મિ ! જો ત્રિસ્પૃશા ના કરી હોય તો પ્રયાગ, પુષ્કર, બદ્રિનાથ, કાશી, ગોમતી, નર્મદા, ગિરનાર, ઈન્દ્રદ્યુમ્ન સરોવર, કુંકુમવાપી, કેદાર, રામેશ્વર, મથુરા, ઈત્યાદિ કોઈ પણ પુણ્યસ્થળે મુક્તિ થતી નથી. (તે તે તીર્થોના સેવનથી પણ મુક્તિ મળતી નથી) ગોમતીમાં સ્નાન કરવાથી તથા પ્રયાગ

કાશી અને કુશપુરમાં પ્રાણ ત્યાગ કરવાથી જે શાશ્વત મુક્તિ મનાયેલી છે તે ત્રિસ્પૃશાનો ઉપવાસ કરવાથી ઘરમાં જ પ્રાપ્ત થાય છે. ત્રિસ્પૃશા અજ્ઞાનીઓને વિશેષે કરીને સ્ત્રી અને શુદ્રોને મુક્તિ દેનારી છે. (વળી સર્વેને) વિજ્ઞાન દેનારી, સદા પુણ્યમયી, પવિત્ર, પરમાર્થને દેનારી, કલ્યાણકરનારી, સદ્યઃ (તુરંત) ધર્મ, અર્થ, કામ અને મોક્ષને દેનારી, વિષ્ણુભક્તોની (વિશેષે કરીને નારીઓની) જીવની, સર્વેને પાવન કરનારી, વેદમાતાની જેમ પુણ્યમયી માતા, કમલા સમાન પવિત્ર કરનારી, રમા સમાન રક્ષા કરનારી તથા સાંખ્ય યોગ ઈત્યાદિના ફળોથી અધિક ફળથી વ્યાપ્ત ફળને દેનારી છે. કોટિતીર્થોએ યુક્ત ગંગા શુદ્ધિ માટે સ્નાનની કામનાથી ભગવાન શ્રીકૃષ્ણની સન્નિધીમાં રહેલી ગોમતીએ આવે છે. આમ કરોડો તીર્થો ગોમતીના સ્થળમાં સ્થિત રહે છે. તે ગોમતી પણ પાપોથી શુદ્ધ થવા માટે ત્રિસ્પૃશાનું વ્રત કરે છે. હે લક્ષ્મિ ! તે ત્રિસ્પૃશા બ્રહ્મહત્યા, સુરાપાન, ગોવધ, સ્ત્રીવધ, બ્રાહ્મણના ધનની ચોરી, માતા-પિતાનું તાડન, ગુરૂદ્રોહ, શ્રીહરિનો દ્રોહ, અભક્ષ્યભક્ષણ, વ્યભિચાર, હિંસા, સદા સત્પુરુષોની નિંદા, અન્ય ક્રૂર કર્મો તથા જે કોઈ પાપો છે તે બધાને દૂર કરે છે. તે ત્રિસ્પૃશા પાવનોમાં ઉત્તમ સરસ્વતીથી અધિક, અસંખ્ય તીર્થોથી પૂજાયેલી, કોટિ યજ્ઞોથી અધિક, હોમદાનના પુણ્યોથી અધિક, પુણ્યવાળી, કોટિજપથી પણ અધિક પુણ્યવાળી, ચાર પુરૂષાર્થોથી અધિક, સાંખ્યયોગથી અધિક, આત્મજ્ઞાનીઓમાં મૂર્ધન્યો દ્વારા પૂજાયેલી અને મોક્ષદાયિની વ્રતરૂપા છે, તે અવશ્ય કરવી. સૂર્યોદયના સમયે એકાદશી હોય પછી બારસ બેસી જતી હોય અને રાત્રિના અંતમાં (સૂર્યોદય પહેલા) ત્રયોદશી (તેરસ) બેસતી હોય તો તેવી એકાદશીને ત્રિસ્પૃશા કહેવામાં આવે છે. અરૂણોદય વેળામાં સૂર્યોદયથી પહેલા જો દશમ હોય તો તેને દશમનો વેધ કહેવાય છે. હે પ્રિયે ! હું દશમના વેધને (વેધયુક્ત કરેલી એકાદશીને) ક્યારેય ક્ષમા કરતો નથી.

તેથી દશમના વેધવાળી એકાદશીએ ક્યારેય ઉપવાસ કરવો નહી. જેમ રજસ્વલાના દોષથી સ્ત્રીનો પતિ પણ દૂષિત થાય છે. તેમ દશમના યોગથી વિદ્ધ એકાદશી દોષદાયિની છે. દશમી એકાદશી અને ભદ્રા જયારે જયારે એકદિવસે હોય ત્યારે પણ ત્રિસ્પૃશા કહેવાય છે. પણ તે આસુરી ત્રિસ્પૃશા હોય પ્રયત્ન પૂર્વક છોડી દેવી જોઈએ. જેણે દશમી યુક્ત એકાદશીનું વ્રત કર્યુ તેણે હળાહળ વિષ ખાધુ છે અને પાપ કર્યુ છે વ્રત કર્યુ નથી. આસુરી ત્રિસ્પૃશા કરવાથી કે દશમના વેધવાળી એકાદશી કરવાથી કોટિ જન્મોમાં કરેલા પુણ્યો અને સંતાનોનો ક્ષય થાય છે. તથા તેના કુળના પૂર્વજો સ્વર્ગમાંથી પડીને રૌરવ નરકને પામે છે તેથી દશમીના વેધવાળી એકાદશી છોડી દેવી જયારે વૃદ્ધિતીથિ હોય ત્યારે પણ દશમની વેધવતી એકાદશી છોડી બારસ યુક્ત જે એકાદશી હોય તે કરવી. બ્રહ્માજીએ દશમના વેધમાં મોહિનીને વાસ આપ્યો છે તેથી દશમીવેધ યુક્ત વ્રત કરવામાં મહાન પાપ જાણવું જોઈએ. વૃદ્ધિમાં ક્ષયમાં તેમજ સન્દેહ ઉપસ્થિત થતા મારી આજ્ઞાથી સદા બારસયુક્ત એકાદશી કે બારસનું વ્રત કરવું કારણ કે બારસ મને પ્રિય છે. હે લક્ષ્મિ ! સાંભળો હવે ત્રિસ્પૃશા વ્રતની વિધિ કહું છું. એક પલની અડધા પલની કે તેનાથી પણ અર્ધા વજનની યથાશક્તિ સોનાની મારી પ્રતિમા બનાવવી. પછી ધાન્યથી નિર્મિત સર્વતો ભદ્રમંડળમાં તલથી પૂર્ણ તાંબાંના પાત્રમાં રત્ન જળ, પત્ર, પુષ્પ, શ્વેતવસ્ત્ર, કપુર આદિથી યુક્ત ઘડાની સ્થાપના કરવી એ ઘડામાં થાળી (ઘડાના મુખ જેવડી અથવા ઘડાનું મુખ સારી રીતે ઢંકાય તેવડી થાળી) મૂકી તેમાં તે પ્રતિમાં પધરાવવી. ત્યાર પછી મારી બાજુમાં લક્ષ્મિનું સ્થાપન કરી પૂજા શરૂ કરવી. તેમાં આવાહન, આસન, પાદ્ય અને અર્ઘ્ય અર્પણ કરવું. પછી આચમનીય અને જળ સ્નાન અર્પણ કરવું પછી દુધસ્નાન, દહીંસ્નાન, ઘીસ્નાન, શર્કરાસ્નાન અને મધસ્નાન અર્પણ કરવું. પછી તીર્થોના જળથી અભિષેક કરવો. પછી મૃદુવસ્ત્રથી માર્જન (અંગો લુંછવા) કરવું.

પછી નારાયણને ધોતી, અંગરખુ, ઉત્તરીય વસ્ત્ર, યજ્ઞોપવીત, કૌસ્તુભ ધારણ કરાવવા તથા લક્ષ્મીજીને સાડી, ચોળી, ઉત્તરીયવસ્ત્ર, મંગળસુત્ર, કૌસ્તુભ ધારણ કરાવવા. પછી ફૂલેલતેલ નાંખી વાળને સુગન્ધિત કરી ગુંથવા અને ચૂડી ધારણ કરાવવી, વેણી ધારણ કરાવવી, બન્ને નેત્રોમાં કાજળ ધારણ કરાવવું. નારાયણને ભાલમાં તિલક ચાંદલો કરવો અને પછી બન્નેની ચન્દન કપૂર અને કસ્તુરીથી અર્ચા કરવી. વળી માતાજીને નાકમાં નથડી, ગાલ તથા ચિબુકમાં (દાઢીમાં) ટિબકડીઓ કરવી. કાનમાં કૂંડળો, કર્ણભૂષણો, સેરો ધારણ કરાવવી. સિન્દુર અને કુંકુમ ધારણ કરાવવા. ઓષ્ઠમાં રંગરંજન આપવું. પછી લક્ષ્મી અને નારાયણને તુલસીના હાર, પુષ્પોના હાર, સુવર્ણના હાર, મણિઓના હાર કે રત્નોના હાર ધારણ કરાવવા. વળી કેડમાં કંદોરા, હાથમાં કડા ધારણ કરાવવા. વળી માતાજીને ઉર્મિકા ઝાંઝરીઓ વાળા નૂપુરો ધારણ કરાવવા. બન્નેને પગમાં રાજયોગ્ય અલંકૃત કરેલી પાદુકાઓ ધારણ કરાવવી. વળી અત્તર છાંટવા, મુકુટ પહેરાવવા અને ચામર-પંખા અર્પણ કરવા. વળી લક્ષ્મીનારાયણદેવને અબીલ-ગુલાલ, કુંકુમ, અક્ષત, પુષ્પો, ધૂપ-દીપ અર્પણ કરવા તથા ઘણાંક મિષ્ટાન્નો અને અનેક મધુર પાકા ફળો નૈવેદ્યમાં અર્પણ કરવા, તથા શિતળ સુંગન્ધવાળુ ઈષ્ટિ અને શાન્તિ દેનાર જળ અર્પણ કરવું. તથા બહુદ્રવ્યોથી યુક્ત તાંબૂલ મુખશુદ્ધિ માટે અર્પણ કરવું તથા દક્ષિણાના રૂપમાં સ્વર્ણમુદ્રાઓ આપવી. પૂજામાં જે જે વસ્તુઓ અપેક્ષિત હોય તે તે અર્પણ કરવું પછી પાંચ દિવેટ અને નવ આવર્તનવાળી આરતી કરવી. ત્યાર બાદ ત્રણ વાર ફરી શુભ વસ્ત્રોથી માર્જન કરવુ, વળી લક્ષ્મીનારાયણ દેવના સન્મુખ શંખભ્રમણ કરાવવું તથા જળ અથવા ભીનું વસ્ત્ર ભાવપૂર્વક મુર્ધા (માયા ઉપરથી) પરથી ઉતારવું. પછી દંડવત સ્તુતિ અને પ્રદક્ષિણાઓ કરવી. ઘણાક નમસ્કાર અને ક્ષમાયાચન કરવું. પછી પુષ્પાંજલિ અર્પણ કરી ભગવાનની

સામે ઉભા રહી બન્ને નેત્રોને બંધ કરી પ્રાર્થના કરવી અને ધ્યાન કરવું. (હવે પ્રાર્થના પૂર્વક ધ્યાન કહે છે) દામોદરના ચરણકમળ, માધવની જાનુ, કામસ્વરૂપનું ગુહયાંગ, વામનમૂર્તિની કટિ, પદ્મનાભની નાભિ, વિશ્વહેતુની જઠર, જ્ઞાનદેહનું હૃદય, વૈકુંઠવાસીનો કંઠ, સહસ્ત્રબાહુની બાહુઓ, યોગમૂર્તિની આંખો, સહસ્ત્રશિર્ષનું મસ્તક અને સ્વામીના સર્વાંગો તથા તેમના વ્યસ્તરૂપોનું સમસ્ત રીતે મારા અન્તરમાં ધ્યાન કરૂ છું. હે ધ્યાનગમ્ય મહારાજ ! તમે જલ્દીથી જ પાપોનો નાશ કરો છો. સ્મરણ કરાયેલા આપ પાપો, દુઃસ્વપ્નો, દુર્વિચારો, અપશુકનો, યમદૂતો, ભય, દુર્ગતિથી ઉત્પન્ન થતાં દુઃખો, વળી અન્ય જે જે દૈહિક લૌકિક પારલૌકિક દુઃખો છે તેથી અને દુઃખદેનાર તમામ અપરાધોથી મારી રક્ષા કરો. હે લક્ષ્મીનારાયણ પ્રભો! સદા તમારામાં ભક્તિ થાઓ. તમારા ચરણમાં મને દાસ્ય આપો અને મને વૈકુંઠમાં લઈ જાઓ. ત્રિસ્પૃશાના સ્વામી, ધાતા, પતિ સ્વયં આપ નારાયણ છો. માધવ અને હરિ એવા આપ મને મોક્ષ આપો. એમ સ્તુતિ કરી પછી દેવની સન્નિધિમાં સુસ્વરે અને સુસમદશ્ય (સારૂ દેખાય તેવું) ગીતવાજીંત્રોના નાદ સાથે નૃત્ય કરવું. પ્રાતઃકાળે આમ સુવર્ણની કૃષ્ણની મૂર્તિ તથા એકાદશીરૂપ લક્ષ્મીજીની મૂર્તિનું વિધિપૂર્વક પૂજન કરીને અને નમસ્કાર કરીને ત્યાર પછી સત્સમાગમ રૂપ કથામાં જવું તથા કીર્તન ભજન, જપ, શ્રવણ, સ્મરણ, સેવન, અર્ચન અને વન્દન ઈત્યાદિ ભક્તિ વડે દિવસ નિર્ગમવો. માત્ર જળ પીને, નિરાહાર રહીને, સૂર્યાસ્ત પછી ભોજન કરીને કે એક વખત જમીને, શક્તિમાન અથવા અશક્ત તેમણે પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાની ઈષ્ટ સમ્પત્તિરૂપ ફળને દેનાર આ વ્રત કરવું. વળી બપોરના સમયે ભગવાનને ભોજન ફળ, તાંબૂલ જળ તથા મંચ તથા ઓશિકાઓ યુક્ત મૃદુ શય્યા અર્પણ કરવી. વળી સાંજે ફરી જળ અર્પણ કરવું અને

વિધિપૂર્વક ષોડશોપચારથી પૂજન કરીને આરતી કરવી તથા ગુરુનું પૂજન કરીને રાત્રે કીર્તન ગીત-નૃત્યના આચરણ પૂર્વક જાગરણ કરવું. ત્યાર બાદ રાત્રિના અંતમાં સ્નાનાદિક ક્રિયા કરીને વિધિપૂર્વક શ્રીહરિને અર્ઘ્ય આપીને સાધુઓને, બ્રાહ્મણોને, સાધ્વીઓને અને બાળકોને જમાડીને દક્ષિણાઓ આપવી. આમ બારસના ભાગમાં કે તેરસના ભાગમાં ભક્તિથી યુક્ત થઈ પારણા માટે શ્રીહરિનો પ્રસાદ ગ્રહણ કરવો. પછી વિધિપૂર્વક શ્રીહરિ, ઘટ અને સર્વતોભદ્ર મંડળનું વિસર્જન કરવું. આમ કરવાથી મોક્ષરૂપી ફળ મળે છે. ત્રિસ્પૃશા વ્રતનું વિધાન સાંભળીને પણ તે ફળ મળે છે. જેણે ત્રિસ્પૃશાનો ઉપવાસ કર્યો છે તેણે હજારો અશ્વમેઘ અને સેંકડો વાજપેય યજ્ઞો કર્યા છે. ત્રિસ્પૃશાનું વ્રત માતા અને પિતાની એકસો આંઠ પેઢીઓને નિશ્ચિતરૂપે તારે છે અને તે સર્વેની સાથે વ્રત કરનારો વિષ્ણુલોકમાં વાસ પામે છે. ત્રિસ્પૃશાનું વ્રત કરનાર તીર્થકોટિ અને ક્ષેત્રકોટિનું ફળ પામે છે. તમામ વર્ણના નરનારીઓ આ વ્રત કરી મુક્તિ પ્રાપ્ત કરે છે. પહેલા આ વ્રત બ્રહ્માએ કર્યું હતું પછી મહર્ષિ આદિકે કર્યું છે. સકામ અથવા નિષ્કામ બન્નેએ સદા આ વ્રત કરવું. કરોડો વર્ષ સુધી નિત્ય ગંગામાં સ્નાન કરવાથી જે ફળ મળે છે તેથી પણ અધિક ફળ ત્રિસ્પૃશાનું વ્રત કરનારો પ્રાપ્ત કરે છે. કુરુક્ષેત્રમાં કરોડો સૂર્યગ્રહણ કરવાથી તથા રોજ સો ભાર સોનું તથા કરોડ ગાયોનું દાન દેવાથી જે ફળ મળે છે તે ફળ ત્રિસ્પૃશા વ્રત કરનારો પામે છે. ત્રિસ્પૃશા એકાદશીનું વ્રત કરવાથી કરોડો પાપો, કોટિ હત્યાઓ (હત્યાના પાપો) વિનાશ પામે છે. જે આ વ્રતનું પ્રકાશન કરે છે (લોકોને આ વ્રતની માહિતી આપે છે) તે પણ વ્રતના ફળને પામે છે. ખરેખર ત્રિસ્પૃશા આ લોકમાં દુર્લભ છે. માનવોને તે પ્રાપ્ત થતી નથી (વારંવાર મળતી નથી) અજ્ઞાત કર્મોથી જે પિતૃઓ પ્રેતત્વને પામ્યા હોય તો તેના કુળમાં ઉત્પન્ન થયેલો ત્રિસ્પૃશાનું વ્રત કરી

તે અધોગતિને પામેલા પૂર્વજોનો ઉદ્ધાર કરી શકે છે. આ વ્રત વિષે વધારે શું કહેવું ? ત્રિસ્પૃશા આ લોકમાં સમ્પત્તિ અને પરલોકમાં મોક્ષદેનારી છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં ત્રિસ્પૃશા એકાદશીનું વ્રત-ફળ-પૂજન આદિ કથન નામક બસોને તોત્રીશમો અધ્યાય. ॥૨૩૩॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૦

શ્રીનારાયણ બોલ્યા, હે લક્ષ્મિ ! મુક્તિ વિના જીવાત્માની પરલોકમાં ગતિ કષ્ટમય જ હોય છે. વળી મૃતકની ઔર્ધ્વદૈહિક ક્રિયામાં જો યોગ્ય પિંડાદિક અર્પણ કરવામાં ના આવે તો આગળ ગતિનો લોપ થાય છે અને તેને ઘણું દુઃખ પડે છે તેથી કર્મગતિને પામતા અને મૃત્યુને પ્રાપ્ત થતા માનવે પોતે જીવતાં જ પોતાના સુખ માટે પુણ્યકર્મો આળસ રહિત થઈ કરવા જોઈએ. નર કે નારી શરીર અને ઈન્દ્રિયોના યોગથી સુખરુપ ધર્મ કે દુઃખરુપ અધર્મને પોતાના સ્વભાવ પ્રમાણે આચરે છે. સુખ માટે ધર્માચરણ કરવું જોઈએ અને દુઃખ માટે અધર્માચરણ. પોતે જ જો પોતાના જીવનમાં પોતા માટે કંઈ ના કર્યું હોય તો પાછળવાળા શું કરવાના હતા ? છતાં પણ આ સ્નેહવાળો લોક છે અને મનુષ્ય પણ તેવો જ છે તેથી ક્યારેક સ્નેહને આધિન થઈ મૃતકની પાછળ લોકો કંઈક પુણ્ય કર્મો કરે છે. જ્યારે જીવાત્મા શરીર છોડીને પરલોક તરફ પ્રયાણ કરે છે ત્યારે પ્રાણોથી વિહીન તે શરીર શવ સંજ્ઞક થાય છે અને શીઘ્ર જ અસ્પૃશ્ય (સ્પર્શ ન કરવા યોગ્ય) અને કૃમિ વિષ્ટા કે ભસ્મ સંજ્ઞાવાળું થાય છે. (અર્થાત જો પડી રહે તો તે શબમાં કીડા પડે તેથી કૃમિ સંજ્ઞાવાળું, જો પશુ-પક્ષી આદિક ખાય તો વિષ્ટા સંજ્ઞાવાળું અને અગ્નિસંસ્કાર થાય તો ભસ્મ સંજ્ઞાવાળું

થાય છે.) મૃતકના ઉત્ક્રાંતિ સમયથી છ પિંડ ક્રમથી અર્પણ કરવા જોઈએ. મૃતસ્થાનમાં શવ નામક પિંડ પ્રદાન કરવો જોઈએ. તેનાથી ભૂમિ અને તેના અધિષ્ઠાતૃદેવ તૃપ્ત થાય છે. દ્વાર પર પાન્થ નામક પિંડ આપવો જોઈએ. તે પિંડ આપવાથી ગૃહના વાસ્તુદેવતા સંતુષ્ટ થાય છે. ચાર રસ્તા પર ખેચર નામક પિંડ અર્પણ કરવો જોઈએ તેથી ભૂતકોટિ ભાગે છે. સ્મશાન પહોંચતા પહેલા વિશ્રામ સ્થાને ભૂતસંજ્ઞક પિંડ આપવો જોઈએ તેથી પિશાચ, રાક્ષસ, યક્ષ તથા અન્ય જે ત્યાં રહેનારા હોય તે મૃતકના હોતવ્ય (અગ્નિ સંસ્કાર કરવા યોગ્ય) દેહનું અયોગ્ય કરનારા થતા નથી. ચિતામાં સાધક નામક પ્રેતપિંડ આપવો જોઈએ. આમ પાંચ પિંડ આપવા વડે શવ અગ્નિસંસ્કારને યોગ્ય થાય છે અને તેના દેહ દોષોનો વિનાશ થાય છે.

(હવે અગ્નિસંસ્કારની વિધિ કહે છે.)

જે જગ્યાએ અગ્નિસંસ્કાર કરવાનો હોય તે જગ્યાને વાળીને લીંપીને ઉલ્લેખિત કરીને તેમાં અગ્નિસંસ્કાર માટે લાકડા ગોઠવેલી વેદિકા બનાવીને તેમાં પાણીની છાંટ નાંખીને તેમાં વિધાન પૂર્વક અગ્નિ પ્રગટ કરીને તે કવ્યાદસંજ્ઞક દેવની (અગ્નિદેવની) અક્ષત (ચોખા) અને પુષ્પો વડે પૂજા કરીને 'મૃતકને સ્વર્ગમાં લઈ જાઓ' એમ કહી શરીરની આહૂતિ આપવી. (અર્થાત્ ચિતા પર શરીર મુકવું) જ્યારે દેહ અર્ધો બળી રહે ત્યારે ઘીની આહૂતિ આપવી, ત્યારબાદ યમ, અન્તક, મૃત્યુ તથા બ્રહ્મા માટે અગ્નિમાં અને એક મૃતશરીરના મુખભાગે આહૂતિ આપવી. ત્યાર પછી ફરીથી પૂર્વભાગથી અગ્નિ લગાડવો અને 'અસૌ સ્વર્ગાય લોકાય સ્વાહા' આમ બોલી તલ સાથે ઘીની આહૂતિઓ આપીને પછી પુત્રો સમ્પૂર્ણ દાહક્રિયા પૂર્ણ કરવી ત્યાર બાદ ગાઢ રૂદન કરવું, આમ કરવાથી મૃતકને સુખ થાય છે. દાહક્રિયા પૂર્ણ થયા બાદ અસ્થિસંચય (ફૂલ વીણવા) કરી પ્રેતપિંડ આપવો અને દાહશમન

કરવું (ચિતા પર પાણી છાંટવું) ત્યાર પછી પુત્રોએ તલમિશ્રિત જળથી વસ્ત્રોએ સહિત સ્નાન કરીને શિલામાં નામ અને ગોત્રના ઉચ્ચારણ પૂર્વક કરતાડન કરવું. પછી તેના ઘરના મનુષ્યોએ 'વિષ્ણુ-વિષ્ણુ' એમ બોલવું અને દ્વારની દક્ષિણ બાજુએ જઈને ગોમય (છાણ) અને સફેદ સરસવ મુકી વરૂણદેવને તિરોહિત કરી લીંબડાના પાનનું ભક્ષણ કરી અને ઘી પીઈને ઘરમાં પ્રવેશ કરવો. જલાંજલિ આપી દીધા પછી અશ્રુપાત કરવો નહીં (રડવું નહીં). કારણ કે પરવશ એવા પ્રેતાત્માને સગા-સંબંધી જનો દ્વારા પાડવામાં આવેલા અશ્રુ-શ્લેષ્મ (આંસુઓ-કફ વિગેરે) ઈત્યાદિ ભોગવવા પડે છે. ત્રણ દિવસ સુધી માટીના પાત્રમાં દુધ અને પાણી આપવું. સ્મશાન, ચાર રસ્તાઓ, ઘર ઈત્યાદિને જોતા યમદૂતો દ્વારા જીવ લઈ જવાય છે. તે પ્રેતાત્માને ઉદ્દેશીને દસ દિવસ સુધી રોજ ગર્તપિંડ અને જલાંજલિઓ આપવી. આ ક્રિયા પુત્ર-પત્ની-શિષ્ય કે ભાઈએ કરવી. નિત્ય પ્રત્યે આપવામાં આવેલા પિંડના અર્ધભાગથી પ્રેતાત્માનો દેહ બને છે. ત્રીજો ભાગ યમદૂત લઈ લે છે અને ચોથો ભાગ પ્રેતાત્માને મળે છે. આમ નવ રાત અને દિવસથી પ્રેતને દેહ બંધાય છે અને દશમે દિવસે તેને ભુખ લાગે છે. દેહને પામેલો અને ક્ષુધાથી પીડિત તે જીવાત્મા ઘરની ઉપર બેસે છે અને ત્યાંથી પછી યમપુરીના માર્ગે પ્રયાણ કરે છે. યમપુરીના માર્ગે જતાં દુઃખોનો અનુભવ થતાં પ્રેતાત્મા પોતાના પાછલા જન્મો નિમિત્તનો શોક કરે છે કે અહો ! સ્વાસ્થ્યતામાં પણ મેં કોઈ મોક્ષપ્રદ કાર્ય કર્યું નહિ. શ્રીહરિનું નામ સંકીર્તન કર્યું નહિ. કથા શ્રવણ કર્યું નહિ. શ્રીહરિનું ગીત-કીર્તન કે લીલા-ચરિત્રોનું સ્મરણ કર્યું નહિ. ભગવાનનું અર્ચન કર્યું નહિ. સ્ત્રોત-પાઠ કે નમસ્કાર પણ કર્યા નહિ. વળી શરીર વડે સત્પુરૂષોને વંદન પણ કર્યા નહિ. જેનું મેં બહુ પોષણ કર્યું હતું, રક્ષણ કર્યું હતું અને ઘણીક પ્રકારના લાડ-લડાવીને જેની વારંવાર સેવા કરી

હતી તે શરીર ખરેખર મારૂં ન હતું. વૃથા જ મેં તે શરીરનો ત્યાગ કર્યો અને તેનાથી મારૂ કાર્ય મે સિદ્ધ ના કર્યું. ઈન્દ્રિયો સાથે મળીને વ્યર્થ જ દેહ ગુમાવ્યો અને મેં મારા સમયને મોક્ષલાભ માટે વાપરીને સાર્થક ના કર્યો. નારી અનુકૂળ હતી, પતિ પ્રિય હતો, પુત્ર દાસ ઈત્યાદિ અનુકૂળ હોવા છતાં આત્મા વંચિત થયો. મારી પાસે ઘણુંક ધન અને વસ્તુઓ હતી પરંતુ માત્ર લોભથી મેં મોક્ષ અર્જીત કર્યો નહિ. વળી સાધુ કે સાધ્વી જનોની મેં સેવા કરી નહિ. એ દુષ્કૃતોનું ફળ ભોગવું છું. હવે અત્યારે શું થઈ શકે ? મહાન પુણ્યોના યોગે મનુષ્ય જન્મ મળે છે. તેને મે સાર્થક ન કર્યો અને બીજુ બધું ઘણું કર્યું. ક્રિડામાં બાળપણ વિતાવ્યું. કામવાસનામાં યૌવન વિતાવ્યું અને ચિંતામાં વૃદ્ધત્વ. હવે મૃત્યુ બાદ અશક્ત એવા મારાથી શું થાય ?

શરીર ખરેખર કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ સમાન હતું તેને મેં અન્ય કાર્યોમાં નાખ્યું પણ તેનાથી આત્મકાર્ય કર્યું નહિ. આ યમદૂતો દ્વારા મને ઘણી પીડા અપાય છે પણ પરાધીન એવો હું શું કરૂં ? મે દાન દીધું નથી, તપ કર્યું નથી, વ્રત કર્યું નથી કે સત્પુરૂષોને જમાડ્યા નથી. તીર્થ કર્યા નથી કે કૂપ વાપી તળાવ ઈત્યાદિ કરાવ્યા નથી. ક્યારેય કોઈ સત્કાર્ય કર્યું નથી તો મને સહાય કોણ કરે ? મેં પરોપકાર કર્યો નહિ, ધર્મનિયમોનું પાલન કર્યું નહિ. પરલોકમાં સહાય કરે એવું કશું કર્યું નહિ હવે અત્યારે શું થાય ? ગુરુ તથા માતા-પિતાની સેવા પણ મેં બરાબર કરી નહિ. નારીનો દેહ મહાકષ્ટવાળો પરાધીન અને સદા અપવિત્ર હોય છે તેને મેં ભક્તિ કે સેવા વડે સાર્થક કર્યો નહિ. તે જ રીતે નરનો દેહ મહાભાર રૂપ અનેક તૃષ્ણાઓનું ઘર અને અશુભ છે તેને મેં ભજન કે પુણ્ય વડે સાર્થક કર્યો નહિ. આવી રીતે યાતના ભોગવનાર પ્રેતાત્મા શોક કરે છે, રડે છે, પીડાય છે. યમદૂતો દ્વારા તાડિત થાય છે અને વારંવાર ક્રન્દન કરે છે અને દુઃખી

થતો-થતો પત્ની-ધન-ઘરા તથા ઘરના સુખને યાદ કરે છે. વળી નોકર-ચાકર-મિત્ર-પુત્ર-પુત્રીઓ અને કુટુંબને સંભારીને શોક કરે છે. જ્યારે માર્ગમાં ચાલવામાં તે અસમર્થ થાય છે ત્યારે યમના દૂતો તેને ઢસડે છે ત્યારે તે કરૂણ વિલાપ કરે છે કે હે પ્રિયે ! હે પુત્ર ! અહિંયા આવીને મને આ અસહનીય પીડાથી મુક્ત કરાવો. હે પુત્ર ! હે પૌત્ર ! હે બાંધવો ! મારા માટે કંઈક પુણ્ય કરો. હે મારા પુત્ર ! તું મારા માટે ગાયનું દાન કર તો હું વૈતરણી તરી જઈશ અન્યથા તેમાં ડુબી જઈશ. મેં પુણ્યનું થોડું પણ ભાથુ સાથે લીધું નથી. જપ-તપ-દાન-યજ્ઞ એવું મેં કાંઈ કર્યું નથી તો શું સાથે આવે ? જ્યારે યમદૂતો પ્રેતાત્માને અત્યંત ઠંડા ગરમ કે ભીના માર્ગે લઈ જાય છે ત્યારે તે ત્યાં ત્રાસિત થયેલો મૂર્છા પામી જાય છે અને માત્ર હૃદયમાં શોક કરે છે કે જો મારા કોઈ સગા-સંબંધી વસ્ત્રાદિકનું દાન કરે તો મારા આ દુઃખનો નાશ થાય નહિ તો મારે ભોગવવું જ પડશે. ત્યારે યમદૂતો તેને કહે છે કે તારા ક્યાં તેવા પુણ્યો છે ? ત્યારે હા દેવ ! હા દેવ ! એમ બોલતો બોલતો શોક કરે છે. વળી ક્ષણવાર ધૈર્યધારણ કરી વિચારે છે કે જો મને ફરી મનુષ્યનો જન્મ મળે તો હું અવશ્ય મુક્તિદેનાર માર્ગનો આશ્રય કરીશ.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સંતાનમાં મૃત શવની ક્રિયા-પિંડદાન-પ્રેતશોક આદિ નિરૂપણ નામક સીત્તેરમો અધ્યાય ॥૭૦॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૧

શ્રીનારાયણ બોલ્યા, યમપુરીના નરકોના દુઃખોને ભોગવીને તે નરકથી બહાર આવેલા જીવો જે રીતે વિચરે છે તે કહું છું સાંભળો. જો તે પ્રેતયોનિને પામે તો અનિશ્ચિત મતિવાળા અને

કંઈક પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા તે પોતાના કુટુંબને શોધીને પત્નીમાં, પુત્રોમાં, બાંધવોમાં, કુટુંબમાં, ઘરમાં કે મનુષ્યમાં પોતાનું સ્થાન બનાવીને નિવાસ કરે છે. વળી તેજ-વાયુ અને આકાશ આ ત્રણ તત્ત્વના શરીરવાળા તેઓ અત્યંત ભુખ અને તરસથી પીડાયેલા ફર્યા કરે છે અને ક્યારેક-ક્યારેક બળ પૂર્વક તેઓને (પોતાના કુટુંબીજનોને) રૂંધે છે, મોહ પમાડે છે, મૂર્છા પમાડે છે, પીડે છે અને વારંવાર દુઃખ દે છે. 'તે અમારા મોક્ષ માટે કેમ કંઈ કર્યું નહિ ? તેથી અમે પ્રેત થયા છીએ અને તને વારંવાર પીડા આપશું. એમ ક્રોધપૂર્વક પ્રેરાયેલા તેઓ પીડા કર્યા કરે છે. પિતૃઓના દ્વારને રૂંધે છે અને ચોર કે પથિકની જેમ પિતૃઓના ભાગને હરી લે છે. પોતાના ઘરમાં જ્યાં મળ-મૂત્રાદિકનું ઉત્સર્જન થતું હોય તેવી અશુદ્ધ ભૂમિમાં રહીને તેઓ જેને-જેને જુએ છે તે-તે રોગવાન થાય છે. વળી જવર (તાવ) રૂપે તેને પીડે છે અને ભક્ષ્ય એવા તેનું ભક્ષણ કરે છે અને સૂક્ષ્મ રૂપે ક્યારેક-ક્યારેક અલ્પ પ્રમાણમાં તેના રક્તનું પણ પાન કરે છે અને સદા અનિષ્ટ ચિંતવે છે. વળી ઉચ્છિષ્ટાદિક (એઠવાડ) અપવિત્ર જગ્યાએ સ્થિત થયેલા એવા જમતાં બાકી રહેલ એંઠાનું પાણી પીએ છે. પોતાના પુત્ર, કુટુંબનું સદા છળ ચિંતવે છે. આમ અનિષ્ટ મતિવાળા પ્રેતો પોતાના જ જનોને પીડા આપે છે. પ્રેત પોતાના કુળને અને છિદ્ર વડે બીજાને પીડા પમાડે છે. જીવતા જે સ્નેહવાન હતો તે જ મરીને પ્રેતયોનિને પામીને દુષ્ટ થાય છે અને મલિનતા અને છિદ્રો (દોષો) વાળાને વારંવાર પીડા પમાડે છે. સર્વક્રિયાઓને લુપ્ત કરનાર, દેવ-પૂજાથી રહિત અને અશુદ્ધ ભોજન કરનાર મનુષ્યને પ્રેત પીડા કરે છે. એકને પુત્ર મૃત્યુ પામે, એકને પુત્રનો જન્મ જ ના થાય તો એક સંતતિ હીન રહે તો ત્યાં પ્રેતદોષ છે તેમ સમજવું. સંતતિનો ગર્ભમાં જ નાશ થાય કે ઉત્પન્ન થઈને મૃત્યુ પામે, પશુ અને દ્રવ્યનો વિનાશ થાય, બાંધવોમાં વિરોધ થાય, પ્રકૃતિમાં વિકૃતિ આવે. પુત્રોમાં કલહ થાય કે આકસ્મિક

વ્યસન પ્રાપ્તિ થાય તો તે પ્રેતપીડા સમજવી. ઉન્મત્તતા, અનિદ્રા, ભોજનનું ન પચવું, જવર (તાવ) રહેવો, વારંવાર વમન થવું તથા ઉદરશૂળનું રહેવું પ્રેતપીડા સૂચવે છે. જો ચોરી કરવાની રુચિ થાય, ઘરમાં કલેશ થાય અને ધન-ધાન્યની દરિદ્રતા આવે તથા ધીરે-ધીરે સંપત્તિનો નાશ થયા કરે તો તે પ્રેતપીડા સમજવી. જો ઘણુંક ભેગુ થયેલું કે મેળવેલું ધન હાથમાંથી ધીરે-ધીરે જતું રહે, સારા વર્ષમાં પણ ખેતીનો નાશ થાય, ઉદ્યોગમાં વિપરીતતા આવે (સારું કરવા જતા હંમેશા ખોટ જ થાય), હીન કર્મો (ચોરી-વ્યભિચાર-અભિચાર ઈત્યાદિ) પ્રત્યે રૂચિ થાય, ચોર, અગ્નિ રાજા ઈત્યાદિનો ભય રહ્યા કરે. પોતાના દેહમાં પીડા રહે કે મહારોગોની ઉત્પત્તિ થાય, પત્ની પહેલા સેવિકા હોય પછી કુતરીની (પતિમાં બિલકુલ પ્રેમભાવ વિનાની અપમાન ઈત્યાદિ કરનારી) જેમ થઈ જાય, ઘરનો નાશ થાય અને નિત્ય આપત્તિ રહે તો તે પ્રેતદ્વારા અપાયેલી પીડા સમજવી. ભાવનાઓના આવેગ થવા, સ્મૃતિનો નાશ થવો, મન વગર કાર્ય કરવું, પોતાના સંબંધિઓ સાથે રોજ રોજ કલેશ થવો, આ પીડા પ્રેત દ્વારા સંભવિત છે. સ્ત્રીઓના ગર્ભનો વિનાશ થવો, ઋતુસ્ત્રાવ ન થવો કે વધારે થવો અથવા તો ગર્ભ ન રહેવો, ક્રમશઃ જીવિત વ્યક્તિઓનું મૃત્યુ થવું, ભોજન સમયે ક્રોધ ઈત્યાદિ આવેગથી તૃપ્તિનો અભાવ (અર્થાત જમતી વખતે ઘરમાં ઝઘડા થવા), પોતાના સંતાનો જ શત્રુની જેમ ઘાતક થાય તથા પરસ્પર પ્રીતિ કે મિત્રતા ના થાય તે બધું પ્રેતપીડા સમજવી. પુત્ર, માતાપિતાના વચનો ના માને, પોતાની પત્નીનું સેવન ન કરે (વ્યભિચારી થાય) તથા પત્નીને પતિ નજરમાં ન આવે (અર્થાત પત્ની પણ પરપુરુષમાં આસક્તિવાળી થાય) તો તે પ્રેતપીડા સમજવી. પીડા પમાડનારા પ્રેતો આકસ્મિક મૃત્યુ કરનારા પણ થાય છે. ખરાબ કર્મો કરનારો, વિધિવિનાની ક્રિયાઓ કરનારો પ્રેત થાય છે. દુષ્ટના સંસર્ગમાં રહેનાર, અધર્માચરણ કરનાર, અપમૃત્યુ પામનાર, શરીરનો

અગ્નિસંસ્કાર નહિ પામનાર, દાહક્રિયા ઈત્યાદિનો જ્યાં લોપ થયો હોય તેવા કુળમાં કે સ્થાનમાં દેહ છોડનાર, મૃત્યુ સમયના જે દોષો છે તે દોષોએ યુક્ત પ્રાણ છોડનાર, ભુખ-તરસ કે બળી જઈ, ડુબી જઈ દેહ છોડનાર પ્રેતપણાને પામે છે. ક્યારેક અતિશય વાસનાના વશપણાથી પણ જીવ વાણી અને ચેષ્ટાએ રહિત સુસ્થિર (ઘણા લાંબા સમય સુધી રહેનાર) પ્રેતપણાને પામે છે. તેથી પ્રેતમુક્તિ કરવી જોઈએ. જે પ્રેતોને માનતો નથી તે પણ મરીને પ્રેત થાય છે. જેના કુળમાં પ્રેતદોષ હોય તેને સુખ રહેતું નથી. મતિ, પ્રીતિ, રતિ, બુદ્ધિ અને લક્ષ્મી આ પાંચ વસ્તુ પ્રેતપીડાથી ત્વરિત નાશ પામે છે અને ત્રીજા કે પાંચમા દાયકામાં મનુષ્યનો વંશચ્છેદ થાય છે. વળી પ્રેતપીડાથી મનુષ્ય દિવસે-દિવસે નિર્ધન અને પાપ કરનારો થાય છે. આમ પ્રેતો પોતાના જ સંબંધીઓને ક્રૂરભાવે દુઃખ દેનારા થાય છે. ભુખ-તરસથી પીડાયેલા પ્રેતો પોતાના ઘરમાં પ્રવેશ કરે છે અને વાયુદેહ વડે શયન પામેલા પોતાના વંશજોમાં પ્રવેશ કરીને સ્વપ્નમાં પુત્ર-પત્ની ઈત્યાદિકને પોતાનું રૂપ હાથી-ઘોડા-બળદ ઈત્યાદિની વિકૃત આકૃતિ રૂપે દેખાડે છે. બિલાડો-વનિતા-સર્પ ઈત્યાદિક ક્ષણવાર માટે વારંવાર દેખાય તથા શયન કરેલા પોતાને વિપરિત અવસ્થામાં જોવે. અથવા ઉઠીને પોતાને તે વિપરિત અવસ્થામાં જોવે તે નક્કી પ્રેત દ્વારા પીડા પામે છે. સ્વપ્નમાં સાંકળ દ્વારા બંધાવું તે પ્રેત દ્વારા અપાયેલી પીડા છે તેમાં સંશય નથી. સ્વપ્નમાં અન્નની યાચના કરવી, બહુશસ્ત્રો વડે પોતાનો વધ થવો અથવા પોતે કોઈનો વધ કરવો ઈત્યાદિક સર્વે પ્રેત દ્વારા દેખાડાય છે. ભોજન કરનારનું પકવાન લઈને કોઈ પલાયન કરે, પોતાનું અથવા બીજાનું પાણી કોઈ તરસથી પીડાયેલો બળપૂર્વક પીવે, બળદ ઉપર બેસવું અથવા બળદો સાથે ફરવું, ઉછળીને આકાશમાં ગતિ કરવી, ભૂખથી તીર્થમાં ગતિ કરવી તથા જીવિત પોતાની પત્ની, પોતાના બંધુઓ, પોતાના પુત્રો, પોતાનો પતિ કે પોતાના ગુરુનો મૃત્યુ પામેલા

જોવા ઈત્યાદિક સ્વપ્નો પ્રેત દ્વારા દેખાડાય છે. સ્વપ્નમાં ભુખ અને તરસથી અત્યંત પીડાયેલો કોઈ જળની યાચના કરતો હોય તો પ્રેતની શાંતિ માટે કે મુક્તિ માટે તીર્થમાં પિંડદાન કરવું જોઈએ. મનુષ્ય રાત્રિએ સ્વપ્નમાં ઘરમાંથી સ્વયં નીકળી જતા કે કાઢી મુકાતા પુત્રો, પશુઓ માતા-પિતા-ભાઈઓ કે પત્નીઓને પ્રેતદોષથી જુવે છે. તેની શાંતિ માટે ઘરમાં તીર્થમાં કે શ્રીવૃક્ષમાં (બિલિના વૃક્ષના મૂળમાં) તર્પણ કરવું જોઈએ અને વેદપારંગત બ્રાહ્મણની પૂજા કરી તેમને કાળુ ધાન્ય દાનમાં આપવું જોઈએ. સર્વવિઘ્નોને ગણકાર્યા વિના મુક્તિ માટેના ઉપાયો કરે છે તેના કર્મ શ્રેષ્ઠ છે અને તેના કર્મોથી પ્રેતને શાશ્વતિ તૃપ્તિ થાય છે. આત્માને કલ્યાણના માર્ગે જોડવો તેથી પ્રેતને જલ્દીથી જ તૃપ્તિ થાય છે અને તૃપ્ત થયેલા પ્રેતો પોતાના સંબંધિઓનું સર્વદા શુભ ઈચ્છે છે. અન્યથા તે દુરાત્માઓ પોતાના વંશજોને જ કલેશ પમાડે છે. દર્શનથી, ભાષણથી (બોલવાથી), ચેષ્ટાઓથી કે પીડાઓથી પણ જે પ્રેતને સમજતા નથી અને તેને સદ્‌ગતિ અપાવતા નથી તેઓ પ્રેતોના શાપ વડે પીડીત થાય છે અને જન્મોજન્મ પુત્રરહિત, પશુધન રહિત, દરિદ્ર, આજીવિકા વિનાના અને અનેક વ્યાધિવાળા થાય છે. તેથી સદૈવ તર્પણ વડે પ્રેતોની મુક્તિ થાય તેવું કરવું જોઈએ. તૃપ્ત થયેલા તેઓ પોતાના જનોનાં ઉપદ્રવોનું નિવારણ કરે છે અને પછી સમય આવ્યે પુત્ર થકી તેઓ મુક્તિ પ્રાપ્ત કરે છે અને સદા સંબંધિઓમાં ઋદ્ધિ-વૃદ્ધિ અને સંપત્તિ ઈચ્છે છે. પિતૃઓને ઉદ્દેશીને જે નારાયણબલિ કરે છે તેના વિઘ્નો નાશ પામે છે અને તે પીડા પામતો નથી અને ભૂત-પ્રેત-પિશાચ ઈત્યાદિકની પીડાથી તુરંત મુક્ત થાય છે. નારાયણબલિ કરી વૃષોત્સર્ગ (વૃષભનું પૂજન કરી પિતૃઓના ઉદ્ધાર માટે તેને મુક્ત પણે છોડી દેવો) કરવો જોઈએ તેથી સર્વ ઉપદ્રવોની શાંતિ અને સર્વ સુખની પ્રાપ્તિ થાય છે. લોકમાં માતા અને પિતા સમાન અન્ય પરમ દેવતા કોઈ નથી. શરીરને જન્મ આપનાર માતા-

પિતા પ્રત્યક્ષ દેવતા છે. વળી હિત થાય તેવો ઉપદેશ કરનારા ગુરુપણ પ્રત્યક્ષ દેવ છે. તેથી માતા-પિતા-ગુરૂ-પતિ અને વૃદ્ધોને સદા પૂજવા જોઈએ. શરીર, સંપત્તિ, સ્ત્રી, પુત્ર અને સનાતન લોક (મોક્ષ) જેની કૃપાથી પ્રાપ્ત થાય તેથી વધારે પૂજ્ય કોણ હોય ? પુમ્ નામક નરકથી પિતાને જે તારે છે તે પુત્ર કહેવાય છે માટે પિતૃઓને તારવા. જો કોઈના માતા-પીતા અપમૃત્યુથી મૃત્યુ પામ્યા હોય તો તેમની પાછળ ધર્મકાર્ય, તીર્થ, વિવાહાદિક તથા સાંવત્સર શ્રાદ્ધ કરવું જોઈએ.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં પ્રેતોનો અશુદ્ધ ભૂમિમાં વાસ - પ્રેતાકૃત વિવિધ પીડાઓ - પ્રેતાકૃત સ્વપ્ન ચિહ્ન અને તેની નિવૃત્તિ-ઉપાય-નિરૂપણ નામક એકોતેરમો અધ્યાય ॥૭૧॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૨

શ્રીનારાયણ બોલ્યા, હે લક્ષ્મિ ! સાંભળો હું જે પ્રેતયોનિ પામનારા છે તેને કહું છું. અકાલ મૃત્યુ પામનારા, પાખંડી, લોભથી મરેલા, સંસ્કાર વિના મૃત્યુ પામેલા, ચાંડાળ, પાણી, સર્પ, શાપ, વૃક્ષ, વિજળી, દંશવાળા પશુપક્ષિના દંશ, શીંગવાળા પશુના શીંગ ઈત્યાદિ વડે મૃત્યુ પામેલા પ્રેત થાય છે. ગળાટૂંપો ખાનારા, વિષ-શસ્ત્રાદિકથી હણાયેલા, અભિચારાદિક કર્મથી હણાયેલા તથા આત્મઘાતીઓ પ્રેત થાય છે. મહાકષ્ટથી મૃત્યુ પામેલા, રોગથી મૃત્યુ પામેલા, ચોર દ્વારા મૃત્યુ પામેલા, વિસૂચિકા-અગ્નિ-ભૂકંપ આદિથી મૃત્યુ પામેલા, સંસ્કાર વિનાના (સોળ સંસ્કાર વિનાના), મલિનવૃત્તિવાળા, જેના કુળમાં પિંડદાનની ક્રિયા લુપ્ત થઈ ગઈ છે તેવા, વૃષોત્સર્ગની ક્રિયાથી રહિત, પર્વતથી પડેલા, ભીત પડવાથી મૃત્યુ પામેલા, આકાશમાં જઈ

ત્યાં જ મૃત્યુ પામેલાં, રજસ્વલાની જ સ્થિતિમાં મૃત્યુ પામેલી સ્ત્રી, મૈથુન સમયે અને શૌચ સમયે મૃત્યુ પામેલા, અન્તરિક્ષમાં, અન્તરાળમાં, સીમમાં, નિર્જન જગ્યામાં, સૂતકમાં મૃત્યુ પામેલા, દુષ્ટ, શલ્યાદિકથી મૃત્યુ પામેલા, જળ પામ્યા વિના તૃષાથી મૃત્યુ પામેલા અને કુમૃત્યુને વશ થઈ મૃત્યુ પામેલા બધા પ્રેત થાય છે અને પૃથ્વી મંડળમાં ભટકયા કરે છે. ગાય કે બીજા પશુઓના ચારાનો લોપ કરનાર, જળ અને આરામદાયક જગ્યાનો નાશ કરનાર, દેવવૃત્તિને તોડનાર, દીન ગરીબ જનોની આજીવિકા ભેદનાર, દાનકર્મનો લોપ કરનાર, પુણ્યકર્મને ભાંગનાર અને ઘણાક લોકોને દુઃખી કરનાર પ્રેત થાય છે. જેઓ સતત પરદ્રોહ કરનારા છે એવા પાપીઓ અથવા પાપથી મૃત્યુને વશ થયેલા જીવો નિત્ય ભુખ અને તરસથી પીડાતા પ્રેતતત્વને પામે છે. પ્રેતને જન્મમાં માતા-પિતા કારણ હોતા નથી. પ્રેતત્વ કર્મથી અથવા યમરાજાના સંકલ્પથી થાય છે. તે પ્રેતત્વમાં કેટલાક લાંબા હોઠ વાળા, વાંકાચુકા મુખવાળા, મોટા શરીરવાળા, મોટા દાંતવાળા, સર્પના મુખવાળા, બિલાડીના મુખવાળા ઈત્યાદિ વિવિધ પ્રકારની વિકૃત આકૃતિવાળા થાય છે. જેવા-જેવા કર્મ કર્યા હોય તેવા તેવા ગુણ તે પ્રેતને ત્યારે મળે છે. વળી જેવા પાપ કરીને માનવ પ્રેતત્ત્વને પામ્યો હોય તેટલી જ તેને વારંવાર ભુખ-તરસ લાગે છે છતાં પણ શુદ્ધ ભોજન કે જળ તેને પ્રાપ્ત થતા નથી. શુદ્ધ ભોજન અને જળમાં તેને અધિકાર હોતો નથી. શુદ્ધ અન્ન વસુઓ દ્વારા અને શુદ્ધ જળ વરૂણના દૂતો દ્વારા રક્ષિત કરાયેલા છે. તેમાં પ્રેતોનો ભાગ નથી. કફ-મૂત્ર-વિષ્ટા ઈત્યાદિ અનેક પ્રકારના મળથી યુક્ત અને વાસી કે ઉચ્છિષ્ટ (એઠું) ભોજન તેમાં પ્રેતને અધિકાર છે તેથી પવિત્રતાએ રહિત અને મલિન એવું ભોજન પ્રેતયોનિવાન સદા કરે છે. જેના ઘરમાં ભગવાનને કે દેવોને ભોજન અર્પણ કરાતું નથી, જેના ઘરમાં શુદ્ધિ નથી અને

જેના ઘરમાં દારૂ અને માંસનો વપરાશ થાય છે તેના ઘરમાં પ્રેતો જમે છે. લોભ-ક્રોધ-મદ-આળસ-નિદ્રા-શોક-ભય-કલહ-કપટ ઈત્યાદિ મનની મલિનતા વળી સ્નાનહીનતા, ધાતુ-મળ આદિની અશુદ્ધિ, રજ કે વીર્યવાળુ વસ્ત્ર, લાળ કે લેંટીવાળી દિવાલો, મૂત્રથી યુક્ત નળિકા ઈત્યાદિ અશુદ્ધિ જે ઘરમાં હોય ત્યાં પ્રેતો જમે છે. નિત્ય લિંગ અને યોનિમાંથી જે અશુદ્ધ પદાર્થ નીકળે છે તે પ્રેતનું ભોજન છે. મનુષ્યને મૃત્યુ પામવું સારું છે પણ કોઈ પ્રેતત્વને ન પામો. જે મનુષ્ય પતિતજનનું અન્ન ભક્ષણ કરી તે અન્ન જઠરમાં હોય ત્યાં મૃત્યુ પામે એવો પાપવશ મૃત્યુ પામેલ પ્રેત થાય છે. દેવદ્રવ્ય અને પારકુ દ્રવ્ય હરનારો પ્રેત થાય છે. ગુરુનું દ્રવ્ય હરનારો પ્રેત થાય છે. વિશ્વાસઘાત કરનાર, કૂટ, કન્યાઓનો વેચનારો, ભાઈઓને દગો કરનારો, મનુષ્યને મારનારો, ગાયને મારનારો, પશુઓને મારનારો, પર સ્ત્રીનો સંગ કરનારો, સુવર્ણની ચોરી કરનારો, જમીન હડપનારો અને અસત્યવાદી પ્રેત થાય છે. માતા-બહેન-પત્ની-પુત્રી-જમાઈ-પુત્ર અને પિતાને જે ત્યજી દે છે (અપમાન પૂર્વક ઘરમાંથી કાઢી મૂકે છે) તે પ્રેત થાય છે. શિષ્ટાચારથી રહીત, માતા-પિતાની સેવા નહી કરનારા, દારૂ-માંસનું સેવન કરનારા, પશુઓની હિંસા કરનારા, પરદ્રોહ કરનારા, મહાત્રાસ દેનારા, નિત્ય બીજાના દોષોને જોનારા, પરમનુષ્યને કલ્પાંત કરાવનારા, અનેક જણ સાથે મૈથુનમાં આશક્ત રહેનારા, ક્રૂર, વ્યસની, દુષ્ટ, નિષિદ્ધ આચરણ કરનારા તથા તેવા જે અન્ય લોકો તેમના આયુષ્યનો ક્ષય થાય છે અને અલ્પ આયુષ્ય વાળુ કુશરીર છોડીને તેઓ પ્રેત થાય છે. મનુષ્યે શરીર વડે પોતાનો મોક્ષ અથવા પુણ્ય કર્મો વડે સ્વર્ગ સિદ્ધ કરવું જોઈએ. પાછળ કરેલા કર્મના પરિપાકથી જ મનુષ્ય સુખ અને દુઃખ પ્રાપ્ત કરે છે. તેથી આ જન્મમાં સુખને દેનાર ધર્મનું આચરણ કરવું જોઈએ. આ પૃથ્વી પર નર કે નારીએ સ્વાર્થ માટે પણ નિત્ય કલ્યાણ કરનાર કર્મ કરવું જોઈએ અને તેથી મોક્ષ સિદ્ધ કરવો

જોઈએ. બીજા કામ ભૂલવા પણ મોક્ષ ભુલવો નહિ. બીજા કાર્યો ભુલવા પણ ધર્મકાર્ય ભુલવું નહિ. બીજી ભોગ્યવસ્તુઓ ભુલવી પણ આત્મસુખ ભુલવું નહિ. કૃત્રિમ યોગોને ભુલવા પણ હૃદયમાં સ્થિત શ્રીહરિને ભુલવા નહિ. સુખદેનાર ભગવાનને છોડીને દુઃખદેનાર વસ્તુ પદાર્થોને જે ભજે છે તો તેનું ફળ દુઃખ જ થાય છે પણ તે કલ્યાણકારી થતું નથી. હે કમલેક્ષણે ! તેથી ત્રણ પ્રકારના નરક જાણવા જોઈએ. એક યમપુરીમાં સ્થિત નરકો, પ્રેતરૂપી બીજું નરક અને ઘર-ઘરમાં જે દુઃખ તે ત્રીજુ નરક છે. જેના ઘરમાં ભોજ્ય-ભોજન, વૈભવો, નારી, પુત્ર, ધન-ધાન્યાદિકનું સુખ નથી તે આલોકમાં પ્રત્યક્ષ નરક છે. જેનું કુટુંબ વિશાળ હોય પણ તેનું અન્નવસ્ત્રે કરીને પણ પોષણ ના થાય તેવી દરિદ્રતા હોય તે પૃથ્વી પરનું પ્રત્યક્ષ નરક છે. જેને એકથી વધારે પત્ની હોય તે પ્રત્યક્ષનારકી છે. જેના ઘરમાં વ્યભિચાર થતો હોય તે પ્રત્યક્ષનરક છે. જે પરસ્ત્રી કે વૈશ્યા આદિમાં આસક્ત હોય તે પ્રત્યક્ષ નારકી છે. જે પોતાની પત્નીને કુતરી જેવી ગણે છે તે પ્રત્યક્ષ નારકી છે. જેની પત્ની, પતિ સાથે કુતરીની જેમ વ્યવહાર કરતી હોય (વાતવાતમાં ઝઘડા કરતી હોય) તે પણ પ્રત્યક્ષ નારકી છે. જેના ગૃહજનોમાં હું અને તું એવી ભાવનાઓને લઈને દ્વેષ અને કલેશ થયા જ કરતો હોય પણ સુખ, પ્રેમ અને નિદ્રા ના હોય તે પ્રત્યક્ષ નરક છે. જ્યાં પોતાના પરિવારજનો જ ચોર, ઘાતકી અને ઠગ હોય ત્યાં પ્રત્યક્ષ નરક છે. જ્યાં આજ્ઞાકારી પુત્રો નથી, પ્રેમ દેનારી પત્ની નથી અને માન દેનાર કુટુંબ નથી ત્યાં પ્રત્યક્ષ નરક છે. જ્યાં હંમેશા ભોજન રૂખુ-સુખુ કે ગાળ દેવા પૂર્વક આપવામાં આવતું હોય અને દ્વેષપૂર્ણ નેત્રો વડે જોવામાં આવતું હોય ત્યાં પ્રત્યક્ષ નરક છે. જેના વસ્ત્રો, ઘર, વાહન અને ઓટલા ઈત્યાદિ પણ ફાટેલા હોય તે પ્રત્યક્ષ નારકી છે. જેને સત્કારના સમયે પણ તિરસ્કાર મળે તે પ્રત્યક્ષ નારકી છે. જેને નિત્ય પરાધીન દશા હોય, સેવકો આક્ષેપ કરનારા હોય અને

સ્વજનો, શ્વજનો (કુતરા જેવી વૃત્તિના) હોય તે પ્રત્યક્ષ નારકી છે. જે ઘરમાં આધિ-વ્યાધિ-ઉપાધિ અને કલેશ રહ્યા કરે વળી દોષ, ક્રોધ, ધૂર્તતા અને શઠતાનો જ્યાં આશ્રય લેવાતો હોય ત્યાં પ્રત્યક્ષ નરક છે. જ્યાં પત્ની કામપ્રદા નથી પણ પ્રતિપક્ષિ છે અને જ્યાં પતિ રતિપ્રદ નથી પણ તાડન કે અપમાન કરનાર છે તે આ લોકમાં નરક છે. જન્મજાત ખોટ ખાંપણ, જન્મજાત રોગ, જન્મજાત દુઃખ કે જન્મજાત અનેક કલેશ તે પ્રત્યક્ષ નરક છે. આ શરીર નરક છે અને તેમાં વાસ કરવાથી જીવાત્મા નારકી કહેવાય છે. આ સંસાર પણ નરક છે. તેમાં વાસ કરવાથી જીવાત્મા નારકી કહેવાય છે. ભક્તિ વડે પોતાનું કલ્યાણ સાધનારો નીશ્ચે નરકથી મુક્ત થાય છે. જ્યાં સુધી મુક્ત થતા નથી ત્યાં સુધી બધા નારકી જ છે. નરકના દ્વારો જે મળ, લાળ અને ધાતુઓ છે તેને આલંબીને જે રમણ કરે છે તે સાક્ષાત નારકી છે. મનુષ્ય નરકમાંથી જ ઉત્પન્ન થાય છે ફરી નરકમાં જ સજ્જ થાય છે અને તેની પુષ્ટિ પણ નરકરૂપ છે તો તેનાથી અન્ય કોણ નારકી હોય ? અપમાન તે મહાદુઃખ છે, બંધન તે તેનાથી પણ મોટું દુઃખ છે અને પરાધીનતા તો સૌથી મોટો ત્રાસ છે. આ ત્રણ વસ્તુ જેને હોય તે અહીં જ નારકી છે. તૃષ્ણારૂપી નરક જેને લાગ્યુ હોય તે પણ નારકી જ મનાયો છે. આમ સર્વેને ઘરોઘરમાં આ ત્રીજું નરક છે. અશુદ્ધિ, ક્ષય અને અતિશયતા આ ત્રણ દોષ જેને લાગે છે તે નારકી જેવો જ થાય છે. આવી રીતે આ બધા જીવતા પ્રેતો, મૃત્યુ પામેલા અને યમપુરીમાં ગયેલા પ્રેતો અને અદ્રશ્ય, વાયુરૂપ પ્રેતો એમ ત્રણ પ્રકારના પ્રેતો છે. આ સર્વે દુઃખ ભોગવનારા દુઃખ દેનારા અને ભક્તિ વિનાના છે તો તે સર્વેમાં શો ભેદ છે ? યમપુરીમાં રહેલા વાયુ શરીરવાળા અને મનુષ્ય શરીરમાં દુઃખ ભોગવનારા જો મોક્ષનું સાધન કરતા નથી તો તે ત્રણેય પ્રેતો સમાન છે તેથી મનુષ્ય દેહે કરીને મોક્ષ થાય તેવું સત્કર્મ કરવું તેથી પ્રેતત્વ ન પમાય અને મુક્તિ થાય. જેની નારી ડાકણ, પતિ

ભૂતોને પણ ભય પમાડે તેવો અને પુત્રો રાક્ષસને પણ હણે તેવા હોય તેનાથી પ્રેતો પણ પલાયન કરે છે. જે સ્ત્રીની યોનિ કંડની (ખંજવાળવાળી) મૂત્ર અને વીર્યવાળી ભીની રહેતી હોય તથા કાદવ જેવી શરીરની આભા હોય તેવી સ્ત્રીનો ભોક્તા (પતિ) પ્રત્યક્ષ નારકી છે. ગામની બહાર રહેનારા અશુદ્ધ અને દોષોથી ભરેલા શ્વપચ હોય છે ત્યાં પ્રેત શું કરે ? કારણ કે દોષમાં દોષ શું દેવો ? જેમ પ્રેત પ્રેતને પીડા કે ત્રાસ આપતો નથી તેમ પ્રેત સમાન જે દુષ્ટ હોય તેને પીડા પમાડી પ્રેતને શો લાભ ? તેવા કુટુંબને છોડીને નિત્ય દુઃખ ભોગવતા પ્રેતો તીર્થમાં, વનમાં કે અન્યત્ર તેને યોગ્ય સ્થાનમાં જતા રહે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં કોણ પ્રેત ? પ્રેતોનો વાસ-ભોજનાદિક અને ત્રણ પ્રકારના પ્રેત ઈત્યાદિ નિરૂપણ નામક બોત્તેરમો અધ્યાય ॥૭૨॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૩

શ્રીનારાયણ બોલ્યા, સર્વયોનિઓમાં સર્વ જીવોને માટે ન્યૂનાધિક સુખ કરેલા છે તેમાં મનુષ્ય યોનિમાં ધર્માત્મા હોય તે સર્વ રીતે સુખી થાય છે. મનુષ્યને પુણ્ય અને પાપ વિધિ-નિષેધથી થનારા છે. ગર્ભથી લઈને પાંચ વર્ષ સુધી પાપથી લિપ્ત થવાતું નથી. પાંચ વર્ષ પછી અડધુ પાપ લાગે છે અને બાર વરસે સર્વ પાપોથી લિપ્ત થવાય છે. જેવી અવસ્થા અને જેવું પાપ તો પ્રમાણેનો લેપ લાગે છે. મૃતકનું સૂતક પણ (અવસ્થા પ્રમાણે) ન્યૂન-અધિક હોય છે. જેટલા માસે ગર્ભનો પાત થાય તેટલા દિવસનું સૂતક લાગે પરંતુ તેની બીજી કોઈ વિધિ કરવાની હોતી નથી. જન્મથી ચૂડા સંસ્કાર સુધીમાં મૃત્યુ થતાં બાળકને ગર્તમાં (ખાડામાં) ડાટવું જોઈએ અને યથાશક્તિ બાળકોને તુષ્ટિ માટે

દૂધનું દાન કરવું જોઈએ. ચૂડાકર્મથી માંડી પાંચ વર્ષ સુધીના બાળકનું મૃત્યુ થતા તેના દેહનો અગ્નિસંસ્કાર કરવો જોઈએ અને બાળકોને ખીરનું ભોજન દેવું જોઈએ. પાંચ વર્ષ પુરા થયે મૃત્યુ થાય તો યથાવિધિ તમામ ઔર્ધ્વદૈહિક કર્મો સર્વથા કરવા જોઈએ. કુમારાવસ્થામાં મૃત્યુ થતાં કુમારોને ભોજન કરાવવા અને વસ્ત્રો આપવા એમ મહાદાન વિનાના કર્મો કરવા. બાળક તરૂણ કે વૃદ્ધ કોઈપણ દેહિને ઘડો અપાય છે. બે વર્ષ સુધીના બાળકને જ ગર્તમાં-ખાડામાં ડાટવું તેથી પર અર્થાત્ બે વર્ષ પછીના સર્વેનો દેહ-દાહ કરવો જોઈએ. દાંત આવવા સુધી શિશુ કહેવાય છે. ચૂડાકર્મ કરી શિખાવાળો થતા બાલ કહેવાય છે. ત્યાંથી માંડી મૌંજીબંધન સુધી કુમાર કહેવાય છે. પાંચ વર્ષથી અધિક અવસ્થામાં મૃત્યુ થતાં વૃષોત્સર્ગ વિધિ (ખુંટને પુજી મુક્ત વિહાર માટે છોડી દેવો તે) વિના તથા સપિંડિકરણ વિના અગિયારમાં દિવસે ષોડશ શ્રાદ્ધ કરવા તથા ઉદકુંભ આપવો તથા પ્રેતત્વની નિવૃત્તિ માટે દીપ, અન્ન, જળ, વસ્ત્ર, સુવર્ણ, ભોજન આદિકનું યથાયોગ્ય દાન કરવું. પુત્રનું મુખ જોઈને પિતા પિતૃઋણમાંથી મુક્ત થાય છે. આથી ઔરસપુત્રે (પોતાની ધર્મપત્નીથી થયેલ પુત્રે) પાર્વણ શ્રાદ્ધ કરવું વળી પૌત્રને જોઈને ત્રણેય ઋણથી મુક્ત થઈ સ્વર્ગને પમાય છે. જે ઔરસપુત્રો નથી પણ સંગૃહીત છે. તેવા નવ પ્રકારના પુત્રો મનાયેલા છે. તે નવ પ્રકારના પુત્રોએ એકોદ્દિષ્ટ શ્રાદ્ધ કરવું. ઔરસપુત્રે પિતાનું સપિંડીકરણ કરવું. એક વર્ષ સમ્પૂર્ણ થતાં પિંડ પ્રવેશ કરાવવો કારણ વર્ષાન્તે પિંડ-મેલન કરવાથી સદ્ગતિ થાય છે અને એ પિંડ-મેલનથી તુર્તજ પ્રેત પિતૃગણમાં સમ્મિલિત થાય છે. જ્યાં સુધી સપિંડિકરણ થતું નથી ત્યાં સુધી ભિક્ષુ (પ્રેતાત્મા) ભિક્ષા ગ્રહણ કરી શકતો નથી. વળી જ્યાં સુધી પિંડ-મેલન ના થાય ત્યાં સુધી પોતાના ગોત્રમાં પણ અશુદ્ધિ રહે છે. અનંત કુળ ધર્મો હોવાથી, પુરુષોનું આયુષ્ય ક્ષીણ હોવાથી

અને શરીર ક્ષણભંગુર હોવાથી બારમા દિવસે, ત્રણ પખવાડીયે, છ મહીને કે વરસે સપિંડિકરણ કરી લેવું જોઈએ. પુત્રના અભાવે પત્નીએ, પત્નીના અભાવે ભાઈએ, ભાઈના પુત્રે કે શિષ્યે પિંડ-મેલન કરવું જોઈએ. સપિંડનક્રિયા કરી પછી અભ્યુદય ક્રિયા કરવી જોઈએ. જ્યારે કોઈ ભાઈઓને પુત્ર ના હોય ત્યારે પુત્રીએ સપિંડન ક્રિયા કરવી જોઈએ અથવા ઋત્વિજ પાસે કે પુરોહિત પાસે કરાવવી જોઈએ. જેનો ચૂડા સંસ્કાર થઈ ગયો છે તેવા પુત્રો દ્વારા પણ પિતૃશ્રાદ્ધ કરાવવું જોઈએ. તેનાથી પ્રેતને અને પિતૃઓને તૃપ્તિ થાય છે. પ્રેતને સુખ થાય તેના માટે સર્વક્રિયાઓ પુત્રે કરવી જોઈએ. જો મોક્ષપ્રાપ્તિ ના થઈ હોય તો નરકથી પુત્ર (આ ક્રિયાઓ કરી) તારે છે પણ પુત્રરહિતને સદ્‌ગતિ કે સ્વર્ગપ્રાપ્તિ થતી નથી. તલ અને દર્ભથી યુક્ત ભૂમિમાં પુત્ર કે પૌત્રે અગ્નિસંસ્કાર કરવો તેથી વૈકુંઠમાં ગતિ થાય છે. વળી પંચરત્ન શરીરમાં આપવા તેથી જીવ સદ્‌ગતિએ જાય છે. ભૂમિને ગાયના છાણથી લીંપી તેમાં તલ અને દર્ભ મુકવા પછી તેમાં આતુર (મરણ પામવાની તૈયારી હોય તેવો મનુષ્ય) ને મુકે તો તેના સર્વ દુષ્કૃતોનું દહન થાય છે કારણ કે દર્ભ-તૂલી આતુરને સ્વર્ગમાં લઈ જાય છે તેમાં સંશય નથી. આમ તો લીપેલી હોય કે ના લીપેલી હોય પૃથ્વી સર્વત્ર પુણ્યરૂપા જ છે. પરંતુ લીપ્યા વિનાની પૃથ્વી પર આતુરને મુકતા યાતુધાનો-પિશાચો-રાક્ષસો અને ક્રૂર કર્મો કરી અસદ્‌ગતિએ ગયેલાઓ વિગેરે તેના શરીરમાં પ્રવેશે છે. (આથી ગાયના છાણથી લીંપી તેના પર જ આતુરને મુકવો) બ્રહ્મા-વિષ્ણુ-રૂદ્ર-લક્ષ્મી અને અગ્નિ મંડળમાં રહે છે. તેથી મંડળ બનાવવું. અન્યથા જે મૃત્યુ પામે તે વાયુ વડે કષ્ટ પામે છે. હે લક્ષ્મિ ! તલ મારા શરીરથી ઉત્પન્ન થયા છે તેથી પવિત્ર છે. તેથી આતુર તલ પર સ્થિત હોવાથી અસુરો દાનવો દૈત્યો વિગેરે પલાયન કરી જાય છે. દર્ભ રોમમાંથી અને તલ સ્વેદ

(પરસેવો)માંથી ઉત્પન્ન થયા છે તેથી (તે બંને વસ્તુઓ મારા અંગભૂત હોઈ) લીપેલી ભૂમિ પર તે મૂકવા. દર્ભના મૂળમાં બ્રહ્મા, દર્ભના મધ્યમાં કેશવ અને દર્ભના અગ્રભાગમાં શંકર આમ ત્રણે દેવો દર્ભમાં રહ્યા છે. આ અસાર અને કષ્ટદાયી સંસારમાં વિષ્ણુ, એકાદશી, ગંગા, તુલસી, બ્રાહ્મણ અને ગાય આ ષટ્પદી મોક્ષદેનાર છે અને આતુરતાને પ્રાપ્ત થયેલાની દુર્ગતિનું નિવારણ કરે છે. લવણરસ (મીઠું) વિષ્ણુના દેહથી ઉત્પન્ન થયેલ છે. તેથી પ્રાણ-ગમન સમયે લવણનું દાન કરવું તે સ્વર્ગ દેનાર થાય છે. વળી તે સમયે (મૃત્યુ સમયે) તલ, ગાય, પૃથ્વી, સુવર્ણ, કપાસ, મીઠું, સપ્ત ધાન્ય તથા લોહ (લોઢું) ઈત્યાદિનું દાન કરવું. તે કરેલા દાનના પુણ્યથી રક્ષા થાય છે અને દાનમાં દીધેલી આ એક એક વસ્તુ તેને પાવન કરે છે. સુવર્ણનું દાન કરવાથી સ્વર્ગનું સુખ મળે છે. ભૂમિનું દાન કરવાથી રાજા થવાય છે. સપ્ત ધાન્યનું દાન કરવાથી અનેક ધાન્યોની પ્રાપ્તિ થાય છે અને યમદૂતોને તૃપ્તિ થાય છે. લોઢાનું દાન કરવાથી યમદૂતો મૃતકના ઘરે આવતા નથી. કુઠાર, મુશળ, દંડ, ખડગ, છરી, પાશ, કશ, મુદ્ગર આ બધા યમનાં હાથમાં રહેલા આયુધો છે.

અનેક પ્રકારના વિકૃત મુખાકૃતિઓ વાળા યમદૂતો લોઢાના દાનથી પ્રસન્ન થાય છે. લોઢાનું દાન આત્માનો પાપસંચયથી ઉદ્ધાર કરે છે. ગાયનું દાન વૈતરણી નદી તારે છે અથવા સ્વર્ગ કે મોક્ષ આપનારૂ થાય છે. મહાદેવ ગોલોક અને શ્રીહરિ સ્વયં પણ સર્વદા વારંવાર ગાયોની સેવા કરે છે. ગાય તો સર્વવિધ લક્ષ્મી છે. ગાયોમાં હું નિત્ય નિવાસ કરું છું. સુવર્ણના દાનથી સૂર્યલોક કે ચંદ્ર અને અગ્નિના વૈભવને પમાય છે. લવણ (મીઠું) નું દાન સ્વર્ગના દ્વાર ખોલનારું થાય છે. તલનું દાન મનુષ્યના મહાપાપોને બાળનારું છે. તે આ સર્વે તથા અન્ય વસ્તુઓ કે ઉપકરણો પ્રેતને સુખ કે મોક્ષની પ્રાપ્તિ માટે દાનમાં આપવા

જોઈએ. પૃથ્વી પર અર્ધ મીંચેલી આંખોવાળા અને જેનો શ્વાસ પોતાના સ્થાનથી ચલિત થઈ ચૂક્યો છે એવા (મૃત્યુ નિકટ અવસ્થાવાળા) પિતાને જોઈને પુત્ર જે દાન કરે તેને આતુર-દાન કહે છે. વળી તે સમયમાં જે પુત્ર હોય તેણે સર્વપ્રકારના દાન આપવા જોઈએ. વળી પ્રાણ-પ્રયાણ કરતો હોય ત્યારે નારાયણ, હરે કૃષ્ણ, શ્રીપતે, કમલાપતે, વાસુદેવ, પરંબ્રહ્મ, સ્વામિન્, શ્રીરામ, ગોપતે આવી રીતના ભગવાનના નામોનુ સ્મરણ કરવું જોઈએ અથવા તો શ્રીહરિઃ શરણં મમ, શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ, ૐ નમો ભગવતે વાસુદેવાય, ઈત્યાદિ મંત્રોનો જપ કરવો. વળી આતુર (મરણાસન્ન વ્યક્તિ) ને સન્યાસ દીક્ષાનો મંત્ર આપવો તથા શ્રીહરિ, શ્રીકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, શ્રીમન્નારાયણ, સ્વામિનારાયણ, રામકૃષ્ણ, હરિકૃષ્ણ, રાધાકૃષ્ણ, નૃસિંહ, દત્તાત્રેય, શ્રીશંભુ, વિષ્ણુ ઈત્યાદિ મંત્રોનો જપ કરવો. અથવા જય ગોવિંદ, જય ગોપાલ, જય માધવ એમ ધુન કરવી. વિષ્ણુ માતા છે. વિષ્ણુ પિતા છે. વિષ્ણુ જ સ્વજન અને બાંધવો છે. વિષ્ણુ જ જળ છે. વિષ્ણુ જ સ્થળ છે. વિષ્ણુ જ ભૂમિ છે. દર્ભ વૈષ્ણવો છે. વિષ્ણુ જ તલ અને ગાય છે. સુવર્ણ અને ધાન્ય વૈષ્ણવ છે. વિષ્ણુ જ દાતા ગૃહિતા નેતા અને પ્રાપયિતા (પમાડનારા) છે. તેમની જે નિત્ય પૂજા કરે છે અને અંતકાળે તેનું કીર્તન કરે છે તેની ક્યારેય અસદ્ગતિ થાતી નથી અને તે ક્યારેય પ્રેતભાવને પામતો નથી. વળી જેણે અંતકાળે સંતોના દર્શન કર્યા, પ્રણામ કર્યા, સેવા કરી કે રાજી કર્યા તે ત્વરિત મોક્ષને પામે છે તેમાં સંશય નથી.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં મૃતકનું યથાયોગ્ય સૂતક સપિંડિકરણ-તલાદિકનું દાન અને આતુરને મન્ત્ર પ્રદાન ઈત્યાદિ નિરૂપણ નામક તોંતેરમો અધ્યાય ॥૭૩॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૪

શ્રીનારાયણ બોલ્યા, અંતકાળે ગાયનું દાન સ્વર્ગવાસરૂપ ફળ આપનારું છે. જેઓ પગરખાનું દાન કરે છે તો અશ્વ પર આરૂઢ થઈને જાય છે. છત્રીનું દાન કરવાથી પ્રેતાત્મા છાયામાં સુખ પૂર્વક વિચરે છે તેમજ અન્નનું દાન કરવાથી ક્ષુધાએ રહિત સુખી થાય છે. જો દેવસ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશામાં દીપ કર્યો હોય તો તે દીપ દાનના પ્રભાવે પ્રકાશમાં સુખ પૂર્વક જાય છે. પરલોકમાં હિત કરનારા આસન અને વાસણના દાન કરવા, તરસ્યા પાણી પીવે તો માટે કમંડળુના જળ દેવા, અગિયારમા દિવસે અન્ન-વસ્ત્ર-પુષ્પ-અંગુઠી વિગેરેનું દાન દેવું જોઈએ જેથી પ્રેતાત્માની ઉત્તમ ગતિ થાય. મૃતકના નામથી કુંભદાન, વસ્ત્રદાન, હાથી-ઘોડા રથ-ગાય-ભેંસ-વસ્ત્રો સહિત શય્યાદાન વિગેરે દાન યથાશક્તિ પ્રેતાત્માની તૃપ્તિ અને સુખશાંતિ માટે કરવા. શરીરમાંથી વાયુ સાથે જ્યારે આત્મા પ્રયાણ કરે છે ત્યારે જો પુણ્યકર્મ કરનારો હોય તો કટિપ્રદેશ (કમર) ના ઉપરના રોમ ભાગમાંથી કે ઈન્દ્રિયોમાંથી જાય છે. (અર્થાત્ નાક-કાન-મુખ કે બ્રહ્મરન્ધ્રમાંથી જાય છે.) અને જો પાપકર્મા હોય તો કમરના નીચેના ભાગની ઈન્દ્રિયોમાંથી (અર્થાત્ મળ-મૂત્રના દ્વારથી) જાય છે. દશ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ અને પંચતન્માત્રા રૂપ સૂક્ષ્મશરીરની સાથે પુણ્ય અને પાપ લઈને જીવાત્મા જ્યાં જાય છે ત્યાં તેના કર્માનુસારે નવા દેહને પામે છે. તે તેનું ઘર મનાય છે. એકવિશ લાખ જરાયુજ, એકવિશ લાખ સ્વેદજ, એકવિશ લાખ ઉદ્ભિજ અને એકવિશ લાખ અંડજ એમ ચોરાશી લાખ યોનિઓ છે. ત્યાં-ત્યાં જઈ જીવાત્મા ફરી દુઃખ પામે છે. ફરી ગર્ભવાસ અને જન્મ-મરણને પામ્યા કરે છે. જે શ્રીહરિને ભજતો નથી તેનો ફરી ફરી વારંવાર ગર્ભમાં વાસ થાય છે. સ્ત્રીઓમાં પુરુષબીજ વડે

ગર્ભો ઉત્પન્ન થાય છે. આથી ઋતુકાળમાં ચાર રાત્રિ સુધી સ્ત્રીનો ત્યાગ કરવો. પાંચથી સાતમી રાત્રિ સુધી મલિન ગર્ભ રહે છે. આથી આગળની સાત રાત્રિ છોડી ત્યારબાદ બેકી સંખ્યાવાળી (અર્થાત ૮મી, ૧૦મી, ૧૪મી કે ૧૬ મી) રાત્રિએ સત્સંતાન માટે પ્રયત્ન કરવો. ઋતુકાળથી (રજસ્વલા થાય તે દિવસથી માંડી) સોળમી રાત ગર્ભ ધારણ કરાવનારી હોય છે. તેમાં ચૌદમી રાતે જો ગર્ભ રહે તો અત્યંત ગુણવાન, ભાગ્યનિધિ અને ધાર્મિક પુત્ર થાય છે. બેકી સંખ્યાવાળી રાત્રિમાં સહવાસ કરવાથી પુત્ર અને એકી સંખ્યાવાળી રાત્રિમાં સહવાસ કરવાથી પુત્રી થાય છે. (આ સંખ્યા રજસ્વલા થાય તે દિવસથી ગણવી) પાંચમે દિવસે નારીએ મધુર, કટુ, તીખુ અને ઘી યુક્ત ભોજન કરવું. વળી તે નારીએ તાપમાં જવું નહિં. માત્ર છાંયામાં રહેવું અને તાંબૂલ (મીઠું પાન) સુગંધીત પદાર્થો અને ચંદનની સાથે શુભ દિવસે પતિનો સંગ કરવો. અંગ-સંગ સમયે નરનારીના મનમાં જે ભાવના હોય અને શુક્ર અને શોણિતનું જેવું મિશ્રણ થાય તે રીતનું સંતાન થાય છે. વીર્યમાં બીજરૂપ ચૈતન્ય નિત્ય રહેલું છે. જ્યારે ચિત્ત વીર્ય અને કામ એકત્વને પામે છે ત્યારે પુરુષ સ્ત્રીના ગર્ભમાં વીર્ય સીંચે છે. તેમાં જો વીર્યની અધિકતા હોય તો પુત્ર થાય અને રક્તની અધિકતા હોય તો પુત્રી થાય છે. જો વીર્ય અને રક્ત સરખા પ્રમાણમાં હોય તો નપુંસક સંતાન થાય છે. તે ગર્ભ એક રાત્રિ દિવસમાં ભ્રૂણ રૂપ, પાંચ દિવસમાં બુદબુદરૂપ, દશ દિવસમાં કર્કન્ધુ રૂપને પામે છે. વિશમાં દિવસે તેમાં માંસની ઘનતા થાય છે તથા એક મહિનો પૂર્ણ થતાં પંચતત્વને ધારણ કરે છે. બે મહિનામાં મેદ અને ત્વચા થાય છે. ત્રણ મહિને મજ્જા અને અસ્થિ (હાડકાં) તૈયાર થાય છે. ચોથા મહિને ગુલ્ફ કેશ થાય છે. પાંચમે મહિને નાક અને કાન થાય છે. સાતમે મહિને કંઠ અને ગુહયાંગ થાય છે. આઠમે મહિને સમ્પૂર્ણ અંગવાળો થાય છે. નવમાં મહિને બહાર આવવાની ઈચ્છાવાળો થાય છે અને દશમાં

મહિને પ્રસવ પામે છે. તેમાં ચામડી, હાડકા, નાડીઓ, રોમ અને માંસ આ પાંચ વસ્તુઓ પૃથ્વી તત્ત્વની છે. લાળ, મૂત્ર, શુક્ર, મજ્જા અને રક્ત આ પાંચ વસ્તુઓ જળ તત્ત્વની છે. કાંતિ, ભુખ, નિદ્રા, તૃષ્ણા અને આળસ આ પાંચ વસ્તુઓ તેજ તત્ત્વની છે. શ્વાસ, ગતિ, રોધ, સંકોચ અને વિકાસ આ પાંચ વસ્તુઓ વાયુ તત્ત્વની છે. અથવા રાગદ્વેષ, ભય, લજ્જા અને મોહ આ પાંચ વસ્તુઓ વાયુ તત્ત્વની છે. ઘોષ, આશ્રય, છિદ્ર, ગાંભીર્ય અને શ્રવણ આ પાંચ ગુણો આકાશ તત્ત્વના છે. ઈડા, પિંગલા, સુષુમ્ણા, ગાન્ધારી, ગજજિહ્વિકા, પૂષા, યશા, હયલમ્બુષા, કુહૂ, શંખિની વિગેરે નાડીઓ છે. પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય આ વાયુઓ છે. તેમાં હૃદયમાં પ્રાણ, ગુદામાં અપાન, નાભિ મંડળમાં સમાન, કંઠદેશમાં ઉદાન અને સર્વશરીરમાં વ્યાન વાયુ રહે છે. નાગવાયુનું કામ બગાસુ લાવવું તથા કૂર્મ વાયુનું કામ સંકોચન કરવું છે. કૃકલ વાયુ શૂળ ઉત્પન્ન કરે છે. દેવદત્ત ઓડકાર આદિનું કાર્ય કરે છે અને ધનંજય વિકાસનું કાર્ય કરે છે. બે કાન, બે આંખ, બે બાજુ વાળુ નાક, મુખ, ગુદા અને ગુહ્ય આ નવ, દશમી નાભિ, અગિયારમું બ્રહ્મરન્ધ્ર, સ્ત્રીમાં ગર્ભાશય બારમું અને બે સ્તન મળી ચૌદ વસ્તુ થઈ. વળી સાડા ત્રણ કરોડ રોમ, બત્રીશ દાંત, વિશ નખ અને ત્રણ લાખ કેશ માથામાં આવી ગર્ભની સ્થિતિ હોય છે. તેમાં રોમ લોહી અને માંસ આ ત્રણ માતા થકી અને સ્નાયુ અસ્થિ (હાડકા) અને મજ્જા આ ત્રણ પિતા થકી પમાય છે. એમ છ પ્રકારના કોષ હોય છે. એક હજાર પલ (એક પ્રકારનું માપ) માંસ, સો પલ લોહી, દશ પલ મેદ, વીશ પલ મજ્જા, ત્રણ પલ રક્ત, બે કુડવ (એક પ્રકારનું સંખ્યા સૂચક માપ) શુક્ર, શ્લેષ્મા છ કુડવ તથા વિણમૂત્ર ત્રણ કુડવ (આ સ્થૂળ શરીર) તથા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર (આ સૂક્ષ્મ શરીર) આ સર્વ સાથેનો દેહ સંભૂત

ગર્ભ પ્રસૂતિ વાયુ વડે નિષ્કાસિત થયેલો બહાર આવે છે અને મૂર્છિત થતો જન્મ ધારણ કરે છે. બ્રહ્માંડની સંપૂર્ણ આકૃતિ શરીરમાં રહેલી છે જેમ કે સત્યલોક શિરોરંધ્ર, તપલોક લલાટ, જનલોક મુખ, મહરલોક કંઠ, સ્વરલોક હૃદય, ભુવરલોક ઉદર, ભૂલોક નાભિ, અતળ કટિપ્રદેશ, વિતળ ગુહ્યાંગ, સુતળ સાથળના મૂળ, તળાતળ ઉરુપ્રદેશ, મહાતળ બે ઘુંટણ, રસાતળ જંઘાઓ અને બે પગને પાતાળ કહેવામાં આવ્યા છે. મૂત્રમાં ક્ષારસાગર (ખારો સાગર), દૂધમાં ક્ષીર સાગર, શ્લેષ્મામાં સુરોદધિ, મજ્જામાં ઘૃતસાગર, મિષ્ટ રસમાં રસોદધિ, શોણિતમાં દધિસાગર, કુક્ષિભાગમાં સ્વાદુજળ, શુક્રમાં ગર્ભોદક, નેત્રોમાં સૂર્ય અને ચંદ્ર, ઓષ્ઠમાં મંગળ, હૃદયમાં બુધ, જ્ઞાનમાં ગુરુ, વીર્યમાં શુક્ર, નાભિમાં શનિ, મુખમાં રાહુ અને ગુહ્યાંગમાં કેતુ સ્થિત છે. આમ, પિંડરૂપ શરીરને બ્રહ્માંડ કહેવાયું છે. આયુ, વિદ્યા, ધન, યશ અને નિધન (મૃત્યુ) આ પાંચ વસ્તુ મનુષ્ય ગર્ભમાં હોય ત્યાંજ સર્જાઈ જાય છે. (નિશ્ચિત થઈ જાય છે.) અધોમુખ અને ઉર્ધ્વપાદ વાળો તે ગર્ભથી બહાર આવે છે, ત્યારે દાયણ (જન્મ કરાવનારી) ઈત્યાદિ વડે રક્ષાયેલો હોય છે. વળી પોતાના આશ્રિતોની રક્ષા કરતો પુત્રો દ્વારા સંરક્ષિત થયેલો (આમ, વિવિધ દશાઓને પ્રાપ્ત થયેલો) ફરી તે મૃત્યુને પામે છે. જ્યારે પ્રતિક્ષણ આળસ અને પ્રમાદે રહિત થઈ ભગવાન શ્રીહરિને ભજે છે ત્યારે મુક્તિને પ્રાપ્ત કરે છે અથવા સર્વસુખમય સ્વર્ગને મેળવે છે. જે દુઃખથી રહિત, નિત્ય અને ઈચ્છિત સુખ છે તે સ્વર્ગમય છે. (મોક્ષમય છે.) ભક્તિવાન જીવાત્મા સર્વજ્ઞ એવા પરબ્રહ્મ સાથે તે તમામ સુખોને ભોગવે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં દાનફળ, નિષેક સમય, ગર્ભનિર્માણ, શારીરકોષ અનો બ્રહ્માંડની એક્તા ઈત્યાદિ નિરૂપણ કર્યું એ નામક ચુંમોતેરમો અધ્યાય ॥૭૪॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૫

શ્રીનારાયણ બોલ્યા, છ્યાંસી હજાર યોજનના પ્રમાણવાળો યમપુરીનો માર્ગ છે. તેમાં બધાને પાથેય (ભાથુ) ની જરૂર પડે છે. યમપુરીમાં પણ મૃતકને વંશજો દ્વારા કરાયેલા ભોજયની જરૂરત રહે છે. જેણે વૃક્ષો રોપ્યા હોય, તળાવાદિક જળાશયો કરાવ્યા હોય તેઓ સુખપૂર્વક તે માર્ગે જાય છે. જેણે બળતણના દાન કર્યા હોય તે યમાલયમાં હિમ બરફ કે શીત (ઠંડી) વડે પીડાતો નથી અને તાપતો થકો સુખને પામે છે. યજ્ઞ ઉત્સવ ઈત્યાદિ કરનારા ત્યાં મોહને પામે છે. તૃપ્ત થાય છે અને ગન્ધપુષ્પાદિક વડે વિભૂષિત થાય છે. ભૂમિદાન કરનારો સર્વકામનાઓથી પરિપૂર્ણ થયેલા સુખને પામે છે. જેણે ભૂમિનું દાન કર્યું તેણે સુવર્ણ મણિઓ, વસ્ત્રો, આભૂષણો, ગાયો વિગેરે બધાનું જ દાન કર્યું છે. પુત્રો વડે વિધિપૂર્વક અપાયેલા વિવિધ પ્રકારના ભક્ષ્ય ભોજય અને વ્યંજનો પિતાને પહોંચે છે. અપક્વ માટીના વાસણમાં ત્રણ દિવસ દુધ દેવું કારણ કે વાયુનું શરીર ધારણ કરનાર મૃતક પ્રેતાત્મા આકાશમાં સ્થિત રહી દુધ પીવે છે. ચોથા દિવસે સંચય કરીને ગંગાસ્પર્શ કરવો. પ્રાતઃકાળે પ્રથમ યામે પહેલી જલાંજલિ આપવી. અધોવસ્ત્ર અને ઉત્તરીય વસ્ત્રની વસ્ત્રગ્રંથિ આપવી. એકવસ્ત્ર વાળાએ દર્ભ અને તલ સહિત અંજલિ આપવી. પ્રેતાત્મા ત્રણ દિવસ પાણીમાં, ત્રણ દિવસ અગ્નિમાં, ત્રણ દિવસ આકાશમાં અને એક દિવસ ઘરમાં રહે છે. આમ વાયુરૂપવાન તે ભ્રમણ કરે છે અને વાયુશરીરમાં જાય છે. અગિયારમાં દિવસે જે શ્રાદ્ધ કરાય છે તેને સામાન્ય કહેલું છે. એકાદશાહ શ્રાદ્ધ કરીને ફરી સ્નાન કરીને શુદ્ધ થવાય છે. પ્રથમ દિવસે જે શ્રાદ્ધ કરવું તે દશમાં દિવસે સમાપ્ત કરવું અગિયારમાં દિવસે પ્રેતને (મૃતકને) મંત્રો સહિત પિંડદાન કરવું

તે પિંડ સાકરે યુક્ત પુડા ઈત્યાદિ સિદ્ધાન્નનો (પકવાન્નનો) આપવો. વળી શય્યાનું દાન કરવું. પાછળથી કોણ દાન કરશે ? ત્યાં સુધી જ બંધુ અને પિતા પુત્રાદિક સંબંધ છે જ્યાં સુધી માનવ જીવે છે તેને મૃત જાણીને ક્ષણવારમાં શવ ઉપરથી સર્વને સ્નેહ ઉતરી જાય છે. આત્મા જ આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. આથી (બુદ્ધિમાન મનુષ્યે) જીવતાં જ પોતાના હાથે બધા દાન કરવા જોઈએ. સુંદર પાટીઓ વાળી, ઓશિકા, તકિયા, ઓછાડ, ગાદલું, કાચ ઈત્યાદિથી સુશોભિત, સારા પુષ્પો ઈત્યાદિથી સુગંધિત, બે જણ સારી રીતે સુઈ શકે એવી, લક્ષ્મી અને નારાયણ જેમાં પોઢ્યા છે એવી લાકડાની શય્યાનું દાન કરવું. વળી ઘૃત ભરેલા કુંભનું, તાંબૂલનું, કપૂર, અગરૂ, ચંદન, કુંકુમ, દીપ, છત્ર, ચામર, આસન, વાસણ, પગરખા, સપ્તધાન્ય, ભૃંગારક ઈત્યાદિનું પણ દાન કરવું. આમ શય્યા ઈત્યાદિકના દાનથી સ્વર્ગલોક સુખદેનારો થાય છે. વળી મૃતકને જે ઉપયુક્ત હતું એવું જે કંઈ ઘરમાં વસ્ત્ર પાત્રાદિક તથા શરીર પર જે સંલગ્ન હોય એવા આભૂષણો ઈત્યાદિકનું દાન કરવું તેથી તે ઈન્દ્રના લોકમાં કે સૂર્યના લોકમાં પણ સુખને પામે છે. જે નારી પોતાના પતિનું નવક શ્રાદ્ધ ષોડશ શ્રાદ્ધ શય્યાદાન અને સંવત્સરક્રિયા (વર્ષી) કરે છે. તેનું કલ્યાણ થાય છે. તે જ રીતે સ્ત્રીનું મૃત્યું થતાં સ્ત્રીને ઉપયુક્ત વસ્તુઓ અને આભૂષણોનું દાન કરવું. આચાર્યને (બ્રાહ્મણ ગુરુને) શય્યા, રત્ન, વસ્ત્રાદિકનું દાન કરવું જોઈએ. ગામ, ગૃહ, શય્યા ઈત્યાદિકનું દાન ઘણાંકને ન કરવું પરંતુ તેમાં જે શ્રેષ્ઠ હોય તેવા એક આચાર્યને કરવું. જે પુણ્ય વ્યતિપાતમાં, કાર્તિકમાં, ઉત્તરાયણ દક્ષિણાયનમાં, એકાદશીમાં, સૂર્યચંદ્રગ્રહણમાં, પ્રયાગમાં, નૈમિષારણ્યમાં, કુરૂક્ષેત્રમાં, સાગરમાં, ગંગામાં, યમુનામાં તથા સિન્ધુસાગર-સંગમમાં થાય છે તે જ ફળ શય્યા ઈત્યાદિકના દાનથી પ્રાપ્ત થાય છે અને તો મૃતક જ્યાં

જન્મ પામે છે ત્યાં તે ફળને પ્રાપ્ત કરે છે. વળી કર્મક્ષય થતાં પૃથ્વી પર શુભલક્ષણવાળો મહાધની ધર્મજ્ઞ અને સર્વશાસ્ત્રવિશારદ એવો થકો જન્મ ધારણ કરે છે તથા હવ્ય અને કવ્ય કર્મોમાં યોગ્ય એવો એ જીવાત્મા પિતૃઓ સાથે (પિતૃઓથી) આનંદ પામે છે. અને મરણોત્તર અપ્સરાઓથી ઘેરાયેલો દેવોએ સત્કાર કરાયેલો થકો દિવ્યવિમાનમાં બેસી વૈકુંઠને પામે છે. શ્રાદ્ધમાં તૃપ્ત થયેલ પિતા સંતતિ વધારનારા, પિતામહ ગોધન તથા તૃપ્ત થયેલ પ્રપિતામહ (દાદાના પિતા) સુવર્ણ દેનારા તથા વૃદ્ધ પ્રપિતામહ (દાદાના દાદા) પુષ્કળ અન્નાદિક દેનારા થાય છે. જેનો વંશ ના હોય તેની નારાયણબલિ કરવી. તેથી સર્વપાપોથી અને નર્કની યાતનાથી તે મુક્ત થાય છે. ધનિષ્ઠાથી લઈને રેવતી સુધીના જે પાંચ નક્ષત્ર છે તેને પંચક કહેવાય છે. તેમાં મૃત્યુ પામેલાનો અગ્નિસંસ્કાર અન્યની જેમ કરવો નહિ પરંતુ તે મૃતકની સમીપે દાભના ચાર પુતળા મુકવા પછી તે તે નક્ષત્રના નામથી અને મંત્રોથી તેની પૂજા કરવી પછી તે પુતળાઓએ સહિત તેનો અગ્નિ સંસ્કાર કરવો. પંચકમાં મૃત્યુ પામેલો માનવ શુભ ગતિને પામતો નથી. તેમાં જળ પણ અપાતું નથી. અને (વિધિ પૂર્વક જો તેની અંતિમક્રિયા અને શ્રાદ્ધાદિક ન કરવામાં આવે તો) સર્વદા અશુભ થાય છે. જો સ્વજન અતિ દુઃખથી પીડાઈને પંચકમાં દેહ છોડે તો તેની લોકયાત્રા પણ કરવી નહિ. પરંતુ પંચક પુરુ થતાં બધુ વિધિપૂર્વક કરવું. અન્યથા તેના પુત્રો અને કુટુંબને સન્તાપ થાય છે અને ઘરમાં અનેકવિધ હાનિઓ થાય છે. સૂતક પુરુ થતાં પુત્રે પંચક શાન્તિ કરાવવી અને મૃતકને ઉદ્દેશીને તલ, ગાય, સુવર્ણ, ઘી, ભોજન, પગરખા, છત્રી, હેમમુદ્રા, વસ્ત્રો, દક્ષિણા ઈત્યાદિનું દાન કરવું જે મૃતકના પાપોનો નાશ કરનારું છે. આશીષ, દ્વિગુણિત દર્ભ, સ્વસ્ત્યસ્તુ, પ્રણવ, અગ્નિકરણ, ઉચ્છિષ્ટ, શ્રાદ્ધ, વૈશ્વદેવ, વિકીર, સ્વધા, પિતૃશબ્દોચ્ચારણ,

આવાહન, ઉલ્મુક, આસીમાન્ત, પ્રદક્ષિણા, તિલહોમ, પૂર્ણાહૂતિ અને વિસર્જન આ અઢાર વસ્તુઓ પ્રેતશ્રાદ્ધમાં નિષિદ્ધ મનાયેલી છે. જ્યારે ગામમાં કોઈ મૃતક હોય ત્યારે તાંબૂલ, દાતણ, ભોજન, મૈથુન અને પિંડદાન ન કરવા જોઈએ. જો કોઈ નિરશન (અન્ન જળનો ત્યાગ કરીને) થી દેહનો ત્યાગ કરે છે તો તે મનુષ્ય શરીરને છોડીને હરિતુલ્ય થાય છે. તેથી અનશન છે તે મનુષ્યને વૈંકુઠ દેનાર છે. સ્વસ્થ દેહ વડે કરાયેલું અનશન મોક્ષનું મહાન સાધન છે. અનશન વ્રત કરનારો ઋષિના મંડળમાં વાસ કરે છે અથવા ઈશ્વરોમાં વૈરાજાદિકમાં કે મોક્ષમાં જાય છે. તેનાથી બ્રહ્માદિક દેવો સંતુષ્ટ થાય છે અને તેને યમપુરીની યાતના રહેતી નથી. મનુષ્યના દેહમાં ત્રણસો છાંસઠ અસ્થિઓ છે તે જળકુંભથી પુષ્ટ થયેલી છે તેથી જળકુંભનું દાન કરવું. વળી લીપેલી ભૂમિમાં પકવાન્નનું પણ દાન કરવું. આ કર્મ પણ સદા બ્રહ્મભાવથી કરવું. સારી રીતે સ્મરણ કરાયેલા નારાયણ સ્વયં મૃતકની મુક્તિ કરે છે. તેથી મૃત્યુપૂર્વે, મૃત્યુ અવસ્થામાં, શવયાત્રામાં, શવના દાહ સંસ્કારમાં તથા શ્રાદ્ધમાં સર્વત્ર શ્રીહરિ નારાયણનું નામ સ્મરણ વારંવાર કરવું.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં પ્રકીર્ણદાન-શય્યાદિદાન-પંચક મૃતોર્ધ્વકાર્ય તથા અનાશન પૂર્વક દેહત્યાગનારની ગતિ ઈત્યાદિ નિરૂપણ નામક પંચોતેરમો અધ્યાય ॥૭૫॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૬

શ્રીશ્વેતવ્યાસ બોલ્યા, હે સુશિખ ! આવી રીતે હાટકાંગદ રાજા પણ શ્રીહરિના ભજન નામ સંકીર્તન અને કથારસથી સુખીયા થયા.

શ્રીનારાયણ બોલ્યા, હે પ્રિયે ! તમે સાંભળો પ્રસંગ પ્રાપ્ત થતા લોકના હિત માટે મેં બહુ વર્ણન કર્યું તેનાથી પણ અધિક હિતકારી વચનો કહું છું કે, મનુષ્યે જીવતાં જ પોતાના મોક્ષમાર્ગનું અવલંબન કરી લેવું જોઈએ અને મેં (શ્રીહરિએ) આ લોકમાં અનેક મોક્ષકારી માર્ગો સ્થાપી રાખ્યા છે. જેમકે, જ્ઞાનથી મુક્તિ, કર્મનાશથી મુક્તિ, વૈરાગ્યથી મુક્તિ, તીર્થયાત્રાથી મુક્તિ, સત્સંગથી મુક્તિ, ધર્મથી મુક્તિ, ગુરૂના આશ્રયથી મુક્તિ, નિષ્કામ કર્મોથી મુક્તિ, સન્યાસ માર્ગથી મુક્તિ, સાધ્વી ધર્મના આશ્રયથી મુક્તિ, ત્યાગથી મુક્તિ, સેવાથી મુક્તિ, પોતાને અકર્તા માનવાથી મુક્તિ, ભગવત્સંકીર્તનથી મુક્તિ, માતાપિતાની સેવાથી મુક્તિ, પતિની સેવાથી મુક્તિ, સર્વસ્વ બ્રહ્મ છે એવા આત્મવિજ્ઞાનથી મુક્તિ, સર્વસમર્પણથી મુક્તિ, પરોપકાર કરવાથી મુક્તિ, બીજાને સુખ આપવાથી મુક્તિ, બીજાએ માંગેલું આપી દેવાથી મુક્તિ, આત્મસંતોષથી મુક્તિ, વાસના ક્ષયથી મુક્તિ, વિમળબોધથી મુક્તિ (ઈત્યાદિ અનંત રીતે મુક્તિ સંભવ છે વળી) સર્વ કાર્યો કરવા છતાં જો આત્મા નિર્લેપ રહેતો હોય તો તે મુક્ત જ છે તેમાં સંશય નથી. અહં મમતાએ રહિત, શિત ઉષ્ણાદિક દ્વન્દ્વે રહિત અને માયિક ભાવે રહિત જે છે તે મુક્ત જ છે તેમાં સંશય નથી. સચ્ચિદાનંદના ભાનને ભૂલીને જે મૃષા અને જડ એવા દુઃખદાયી બંધનોથી પોતાને બંધાયેલો માને છે તે બદ્ધ છે અને જે નથી માનતો તે મુક્ત છે. ભગવાનના યોગમાં આવેલા તીર્થો, ભગવાને નિર્મિત કરેલી પુરિઓ, નદિઓ, પર્વતો, અરણ્યો, મંદિરો, શાલગ્રામ શિલાઓ, દેવશિલાઓ, બાણ (શિવલીંગ), મૂર્તિઓ ઈત્યાદિનું સંસેવન મુક્તિ દેનાર છે. વળી તુલસી, ચંદન, પીપળો, આંબળા, બિલિપત્ર, વટવૃક્ષ ઈત્યાદિના રોપણ, પાલન, સેચન, નમસ્કાર, સ્પર્શ અને કીર્તનથી તથા શ્રીહરિના સ્થાનકોના નિર્માણથી કે જીર્ણોદ્ધાર કરવાથી પાપનાશ કરવા પૂર્વક તે સત્કર્મો મુક્તિ દેનારા થાય છે. માનસ તીર્થમાં જ્ઞાનરૂપી સરોવરમાં

સત્યરૂપી જળમાં રાગ-દ્વેષ રૂપી મળને ધોવારૂપ સ્નાન જે કરે છે તે નિશ્ચે મુક્તિ પામે છે તેમાં સંશય નથી. જો ભાવ નિર્મળ હોય તો દેવ (ભગવાન) સર્વત્ર વસે છે અને જો નાસ્તિકતા હોય તો ભગવાન ક્યાંય જણાતા નથી. રોજ-રોજ સવારમાં માછીમારો ગંગાને જુએ છે તથા રોજરોજ લોકો સૂર્યનારાયણને જુએ છે છતાં ભાવવિનાના તેઓ મોક્ષભાગી થતા નથી. માતા, પીતા, સાધુ, સાધ્વી, ગુરુ, ગાય, દેવ અને ધર્મને માટે જે પ્રાણનો ત્યાગ કરે છે તે વ્યક્તિ નિશ્ચય મોક્ષને પામે છે. જો ભગવાનને અર્પણ થયેલુ હોય તો દાન અને ભોગથી જીવન તથા રણ અને તીર્થમાં મરણ અવશ્ય મુક્તિ દેનારૂ થાય છે. પુણ્યક્ષેત્રમાં, પુણ્યતિથિમાં, પુણ્યતીર્થમાં, પુણ્યશાળી જનની ઉપસ્થિતિમાં તથા પુણ્યસ્થિતિમાં મરણ મોક્ષ દેનારૂ થાય છે. કન્યાદાન કરનારો, પૃથ્વીનું દાન કરનારો, અભયદાન કરનારો, ઘરનું દાન કરનારો તથા મંદિરનું નિર્માણ કરનારો મોક્ષભાગી થાય છે. વાવ-કુવો-તળાવ-વિશ્રામસ્થળ, બગીચાઓ તથા ધાર્મિક ક્ષેત્રોનો જીર્ણોદ્ધાર કરનારો મોક્ષભાગી થાય છે તેમાં સંશય નથી. સર્વ ઉપકરણોથી યુક્ત ઘર, વત્સે સહિત ગાય તથા સર્વગુણસમ્પન્ન કન્યાનું દાન કરનારો મુક્તિને પામે છે. જે સાધ્વી અને પતિવ્રતા નારી હોય તે પોતાના પતિને મૃત્યુ પામેલો જોઈ પોતાના અંગુઠામાંથી અગ્નિ ઉત્પન્ન કરીને પોતાના પતિની સાથે જો મહાપ્રયાણ કરે છે તો તે સાડા ત્રણ કરોડ વર્ષ સુધી સ્વર્ગમાં પતિ સાથે મહાસુખને ભોગવે છે અને જો નારી ભગવાનની ભક્તિવાળી હોય તો પતિને પણ ભગવાનના ધામમાં લઈ જાય છે. મહાપાપ તથા દુષ્કૃતો કરનારો પતિ હોય પણ જો તેની પત્ની પતિવ્રતા હોય તો તે સર્વ પાપોને નાશ કરનારી થાય છે. નિત્ય અન્નનું દાન કરનાર, સદા જ્ઞાનનું દાન કરનાર, નિત્ય આત્મસુખનું દાન કરનાર, વિદ્યાદાન કરનાર, કન્યાદાન કરનાર તથા આજીવિકાનું દાન કરનાર જે છે તે મોક્ષને પામનારો થાય છે. સુકૃતો (સારા કર્મો) વડે સ્વર્ગને પમાય છે

અને સ્વર્ગને (ભગવાનના ધામને) મોક્ષનું સ્થાન માનવામાં આવ્યું છે તેથી ફોગટ કર્મો છોડી મનુષ્યે મોક્ષભાગી થવાય તેવા કર્મો કરવા જોઈએ. દરિદ્રને દાન દેવું, નિર્વંશને કન્યા દેવી, અનાથને આજીવિકા દેવી, સાધુજનોને પોતાની ઈષ્ટ વસ્તુઓ દેવી, ગુરુને ભાવનાઓ દેવી, મોક્ષપાત્ર શિષ્યને વિદ્યા દેવી, સાત્વિક શિષ્યને જ્ઞાન દેવું, અન્તરાત્માને ભક્તિ દેવી, માયાને મોહજળ દેવું, સર્વસ્વ પરમાત્માને દેવું. પોતાના આત્માને મુક્તિ દેવી તથા પરમાત્માને પોતાનો આત્મા આપવો. આમ મોક્ષ પમાય છે અને દાતા દાનનું ફળ પામે છે. તેથી સર્વસ્વ દાન કરવું તેનું ફળ કોટિ યજ્ઞોના ફળથી પણ અધિક છે. જે પોતાનું કંઈ પણ ન રાખીને સર્વસ્વ દાન કરનારો છે તે અર્થોથી મુક્ત થયેલો જીવાત્મા નિત્યમુક્ત મનાયેલો છે. હે લક્ષ્મિ ! હવે નારીએ કઈ રીતનું દાન કરવું તે તમે સાંભળો. કન્યાત્વ માતાને અર્પણ કરવું, કૌમાર્ય લગ્નવહ્નિને અર્પણ કરવું, દેહ પતિને અર્પણ કરવો, પુત્રોને અહં અને મમત્વ આપવું, સૌન્દર્ય વૃદ્ધાવસ્થાને આપવું, વાસના મૃત્યુને અર્પણ કરવી, સન્તાન સ્નેહ વધુને આપવો, નનાભિને બંધન અર્પણ કરવું, બ્રહ્મને ભાવના અર્પણ કરવી, અન્તરાત્માને ભક્તિ અર્પણ કરવી, આત્માને મુક્તિ આપવી, આત્મા પરમાત્માને આપવો. આમ મોક્ષની આકાંક્ષા રાખનારે સર્વસ્વ દાન કરવું. વિનિમય (લેવડ-દેવડ) વિના અમૂલ્ય વસ્તુ પ્રાપ્ત કરી શકાતી નથી. સર્વસ્વ દાનરૂપ મૂલ્યથી અમૂલ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. આત્મા તો નિત્ય શુદ્ધ છે. તેની શુદ્ધતામાં કાંઈ ખામી નથી. અશુદ્ધ એવા શરીરથી પણ શુદ્ધ એવા આત્માની અશુદ્ધતા કેવી રીતે થઈ શકે ? પાત્ર ક્યારેય અશુદ્ધ હોતું નથી. તેમાં લાગેલું દ્રવ્ય અશુદ્ધ હોય છે તે લાગેલા દ્રવ્યનો નિકાલ થતા પાત્ર શુદ્ધ જ ગણાય છે. વળી હાથ અશુદ્ધ નથી પણ તેમાં લાગેલ મળને જ અશુદ્ધિ કહેવાય છે.મળના નિકાલ પછી હાથને શુદ્ધ જ માનવામાં

આવે છે. જો પાત્ર અને હાથ અશુદ્ધિના સંસર્ગથી અશુદ્ધ થાય તો પાત્રનો નાશ કરવો પડે અને હાથને કાપી નાંખવો પડે પરંતુ બુદ્ધિશાળી માણસો તેવું કરતા નથી પણ મળનો જ નિકાસ કરે છે. એવી જ રીતે આત્મા સુવર્ણ અગ્નિ અને આકાશની જેમ નિત્ય શુદ્ધ છે. તેમાં લાગેલા રાગ-દ્વેષ ઈત્યાદિ મળો બુદ્ધિ રૂપી અગ્નિથી બાળી નાંખવા. વળી ઈતર જે વાસનાદિક મળો છે તેને ભક્તિ, આરાધના, પ્રેમ, સ્નેહ તથા ભગવદ્‌ભાવ ઈત્યાદિ વડે ધોવા કે વિનાશ પમાડવા એમ નિર્મળ થયેલો જીવાત્મા બ્રહ્મ જ છે. સ્વયં બ્રહ્મરૂપ થઈને સદા પરબ્રહ્મને ભજવા જોઈએ. નારાયણનું બળ પામીને નારાયણને પ્રાપ્ત કરવા જોઈએ. તેથી મૃતક માટે નારાયણબલિ કરાવવી જોઈએ જે કરાવ્યા પછી કંઈ બાકી રહેતું નથી. નારાયણ જેનું બળ છે તેની જ મુક્તિ છે. તેથી નારાયણબલિ કરાવવી. હવે તે કરવાની રીતિને કહું છું.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતાયુગ સન્તાનમાં
મુક્તિના વિવિધ સાધનો, નિષ્કામભાવે કરેલા કર્મો અને
દાન મુક્તિ દેનારા છે તથા દેવા યોગ્ય દાનો અને
આત્મશુદ્ધિ આદિનું નિરૂપણ કર્યું એ નામક
છોત્તેરમો અધ્યાય ॥૭૬॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૭૭

શ્રીનારાયણ બોલ્યા, હે પ્રિયે ! તમારા સ્નેહથી ભવનિવૃત્તિ કરનાર જ્ઞાન મેં તમને કહ્યું હવે લોકોપકાર માટે નારાયણબલિ કહું છું. અકસ્માત આદિ અપમૃત્યુથી કાળધર્મને પામનારા માટે આ વિધિ શુભ તીર્થમાં, શુભ ક્ષેત્રમાં, પવિત્ર દેવમંદિરમાં, નદી તટે કે પુણ્યવૃક્ષ તળે ભગવાન વિષ્ણુને ઉદ્દેશીને વૈદિક અને પૌરાણિક મંત્રો વડે કરવી. તેમાં દક્ષિણ દિશા તરફ મુખ રાખીને પ્રેતનો

(મૃતકને) ઉદ્દેશીને વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરવી કે હે નારાયણ! હે હરે ! હે કૃષ્ણ ! આપ પ્રેતાત્માનો મોક્ષ કરનારા થાઓ. હવે પહેલા તર્પણ કરવું અને એકાદશ શ્રાદ્ધ કરવા તથા જળ, ધાન્ય, જવ, ઘઉં, હવિષ્યાન્ન, મુદ્રાઓ (પૈસા), છત્ર, ટોપી, વસ્ત્ર, દુધ, દહીં તથા પગરખા વિગેરેનું દાન કરવું. વળી ભૂમિમાં સ્થિત પિંડોમાં ગન્ધ પુષ્પ અક્ષતાદિ વડે તથા શંખમાં કે તાંબાના પાત્રમાં તર્પણ કરવું. તેમાં ગોઠણભર પૃથ્વી પર બેસીને વાતધાર વડે પૃથક-પૃથક એક-એક દેવને ઉદ્દેશીને જળાર્ઘ્ય આપવું. (હવે તેના મંત્રો કહે છે.) 'આપો દેવી મધુમતી' આ મંત્ર વડે પ્રથમને, 'ઉપયામ ગૃહિતોડસિ' આ મંત્ર વડે બીજાને, 'યેનાપાવત વામત્ક' આ મંત્ર વડે તૃતીયને, 'યે દેવાઃ સ' આ મંત્ર વડે ચોથાને, 'સમુદ્રં ગચ્છ' આ મંત્ર વડે પાંચમાને, 'અગ્નિર્જયોતિ' આ મંત્ર વડે છઠ્ઠાને, 'હિરણ્યગર્ભ' આ મંત્ર વડે સાતમાને, 'યમાય' એ મંત્ર વડે આઠમાને 'યજ્જાગ્રન્' આ મંત્ર વડે નવમાને, 'યાઃ ફનનિ' આ મંત્ર વડે દશમાને તથા 'ભદ્રં કર્ણેભિઃ' આ મંત્ર વડે અગિયારમાં પિંડને અર્ઘ્ય આપવું. પછી પિંડવિસર્જન કરવું. આમ એકાદશપિંડથી શ્રાદ્ધ કરવું. પછી બીજે દિવસે બ્રાહ્મણોને બોલાવીને દેવોને અર્ઘ્ય આપવું અને પધરાવવા. તેમાં સર્વ ધાતુમય વિષ્ણુની મૂર્તિ, તાંબાની રૂદ્રની મૂર્તિ, લોહમયી યમરાજની મૂર્તિ, ચાંદીની બ્રહ્માની મૂર્તિ અને પ્રેતની સીસુ કે દર્ભની મૂર્તિ બનાવવી. પછી 'યમાય ત્વ' ઈત્યાદિ મંત્રો વડે રૂદ્રને ઉત્તર દિશામાં 'અગ્ને આયાહિ' આ મંત્ર વડે વિષ્ણુને પશ્ચિમ દિશામાં, 'અગ્નિમીળે' આ મંત્ર વડે બ્રહ્માને પૂર્વ દિશામાં તથા 'ઈષ ત્વ' આ મંત્ર વડે યમને દક્ષિણ દિશામાં તથા મધ્યભાગમાં મંડળમાં દર્ભમય નરને સ્થાપિત કરે પછી બ્રહ્મા-વિષ્ણુ-શંકર-યમ અને પ્રેત આ પાંચેયને પંચરત્ન યુક્ત પૃથક-પૃથક કુંભમાં સંસ્થાપિત કરે તથા યજ્ઞોપવીત, મુદ્રા તથા જપ તે તે દેવતાઓના પૃથક પૃથક કરે. વળી યથાવિધિ તે દેવોનો

પંચશ્રાદ્ધ કરે પછી શંખમાં કે તામ્રપાત્રમાં અને તે સર્વના અભાવે માટીના પાત્રમાં પણ સર્વ ઔષધિઓથી યુક્ત એવું તિલોદક (તલ મિશ્રિત જળ) લઈ પિંડે પિંડે પૃથક પૃથક જળધારા કરે ત્યાર પછી આસન, મુદ્રાઓ (પૈસા), છત્ર, પગરખાં, કમંડલુ, પાત્ર, જમવાલાયક ધાન્ય, વસ્ત્રો, સુવર્ણ, દક્ષિણાઓ સહિત તલ ભરેલું તાંબાનું પાત્ર ત્યાં વિધિપૂર્વક મુખ્ય બ્રાહ્મણને આપવું. ઋગ્વેદિ બ્રાહ્મણને ધાન્યનો પાક ઉભો હોય તેવી પૃથ્વીનું દાન કરવું. યજુર્વેદિ બ્રાહ્મણને દુધ દેનાર ગાયનું દાન કરવું. સામવેદિ બ્રાહ્મણને સુંદર વસ્ત્રોનું દાન કરવું અને યમરાજને ઉદ્દેશીને તલ લોખંડ અને દક્ષિણાનું દાન કરવું. ત્યાર પછી કૃષ્ણમૃગચર્મ બિછાવીને તે ઉપર સર્વૌષધિથી યુક્ત પુરૂષાકૃતિવાળું પુતળું દર્ભથી નિર્મિત કરવું. તેમાં ત્રણસોને સાંઈઠ પલાશના (ખાખરાના) ડંઠલ વડે અસ્થિ સંચય કરી (શરીરમાં જ્યાં જેટલા હાડકા છે તે પ્રમાણે તે ગોઠવી) પછી દર્ભ વડે તે તે અંગોને અલગ-અલગ બાંધવા (હવે ક્યાં કેટલા ડંઠલ મુકવા તે કહે છે.) ચોવીશ મસ્તકના ભાગમાં, દશ ગરદનના ભાગમાં, વીસ વક્ષઃ સ્થળમાં, વીસ જઠરમાં, બે બાહૂમાં, સો કટિપ્રદેશમાં, વીસ બે ઘુંટણ અને બે જાંઘમાં મળીને એકસો ત્રીસ, શિશ્નમાં ચાર, બે વૃષણમાં છ, અને દશ પગની આંગળીઓના ભાગમાં. આમ ડંઠલ વડે અસ્થિની ગોઠવણ કરવી. પછી શિરોભાગમાં નાળીયેર, તાળવામાં કપૂર, મુખમાં પંચરત્ન, જીહ્વામાં કેળું, આંતરડાઓમાં બાજરી, નાકમાં કેસર, વસામાં માટી, મૂત્રમાં ગોમૂત્ર, ધાતુઓમાં ગન્ધક, હરતાલ અને મનઃશિલા, માંસમાં યવપિષ્ટ (જવનો લોટ), શોણિતમાં (લોહીમાં) મધ, માથાના વાળમાં જટાજૂટ, ચામડીમાં મૃગચર્મ, વીર્યમાં પારદ, વિષ્ટામાં પિત્તળ, ગાત્રમાં મનઃશિલા, સર્વસન્ધિ સ્થાનોમાં વાટેલા તલનો કલ્ક, બે કાનમાં તાડપત્ર, બે સ્તનમાં ચણોઠીઓ, નાકમાં અને નાભિમંડળમાં કમળ, વૃષણમાં રીંગણ, લિંગમાં ગાજર,

નાભિમાં ઘૃત, કૌપિન માટે લાખ, માથામાં મૌક્તિક તથા કુમકુમ, કપૂર, અગરૂધૂપ, પુષ્પમાળાઓ વિગેરે સુગન્ધિ પદાર્થોનું વિલેપન, પરિધાનમાં પટ્ટસૂત્ર, હૃદયભાગમાં સુવર્ણ (આભૂષણ) બે ભુજાઓમાં ઋદ્ધિ અને વૃદ્ધિ, નેત્રોમાં કોડીઓ અને નેત્રના ખુણાઓમાં સિન્દુર આપવું. ત્યાર પછી તમામ ઉપહારો અને સર્વ ઔષધિઓ વડે યથાવિધિ પ્રેતપૂજા કરી અગ્નિકો વડે વિધિપૂર્વક યજ્ઞપાત્રો આપવા. વળી શાલગ્રામશિલાના સ્નાન કરાવેલા પવિત્ર પાણીથી 'શન્નો દેવી પુનન્તુમે', 'ઈમં મે વરૂણ' ઈત્યાદિ મંત્ર વડે જળ છાંટવા પૂર્વક પ્રેતને પાવન કરવો. પછી ભગવાન વિષ્ણુને ઉદ્દેશીને સુવર્ણદાન, તલનું દાન તથા સર્વ આભુષણોથી યુક્ત ગાયનું દાન કરવું, ત્યાર પછી પ્રેતની મુક્તિ માટે વૈષ્ણવશ્રાદ્ધ કરવું તથા શ્રીહરિના સંસ્મરણ પૂર્વક 'તમે વિષ્ણુ છો' આવી ભાવના વડે પ્રેતરૂપ પુતળાને અગ્નિમાં દહન કરવા રૂપ પ્રેતમોક્ષ કરવો. પછી ત્રણ દિવસ સૂતક રાખવું તથા દશાહ શ્રાદ્ધ કરવું અને પ્રેતની મુક્તિ માટે વિવિધ પ્રકારના દાન કે જે હવે કહેવાશે તે વર્ષ પર્યન્ત યથાશક્તિ યથા સમય કરવા. તેમાં સુવર્ણ, ગાય અને ભૂમિનું દાન મોક્ષ પ્રાપ્તિ માટે કરવું. સંક્રાન્તિમાં કરેલુ દાન સાત કલ્પ સુધી સ્વર્ગદેનાર થાય છે. શ્રીહરિને કરેલું સર્વસ્વદાન અનંત અને મોક્ષરૂપ ફળને દેનાર થાય છે. વૈતરણી બે પ્રકારની છે તેમાં એક યમપુરીના માર્ગે છે તે સો યોજન વિસ્તારવાળી અને ગોદાનથી તરી શકાય તેવી છે. જ્યારે બીજી વાસના રૂપ વૈતરણી છે જે હૃદયમાં સ્થિત રહે છે. તે અનંત યોજન વિસ્તારવાળી છે અને જ્ઞાન અને ભક્તિ વડે તરી શકાય તેવી છે. તેમાં પહેલી દુર્ગન્ધવાળી તો બીજી ભાવગન્ધવાળી છે. પહેલી રક્તપૂય ઈત્યાદિ નિકૃષ્ટ જળવાળી છે બીજી રાગદ્વેષ રૂપ જળવાળી છે. પહેલી માંસરૂપ કાદવવાળી છે તો બીજી ધાતુરૂપ કાદવવાળી છે. પહેલી વજ્રતુંડ, શિશુમાર, મગર, વજ્રકર્તન, કરચલાઓ, ખર્જક ઈત્યાદિ જીવોએ યુક્ત છે તો બીજી પૃથક પૃથક વિષયોથી યુક્ત છે. તેમાં પાપીઓ

અતિ આક્રન્દ કરતા કરતા પડે છે, તેમાં પૂય અને શોણિતવાળી વૈતરણી પયસ્વિની એવી ગૌના દાનથી અને વાસનારૂપ વૈતરણી અમૃતકર શ્રીહરિના દાનથી તરાય છે. પ્રાણો અતિથિ કે અભ્યાગત જેવા હોય છે તે આત્મા સાથે જતા નથી. અહિંયા જ લય પામે છે તેથી પ્રાણદેનારા હરિને ભજ, પ્રાણે સહિત મરણ તે નિદ્રા છે અને પ્રાણે રહિત મરણ તે મૃત્યુ છે. જીવને જીવવા માટે બે માંથી કોઈનો વિશ્વાસ નથી. તેથી જ્યાં સુધી મરણ ના થાય ત્યાં સુધી મોક્ષ માટે પ્રયત્ન કરી મરણને મોક્ષના પર્યાય રૂપે પ્રાપ્ત કરવો જોઈએ. (આ સૃષ્ટિમાં) કોણ પતિ ? કોણ પત્ની ? કોણ પુત્ર ? કે કોણ પિતા છે ? સર્વે ઋણાનુબંધથી સંસર્ગમાં આવેલા અને વૈતરણી પ્રદાન કરનારા છે. જેઓને મારા છે એમ માનીને જીવ ઘોર પ્રયત્ન કરે છે તે સર્વે તેને તજીને દૂર ઉભા રહે છે. વળગેલાને (પોતાના માનીને બધા સંબંધીઓમાં વળગેલાને) કોઈ વળગતું નથી. (મરણ સમયે કોઈ વળગતું નથી) પોતાના માનનારને કોઈ માનતું નથી. વળી સ્નેહ કરનારને કોઈ સ્નેહ કરતું નથી. (અર્થાત્ જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી જ સૃષ્ટિ ના સર્વ સંબંધો રહે છે.) છતાં પણ અજ્ઞાની સમજતો નથી. શુષ્ક સ્વાર્થવાળા લોકો ગુણવાનની પ્રશંસા અને વાહ-વાહ કરે છે. પરંતુ ઋક્ષ એવા તેઓ પોતાનો સ્વાર્થ સિદ્ધ થતા તેનાથી દૂર થઈ જાય છે. જે આદિ, મધ્ય કે અંતમાં પણ સાર્થતા નિભાવે તેવા શ્રીહરિને બીજા બધાને છોડીને ભજવા જોઈએ. જે કર્મ દ્વારા બીજા કોઈ કર્મ કરવાના શેષ ન રહે તેવું કર્મ કરવું જોઈએ અને તે કરેલું કર્તવ્યરૂપ સર્વ પરમાત્માના સખા કે મિત્ર રૂપ જીવને મોક્ષ પમાડનારૂં થાય છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં
નારાયણબલિ ક્રિયા નિરૂપણ નામક
સત્યોતેરમો અધ્યાય ॥૭૭॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૩૨

શ્રીલક્ષ્મી બોલ્યા : હે સર્વવ્યાપી ! હે અન્તરાત્મા ! હે આત્માત્મા ! હે અક્ષરાધિપ ! હે સ્વામિ ! હે નારાયણ ! હે પ્રભો! આપ તો સર્વ ઈચ્છાઓને પુરનારા છો (પરંતુ) ગાયો તો પશુ કહેવાય છે તે લોકોને કેવી રીતે તારી શકે ? જે સમર્થ હોય તે બીજાને તારે અસમર્થ કેવી રીતે તારી શકે ?

શ્રીનારાયણ બોલ્યા : પાશ અર્થાત બન્ધન અને બન્ધન માયાત્મક મનાયેલું છે અર્થાત્ જ્યાં માયા છે ત્યાં બધું જ પશુસંજ્ઞક છે. કામ લોભ અને આત્મ સ્વાર્થથી વ્યાપ્ત વળી ભોજન અને પાણીને આશ્રિત રહેનારૂં શરીર તો પશુ અને મનુષ્યનું નક્કી જ સમાન છે. મનુ અર્થાત્ ભગવાનનો દિવ્ય મન્ત્ર (નામ) તેનાથી જે યુકત થાય તેને જ મનુષ્ય કહેવાય છે. અન્યથા (આવું ના હોય તો) પશુ જ કહેવાય. ગાયો તો મારા ગોલોકધામમાં સર્વથા મત્સ્વરૂપિકા અર્થાત્ મારા જ સ્વરૂપવાળી છે અને બ્રહ્મભાવમાં તન્મય થયેલી તે કૃષ્ણ કૃષ્ણ જપ કરતી આનંદ કરે છે. મોક્ષને દેનારી તે ગાયો સુરમ્ય એવો જે નારાયણ મન્ત્ર તેનું રટન કરતી થકી સ્વર્ગમાં પણ વિચરે છે. સર્વ પ્રકારના આનંદથી પરિપૂર્ણ અને મુકતાનિકાઓ એવી તે ગાયો મારા નામનું ભજન કરતી વૈકુંઠમાં પણ વસે છે.ગાયોને કયારેય પશુ જાણવી નહી પશુ તો અજ્ઞાની માનવને જાણવો. કૃષ્ણ કૃષ્ણ આવું રાતદિવસ આદર પૂર્વક સ્મરણ કરતી તે ગાયો વૃંદાવનમાં અને સ્વર્ગાદિક લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણ માટે (અમૃત સમાન) દુધ આપનારી મનાયેલી છે. તે દેવીઓ ભગવાનની સેવા કરવાની ઉત્કૃષ્ટ ઈચ્છાથી ગાયો બનીને રહે છે. તે સર્વદા બધું જ જાણનારી, સર્વભાષાઓ સમજનારી, મોક્ષદેનારી, ભગવાનનું મુખરૂપી પિંડ અને અમૃતથી

સિંચનારી માતા મનાયેલી છે. તે મારા અંગથી ઉત્પન્ન થયેલી હોવાથી અને હું તેમાં નિવાસ કરૂ જ છું તેથી તે રોમે રોમે પૂજનીય મનાય છે. વળી ધર્મ છે તે વૃષાત્મક છે. ગોપ એવો હું ગાયોમાં વસુ છું અને ગાયો મારૂ બ્રાહમી તનુ (શરીર) છે. ગાયોના લલાટમાં બ્રહમધામ છે, હું ત્યાં નિવાસ કરૂ છું. ગાયોના બે શ્રૃંગ ધ્વજદંડ છે. મધ્યભાગ મારૂં સિંહાસન છે. બે નેત્ર મારા ગોલોક અને વૈંકુઠધામ છે. નાસિકા મારૂં અવ્યાકૃત ધામ છે. મુખ મારી માયા છે. દાંત સોળ તત્વો છે. જીહ્વા અને બુદ્ધિ મહત્ તત્વ છે. તેઓનુ રાંભણ (બોલવું, ભાંભરવું) પ્રણવ અર્થાત ઓંકાર છે. ઓષ્ઠ રજોગુણ અને તમોગુણ છે. બે કાન શ્વેતદ્વીપ અને બદ્રિકાશ્રમ છે. સાસ્ના (ગળે લટકતી ગોદડી) હિરણમય છે (બ્રહ્મા છે). કંઠ સદાશિવ છે. પગ ચાર વેદ છે. સ્તન ચાર પુરૂષાર્થ છે. નાભિ વૈરાજનાળ છે. ઉદર (પેટ) વૈરાજનારાયણ છે. હૃદય મહાવિષ્ણુ છે. જઠર બ્રહ્મતેજ રૂપ અગ્નિ છે. પૃષ્ઠ (વાંસો) બ્રહ્મા નો સત્યલોક છે. મૂત્ર દિવ્ય ગંગાજળ અને છાણ સ્વયં લક્ષ્મી છે. તેઓના આર્તવ (ઋતુસ્ત્રાવ) સારસ્વત જળ છે. કૃક્ષિ સમુદ્ર છે. યોનિ બ્રહ્માંડ કટાહનું છિદ્ર છે. પૂંછનો મૂળભાગ જનાદિક લોક છે. પૂંછ સ્વર્ગ છે અને તેમાં રોમનો ગુચ્છ દેવાદિકોના મંડળ છે. શિવ અને વિષ્ણુ તેના નિતમ્બ છે. ઓધ (જળનો પ્રવાહ) બ્રહમા છે. ગર્ભ દેવી પાર્વતી છે. તેઓના રોમ દેવયોનિઓ છે. અસ્થિ (હાડકાં) પિતૃઓ છે અને ખુર (ખરીઓ) પાતાલાદિક લોકો છે. આમ આવી રીતે સંકલ્પ કરીને જ મેં આ પિંડ (ગાય) ની રચના કરી હતી. ગાયો મારી વિભૂતિઓ છે. તેઓના અમૃતરૂપી ગ્રાસથી (કોળીયાથી અથવા તેઓને ઘાસ ખવરાવવાથી) મારા સહિત સર્વે તૃપ્ત થાય છે. ગાય હું છું અને હું ગાય છું તેથી ગાય સંપૂર્ણ જગતની માતા મનાયેલી છે અને પોષણ કરનારી હોવાથી, તારનારી હોવાથી અને બ્રહ્મપ્રાપ્તિ કરાવનારી હોવાથી પુષ્ટિ

અને મુક્તિદેનારી છે. તે ગાયો પૂજનથી પુણ્યદેનારી, તૃણ અર્પણ કરવાથી વૃદ્ધિ દેનારી, દાન કરવાથી મોક્ષ દેનારી અને સેવા કરવાથી સ્વર્ગ દેનારી છે. ગાયના દાનથી પાપો બળે છે. ગાયને જળ અર્પણ કરનારા અમૃતને પામે છે. ગાયને દંશ કરનાર બગાઈ માખી મચ્છર ઈત્યાદિને દુર કરવાથી સર્વથા દરિદ્રતાનો નાશ થાય છે. તેઓની પ્રદક્ષિણા પૃથ્વીની પ્રદક્ષિણા કહેવાયેલી છે. તેઓનું પંચગવ્ય (દુધ-દહી-ઘી-મુત્ર-છાણ) મનુષ્યોને સ્વર્ગ દેનાર છે. તેઓનું પુચ્છજળ (પુંછડે રેડાયેલુ જળ) પાપી અને દુષ્ટોને પવિત્ર કરે છે. તેઓની ખરીઓથી ઉડેલી રજરૂપી તીર્થ માયાયુકત માનવોને પ્રક્ષાલિત કરે છે. વત્સ પ્રસવકાલીન ગાયને ઉભયતો મુખી કહેવાય છે. તે ઉભયતોમુખી ગાયનું દાન કરવાથી સર્વયજ્ઞનું ફળ મળે છે. પ્રેતોની, રાક્ષસોની, પ્રેતયોનીને પામેલાઓની અને અગતિએ ગયેલાઓની ગાયના દાનથી પાપનાશપૂર્વક સદ્ગતિ થાય છે. ગાયના દાનથી પાપયુકત પ્રેતાત્મા કે જે યમપુરીના માર્ગે ગયો હોય તે નકકી વૈતરણી નદી તરી જાય છે. તે ગાયો સ્વર્ગમાં, મૃત્યુલોકમાં, પાતાળમાં અને ઈશ્વરોના લોકમાં પણ સદા સહાય કરનારી, પૂજા કરવા યોગ્ય, વન્દન કરવા યોગ્ય, દાન કરવા યોગ્ય, ભોજન કરાવવા યોગ્ય, સેવા કરવા યોગ્ય, દેખભાળ કરવા યોગ્ય, રક્ષણ કરવા યોગ્ય, નમન કરવા યોગ્ય અને સ્પર્શ કરવા યોગ્ય છે. સદા મહાપાપ કરનારો પણ જો ગાયોના મધ્યમાં પ્રાણ છોડે તો તે દિવ્યગતિને પામે છે અને યમદૂતો તેનાથી દૂર રહે છે. ગાયોનો સેવક આલોક અને પરલોકમાં ગાયો દ્વારા રક્ષાને પામે છે. આ લોકમાં જે ગાયની કૃપા પ્રાપ્ત કરે છે (ગાયને પ્રસન્ન કરે છે) તે સર્વની કૃપા મેળવી લે છે. માત્ર ગાયોની સેવા જ કરી હોય બીજું કંઈ ના કર્યું હોય તો તેને તેનું ફળ શાશ્વત બ્રહ્મલોકાદિક મળે છે. ગાયને પ્રસન્ન કરવી અને

ભગવાનને પ્રસન્ન કરવા તે આ લોક અને પરલોકમાં સ્વયં શ્રીહરિએ તુલ્ય માનેલું છે. ગાયો, નારીઓ, કન્યાઓ, બહેનો, માતાઓ, શરણે આવેલી સ્ત્રીઓ અને પોતાને આધીન સ્ત્રીઓને દુઃખ દેનારો સ્વયં દુઃખી થાય છે. જે ગૃહસ્થ વાછડો-વાછડી-વૃષભ અને ગાયનું પાલન કરે છે તેણે પૃથ્વીનું પાલન કર્યું છે કારણ કે એમનું પાલન કરવાથી પૃથ્વીપાલનનું મહાફળ મળે છે. દ્રવ્યને ધન મનાયું નથી ગોધનને જ ધન કહેવાયું છે. ગાયો આ લોકમાં રસોનું વિતરણ કરે છે. પરલોકમાં સહાય કરે છે. તૃણનું ભક્ષણ કરે છે. સદા ભૂમિ પર નિવાસ કરે છે. તાઢ-તડકો સહન કરે છે. અનેક રસ આપે છે. કુટુંબનું પોષણ કરે છે. દેવતા પિતૃઓને તૃપ્ત કરે છે અને અધઃપતનથી તારે છે. તેથી તો શ્રીહરિની દેવીઓ મનાયેલી છે. બ્રાહ્મણો વેદમંત્રના જપ ઈત્યાદિ વડે તારનારા મનાયેલા છે પરંતુ તેઓ પણ જ્યારે પાપોથી પરાભૂત થાય છે ત્યારે ગાયોના બળથી જ તરે છે. ગાય અને બ્રાહ્મણ એક જ તત્વ છે તેને બે રીતે કરાયેલું છે. (શ્રીહરિએ) એકમાં (બ્રાહ્મણમાં) મંત્રો નિહિત કર્યા અને એકમાં (ગાયમાં) હવિ અર્પિત કર્યું. મંત્ર અને હવિ (ઘી-દુધ અને તેથી બનાવેલી વસ્તુઓ) વડે યજ્ઞ થાય છે. યજ્ઞથી વૃષ્ટિ (વરસાદ) થાય છે. વૃષ્ટિથી અન્ન અને જળ થાય છે. અન્ન અને જળથી ધાતુ થાય છે. ધાતુથી (વીર્યથી) પ્રજા થાય છે. પ્રજાથી સ્વર્ગ મળે છે. સ્વર્ગથી સુખ અને ઉત્સવો મળે છે ને ઉત્સવોથી ઉત્સવો પમાય છે. તેથી રાત-દિવસ ગાયની સેવા કરવી જોઈએ. (આ વિષયમાં) વધારે શું કહેવું ? ગાયો મારું બ્રહ્મપદ જ છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં પ્રથમ કૃતાયુગ સન્તાનમાં
ગાયનું મહાત્મ્ય કહ્યું
એ નામે બત્રીસમો અધ્યાય ॥૩૨॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૦૧

શ્રીનારાયણીશ્રી બોલ્યા : હે ભગવાન ! જેને આ લોકમાં સાધુ પુરૂષોનો યોગ થયો નથી. તેવા પ્રેતનો ઉદ્ધાર કઈ રીતે થાય તે (હિતકારક) કહો.

શ્રીપુરૂષોતમ બોલ્યા : હે શ્રીશિવરાજ્ઞીશ્રી ! સાંભળો પ્રેતની પાછળ (સંબંધી) જનોએ શ્રાદ્ધમાં સત્પુરૂષોને જમાડવા જોઈએ અને સારી વસ્તુઓથી પુજવા જોઈએ. વસ્ત્ર - આભુષણો, રત્ન – રૂપિયા - સુવર્ણ – ધન – વાહન ઈત્યાદિ વડે સત્પુરૂષો અને બ્રહ્મવેદિ બ્રાહ્મણોને સંતોષિત કરવા જોઈએ. ગાયોના દાન દેવા જોઈએ કારણકે ગાયો સદા તારનારી છે. ગોદાન કરવાથી પ્રેતયોનીમાંથી છુટી જીવાત્મા શાશ્વત લોકને પામે છે. ન્યાયપૂર્વક ઉપાર્જીત (કમાયેલા) કરેલા ધનથી જે ગાય લેવાય છે અને દાનમાં અપાય છે તે તુરંત કુળને તારનારી થાય છે. પહેલાના સમયમાં આ વાત માન્ધાતાને બૃહસ્પતિએ કહી હતી તે સાંભળો. સન્તોને – બ્રાહ્મણોને – ગુરૂને અને ગાયને પૂજીને પાત્ર એવા મહાન જીવને પ્રેતનું (મૃત્યુ પામેલાનું) નામ લઈને ગોદાન કરવુ. ગાય મારી માતા છે પિતા છે. તેમાં સ્વર્ગ પ્રતિષ્ઠિત છે. (એમ વિચારી) સાયંકાળે ગો સેવા પરાયણ વ્રતી ગોષ્ઠમાં (જયાં ગાય રહેતી હોય તે જગ્યા) રહે અને સવારે ઉઠીને પ્રેતનું (મૃત્યુ પામેલાનું) સ્મરણ કરીને (પૂર્વે કહ્યું તેમ બધાનું પુજન કરીને) ગોદાન કરે તેથી પ્રેતાત્મા તુરંત જ સ્વર્ગ લોકને પામે છે હે કમલા ! આમાં સંશય નથી જે એક રાત્રી ગાયોની સાથે સમસખ્ય સમવ્રત અને ઐકાત્મ્ય

ભાવથીયુકત થઈને રહે તે તમામ દોષોથી મુકત થાય છે. પ્રાતઃકાળે સૂર્યનારાયણના દર્શન થતાં દુધ દેનારી સવત્સા – યુવતી - રૂપશાલિની - અમૃતગર્ભા - પ્રશેહદા (પારહો મુકનારી) ગાયનું દાન કરવુ જોઈએ. આ ગાયો આનન્દિત થાઓ, સ્વર્ગપ્રાપ્તિ

કરાવનારી થાઓ, માતાની જેમ મારૂ રક્ષણ કરનારી થાઓ અને આશીર્વાદ દેનારી થાઓ. રોગોનો નાશ, પરમમોક્ષ, સ્વર્ગ, સમૃદ્ધિ, સુખ, ધન અને શ્રેયસપદનો ઉદય પ્રસન્ન ગાય મનો આપે. સર્વદેવો જેના આશ્રયે રહયા છે તેવી પુણ્યવતી ગાયો મને ઉત્તમ ગતિ આપે અને આત્મા અને મનથી યુકત થઈ મનો આત્માર્પણનું ફળ આપે. હું અર્ઘ્ય વસ્ત્ર સંપર્ણ (સારા પાંદડાવાળુ ઘાસ) વસુ (ધન) તોટલા ચોખા અને વૈષ્ણવી, સુપ્રસન્ન, ઉર્ધ્વમુખવાળી અને સવત્સા ગાય આપું છું. આમ બોલીને ગાય દેનારો પરમ ફળને પામે છે. ગાયનું દાન કરનારો, શીલીપુજક, સાધુભકત, પિતૃભકત, ગુરૂભકત, દેવતાઓને પૂજનારો, સત્યશીલ અને તપસ્વી આ કયારેય દુઃખી થતા નથી. નિત્યસ્નાન કરનારો, કથાથી આનંદિત થનારો, પરબ્રહ્મના ભજનમાં તત્પર રહેનારો, ગાયોની સેવા કરનારો આ ચાર પ્રકારના વૈષ્ણવો ધામના અધિકારી છે. ગોવ્રત કરનારો, ગાયનું દાન દેનારો, પંચગવ્યનું (ગાયના દુધ- દહી- ઘી – મુત્ર – છાણ) પાન કરનારો ગવાયન (ગાયની સાથે રહી સેવા કરનારો) પરમ વૈષ્ણવ જાણવો કારણકે વિષ્ણુ દેવતા છે અને ગાય માતા છે. દેવવ્રતી, વેદવ્રતી, ગોવ્રતી, સાધુસદ્વ્રતી, ગોમેધાદિવ્રતી ઉત્તમ દિવ્ય લોકોને પ્રાપ્ત કરે છે. આ લોકમાં કામધેનુંનું દાન કરનારો દેવતાઓ દ્વારા દીધેલા ભૌમ અને તૈજસ (ભૌતિક અને દિવ્ય) સર્વ કામોને ભોગવે છે. જે ગોમુત્ર યુકત જવને પીવે છે, ગાય જયા રહેતી હોય ત્યાં ભૂમિ પર સુવે છે અને શીલવંતી દુધ દેનારી ગાયનું દાન કરે છે તે સર્વયજ્ઞના ફળને પ્રાપ્ત કરે છે. શુભક્રિયાવાળા પોતાના પુત્રને સાધુદીક્ષા આપવા માટે સંતોને અર્પણ કરવા રૂપ પુણ્યથી પણ પ્રેતનો ઉદ્ધાર થાય છે. વળી સાધ્વીઓને વૈરાગ્યશાલિની, યુવતી, જ્ઞાનસમ્પન્ના, સંસારનો ઉદ્ધાર કરનારી, શીલપરાયણ, ગૃહસ્થધર્મના રાગથી રહિત, ત્યાગ વૃત્તિવાળી, આચાર્યાણીનું

સ્થાન શોભાવનારી કન્યા આપવાથી પણ પ્રેતનો ઉદ્ધાર થાય છે. રાજા હોય તે ગુરૂને અથવા બ્રાાહમણને દાસ-દાસી અને દ્વિજપુત્ર આપે. અને બ્રાહ્મણને વિપ્ર આપે વળી જે ગુરૂતુલ્ય, વિદ્યા અને સત્સંગમાં આભુષણ સમાન એવા શીલસ્વભાવના દ્વિજનું દાન કરવુ. વિપ્ર કુમારનું દાન તો ગોદાન સદૃશ માનવામાં આવ્યું છે. તે આ લોક અને પરલોકમાં સર્વદા ઉદ્ધાર કરનાર થાય છે. પિતાને બહુ ધન અને સુવર્ણ આપીને વિપ્રપુત્રને ખરીદીને દ્વિજાતીને (બ્રાહ્મણને) તેનું દાન કરવુ. અને જેને પુત્ર ન હોય તેવા બ્રાહ્મણે યજ્ઞકાર્યના નિર્વાહ માટે, પાઠશાલા માટે, રાજય કે ગુરૂત્વના લાભ માટે તેનો સ્વીકાર કરવો. પુત્રદાન, પુત્રીદાન, ગોદાન, સુવર્ણદાન, આત્મદાન અને મોક્ષદાન (અભયદાન) આ બધા મોક્ષદાન મનાયેલા છે. વત્સલા, સત્વસંપન્ના, તરૂણી અને સુશોભિત પુત્રી અથવા ગાય દેનારો સર્વપુણ્યવાન થાય છે અને દુઃખ અને દરિદ્રતાવાળા લોકોને તે કયારેય પામતો નથી. દાંત વગરની, કરચલીઓ વાળી, દુધ ન આપી શકે તેવી, સન્તાનની ઉત્પતિમાં અશકત, જરઠ, રોગી, રૂષ્ટા અને દુષ્ટા એવી ગાયનું દાન કરવું નહિ. તમામ ગાયોમાં કપિલા (કાબરચીતરી) ગાય શ્રેષ્ઠ છે. તેનું દાન વિશેષપણે કરવું. સૂર્ય અને બીજા દેવતાઓ યજ્ઞથી તૃપ્ત થઈ વૃષ્ટિ કરે છે. અને યજ્ઞનું કર્મ ગાયના દુધ અને ઘી વડે થાય છે. સ્વયં પ્રજાપતિ પૂર્વના સમયમાં ઘીથી તૃપ્ત થયા હતા તેથી પછીથી તેમણે ગોલોકમાં સ્થિત લોકોની માતા એવી ગાયોનું સર્જન કર્યુ. કપિલા ગાય સુવર્ણ જેવી દુધની ધારાઓ આપે છે. ગાયથી પ્રાપ્ત થયેલું દુધરૂપી અમૃત જીવોનું ભોજન છે. (તેમ વિચારી) તે પ્રજાપતિ બ્રહ્માએ દેવોને અને ઋષિઓને તો ગાયો આપી, દુધ અને મોક્ષમાર્ગ માટે માનવોને આપી, દૈવકાર્ય (યજ્ઞાદિક) ની સિદ્ધિ માટે બ્રાહ્મણોને આપી. ત્યારથી કપિલા ગાયનું દાન શ્રેષ્ઠ મનાય છે. ગાયો દુધ દેનારી, પુણ્યદેનારી,

પ્રાણદેનારી અને પ્રેતનો મોક્ષ કરનારી છે. ગાયનું દાન આ લોક અને પરલોકમાં સર્વકામપ્રદ થાય છે. વળી ગાયને દેનારો માનવ હવ્ય કવ્ય તર્પણ શાન્તિ યાન વસ્ત્રો વૃદ્ધ-બાલાદિકની તૃપ્તિ વિગેરે બધુ જ પામે છે. ગાયો સુરભિગન્ધિની છે. ગાયો ગુગળગન્ધિની છે. ગાયો સર્વલોકની પ્રતિષ્ઠા છે. ગાયો મહાન કલ્યાણનો માર્ગ છે. પવન, અગ્નિ, સુવર્ણ, સમુદ્ર, દુધ, અમૃત, સુર્યપ્રકાશ, ગાય, સાધુ અને ઈશ્વર કયારેય અશુદ્ધ થાતા નથી. ગાય નિત્ય પ્રાપ્ત કરી શકાય એવુ ધન છે. ગાયો સનાતની પુષ્ટિ છે. ગાયો લક્ષ્મીનું પરમ મૂળ છે અને સમ્પદાનું પણ તે ગાયો જ મૂળ છે. પરમ અન્ન ગાયોમાં સ્થિત છે. દેવતાઓનું પરમ હવિ અને સ્વાહા વૌષટ પણ ગાયોમાં સ્થિત છે. તેથી ગાયોને દીધેલુ શાશ્વત થાય છે. ગાયો યજ્ઞનું ફળ છે. ગાયોમાં યજ્ઞો પ્રતિષ્ઠિત છે. ગાયોથી રસો વધે છે. બાળકો (મનુષ્યો) પાયસજીવી અર્થાત દુધથી જીવનારા છે. જે કાંઈ નાના મોટા પાપ થયા હોય તે જે ગાયનું દાન કરે છે તેના તે પાપો નષ્ટ થાય છે અને મોક્ષને પામે છે. જે સવત્સા (વાછડો કે વાછડીએ સહિત), વસ્ત્રાંલંકારોથી સુશોભિત અને દોહવાના પાત્રે સહિત કપિલા ગાયનું દાન કરે છે તે આ લોક અને પરલોકમાં જય પામે છે. પૂર્વના સમયમાં શ્રીકૃષ્ણે શંકરજીને વૃષભ (પોઠીયો) આપ્યો હતો ત્યારથી પૃથ્વી પર વૃષભનું દાન પણ ઉત્તમ માનવામાં આવે છે. જે યુવાન ઉંચો શ્વેત મોટા શીંગડાવાળો અને અલંકૃત વૃષભનું દાન કરે છે તે ઐશ્વર્યશાળી થાય છે. જે સદા ગાય, હરિ અને સંતોને સંભારીને રાત્રે સુવે છે અને ઉઠીને પણ તેમને સંભારીને નમસ્કાર કરે છે તે પુષ્ટિ પામે છે. અનિષ્ટકારી સ્વપ્ન થાય તો ગાયોનું કીર્તન વારંવાર કરવુ જોઈએ. ગાયના છાણથી રસોઈ પાક કરવો જોઈએ. ગાયના છાણથી લીંપણ કરી શુદ્ધિ કરવી જોઈએ. ગાયના ઘીથી હવન કરવો જોઈએ અને ઘી થી સ્વસ્તિ

વાચન કરાવવું જોઈએ. ગાયનું ઘી દાનમાં દેવુ જોઈએ અને ગાયનું ઘી ખાવુ જોઈએ. આથી ગાયો જેવી પુષ્ટિ મળે છે. સદા ગાયો મારી આગળ હો સદા ગાયો મારી પાછળ હો અને બાજુમાં હો સર્વરત્નમયી ધેનુનું હું શુભતાની પ્રાપ્તિ માટે દાન કરૂ છુ. સુવર્ણ શ્રૃંગવાળી દુધ દેનારી સુરભી અને સૌરભેયી ગાયો મારી પાસે રહો અને સદા મને જુઓ (મારી રક્ષા કરો). ગાયો, સત્ય, દેવતાઓ, સાધ્વીઓ, લક્ષ્મીઓ, પતિવ્રતાઓ, સત્પુરૂષો, મુકતો, ઈશ્વરો, ગુરૂઓ, સાધુઓ, શુરવીરો, ભક્તિ, પુણ્ય, વૃષભ, સેવા, દાન, તપ, અને ઉપકાર આ બધા સમ અને વિષમ એવા મહાભયમાં રક્ષણ કરે છે. વળી હે લક્ષ્મિ ! સાંભળો, પૃથ્વી લોકને પ્રાપ્ત થઈ પશુતાને પામેલી ગાયોએ પણ પહેલા 'અમે સર્વે શ્રેષ્ઠતાને પામીએ સર્વ દક્ષિણાઓથી અમે શ્રેષ્ઠ દક્ષિણા થઈએ, સર્વ પાપને નાશ કરનારી થઈએ, કોઈ પણ દુષણોથી લિપ્ત ના થઈએ, અમારા દુધ દહી, ઘી, મૂત્ર, છાણ, વડે સર્વે દેહીઓ પવિત્ર થાય અને ગોદાતા ગોલોકને પામે.' આવા આશયથી તપ કર્યુ હતુ અને તે ઉત્તમ તાપસીઓને બ્રહ્માએ તે વરદાન આપ્યા હતા કે તમે યોગિનીઓ સમસ્ત લોકોને તારનારી થાઓ, સર્વથા પવિત્ર થાઓ, મોક્ષ દેનારી થાઓ અને તમારા છાણમાં સદા લક્ષ્મીનો નિવાસ થાઓ. આ વરદાનો હું આપું છુ. આમ વરદાન આપીને બ્રહ્મા સત્યલોક ગયા ત્યારથી ગાયો પ્રાતઃકાળે નમસ્કાર કરવા યોગ્ય, પૂજવા યોગ્ય, સર્વથા પુષ્ટિ પ્રદાન કરનારી, લોકોનું કલ્યાણ કરનારી અને ભવતારિકા થઈ. સમાન વત્સા, પયસ્વિની, સૌમ્યા અને વસ્ત્ર આભૂષણોથી યુકત કપિલા ગાયનું દાન કરીને બ્રહ્મલોકને પમાય છે. અને આવીજ રીતે લાલ ગાયનું દાન કરીને સુર્યલોકને પમાય છે. તેવી જ રીતે ચિતકાબરી ગાયનું દાન કરીને ચંદ્રલોકને પમાય છે તેવી જ રીતે શ્વેત ગાયનું દાન કરીને ઈન્દ્રલોકને પમાય છે. તેવી જ રીતે શ્યામ ગાયનું દાન કરીને અગ્નિલોકને

પમાય છે. તેવી જ રીતે ધ્રુમવર્ણા ગાયનું દાન કરીને ધર્મલોકનો પમાય છે. પાડુંવર્ણવાળી ગાયનું દાન કરીને વરૂણલોકનો પમાય છે. વાદળ જેવા વર્ણવાળી ગાયનું દાન કરીને વાયુલોકનો પમાય છે. સુવર્ણ જેવા વર્ણવાળી પિંગાક્ષી ગાયનું દાન કરીને કુબેરતાને પ્રાપ્ત કરાય છે. તેવીજ રીતની પીળી ગાયનું દાન કરીને પિતૃલોકનો પમાય છે. કપિલા ગાયનું દાન કરીને વિશ્વદેવનો પામે છે. તેવી જ રીતે ગૌરી ગાયનું દાન કરીને વસુઓના લોકને પામે છે. પાંડુ અને કમ્બલ જેવા વર્ણવાળી ગાયનું દાન કરીને સાંધ્યદેવતા થાય છે. વિશાળ પૃષ્ઠભાગવાળી ગાયનું દાન કરીને મરૂત લોકને પામે છે, રત્નોથી સુશોભિત ગાયનું દાન કરીને ગન્ધર્વતાને પમાય છે. સર્વરત્નોથી સુશોભિત અને યુવાન એવા વૃષભ અથવા બળદનું દાન દઈને પ્રજાપતિના લોકનો પમાય છે. ગોદાતા સૂર્ય સમાન દેદિપ્યમાન વિમાનમાં બેસીને કે વૃષયાન પર બેસીને અમ્બરમાં સ્થિત પરમ સ્વર્ગને કે ગોલોક ધામને પામે છે. સ્વર્ગમાં તે ગાયનું દાન કરનારની હજારો સુરયોષિતાઓ સતત સેવા કરે છે. અને સવારે સુકીર્તનો વડે તેમને જગાડે છે. જેટલા ગાયના શરીરમાં રોમ હોય તેટલા વર્ષ સુધી ગાય દેનારો સ્વર્ગમાં આનંદથી રહે છે. પછી પૃથ્વી પર રાજા કે ગોપાલક થાય છે. ગાયો દુધ- ઘી- દેનારી છે. ઘૃત શરીરવાળી છે ઘૃતથી ઉત્પન્ન થયેલી છે. ઘૃતની નદી છે. ઘૃતથી આવર્તિત છે. આવી ગાયો મારા ઘરે સતત રહે. ગાયો મારા હૃદયમાં, નાભિમાં, આત્મામાં તથા સર્વત્ર દેહમાં અને મનમાં નિત્ય વસો. તેઓનું ઘૃત મારા દેહ ઈન્દ્રિય-પ્રાણોમાં સ્થિત છે. ગાયો મારી આગળ છે. ગાયો મારી પાછળ છે. ગાયો મારી સર્વ બાજુએ છે. અને ગાયોના મધ્યમાં હું (ભગવાન) વસુ છું. એમ જે ભાવના કરે તેની તમામ પાટકોટી ક્ષય પામે છે. જયાં સોનાના મકાનો છે. અમાપ સુવર્ણની પ્રાપ્તિ છે. દેવીઓ, ગન્ધર્વો, અમૃત, સમૃદ્ધિઓ, દહીની નદિઓ, ઘીની નદીઓ, દુધની નદીઓ

માખણની નદીઓ છે. ત્યાં ગાયનું દાન દેનારા જાય છે. હજાર ગાયનું દાન કરનારો સ્વર્ગમાં દેવેશ્વર થાય છે. હે રમે ! લાખ ગાયનું દાન કરનારો ત્રણેય લોકનો સમ્રાટ થાય છે. કરોડ ગાયનું દાન દેનારો મોક્ષભાગી થઈ વૈકુંઠને પામે છે. દસ કરોડ ગાયનું દાન દેનારો મોક્ષભાગી થઈ ગોલોકને પામે છે. અબજ ગાયનું દાન દેનારો અક્ષરધામને પામે છે. દશ ગાયનું દાન દેવાથી પ્રેત સૃષ્ટિબંધનથી મુકત થાય છે. માતા પિતા પત્ની તથા દાદાનો યાદ કરીને ગાયનું દાન દેનારો તેના અગીયાર કુળનો નક્કી ઉદ્ધાર કરે છે. ગાયનું સ્મરણ કરીને તલનું કે જવનું દાન કરવાથી પણ પ્રેતની યમલોકમાં યાતનાઓ દુર થાય છે. દેવોનો જેમા વાસ છે એવી દુધ દેનારી ગાય માતા મારી પાસે રહો એમ નિત્ય કહેવુ જોઈએ. ગોદાન એ પરમ પુણ્ય છે. કારણકે તેનુ ફળ શાશ્વત છે. ગોદાન કરનારને સ્વર્ગપ્રાપ્તિ માટે કંઈ કરવું બાકી રહેતુ નથી. જેને ઉદેશીને ગાયનું દાન કરવામાં આવે તે જનને ગાય તારે છે. ગાયો બાળકોને ધારણ કરે છે અને દુધ રૂપી અમૃતથી તેની વૃદ્ધિ કરે છે. ગાયો મનુષ્ય લોકમાં સ્વર્ગલોકમાં સત્યલોકમાં ઐશ્વર લોકમાં (વિરાટ ભુમાપુરૂષ ઈત્યાદિકના લોકમાં) વૈકુંઠમાં અને ગોલોકમાં હોય છે. અક્ષરધામમાં પણ મોટા શ્રૃંગવાળી ગાયો નિશ્ચિત વાસ કરે છે. ગાયો યજ્ઞનું યજ્ઞત્વ છે. દેવોનું દેવત્વ છે. ગાયો સમસ્ત ભૂતોની પ્રતિષ્ઠા છે. ગાયો પરમ પુણ્ય છે. ગાયોએ સાથે મળીને પ્રાર્થના કરી હતી તેથી દશમે માસે બ્રહ્માએ તેમને ખુર અને શ્રૃંગા આપ્યા હતા. (અને બ્રહ્માના વચનથી) જેવા જેવા મનાયેલા છે તેના તેવા ખુર અને શ્રૃંગ થયા. ગાય છે તે દિવ્ય મહત તેજ છે. સારા સાધુઓ પુણ્યશાળીઓ અને દેવતાઓ ગાયને પામે છે. અને ગાયની સેવામાં રત રહે છે. જયાં વૃક્ષો મિષ્ટરસોવાળા, મીઠાં ફળોથી યુક્ત, મીઠી સુગંધ યુક્ત પુષ્પોવાળા છે. જયાં મણીમય ભૂમિ છે. જયાં સુખને દેનાર અને કામના પૂર્તિ

કરનાર સુવર્ણના ભૂભાગ છે. સર્વવિધ કમલોથી જયાંના જળાશયો શોભી રહયા છે. જયાં કેસરની સુગન્ધથી યુકત વાયુ વાય છે. જયાં ષટ્રસથી ફલિત થનારા ઘાસનું શાક અને મધ છે. જયાં મુકત રીતે ખીલેલી અમૃત સમાન ફળ આપનારી વેલીઓ છે. જયાં નિત્ય નૂતન સુશોભિત સુવર્ણના પર્વતો છે. જયાં નવીનરૂપ ધારણ કરનાર મુકતકોટિની નારીઓ સેવા કરે છે. જયાં સર્વકામો, સર્વરસો અને સર્વ ભોગો છે અને જયાં ચંદનના અરણ્યો છે ત્યાં ગાયનું દાન દેનારા રમણ કરે છે. વળી ગાયનું દાન કરનાર સર્વ સંકલ્પિત વસ્તુથી સમૃદ્ધ, શોક રહિત અને ભાગ્યવાન થાય છે. વળી વિચિત્ર (આશ્ચર્ય પમાડે તેવા) વિમાનમાં બેસી મહોદ્યાન (મોટા બગીચાઓમાં) માં જાય છે. ત્યાં ફરે છે આનંદ કરે છે. અને સર્વ રીતે ક્રિડા કરે છે. સ્ત્રીજનો સાથે વિહાર કરે છે. સ્વર્ગવાસી દેવતાઓ દ્વારા પૂજિત થાય છે અને નિત્ય મોદ પ્રમોદ આનંદ સુખને ભોગવે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં સત્પુરૂષોના યોગથી વંચીતા પ્રેતના ઉદ્ધાર માટે ગોદાન અને ગાયોના મહાત્મ્યાદિકના નિરૂપણ નામે એક સો એકમો અધ્યાય ॥૧૦૧॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૦૨

શ્રીપુરૂષોતમ બોલ્યા : પ્રેત (મૃત વ્યકિત) ના વંશજો પત્ની પુત્ર સંબંધી બાંધવો વિગરેએ પ્રેતાત્માની મુકિત માટે ગવારાધન સંજ્ઞક વ્રત કરવુ જોઈએ. (હવે ગવારાધન વ્રત કહે છે) જયાં ગાય રહેતી હોય ત્યાં (ગૌશાળામાં) રહેવું, ગાયની શુશ્રુષા (સેવા) કરવી, ગાય જમે પછી જમવું, ગાય પીવે પછી પીવું, ગાય સુવે પછી સુવું, ગાયથી પહેલા જાગી જવું, ગોસ્થળ (ગાય જયાં હોય

તે સ્થળ)નું માર્જન કરવું (સાફ સફાઈ કરવી), દંશ કરનારા બગઈ માખી મચ્છરો વિગેરેને દૂર કરવા, કોમળ ઘાસ દેવું, ગાય માટે બીજા આહાર લાવવા, ગાયનું સન્માન કરવું, રક્ષણ કરવું તથા નિરંતર ગૌશાળામાં (ગાય જયા રહેતી હોય ત્યાં) વાસ કરવો. ગાયને નિત્ય સુખદેનારા થાવું મનથી પણ એ દુઃખી ન થાય તેવો ખ્યાલ રાખવો. લક્ષ્મીની ભાવના રાખી પૂજા કરવી નમસ્કાર કરવા આમ ત્રણ દિવસ સુધી ઉષ્ણ (ગરમ) ગોમુત્ર પીવું, ત્રણ દિવસ ગરમ દુધ પીવું, ત્રણ દિવસ ગરમ ઘી પીવું અને ત્રણ દિવસ વાયુ ભક્ષણ કરીને રહેવું. માથા પર ઘીનું વહન કરવું, (ઉપાડવુ) ઘી વડે હોમ કરવો, ઘી દાનમાં દેવું, ઘી ખાવું તથા ઘીથી સ્વસ્તિવાચન કરવું. (આમ આ વ્રતની વ્યાખ્યા આપી હવે માહાત્મય કહે છે) ગાયના ઉચ્છિષ્ટ (એંઠા) જવનું ભક્ષણ કરીને બ્રહ્મહત્યાનું પાપ પણ દુર થાય છે. પૂર્વે દૈત્યો અને દાનવોથી યુકત દેવતાઓએ જોરાવરે પોતાના ભક્ષ્યોનું ભોજન કર્યુ પછી (એ ભાન થતા કે અમે આ પાપ કર્યુ છે) એ પાપની શુદ્ધિ માટે એક મહિનાનું ગવારાધન સંજ્ઞકવ્રત કર્યું તેથી શુદ્ધ થયા અને ફરી પોતાના કાર્યોમાં સંસિદ્ધ થયા આથી ગાયો પવિત્ર છે પાવન છે અને પુણ્ય દેનારી છે. (માનવો) ગાયનું શુભ દાન દઈને શુદ્ધ થાય છે અને સ્વર્ગને પ્રાપ્ત કરે છે. અગ્નિના મધ્યમાં, ગાયોના મધ્યમાં, સંતોના મધ્યમાં, બ્રાહ્મણના મધ્યમાં, સતીઓના મધ્યમાં, વેદોના મધ્યમાં, યજ્ઞોના મધ્યમાં અને તીર્થોના મધ્યમાં વસતા જીવાત્મા પાપોથી શુદ્ધ થાય છે. સંતુષ્ટ થયેલી ગાયો, પુત્ર, ધન, પતિ, પ્રિયા, ઈત્યાદિક બધું આપે છે. હે શિવરાજ્ઞીશ્રી ! સાંભળો, પૂર્વે લક્ષ્મી એવા તમે સ્વભાવથી જ અત્યન્ત સુંદર શરીર ધારણ કરીને ગાયોના મધ્યમાં સ્થિત થયા. ગાયો પણ આશ્ચર્ય યુકત થઈને તમારી રૂપ સંપત્તિ જોઈને પૂછવા લાગી કે હે કન્યે ! તુ કોણ છો ? કયાંથી આવી છો ? અહિ શા માટે આવી છો ? હે સૌમ્યા, જો અમને કહેવા યોગ્ય માનતી હો તો કહો, ત્યારે ગાયો

દ્વારા આનંદિત થયેલા તમે ગાયોને પ્રણામ કરી કહ્યું, કે તમારૂ કલ્યાણ થાઓ. હું લક્ષ્મી નામની શ્રી હરિને પ્રિયા એવી વિષ્ણુપત્ની છું. મને પામેલા દેવાદિકો ઘણા વર્ષો સુધી આનંદ કરે છે. સુર્ય, ચંદ્ર, મહેન્દ્ર, વસુઓ, દેવકોટિઓ, અગ્નિ, જળ, વિગેરે બધા મારા પ્રવેશ પામવાથી જ સમૃદ્ધિઓના ઉત્પાદક થાય છે. હે ગાયો! જેમાં હું પ્રવેશ કરતી નથી તેનો સર્વથા વિનાશ થાય છે. જે ઘર મારાથી સંયુકત હોય (જેમાં હું નિવાસ કરુ) તે ઘર, ધર્મ, અર્થ, કામ, મોદ, પ્રમોદ, શાંતિ, ઈત્યાદિથી સમૃદ્ધ અને મહાઆનંદથી ભરેલું હોય છે. હું તમારામાં પણ નિવાસ કરવા ઈચ્છુ છું જેથી તમો લક્ષ્મી યુકત થાઓ. મને સદા સ્ત્રીવર્ગમાં નિત્ય વસવાની ઈચ્છા થાય છે. આવા તમારા વચનો સાંભળીને ગાયોએ કહ્યું કે તમે ચંચળ છો સર્વત્ર ગતિ કરનારા છો તેથી અમે તમને ઈચ્છતા નથી તમે બીજી જગ્યાએ જાઓ તમારૂં કલ્યાણ થાઓ. આવું તેઓનું વચન સાંભળીને તમે તેને પ્રાર્થના કરી કે કેમ મને (તમારામાં વાસ આપીને) પ્રસન્ન કરતા નથી ?

મહાન ઉગ્રતપ કરીને માનવો, યક્ષો, અસુરો, ગન્ધર્વો, ઈશ્વરો, નાગો, દેવતાઓ વિગેરે મારા પ્રવેશની ઈચ્છા રાખે છે. તેવી દુર્લભા એવી હું લક્ષ્મી છું તે તમો મારો કેમ સ્વીકાર કરતા નથી ? આવું સાંભળીને ગાયોએ કહ્યું કે ઘણું કહેવાથી શો લાભ? તમો સર્વથા ચંચળ ચિત્તવાળા છો, તેથી અમે તમારો સ્વીકાર કરતા નથી, આવું સાંભળીને તમે કહયું કે તમારા માટે હું ચંચળતાનો ત્યાગ કરૂ છું. (અર્થાત આપ જયાં નિવાસ આપશો તે છોડી હું કયારેય નહી જાઉં) હે ગાયો ! મને નિવાસ કરવાનું સ્થાન આપો, ત્યારે ગાયોએ કહ્યું કે, તમો નિત્ય છાણ અને મૂત્રમાં રહો, ત્યારે ઓમ અર્થાત હા એમ કહી તમે ગાયોના છાણ અને મૂત્રમાં નિવાસ કર્યો તેથી હે લક્ષ્મી ! ગૌમૂત્ર અને ગોમય (ગાયનું છાણ) તમારૂ ઘર છે. અને જયાં તમે હો, ત્યાં હું નિવાસ કરૂ છું, તેમાં સંશય નથી. આવો મહિમા જાણીને જે ગાયોનું દાન કરે છે.

તે વારંવાર યજ્ઞ કરનારા, અને યજ્ઞશિષ્ટ ભોજન કરનારા જ છે કારણકે આ લોકમાં દુધ, દહી, ઘી, વિના કોઈ યજ્ઞ થતો નથી તેથી યજ્ઞનું યજ્ઞત્વ ગોમૂત્રમાં પ્રતિષ્ઠિત છે. વળી ગાયોના પુત્રો, આ લોકમાં સતત ખેતી કરે છે, અને ધાન્યોનું ઉત્પાદન કરે છે, અને તે ધાન્યથી યજ્ઞો થાય છે. ભુખ અને તરસ વડે પીડાએલા હોવા છતાં તે અનેક પ્રકારના ભારોનું વહન કરે છે. વળી આ લોકમાં પીઠપર, અને ગાડા ઈત્યાદિકમાં પણ, સત્પુરૂષોને ધારણ કરે છે. વળી દાનમાં દેવાથી પ્રેતને ગોલોકમાં લઈ જાય છે તેથી ગાયોનું સ્થાન સ્વર્ગથી, સત્યલોકથી તથા ઈશ્વરોથી પણ ઉંચુ છે. ગોલોકમાં ગાયોનું સ્થાન કૃષ્ણ એવો જે હું તે મારૂ મંદીર છે. તેથી ગાયને દેનારો, કૃષ્ણનારાયણનું ઘર એવું જે ગોલોક, તેને પામે છે. હે મહાલક્ષ્મી ! બીજુ પણ સાંભળો, પૂર્વે સત્યયુગમાં, વિષ્ણુ મારા પુત્ર થાઓ, એમ સંકલ્પ કરીને અદિતિ તપ કરતા હતા. તેમને એક પગે ઉભા રહીને, તપ કરતા જોઈને, સુરભી નામની દક્ષની પુત્રી પણ, તેમની સાથે તપ કરવા લાગી. પછી બ્રહ્માએ અદિતિને સુંદર વરદાન આપ્યુ કે દેવતાનું કાર્ય કરનારા, હરિ રૂપે વિષ્ણુ તમારા પુત્ર થશે. વળી બ્રહ્માજીએ સુરભીને વરદાન આપ્યું કે હે દક્ષસુતા ! હે તાપસિ ! તું દેવીપણાને પામીશ, વળી તું વંશે સહિત ઈશ્વરીયપણું અને ગોપીપણું પ્રાપ્ત કરીશ તથા મુકતાનીપણું અને મોક્ષદાત્રીપણાને પામીશ, ત્રણેય સૃષ્ટિમાં તું પૂજયતમા થઈ સૌથી ઉપર નિવાસ કરીશ. ગાયોનું દાન કરનારો ગોપતિ શ્રીકૃષ્ણની કૃપાથી ગોલોકમાં વાસ અને સ્થાન પ્રાપ્ત કરશે જયાં ગાયો નિત્ય નિવાસ કરે છે તથા તેના વંશજો પણ ભગવાન શ્રીકૃષ્ણના ધામરૂપ તે પરમપદ, કે જયાં મોટા શ્રૃંગવાળી ગાયો છે તેને પ્રાપ્ત કરશે. હવિ, અર્પણ, આદિ યજ્ઞના પુણ્યો વડે દેવ સેવાને કરનારી, તમારી પુત્રીઓ પણ તે પરમ પદમાં નિવાસ કરશે. મનથી ચિંતવેલા તમામ ભોગો, અને

સુખો તમને પ્રાપ્ત થશે ગોદાન કરનારાને તેવા પરલોકની પ્રાપ્તિ થાય છે. જયાં સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. જેમાં મૃત્યુ, વૃદ્ધાવસ્થા, દુઃખ કે દારિદ્રય હોતુ નથી. ગોપદમાં (ગોલોકમાં) કાંઈ પણ અશુભ હોતુ નથી. ત્યાં દિવ્ય અરણ્યો છે. દિવ્ય ભવનો છે. ઈચ્છાનુસાર ગતિ કરનારા દિવ્ય વિમાનો છે. જયાં ઘી-દહી-દુધ ની નદીઓ છે. અમૃતોના સરોવરો છે. માખણના પર્વતો છે. જયાં મધ અને સાકરથી સુસ્વાદિત સુધાના સમૂહો છે. જયાં દિવ્ય આભુષણોથી યુકત, તરૂણ ગોપિકાઓ છે. હે સુરભિ ! ગાયદેનારો તમારે તે પરમ પદને (ગોલોકને) પ્રાપ્ત કરશે. બ્રહ્મચર્યથી, તપથી, શ્રીહરિ અને સત્પુરૂષોની સેવાથી, દાનથી, પુણ્યથી, સત્યથી, તીર્થ સેવનથી, કૃષ્ણનારાયણ અને વિશેષે કરીને રાધિકાજીની ભક્તિથી, કૃષ્ણથી સુશોભિત ગોલોકને પ્રાપ્ત કરવું શકય છે. ગોભકત પોતાને ઈષ્ટ અને સંકલ્પિત સર્વ વસ્તુને પ્રાપ્ત કરે છે. ભકતસ્ત્રીઓ પણ ઈચ્છિત વસ્તુઓને ઉત્તમ રીતે પામે છે. પુત્રાર્થી પુત્રને પામે છે. કન્યાર્થી કન્યા પામે છે. વિત્તાર્થી ધન પામે છે. ધર્માથી ધર્મ પામે છે. મોક્ષાર્થી મોક્ષ પામે છે. સમ્પદર્થી સંપત્તિ પામે છે. વિદ્યાર્થી વિદ્યા પામે છે, સુખાર્થી સુખ પામે છે, રસાર્થી રસ પામે છે, દાઢયાર્થી દઢતા પામે છે, પત્યર્થિની શ્રેષ્ઠ પતિ પામે છે. કાન્તાર્થી શુભા અને સુંદરી એવી સ્ત્રી પામે છે. સુતાર્થી પુત્રી પામે છે. સ્વર્ગાર્થી સ્વર્ગને પામે છે. ગાયને દેનારો ગોદાતા પૃથ્વીના મહારાજયને તથા ઈન્દ્રલોકને, સૂર્યલોકને, ચંદ્રલોકને, કુબેરલોકને, ધર્મ લોકને, યમ લોકને, અગ્નિ લોકને, ઈશ્વરોના લોકને, કૈલાશને, વૈકુંઠને, વૈરાજ લોકને, શ્રેષ્ઠ એવા ગોલોકને અને અક્ષર ધામને પણ પ્રાપ્ત કરે છે. ગાયને દેનારો આરોગ્ય, યશ, કીર્તિ, હાથી, ઘોડા, ગાયો, વિગેરેને નક્કી પ્રાપ્ત કરે છે. ગોદાતા ગાયના દાન સમયે જેની સ્મૃતિ કરી હોય તેવા રૂપ, રત્નો, વસ્ત્રો, મણીઓ, સુવર્ણનો ખજાનો, વિગેરે ને નક્કી

જ પામે છે. ગોદાતાનું અને જેનું સ્મરણ કરીને ગાયનું દાન દેવાય છે તેનું અપમૃત્યુ થતુ નથી. પ્રેતત્વ દૂર થાય છે અને પાપો નાશ પામે છે. આવી રીતના વરદાનો બ્રહ્માએ ધેનુને (ગાયને) દીધા.

હે લક્ષ્મી ! ગોભકતને આ લોકમાં કંઈ દુર્લભ નથી. અષ્ટસિદ્ધિઓ, સર્વે એશ્વર્યો, સમ્પદાઓ અને જેટલા ચમત્કારો છે. તે ગોદાતાને સિદ્ધ થાય છે. વેદોનું પુણ્ય, યજ્ઞનું પુણ્ય, કન્યાદાનનુ પુણ્ય, ભૂમિદાનનું પુણ્ય, સુવર્ણ દાનનું પુણ્ય, અને દક્ષિણા આપવાનું પુણ્ય ગોદાનથી થાય છે. ગોદાનની સાથે દક્ષિણામાં સુવર્ણ આપવું જોઈએ. જો મુર્તિમતિ ગાય ના હોય તો સોનાની ગાય બનાવી દાન દેવું જોઈએ. સદા ભૂમી અને ગાયને માટે (ભૂમિદાન અને ગોદાનમાં) સુવર્ણ આપવું જોઈએ. હે લક્ષ્મિ ! સોનુ, ગાય અને પૃથ્વી આ ત્રણના દાન પ્રેતની મુક્તિ કરાવનારા છે તેમાં સંશય નથી. ગાય, ભૂમિ અને ધનનું દાન દઈને, પાપી પવિત્ર થાય છે. પૂર્વના સમયમાં અગ્નિ અજ (બકરો) વરૂણ મેષ (ઘેટુ) અને સુર્ય અશ્વ (ઘોડો) થયા હતા. તે તે પશુઓના દાન પણ પ્રેતની મુક્તિ માટે થાય છે. હાથીઓ, મૃગો, નાગો અને પાડાઓ અસુર કહેવાયા છે, તેથી આસુરી યોનિથી મુક્તિ માટે હાથી ઈત્યાદિક (જે કહેવાયા) તેનું દાન ઉત્તમ છે. કુકડાઓ અને વરાહો (ભુંડ) રાક્ષસ કહેવાયા છે. રાક્ષસ યોનિથી મુકત થવા માટે તેનું દાન કરવુ જોઈએ. ગાયથી દુધ અમૃત અને ભૂમિ થયા હતા. તેથી પ્રેતાદિકની મુક્તિ માટે ગાય અને ભૂમિનું દાન પ્રશંશિત છે. સુવર્ણના અગ્નિ દેવતા છે. સુવર્ણથી દેવતાઓ પ્રસન્ન થાય છે. તેથી સુવર્ણનું દાન શુભપ્રદ દેવદાન કહેવાયુ છે. વન્હિ સ્થાનમાં અગ્નિના અભાવમાં સુવર્ણથી તે કાર્ય કરાય છે અર્થાત્ કુશસ્તમ્બ (દર્ભ) માં રહેલા સુવર્ણ માં હોમ થાય છે. જો અગ્નિ ના હોય તો બ્રાહ્મણના હાથમાં, સાધુના હાથમાં, દર્ભમાં,

અજકર્ણમાં, જળમાં, લાકડામાં અને સુવર્ણ ના હવન કરવાથી, શ્રીપતિ ભગવાન પ્રીતિ કરી સમૃદ્ધિ આપે છે. જે જન નિત્ય યથાશક્તિ સુવર્ણનું દાન કરે છે તે બ્રહ્મા, વાયુ, અગ્નિ, ચંદ્ર ઈત્યાદિના સાલોકયને પામે છે. માતા, પિતા અને પુત્ર આ ત્રણને જેમ શુભ ગૃહસ્થ કહેવાય છે. તેમ ગાય, સુવર્ણ અને પૃથ્વી આ ત્રણનું દાન ઉત્તમ છે. શ્રદ્ધા, સ્નેહ અને આદર આ ત્રણ જેમ અતિથિની કૃપા કરાવનારા છે. તેવી જ રીતે પૃથ્વી, ગાય અને સુવર્ણ પરલોક પ્રદાન કરનારા છે. ઘર, સમ્પતિ અને આજીવિકા જેમ સુખ દેનારા છે તેમ ગાય, ભૂમિ અને સુવર્ણ દાન દેવાથી સુખ દેનારા છે. જ્ઞાન, શાન્તિ અને નિવૃત્તિ જેમ આનંદના હેતુ છે. તેમ દાનમાં દીધેલા ગાય, ભૂમિ અને સુવર્ણ, મહા આનંદ દેનારા છે. શ્રી હરિ, ભક્તિ અને મોક્ષ આ ત્રણને જેમ નિત્ય સંબંધ છે વળી સાધુ, શીલ અને ક્ષમા આ ત્રણનો જેમ નિત્ય સંબંધ છે તેમ દાનમાં સુવર્ણ, ગાય અને પૃથ્વીનો નિત્ય સંબંધ છે. આ ત્રણેય ભુક્તિ દેનારા, મુક્તિ દેનારા, પ્રેતાત્માનો ઉદ્ધાર કરનારા, પુણ્યને દેનારા, સ્વર્ગને દેનારા અને પાપ પુંજનો નાશ કરનારા છે. ગાયનું દાન ગૌયજ્ઞ છે. તર્પણ એ પિતૃયજ્ઞ છે. ભોજન કરાવી દક્ષિણા આપવી તે સત્યજ્ઞ છે. નારાયણબલિ શ્રાદ્ધ કરવું, નીલપુચ્છાદિતર્પણ કરાવીને અભ્યર્થિતનું દાન દેવાથી, પ્રેતનો મોક્ષ થાય છે. હે લક્ષ્મિ ! આવી રીતે મેં શુભ (દાન) થી ઉત્પન્ન થનારી પ્રેતમુક્તિ કહી મોક્ષશાસ્ત્રનું (ભાગવત, સત્સંગિજીવન, રામાયણ, લક્ષ્મીનારાયણ સંહિતા ઈત્યાદિ મોક્ષ કરનારા શાસ્ત્રોનું) પારાયણ પણ પ્રેતની મુક્તિ કરાવનારૂં થાય છે. તેમજ મારૂ નામ સંકીર્તન અખંડભજન અને સત્પુરૂષોના હાથમાં રહેલુ જળ પ્રેતાત્માને પ્રેતયોનિમાંથી મુક્તિ દેનારૂ થાય છે. વળી પવિત્ર અવભૃથ (યજ્ઞના અંતમાં કરવામાં આવતું) સ્નાન, શુભક્ષણમાં કરેલુ શ્રાદ્ધ, સત્પુરૂષોના દર્શન, સ્પર્શ અને

તીર્થ જળનું સેવન પ્રેતયોનિથી મુક્તિ દેનારૂ છે. જયાં પણ જીવાત્મા ગયો હોય ત્યાં શ્રી હરિના ભજનથી મુકત થવાય છે. યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, સર્પ, પશુનો દેહ, યમપુરીમાં પમાતો દેહ કે વાયુથી બંધાએલો દેહ તથા ડાકિની, શાકિની, ભૂતી, પિશાચિની, વેતાલિની કે વેતાલ ઈત્યાદિ જે કોઈ યોનિને જીવાત્મા પામ્યો હોય ત્યાં સત્પુરૂષોના દર્શન શ્રી હરિનો પ્રસાદ અથવા જળ પામે તો તે તે યોનિથી મુકત થાય છે તેમાં સંશય નથી. સત્પુરૂષો આ લોકમાં પાપોનો નાશ કરનારા દોષોને દૂર કરનારા દિવ્યતા અને મોક્ષને દેનારા અને તારનારા છે. હે રમે ! ગાય, સુવર્ણ, દેવતાઓથી પણ સંતો શ્રેષ્ઠ છે. સત્પુરૂષનો યોગ એ તમામ પુરૂષાર્થને દેનારો મારો જ યોગ છે. એકવાર પુષ્કસ નામનો ભરવાડ કે જે દારૂપીનારો, માંસ ખાનારો, ચોર અને વ્યભિચારી હતો તે વનમાં મૃત્યુ પામ્યો. યમદુતો તેના જીવને લઈ ગયા અને નરકમાં નાખ્યો. અહિં તેની પત્નીએ તીર્થ ગાય અને અલ્પ સુવર્ણનું દાન કર્યુ તેથી તે જ ક્ષણે પ્રેતાત્માના સર્વ પાપ દૂર થયા અને તે પ્રેત શીઘ્ર જ સ્વર્ગમાં ગયો અને તમામ પાપો ગાયને ગયા. ગાયે બ્રહ્માને કહ્યું કે હે પિતા ! દાનના પ્રભાવથી પુષ્કસના પાપો તેનાથી નીકળી મારામાં આવ્યા છે માટે તેનો કયાં જઈને નાશ કરવો મને તે કહો ? આવુ સાંભળીને બ્રહ્માએ તો ગાયને કહયું કે તમે સનત્કુમાર પાસે જાઓ સાધુ અને શીલવ્રતવાળા તે સનત્કુમાર તત્કાળ પાપોનો નાશ કરશે આવું સાંભળીને ગાયે જઈને સનત્કુમારને પ્રણામ કરી પ્રાર્થના કરી સનત્કુમારે તમામ પાપોના નાશ માટે પોતાનું ચરણામૃત (પગ ધોયેલુ પાણી) આપ્યું. તે ગાયે તે જળનું પાન કર્યુ કે સત્વર બધા પાપો નષ્ટ થઈ ગયા ત્યાર પછી ફરી સુસંસ્કૃત અને સંતુષ્ટ થયેલી તે સુરભી (ગાય) બ્રહ્મા પાસે આવી અને ગુરૂરૂપ બ્રહ્માજીને નમસ્કાર કરીને આ શ્લોકો બોલી 'આ લોકમાં શીલવ્રતને ધારણ

કરનારા, રાગરહિત, અમાયિક, દિવ્ય અને જેનો આશ્રય કરવાથી પાપો નો નાશ થાય છે એવા સાધુઓ ધન્ય છે. તીર્થોના કામધેનુના (ગાયોના), સતીઓના, તપસ્વીઓના, બ્રાહ્મણોના જે પાપો હોય તે સત્પુરૂષોના આશ્રયે કરીને નાશ પામો. પિતૃઓના, દેવતાઓના, મહર્ષિઓના, સ્ત્રીઓના અને દેહિઓના જે પાપો હોય તે સત્પુરૂષોના આશ્રયે કરીને નાશ પામો રાજાઓના રાક્ષસોના, યક્ષોના, ભુતોના, યમપુરીમાં નિવાસ કરનારાઓના અને અસદગતિને પામેલાઓના જે પાપો છે તે સત્પુરૂષના આશ્રયે કરીને નાશ પામો. કામીઓના, ક્રોધીઓના, લોભીઓના, મોહિઓના અને ઘાતકીઓના જે પાપો છે તે સત્પુરૂષોના આશ્રયે કરીને નાશ પામો. ક્રૂરોના, પ્રાણરૂંધનારાઓના, હત્યારાઓના અને વિશ્વાસઘાતીના જે પાપો છે તે સત્પુરૂષના આશ્રયે કરીને નાશ પામો. ગણિકાઓના (વૈશ્યાઓના), પુંચલીઓના, ધ્વજ ધારીઓના, ચક્રધારીઓના, શસ્ત્રધારીઓના તથા વૈદ્યોના જે પાપો છે તે સત્પુરૂષોના આશ્રયે કરીને નાશ પામો. શરણાગતિની હત્યા કરનારાના, બાળકોની હત્યા કરનારાના, અગ્નિ લગાડી વનનો નાશ કરનારાના અને ઝેર દેનારાના જે પાપો તે સત્પુરૂષોના આશ્રયે કરીને નાશ પામો. હે લક્ષ્મી ! આમ કહીને સુવ્રતા એવી તે સુરભી ગોષ્ઠ (ગાયોને રહેવાની જગ્યા) માં ગઈ. આ અધ્યાય નો વાંચવાથી કે સાંભળવાથી પાપકોટિ નાશ પામે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપર સન્તાનમાં ગવારાધન નામક વ્રત ગોમૂત્ર અનો છાણમાં લક્ષ્મીનો વાસ, ગોદાનના પ્રેતના ઉદ્ધારક આદિ વિવિધ ફળો અનો સત્પુરૂષોનો આશ્રય સર્વોદ્ધારક છે. ઈત્યાદિ નિરૂપણ નામક એક સો બે મો અધ્યાય ॥૧૦૨॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૦૩

શ્રી નારાયણીશ્રી બોલ્યા : હે કેશવ ! કયા કાળમાં સુવર્ણ, ગાય અને પૃથ્વીનું દાન કરવાથી કેવું ફળ થાય છે તે મને કહો ?

શ્રીપુરૂષોતમ બોલ્યા : હે પદ્મજે ! સુદ પક્ષના પડવાના દિવસે શ્રાદ્ધભોજન યુકત દાન કરવાથી સુભગા પત્ની મળે છે. તેવી જ રીતે દ્વિતીયા અર્થાત્ બીજને દિવસે શ્રાદ્ધ ભોજનયુકત દાન કરવાથી કન્યાઓ અને પુત્રોની પ્રાપ્તિ થાય છે. ત્રીજનો દિવસે શ્રાદ્ધભોજન યુકત દાન કરવાથી શ્રેષ્ઠ ઘોડાઓની પ્રાપ્તિ થાય છે. ચોથના દિવસે શ્રાદ્ધભોજન યુકત દાન કરવાથી પશુ અને ગોધન પમાય છે. પાંચમના દિવસે શ્રાદ્ધભોજન યુકત દાન કરવાથી સદ્‌ગુણી પુત્રોની પ્રાપ્તિ થાય છે. છઠને દિવસે તેવી જ રીતે દાન કરવાથી સારા યશ અને બળની પ્રાપ્તિ થાય છે. સાતમને દિવસે તેવી જ રીતે દાન આપવાથી ખેતર–વાડી મળે છે. આઠમના દિવસે તેવી રીતે દાન આપવાથી ઉત્તમ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે. નવમીને દિવસે શ્રાદ્ધભોજન યુકત દાન કરવાથી હાથી, ઘોડા, ઉંટ ઈત્યાદિની પ્રાપ્તિ થાય છે. દશમના દિવસે તેવી જ રીતે દાન કરવાથી કામધેનુ વાળો થાય છે. એકાદશીના દિવસે તેવી જ રીતે દાન કરવાથી રૂપિયાના ખજાના વાળો થાય છે. બારસને દિવસે તેવી રીતે દાન કરીને સુવર્ણરત્નાદિવાન થાય છે. તેરસના દિવસે તેવી રીતે દાન કરીને લોકમાં રાજા થાય છે. ચૌદશના દિવસે તે જ રીતે દાન કરીને સામ્રાજયની પ્રાપ્તિ થાય છે. પૂનમના દિવસે તે જ રીતે શ્રાદ્ધભોજન યુકત દાન કરીને મનુષ્ય ચમત્કારી થાય છે. અમાસને દિવસે તેવી રીતે દાન કરીને સર્વ કામનાઓને પ્રાપ્ત કરે છે. મારી (શ્રીહરીની) જન્મ જયંતિમાં તેવી જ રીતે દાન કરીને પરમ મોક્ષને પામે છે.(આમ સર્વતિથિઓમાં શ્રાદ્ધભોજન સાથે સુવર્ણ ગાય અને પૃથ્વીના દાનનું

ફળ કહ્યું) હવે આ જ ત્રણ વસ્તુઓના દાનનું જે નક્ષત્રમાં જે વિશેષ ફળ છે તે કહું છું. કૃતિકામાં દાન કરવાથી તાવ વિનાનો થાય છે. રોહિણીમાં દાન કરવાથી મનુષ્ય સંતાનવાળો થાય છે. મૃગશિરામાં દાન દેવાથી માનવાન અને તેજસ્વી થાય છે. આર્દ્રામાં દાન દેવાથી સર્વદા જયવાન થાય છે. પુનર્વસુમાં દાન કરવાથી ધનવાન અને ઋદ્ધિહિમાન થાય છે. પુષ્યમાં દાન કરવાથી સર્વથા પુષ્ટિમાન થાય છે. આશ્લેષામાં દાન કરવાથી ધીર પુત્રોની પ્રાપ્તિ થાય છે. મઘામાં દાન કરવાથી પ્રજામાં પ્રાધાન્યની પ્રાપ્તિ થાય છે. પૂર્વાફાલ્ગુનીમાં દાન કરવાથી શ્રેષ્ઠભાગ્યશાળી થાય છે. ઉત્તરાફાલ્ગુનીમાં દાન કરવાથી મનુષ્ય બહુ પત્નીવાળો થાય છે. હસ્તમાં દાન કરનારો કાર્યોના ફળને પામે છે. ચિત્રામાં દાન કરવાથી રૂપવાન પુત્રોની પ્રાપ્તિ થાય છે. સ્વાતિમાં દાન કરવાથી વાણિજય અને રત્નોની પ્રાપ્તિ થાય છે. વિશાખામાં દાન કરવાથી સુપુત્રવાન અથવા બહુપુત્રવાન થવાય છે. અનુરાધામાં દાન કરનારો ચક્રવર્તી સમ્રાટ અથવા પ્રધાન થાય છે. જયેષ્ઠામાં દાન કરનારો આ લોકમાં આધિપત્ય મેળવે છે. મૂળમાં દાન કરનારો ઉત્તમ આરોગ્ય મેળવે છે. પૂર્વાષાઢામાં દાન કરનારો યશ અને માનવાન થાય છે. ઉત્તરાષાઢામાં દાન કરવાથી શોકરહિત થાય છે. અભિજીતમાં દાન કરવાથી વૈદ્યની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. શ્રવણમાં દાન કરનારો પરમ ગતિને પ્રાપ્ત કરે છે. ધનિષ્ઠામાં દાન કરનારો આચાર્ય ગુરૂ કે રાજા થાય છે. શતભિષામાં દાન કરનારો ધાતુસિદ્ધિને પામે છે. પૂર્વભાદ્રપદમાં દાન કરવાથી આજીવિકા મળે છે. ઉત્તરભાદ્રપદમાાં દાન દેનારો ગાય ઘોડા હાથી વિગેરે પામે છે. રેવતીમાં દાન કરવાથી મનુષ્ય સુવર્ણ અને રૂપિયા વાળો થાય છે. અશ્વિનીમાં દાન કરનારો મનુષ્ય ભેંસ-અશ્વ ઇત્યાદિને પામે છે. ભરણીમાં દાન દેનારો દીર્ઘજીવી થાય છે તેમાં સંશય નથી આમ સુવર્ણ ગાય અને પૃથ્વીનું દાન દેનારો

સર્વફળોને પ્રાપ્ત કરે છે. દાન-ધર્મને જાણનારાએ દાન પાત્રોની પરીક્ષા કરવી નહી. દૈવ કાર્યમાં, પિતૃકાર્યમાં અને સાધુજનોના કાર્યમાં પરીક્ષા ના કરવી જોઈએ. વિદ્યાવાન, ભક્તિમાન, બ્રહ્મનિષ્ઠ ભક્તો સર્વને પાવન કરનારા છે. સદાચાર પરાયણ, ભગવાન ઓળખાવનારા, સામવેદનું ગાન કરનાર બ્રાહ્મણો, માતા પિતાની સેવા કરનારા, દેવતાઓની સેવા કરનારા, બ્રહ્મચર્યનું પાલન કરનારા શુદ્ધ સન્યાસીઓ આ બધા સર્વને પાવન કરનારા છે. સત્ય ધર્મ અને વ્રત પરાયણો, પુણ્યતીર્થોનું સેવન કરનારાઓ, યજ્ઞ નિમિતનું સ્નાન કરનારા, અવભૃથસ્નાન કરનારા, પારાયણ ના પ્રવકતા, તપસ્વીઓ, કીર્તન કરનારા, મોક્ષમાર્ગ પરાયણ કથા વાંચનારા, ધર્મોપદેશકો, ગુરૂમન્ત્ર દેનારા, વૃદ્ધોનો આદર કરનારા, ગાયોની સેવા કરનારા, સાધુઓ અને સાધ્વીઓની સેવા કરનારાઓ સર્વને પાવન કરનારા પાત્રો છે. ધર્મના લેખમાં અગ્રસ્થાનવાળા, મોક્ષના લેખમાં અગ્રિમ સ્થાન ધરાવનારા, વિદ્યા જેના આશ્રયે રહેલી હોય તેવા જ્ઞાનશીલ અને શાંત મહાપુરૂષો પંક્તિઓને પાવન કરનારા છે. આવા મહાપુરૂષોની જયાં નજર પડે છે ત્યાં તત્ક્ષણ પંક્તિ પાવન થાય છે. ધ્યાન-જ્ઞાનપરાયણ, ભક્તિ પરાયણ, તપ પરાયણ અને નિર્ગુણ ક્રિયા કરનારા એવા સાધુઓ પંક્તિને પાવન કરનારા છે. નમસ્કાર કરાયેલા, પૂજા કરાયેલા અને જમાડેલા સંતો પ્રેતાત્માઓને મુક્તિ દેનારા થાય છે. ભક્તિવાળા અને તપસ્વી સંતો બ્રહ્માંડને પાવન કરનારા છે. ઇન્દ્રિયોનો નિગ્રહ તે પરમ તપ મનાયેલુ છે. મનનો નિગ્રહ, સદા મનમાં શ્રીહરિને ધારણ કરવા અને ત્યાગ તે ઉત્તમ તપ જ છે. ઉપવાસ, બ્રહ્મચર્ય, મૌન અને ક્ષમા તે પરમ તપ છે. તિતિક્ષા, સંતોષ, ઉદારતા અને સહન કરવું તે ઉત્તમ તપ છે. સત્ય બોલવું, બધાને જમી લેતા જે વધે તે જમવું તથા માંગ્યા વગર ઈશ્વરેચ્છાથી જે મળે તે જમવું આ બધા પરમ તપ કહેવાયા છે. દિવસમાં એક જ વખત ભોજન કરનારો સદા ઉપવાસી જ છે.

એકપત્ની વ્રત વાળો સદા બ્રહ્મચારી જ છે. ઋતુકાળમાં જ માત્ર સ્ત્રીસંગ કરનારો સાધુ જ છે અને સ્ત્રીમાત્રના સંગથી જે રહિત છે તે ભૂમિ પર મુકત જ છે તેમાં સંશય નથી. સ્ત્રી અને ધનના પાશથી જે રહિત હોય તે બે ભુજાવાળો પરમેશ્વર છે અને એવી રીતની ધર્મયુકતા જે સ્ત્રી છે તે સાક્ષાત નારાયણી છે. સાધ્વી, સતી, વિધવા, અનાથા, કન્યા, વૃદ્ધા અને ભક્તિધર્મવાળી નિરાશ્રયા આ બધી સ્ત્રીઓ દાનનો પાત્ર છે. દાનદાતા સદા પવિત્ર અને ભક્તિમાન છે અને વહેંચીને ભોગવે છે તેથી તે અમૃતભોજી છે. દેવોને નૈવેદ્ય કરીને જે જમે છે તે વિઘસાશી (બધાને જમી લીધા પછી જે વધ્યુ હોય તે જ ખાવું આવુ વ્રત કરનારો) જ છે. આવા દાતાના ઘરમાં અદ્રશ્ય ઋષિઓ પરમ મૂર્તરૂપને પામીને આનંદ કરે છે અને તેને આનંદ કરાવે છે. દેવતાઓ, પિતૃઓ, સિદ્ધો, યોગીઓ, યતિઓ, સંતો, ઈશ્વરો અને ઈશ્વરાણીઓ દાતાના ઘરમાં રમણ કરે છે. અપ્સરાઓ, ગન્ધર્વો, દેવતાઓ, દેવીઓ, સાધુઓ, સતીઓ, ભાગ્યવતીઓ, કામધેનુઓ, પુત્રો, પુત્રીઓ, પૌત્રો અને ગાય ઈત્યાદિ દાન દેનારના થાય છે. આમ દાન દેનારનું સર્વ કુટુંબ દેવકુળ થાય છે. તેના પશુઓ દેવપશુઓ થાય છે. તેના ધાન્યો દેવધાન્યો થાય છે તેનું સુવર્ણ રૂપિયાદિક બધું લક્ષ્મીરૂપ થાય છે. વળી રૂપ, આભૂષણો અને સર્વ ભાગ્ય પણ દૈવત થાય છે. આમ દાન કરનારનું કુટુંબ દિવ્ય દેવમય થાય જ છે તેથી હે લક્ષ્મિ ! સુવર્ણ ગાય અને પૃથ્વીનું દાન અવશ્ય કરવું જોઈએ અને જો પચાવવાની શક્તિ હોય તો જ દાન લેવુ જોઈએ. અલ્પશક્તિવાળો જો દાન લે તો જરૂર તેના પુણ્યનો નાશ થાય છે. પૂર્વના સમયમાં દાન દેવા માટે સમુત્સુક એવા વૃષાદર્ભિ રાજાએ સપ્તર્ષિઓને રત્નો બતાવ્યા પરંતુ ઋષિઓ એ લીધા નહી ત્યારે વૃષાદર્ભિએ કહયું કે તમો તો પ્રતિગ્રહમાં સમર્થ છો અને પ્રતિગ્રહ (દાનનો સ્વીકાર) તારે છે તેથી તમો ઉત્તમ ધનનો સ્વીકાર કરો હું સોનું, ચાંદી, હીરા,

મોતી, મણીઓ, શ્વેત હાથીઓ અને અશ્વો, શ્વેત ગાયો તથા વૃષભો, ગૃષ્ટી (એક જ વાર પ્રસવ પામેલી ગાયો) કામધેનુઓ, ગામો તથા ખેતરો અર્પણ કરૂ છું. મારૂ રાજય, રાણીઓ, દાસ-દાસીઓ, મહાસભા મહાભુવનો, નદીઓ, પર્વતો, વનો અને સર્વસ્વ હું આપુ છું. બ્રાહ્મણો અને સાધુઓ એવા તમો તેને ગ્રહણ કરો. હું મોક્ષ માટે પ્રયત્ન કરૂ છુ. તેથી મારા માટે ન આપી શકાય એવુ કાંઈ નથી. પાત્રભૂત એવા તમોને દાન આપીને હું આ લોકમાં જ શાશ્વત ફળને પામીશ આમ દાન દેવા માટે ઉપસ્થિત અને પ્રાર્થના કરતા એવા વૃષાદર્ભિ રાજાને અવ્યગ્ર, ધીર, શાન્ત અને સંતોષી એવા ઋષિઓએ કહ્યું કે હે રાજન ! રાજાઓનું દાન મધના આસ્વાદ સમાન હોય છે. પણ પરિણામે વિષ સમાન હોય છે. રાજાઓના મહાદાન જેને પ્રાપ્ત થાય છે તેને દાવાનળની જેમ ભસ્મ કરી મુકે છે. આથી આ લોક અને પરલોકમાં સુખની ઈચ્છા રાખનારે તે અસ્વીકાર્ય જ છે. જે દાનમાં રાજધન (રાજાદ્વારા અપાતુ વિપુલ કે અગણિતધન) ની ઈચ્છા રાખે છે તે પાપીઓ જેમાં સ્થિત છે એવી ગતિને પામે છે. પૃથ્વીમાં જેટલુ ધાન્ય સોનુ-પશુઓ અને સ્ત્રીઓ છે તે સર્વે મળીને પણ એક મનુષ્ય માટે પુરતા નથી તેથી વિદ્વાને સંતોષપૂર્વક રહેવું જોઈએ ઉત્પન્ન થયેલા હરણનું શ્રૃંગ તે હરણ જેમ વધે તેમ વધે છે તેમ સ્ત્રી અને પુરૂષોની ઈચ્છાઓ સદા વધે છે. આ લોકમાં કોઈ એવું દ્રવ્ય નથી જે મનુષ્યોને સંતોષ પમાડી શકે. સમુદ્ર જેવી તૃષ્ણા વાળો પુરૂષ કયારેય સંતુષ્ટ થાતો નથી. કામની (ભોગની) કામના રાખનારને જયારે તે કામ મળે છે ત્યારે તે વધારે તૃષ્ણા વાળો થઈ જાય છે. તેથી પ્રતિગ્રહમાં (દાનના સ્વીકારમાં) સંયમ ધારણ કરવો તો નક્કી જ મોટુ તપ છે અને પરિગ્રહ થતા તમામ તપ નાશ પામે છે. તેમાં સંશય નથી. આ લોકમાં દ્રવ્યના સંચય થી તપનો સંચય વિશિષ્ટ છે. તેથી હે રાજન ! તમારૂ ધન તમે તમારી પાસે

રાખો. એ વિષને બ્રાહ્મણમાં સિંચશો નહી. દાવાનળ સમાન રાજધનને શાન્ત અને મહર્ષિઓ એવા અમે ઈચ્છતા નથી. હે મહારાજ ! તમારૂ કલ્યાણ થાઓ અમે ફરી અમારા સ્થાનમાં જઈએ છીએ. આમ કહીને સર્વ ઋષિઓ દાન લીધા વિના ચાલ્યા ગયા ત્યારે વૃષાદર્ભિ રાજા દાનના ઘોર પરિણામને સમજયા. અપાત્રમાં અર્પિત કરેલું દાન (તેઓને) ઘણું અપથ્ય થાય છે તેથી દાનોના પાત્ર પુણ્યાશ્રય બ્રાહ્મણો સંતો અને ભગવાનના ભકતો છે. તેમને વિશેષપણે આપવું અને ભગવાનના ભકત એવા બ્રાહ્મણને વિશેષપણે આપવુ વળી જેઓ લોભ કરતા નથી સ્વાર્થમાત્રનો જેણે ત્યાગ કર્યો છે અને શ્રીહરિના જે ભકતો છે તેમને વિશેષપણે દાન આપવું. અને સર્વરીતે દાનને પાત્ર એવા વ્યક્તિ પણ લોભનો સદા ત્યાગ કરે અને 'શ્રી હરિને અર્પણ છે' એમ માનીને દાનનું ગ્રહણ કરે પણ બીજી રીતે નહી. હે લક્ષ્મિ! ત્યાર પછી વૃષાદર્ભિરાજાએ કુંભના સમયે પ્રયાગમાં જઈને સાધુઓને દાન આપ્યા પછી વૈકુંઠથી યમુનાના તટે અને ગંગાના સંગમે વિષ્ણુના પાર્ષદોથી સુશોભિત વિમાન આવ્યુ અને તે પાર્ષદો રાજાને લઈને વૈકુંઠમાં ગયા. હે રમે ! આમ સાધુજનોની સેવાથી મોક્ષ થાય જ છે તેમાં સંદેહ નથી. તેથી સુપાત્ર સાધુને શોધવા અને તેમને ભાવપૂર્વક શ્રી હરિને અર્પણ થાઓ એમ કહી દાન આપવા. (હવે કયા દાનથી શું લાભ તે કહે છે.) છત્રદાન કરવું, પગરખાંનું દાન કરવું. ધોતીયા જભ્ભા અને પાઘનું દાન કરવું તેનાથી છત્રપતિ થવાય છે અને વિમાનમાં ગતિ કરનાર થાય છે. સિંહાસનનું દાન કરવું તેથી રાજા થવાય છે. પ્રેતની મુક્તિ માટે ચામરનું દાન, વાંસના દંડનું દાન, ધ્વજાનું દાન, રથનું દાન, કોશનું દાન, અન્નનું દાન, શેરડીના ખેતરનું દાન, ધાન્યનાક્ષેત્ર (ખેતર) નું દાન, સરોવરનું દાન, શાકવાડીનું દાન, પુષ્પવાટિકા, બગીચો, સાડી વસ્ત્ર, આભૂષણ, ચોળી, ખાટ,

શય્યા વિગેરેનું દાન પ્રયત્નપૂર્વક કરવુ જોઈએ. વળી પ્રેતની મુક્તિ માટે ગાગર, કળશ, થાળીઓ વિગેરે વિવિધ પાત્રો અને શ્રૃંગારની વસ્તુઓનું દાન કરવું જોઈએ. જળકુંભી, દુધકુંભી, દહીકુંભી, ઘૃતકુંભી, પાણી ભરેલી દોણી, કંડની, સાંબેલુ, સાવરણી, પંખો, દીપપેટી, ખાટલો, વાસણો મુકવાનું પાત્ર, ચુલો, ઘંટી, કડછી, ચીપીયો, સાણશી, દાંતીયા, કાંગશી, દર્પણ, દોરડુ વિગેરેના દાન પ્રેતની મુક્તિ માટે કરવા જોઈએ. વળી જળનું દાન, રાંધેલા અન્નનું દાન, ફળોનું દાન, દુધપાકાદિકનું દાન, મિષ્ટાન્નનું દાન, ઘઉં ચોખા તલ ઈત્યાદિ વિવિધ ધાન્યનું દાન, રસોનું દાન, મધનું દાન અને મીઠાનું દાન, પ્રેતની મુક્તિ માટે કરવું વળી મહાકંબલ (મોટો કામળો)નું દાન, મહાવસ્ત્રનું દાન અને મહાશ્રૃંગારનું દાન પ્રેતની મુક્તિ માટે કરવું જોઈએ. એકાદશી આદિક પુણ્યોનું દાન, કરેલા વ્રત-તપ-ભક્તિ-કથા-જપ-ધર્મ વિગેરેનું પ્રયત્નપૂર્વક દાન, પ્રેતની મુક્તિ માટે કરવું જોઈએ. વાયુમાં ચાલતા વાહનોનું દાન, અગ્નિથી ચાલતા વાહનોનું દાન, જળમાં ચાલતા વાહનોનું દાન, જમીન પર ચાલતા વાહનોનું દાન, નરયાન (માણસો દ્વારા લઈ જવાતુ પાલખી વિગેરેનું) દાન, યન્ત્ર વાહનનું દાન, મકાનનું દાન, મંદિરનું દાન, મહેલનું દાન, ગામનું દાન અને બખ્તર વિગેરેનું દાન પ્રેતની મુક્તિ માટે કરવુ. હે લક્ષ્મિ ! પૂર્વના સમયમાં પોતાના આશ્રમમાં વસતા જમદગ્નિ ઋષિ ધનુષ્યથી ક્રિડા કરતા બાણો છોડતા હતા તો બાણોને તેની પત્ની રેણુકા વારંવાર પાછા લાવી આપતી હતી. મધ્યાહન સમય થતા સૂર્યનો ઉગ્રતાપ થયો તેથી પગ દાઝવાથી રેણુકા ધીમે ધીમે પતિ પાસે આવતી હતી તેથી મુનિએ પૂછયું કે કાન્તે ! કેમ બાણ લાવવામાં બહુવાર લાગે છે ? ત્યારે પત્નીએ કહ્યું કે સૂર્યના તાપથી મારા પગ દાઝે છે. આવુ સાંભળીને મુનિએ શીઘ્ર સૂર્યના પ્રતિ બાણો છોડયા ત્યારે સૂર્ય વિપ્રરૂપે મુનિ

પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે મને મારશો નહી ક્ષમા કરો હું તમારૂ ગમતુ કરીશ ત્યારે મુનિએ કહ્યું કે મારી પત્નીને રસ્તો સુખપૂર્વક જવાય એવો અને તાપરહિત થાય તેમ કરો આ સાંભળીને સૂર્યએ તેમને છત્ર અને પગરખા આપ્યા વળી કામના પ્રમાણે ચાલે તેવુ નાનું યાન આપ્યું તથા આભુષણો, વસ્ત્રો, અક્ષય પાત્ર, મોટી છત્રી, તાપને હરણ કરનાર હાર, તૃપ્તિ દેનારૂ અમૃત તથા અન્ય સુખને કરનારા ઉપકરણો આપ્યા અને પછી નમસ્કાર કરી સૂર્ય દેવલોકમાં ગયા અને કોમળ એવી રેણુકા પગ દાઝયા ન હોય તેવા અને સુખી થયા. આ જોઈ ઋષિ પ્રસન્ન થયા. આમ સૂર્યનારાયણથી છત્ર ઈત્યાદિકનું દાન પ્રવૃત્ત થયું તે વસ્તુઓના દાનથી જીવીતને જરૂર દુઃખની શાંતિ થાય છે. અને તેના દ્વારા મળેલા પુણ્યથી પ્રેતાત્માની મુક્તિ થાય છે. હે લક્ષ્મિ! દાનનું સર્વ ફળ દાતામાં ફરી આવે છે. આ અધ્યાયના વાંચન થી કે શ્રવણ (સાંભળવાથી) સર્વ દાનનું ફળ થાય છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં વિવિધ દાનો વડે પ્રેતનો ઉદ્ધાર થાય છે તે, સત્પુરૂષો ઈત્યાદિ દાનના શ્રેષ્ઠ પાત્રો છે તે વૃષાદર્ભિ અને સૂર્યના નિદર્શન થી નિરૂપણ કર્યું એ નામક એકસો ત્રણમો અધ્યાય ॥૧૦૩॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૨૩

શ્રીનારાયણીશ્રી બોલ્યા :- હે કાન્ત ! હે જગદ્‌ગુરૂ ! હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ! જે સર્વવ્રતોમાં મૂર્ધન્ય છે, સર્વપ્રકારના કલ્યાણને દેનાર છે, તમામ આપત્તિઓ અને વિઘ્નોનું નાશ કરનાર છે, સર્વ કષ્ટો અને વ્યાધિઓનો વિનાશ કરનાર છે, સર્વ ભાગ્યોને ઉર્ધ્વગતિ દેનાર છે, સર્વ સમૃદ્ધિઓને કરનાર છે, જેના એકના કરવા માત્રથી તમામ વ્રતો સર્વથા થઈ જાય છે, જેના

કરવાથી તમામ પાપોનો નાશ થાય છે, જે કરવાથી તમામ પ્રાયશ્ચિત થઈ જાય છે, એવું સર્વ અર્થોને દેનારૂં, સર્વ ધર્મોમાં ઉત્તમ, પરાત્પર, સર્વ સત્કાર્યો અને યજ્ઞાદિક જેના અનુષ્ઠાનમાં લીન થાય છે, વળી જેની સામે અન્ય વ્રતોનો સમૂહ તૃણ સમાન થાય છે તે વ્રત મને કહો ?

શ્રી પુરૂષોત્તમ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, સર્વ પ્રકારના ધર્મ-દાન-તીર્થ- વિધિ અને વ્રતો કરવાથી પણ જે સિદ્ધ ન થાય તેની સિદ્ધિ માટે સૌથી શ્રેષ્ઠ અને નિશ્ચિત પણે સિદ્ધિ પ્રદાન કરનાર તેવા વ્રતને હું કહું છું. મેં (પહેલા પણ) ઘણી વખત કહયું છે અને હમણાં પણ ફરી સ્પષ્ટ પણે કહું છું કે 'સાધુવ્રત' કે જે દાસભાવ અને સેવાત્મક છે તે સર્વ અર્થોને સિદ્ધ કરનાર છે. તમામ વ્રતોમાં મૂર્ધન્ય છે. સર્વ કલ્યાણને કરનાર છે. સર્વ દુઃખોને હરનાર છે. સર્વ વિઘ્નોને હરનાર છે. સુખને દેનાર છે. આધિ-વ્યાધિ અને ઉપાધિનો નાશ કરનાર છે. સર્વ પ્રકારના ભાગ્યોદયને દેનાર છે. સર્વ સમૃદ્ધિને કરનાર છે. સર્વ પાપોને હરનાર છે. સર્વ દોષોનો નાશ કરનાર છે. સર્વ ધર્માત્મક અને પુણ્યરૂપ છે વળી તે વ્રત સર્વયજ્ઞાત્મક છે. નિત્ય પ્રત્યે જેવા મળી આવે તેવા (પોત પોતાની શક્તિ પ્રમાણે) ઉપચારોથી શ્રેષ્ઠ મુનિશ્વરોની પૂજા કરવી અને તેને સંતોષ પમાડવા તેને સાધુપૂજાવ્રત કહેવાય છે. નિત્ય પ્રાતઃકાળે શ્રેષ્ઠ સંતોના દર્શન કરવા તેને સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળકારી અને શુભ સાધુદર્શન નામનું વ્રત કહેવાય છે. નિત્ય પ્રત્યે સાયંકાળે સાધુપુરૂષોની પગચંપી કરવી તે પુણ્ય અને સમ્પત્તિ દેનાર પાદસંવાહન નામનું શુભ વ્રત છે. નિત્ય પ્રત્યે પ્રાતઃકાળે સાધુઓને સુધા સમાન સ્વાદુ એવું દૂધ આદિક પેય (પીવા યોગ્ય વસ્તુઓ) યથાશક્તિ અર્પણ કરવું તેને સાધુપેયાર્પણ નામનુ વ્રત કહેલું છે. પોતાનું શ્રેય ઈચ્છનારે પ્રાતઃકાળે પાકેલા અને મીઠા રસવાહ ફળાદિક સાધુઓને દેવા તેને સાધુફલાર્પણ

નામનું વ્રત કહેલું છે. નિત્ય પ્રત્યે સૂર્યની કિરણોથી પાકેલા, ઋતુથી પાકેલા અથવા અગ્નિપર પકાવેલા કણાદિક (અન્નાદિક) સાધુઓને અર્પણ કરવા તેને સાધુકણાર્પણ નામનું વ્રત કહેલું છે. વિવિધ પ્રકારના શાક અને પત્રો વળી ભક્ષ્ય એવા શેરડી, કંદમૂળ અને અકુંરાદિકનું સાધુઓને દાન કરવું તેને સાધુ શાકાર્પણ વ્રત કહેવાય છે. લોટ, ઘી, દૂધ વગેરે કાચું સીધું આપવું તથા મિષ્ટક્ષાર, ખાંડ ઈત્યાદિક આપવા તેને સાધ્વપકવાર્પણ નામનું વ્રત કહેલ છે. નિત્યપ્રત્યે ભાવપૂર્વક મિષ્ટ અને રમ્ય એવા પકવભોજન સાધુઓને આપવા તેને સાધુભોજયાર્પણ નામનું વ્રત કહેલ છે. સંતોને સ્નાન ક્રિયા કરવા માટે શીતળ જળ અને પીવા માટે પિવા યોગ્ય સુગંધી મિષ્ટ જળ આપવું તેને સાધુજલાર્પણ વ્રત કહેલું છે. મુખવાસને યોગ્ય સોપારી ઈત્યાદિક તથા અન્ય બીજાદિકનું સાધુઓને દાન કરવું તેને સાધુસુવાસદ વ્રત કહેલ છે. પોતાની શક્તિ પ્રમાણે સાયંકાળે સાધુઓને જમવા યોગ્ય અને પીવાયોગ્ય વસ્તુઓ આપવી તેને સાધુસાયંવ્રત કહેલું છે. સંતોનું શરીર દબાવવું, શ્રમમર્દન કરી આપવું તથા તૈલાદિમર્દન કરી આપવું તેને સાધુશ્રમહરનામક અક્ષયફળ પ્રદાન કરનારું વ્રત કહેલું છે. સંતોને વસ્ત્રોનું દાન, કામળા ઈત્યાદિકનું દાન તથા શય્યા અને આસનાદિક નું દાન કરવું તેને સાધુવસ્ત્રાર્પણ નામનું વ્રત કહેલું છે. થાળી, તુંબડીઓ, પાત્રો, પતરાળાઓ, વગેરેનું દરરોજ જે દાન કરવું તેને સાધુપાત્રાર્પણ વ્રત કહેલું છે. પુષ્પો, પુષ્પોના હારો, વળી સુગંધિત ચંદનાદિક પદાર્થોનું જે સંતોને દાન કરવું તેને સાધુગંધાર્પણ વ્રત કહેલું છે. લાકડાઓ, સમિધાઓ, પટ્ટીઓ, પાટલાઓ, તથા મંચ ઈત્યાદિકનું જે દાન કરવુ તેને સાધુસમિધવ્રત કહેલું છે. સાધુઓને પુસ્તકોનું , શાળાઓનું, ઘરનું અનુ બ્રહ્મવિદ્યાનું દાન દેવું તેને સાધુવિદ્યાર્પણ વ્રત કહેલું છે. ચશ્મા, ઘડિયાળ, કલમ, મષીપાત્ર (શાહીનો ખડિયો) ઈત્યાદિનું જે દાન દેવું તેને સાધુયંત્રાર્પણ વ્રત

કહેલું છે. સોયદોરા, પગરખા, કવચ તથા વસ્ત્રાદિકનું જે દાન કરવું તેને સાધુત્રાણ વ્રત કહેવાય છે. વૃક્ષાદિકો વડે સુશોભિત એવો આશ્રમ બનાવી તેનું સંતોને જે દાન કરવું તેને સાધ્વાશ્રમવ્રત કહેલું છે. તે સ્વર્ગ અને મોક્ષને દેનારૂં છે. સંતોના આશ્રમમાં કૂવો, વાવ, સરોવર, નાળ, કુંડી ઈત્યાદિક કરાવી આપવા તેનો શુભ એવું સાધુવારિવ્રત કહેલું છે. સંતોને માટે ધર્મશાળા, માર્ગ, ચંદ્રશાળા, યજ્ઞકુંડ, ધૂણી, અગ્નિશાળા, પાકશાળા, ચબૂતરો, સ્નાનશાળા, ધ્યાનશાળા, જપશાળા ઈત્યાદિ જે કરાવી આપવા તેને સાધુશાળાવ્રત કહેલું છે. સાધુઓને વાછડીએ સહિત દૂધ દેનારી ગાય તથા વાહન માટે વૃષભનું જે દાન કરવું તેને સાધુધેનુવ્રત કહેલું છે. સમર્થ સાધુઓને હાથી, ઉંટ, ઘોડા, સિંહ, વાઘ, મૃગ ઈત્યાદિનું જે દાન કરવું તેને સાધુવાહન નામનું સદ્વ્રત કહેલું છે. વાયુમાં ગતિ કરનારૂ વિમાન, જળમાં તરનારું હંસયાન (હોડી), ગાડું, પાલખી, પાદુકા, સિંહાસન, ગજાસન, અને ફલકાસન વિગેરે જે આપવા તેને સાધુયાન કહેલું છે. ઉદ્યાન, વાડી, ખેતર, આજીવિકા, વર્ષભરનીવૃત્તિ તથા પોતાની કમાણીના અમુકભાગનું જે દાન કરવું તેને સાધુવૃતિવ્રત કહેલું છે. કાંસીજોડા(મોટા મંજીરા), ઝાલર, તબલા, નગારા, વાંસળી, વીણા, મૃદંગ, સિતાર, જળતરંગ, સ્વરવાદ્ય, કરતાળ, વિદ્યુતવાદ્ય ઈત્યાદિક જે વાદ્યો તેનું દાન કરવું તેને સાધુવાદ્યવ્રત કહેલ છે. સિંહચર્મ, ગજચર્મ, વ્યાઘ્રચર્મ અને પાવન એવું મૃગચર્મ તેનું દાન કરવું તેને સાધુચર્મવ્રત કહેલું છે. હીરામોતી, રત્નમણિ, કાચ, ઉત્તમશિલા, સાંબેલુ ઈત્યાદિનું જે દાન કરવું તેને સાધુસાધન નામનું સદ્વ્રત કહેલું છે. પેટી, કોથળીઓ, જોળી, તુંબડા, કળશીઓ, દોરડાઓ ઈત્યાદિ જે આપવું તેને સાધુજોળી નામનું વ્રત કહેલું છે. ભિક્ષા, કંઠી તુલસીની માળા, પૂજા સામગ્રી, ઈત્યાદિ જે આપવું તેને સાધુપૂજા નામનું વ્રત કહેલુ છે. ચામર, પંખો, તરભાણા, ઉત્તરાપટ, પટ્ટ તથા ગળતી ઈત્યાદિ આપવા તેને સાધુસન્ધ્યાવ્રત કહેલું છે.

ઔષધિઓ, ચૂર્ણો, વટિઓ, ગોળીઓ, કવાથો તથા લેહય ઈત્યાદિ જે આપવું તેને સાધુસ્વાસ્થ્યવ્રત કહેલું છે. છત્રી, દાતરડું, માથે બાંધવાનું વસ્ત્ર કે ટોપી, ધોતી, વસ્ત્ર, કૌપીન, પટકો ઈત્યાદિનું જે દાન કરવું તેને સાધુત્રાણવ્રત કહેલુ છે. ભસ્મ, દાતણ, યજ્ઞોપવિત, કટિબન્ધ અને ગાત્રિક ઈત્યાદિનું જે દાન કરવું તેને સાધુવૃષવ્રત કહેલુ છે. સાધુઓને જે અપેક્ષિત હોય તેનું દાન આપવું તે સાધ્વપેક્ષિતવ્રત છે. સાધુઓની આજ્ઞાનું પાલન કરવું તે સાધ્વાજ્ઞાપાલન નામનું વ્રત છે. સાધુઓએ આપેલા પ્રસાદનું ભક્ષણ કરવું તે સાધુપુણ્યામૃત નામનું વ્રત છે. સાધુઓના ચરણામૃતનું પાન કરવું તેને સાધુવાર્યામૃત નામનું વ્રત કહેલુ છે. સંતોનો રાજીપો લેવો તેને સાધ્વનુગ્રહ નામનું સદ્વ્રત કહેલું છે. હે લક્ષ્મિ ! આમ મેં તમને સેવાત્મક વ્રતો કહયા જે કરવાથી દેહિઓને સારી સિદ્ધિ મળે છે. દુઃખ પ્રાપ્ત થતા સંતોની સેવારૂપી, ભૃત્યતારૂપી, દાસતારૂપી, સર્વાર્પણાત્મિકા, દ્રવ્યાર્પણાત્મિકા, દીપાર્પણાત્મિકા, નૈવેદ્યાર્પણાત્મિકા, તૈલાર્પણાત્મિકા, ભૂષાર્પણાત્મિકા, વસ્ત્રાર્પણાત્મિકા, પુત્રીપુત્રાર્પણાત્મિકા, સાધુઓ કે સાધ્વીઓની સેવનાત્મિકા અને યોગ્ય એવી માનતાઓ કરવી તેને સાધ્વર્પણ નામનું વ્રત કહેલું છે. આ સર્વ માનતાઓ દુઃખ અને દારિદ્રયનો નાશ કરનારી છે. તેમાં નારીઓએ સાધ્વીઓની સેવાની અને પુરૂષોએ સાધુઓની સેવાની માનતાઓ કરવી. જેમ ધર્મની રક્ષા થાય અને સુખને દેનાર પુણ્ય વધે, વળી જેમ નારી અથવા નર પરમ પુણ્યને પ્રાપ્ત કરે તેવી (મર્યાદા પ્રમાણે) ગુરૂ-ગુરૂપત્ની અથવા સાધુ કે સાધ્વીની શ્રદ્ધાપૂર્વક નિઃસંશય પણે સેવા કરવી. પહેલા જેવી માનતા કરી હોય તેવી રીતે સદ્ગુરૂની સેવા કરવી તે સાધુસેવાને પરમ શુભ એવું સાધુવ્રત કહેલુ છે. જયારે દુઃસ્વપ્ન થાય ત્યારે એવી શુભ માનતા કરવી કે હું સાધુઓનું દર્શન અને સેવન ક્ષણવાર કરીશ જેથી મને દુઃસ્વપ્નજન્ય ફળ ના મળો. જયારે અપશુકન થાય ત્યારે તેવી માનતા કરવી કે હું સંતોના

દર્શન કરી શુભ આશીર્વાદ પ્રાપ્ત કરીશ મને અપશુકનનું ફળ પ્રાપ્ત ના થાઓ. જયારે શત્રુઓનો ભય પ્રાપ્ત થાય ત્યારે તેવી શુભ માનતા કરવી કે સંતોના આશ્રમમાં બે દિવસ સુધી નિવાસ કરી હું તેમના દર્શન પૂજા અને પરિચર્યા કરીશ જેથી શત્રુભય ન થાઓ. જયારે રાજભય પ્રાપ્ત થાય ત્યારે તેવી શુભ માનતા કરવી કે હું પાંચ દિવસ સુધી સાધુઓના દર્શન અને સેવા કરીશ વળી તેમને જમાડીશ અને ઘણુંક ધન આપીશ, દેવ સેવા કરીશ અને દાન કરીશ જેથી મને રાજભય ના થાઓ. પ્રજાનો ભય આવે ત્યારે એવી શુભ માનતા કરવી કે સાધુઓને અર્થે શુભ ખેતીવાડી આદિક આજીવિકાઓનું હું દાન કરીશ અને એક મહીના પર્યન્ત સંતોની સેવા કરીશ જેથી મને પ્રજાનો ભય ના થાઓ. જયારે અભિચારાદિકનો ઉપદ્રવ થાય ત્યારે એવી શુભ માનતા કરવી કે જે મારો ભૂતાવેશાદિક અભિચાર નાશ પામે તો હું પાંચ દિવસ સુધી સાધુઓની સેવા અને ભજન કરીશ. જયારે મલીન ઉપદ્રવ અથવા પ્રાણઘાત આવી પડે ત્યારે એવી માનતા કરવી કે હું અહર્નિશ સાધુઓના આશ્રમમાં રહીને માસ પર્યન્ત સંતોની સેવા કરીશ અને ભજન કરીશ જેથી હું ઉપદ્રવ રહિત થાઉ. જયારે પ્રકૃતિ વિકૃતિમાં પરિણમે ત્યારે એવી માનતા કરવી કે હું પખવાડીયા સુધી સાધુઓનો સત્સંગ અને સેવન કરીશ, વળી તેમને જમાડીશ જેથી મારી પ્રકૃતિ સ્વસ્થ થાઓ. જયારે વાયુરોગ થાય ત્યારે એવી માનતા કરવી કે જો મારી ઉન્મત્તતા દૂર થાય તો હું દશ દિવસ સાધુઓ નો સત્સંગ અને સેવા કરીશ. વિષધર પ્રાણીનો ડંખ થતા એવી માનતા કરવી કે જો આ વિષ નાશ પામે અને મારૂં જીવન સ્થિર થાય તો એક માસ પર્યન્ત અહર્નિશ સંતોની સેવા કરીશ. શસ્ત્રઘાતાદિક પીડા થાય ત્યારે દુઃખના નાશ માટે એવી શુભ માનતા કરવી કે હું એક માસ પર્યન્ત સાધુઓના નિવાસ સ્થાનમાં રહી તેમનું પૂજન કરીશ તથા તેમને દ્રવ્ય ભોજન આદિકનું દાન કરીશ. હૃદયની પીડામાં, મૂર્છામા, ત્રિદોષમાં તથા વૃત્તિસંહૃતીમાં

એમ માનતા કરવી જે જો હું આ ઘાતમાંથી જીવિત રહું તો સાધુ થઈને ભક્તિ કરવા માટે હું સાધુઓના મઠમા નિવાસ કરીશ અથવા એક વર્ષ પર્યન્ત રાતદિવસ તન-મન અને ધનથી તન્મય પણે સાધુઓની સેવા કરીશ. જવરાદિક દોષોની શાંતિ માટે એમ માનતા કરવી જે આ રોગના નાશ માટે હું બે દિવસ સંતોના આશ્રમમાં રહી તેમની સેવા કરીશ. વળી ક્રૂર રોગોની શાંતિ માટે એમ માનતા કરવી જે હું મહાપૂજા કરાવીશ તથા સર્વતોભદ્ર મંડળ કરાવીશ વળી આ પીડાની નિવૃત્તિ માટે સંતોને વિવિધ પ્રકારના ભોજન કરાવીશ. જયારે અંગભંગની પીડા થાય તયારે એવી શુભ માનતા કરવી કે જો મારા અંગમાં ફરી સ્વસ્થતા આવી જાય તો હું સંતોને પૈસા-ઘર તથા આજીવિકા અર્પણ કરવા રૂપ સેવા કરીશ. જયારે દેહમાં શસ્ત્ર ચિકિત્સા કરવાની થાય ત્યારે એમ માનતા કરવી જે જો હું ફરી નિરામય (રોગરહિત) થાઉં તો છ મહિના સુધી અન્ન અને ધન દેવા પૂર્વક સંતોની સેવામાં રહીશ. પૂર, ગુફા, કાદવ ઈત્યાદિ સ્થળે જયારે જીવનનો નાશ થતો જણાય ત્યાં તેવી માનતા કરવી કે જો હું આ દુર્નિવાર્ય આપત્તિથી બચુ અને જીવતો રહું તો મારૂં સર્વસ્વ (દ્રવ્યાદિક) અથવા અડધુ દેવમંદિરમાં અર્પણ કરીશ વળી છ મહિના સુધી સાધુઓના મઠમાં રહી અન્ન ધન વસ્ત્ર મન શક્તિ ઈત્યાદિ વડે સંતોની સેવા કરીશ. યુદ્ધમાં વિજય મેળવવા એવી શુભ માનતા કરવી કે ગામો, દેશો, સમ્પદાઓ, સોનું, ચાંદી, હીરા, યાન, વાહન, આભૂષણો, છત્ર, ચામર ઈત્યાદિકનું શ્રીહરિ તથા સંતોને યથાયોગ્ય દાન કરીશ વળી મંદિર કરાવરાવીશ તથા પાંચ મહિના સુધી દાસની જેમ સંતોની સેવા કરીશ, યજ્ઞ કરાવીશ તથા તેમાં સંતોને જમાડીશ. જેલમાં સ્થિત વ્યક્તિએ એમ માનતા કરવી જે જો હું આમાથી મુકત થાઉ તો બે માસ સુધી સાધુઓના આશ્રમમાં નિવાસ કરી યથાશક્તિ તેમને ભોજન અર્પણ કરવા પૂર્વક તેમની સેવા કરીશ, વૈરીઓથી આવૃત્ત થયેલા જને એમ માનતા કરવી જો હું જીવતો

રહું તો સુવર્ણના આભૂષણોવાળું મારૂં શરીર (શરીરનું પૂતળુ), શરીરના વજન જેટલી ચાંદી કે શરીરના વજન જેટલી સાકરનું દાન કરીશ. ચોર દ્વારા જયારે ધનાદિકની ચોરી થાય ત્યારે એમ માનતા કરવી કે જો મને તે ધન પાછું મળશે તો તેમાંથી અરધું ધન પરમેશ્વર કે ધર્મકર્મકરનાર સાધુજનોને દાનમાં આપીશ વળી તે ધનથી યજ્ઞ દાનાદિક પણ કરીશ. દુષ્ટો દ્વારા પત્ની પુત્રી પુત્ર માતા પિતા કે પોતાના બીજા કોઈ સમ્બન્ધીજનોનું અપહરણ થાય ત્યારે તેવી માનતા કરવી કે જો તે જીવિત અને અક્ષત (ઈજા વગરના) પાછા મળે તો એક વર્ષ પર્યન્ત સાધુઓની સેવા પૂજનાદિક કરીશ અને ભોજનાદિકનું તેમને દાન કરીશ વળી રક્ષણાત્મિકા અરિષ્ટશાંતિ પણ કરાવીશ. હે લક્ષ્મિ ! આવી રીતે પીડાને હરનારા સાધુ સેવાના વ્રતો મેં તમને કહયા જે નર નારીઓએ કરવા હવે બીજી માનતાઓ પણ સંક્ષેપમાં કહું છું જે કરવાથી વિઘ્નો અને પીડાઓ દૂર જાય છે. સાધુઓની સેવા સમાન શ્રેષ્ઠ વ્રત સૃષ્ટિમાં બીજુ કોઈ નથી. તેમના આશીર્વાદથી ન નાશ પામે તેવી પીડાઓ પણ તુર્ત જ નાશ પામે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપર સન્તાનમાં સર્વવ્રતોત્તમવ્રત સાધુસેવામાનતાત્મકનું નિરૂપણ કર્યું એ નામક એક સો ત્રેવીશમો અધ્યાય ॥૧૨૩॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૨૪

હે નારાયણીરમે ! શિવરાજ્ઞીશ્રી ! સાંભળો, હું તમને સાધુસેવાવ્રતના બીજા અધિક ભેદોને કહું છું. ગાય, ભેંસ, બકરી, ઘેંટી, ઉંટડી વિગેરે દૂધ દેનાર પશુઓને બીજા દ્વારા કરેલા અભિચારથી જયારે દોહવામાં અવરોધન થાય ત્યારે સાધુવ્રત કરવું (તે સાધુવ્રત કહે છે) સાધુઓની પદરજ લઈને 'પ્રસાવ' એમ

બોલીને પશુના પૃષ્ઠ ભાગે નાંખવી તેનાથી નક્કી જ અભિચાર નાશ પામે છે. પછી જયારે તે એકાએક દૂધ આપવા માંડે ત્યારે એક દિવસ તો જેટલુ દૂધ આપે તો સાધુના આશ્રમમાં આપવું અથવા ત્યારે દોહવા માટે સંતોને તો અર્પણ કરવી અને સેવા કરવી. પશુઓને રોગની પીડા થતા એમ માનતા કરવી જે જો આ પશુનો રોગ નાશ પામશે તો હું આને સાધુઓને અર્પણ કરીશ અથવા એક દિવસ (રાત-દિવસ) દાસની જેમ આશ્રમમાં સાધુઓની સેવા કરીશ. હાથી ઘોડા ગરૂડ હંસ વૃષભ વિગેરે વાહન (ભારવહનકરનારા) ની પીડા પ્રાપ્ત થતા એવી શુભ માનતા કરવી કે આ પશુની રક્ષા થાય અને પીડાઓ નાશ થાય ત્યારે હું વાહન બનાવીને સાધુઓને અર્પણ કરીશ અથવા સંતોને જેવી રીતે સુખ થાય તેવી રીતે એક દિવસ (રાત-દિવસ) તેમના મઠમાં રહી આદર પૂર્વક તેમની સેવા કરીશ વળી વાહનમાં બેસાડી સાધુઓને વાડીએ લઈ જઈશ અને ઘરે પણ પધરામણી કરાવી વસ્ત્રાદિકના અર્પણ વડે પૂજા કરીશ. ઘરના ખુણાઓમાં ચાર રસ્તાઓ પર કે માર્ગમાં જો ભૂતોનો સંચાર હોય તો તેના વિનાશ માટે એમ શુભ માનતા કરવી કે અહીયા ભગવાન શ્રીહરિનું કીર્તન અને સાધુઓનું પૂજન ને ભોજન કરાવીશુ વળી આ જગ્યાએ પ્રસાદીનું જળ છાંટીશું તથા અમૃતરૂપ પ્રસાદ મુકીશું. મૂત્રેન્દ્રિયાદિકના સ્તંભન (અટકાયત) થતા એવી શુભ માનતા કરવી કે (જો રોગમાંથી મુકત થાઉ તો) એક મહિના સુધી મઠમાં (સંતોના નિવાસ સ્થાને) રહીને ઉત્તમ સાધુ પુરૂષોની સેવા પૂજા કરીશ તેમને ભોજન જમાડીશ તથા તેમના વચન પ્રમાણે વર્તીશ. જયારે ખેતરના પાકમાં જંતુઓનો ઉપદ્રવ થાય ત્યારે તે જન્તુઓના ઉપદ્રવની શાંતિ માટે એમ માનતા કરવી જે મારા ખેતરમાં જે ધાન્ય ઉત્પન્ન થાય તેનો દશમો ભાગ દેવમંદિરમાં અર્પણ કરીશ વળી સાધુઓને ભોજન કરાવીશ તથા અતિથિઓ અને દીનજનોને

અન્નદાન કરીશ વળી શ્રેષ્ઠ અન્નકુટનો ઉત્સવ કરાવીશ અથવા સારા પકવાનો બનાવી ભગવાન અને ભકતોને નિવેદિત કરીશ આથી મારૂં ખેતર જન્તુ રહિત અને સમૃદ્ધિવાળું થાઓ. બગીચામાં કે ફળ દેનાર વૃક્ષાદિકમાં જો રોગ જણાય તો એમ માનતા કરવી જો આ રોગ નાશ પામે અને સારા ફળ આવે તો તેમાંથી દશમો ભાગ હું સાધુઓને અર્પણ કરીશ. કન્દમૂળાદિકના પાકમાં, પત્રપુષ્પાદિકના પાકમાં કે શાકભાજી ઈત્યાદિના પાકમાં જો નુકશાન દેખાય તો એમ માનતા કરવી જે જો આ પાક સમૃદ્ધ થાય તો દરરોજ (જયાં સુધી પાક હોય ત્યાં સુધી)સંતોને તે કન્દમૂળ પત્રપુષ્પ કે શાક (જે પોતે વાવ્યુ હોય તે) પ્રથમ અર્પણ કરીશ વળી ખેતરના મધ્યમાં શુભ સ્થાને સંતોનો વાસ કરાવીશ. શેરડીના પાકમાં શિયાળો કે ઉંદરોનો ઉપદ્રવ થતાં એ ઉપદ્રવની શાંતિ માટે એમ માનતા કરવી જે હું રોજ ઉત્તમ શેરડીના પાંચ દશ કે અગિયાર સાંઠા નિત્ય (જયાં સુધી શેરડી હોય ત્યાં સુધી) સંતોને આપીશ તથા તેમાંથી થતા સાકર અને ગોળનો દશાંશ સાધુઓને અર્પણ કરીશ અને મહોત્સવ કરાવીશ. વળી એમ માનતા કરવી જો વ્યવહારમાં અત્યંત વિપુલ પ્રમાણમાં લાભ થશે તો તેમાંથી દશાંશ (દસમો ભાગ) નકકી જ દેવ મંદિરમાં કે સંતોને અર્પણ કરીશ વળી જે ધારણા કરી છે તેનાથી વધારે લાભ થશે તો શ્રીહરિને કે સંતોને તેમાંથી અર્ધોભાગ અર્પણ કરીશ. સર્વનાશની ક્ષણ આવે તો સર્વદાનાત્મિકા માનતા કરવી જેમકે મૃત્યુનો ભય ઉત્પન્ન થાય ત્યારે એમ માનતા કરવી જે આ કાળના વેગથી જો મારા જીવનનું રક્ષણ થાય તો શ્રીહરિને કે તેમના સંતોને સમર્પિત થઈશ. કોઢમાં, શુષ્કતામાં, જડભાવમાં, રકતસ્રાવમાં, અંગોના ભેદનમાં, ધાતુરોગમાં, કુલરોગમાં, પાકરોગમાં, જળોદરમાં, ભગંદરમાં, અર્શમાં, રકતવિકારમાં, પ્રદરમાં, વૃણમાં, પ્રમેહમાં, ક્ષીણભાવમાં (અર્થાત જેને સામાન્ય ના કહી શકાય તેવા રોગોમાં)

એવી માનતા કરવી જે જો આ રોગથી હું મુકત થાઉ તો ચાતુર્માસમાં સંતોના આશ્રમમાં રહી તેમની સેવા કરીશ વળી સર્વથા દાસભાવને આશરીને પ્રસન્નતા પ્રદાન કરનારી અનુવૃત્તિરૂપા દેહસેવા (શરીર વડે સેવા કરવી તે) હું કરીશ. વળી, ઋણી (દેવાદાર) હોય તેઓએ એમ માનતા કરવી જે જો હું ઋણમુકત થાઉ તો મારા ધન અથવા ધાન્યાદિકનો દશાંશ (દશમો ભાગ), વિશાંશ (વીસમોભાગ) કે પંચમાશ (પાંચમો ભાગ) હવે પછી જે નવું અર્જિત થાય તેમાંથી સાધુપુરૂષોને આપીશ તથા બે માસ સુધી સાધુઓની દાસભાવે સેવા કરીશ અને પાંચ દિવસ મઠમાં (સંતોના નિવાસ સ્થાને) રહીને તેઓની શુશ્રુષા (સેવા) કરીશ. જે નિર્વંશ હોય તેમણે સંતાન પ્રાપ્તિ માટે તથા ગર્ભલાભ માટે ગોદાન, સાધુસેવા, મંદિર કે મઠને વાળવું, લીપવું, સાધુ આશ્રમમાં પાણી ભરી લાવવું, કાચું સીધુ અર્પણ કરવું, નિત્ય સંતોના દર્શન કરવા, ચરણચંપી કરવી, સદા આશીર્વાદ પ્રાપ્ત કરવા. આમ કરવાથી ગર્ભાધાન થાય જ છે. ત્યાર પછી ગર્ભના રક્ષણ માટે એમ માનતા કરવી જે એક વર્ષ સુધી હું નિત્ય શ્રીહરિને અને તેમના સંતોને કાચું સીધું અને ઘી અર્પણ કરીશ તથા દીપદાન કરીશ. પ્રસવનો ઉપદ્રવ થતા સુખપૂર્વક જન્મ થાય તે માટે એમ માનતા કરવી જે સંતાનના ભારે ભાર સુવર્ણ, ચાંદી અથવા સાકર બાળકોમાં વહેંચીશ. સાધુઓને સારા ભોજન કરાવીશ. શ્રીહરિને દ્રવ્યનું દાન કરીશ. બાલિકાઓને ધન અર્પણ કરીશ. વળી બાળકને દેવદર્શન, સંતોનો સમાગમ, કંઠી અને ગુરૂમંત્રનું ગ્રહણ પણ કરાવીશ. પાંચ દિવસ સાધુઓની સેવા કરીશ અને પુત્રવૃદ્ધિ માટે સંતોના મઠમાં રહીને તેઓની સેવા શુશ્રુષા કરીશ. ગર્ભસ્ત્રાવ ન થાય અને પુત્રનું મૃત્યુ ન થાય તેના માટે એમ માનતા કરવી જે મહાપૂજા કરાવીશ, સંતોની પૂજા કરીશ અને ભોજન કરાવીશ, તીર્થયાત્રા કરીશ, દસ દિવસ સંતોની સેવા કરીશ, મંદિરમાં

ગાયો ભેંસોની ચાકરી કરીશ, ભકતોની સેવા કરીશ, જપ કીર્તન કરીશ, સાધુ આશ્રમમાં ધાન્ય અને સુવર્ણનું દાન કરીશ, ઘણાંક પુત્રો હોય તો પુત્ર અર્પણ કરીશ, જો રોગ ન થાય, પ્રાણનાશ ન થાય કે વિઘ્ન ન થાય તો પુત્ર અર્પણ કરીશ, સાધુના નિવાસ સ્થાને સારો કૂવો કે પાણીની પરબ કરાવીશ, છાયા વાસ કરાવીશ. ઉત્તમ એવી શાંતિશાળા કરાવીશ, સાધુઓને નિવાસ કરવા માટે પર્ણકુટિ કરાવીશ, સભામંડપ કરાવીશ, ઉત્તમ એવી વ્યાખ્યાનપીઠ કરાવીશ, પોતાના ગુરૂને કે સંતોને ગમતી વસ્તુ અર્પણ કરીશ અને ચિરંજીવી થાઓ એવા શુભ આશીર્વાદ સંતો પાસેથી મારા પુત્રને અપાવીશ. યજ્ઞોપવિતની વિધિમાં જો વિઘ્ન દેખાય તો એમ માનતા કરવી જે ઉત્તમ યજ્ઞ કરાવીશ, સાધુઓને તથા ઈષ્ટદેવને ભોજન અર્પણ કરીશ, જળ-ફળ-દળ ઈત્યાદિક વિવિધ પ્રકારના દાન કરીશ, વળી દેવ-ભકતા એવી સાધ્વિ સ્ત્રીઓને વસ્ત્ર-આભુષણો અને શ્રૃંગારનું દાન અર્પણ કરી સુખ પમાડીશ. કન્યાના વાગ્દાનમાં, લગ્નમાં, વિવાહના ઉત્સવમાં કે પુનરાવૃત્તિમાં જો વિઘ્ન દેખાય તો એવી શુભ માનતા કરવી કે વાગ્દાન, લગ્ન, વિવાહ, પુનર્ગૃહાગમન (આમાથી જેમા વિઘ્ન આવ્યુંહોય તે) જો નિર્વિઘ્ન સમાપ્ત થશે તો મંદિરમાં હજાર સુવર્ણમુદ્રાઓ કે રૂપિયાઓ અર્પણ કરીશ અથવા છ માસ પર્યન્ત સાધુઓની સેવા કરીશ અથવા દેહે કરીને સદા મંદિર અને સંતોની સેવા કરીશ. અથવા પોતાના ઈષ્ટદેવનો નૈવેદ્ય માટેની ઉત્તમોત્તમ જીવિકા બંધાવી આપીશ અથવા પહેલો પુત્ર થાય તો તેને ઈષ્ટદેવને અર્પણ કરીશ (સાધુ બનાવીશ) અને જો પુત્રી થાય તો દેવીને અર્પણ કરીશ (સાધ્વિ બનાવીશ) અથવા ઘણાંક ગાય, હાથી, ઘોડા, વિગેરે પશુઓ અને ખેતર વાડી ઈત્યાદિનું દાન સારા સાધુને આપીશ. પરમાત્મા માટે મંદિર માટે સંતો માટે ગુરૂ માટે કે બ્રાહ્મણો માટે દાસ-દાસી ગામ આદિક અર્પણ કરીશ તથા અનાથ અને દીનજનો માટે આજીવિકા અને કુમારીકાઓ તથા નારીઓને અન્ન ધન

આભુષણો અર્પણ કરીશ. સંતાનોને અભિચાર પ્રયોગ, ખરાબ દ્રષ્ટિ કે બીજા અન્ય ઉપદ્રવો થતા એમ શુભ માનતા કરવી કે જો મારૂં સંતાન સ્વસ્થ થાય તો તેના ભારે ભાર શર્કરાનું દાન કરીશ, મહાપૂજા કરાવીશ તથા સંતોને ભોજન કરાવીશ અથવા સાધુઓના આશ્રમમાં રહીને બે દિવસ સેવા કરીશ અથવા સંતોને ઘઉં-ચોખા- જવ અર્પણ કરીશ. કુટુંબમાં કલેશ, પિતા પુત્રમાં વૈમનસ્ય અથવા બાંધવોમાં અણબનાવ થતા એમ માનતા કરવી જે જો આમાં પરસ્પર સૌમનસ્ય અને સૌહાર્દ થશે તો હું પરમાત્માને અથતા સંતોને અન્ન-ધન અર્પણ કરીશ, જ્ઞાતિ સમ્મેલન કરીશ અને યથાશક્તિ દેવસેવાદિક પણ કરીશ. દમ્પતિમાં વિવાદ, વૈમનસ્ય કે વિયોજન થતા ફરી સૌમનસ્ય માટે એમ માનતા કરવી કે હું મહાપૂજા કરાવીશ, ત્રણ દિવસ સાધુઓની સેવા કરીશ, ભોજન કરાવીશ માળા ફેરવીશ અને મંદિરમાં સેવા કરીશ. પોતાના પતિ દ્વારા અપમાનિત, તિરસ્કૃત અને નિષ્કાસિત (કાઢી મુકાયેલી) સ્ત્રીએ પતિને સ્નેહ ઉદભવે તેવી માનતા એમ કરવી જે જો મારા પતિ મારી સારસંભાળ ફરી કરવા માંડે તો હું મહાપૂજા કરાવીશ, અન્ન-ધનના દાનાદિક વડે દેવ સેવા અને સાધુસેવા કરીશ, માળા ફેરવીશ, મન્ત્રજાપ કરીશ, પુષ્પાદિક અર્પણ કરીશ અથવા સર્વાર્પણ કરીશ. ઘરનો કોઈ માનવસભ્ય દિશાના ભ્રમથી કુમાર્ગે માર્ગભ્રષ્ટ થઈ પાછો ન આવે તેવી રીતે જતો રહયો હોય તો તેના આગમનને કરાવનારી એમ માનતા કરવી જે તે મનુષ્ય ઘરે આવતા મંદિરમાં ગોદાન કરીશ તથા સાધુઓનું પૂજન તથા મિષ્ટભોજનાદિક વડે બે દિવસ તેમની સેવા કરીશ. કન્યાનું મનુષ્યનું કે સ્ત્રીનું અપહરણ થતા તેને પાછા લાવનારી માનતા એમ કરવી જે તેમના ઘરે આવતા મહાપૂજા કરીશ તથા પાંચ દિવસ સંતોના આશ્રમમાં રહી ભોજનાદિક વડે તેમની સેવા કરીશ. મંદિરમાં દ્રવ્ય, સુવર્ણ, રત્ન આદિક અર્પણ કરીશ અને શ્રીહરિના નામનું સંકીર્તન કરીશ. આજીવિકામાં

અવરોધ આવતા એમ માનતા કરવી જે જો મારી આજીવિકાનો પ્રવાહ અવરૂદ્ધ ના થાય અથવા અન્ય આજીવિકાનો લાભ થાય તો હું પાંચ દિવસ સાધુઓની સેવા કરીશ, પ્રથમ આવકનું ધન ભગવાનને અર્પણ કરીશ મહાપૂજા કરાવીશ ત્થા સંતોને ભોજનાદિક કરાવીશ. વ્યાપારના આરંભમાં લાભદાયી માનતા એમ કરવી જે આ વ્યાપારમાંથી જેટલો લાભ થાય તેમાંથી દશાંશ (દસમો ભાગ) ભગવાનને અર્પણ કરીશ વળી એ ધનનો સાધુ સેવા અને ધર્મના કામમાટે સારો વ્યય કરીશ. રાજયાલયમાં ન્યાયવાદમાં, વિવાદમાં, પંચસાક્ષિમાં, પોતાના લાભ માટે સાધુ સેવાની માનતા કરવી કે જો લાભ થશે તો શ્રીહરિ તથા સંતોને ભોજનાદિકનું દાન કરીશ વિજયના લાભ માટે એમ માનતા કરવી જે દ્રવ્ય આપીને નવું મંદિર બનાવડાવીશ, સાધુઓનો આશ્રમ કરાવરાવીશ, ઉત્તમ અન્નસત્ર કરાવરાવીશ, દેવને માટે બાગ-બગીચા કરાવરાવીશ, મહોત્સવમાં ધન અર્પણ કરીશ, રથ અર્પણ કરીશ, ગાયનું દાન કરીશ, ઘરનું દાન કરીશ, સ્થળનું દાન કરીશ. આકસ્મિક રીતે ઈષ્ટ લાભ થાય તો નામ-કીર્તન- વાદ્ય, આદિકથી શોભતો ઉત્સવ કરવો, પૂજાના ઉત્સવો કરવા, ધ્વજાના દાન અર્પણ કરવા, ઘી અર્પણ કરવુ, લાડુઓ અર્પણ કરવા, મિષ્ટાન્ન અર્પણ કરવા, ગુચ્છો તથા પુષ્પો અર્પણ કરવા. આકસ્મિક ભય પ્રાપ્ત થતા તો ભયના નાશ માટે ધન-ધાન્ય અર્પણ કરવારૂપ શ્રીહરિ ગુરૂ તથા સાધુની સેવા રૂપી શ્રેષ્ઠ માનતા કરવી. ભજનાદિકમાં લોકો તરફથી ઉપાધિઓ થાય તો તેના નાશ માટે માળા ફેરવવાની માનતા કરવી. દુકાળનો ઉપદ્રવ થતાં શ્રીકૃષ્ણનામ સંકીર્તન, બ્રાહ્મણોને યજ્ઞ અને ભોજયપદાર્થોનું દાન, સાધુઓના સ્વાગત અને તેથી તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવી. પતિવ્રતાનો સત્કાર તથા ગાયોને ગ્રાસ અર્પણ કરવા ઈત્યાદિક માનતાઓ કરવી. મહાભયાદિક ઉત્પ્લ્વમાં દેશોત્પ્લ્વમાં રક્ષા માટે સર્વ દેવોની,

ગ્રહોની, શ્રીહરિની, દેવીઓની, સાધુઓની સેવા-પૂજા ભક્તિ વાળી માનતા નર નારીઓએ પ્રાણ રક્ષણ માટે રાત-દિવસ કરવી. સમુદ્રમાં કે આકાશમાં યાન (વાહન) ભંગ થતા સતત ભજન કરવું અને રક્ષા માટે એમ માનતા કરવી જે મંદિરમાં રહીને ગુરૂને અને સાધુને છ માસ પર્યંત સેવીશ. જયારે ઉત્પાતો થાય ત્યારે એમ માનતા કરવી જે આ ઉત્પાતોના નાશ માટે હું ઉત્તમ યજ્ઞ કરાવીશ, સાધુઓને ભોજન કરાવીશ, દેવતાઓનું પૂજન કરાવીશ અને યથાધન દેવતાઓને નૈવેદ્ય અર્પણ કરીશ. કારાગાર ઈત્યાદિ દુઃખોની નિવૃત્તિ માટે શ્રીમત્કૃષ્ણનારાયણને પોતાનું સર્વસ્વ અર્પણ કરવાની, સાધુઓને ભોજન અર્પણ કરવાની, બાલકૃષ્ણના પૂજનની અને અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા મારા સેવનની શુભ માનતા કરવી. રાજયના લાભમાં તેને યોગ્ય એવી મોટી માનતા કરવી. જીવનના લાભમાં તેને યોગ્ય સર્વસ્વ અર્પણ કરવા રૂપ માનતા કરવી. સંપત્તિના લાભમાં અને વંશ લાભમાં યથાયોગ્ય માનતાઓ કરવી. સર્વત્ર (બધીજ માનતાઓમાં) સાધુઓ અને સાધ્વીઓની સેવા શુશ્રુષાત્મિકા જે માનતા છે તે ઉત્તમ કૃપાત્મક અને સિધ્ધફળ આપનારી છે.

कालमायापापकर्मशत्रुयाम्यकृहृदभयात् ।
शूलमीनध्वजधनुश्चक्रस्वस्तिकवान्अव ॥

(કાળ, માયા, પાપ, કર્મ, શત્રુ, યમ અને કૃત્સિત હૃદયવાળાઓથી શૂલ, મીન, ધ્વજ, ધનુષ, ચક્ર, સ્વસ્તિક, ઈત્યાદિ ચિન્હોને ધારણ કરનારા ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ મારૂ રક્ષણ કરો)

બાલકૃષ્ણ : પરંબ્રહ્મ મમ વૈ શાશ્વતઃ પતિ ।
પિતા બન્ધુઃ સુહન્મિત્રં રક્ષકઃ પાલકોઽસ્તુ સઃ ॥

(પરંબ્રહ્મ એવા બાલકૃષ્ણ જ મારા પતિ, પિતા, બંધુ, સુહૃદ્, મિત્ર, રક્ષક અને પાલક છે)

શરણં શ્રીકૃષ્ણનારાયણોઽસ્તુ મમ સર્વદા
(શ્રી કૃષણનારાયણ એ જ સદા મારૂ શરણ છે)
સાધવો મે રક્ષકાશ્ચ સન્તુ દુઃખાપહારકાઃ ॥
(સાધુઓ જ મારા રક્ષક અને દુઃખોને દૂર કરનારા છે.)

આવી રીતના શરણમન્ત્રોથી ભગવાનના શરણે જઈને જળ-સ્થળ આકાશ- ગર્ત (ખાડો) અગ્નિ- વાયુ- ઈત્યાદિક જયાં કયાંય પણ (જરૂર હોય) ત્યાં રક્ષણ માટે પ્રાર્થના કરવી. શ્રીકૃષ્ણ-ગુરૂ-સાધુ-દેવ- અને સનાતન ધર્મનું ધ્યાન કરીને વળી અન્તર્યામી એવા મારૂ ધ્યાન કરીને રક્ષા માટે માનતા કરવી. હે રમે ! હાનિમાં, લાભમાં, સુખમાં, અને દુઃખમાં માનતાઓ કરવી. સાધુઓ અને દેવોની પૂજાદિક રૂપે કલ્પેલી માનતાઓ જરૂર રક્ષા કરે છે વળી અન્તર્યામી રૂપે હું (સર્વત્ર) બિરાજમાન છું તે હૃદયંગત વાતને સાંભળું છું અને સમર્પણ કરનારા દીન ભકતોની જલ્દીથી રક્ષા કરું છું.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણીયસંહિતામાં તૃતીય દ્વાપર સંતાનમાં
સુખદુઃખાદિકમાં સાધુદેવાદિકની સેવા-વ્રતા- માનતાદિકનું
નિરૂપણ કર્યું એ નામક
એકસોને ચોવીશમો અધ્યાય સંપૂર્ણ ॥૧૨૪॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૩૪

શ્રીલક્ષ્મી બોલ્યા, હે હરે ! નારાયણના પિંડથી જે બ્રાહ્મણ ઉત્પન્ન થયો તે કયાં ગયો અને તેણે શું શું કર્યું તે કહો ?

શ્રીનારાયણ બોલ્યા, આદ્યપુરુષ, દિવ્ય, સોળવર્ષનો, પિતા દ્વારા સારી રીતે ઉપદેશ કરાયેલો, સર્વ વિદ્યાઓમાં વિશારદ, શરીર અને ગુણો વડે નારાયણ સમાન અને રૂપ, આયુ અને આકૃતિથી જાણે બીજા નારાયણ જ હોય તેવા તે બ્રાહ્મણે પોતાને

ઉપદેશ કરનારા દેવાધિદેવ નારાયણની સ્તુતિ કરી. હે નારાયણ! હે ગાયોના નાથ ! હે પિતા ! તમે જગદ્‌ગુરૂ છો. મારે શું કરવાનું છે ? તે કહો. તમે જે આજ્ઞા કરો તે હું પાળીશ. તેમાં સંશય નથી. 'પાતિ યઃ સઃ પિતા' અર્થાત્ જે રક્ષા કરે તે પિતા કહેવાય છે અને આજ્ઞાપાલક હોય તે પુત્ર કહેવાય છે. પિતા વિષ્ણુ છે. પિતા દૈવ છે. પિતા વાસુદેવ ભગવાનથી થયા હોય તેનો અંશ છે. પિતા કૃષ્ણ છે. પરંબ્રહ્મ છે તેથી પિતા પૂજાય છે. પિતૃતીર્થ એ પુણ્યદેનાર અને તારનારૂં પરમ તીર્થ છે. પિતા શ્રેષ્ઠ દેવ છે. પિતા સનાતન બ્રહ્મ છે. જે પિતા બીજપ્રદાતા, પોષક અને પાલક છે વળી પોતાનું બધું જે આપી દેનાર છે તેનાથી શ્રેષ્ઠ કોણ હોય ? જેણે પિતાને સંતોષિત કર્યા તેણે શ્રીહરિને સંતોષિત કર્યા છે અને જેણે પિતાની સેવા કરી તેણે શ્રીહરિની સેવા કરી છે. જે પિતાની સેવા કરે છે તેણે દાન-પુણ્ય-વ્રત-આતિથ્ય-યજ્ઞ-હોમ ઈત્યાદિ ન કર્યું હોય તો પણ સર્વે સુકૃત (પુણ્યો) કર્યા જ છે. મહાપાપી, અતિપાપી, પશુઘાતી અને આત્મઘાતી પણ પિતાનું ચરણામૃત પીઈને બ્રહ્મલોકને પામે છે. પિતૃ બ્રહ્મ પરબ્રહ્મ છે અને શરણાર્થિઓનું શરણ છે. પિતા દેહ, જ્ઞાન, ધનાદિકના પ્રદાતા અને પોષણ કરનાર પ્રભુ છે. પિતાની આજ્ઞા જેણે પાળી તેણે બધું જ કરી લીધું. પિતાના આશીર્વાદ પામેલાને બીજું કાંઈ કરવાનું રહેતું નથી. પુત્ર સંસ્કારી હોય કે ના હોય પિતા દ્વારા તે પળાય છે અને નિર્ભય થાય છે. તેથી પિતા મહાન લોકોને પણ માન્ય છે. વિષ્ણુ મહાદેવ વૈરાજ કે કોઈ પણ ઈશ્વરો પિતા તુલ્ય થતા નથી. પિતા તે પિતા છે. જળ-અન્ન-વસ્ત્ર-વાહન-પગચંપી અને વૃદ્ધાવસ્થામાં સમીપ નિવાસ કરીને જે પિતાની સેવા કરે છે વળી પિતા બોલાવે ત્યારે અને વર્તનમાં (તેમની નાની મોટી માંગણી કે ઈચ્છા હોય તેમાં) જે ના કહેતો નથી પરંતુ હા કહીને તેમનું ગમતું કરે છે તે મોક્ષભાગી

છે તેમાં સંશય નથી. પિતાની અનુમતિ વિના જે કોઈ પણ કાર્ય કરતો નથી પણ પિતાની આજ્ઞાથી જ બધું કરે છે તે સર્વથા ફળભાગી (સારા ફળનો અધિકારી) છે. જે આપત્તિઓમાં ઘેરાએલો છે, દુઃખોથી પીડીત છે અને વિઘ્નોથી પરાભૂત થયેલો છે તેનું પિતૃભક્તિથી રક્ષણ થાય છે. તેવી રીતના સુપુત્રથી જ પિતા પુત્રવાન કહેવાય છે. અનાજ્ઞાકારી પુત્રથી પિતા પુત્રવાન કહેવાતો નથી. હે તાત ! હું તમારી આજ્ઞાનું પાલન કરીશ જેનાથી જન્મ સફળ થાય અને કરેલું સર્વે સુકૃત (પુણ્ય) થાય તેથી મને સત્વરે આજ્ઞા આપો. આમ પિતૃ ભક્તિ પ્રદર્શિત કરી અને બે હાથ જોડી જ્યાં તે સુપુત્ર સ્થિત થયો ત્યાં સાક્ષાત પિતા નારાયણે કહ્યું. હે પુત્ર ! આયુષ્યમાન ભવ ! તું શુભાશીર્વાદો વડે વર્ધિત (મોટો) થયેલો છો. પિતૃભક્તિ પરક પુત્ર ધર્મથી નિત્ય વૃદ્ધિ પામે છે. આવો તારો વિચાર છે અને વર્તન પણ પિતૃભક્તિવાળું છે. હે પુત્ર ! પિતૃભક્તિ અને વિવેકમાં હું સિદ્ધિ દેનારો છું. જેના દ્વારા પિતા સારી રીતે પાલિત થયા, હોય વન્દિત થયા હોય, સેવિત થયા હોય, નિત્ય પૂજિત અને નમસ્કૃત થયા હોય તેને જ સુપુત્ર કહેવાય છે. સવારે ઉઠીને જે પુત્રો પિતૃઓને, દેવોને અને ગુરૂજનોને વંદન કરે છે તે આર્યો અક્ષય સુખના ભાગી થાય છે. તેઓના લોક અક્ષય થાય છે. તેઓનું અમૃત અક્ષય થાય છે. તેઓનું શ્રેય અક્ષય થાય છે અને તેઓના પરમ અભ્યુદય થાય છે. તેઓની સ્ત્રીઓ સદા સાધ્વી પતિવ્રત પરાયણ, મીઠીવાણીવાળી, મિષ્ટદાતૃ અને ઈષ્ટભોગને દેનારીઓ થાય છે. તેઓના ઘર કોટિ સમૃદ્ધિથી ભરેલા રસ-દ્રવ્ય-ધરા-સંપત્તિ ઈત્યાદિથી પરિપૂર્ણ દિવ્ય થાય છે. જે લોકો પિતૃઓને (જીવીત પિતા અને પૂર્વજોને) વસ્ત્ર-ભોજન-જળ-સેવા-અનુવૃત્તિ-શુશ્રુષા અને પરિચર્યા ઈત્યાદિ વડે સેવે છે તેમના લોકો અને વિભૂતિઓ અક્ષય થાય છે. વળી તેમના સુખો અક્ષય થાય છે અને નિર્વિઘ્ન પણે ચિરજીવન (લાંબુ જીવન) જીવે

છે. પિતૃઓનો જયાં સત્કાર થાય છે ત્યાં સિદ્ધિઓ સ્થિત થાય છે અને પિતાના આશીર્વાદથી સમૃદ્ધિઓ ત્યાં આવે છે. પિતાની સેવા કરનારાઓને સુવર્ણ, ચાંદી, ધન, ધાન્ય, વિવિધ રત્નો, કોમળ શય્યાઓ, દુધ દેનારી ગાયો, નારીઓ, રસો, યાનો, વાહનો, મકાનો, ઉદ્યાનો, ઉપવનો, આવાસો, સરોવરો, વિહાર ભૂમિઓ, દિવ્ય વિમાનો અને આજ્ઞાકારી અને સૌમ્ય દાસદાસીઓ થાય છે. પિતાની સેવા તે અક્ષય લાભ છે. બીજો કોઈ લાભ તેના જેવો નથી કે જે લાભથી પુત્રો આ લોક અને પરલોકમાં આનંદ પામે છે. પૂર્વકાળમાં જેણે પિતાની ભક્તિપૂર્વક સેવા કરી છે ને પિતાને સંતુષ્ટ કર્યા છે તેઓએ અપુનર્ભવ (ફરી જન્મ ન લેવો તે) અને પારમેષ્ઠી પદ (બ્રહ્માનું પદ) પ્રાપ્ત કર્યું છે. પિતાની પ્રસન્નતાનો પાત્ર જે પુત્ર હોય યમરાજ તેની પાસે જતા નથી. પિતાની પ્રસન્નતાનો પાત્ર જે પુત્ર હોય તેનાથી કાળ પણ પલાયન કરે છે. પિતાનો કૃપાપાત્ર જે પુત્ર હોય તેને શ્રીહરિની કૃપાપાત્રતા છે જ અને પિતાની કૃપા વિનાના જેઓ છે તેની મહાન કષ્ટદાયક ગતિ થાય છે. જેણે પિતાની કૃપા પ્રાપ્ત કરી તેનો વંશ ક્યારેય ઉજડતો નથી. સ્વાસ્થ્ય ક્યારેય બગડતું નથી અને આધ્યાત્મ આધિભૌતિક અને આધિદૈવિક દુઃખો ક્યારેય નથી જ આવતાં. તેઓની ઈન્દ્રિયો સદા નિરોગી રહે છે. વળી જેમ પિતા બીજપ્રદાન કરનાર હોવાથી પૂજ્ય છે તેમ માતા પણ ગર્ભમાં વૃદ્ધિ આપનારી છે અને બાલ્યકાળમાં માતા જ પુત્રની સેવા કરનારી છે તેથી માતા પણ પિતાની જેમ સેવા કરવા યોગ્ય છે. પિતા નારાયણ જાણવા અને માતા લક્ષ્મીસ્વરૂપિણી જાણવી. જેણે માતાની સેવા કરી તેણે કરોડો દેવોની સેવા કરી છે. માતા ગર્ભમાં (પુત્રને-પુત્રીને) ધારણ કરે છે અને ગર્ભની રક્ષા માટે નિયમમાં સ્થિત રહે છે અને પોતાના ઈષ્ટ (મનગમતા) ખાનપાનાદિકને છોડીને પણ ગર્ભની રક્ષા કરે છે. વળી જન્મદાનના

સમયમાં મૃત્યુ સમાન દુઃખને સહન કરે છે પછી (બાળક જ્યાં સુધી પોતે પોતાની ક્રિયાઓ કરવા સમર્થ ના થાય ત્યાં સુધી) મળમૂત્રથી યુક્ત બાળકને નિર્મળ કરે છે અને નિદ્રા ઈત્યાદિ પોતાના સુખ છોડીને બાળક માટે ચિન્તાગ્રસ્ત રહે છે. માતા ઈશ્વરની જેમ બાળકનું ધ્યાન ધરે છે, સેવે છે, પોષે છે, રક્ષણ કરે છે અને તેને (પુત્ર-પુત્રીને) સદા પોતે અર્જીત કરેલું બધું આપે છે. માતાના ઋણની સામે બીજા ઋણોની શું ગણના થાય ? માતૃઋણને ચુકવવા પુત્ર સો વર્ષે પણ શક્તિમાન થતો નથી. માતા-પિતા જેવા હોય તેવા પણ બ્રહ્મ સમાન મનાયા છે. તેથી પુણ્યની અભિલાષા રાખનારા પુત્રોએ તેમની સદા સેવા-પૂજા અને વંદના કરવી જોઈએ. માતા-પિતા અન્ધ હોય, રોગી હોય, દરિદ્ર હોય, લોભી હોય, વ્યભિચારી હોય, ચોર હોય, હિંસક હોય તો પણ પૂજવા યોગ્ય છે. હે પુત્ર ! તુ ધન્ય છે. કારણ કે તું સદા મારી આજ્ઞાનું પાલન કરે છે. મારી આજ્ઞા એ જ ધર્મ છે. (તેથી તું) સર્વદા ધર્માત્મા થા. હે પુત્ર ! હું તારું નામ પત્નીવ્રત એવું કરું છું અને તું દિવ્ય સિદ્ધિઓ વાળો બ્રાહ્મણ પત્નીવ્રત જ છો. હે પુત્ર ! તું કૃષ્ણ એવા મારું જ રૂપ છો અને મને અતિ વલ્લભ (પ્રિય) છો તેથી 'કૃષ્ણવલ્લભ' નામે આચાર્ય થા. મારો અવતાર એવો તું સર્વનો મોક્ષ કરનાર અને મારી સૃષ્ટિમાં સ્થિત અસંખ્ય સાધ્વીઓનો એક સત્પતિ થા. સર્વસૃષ્ટિમાં દિવ્યરૂપ, વ્યાપક અને કરોડગણો થઈ પ્રત્યેક પુરુષમાં નિવાસ કર. હું તને પત્નીવ્રતનો તત્વતઃ ઉપદેશ કહું છું તે સાંભળ અને તેવી જ રીતે મનુષ્યોમાં વર્તન કર અને તેવી રીતનું જે વર્તન તે મોક્ષ દેનારું થાઓ. જે પતિના ભાગને (અંશને) પોતાના ગર્ભમાં રક્ષણ માટે લઈ જાય છે તેને પત્ની કહે છે. તે પણ અગ્નિની સાક્ષીએ સહચારિણી કહેવાએલી છે. તે પત્ની માટે, પોતાની પત્નીમાંજ પત્નીના સુખ માટે જે ચારપુરુષાર્થના વર્તન (અર્થાત્ પોતાની પત્નીના સુખ

માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કરી રાખવા) રૂપ વ્રતને જ પત્નીવ્રત કહેવાયું છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં પિતૃ સેવા અને પત્નીવ્રત પુરુષાત્મક બ્રાહ્મણનો મહિમા કથન એ નામે ચોંત્રીશમો અધ્યાય ॥૩૪॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૩૫

શ્રીનારાયણ બોલ્યા : પત્નીવ્રત શબ્દનો અર્થ મે સારી રીતે કહયો હવે હું તારે પત્ની માટે શું શું કરવું જોઈએ ? તે કહું છું. પ્રથમ આશ્રમ બ્રહ્મચર્યાશ્રમ છે બીજો ગૃહસ્થાશ્રમ તેથી પહેલા બ્રહ્મચારી થઈને (વેદ વેદાંગ ભણીને) પછી પત્ની સાથે વસવું (લગ્ન કરવા). તેથી તું બ્રહ્મચર્ય અને યજ્ઞોપવીત (જનોઈ) નો ગ્રહણ કર અને વેદના અર્થોને જાણ પછી પત્નીવાન થા. આવી રીતે યૌવનોન્મુખ પોતાના બ્રાહમણ પુત્રને આજ્ઞા કરીને શુભ મૂહુર્તમાં સ્થિત થઈને તેનો ઉપનયન સંસ્કાર કરવામાં નારાયણ પ્રવૃત્ત થયા. તે સમયે નારાયણે તમામ (સંસ્કારમાં યોગ્ય) વસ્તુ પદાર્થોને સંપાદિત કર્યા, વારંવાર મંગલવાદ્યો (વાજીંત્રો) વગાડાવ્યા. વળી લક્ષ્મી ઈત્યાદિકોએ આનંદપૂર્વક ત્યાં ગીતો ગાયા. કામચાર, અશન અને અશુદ્ધિ આ ત્રણ કૃચ્છના નિમિત્તો (તેની શાંતિ પ્રાયશ્ચિત માટે) ઉત્તમ ત્રણ ગાયોનું દાન કર્યુ. ત્રણ દિવસ સવારે, ત્રણ દિવસ સાંજે, ત્રણ દિવસ અયાચિત (કોઈ જમાવનું આપે તો જમવુ પણ માંગવુ નહી) ભોજન કરવું અને ત્રણ દિવસ નિરાહાર રહેવું તે શુદ્ધ કૃચ્છવ્રત કહેવાય. વળી શ્રીહરિએ સ્વયં માતૃકા પૂજન, નાન્દી શ્રાદ્ધ, સ્વસ્તિવાચન, ગૃહશાંતિ, બ્રાહ્મણોને ભોજન, યજ્ઞસ્થળમાં કુંડમાં અગ્નિ સ્થાપન તથા તેનું પૂજન ઈત્યાદિક કાર્યો કર્યા. પછી મુંડન કરાએલા, સ્નાન કરાયેલા,

ભોજન કરાયેલા, સારી રીતે વિભૂષિત કરાએલા અને પોતાની જમણી બાજુ સ્થિત એવા પોતાના પુત્રનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો અને કૌપીન, નવું કટિસૂત્ર અને ત્રણ દોરાવાળી જનોઈ આપી પછી હોમ કરી નારાયણે કહ્યું કે હે પુત્ર ! તારો સામવેદ છે શ્રીબ્રહ્મ ગોત્ર છે. નારાયણ કૃષ્ણ અને હરિ આ ત્રણ પ્રવરો છે અને શાખા હવે પછી તારા નામથી પત્નીવ્રતા નામની થશે હવેથી તું બ્રહ્મચારી છો તેમ જાણ. તારા યોગ્ય ધર્મોને હું સંક્ષેપમાં કહું છું તે સાંભળ ! સવારે અગ્નિહોત્ર તથા અવપોશાન કર વળી નિત્ય ગુરૂસેવા અને બ્રહ્મપાઠ કર અને આ ગાયત્રી મંત્રને ગ્રહણ કર અને સદા તેનો જપ કર. 'ૐ નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત્' આ વિષ્ણુગાયત્રીની માળા કર, આ બ્રહ્મદંડ અને મૃગચર્મને ગ્રહણ કર, સન્ધ્યોપાસન કર અને ક્રોધ તથા અસત્યનો ત્યાગ કર, સદા બ્રહ્મચર્ય રાખ, વિકૃતિને આધીન કયારેય ન થા, અશુદ્ધ વસ્તુનુ ભક્ષણ કે પાન ના કર, કયારેય હિંસા ન કર, વ્યસન ના કર, કોઈ પણની કયારેય નિંદા ના કર, સ્નાન સંધ્યા જપ હોમ સ્વાધ્યાય પિતૃતર્પણ આત્મજ્ઞાન અને હરિની પૂજા આ આઠ કર્મો નિત્ય કર. ત્યારે બ્રાહ્મણ બટુકે ઓમ (હા) એમ કહીને તે સદુપદેશ ગ્રહણ કરીને રવિ અને અગ્નિની પ્રદક્ષિણા કરી અને માતા પાસેથી ભિક્ષા ગ્રહણ કરી. વળી શ્રીહરિએ ત્યાં પધારેલા દેવો ઈશ્વરોને ગાયો, સ્વર્ણમુદ્રાઓ, વસ્ત્રો અને આભૂષણો આપ્યા અને ભોજન દક્ષિણા આપી સંતુષ્ટ કર્યા. પછી જટા કમંડળુ દંડ ચર્મ અને વલ્કલધારી એવા પોતાના પુત્રને સ્વયં શ્રીહરીએ વેદ ભણાવ્યા. (અધ્યયન પુરુ થયા પછી) પત્નીવ્રત નામના પોતાના પુત્રના વિવાહ માટે ચિંતન કરી પતિવ્રતા નામની રૂપ અને યૌવનથી પરિપૂર્ણ કન્યા સાથે તેનો વિવાહ નારાયણે કરાવ્યો. બન્નેના જન્માક્ષરો જોઈને લગ્નનો નિશ્ચય કર્યો વળી મુહૂર્ત અને બળ જોઈને લગ્નપત્રિકા લખી.

માંગલિક ગીતો ગવડાવી, સ્વસ્તિવાચન કરાવી, વરનું મુખ મીઠુ કરાવીને ચાંદલો કરી, ચોખા ચોડી, પીઠી ચોળી, વરની પૂજા કરી, મંડપ બાંધીને માણેકસ્તંભનું રોપણ કર્યુ. ગણેશસ્થાપના કરી માતૃકાપુજન અને કળશસ્થાપના કરીને યજ્ઞકુંડ બનાવ્યો. હાથમાં કામફળ (મીંઢોળ) બાંધીને વરરાજાનો મંડપમાં લાવ્યા. કન્યાનો ત્યાં બોલાવીને વરમાળા ધારણ કરાવી અને યજ્ઞકુંડમાં ગાર્હપત્ય અગ્નિની પ્રતિષ્ઠા કરીને હવન કર્યુ. હસ્તમેળાપ કરાવીને મુખમાં મીઠાઈઓ આપી. વસ્ત્રગ્રંથી (છેડાછેડી) બાંધીને પ્રદક્ષિણા (યજ્ઞકુંડના અગ્નિને) કરાવીને વેદવાદ્ય ધ્વનિ કરાવીને મંગળ ગીતો ગવડાવ્યા વળી મુદ્રા ઈત્યાદિકથી (સાંબેલુ બતાવવું ઈત્યાદિકથી) આનંદ પમાડી હસ્ત દ્રવ્યો અર્પણ કરી ગૃહસ્થ ધર્મને આચરો એમ કહી વિધ્નોને માથેથી ઉતારી આશીર્વાદો આપ્યા. આમ બ્રાહ્મવિધિથી વરકન્યાનો વિવાહ કરી લગ્નકર્મ સમાપ્ત કર્યુ. ત્યાર પછી ત્યાં નારાયણે દંપતિને શિક્ષા આપી કે પતિથી પત્ની ભિન્ન નથી અને પત્નીથી પતિ ભિન્ન નથી. બંનેનુ પ્રેમ વડે અભિન્નપણું હોવાથી બંનેમાં સ્વાભાવિક ઐકય (એકપણુ) છે. પતિનું ગુપ્ત મહાવીર્ય પત્ની ગર્ભમાં ધારણ કરે છે આમ તે બંનેના અંગોની એકતા થવાથી દંપતિમાં ઐકય છે. પતિનો ભાગ ગર્ભમાં સ્થિત થઈને પત્નીના ભાગથી પોષિત થાય છે તેથી બંનેનું એકજ બાળક થાય છે તેથી પણ બંનેની એકતા છે. એકને અનિષ્ટની પ્રાપ્તિ થતા બંનેને સમાન દુઃખ થાય છે એકને સુખ થતા બંનેને સમાન સુખ થાય છે આમ હાનિ-લાભ સુખ-દુઃખ બંનેને સમાન અનુભવાય છે. વળી આત્મા અને અનાત્મામાં (શરીરમાં) પરસ્પર બંને આસકત હોય છે તેથી બંનેનું ઐકય છે. એકદ્વારા અર્જિત કરેલા દ્રવ્યમાં બીજાનું સ્વત્વ(માલિકી) હોય છે. એકે કરેલા પુણ્યનું બીજો પણ ફળ ભોગવે છે. એકે કરેલા કાર્યમાં બીજો વિશ્વાસ કરે છે. એકે મેળવેલા ભોગ્ય પદાર્થોને બંને ભોગવે

છે. વળી દિવસ રાત બંનેના દેહ અને મનનું એકપણું હોવાથી અને બંનેના અહંતા અને મમતા ભિન્ન ન હોવાથી બંનેમાં ઐકય છે. એકના રુદનથી બીજાને રુદન થાય છે, એકના હર્ષથી બીજા હર્ષિત થાય છે, એકની મુછાર્થી બીજો મૂર્છિત થાય છે, એક ચિંતા કરવાથી બીજો ચિંતિત થાય છે આમ આ બધું એકબીજાનું ભિન્ન નહિ થતા બંનેનું એકજ થાય છે તેથી દંપતિમાં સર્વથા ઉત્તમ ઐકય જાણવું જોઈએ. આમ ઐકયમાં સામર્થ્ય પુણ્યનું પણ ઐકય થાય છે છતાં શત્રુદંડ અને રાજદંડમાં ઐકય હોતું નથી તો પણ તીર્થમાં, દાનમાં, ઉપકારમાં, શુભકાર્યમાં, પુણ્યમાં, ધર્મમાં, સમૃધ્ધિમાં, આલોક પરલોકમાં, પતિ પત્નિનો સમાન ભાગ છે તેથી પોતાના શરીરનો અર્ધોભાગ અને બીજાનો અર્ધોભાગ કહેતા પુરૂષનો વામભાગ (ડાબોભાગ) પત્ની છે અને પત્નીનો દક્ષિણભાગ(જમણોભાગ) પતિ છે. પત્નીમાં પતિ અને પતિમાં પત્ની સદા રહે છે તેથી પત્ની અર્ધાંગના અને પતિ અર્ધાંગન મનાય છે તે કારણથી સ્વાર્થ છોડીને એકબીજાનો અર્થ સમજીને પરસ્પર એકબીજા માટે આજીવન રહેવુ જોઈએ. પરસ્પર એકબીજાને પોતાનું પ્રતિબિંબ અને સહાયક જાણી દુઃખો સહન કરીને પણ એકબીજાના કાર્યો કરવા જોઈએ. જેમ પત્નીને પતિ દેવની જેમ માનવા યોગ્ય પૂજવા યોગ્ય અને સેવવા યોગ્ય છે તેમ જ પતિએ પણ પત્ની દેવીની જેમ માનવા યોગ્ય અને સેવવા યોગ્ય છે. પુરૂષે ભોજનમાં, આચ્છાદનમાં (પાથરવામાં), આલાપમાં, વિહારમાં, ઉત્સવમાં, રમતમાં, શ્રૃંગારમાં, હાસ્યમાં, સન્માનમાં, આસનમાં, વાહનની સવારીમાં, વર્તનમાં, જીવન નિર્વાહમાં, પોતાના પૂજનમાં સત્કારમાં, ભેટ સોગાદમાં પત્નીને સર્વથા આગળ રાખવી જોઈએ. સ્ત્રીઓની જયાં પૂજા થાય છે ત્યાં દેવતાઓ વસે છે. સ્ત્રીઓ જયાં સંતોષિત થાય છે ત્યાં સમ્પત્તિ વસે છે. સ્ત્રીઓ જયાં આનંદથી રહે છે ત્યાં સમૃદ્ધિઓ વધે છે. સ્ત્રીઓ જયાં

તૃપ્ત રહે છે ઋષિઓ ત્યાં ખેંચાઈને આપો આપ આવે છે. સ્ત્રીઓ જયાં સુખપૂર્વક રહે છે ત્યાં સિદ્ધિઓ આવે છે તેથી વંશધારણ કરનાર નારીનું કયારેય અપમાન કરવું નહી કે તાડન કરવું નહી (મારવુ નહી). પોતાના પિતાને છોડીને જે પતિને અધીન રહેવા અને પતિના ભાગ્યને પોતાનું ભાગ્ય કરવા આવી હોય તેવી પત્નીને કયો બુધ્ધિમાન માણસ અપમાનિત કરે ? આજીવન જે દાસી અને નોકરની જેમ દીન અને કૃપણભાવે પતિની આજ્ઞાઓ માને છે ગાયની જેમ જયાં લઈ જવાય ત્યાં જાય છે અને શરીરના પડછાયાની જેમ જે રહે છે તેને કયો બુધ્ધિમાન પુરૂષ દુઃખી કરે? પરબ્રહ્મ તરીકે જે પતિનો સ્વીકાર કરે છે, પતિએ દીધેલું ભોગવે છે, અવશિષ્ટને (બાકી રહેલુ, વધેલુ) જે ઉપયોગમાં લે છે અને પરાધીન થઈ પતિને ધારણ કરે છે કયો એવો બુદ્ધિમાન હોય જે આવી પત્નીની રક્ષા ન કરે ? જે ભુખ-તરસ સહન કરીને પણ ઘરના કામ કરે છે. કષ્ટમય કાળને સહન કરીને પણ જે પતિના કાર્યો કરે છે વળી નિદ્રા તથા આળસ છોડીને તથા મનનું ધાર્યું અવગણીને પતિના કામ માટે જે તૈયાર રહે છે વળી જે મારવા છતાં, તરછોડવા છતાં, ક્રોધ કરવા છતાં, અપમાન કરવા છતાં અને કાઢી મુકવા છતા નિર્બળા થઈ બધું સહન કરે છે કયો બુદ્ધિશાળી માણસ તેને દુઃખ આપે ? આવી રીતની સુશીલ પત્નીમાં લક્ષ્મી નિવાસ કરે છે અને તેમાં રાધા, રમા, જયા, પદ્મા, શારદા, સરસ્વતી, એકાદશી, રતિ, સન્ધ્યા, મોહિની, જયન્તિ અને અન્ય મહાદેવીઓ પણ નિવાસ કરે છે. પત્ની અંધ, રોગી, દરિદ્ર, કુરૂપા, કુભગા, કુસ્તની, કુમુખી, કુબ્જા (વાંકી ચુકી), સ્થુળા (જાડી), શૈથિલ્યમધ્યમાં (જેનો યોનિભાગ શિથિલ થઈ ચુકયો છે તેવી), કુશ્વાસા, કુપદી (ખરાબ પગવાળી), કુષ્ઠા (કોઢવાળી), કુપ્રિયા, કુસ્વભાવિની, દુષ્ટા કે દુરાચારા (ખરાબ આચરણ વાળી) હોય તોય સેવવા યોગ્ય (પ્રેમપૂર્વક પાલન –

પોષણ કરવા યોગ્ય) જ છે. જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેણે પત્નીને કયારેય દુઃખી કરવી નહી. તેના નિઃશ્વાસ માત્રથી (નિસાસા માત્રથી) પતિનું સર્વ પુણ્ય તત્કાળ બળી જાય છે. તેના દુઃખ પૂર્વક છોડેલા નિશાસાથી મનુષ્ય નિર્વંશ થાય છે. તેની કલ્પાન્ત (રૂદન, રોવું) રૂપ અગ્નિથી મનુષ્યના પૂર્વે કરેલા પુણ્યો નાશ પામે છે તેથી હે પુત્ર ! તું યથોચિત રીતે પત્નીને સાચવજે. તારા દ્વારા અર્જીત કરાયેલા વસ્તુપદાર્થો પોતાનાથી દશગુણા પત્નીને દેજે તેનાથી ગૃહસ્થાશ્રમનું સુખ પામી સાથે જ સ્વર્ગમાં જઈ અંતે બ્રહમના સંબંધવાળુ દિવ્ય અપુનર્ભવ (ફરી જન્મ ન થાય તેવું) પદ (અર્થાત ભગવાનનું ધામ) પામીશ.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં પત્નીવ્રતા નામક પુરૂષને બ્રહમચર્ય ગૃહસ્થધર્મ માહાત્મ્યાદિકનું નિરૂપણ નામક પાંત્રીસમો અધ્યાય ॥૩૫॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૨૬

શ્રીનારાયણ બોલ્યા : સંક્ષેપમાં કહીએ તો પ્રેમપૂર્વક જે સેવા કરવી તેને ભક્તિ જાણવી અને તે સેવા સદા બ્રહ્મધામાધિપતિ શ્રીહરિની કહેલી છે. કામથી, સ્નેહથી, ભયથી, લોભથી, મદથી, સ્વાર્થથી કે અન્ય કારણોસર પણ માનવો દ્વારા કરાયેલી ભક્તિ નક્કી જ મુક્તિ દેનારી થાય છે. પતિ ભક્તિ, પત્નીભક્તિ, કૌટુમ્બિકીભક્તિ, દેશભક્તિ, દેવભક્તિ, આત્મભક્તિ તથા અન્ય સર્વ ભક્તિઓમાં શ્રીહરિની જે ભક્તિ છે તે જ વિશેષ છે. ભક્તિની બહુરૂપોવાળી અને અનન્ત રૂપ દાસીઓ છે. (જેને પણ ભક્તિ જ કહેવામાં આવે છે) કરોડો તે દાસીરૂપ ભક્તિઓ શ્રીહરિની ભક્તિનો આશ્રય કરે છે. પિતૃભક્તિ, ગુરૂભક્તિ, દૈવીજનોની ભક્તિ, લોકભક્તિ, ગૌભક્તિ, તથા જે જે ભક્તિઓ છે તે

સર્વભક્તિઓ શ્રીહરિની ભક્તિની દાસીઓ છે. બ્રહ્માંડો અનેક હોવાથી તેની પ્રણાલિના ભેદોથી અને માન્યતાના ભેદોથી ભક્તિના ભિન્ન ભિન્ન રૂપો થયા છે. જેમ મુક્તિ છે તો સર્વદા ભક્તિની દાસી છે તેમ આરાધના, પૂજા, નીરાજના (આરતી) પ્રદક્ષિણા, સ્તુતિ, સમાધિ, વન્દના, ધારણા, પ્રાર્થના, પુષ્પાંજલિ તથા સિદ્ધીઓ વિગેરે આ સર્વે દાસીઓ શ્રીહરિની મૂર્તિની પ્રકાશિકા છે. શ્રીહરિની મૂર્ત્યાત્મિકાઓ છે. ભક્તિ તુલ્ય જ બળોદયવાળીઓ છે. બ્રહ્મધામમાં વાસ કરનારીઓ છે. બાર જયોતિઓવાળી છે. આમ તે દિવ્ય મુકતાનિકાઓ તે શ્રીહરિની મૂર્તિઓ જ છે. તે આનંદ વડે સદા સેવવા યોગ્ય, પૂજવા યોગ્ય અને માનવા યોગ્ય જ છે. જે સત્પુરૂષો અને ઈશ્વરોના લોકમાં ભક્તિઓ છે તો અસંખ્ય સ્વરૂપોવાળી તે તે ધામોમાં નિવાસ કરનારી છે. આ લોકની ભક્તિઓ બ્રૂહમાના શ્રેષ્ઠ એવા સત્યલોકમાં વસે છે. વિવિધ ઉપાસનાઓ અને આજ્ઞાઓ પણ દાસીઓ છે જે ભક્તિરૂપી પોતાની સ્વામિની સાથે સુસ્થિત છે. વળી તે દાસીઓ આરાધના, સાધના માટે તથા પૂજા સત્કાર કરવા માટે છે તેથી તે વિવિધ પ્રકારની છે. નીરાજના આરતીરૂપ છે તે સદા રક્ષા કરનારી છે. ભકતનું દક્ષિણ તરફથી શ્રીહરિનું આવર્તન તે પ્રદક્ષિણા છે. સ્તુતી સ્તવનાત્મક રીતે ગુણગાન ગાવા તે છે. શ્રીહરિના સ્વરૂપમાં ભકતની ઐકાત્મ્ય વડે લીનવત સ્થિતિ થવી તે સમાધિ છે. આત્મભાવને વાણી તથા શરીર વડે બહાર પ્રકાશિત કરવો તે વંદના છે. શ્રીહરિમાં જ્ઞાનવૃત્તિઓની એકતાનતા કરવી તે ધારણા છે. પોતાની ઈષ્ટવસ્તુઓનું (શબ્દો વડે) વરણ કરવું તે પ્રાર્થના છે. હૃદયના પ્રેમથી પુષ્પ વડે જે પ્રકાશિત થાય છે તે પુષ્પાંજલિ છે. અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિતા તથા વશિતા આ આઠ સિદ્ધિઓ છે. ઉહ, શબ્દ, અભ્યાસ, દુઃખઘાત આસ્ત્રય, સુહૃત, પ્રાપ્તિ અને દાન ને પણ સિદ્ધિઓ

કહી છે. વળી તારા, સુતારા, તારતારા, રમ્યા, પ્રમોદા, મોદમાના, મુદિતા અને સલિલા આ પણ સિદ્ધિઓ મનાયેલી છે. આમ સિદ્ધિઓના અનેક પ્રકારો છે. શ્રીહરિ પાસે નિવાસ કરાવા માટે જે વિમળતા સિદ્ધ કરવી તે જ ઉપાસના છે. શ્રીહરિની અનુવૃત્તિનુ પાલન કરવું તે આજ્ઞા છે. ભગવાન શ્રીહરિ એ આ સર્વેને પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરેલી છે. તેથી તે સર્વે શ્રીહર્યાત્મિકા, મોક્ષને દેનારીઓ, બ્રહ્મચારીણિઓ, કન્યકાઓ, કલ્યાણીઓ અને સર્વમંગલાઓ છે. સ્મરણ કરવા માત્રથી તે શરણાગતને દિવ્યદર્શન દેનારીઓ કહેવાયેલી છે. તે સર્વે દિવ્ય તપને કરનારીઓ છે અને તેનું લક્ષ્ય સ્વામિ એવા શ્રીહરિ સર્વદા પ્રસન્ન રહો તે જ છે. તેઓના પ્રેમરૂપી તપ વડે અત્યંત પ્રસન્ન થયેલા અક્ષરધામાધિપતિ શ્રીહરિ પ્રભુએ તેઓને વરદાન માંગવા કહયું ત્યારે તેઓએ શ્રીહરિ પાસેથી આ વરદાનો મેળવ્યાં. 'ભકતોની ઈચ્છાપુરી કરીએ, અવ્યયપણું, સદા મૂર્ત-અમૂર્ત સ્વરૂપપણું, સાધ્વિ ધર્મનું અનુશીલન, કન્યા રૂપે અક્ષતભાવ, શ્રીહરિની ઈચ્છા પ્રમાણે રૂપ પરિવર્તન, સદા બાર વરસની આયુ, ભક્તિનું દાસત્વ, શ્રીહરિની ભક્તિનો જયાં વાસ હોય ત્યાં વાસ, શ્રીહરિની મૂર્તિમાં સદા નિવાસ, શ્રીહરિનુ સામર્થ્ય, અક્ષરધામ પર્યન્ત યથેષ્ટ ગતિમત્તા, દિવ્યનારીસ્વરૂપ, રજસ્વલાએ રહિતપણું, માયાના પાશથી રહિતપણું, નિત્યમુકતત્વ, મહાસમૃદ્ધિ પ્રદાન કરવા પણું, અને સદા પવિત્રતા આટલા વરદાનો પ્રાપ્ત કરીને તેઓ આનંદિત છે અને (શરણાગતોને) આનંદિત કરે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં ભક્તિની દાસીઓના નામ વિગેરેનું નિરૂપણ કર્યું તે નામક છવ્વીસમો અધ્યાય ॥૨૬॥

द्वापरयुग सन्तान
अध्याय-१४२

શ્રીનારાયણીશ્રી બોલ્યા : હે નારાયણ ! હે જગત્પતિ ! હે સર્વરક્ષક હે સર્વત્રગતિ કરનાર ! આ પૃથ્વી પર માનવ કેવી રીતે ત્રિકાળમાં થનારા મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરી શકે ? અનિવાર્ય અને બળવાન એવા મૃત્યુને કઈ રીતે વારી શકાય છે ? અને મૃત્યુ કયા રૂપે માનવોની સામે ઉપસ્થિત થાય છે ?

શ્રીપુરૂષોતમ બોલ્યા : શ્રીશિવરાજ્ઞીશ્રી ! નારાયણી રમે ! સમુદ્ર પુત્રી લક્ષ્મિ ! તથા અક્ષરમાણિકી ! તમે સાંભળો, ગરૂડ નામનો મારો ભકત માળાથી જપ કરતો અને મારી દિવ્યમૂર્તિનું ધ્યાન કરતો ઘરમાં સ્થિત હતો ત્યારે કશ્યપ નામના તેમના પિતાએ પ્રશ્ન કર્યો કે હે યોગી ! હે મહાભકત ! કઈ રીતે મૃત્યુ નિવર્તિત થાય છે ? કયા રૂપે મૃત્યુ આવે છે અને પ્રાણ હરે છે? આ લોકમાં મનુષ્યને કેવી રીતે તેનો સ્પર્શ ના થાય ? પિતાનો આવો પ્રશ્ન સાંભળી પક્ષીરાજે પિતાને કહયું કે તે વાત હું કહું છું. પરમાત્માના આશ્રય અને ભકિત વડે મૃત્યુને નિવારી શકાય છે. દંડધારી, શસ્ત્રધારી, નગ્નભીક્ષુક, કાલદૂત, ઈત્યાદિ જયારે શસ્ત્રો ધારણ કરી આવે છે તેના દંશ વડે જીવીત રહેવાતું નથી. ચિતા, રાફડો, પર્વત, કુવો, તથા વૃક્ષના પોલાણમાંથી જો સર્પ દંશ કરે અને જયાં દંશ કર્યો હોય ત્યાં ત્રણ દંશ દેખાય તો દંશ લાગેલ દેહી જીવતો નથી. છઠ ને દિવસે કર્ક અને મેષમાં, મૂળ આશ્લેષા અને મઘા આદી નક્ષત્રોમાં કાન, ગળુ, સંધીભાગ, કાન, પેટ, હાથ, પીઠ, કાનની પછળની અસ્થિવાળી જગ્યા વિગેરેમાં દંશ પામેલો વ્યકિત જીવતો નથી. શેષ સૂર્ય, ફણીપ ચંદ્ર, તક્ષક મંગળ, કર્કોટક બુધ, પદ્મ ગુરૂ, મહાપદ્મ શુક, શંખ શનિ, તુલીક રાહુ, આ સર્પોની જાતિ અને ગ્રહો છે. તે તે

ગ્રહોમાં તો તે સર્પ દંશ દીધેલ વ્યક્તિ જીવીત રહેતો નથી. પડવાએ પગના અંગૂઠાએ, બીજે પગના પાછળના ભાગે, ત્રીજે ઘુંટીમાં, ચોથે ગોઠણમાં, પાંચમે લીંગ કે ભગમાં, છઠે નાભીમાં, સાતમે હૃદયમાં, આઠમે સ્તનોમાં, નવમીએ કંઠમાં, દશમી એ નાકમાં, અગીયારસે નેત્રમાં, બારસે કાનમાં, તેરસે ભૃકુટીમાં, ચૌદશે કાનની પાછળના ભાગમાં, અમાસ કે પૂનમે મસ્તકમાં આમ તે તે સ્થિતિમાં તે તે સ્થળે દંશ થાય તો કાળના બળે કરીને તે મનુષ્ય જીવતો નથી. આ દંશ પુરૂષોને જમણા ભાગે અને સ્ત્રીઓને ડાબાભાગે જાણવું. આમ આવી ક્ષણોમાં દંશ પામેલા જીવતા નથી પરંતુ ''ઓમ ગરૂડ સ્વાહા'' આ મંત્રોનો એક લાખ વાર જપ કરતા થકા જેને દંશ થયો હોય તેના પગના અંગૂઠે તળીયે પાછળનાભાગે, સાથળે, ગોઠણે, કુલે, લિંગે કે ભગે, કેડે, નાભિમાં, ઉદરે, હૃદયે, સ્તને, કાંખમાં, બાહુઓમાં, હાથના તળીયે, આંગળીઓમાં, કંઠમાં ગળે, દાઢીમાં, મૂખમાં, ગાલમાં, નાકમાં, કપાળમાં, કાનમાં, કાનની પાછળના ભાગે, ભૃકુટીમાં, મસ્તકે અને શીખામાં (અર્થાત્ શરીરનો કોઈપણ ભાગ છોડયા વગર સંપૂર્ણ શરીરે) વારં વાર સ્પર્શ કરતા એ મન્ત્રનો વિન્યાસ કરે આમ એ મંત્રના પ્રભાવથી એ મનુષ્યજ ગરૂડવત્ થઈ જાય છે. વળી સ્વપ્નોમાં પણ સર્પો તે મનુષ્યની છાંયાને પણ ઓળંગતા નથી અને કાળરૂપ સર્પો તે મનુષ્યના ભયથી પલાયન કરી જાય છે. મંત્રના વિન્યાસથી સર્વ પ્રકારના વિષ નાશ પામે છે, લય પામી જાય છે. 'ઓમ શેષેશ્વર નાગિનીપતે ગરૂડપૃષ્ઠગ આસ્તીકવાક્ફલદ શ્રીહરે વિષિવિષં હર' આ મંત્રનો લાખ વાર જપ કરવાથી સિદ્ધ થાય છે અને કોઈને દંશ થતા આ મંત્રનો પ્રયોગ કરવાથી મહાકાળ પણ ભય પામી દૂર ભાગી જાય છે. વળી ત્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવું મારુ નામ સ્મરણ કરતા મહાકાળ પણ મારા ભય થી દૂર ભાગી જાય છે. અને જીવવા

યોગ્ય ન રહયો હોય એવો મનુષ્ય પણ જીવી જાય છે તેમાં શંશય નથી. વળી પોતાને શંખ, ચક્ર, ગદાધારી શ્રીધર રૂપે ચિંતવીને મારા પરિવારે સહીત શ્રીધર એવા મારૂ પૂજન કરવુ.

ઓમ શ્રીમતે પુરૂષોત્તમાય નમઃ પરમાત્મને ।
અક્ષરાય નમશ્ચેતિ માણિકયાયૈ નમો નમઃ ।
પદ્માવત્યૈ જયાયૈ ચ લલિતાયૈ નમો નમઃ ।
સુખદાયૈ ચ પ્રજ્ઞાયૈ લક્ષ્મ્યૈ ચાપિ નમો નમઃ ।
રાધિકાયૈ ક્રિયાયૈ ચ જ્ઞાનાયૈ ચ નમો નમઃ ।
ઈચ્છાયૈ કમલાયૈ ચ મહાલક્ષ્મ્યૈ નમોઃ નમ ।
ઓમ હ્રીં શ્રીધરાયાપિ વિષ્ણવે મે નમોઃ નમઃ ।

(આમ પ્રાર્થના કરી ત્યાર પછી) અભિષેક કરવો, વસ્ત્રો ધારણ કરાવવા, યજ્ઞોપવિત અર્પણ કરવી, ગંધ, પુષ્પ, ધુપ, દિપ, નૈવેદ્ય અર્પણ કરવા સાષ્ટાંગ પ્રણામ અને પ્રદક્ષિણા કરવી ત્યારબાદ હૃદયમાં સ્થિત મારી મૂર્તિનું ધ્યાન કરતા મારા મંત્રોનો જાપ કરવો (તે મૂર્તિ કેવી છે ? તો) શુદ્ધ સ્ફટીક જેવી નિર્મળ, કોટિ સૂર્ય સમાન પ્રભાવવાળી, પ્રસન્ન મુખ વાળી, સૌમ્ય, જળહળતા મુકુટ અને કુંડળ વાળી, મોર મુકુટ વાળી, ઉદાર અંગો વાળી, વનમાળાઓથી વિભૂષિત આવી પરં શુશોભિત પરં બ્રહ્મસ્વરૂપા મારી મૂર્તિનું ચિંતવન કરવું.

શ્રીનિવાસાય કૃષ્ણાય નમઃ શ્રીપતયે નમઃ ।
શ્રીધરાય સશાઙ્ગાય શ્રીપ્રદાય નમો નમઃ ।
શ્રીવલ્લભાય શાન્તાય શ્રીમતે તે નમો નમઃ ।
શ્રીપર્વતનિવાસાય નમઃ શ્રેયસ્કરાય ચ ।
શ્રેયસાં પતયે ચાપિ, શ્રીવિશ્રામાય તે નમઃ ।
નમઃ શ્રેયઃ સ્વરૂપાય, શ્રીકરાય નમો નમઃ ।
શ્રિયા સાકં શયાનાય, શરણ્યાય નમો નમઃ ।

આમ પ્રાર્થના કરી પુષ્પાંજલી અર્પણ કરી ત્યાર પછી શ્રીધરનું વિસર્જન કરવું. આમ પૂજા કરનારો જલ્દીથી જ નિર્વિષ થઈ જાય છે. અને તે તમામ પાપોનો નાશ કરી મારા પરમપદ પામે છે.

'ઓમ શ્રીં હ્રીં શ્રીધરાય શ્રીવિષ્ણવે જિષ્ણવે નમઃ'

આ મન્ત્ર તમામ વ્યાધિઓને હરનારો, સર્વ પ્રકારની પીડાઓને હરનારો, સર્વ પાપોને બાળનારો, ભુક્તિ અને મુક્તિ પ્રદાન કરનારો, સર્વ રોગોને હરનારો, અભિચારનો નાશ કરનાર, સર્વ ઈષ્ટ મનોકામના પૂરી કરનાર અને મારા ધામને પમાડનાર છે. મારા સ્વરૂપવાન સ્વયં થઈને જે આ મન્ત્રનો જપ કરે છે તે જીવે જ છે તેમાં સંશય નથી. વળી જે ઋતુ અને જે માસમાં સૂર્યની સાથે જે સર્પ ભોગવાન હોય તેના નામની શપથ (સમ) દેવાથી પણ જલ્દીથી જ સર્પવિષનું શમન થઈ જાય છે તેમાં સંશય નથી. હે લક્ષ્મિ ! હવે હું માસના સૂર્ય સર્પ આદિ સપ્તકને કહું છે જે વ્યૂહ સૂર્યાત્મક શ્રીહરિ સાથે વસે છે. તેથી જ એક જ સૂર્ય ક્રિયાકલાપના ભેદ વડે અનેક રીતે વર્ણિત થાય છે. ધાતા નામક સૂર્ય, પુંજિકસ્થલી અપ્સરા, હેતિ રાક્ષસ, વાસુકી નાગ, રથકૃત યક્ષ, પુલસ્ત્ય ઋષિ અને તુમ્બુરૂ નામક ગંધર્વ ચૈત્ર માસમાં અનુવર્તનશીલ હોય છે. અર્યમા નામક સૂર્ય, પુંજિકસ્થલિ અપ્સરા, હેતી રાક્ષસ, કચ્છનીર નાગ, અથૌજા યક્ષ, પુલહ ઋષિ અને નારદ નામક ગાન્ધર્વ વૈશાખમાં રહે છે. મિત્ર નામક સૂર્ય, મેનકા અપ્સરા, પૌરૂષેય રાક્ષસ, તક્ષક નાગ, રથસ્વન યક્ષ, અત્રિ ઋષિ તથા હાહા નામક ગન્ધર્વ જેઠ મહિનામાં રહે છે. વરૂણ નામક સૂર્ય, રંભા અપ્સરા, ચિત્રસ્વન રાક્ષસ, શુક્ર નાગ, સહજન્ય યક્ષ, વશિષ્ઠ ઋષિ તથા હુહુ નામક ગન્ધર્વ અષાઢ મહિનામાં રહે છે. ઈન્દ્ર નામક સૂર્ય, પ્રમ્લોમા અપ્સરા, વર્ય રાક્ષસ, એલાપત્ર નાગ, શ્રોતા યક્ષ, અંગિરા ઋષિ તથા વિશ્વાવસુ નામક ગન્ધર્વ શ્રાવણ મહિનામાં રહે છે. વિવસ્વાન નામક સૂર્ય, અનુમ્લોમા અપ્સરા,

વ્યાઘ્ર રાક્ષસ, શંખપાલ નાગ, આસારણ યક્ષ, ભૃગુ ઋષિ તથા ઉગ્રસેન નામક ગન્ધર્વ ભાદરવા મહિનામાં રહે છે. પૂષા નામક સૂર્ય, ધૃતાચી અપ્સરા, વાત રાક્ષસ, ધનંજય નાગ, સુરૂચિ યક્ષ, ગૌતમ ઋષિ તથા સુષેણ નામક ગન્ધર્વ માઘ મહિનામાં રહે છે. પર્જન્ય નામક સૂર્ય, સેનજિતી અપ્સરા, વર્ચા રાક્ષસ, ઐરાવત નાગ, ઋતુ યક્ષ, ભારદ્વાજ ઋષિ તથા વિશ્વ નામક ગન્ધર્વ ફાગણ મહિનામાં રહે છે. અંશુમાન નામક સૂર્ય, ઉર્વશી અપ્સરા, વિદ્યુતશત્રુ રાક્ષસ, મહાશંખ નાગ, તાર્ક્ષ્ય યક્ષ, કશ્યપ ઋષિ તથા ઋતુસેન નામક ગન્ધર્વ માગશર મહિનામાં રહે છે. ભગ નામક સૂર્ય, પૂર્વચિતી અપ્સરા, સ્ફૂર્જ રાક્ષસ, કરકોટક નાગ, ઉર્ણ યક્ષ, આયુ ઋષિ તથા અરિષ્ટનેમિ નામક ગન્ધર્વ પોષ મહિનામાં રહે છે. ત્વષ્ટા નામક સૂર્ય, તિલોત્તમા અપ્સરા, બ્રહ્માપેત રાક્ષસ, કંબલ નાગ, શતજિત યક્ષ, જમદગ્નિ ઋષિ તથા ધૃતરાષ્ટ્ર નામક ગન્ધર્વ આસો મહિનામાં રહે છે. વિષ્ણુ નામક સૂર્ય, રંભા અપ્સરા, મખાપેત રાક્ષસ, અશ્વતર નાગ, સત્યજીત યક્ષ, વિશ્વામિત્ર ઋષિ તથા સૂર્યવર્ચા નામક ગન્ધર્વ કાર્તિક મહિનામાં રહે છે.

સ્થાનાભિમાની આ ગણો બાર સપ્તકમાં હોય છે. સૂર્યથી ભિન્ન તેજ વાળા તેઓ પાકોની રચના કરે છે. અપ્સરા અને ગંધર્વો નૃત્ય અને ગાયન કરે છે. યક્ષો રથ જોડે છે. સર્પો તેમાં દોરી રૂપ થઈ રથ બંધન કરે છે. પાછળ ચાલતા રાક્ષસો રથને પ્રેરે છે. ઋષિઓ વેદમંત્રો વડે રથમાં સ્થિત પ્રભુની સ્તુતિ કરે છે. વાલખિલ્યાદિક અસ્તપ્રતિ લઈ જાય છે. આજ દેવોની યથાશક્તિ, યથાતપ, યથાયોગ્ય, યથાધર્મ, યથાતત્વ, યથાબલ તેવી રીતે આ સૂર્યનારાયણ તપે છે. અને પોતાના તેજ વડે પ્રાણીઓના સર્વ અશુભનું વ્યપોહન કરે છે. માનવોના (કર્મો) વડે દુરિતો નાશ પામે છે. મારી આજ્ઞા વડે શુભ આચરણવાળાના દુરિતો દૂર થાય છે. તપ કરતા, જપ કરતા, અને આનંદ કરતા પ્રજા જનોની અનુકંપા વડે રક્ષા થાય છે અને પ્રગતિ થાય છે તેથી હે લક્ષ્મિ ! સ્મરણ કરાયેલા સૂર્યો

દિન-કાળમાં રક્ષા કરે છે. અપ્સરાઓ ઉન્માદ અને વિભ્રમોથી રક્ષા કરે છે. રાત્રિના સમયે રાક્ષસો દુષ્ટ કાળથી રક્ષા કરે છે. તેવી જ રીતે સ્મરણ અને પૂજન કરાયેલા નાગો નાગ-વિષથી રક્ષા કરે છે. યક્ષો યક્ષવાસ અર્થાત્ રાફડા ઈતયાદિ જગ્યાઓમાં રક્ષા કરે છે. પૂજા પામેલા ઋષિઓ તપ અને મન્ત્રો વડે રક્ષા કરે છે. સમ્પત્તિને દેનારા ગન્ધર્વો પૂજાયા થકા સમ્પત્તિ પમાડી રક્ષા કરે છે. આવી રીતે કાળમય આ સર્વે પોત પોતાના કાળથી યોજીત પૂજિત અને વન્દિત થયેલા પ્રસન્ન થઈ રક્ષા કરે છે. હે લક્ષ્મિ ! હવે હું અત્યંત શ્રેષ્ઠ મહામૃત્યુંજય મન્ત્ર કહું છું જેનો જપ કરવાથી મૃત્યુ સંચિત (સ્થગિત) થઈ જાય છે. હું અનાદિ નારાયણ પરમેશ્વર છું મહાકાળ મારૂ શરીર છે. મારી શક્તિ તેની પુત્રી છે. તે મારા જ ઐશ્વર્યથી મૃત્યુ રૂપે મેં સર્જિત કરેલી છે. હું કાળજિત અને મૃત્યુજિત છું તેથી નમસ્કાર કરવા પૂર્વક જે મારા નામનો નિત્ય જપ કરે છે તે મૃત્યુને જીતે છે.

'ઓમ નમો મૃત્યુંજયાય સ્વાહા' આ મન્ત્રનો રાતદિવસ જપ કરતા મૃત્યુ સ્વયં તેનાથી દૂર થઈ જાય છે તેમાં સંશય નથી વળી આ મન્ત્રના જપથી દુઃસ્વપ્નો નાશ પામે છે. અપશકુનો અશુભ ફળ આપતા નથી. દુષ્ટગ્રહોનું નિવારણ થાય છે. દુર્ભાગ્યનો લય થાય છે. દૈવિક અને ભૌતિક ઉપદ્રવો નાશ પામે છે. આધિ વ્યાધિ અને ઉપાધિ પણ નાશ થાય છે. વળી આકસ્મિક આવેલા દુઃખોનો પણ નાશ થાય છે. જયાં હું છું ત્યાં લેશ માત્ર દુઃખ કેવી રીતે હોઈ શકે ? હે લક્ષ્મિ ! સ્મરણ અને પૂજન કરાયેલો હું ભકતના હૃદયમાં સતત નિવાસ કરૂં છું. તેથી ત્યાં (ભકતના હૃદયમાં) શાશ્વત આનંદ મારી સાથે નિવાસ કરે છે. વળી જ્યાં હું છું ત્યાં તમે છો અને તમે છો ત્યાં આનંદ છે. હું, તમે, અક્ષરબ્રહમ, મુકતો ઈત્યાદિ તે ભકતના હૃદયમાં નિવાસ કરીએ છીએ. કાળ, મૃત્યુ, પાપો ઈત્યાદિ તો એવા ભકત પાસે આવી પાવન થાય છે. અને સદભાગ્ય પમાડનારા તથા સુખ દેનારા

થાય છે. આ લોકમાં અભકતોને જ ગ્રહ, નાગ, દુઃખ દારિદ્ર ઈત્યાદિથી ઉત્પન્ન થયેલી પીડાઓ થાય છે કારણકે અનાશ્રિતોને જ આ દુષ્ટગ્રહ ઈત્યાદિ પીડનારા થાય છે. પીડા પમાડનારા તેઓ મારા આશ્રિત પાસેથી તો ત્વરિત પલાયન કરી જાય છે. એટલુ જ નહી અપશુકનો મૃત્યુ અને યમદૂતો પણ સાચા ભકતો પાસેથી પલાયન કરી જાય છે. આ કારણથી પોતાના આત્માને ભક્તિ વડે પરમાત્મા સાથે યુકત કરવો જોઈએ અને અંતરાત્માત્મક થઈ તાદાત્યમય અવસ્થામાં રહેવું જોઈએ. કર્મ વડે, મન વડે, વાણી વડે, દેહ વડે, અને ઈન્દ્રિયો વડે જે મારા તાદાત્મ્યને પામે છે તેને કાળનો ગન્ધ રહેતો નહિ માયાનો ગન્ધ રહેતો નથી તો મૃત્યુનો ગંધ તો કયાંથી જ રહે ? મારી પાસે રહીને મારી અંશતા અને મમતાને પામેલો તે અત્યંત આનંદને પામે છે. આ લોકમાં જેમ લક્ષ્મી આનંદ પામે છે. રમા અને શ્રી આનંદ પામે છે જેમ અનંત અને ગરૂડ આનંદ પામે છે જેમ સનાદિકો આનંદ પામે છે જેમ શિવ સતત આનંદ પામે છે જેમ વિષ્ણુ આનંદ પામે છે. જેમ નારાયણ આનંદ પામે છે નર અને નારાયણ આનંદ પામે છે વળી જેમ હરિકૃષ્ણ આનંદ પામે છે તેવી જ રીતે કાળના પાશથી મુકત થયેલો તે ભકત મારા સામીપ્યે આનંદ પામે છે. વળી નામ જપ કરનારી જે નારી છે તે માણિકી સદંશ થાય છે કારણકે હે લક્ષ્મી! તે મારી અધિષ્ઠાનાત્મિકા શક્તિ છે. જયાં હું છું ત્યાં મારા સર્વ ઐશ્વર્યો હોય જ છે તેથી ત્યાં કાળ માયા, કર્મ, દુઃખ, ઈત્યાદિ હોતા નથી. ''અનાદિશ્રીકૃષ્ણનારાયણાય ઓમ નમો નમઃ'' આ મંત્રના જપ કરનારને કયારેય પાપ સ્પર્શ કરતા નથી. હે લક્ષ્મિ! આમ મે મારા મંત્રોનું બળ કહયું જે દુર્લભ બળોને પણ બાધિત કરી દે છે. મારા નામનું બળ સર્વ બળોથી અધિક છે. હે પ્રિયે! મારી મૂર્તિનું બળ સર્વ બળો કરતા અધિક છે. તેમજ મારુ બળ સર્વે બળો કરતા અત્યધિક છે જ તેને મારી સાથે એકતા કરી પ્રાપ્ત કરવું અને તે વડે કાળ, માયા, પાપ, કર્મ ઈત્યાદિકને જીતવા.

સંસાર રૂપી વિષ, અંતઃશત્રુઓનું વિષ, તથા સર્વપ્રકારના વિષોને મદાત્મકતારૂપી અમૃતનું પાન કરી જીતવા. જેથી મનુષ્ય ભુક્તિ મુક્તિ પ્રાપ્ત કરી અક્ષરમાં અમરત્વને પામે છે. આ અધ્યાયના પઠન-શ્રવણ કે સ્મરણ ચિંતન કરવા માત્રથી મારા આશ્રયને પામેલો જીવ કાળ અને માયાનો ભય છોડી આનંદને પ્રાપ્ત થાય છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં કાળ-મૃત્યુનું સ્વરૂપ, તેના બળનું પ્રદર્શન અને તેના પર વિજય માટે પરમેશ્વરના મન્ત્ર જપાદિકનું નિરૂપણ કર્યું તે નામે એક સો બેતાલીસમો અધ્યાય ॥૧૪૨॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૨

શ્રીનારાયણ બોલ્યા હે લક્ષ્મિ ! સાંભળો, ભકતોને દ્રવત્વની ઉપલબ્ધિ માટે જેવી રીતે મારો અનુગ્રહ મેળવવો જોઈએ એ તત્વતઃ કહું છું તેને તમે ધારણ કરો. મુકત સૃષ્ટિ, ઈશ સૃષ્ટિ, અને જીવ સૃષ્ટિમાં પણ પ્રભુએ સર્વને આકૃતિવાળા અર્થાત આકારવાળા જ બનાવ્યાં છે તેથી તેઓ શરીરિ કહેવાય છે. સર્વ શક્તિઓ અને ગુણોનો આશ્રય એવો આત્મા ઈન્દ્ર નામે કહેવાય છે. મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર આ તેના અંતઃકરણો છે વળી આ ચાર ઈન્દ્રની શક્તિઓ કહેવાયેલી છે. શ્રોત્ર, ત્વક્, નેત્ર, રસના, ઘ્રાણ, વાક, પાદ્, પાણી, પાયુ અને ઉપસ્થ આ ઈન્દ્રિયોને બહિઃકરણ કહેવામાં આવે છે. આ દશ શક્તિઓ પણ ઈન્દ્રની જ છે. તે ગ્રાહય એવા પદાર્થોમાં બહાર બહાર જાય છે અને ગ્રાહયના આકાર રૂપે થઈને તે ગ્રાહયના આકારને ભજે છે તથા પાછી વળી તેઓ ધાર્યના આકારને ભજે છે વળી અન્તઃકરણને વેધીને જયારે તે આત્મા પાસે જાય છે ત્યારે ભોગ્યના આકારત્વને

પામેલી તે ઈન્દ્રિયોનો આત્માને અનુભવ થાય છે. આ પ્રત્યક્ષ અનુભવ આત્મામાં જ થાય છે. સર્વ શક્તિઓનો પૂરક એવો પુરૂષોત્તમનારાયણ એવો જે હું તે ઈન્દ્રરૂપ આત્મામાં સ્થિત છું અને મારા યોગથી ઈન્દ્રરૂપ આત્મા પૂર્ણશક્તિઓનો આશ્રય થાય છે. ગ્રાહય તત્વોથી શરૂ કરી મારા સુધી જે પ્રેમતત્વ રહેલું છે તેને જ દ્રવ મનાયેલુ છે તે સર્વત્ર નિહિત છે અને તેનાથી મૂર્તિમાન સમસ્ત સ્નેહને પામે છે. સ્નેહપૂર્ણ આનંદપૂર્ણ પ્રેમપૂર્ણ દ્રવપૂર્ણ અને તમામ સુખોનો આશ્રય એવો હું વિષ્ણુ તે મારા યોગથી તે આત્મા દ્રવવાન થાય છે. સર્વ સ્થૂલ- સુક્ષ્મ-ચેતન અને અચેતન સર્વસ્વ મારા દ્રવથી દ્રવિત છે. તેઓને દ્રવિત થવામાં મારી કૃપા જ કારણભૂત છે. આ દ્રવિત થાઓ એમ જયારે મારો કૃપાત્મક સંકલ્પ થાય છે ત્યારે તે તત્કાલ દ્રવે છે. તે કયારેય અન્યથા થતું નથી. મારી કૃપા પામવાનું સાધન આત્મા સહિત સર્વસ્વ મનો અર્પણ કરવું તે છે. કૃપાપૂર્ણ, કૃપાળુ, કરૂણોદધિ એવો જે હું તે સર્વદા કૃપા વડે ભકતો પર ઉત્સાહ વડે કૃપાવૃષ્ટિ કરૂ છું. હે લક્ષ્મિ! મારી કૃપાનો પ્રવાહ જેમ જેમ તેમાં પ્રવેશ પામે છે તેમ તેમ તે તત્વ જલ્દીથી જ દ્રવતાને પામે છે. એક અને અદ્વિતીય એવો હું તે અક્ષરધામમાં સ્થિત છું ત્યાં મારી મૂર્તિમાં મારા મુકતો અને અક્ષરબ્રહમ મારા અનુગ્રહ વડે અને પ્રેમના અત્યધિક પણાથી દ્રવિભૂત થાય છે ત્યારે સમ્રાટ એવો હું એકજ બિરાજમાન રહું છું. પણ બીજુ કોઈ રહેતું નથી. આ સ્થિતિને જાણનારાઓ આને ઐકય મુક્તિ કહે છે. તે પરમાત્મા એકલા રમણ કરતા નથી તેથી તેમણે બીજાની ઈચ્છા કરી ત્યારે તે મહાત્મા એવા મારાથી બ્રહ્મ તે અક્ષર રૂપે પ્રાદુર્ભાવને પામે છે. તે ઈશ એવા મારી ઈચ્છાથી સાકાર અને નિરાકાર એવા બે રૂપે થાય છે. તેમાં નિરાકાર તે પરમધામ છે જેમાંથી અનેક ધામો પ્રગટ થાય છે અને સાકાર તે મારા સમાન મારી મૂર્તિને અનુરૂપ છે. વળી તે શ્રીહરિએ ફરી

ઈચ્છા કરી કે હું અનેક રૂપે થાઉ ત્યારે તેમાંથી અનંત અનાદિ મુકતો પ્રાદુર્ભાવને પામ્યા આમ ત્યાં ત્રિપાદ અને અમૃતપદમાં અનેક મંડળો છે. મુકતો બ્રહ્મ અને પરબ્રૂહ્મ આ ત્રણ પ્રકારની બ્રહ્મસૃષ્ટિ કહેવાય છે. તે સર્વે રૂપાનુરૂપ અવયવોવાળા અને સમાન રૂપવાળા છે. ઈન્દ્રિયો તે તે તત્વોથી અભિન્ન હોય છે પણ ઉપચાર માત્રે શ્રોત્ર, ત્વક, નેત્ર, રસના, ધ્રાણ, વાક, પાદ અને પાણિ આવા તેમના નામ થાય છે. (અર્થાત આ લોકમાં જેમ પાંચભૌતિક શરીરમાં ઈન્દ્રિયો રહે છે તે આત્માંથી હકીકતે ભિન્ન હોય છે તેમ ધામમાં હોતું નથી. ત્યાં આત્મા જ સાકાર રૂપે પરિણમે છે. તેથી આત્મા ઈન્દ્રિયો અંતઃકરણો વિગેરે અલગ અલગ ન થતાં તે એક જ હોય છે. પૂર્ણ ચિન્હોવાળા હોવા છતાં ત્યાં ગુપ્તાંગો અથવા તેની રતિ કે ગુપ્તાંગ વિષયક વાસનાઓ હોતી નથી કારણકે તે અમાતૃજ=માતાથી ઉત્પન્ન ન થયા હોય તેવા છે. ત્યાં ષટકોશ પણ નથી. ત્યાં પ્રાણ આત્માની શક્તિ છે. કોશ અનાવરણાત્મા છે. વળી તેઓના કેશ-નખ- દાંત હિરણ્યમય અને કયારેય છુટા ન પડનારા છે. સત્ ચિત્ અને આનંદ એ જ એક રૂપ છે જેનું એવા તે મુકત બ્રહ્મ અને પરબ્રહ્મ તે સ્વાત્મક રીતે જ પ્રકાશિત થાય છે (અર્થાત તેમને બીજા પ્રકાશની અપેક્ષા રહેતી નથી) આમ સર્વે દિવ્યો અને પ્રકાશમાનો તે દિવ્યધામમાં સુશોભિત થાય છે. તે આ બ્રહ્મલોકને ઔપનિષદ કહેવાય છે. આમ બ્રાહ્મી મુક્તિ, બ્રાહ્મી તનુ અને બ્રહ્માનંદની ભોગ્યતા છે તેથી શ્રીહરિ સાથે અક્ષર અને અનાદિ મુકતો અનેક પ્રકારના સુખોને ભોગવે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતાયુગ સન્તાનમાં અક્ષરધામમાં પરબ્રહમ-બ્રહમ અનો મુકતોની દ્રવમુક્તિ હોવાં છતાં પણ સાકારતા છે તે નિરૂપણ નામક બીજો અધ્યાય ॥૨॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૮૦

શ્રીપુરૂષોતમ બોલ્યા : હે નારાયણીશ્રી ! તમે સાધુ સેવાનાં પરમ ફળને સાંભળો. સાધુઓ અને સાધ્વીઓના સેવાનું ફળ શાશ્વત અને પૂર્ણ આયુપ્રદાન કરનારૂં છે. ધર્મ આચાર લક્ષણવાળો છે અને સત્પુરૂષો ચારિત્રલક્ષણવાળા છે તેથી મહાપુરૂષોએ જે આચરણ કર્યુ હોય તે જ ધર્મ છે. સદ્ધર્મવાળા સંતોને જોયા ના હોય માત્ર તેમના વચનો સાંભળ્યા હોય તો તેટલા માત્રથી જ દૂર રહેનારી પ્રજાઓ ભગવાનનું સ્મરણ અને ભક્તિકર્મો કરે છે. જે પોતાની સમૃદ્ધિ ઈચ્છતો હોય તેમણે સંતોએ બતાવેલા ધર્મનું પાલન કરવું જોઈએ. સંતોએ બતાવેલ ધર્મ પાપી શરીરના પણ પાપોને હરી લે છે. સદાચારના પાલનથી સતયુગમાં લાખ વર્ષની પૂર્ણ આયુ હતી, ત્રેતામાં દસ હજાર અને દ્વાપરમાં તે હજાર વર્ષની થઈ અને કળિયુગમાં સદા સો વર્ષે જ પૂર્ણ આયુ થાય છે. સદાચારના પાલનથી ઘરમાં નકકી લક્ષ્મીનો વાસ થાય છે. અને આલોક અને પરલોકમાં કીર્તિ થાય છે. મારા મત પ્રમાણે દીર્ઘ આયુષ્ય માટે સત્પુરૂષોની પ્રસન્નતા જ કારણભૂત છે. બીજું બધું જ બાધિત થાય છે પણ સત્પુરૂષોના વચનો બાધિત થતા નથી. મારી ભક્તિથી યુકત, શીલવ્રત વાળા, શાન્તમૂર્તિ, મારૂ આરાધન કરનારા સાધુઓ જીવિતને પાવન કરે છે અને મૃત્યુ પામેલાને તારે છે. ત્રાસ આયુનો વિનાશક છે. લોકોને જેનાથી ત્રાસ થાય તે દુરાચારી પુરૂષ આ લોકમાં દીર્ઘ આયુ પામતો નથી. જે સત્પુરૂષોના નિંદક, ક્રુર, ગુરૂની આજ્ઞા અને શાસ્ત્રના વિધિ-નિષેધનું ઉલ્લંઘન કરનારા, અધર્મમાં સ્થિત અને દુરાચારી છે તે આયુ વિનાના થાય છે. લજજા વિનાના, મર્યાદાઓ વિનાના, હિંસક, વિષયોમાં આસકત અને ભક્તિવિનાના અલ્પાયુષ્યવાળા થાય છે. સર્વલક્ષણોએ રહિત હોવા છતાં પણ જે જન ઉદાર

આચરણવાળો હોઈ અને શ્રેષ્ઠ શ્રદ્ધા અને ભક્તિથી યુકત હોય તે પૂર્ણ વર્ષો સુધી જીવે છે. અસૂયા (ગુણમાં પણ દોષ જોવા) એ રહિત, સત્યવાદી, ક્રોધ, શઠતા ઈત્યાદિએ રહિત પ્રામાણિક અને અહિંસક હોય તે પૂર્ણવર્ષો સુધી જીવે છે. અકારણ જમીન ખોતરનારો, તૃણ છેદનારો, નખ ખાનારો (વારંવાર દાંત વડે નખ ખાનારો), મલીન રહેનારો અને અસ્થિર મનવાળો પુરી આયુ પામતો નથી. વ્યભિચાર કરનારો, વ્યવાયી (છાના છુપા આડા સંબંધ રાખનારો) દીર્ઘ જીવન નથી જ પામતો કારણકે પુરૂષને પરસ્ત્રીનું સેવન જેવું આયુષ્ય હરનાર છે તેવું લોકમાં સર્વત્ર બીજું કોઈ નથી. ગુરૂદ્રોહી, પિતૃદ્રોહી અને સાધુદ્રોહી જીવતો નથી. સ્ત્રીદ્રોહી, માતૃદ્રોહી અને દેવદ્રોહી (ઘણું) જીવતા નથી. સાંઢ, ઉંટ આદિમાં રાગવાળો, (અર્થાત્ તેવા પશુઓનો પાળનારો) નદી તરનારો, શસ્ત્રોનો અભ્યાસ કરનારો, દારૂપીનારો, માંસ ખાનારો ચિરંજીવી થતો નથી. તલવાર જેવી તીખી જીભવાળો, મર્મવચનો બોલી દુઃખ દેનારો, અતિ રોગી, શાપથી દગ્ધ થયેલો અને સાહસી ચિરકાળ જીવતો નથી. અભિચારી (મન્ત્ર તન્ત્રથી બીજાને ઈજા પહોંચાડનાર કે મારનાર), ઘાતકી, પૂજયની પૂજાનો લોપ કરનારો, શરણાગતઘાતી, પોતાને વશ હોય તેવાનો ઘાતક, વિશ્વાસઘાતી અને બાલઘાતી દીર્ઘજીવન પામતા નથી. પાશવાળો, શૂળવાળો, ચોરી કરી મારી નાખનારો, સ્ત્રીની ગુહ્યેન્દ્રિયને બાંધી દેનારો, ગર્ભનો નાશ કરનારો, ઋતુનો નાશ કરનારો, જન્તુઓનો નાશ કરનારો, મધ હરણ કરનારો, શિકારી, સેનાપતિ, કસાઈ, વિષવાળો, ભૂતના વળગાટવાળો, વાયુરોગી, ક્ષયરોગી, પ્રમેહરોગી, કફ વાળો, શ્વાસના રોગવાળો, લોહીના રોગવાળો, મંદપાચન શક્તિવાળો, અતિચિંતા કરવાવાળો, પરાણે હરી લેનારો, અગ્નિલગાડનારો, આકાશમાં ફરનારો, સતત પ્રવાસ કરનારો, ઠગનારો, અફીણ ઈત્યાદિ માદક પદાર્થોનું સેવન કરનારો અથવા કોઈ પણ પ્રકારનું વ્યસન

કરનારો ચિરંજીવી થતો જ નથી. માતાપિતા, આચાર્ય, ગુરૂ, સાધુ, સતી, પતિ, દેવ, વૃદ્ધ ઈત્યાદિકથી પહેલા જ જાગીને જે અભિવાદન (નમસ્કાર) કરે છે અને સતત પથ્ય ભોજન કરે છે તે ચિરકાળ પર્યન્ત જીવે છે. જે ઘી ખાનારો અને પ્રસાદ ખાનારો છે તે દીર્ઘ આયુને પામે છે. પૂર્વ મુખે બેસીને ભોજન કરનારો મોટી આયુષ્ય પામે છે પથ્ય અને ઘીવાળું અન્ન જમનારો ખરેખર દીર્ઘજીવી થાય છે. જે ભીના પગે જમે છે તે નક્કી જ પૂર્ણ આયુષ્યવાળો થાય છે. અગ્નિ, ગાય, બ્રાહ્મણ અને સાધુ આ ચાર અગ્નિના ઉચ્છિષ્ટ (એઠું) નો સ્પર્શ કરવો નહિ તેમ કરવાથી આયુ રહેતી નથી. પ્રાણો ઉર્ધ્વમાં ગતિ કરે છે અને ખેંચાઈને વૃદ્ધાવસ્થામાં આવે છે તેને પ્રત્યુત્થાન (પૂજયજન આવતા ઉભા થઈ સામે જવું) અને અભિવાદન દ્વારા ફરી પ્રાપ્ત કરાય છે. (કહેતા પૂજયનો આદર સત્કાર અને નમસ્કાર આયુ વધારનારા છે.) સર્વે પ્રાણ મસ્તકનો આશરીને રહેલા છે તેથી એંઠા હાથે મસ્તકનો સ્પર્શ કરવો નહિ વળી વારંવાર માથુ પલાળવું નહી તેમ કરવાથી આયુનો નાશ થાય છે. તિલસૃષ્ટ ખાવું નહિ તેથી આયુષ્યનો નાશ થાય છે જે અનધ્યાયના દિવસે અભ્યાસ કરે છે તેની આયુષ્ય ક્ષીણ થાય છે. સૂર્યની સામે, અગ્નિની સામે, ગાયોની સામે, સ્ત્રીઓની સામે અને રસ્તા પર જે મળ-મૂત્રનો ત્યાગ કરે છે તે આયુષ્ય વિનાના થાય છે. જે ગુરૂની નિંદા કરે છે તેની આયુષ્ય બળી જાય છે તેમાં સંશય નથી. દીર્ઘજીવન જીવવાની ઈચ્છાવાળાએ બ્રાહ્મણ, ક્ષત્રિય, અને સર્પને દુઃખી કરવા નહિ. વળી સત્પુરૂષો, સાધ્વીઓ, સતીઓ, ગાયો, દેવો અને ધર્મની નિંદા કરવી નહિ, પતિત પાસેથી કથા સાંભળવી નહિ, પતિત (પાપી) નાં દર્શન કરવા નહિ અને તેનો સંગ કરવો નહિ તેથી મહત આયુ પ્રાપ્ત થાય છે. દિવસે મૈથુન કરવું નહિ તથા કન્યા, બંધકી અને રજસ્વલા સ્ત્રીઓનો અંગસંગ કરવો નહિ તેથી ચિર આયુ પ્રાપ્ત થાય છે. વૃદ્ધો, સાધુઓ, સાધ્વીઓ, દેવો અને ઉત્તમ

ગુરૂજનોની પૂજા કરવી અને ઘરમાં વસાવવા તેથી આયુષ્ય ધન્ય થાય છે. મહાત્માઓનું અપમાન સદા આયુનો ક્ષય કરનારૂ છે. મહાત્માઓની અતિગુહા (ગુપ્ત રાખવા જેવી) વાતોને કયારેય કહેવી નહી તથા સતીઓ અને સત્પુરૂષોની પ્રસંશા કરવી તેથી દીર્ઘ આયુ પ્રાપ્ત થાય છે. કયારેય સંધ્યા સમયે જે સુતો નથી અને જપ કરે છે તે ચિરકાળ જીવે છે. પૂર્વમુખે અથવા ઉતરમુખે જે હજામત કરે છે અને વાદ કરતો નથી તે મોટી આયુષ્ય પ્રાપ્ત કરે છે. ઈર્ષ્યા, પૂજયજનોની નિંદા, દિવસે સુવું અને પરસ્ત્રી સાથે મૈથુન કરવું તે આયુષ્ય હરનારા છે. આચાર સમૃદ્ધિ ઉત્પન્ન કરનાર અને કીર્તિ વધારનાર છે. આચારથી આયુ વધે છે. અને આચાર કુલક્ષણને દૂર કરે છે. આચારથી ધર્મ છે અને ધર્મથી આયુ વધે છે. સત્પુરૂષોના આશીર્વાદ દીર્ઘાયુ પ્રદાન કરનારા છે. માર્કંડેયનું સપ્તર્ષિઓ અને બ્રહ્માના વાકયથી દીર્ઘજીવી પણું છે. પિતાના ક્રોધથી નચિકેતા મૃત્યુને પામ્યા તથા રણમાં જે વાનરો મૃત્યુ પામ્યા તેને ભગવાન રામચંદ્રજીના વચને ફરી જીવન મળ્યું. આ બધા અહીં ઉદાહરણ છે. હે રમે ! શરીર બે પ્રકારના હોય છે. ભૌતિક રૂપ અને યશરૂપ. ભૌતિકરૂપને આયુની અપેક્ષા અને યશરૂપને આચારનું બંધન હોય છે. આશીર્વાદો વડે ભૌતિકદેહની આયુ વધે છે. સદાચાર અને સેવાથી યશ વધે છે. સત્કર્મો વડે યશ સાથે પુણ્યનો સમૂહ વધે છે. ભક્તિથી બંને ઉત્પન્ન થાય છે અને શાશ્વત રીતે વધે છે. જેના કુળમાં કોઈ સાધુ, સાધ્વી કે બ્રહ્મયોગિની થાય તે કુળ આ લોકમાં સ્થિર કીર્તિ પામે છે. પુણ્યકુળમાં વિખ્યાત આચારવાળા પુરૂષો થાય છે અને પાપીકુળમાં બહુધા પાપીઓ જ ઉત્પન્ન થાય છે જે કુળમાં પાપી પુરૂષો ઉત્પન્ન થાય છે તે સર્વે અનર્થો અને અકીર્તિને જ પેદા કરે છે તથા કીર્તિનો લોપ કરે છે. જેનો પુત્ર વિદ્વાન કે ભકત થાય તે સદાચાર અને કીર્તિ કરે છે અને બાંધવોને તારે છે. જો સદાચારવાળી કન્યા વધુ કે સાધ્વી હોય તો સર્વ કુળને પાવન કરીને નકકી તારે છે. જે સ્ત્રી અને

પુરૂષનાં હૃદયમાં નારાયણ એવા પ્રભુ સ્થિત છે તે નિશ્ચય જ લોકોને તારનારા થાય છે. તેનું કુળ દીર્ઘાયુ વાળુ થાય છે. તેનો યશ ચિરકાળ સુધી પ્રતિષ્ઠિત રહે છે. તેની પ્રજાઓ શુભ થાય છે અને નક્કી તેઓની મુક્તિ થાય છે. આ લોકમાં દશ આચાર્યોથી ઉપાધ્યાય શ્રેષ્ઠ કહેવાય છે. દશ ઉપાધ્યાયથી સર્વથા પિતા શ્રેષ્ઠ છે. દશ પિતાઓથી માતા શ્રેષ્ઠ છે. ગુરૂપત્ની, સતી, પતિવ્રતા, બ્રહ્મચર્યપરાયણા, બ્રહ્મપ્રિયા અને વૈષ્ણવી સ્ત્રી, દશ માતા સમાન છે. તે મારું જ નારાયણી સ્વરૂપ છે. તે કાષ્ર્ણી, માધવી, લક્ષ્મી, શક્તિ અને પૌરૂષોત્તમી છે. સર્વસુષ્ટિમાં હું સાધુરૂપે રહ્યો છું. સાધુઓ મારૂં સ્વરૂપ છે અને સાધ્વીઓ મારી શક્તિ છે. હે પ્રિયે! તેઓ ધામ દેનારા અને પાવન કરનારા છે સર્વસૃષ્ટિમાં સાધુઓથી વધારે પાવન કરનારૂં કોઈ નથી અને સાધુસેવા સમાન બીજુ કોઈ પુણ્ય કે તપ નથી. ધનાઢય લોકો તો ધનમાત્રથી જ સત્પુરૂષોની સેવા કરે છે. જયારે દરિદ્રો સાધુઓની સેવા કરીને શાશ્વત બ્રહ્મ ને પામે છે. ધનથી સાધુસેવા કરીને ધનાઢયો સ્વર્ગને પામે છે અને ધનરહિત મનુષ્યો શરીરથી ભાવપૂર્વક સેવા કરે છે તેથી ધામને પામે છે. વળી દરિદ્ર કોટિયજ્ઞના ફળને દેનાર ઉપવાસો કરે છે આથી દ્રવ્યમય યજ્ઞથી સેવાયજ્ઞ વિશેષ થાય છે. આત્માને તારનાર એવા તીર્થોનું પ્રેમપૂર્વક સેવન કરવું જોઈએ. પૃથ્વીજળાદિક સ્થૂળતીર્થ છે અને સાધુસેવા સૂક્ષ્મતીર્થ છે. મનની શુદ્ધિ દિવ્યતીર્થ છે. મનરૂપી તીર્થમાં જે પવિત્ર થયો તે આત્મતીર્થમાં મુકત થાય છે. અગાધ, નિર્મળ, શુદ્ધ અને સત્યરૂપી પાણીવાળા માનસતીર્થમાં સત્વનું શાશ્વત અવલંબન કરીને સ્નાન કરવું જોઈએ. હે લક્ષ્મિ ! મોક્ષને દેનારુ, માયાનો વિનાશ કરનારૂં અને સાધુત્વ ઉત્પન્ન કરનારુ તીર્થશૌચ કહુ છું તે સાંભળો. અગ્રાહિત, અનર્થિત્વ, આર્જવ, સત્ય, અહિંસા, માર્દવ, શાન્તિ, આનૃશંસ્ય, દમ, શમ, નિર્મમ, અહંકૃતિત્વ, નિર્દ્વન્દ્વત્વ, નિષ્પરિગ્રહ, શુચિત્વ ઈત્યાદિ ગુણો જેમાં રહે છે તે સાધુઓ તીર્થરૂપ છે. બ્રહ્મવેત્તા, સર્વત્યાગમાં

અભિરત, ભક્તિજ્ઞ, સમદર્શી, કષાયરહિત, શાન્ત સાધુઓ તીર્થભૂષણ પાપનાશક તારક અને મહત્ તીર્થ છે તેમાં સ્નાન કરવું તે મનઃ શૌચ છે. પરંશૌચ છે. જેથી મુકત થવાય છે. માત્ર જળથી ભીના શરીરને સ્નાન કર્યું કહેવાતુ નથી જેણે દમરૂપી સ્નાન કર્યુ તેણે જ સ્નાન કર્યુ છે અને તે અંદર બહાર બધે પવિત્ર થયો છે. ગયેલાનો જે શોક કરતા નથી, પ્રત્યક્ષમાં જે સદા નિમિત (મારા પણાની ભાવના રહિત) છે અને જેઓને સ્પૃહાઓ (ઈચ્છાઓ) ઉત્પન્ન થાતી નથી તેઓનું શૌચ તીર્થ જેવુ છે. દેહનું નિષ્કિંચનત્વ મનની પ્રસન્નતા અને આત્માનું જ્ઞાનશૌચ આ ત્રણ તીર્થો છે. શરીરનું વૃતશૌચ (આચરણથી શૌચ) મનનું વ્રતશૌચ અને આત્માનું તીર્થશૌચ આ ત્રણેય મોક્ષ કરનારા છે. જ્ઞાનથી ઉત્પન્ન થનાર અને બ્રહ્મજ્ઞાનરૂપી જળવાળુ એવુ પરં શૌચ છે. એવા માનસ પરંશૌચમાં જે સ્નાન કરે છે તે મોક્ષને પામે છે તેમાં સંશય નથી. તત્વોથી આરોપિત શૌચવાળો, નિત્ય ભક્તિવાળો, સેવા-સદગુણ આદિથી સમ્પન્ન જન સદા તીર્થ જ છે. તીર્થનું કીર્તન (ગુણગાન) કરવાથી તીર્થમાં સ્નાન કરવાથી અને તીર્થમાં પિતૃતર્પણ કરવાથી તમામ પાપો બળી જાય છે. પછી અક્ષર પદને પામે છે. સાધુ સંતોના પરિગ્રહથી શ્રીકૃષ્ણનો મન્ત્ર ગ્રહણ કરવાથી અને ભક્તિરૂપી સરિતામાં (નદીમાં) સ્નાન કરવાથી પ્રાકૃત તમ (માયાના અંધકાર) ને તરી જવાય છે. સાધુઓ તીર્થવર્યો છે અને સાધુતા ઉત્તમ તીર્થતા છે. આ બન્નેમાં જે સ્નાન કરે છે તે શીઘ્ર જ સિદ્ધિને પામે છે. સદાચાર પરમ ધર્મ અને ઉત્તમ તીર્થ છે. સદ્ધર્મને સાથે લઈને વ્યક્તિ પરાગતિને પામે છે. મનુષ્યનો પરલોકમાં સહાય કરનાર ધર્મ એક જ છે તે જો સત્પુરૂષોની સેવાથી આ લોકમાં દિવ્ય કરવામાં આવે તો મોક્ષદેનાર, ધામદેનાર અને પર શાશ્વત આનંદનો દેનાર થાય છે. મોક્ષધર્મ સમાન મૂર્ધન્ય ધર્મ પુરી સૃષ્ટિમાં નથી. સર્વતીર્થમય મોક્ષધર્મ સાધુઓમાં

રહે છે. જેણે સાધુઓને પાળ્યા છે, સેવ્યા છે, રાજી કર્યા છે, તેણે સેવા ધર્મ કર્યા છે અને પરમાત્માને પ્રસન્ન કર્યા છે. સર્વભૂતોના આત્મભૂત અને સર્વભૂતોને જોનાર એવા સાધુઓની સેવામાં જે તત્પર રહે છે તેને સૌથી પર એવુ મોક્ષપદ મળે છે. જેમ હાથીના પગમાં બીજા પગ આવી જાય તેમ તમામ ધર્મો સાધુસેવનમાં સમાય જાય છે. તેવા સાધુજનોની સેવા કરનારાઓ માટે બ્રહ્મલોક થાય છે. નાભાગ, અંબરીષ, ગય, ચિત્રકેતુ, આયુ, અનરણ્ય, દિલીપ, શિલિ, મુચુકુન્દ, માન્ધાતા, ભરત, જનક, રૂકમાંગદ તથા અલર્ક પૃથુ સાગર તથા મહાત્મા લક્ષ્મણ ઈત્યાદિક રાજાઓએ નિત્ય સાધુઓની સેવા કરી છે. જેણે સાધુઓ અને સતીઓની પૂજા કરી તેણે પરમાત્મા એવા મારી પૂજા કરેલી જ છે. આત્મતીર્થમાં સ્નાન કરેલા સાધુઓના આશીર્વાદોથી વૃદ્ધિ પામેલા લોકો સાધુઓએ બતાવેલા ધર્મપરાયણ થઈને પરમ ગતિને પામે છે. સર્વ ઈન્દ્રિયોની વૃત્તિઓ જયાં સુધી શાન્ત થાતી નથી ત્યાં સુધી જન્મ મૃત્યુના પ્રવાહવાળો સંસાર રહે છે. જેની વૃત્તિઓનો લય થયો છે તેને સાધુ જાણવા અને સાધુ થતા ઉત્તમ મુક્તિ પ્રાપ્ત થાય છે. આ લોકમાં સર્વે સાધુઓ નારાયણના દૂતો છે. જે ભગવાનનાં કીર્તનો કરાવીને અક્ષરધામમાં લઈ જાય છે. તેવી જ રીતે સાધ્વીઓ છે તે પણ ભગવાન નારાયણની જ શક્તિઓ છે અને તારનારીઓ છે. તેઓ શ્રીહરિની સેવા કરાવીને અક્ષરધામમાં લઈ જાય છે. જે જે બ્રહ્મપ્રિયાઓ, સાધ્વીઓ, પતિવ્રતાઓ, ભાગવતીઓ અને સાત્વતીઓ છે તે મારી જ લીલાથી અને મારી જ ઈચ્છાથી દેશના કલ્યાણ માટે અને જનતામાં ભક્તિના પ્રવર્તન માટે ઉત્પન્ન થયેલી છે. તમે સર્વે મારી પત્નીઓ સાધ્વીઓ રૂપે ઉત્પન્ન થઈ છો તમારો સ્વામી એવો જે શ્રીકૃષ્ણ હું તે મારામાં સાધ્વીધર્મોનું પાલન કરો અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા મુજ પરમાત્મામાં શાશ્વત આયુષ્યને ભોગવવા વાળીઓ, મારી

તુલ્ય અને સદા મારામાં સ્થિર થાઓ. મારા ધામમાં નિવાસ કરનારીઓ મારી પાસે રહેનારીઓ મારી સાથે બીજા રૂપે પૃથ્વી પર પણ સ્થિત થાઓ.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપર સન્તાનમાં દીર્ઘઆયુપ્રદાન કરનારા સાધનો મોક્ષના સાધનો તથા સંતોની સેવા ઈત્યાદિ નિરૂપણનામક એંસીમો અધ્યાય ॥૮૦॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૩૮

હે લક્ષ્મિ ! સાંભળો ત્યાર પછી ગાયત્રી સંવત્સરમાં આદ્ય વારાહ કલ્પમાં પ્રથમ મનુના સમયમાં ફરી અજન્મા પરમાત્મા એવો જે હું અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેનું અત્યારે શિવરાજ્ઞીશ્રી નામના તમારી સાથે સૌરાષ્ટ્રમાં અક્ષર સંજ્ઞક ક્ષેત્રમાં, અશ્વપટ્ટ સરોવરના કિનારે કુંકુમવાપીમાં (કુંકાવાવમાં), તમામ સુખ સમૃદ્ધિથી પરિપૂર્ણ એવા મહાલક્ષ્મી કંભરાના ગૃહમાં, શ્રીમદ્ ગોપાલકૃષ્ણ નામના પિતાથી, કોટિ, અર્બુદ, અબજો કન્યાઓના મનોરથો પૂર્ણ કરવા માટે, ધર્મના સંરક્ષણ માટે, પિતા દ્વારા આચરાએલા ઉગ્ર તપથી આકર્ષિત થયો એવો અક્ષરધામવાસી જે હું તે માત્ર કૃપા વડે અહિં મારૂ પ્રાગટય થયું અને તમને મેં પોતાની કરી અને વળી હે નારાયણિ પ્રિયે ! કોટિ – અર્બુદ – અબજો કન્યાઓની સાથે ફરી ફરી કલ્પે કલ્પે હું અવતરિત થતો રહીશ. હે લોમશક્ષેત્રમાં વસનાર કમલે ! તમારી સાથે મારા ઘણા બધા મત્સ્ય, કચ્છપ, વારાહ, કપિલ, નૃસિંહ, હયગ્રીવ, હંસ, વામન, નારદ, વાસુદેવ, હરિ, દત્તાત્રેય, પરશુરામ, ઋષભ, પૃથુ, યજ્ઞકુમારો, ધન્વન્તરી, બુધ્ધ, કૃષ્ણ, કલ્કિ, મોહિની, હરિકૃષ્ણ, નરનારાયણ (અનાદિ) શ્રીકૃષ્ણનારાયણ ઈત્યાદિ હજારો અવતારો કાર્યવશાત્ સ્વર્ગમાં અને પૃથ્વીપર થશે. યુગે યુગે મારા

અવતારો અને યુગે યુગે ધર્મસ્થાપક તથા ધર્મબોધક વ્યાસો પણ થશે. શિખાયુકત શ્વેત કૃષ્ણાયન મુનિ થશે કે જે શ્વેતવ્યાસ સંહિતાના (લક્ષ્મીનારાયણ સંહિતાના) કથાના વકતા હશે. વિષ્ણુ નારાયણ પ્રભુ એવો જે હું તે મારો આ જે અવતાર તે સાધ્ય બ્રહ્મલોકને પણ નમસ્કાર કરવા યોગ્ય અને ધર્મના વકતારૂપે થશે. આવી જ રીતે મારા જ અંશ સ્વરૂપ, ધર્મના બોધક, વિદ્યાઓને પ્રકટ કરનારા, સત્ય, ભાર્ગવ, સવિતૃ, વસિષ્ઠ, આરૂણિ, સંજય, ઋતંજય, ભારદ્વાજ, તૃણબિન્દુ, દ્વૈપાયન, પ્રભુ, વલ્લભ, સૌરેય, દેવાનીક, ઋતંભર, વારેયક, મહાવિદ્ય, વિભાવસુ, સમાશ્રવ, ધારીણક, સુકૌક્ષેય, વાર્ષધાર, વનવ્રત ઈત્યાદિ અનેક વ્યાસો થશે. સમયના અધિકપણાથી તે બીજા દ્વારા ગણી શકાય તેમ નથી. કોટિ કોટિ સહસ્ત્ર અવતારો થઈ ગયા અને ફરી ફરી થાશે અર્થાત્ સૃષ્ટિનું રક્ષણ કરનારા તે અસંખ્ય છે. પરંતુ કાલભક્ષણના નિયમવાળા છે. (અર્થાત્ સમય થયે પૃથ્વી પરથી સ્વતન્ત્ર હોવા છતાં સ્વધામ ગમન કરે છે) કાળ જેઓનું ભક્ષણ કરી શકતો નથી તેવો નારાયણ એવો જે હું તે મારા દાસભાવને પામેલા, મદાત્મક જે નિત્યમુકતો (જેઓ કદી માયાના પાશને પામ્યા જ નથી અનાદિકાળથી ધામમાં ભગવાનની સેવામાં જ છે) અને માયાના બંધનથી મુકત થયેલા અનેક મુકતકોટીઓ તે સર્વે ધામ-ધામ નિવાસી છે. હે લક્ષ્મિ ! તમે જે કંઈ પુછયું હતું તે આ મેં તમને યથાર્થપણે કહ્યું વળી હું સ્વયં અવતારી છું એમ મે કહ્યું. હે લક્ષ્મિ ! તમો સદા અવતારી એવો જે હું તે મારૂ સુખ પામો અને હે નારાયણિ ! હવે ઈષ્ટતમ એવુ બીજું કંઈ પુછવું હોય તો પુછો.

શ્રીશિવરાજ્ઞીશ્રી બોલ્યા : મારા પૂર્વરૂપોને પતિરૂપ આપના મુખેથી જાણીને હું તૃપ્ત થઈ છું.

(હવે પછી શ્રીશિવરાજ્ઞીશ્રી ભગવાન શ્રીહરિના મુખે સાંભળેલા શ્રીહરિ સાથેના પોતાના અવતરણોનું સંસ્મરણ કરીને તે મારા પતિ એવા આપને નમસ્કાર હો. એમ સ્તુતી કરે છે.)

- ॐ પ્રાણેશાય નમઃ
- ॐ પુરૂરૂપાય નમઃ
- ॐ શાર્ઙ્ગિણે નમઃ
- ॐ રૌદ્રીરમણીનાથશ્રીદ્યુનારાયણાય નમઃ
- ॐ ભૈરવીધૃતિયુઙ્મેરૂનારાયણાય નમઃ
- ॐ સૌરીશાતનીયવિષ્ણુનારાયણાય નમઃ
- ॐ ચાંદ્રીકૌમુદીશદેવનારાયણાય નમઃ
- ॐ ભૂયસીદક્ષિણાશ્રીશયન્ત્રયણાય નમઃ
- ॐ વૈષ્ણવીશ્રીશાય નમઃ
- ॐ બ્રહ્મનારાયણાય નમઃ
- ॐ દેવવીથીશ્રીશાય નમઃ
- ॐ આદિત્યનરાયણાય નમઃ
- ॐ આનન્તીશ્રીશાય નમઃ
- ॐ ગરૂત્મન્નારાયણાય નમઃ
- ॐ આર્ષીપદ્મેશાય નમઃ
- ॐ આર્ષનારાયણાય નમઃ
- ॐ જયોત્સ્નાશ્રીશ્વરાય નમઃ
- ॐ પ્રાજ્ઞનારાયણાય નમઃ
- ॐ શાર્દુલિકાશ્રીશાય નમઃ
- ॐ વીરનારાયણાય નમઃ
- ॐ સરોભદ્રાશ્રીશાય નમઃ
- ॐ ભદ્રનારાયણાય નમઃ
- ॐ સર્વભદ્રાશ્રીશાય નમઃ
- ॐ હરિનારાયણાય નમઃ
- ॐ સ્વતન્ત્રાશ્રીપતયે નમઃ
- ॐ બીજનારાયણાય નમઃ
- ॐ જયાલક્ષ્મીપતયે નમઃ

- ॐ વરનારાયણાય નમઃ
- ॐ સુદર્શનીશ્રીશાય નમઃ
- ॐ સ્ત્રીપુંનારાયણાય નમઃ
- ॐ જલનારાયણીશ્રીશાય નમઃ
- ॐ જલત્રયણાય નમઃ
- ॐ સ્વધાજશ્રીશાય નમઃ
- ॐ શીલનારાયણાય નમઃ
- ॐ પુણ્ડરીકશ્રીશાય નમઃ
- ॐ વાર્ધિનારાયણાય નમઃ
- ॐ માક્ષિકીશ્રીશાય નમઃ
- ॐ ચતુર્મુખનારાયણાય નમઃ
- ॐ કૃપાવતીશ્રીશાય નમઃ
- ॐ કૃપનારાયણાય નમઃ
- ॐ રત્નનારાયણીશ્રીશાય નમઃ
- ॐ તીર્થત્રયણાય નમઃ
- ॐ ભક્તિશ્રીકાન્તાય નમઃ
- ॐ જીવનારાયણાય નમઃ
- ॐ અર્ધશ્રીશ્વરાય નમઃ
- ॐ અર્ધશ્રીપતિનારાયણાય નમઃ
- ॐ અધોર્ધ્વશ્રીશ્વરાય નમઃ
- ॐ અર્ધપિતૃનારાયણાય નમઃ
- ॐ પિપ્પલશ્રીપતયે નમઃ
- ॐ પ્લક્ષનારાયણાય નમઃ
- ॐ પીઠિકાશ્રીશાય નમઃ
- ॐ શાલપુંસ્ત્વનારાયણાય નમઃ
- ॐ વટશ્રીકાન્તાય નમઃ
- ॐ શ્યામનારાયણાય નમઃ

- ૐ રાજરાજ્ઞીશ્રીશાય નમઃ
- ૐ રાજનારાયણાય નમઃ
- ૐ નૈષ્ઠિકીશ્રીશાય નમઃ
- ૐ બ્રહ્મચારિત્રયણાય નમઃ
- ૐ શિવનારાયણીશ્રીશાય નમઃ
- ૐ શિવત્રયણાય નમઃ
- ૐ કાનકીશ્રીપતયે નમઃ
- ૐ સ્વર્ણનારાયણાય નમઃ
- ૐ સ્વામિનીશ્રીપતયે નમઃ
- ૐ સ્વામિનારાયણાય નમઃ
- ૐ નિર્વાણીશ્રીશાય નમઃ
- ૐ સાવનનારાયણાય નમઃ
- ૐ સાધ્વીનારાયણીશાય નમઃ
- ૐ સાધુનારાયણાય નમઃ
- ૐ કુંભિકાશ્રીશાય નમઃ
- ૐ ભકતનારાયણાય નમઃ
- ૐ મેધાવતીશ્રીશાય નમઃ
- ૐ મેધનારાયણાય નમઃ
- ૐ પાર્થિવીશ્રીશાય નમઃ
- ૐ વહ્નિનનારાયણાય નમઃ
- ૐ રસનારાયણીશ્રીશાય નમઃ
- ૐ રસત્રયણાય નમઃ
- ૐ સુધાક્ષિણીશ્રીશાય નમઃ
- ૐ ચક્રનારાયણાય નમઃ
- ૐ વિજયાશ્રીપતયે નમઃ
- ૐ સત્યનારાયણાય નમઃ
- ૐ હિરણ્યાશ્રીપતયે નમઃ

- ॐ હિરણ્યનારાયણાય નમઃ
- ॐ નૈષ્કિંચનીશ્રીશાય નમઃ
- ॐ નૈરંજનિત્રયણાય નમઃ
- ॐ કલ્યાણીશ્રીપતયે નમઃ
- ॐ પુણ્યનારાયણાય નમઃ
- ॐ રૂક્મવતીશ્રીશાય નમઃ
- ॐ બૃહદબ્રહ્મનારાયણાય નમઃ
- ॐ સુવિદ્યાશ્રીપતયે નમઃ
- ॐ ગુરૂનારાયણાય નમઃ
- ॐ આચાર્યાણીશ્રીશાય નમઃ
- ॐ આચાર્યનારાયણાય નમઃ
- ॐ વૈદ્યુતીશ્રીશાય નમઃ
- ॐ વિદ્યુન્નારાયણાય નમઃ
- ॐ માધવીશ્રીપતયે નમઃ
- ॐ મધુનારાયણાય નમઃ
- ॐ ધેનુમતિશ્રીશાય નમઃ
- ॐ નાથનારાયણાય નમઃ
- ॐ વિશ્વીશ્રીશાય નમઃ
- ॐ વિભુનારાયણાય નમઃ
- ॐ મુક્તિશ્રીશાય નમઃ
- ॐ મોક્ષનારાયણાય નમઃ
- ॐ શિવરાજ્ઞીશ્રીશાય નમઃ
- ॐ કૃષ્ણનારાયણાય નમઃ
- ॐ લક્ષ્મીનાથશ્રીપતયે નમઃ
- ॐ કમલાકાન્તાય નમઃ
- ॐ પદ્માપતયે નમઃ
- ॐ રમાકાન્તાય નમઃ

- ॐ નારાયણીશાય નમઃ
- ॐ ઈન્દિરાકાન્તાય નમઃ
- ॐ હિરણ્યમયીપ્રાણપતયે નમઃ
- ॐ મહાલક્ષ્મીપતયે નમઃ
- ॐ કૃષ્ણાપતયે નમઃ
- ॐ ઈશ્વરીશાય નમઃ
- ॐ હરિણીકાન્તાય નમઃ
- ॐ પરમેશ્વરીપતયે નમઃ
- ॐ દ્રવ્યાપતયે નમઃ
- ॐ પુરુષોત્તમીપતયે નમઃ
- ॐ વૈષ્ણવીશાય નમઃ
- ॐ સમ્પદ્રૂપાધીશાય નમઃ
- ॐ ભગવતીશાય નમઃ
- ॐ હરિદાસીશ્વરાય નમઃ
- ॐ હરિપ્રિયેશાય નમઃ
- ॐ વૈકુંઠિકેશાય નમઃ
- ॐ બ્રાહ્મીશાય નમઃ
- ॐ સમૃધ્ધીશ્વરાય નમઃ
- ॐ શાલગ્રામીકાન્તાય નમઃ
- ॐ ધનત્રયોદશીકાન્તાય નમઃ
- ॐ ચક્રિણીનાથાય નમઃ
- ॐ પદ્મિનીસ્વામિને નમઃ
- ॐ બિન્દ્વીપતયે નમઃ
- ॐ અબ્ધિજેશાય નમઃ
- ॐ સ્વર્ણરૂપિણીકાન્તાય નમઃ
- ॐ ગોશકૃદ્વાસિનીસ્વામિને નમઃ
- ॐ બ્રહ્મહૃત્સ્થેશાય નમઃ
- ॐ ધનેશ્વરીશ્વરાય નમઃ

- ॐ ऋतंभराय नमः
- ॐ प्लक्षवासेश्वरीशाय नमः
- ॐ मायेशाय नमः
- ॐ मातृकेश्वराय नमः
- ॐ अमायेश्वराय नमः
- ॐ सतीशाय नमः
- ॐ स्वामिनीनाथाय नमः
- ॐ ब्रह्मशक्तिकान्ताय नमः
- ॐ आत्मात्मिकेशाय नमः
- ॐ अन्तरात्मिकेशाय नमः
- ॐ रमेशाय नमः
- ॐ सत्वप्रकर्षिणीकान्ताय नमः
- ॐ पंचलेशाय नमः
- ॐ चंचद्रूपेश्वरश्रीवत्सेशाय नमः
- ॐ ऐन्द्रिशाय नमः
- ॐ जयन्तीशाय नमः
- ॐ मण्डलात्मिकेश्वराय नमः
- ॐ सर्वतोभद्रकास्वामिने नमः
- ॐ पद्मशिलेशाय नमः
- ॐ आक्षरीशाय नमः
- ॐ प्रज्ञेशाय नमः
- ॐ श्रांगारिकेशाय नमः
- ॐ भाग्यरूपेशाय नमः
- ॐ सिद्धीशावतारिणीपतये नमः
- ॐ शान्तानाथाय नमः
- ॐ परेशांशेश्वराय नमः
- ॐ कलेशाय नमः
- ॐ विभवीश्वराय नमः

- ॐ भूम्नीशाय नमः
- ॐ धामिनीकान्ताय नमः
- ॐ अर्चास्वामिने नमः
- ॐ जननीशाय नमः
- ॐ कारिणीवराय नमः
- ॐ देवश्वरीश्वरीश्वराय नमः
- ॐ मुकतानिकापतये नमः
- ॐ प्रपोषिकेशाय नमः
- ॐ परब्रह्मपत्नीपतये नमः
- ॐ अनादिनीपतये नमः
- ॐ ममपतये नमः
- ॐ वृन्दापतये नमः
- ॐ तुलसीकान्ताय नमः
- ॐ भार्गवीपतये नमः
- ॐ अनादिश्रीकृष्णनारायणपत्नीशाय नमः
- ॐ अन्नादिनीपतये नमः
- ॐ वैभवेश्वरीशाय नमः
- ॐ सम्पतीशाय नमः
- ॐ वासुदेवीश्वराय नमः
- ॐ काष्णीस्वामिने नमः
- ॐ हंसिकेशाय नमः
- ॐ माणिकीकान्ताय नमः
- ॐ पद्मावतीपतये नमः
- ॐ राधापतये नमः
- ॐ गोपीपतये नमः
- ॐ पार्षदानीपतये नमः
- ॐ पद्मालयापतये नमः
- ॐ आजानुबाहवीशाय नमः

- ॐ यान्त्रिकीशाय नमः
- ॐ सौराष्ट्रीशाय नमः
- ॐ अजनाभीश्वराय नमः
- ॐ देविकापतये नमः
- ॐ षष्ठीमनसापतये नमः
- ॐ दीपावलीस्वामिने नमः
- ॐ तलाजापतये नमः
- ॐ कामधेनवीकान्ताय नमः
- ॐ आर्जन्तीस्वामिने नमः
- ॐ क्रोधनास्वामिने नमः
- ॐ गह्वरास्वामिने नमः
- ॐ सूचिकान्ताय नमः
- ॐ वनदेवीश्वराय नमः
- ॐ दामनीस्वामिने नमः
- ॐ कंकातालीनाथाय नमः
- ॐ पितृकन्यास्वामिने नमः
- ॐ दासीश्वराय नमः
- ॐ रासातलीस्वामिने नमः
- ॐ वासन्तीपतये नमः
- ॐ सालमालीश्वराय नमः
- ॐ मातृकेश्वराय नमः
- ॐ स्वास्तिकीनाथाय नमः
- ॐ नागेशीश्वराय नमः
- ॐ शावदीनीस्वामीने नमः
- ॐ ऐन्द्रजालीशाय नमः
- ॐ सरस्वतीस्वामिने नमः
- ॐ विद्याकान्ताय नमः
- ॐ लक्ष्मणीपतये नमः

- ॐ ભૂગર્ભીયાનાથાય નમઃ
- ॐ નાડિકાપતયે નમઃ
- ॐ વૈશ્વાવાસવીપતયે નમઃ
- ॐ જુમ્માસેમ્લીસ્વામિને નમઃ
- ॐ સાન્તપનીશાય નમઃ
- ॐ સૌરતીસ્વામિને નમઃ
- ॐ મહાબાલેશ્વરીશાય નમઃ
- ॐ ઐલવીલાધીશાય નમઃ
- ॐ દાક્ષજવંગરીશાય નમઃ
- ॐ ઔષ્ણાલયીનાથાય નમઃ
- ॐ પ્રાજાકીયેશ્વરાય નમઃ
- ॐ પૌત્રીનાથાય નમઃ
- ॐ સેવિકેશ્વરાય નમઃ
- ॐ પ્રાચીનીપતયે નમઃ
- ॐ નૃપીપતયે નમઃ
- ॐ પૈશંગીપતયે નમઃ
- ॐ સાન્તારણીનાથાય નમઃ
- ॐ શૈબીશ્વરાય નમઃ
- ॐ થાર્કૂટસ્થીશ્વરાય નમઃ
- ॐ વૈરજારીસ્વામિને નમઃ
- ॐ શાકત્યક્ષિણીશાય નમઃ
- ॐ પિચાશિનીશ્વરાય નમઃ
- ॐ કાલિમાશીનાથાય નમઃ
- ॐ ઔરલકેતવીસ્વામિને નમઃ
- ॐ કાથકીશાય નમઃ
- ॐ પાર્થવીરાજિકેશાય નમઃ
- ॐ ઔષ્ટ્રાલીશાય નમઃ
- ॐ હંકારીપતયે નમઃ

- ॐ જયકાષ્ઠલીપતયે નમઃ
- ॐ તીરાણીપતયે નમઃ
- ॐ આલ્વીનારીશાય નમઃ
- ॐ વાર્ધિકાપતયે નમઃ
- ॐ અનાથાનાથાય નમઃ
- ॐ રાજપુત્રીશ્વરાય નમઃ
- ॐ પ્રકીર્ણિકાકાન્તેશાય નમઃ
- ॐ આલ્પકેતવીકાન્તાય નમઃ
- ॐ જયકાષ્ણીશ્વરાય નમઃ
- ॐ પારીશાનીસ્વામિને નમઃ
- ॐ ઐન્દ્રુરાયીશાય નમઃ
- ॐ મૌદ્રાણ્ડીપતયે નમઃ
- ॐ ગણ્ડાત્મજાનાથાય નમઃ
- ॐ લૈનોર્ણીસ્વામિને નમઃ
- ॐ બાર્હચ્છરીશ્વરાય નમઃ
- ॐ બાલલીનીસ્વામિને નમઃ
- ॐ વારસૈંહીશાય નમઃ
- ॐ રાયગામલિકાકાન્તાય નમઃ
- ॐ સ્તોકહોમીશાય નમઃ
- ॐ ફૈનતાન્તવીનાથાય નમઃ
- ॐ કાષ્ઠયાનીશાય નમઃ
- ॐ કોલકીશાય નમઃ
- ॐ દૈનમાનીશાય નમઃ
- ॐ રાયકિન્નટિકાસ્વામિને નમઃ
- ॐ રાયકોટીશ્વરીશાય નમઃ
- ॐ રાણજિતીસ્વામિને નમઃ
- ॐ વાકક્ષિકેશાય નમઃ
- ॐ મારીશીપતયે નમઃ

- ॐ બાલેશ્વરીશ્વરાય નમઃ
- ॐ લામ્બરીસ્વામિને નમઃ
- ॐ રાયનવાર્કીપતયે નમઃ
- ॐ હુણ્ડિશાસ્વામિને નમઃ
- ॐ કૂપેશિકાધિપતયે નમઃ
- ॐ કાલીમાણ્ડીસ્વામિને નમઃ
- ॐ જેલેશીપતયે નમઃ
- ॐ પારાવારીસ્વામિને નમઃ
- ॐ કોટિશ્વરીશાય નમઃ
- ॐ સાતીશિકાસ્વામિને નમઃ
- ॐ કાર્કશિનીશાય નમઃ
- ॐ આણ્ડજારીશાય નમઃ
- ॐ બાલ્યરાજસીપતયે નમઃ
- ॐ સૌમનિકાપતયે નમઃ
- ॐ ગાવાક્ષીપતયે નમઃ
- ॐ પારાઽવૃત્તીશાય નમઃ
- ॐ સુમણીશ્વરીનાથાય નમઃ
- ॐ ઐસાનપાનીપતયે નમઃ
- ॐ રાયપાનીભૃતે નમઃ
- ॐ મંગલાપતયે નમઃ
- ॐ અમૃતાપતયે નમઃ
- ॐ પ્રેમાદિપતયે નમઃ
- ॐ રાજ્ઞીપતયે નમઃ
- ॐ કૌબેરીપતયે નમઃ
- ॐ માહેન્દ્રીપતયે નમઃ
- ॐ યમીશ્વરાય નમઃ
- ॐ વાયવીશાય નમઃ
- ॐ વૈશ્વકર્મીસ્વામિને નમઃ

- ॐ વાક્ષીનાથાય નમઃ
- ॐ રૌદ્રીશાય નમઃ
- ॐ વહ્નિપુત્રીશ્વરાય નમઃ
- ॐ શ્રાવણીસ્વામિને નમઃ
- ॐ ખાનિજીનાથાય નમઃ
- ॐ સાંવત્સરીસ્વામિને નમઃ
- ॐ ગોપિકેશાય નમઃ
- ॐ પ્રાચીનીપતયે નમઃ
- ॐ પિશંગીપતયે નમઃ
- ॐ રાશિયાનીસ્વામિને નમઃ
- ॐ રોમાયનીશાય નમઃ
- ॐ પારશીપતયે નમઃ
- ॐ ધૈવરીપતયે નમઃ
- ॐ કિન્નરીસ્વામિને નમઃ
- ॐ અમરીકાન્તાય નમઃ
- ॐ ગૌરીશાય નમઃ
- ॐ પરીશાય નમઃ
- ॐ આભિરકતીશાય નમઃ
- ॐ હારિતીશાય નમઃ
- ॐ પાતાલીશ્વરાય નમઃ
- ॐ સ્વાર્ગિણીશાય નમઃ
- ॐ અપ્સરઃકાન્તાય નમઃ
- ॐ બ્રહમસરઃપતયે નમઃ
- ॐ ગાયિકાપતયે નમઃ
- ॐ વિદ્યુન્મણિસ્વામિને નમઃ
- ॐ કુશલેશાય નમઃ
- ॐ ભૌમીશ્વરાય નમઃ
- ॐ દાનવીશાય નમઃ

- ॐ शक्तिनाथाय नमः
- ॐ कशीराज्ञीशाय नमः
- ॐ धेनुपालीस्वामिने नमः
- ॐ सखीश्वराय नमः
- ॐ राजराजेश्वरीशाय नमः
- ॐ लीलेश्वराय नमः
- ॐ विभूतीशाय नमः
- ॐ दिव्यसिद्धिश्वराय नमः
- ॐ अशनापतये नमः
- ॐ विश्वापतये नमः
- ॐ श्रीधराय नमः
- ॐ भगवतीस्वामिने नमः
- ॐ महामायाधिपतये नमः
- ॐ प्रकृतीशाय नमः
- ॐ न्यासिनीपतये नमः
- ॐ साध्वीपतये नमः
- ॐ पतिव्रतास्वामिने नमः
- ॐ दीक्षाधिपतये नमः
- ॐ प्रपत्तिपतये नमः
- ॐ राधेशाय नमः
- ॐ प्रियाभृते नमः
- ॐ वैराज्ञीशाय नमः
- ॐ भूतीश्वराय नमः
- ॐ सृष्टीशाय नमः
- ॐ विनष्टीशाय नमः
- ॐ पुष्टीशाय नमः
- ॐ गीतेश्वराय नमः
- ॐ उपनिषदीश्वराय नमः

- ॐ શ્રુતિશ્વરાય નમઃ
- ॐ પરાવિદ્યેશ્વરાય નમઃ
- ॐ ગાયત્રીશાય નમઃ
- ॐ શારદેશાય નમઃ
- ॐ શાબ્દીશાય નમઃ
- ॐ એકાદશીશાય નમઃ
- ॐ દ્વાદ્શીશાય નમઃ
- ॐ જયન્તીશાય નમઃ
- ॐ ભાવનેશાય નમઃ
- ॐ મુકતીશાય નમઃ
- ॐ સેવાનાથાય નમઃ
- ॐ આરાધનાકાન્તાય નમઃ
- ॐ ગંગાનાથાય નમઃ
- ॐ મોક્ષપુરીનાથાય નમઃ
- ॐ સાંખ્યયોગિનીશ્વરાય નમઃ
- ॐ નૈષ્ઠિકીપતયે નમઃ
- ॐ ત્યાગિનીપતયે નમઃ
- ॐ આર્યાધીશાય નમઃ
- ॐ યોગિનીપતયે નમઃ
- ॐ વીતરાણીશાય નમઃ
- ॐ નાગવલ્લીસ્વામિને નમઃ
- ॐ પૂગીશ્વરાય નમઃ
- ॐ રતિનાથાય નમઃ
- ॐ સુરભિસ્વામિને નમઃ
- ॐ નિર્વૃત્તીશાય નમઃ
- ॐ સન્ધ્યાધિપતયે નમઃ
- ॐ મોહિનીશાય નમઃ
- ॐ વિદ્યાદ્રીશાય નમઃ

- ॐ किंपुरुषीस्वामिने नमः
- ॐ कृषीश्वराय नमः
- ॐ आबीश्वराय नमः
- ॐ मृदीश्वराय नमः
- ॐ भूपतये नमः
- ॐ ललितास्वामिने नमः
- ॐ कुंकुमवापीशाय नमः
- ॐ संहितानाथाय नमः
- ॐ गुर्वीश्वराय नमः
- ॐ मुद्रिकेश्वराय नमः
- ॐ अरणीशाय नमः
- ॐ काशीश्वराय नमः
- ॐ तपस्विनीस्वामिने नमः
- ॐ सैरन्ध्रीशाय नमः
- ॐ धात्रीशाय नमः
- ॐ नागरीशाय नमः
- ॐ परिव्राजिकाकान्ताय नमः
- ॐ आर्यसूरीणीश्वराय नमः
- ॐ रमेशाय नमः
- ॐ रामेशाय नमः
- ॐ स्तुतीशाय नमः
- ॐ आरार्तिकेशाय नमः
- ॐ पूजेशाय नमः
- ॐ अम्बिकेशाय नमः
- ॐ नाभोवाणीश्वराय नमः
- ॐ बुद्धीश्वराय नमः
- ॐ स्तनश्रीश्वराय नमः
- ॐ प्रतिमाश्रीपतये नमः

- ॐ અવ્યકતેશાય નમઃ
- ॐ રસાધિપતયે નમઃ
- ॐ સુધાપતયે નમઃ
- ॐ પુણ્યાધિપતયે નમઃ
- ॐ મિષ્ટાપતયે નમઃ
- ॐ પાકિનીશાય નમઃ
- ॐ ધાન્યાધિપતયે નમઃ
- ॐ આજ્ઞાનાથાય નમઃ
- ॐ મુમુક્ષાપતયે નમઃ
- ॐ વિરજેશાય નમઃ
- ॐ ચંદ્રકાલેશાય નમઃ
- ॐ સુશીલાપતયે નમઃ
- ॐ કદમ્બમાલેશાય નમઃ
- ॐ પારિજાતાધિપતયે નમઃ
- ॐ કાલિકાપતયે નમઃ
- ॐ દુર્ગાનાથાય નમઃ
- ॐ ચમ્પાધિપતયે નમઃ
- ॐ નન્દિનીશાય નમઃ
- ॐ પટ્ટાંગનેશાય નમઃ
- ॐ સરયૂસ્વામિને નમઃ
- ॐ સાત્વતીશાય નમઃ
- ॐ સાકેતાપતયે નમઃ
- ॐ સુદક્ષિણાધિપતયે નમઃ
- ॐ કરીષિણીસ્વામિને નમઃ
- ॐ હરિણીપતયે નમઃ
- ॐ ધરણીસ્વામિને નમઃ
- ॐ લીલાસ્વામિને નમઃ
- ॐ સત્યાનાથાય નમઃ

- ॐ પાંચાલીપતયે નમઃ
- ॐ પ્રદીપાપતયે નમઃ
- ॐ ભાગિરથીકાન્તાય નમઃ
- ॐ કનકાસ્વામિને નમઃ
- ॐ ઐરાવતીનાથાય નમઃ
- ॐ સરોજિનીસ્વામિને નમઃ
- ॐ કાન્તાકાન્તાય નમઃ
- ॐ ગોમતીપતયે નમઃ
- ॐ રેવાસ્વામિને નમઃ
- ॐ વિશાલાક્ષિસ્વામિને નમઃ
- ॐ સ્વર્ણરેખેશાય નમઃ
- ॐ રેવતીસ્વામિને નમઃ
- ॐ ઋક્ષસ્વામિને નમઃ
- ॐ વૈકુંઠાપતયે નમઃ
- ॐ બ્રહ્મસતીકાન્તાય નમઃ
- ॐ ઈશાવાસ્યાસ્વામિને નમઃ
- ॐ સ્મૃતિકાન્તાય નમઃ
- ॐ કન્યાકાન્તાય નમઃ
- ॐ ભદ્રાકાન્તાય નમઃ
- ॐ ઓજસ્વતીસ્વામિને નમઃ
- ॐ સત્તાકાન્તાય નમઃ
- ॐ વિષ્ણુગર્ભાધિપતયે નમઃ
- ॐ વૈરાજ્ઞીપતયે નમઃ
- ॐ દેવીશ્વરાય નમઃ
- ॐ પ્રધાનાસ્વામિને નમઃ
- ॐ વરણીપતયે નમઃ
- ॐ ગોલોકીશ્વરાય નમઃ
- ॐ બદરીશાય નમઃ

- ॐ श्वेतानाथाय नमः
- ॐ पावनीपतये नमः
- ॐ अव्याकृतिकान्ताय नमः
- ॐ धात्रीशाय नमः
- ॐ जयोत्स्नास्वामिने नमः
- ॐ वीर्याकान्ताय नमः
- ॐ महतीनाथाय नमः
- ॐ ओषधिपतये नमः
- ॐ अजापतये नमः
- ॐ विश्वंभरास्वामिने नमः
- ॐ अन्नपूर्णाभृते नमः
- ॐ विभावरीस्वामिने नमः
- ॐ दक्षिणापतये नमः
- ॐ आहुतीशाय नमः
- ॐ सनातनीश्वराय नमः
- ॐ अंजनीशाय नमः
- ॐ गंडकीश्वराय नमः
- ॐ सीतेशाय नमः
- ॐ शबरीपतये नमः
- ॐ प्रेयसीपतये नमः
- ॐ श्रेयसीपतये नमः
- ॐ मालावतीस्वामिने नमः
- ॐ द्वारिकेशाय नमः
- ॐ सिंहवतीस्वामिने नमः
- ॐ त्रिस्पृशास्वामिने नमः
- ॐ पक्षवर्धिनीनाथाय नमः
- ॐ उन्मिलनीस्वामीने नमः
- ॐ उत्पत्तिस्वामिने नमः

- ॐ મોક્ષદાકાન્તાય નમઃ
- ॐ સફલાસ્વામિને નમઃ
- ॐ પુત્રપ્રદાનાથાય નમઃ
- ॐ ષટ્તિલાસ્વામિને નમઃ
- ॐ જયાસ્વામિને નમઃ
- ॐ વિજયાસ્વામિને નમઃ
- ॐ આમલકીનાથાય નમઃ
- ॐ પાપમોચનીનાથાય નમઃ
- ॐ કામદેશાય નમઃ
- ॐ વરૂથિનીસ્વામિને નમઃ
- ॐ મોહિનીસ્વામિને નમઃ
- ॐ અપરાસ્વામિને નમઃ
- ॐ નિર્જલાસ્વામિને નમઃ
- ॐ યોગિનીસ્વામિને નમઃ
- ॐ શયનીસ્વામિને નમઃ
- ॐ કામિકાસ્વામિને નમઃ
- ॐ પુત્રદાસ્વામિને નમઃ
- ॐ અજાનાથાય નમઃ
- ॐ પદ્માનાથાય નમઃ
- ॐ ઈન્દિરાભૃતે નમઃ
- ॐ પાશાંકુશાધિનાથાય નમઃ
- ॐ રમાનાથાય નમઃ
- ॐ પ્રબોધિનીશ્વરાય નમઃ
- ॐ કમલેશાય નમઃ
- ॐ ધામદેશાય નમઃ
- ॐ કપિલેશાય નમઃ
- ॐ શલભેશાય નમઃ
- ॐ ચંદ્રભાગેશાય નમઃ

- ॐ कुमुद्वतीस्वामिने नमः
- ॐ नित्यानाथाय नमः
- ॐ चंद्रकान्ताय नमः
- ॐ पद्मावतीस्वामिने नमः
- ॐ कान्तिमतीस्वामिने नमः
- ॐ हृषीकेशाय नमः
- ॐ अपराजितानाथाय नमः
- ॐ पद्मवतीशाय नमः
- ॐ सुनन्दास्वामिने नमः
- ॐ श्रीपतये नमः
- ॐ नन्दानाथाय नमः
- ॐ त्रयीस्वामिने नमः
- ॐ क्षेमंकरीस्वामिने नमः
- ॐ सुन्दरीपतये नमः
- ॐ सुभगास्वामिने नमः
- ॐ सुलक्षणानाथाय नमः
- ॐ कूर्मीनाथाय नमः
- ॐ मत्स्यीनाथाय नमः
- ॐ अश्विनीस्वामिने नमः
- ॐ हंसीस्वामिने नमः
- ॐ सौभाग्यसुंदरीशाय नमः
- ॐ कल्किनीस्वामिने नमः
- ॐ दुःखहाश्रीस्वामिने नमः
- ॐ वंजुलीस्वामिने नमः
- ॐ रात्रीश्वराय नमः
- ॐ अधवेश्वराय नमः
- ॐ क्षीरोदतनयेशाय नमः
- ॐ घण्टिकापतये नमः

- ॐ નીરાજનાધિનાથાય નમઃ
- ॐ ઘટિકાસ્વામિને નમઃ
- ॐ વસુમત્યધિનાથાય નમઃ
- ॐ ઋતંભરાભૃતે નમઃ
- ॐ રાધ્યાસાપતયે નમઃ
- ॐ દિવ્યારૂણાનાથાય નમઃ
- ॐ વમ્રીનાથાય નમઃ
- ॐ જયોષ્ટ્રીનાથાય નમઃ
- ॐ સુદુઘાસ્વામિને નમઃ
- ॐ કેદારિકાનાથાય નમઃ
- ॐ જાલન્ધરીસ્વામિને નમઃ
- ॐ શંખચૂડીભૃતે નમઃ
- ॐ માલતીસ્વામિને નમઃ
- ॐ બર્બરિકાનાથાય નમઃ
- ॐ વેદવતીસ્વામિને નમઃ
- ॐ પદ્મિનીસ્વામિને નમઃ
- ॐ વૃન્દાવનીસ્વામિને નમઃ
- ॐ કંવતીસ્વામિને નમઃ
- ॐ પીવરીસ્વામિને નમઃ
- ॐ મરૂપત્નીનાથાય નમઃ
- ॐ તીર્થવલ્લીસ્વામિને નમઃ
- ॐ તીર્થશ્રીસ્વામિને નમઃ
- ॐ તિલોત્તમાસ્વામિને નમઃ
- ॐ રૂપવતીભૃતે નમઃ
- ॐ વેદમાતૃવરાય નમઃ
- ॐ ગાયત્રીપતયે નમઃ
- ॐ સરમેશાય નમઃ
- ॐ પૈપલાદીશ્વરાય નમઃ

- ॐ ઉપલેશાય નમઃ
- ॐ ધરણિજેશાય નમઃ
- ॐ ધરેશાય નમઃ
- ॐ માટુલીશાય નમઃ
- ॐ પિંગલીશાય નમઃ
- ॐ મૃગીશાય નમઃ
- ॐ ગૌરસ્વરૂપિણીશાય નમઃ
- ॐ નીતીશ્વરાય નમઃ
- ॐ બુદ્ધીશ્વરાય નમઃ
- ॐ સક્તિયેશાય નમઃ
- ॐ તુષ્ટીશાય નમઃ
- ॐ કામનેશાય નમઃ
- ॐ વેદિકેશાય નમઃ
- ॐ આજયાહુતિભૃતે નમઃ
- ॐ પત્નીશાલાધિપતયે નમઃ
- ॐ ચિતિનાથાય નમઃ
- ॐ ઈદમાનાથાય નમઃ
- ॐ ઉદ્ગીતિપતયે નમઃ
- ॐ ધૃતીશાય નમઃ
- ॐ વેલાસ્વામિને નમઃ
- ॐ ધૂમોર્ણાપતયે નમઃ
- ॐ કાષ્ઠાધીશાય નમઃ
- ॐ વધુનાથાય નમઃ
- ॐ લતાનાથાય નમઃ
- ॐ નદીનાથાય નમઃ
- ॐ પતાકાપતયે નમઃ
- ॐ ભોગિનીપતયે નમઃ
- ॐ રસિકાપતયે નમઃ

- ॐ चिदानन्दीस्वामिने नमः
- ॐ मृत्युलक्ष्मीभृते नमः
- ॐ सुश्रुतिपतये नमः
- ॐ विजयन्तीश्वराय नमः
- ॐ सुकन्यापतये नमः
- ॐ अलसापतये नमः
- ॐ श्रीछायास्वामिने नमः
- ॐ चित्रलेखानाथाय नमः
- ॐ नवरंगाधिपतये नमः
- ॐ किंशुकीस्वामिने नमः
- ॐ कल्पलताधिनाथाय नमः
- ॐ बकुलापतये नमः
- ॐ चित्रावतीस्वामिने नमः
- ॐ चारुपद्मभृते नमः
- ॐ सुवर्णमुखरीशाय नमः
- ॐ मालावतीभृते नमः
- ॐ वीराधिपतये नमः
- ॐ प्रभावतीनाथाय नमः
- ॐ श्रीमतिस्वामिने नमः
- ॐ पण्यास्वामिने नमः
- ॐ नागलक्ष्मीस्वामिने नमः
- ॐ जयोतिष्मतीभृते नमः
- ॐ उद्योगिनीस्वामिने नमः
- ॐ पूर्णानाथाय नमः
- ॐ सिद्धेश्वरीस्वामिने नमः
- ॐ कृतिकान्ताय नमः
- ॐ कवितास्वामिने नमः
- ॐ ग्रन्थिवरात्मने नमः

- ॐ तालिकास्वामिने नमः
- ॐ सांगीतिस्वामिने नमः
- ॐ प्रहारिणीपतये नमः
- ॐ मानिनीस्वामिने नमः
- ॐ जरत्कार्वीस्वामिने नमः
- ॐ स्वस्तिनाथाय नमः
- ॐ क्षमानाथाय नमः
- ॐ प्रतिष्ठापतये नमः
- ॐ लज्जानाथाय नमः
- ॐ पिपासापतये नमः
- ॐ दाहिकास्वामिने नमः
- ॐ श्रद्धास्वामिने नमः
- ॐ मैथिलीयूथनाथाय नमः
- ॐ कौशलास्वामिने नमः
- ॐ निकुंजकान्तानाथाय नमः
- ॐ शय्याकान्ताय नमः
- ॐ पुरन्ध्रीकुलकान्ताय नमः
- ॐ किरातीस्वामिने नमः
- ॐ पुलिन्दीस्वामिने नमः
- ॐ सिंहलद्वीपस्त्रीभूते नमः
- ॐ दैशिकीस्वामिने नमः
- ॐ विदैशिकीभूते नमः
- ॐ कुतुकानकीनाथाय नमः
- ॐ अज्जीत्पत्स्त्रीभूते नमः
- ॐ श्रीलोकाद्रिप्रियेशाय नमः
- ॐ देवतेशाय नमः
- ॐ सामुद्रिकास्वामिने नमः
- ॐ पार्थिवीस्वामिने नमः

- ॐ ઉર્વશીવ્રાતનાથાય નમઃ
- ॐ સુતલીસ્વામિને નમઃ
- ॐ ત્રિવેણીપ્રાણનાથાય નમઃ
- ॐ શબરીશાય નમઃ
- ॐ પમ્પાવરાય નમઃ
- ॐ રાજેશ્વરીશાય નમઃ
- ॐ લમ્બાનનાધિનાથાય નમઃ
- ॐ અજામુખીશ્વરાય નમઃ
- ॐ કન્યાકુમારિકેશાય નમઃ
- ॐ ગોપકન્યાભૃતે નમઃ
- ॐ રૈવતીસ્વામિને નમઃ
- ॐ ગૌલીસ્વામિને નમઃ
- ॐ જીવન્તીપતયે નમઃ
- ॐ લાવણ્યવતીપતયે નમઃ
- ॐ માલિનીપ્રાણનાથાય નમઃ
- ॐ કુબ્જિકાસ્વામિને નમઃ
- ॐ યવનીસ્વામિને નમઃ
- ॐ મૃગાવતીનાથાય નમઃ
- ॐ કાન્તિમતીસ્વામિને નમઃ
- ॐ સુમિત્રાસ્વામિને નમઃ
- ॐ સુતાનાથાય નમઃ
- ॐ વિન્ધ્યાવલીસ્વામિને નમઃ
- ॐ પૌણ્યનૈધેયિકાભૃતે નમઃ
- ॐ વર્ધિનીસ્વામિને નમઃ
- ॐ વૈશ્વાવસવીશાય નમઃ
- ॐ કુલાદેવીસ્વામિને નમઃ
- ॐ રાસેશ્વરીભૃતે નમઃ
- ॐ રાજવતીસ્વામિને નમઃ

- ॐ सीमन्तिनीशाय नमः
- ॐ सामवतीस्वामिने नमः
- ॐ आनर्तिशारदाभृते नमः
- ॐ महानन्दास्वामिने नमः
- ॐ बन्दुलानाथाय नमः
- ॐ मनोरमाधिनाथाय नमः
- ॐ शुचिष्मतिभृते नमः
- ॐ अर्चिष्मतीस्वामिने नमः
- ॐ सुशीलाविप्राभृते नमः
- ॐ कलावती स्वामिने नमः
- ॐ लीलावतीभृते नमः
- ॐ रत्नावलीस्वामिने नमः
- ॐ शशिलेखाभृते नमः
- ॐ अनंगलेखापतये नमः
- ॐ चित्रलेखाभृते नमः
- ॐ दिव्यार्षीस्वामिने नमः
- ॐ सुरसास्वामिने नमः
- ॐ वर्षाभ्वीस्वामिने नमः
- ॐ पारावतीनाथाय नमः
- ॐ प्रभावतीस्वामिने नमः
- ॐ नर्मदास्वामिने नमः
- ॐ रोहिणीशाय नमः
- ॐ कुमुदाकान्ताय नमः
- ॐ पुरुहूतापतये नमः
- ॐ शर्मवतीभृते नमः
- ॐ सुधाम्नीस्वामिने नमः
- ॐ माधवीस्वामिने नमः
- ॐ कुन्ददन्तीस्वामिने नमः

- ॐ कदम्बमालिकाभृते नमः
- ॐ शाण्डिलीस्वामिने नमः
- ॐ मधुविद्याभृते नमः
- ॐ अश्वमुखीस्वामिने नमः
- ॐ गजमुखीश्वराय नमः
- ॐ अम्बेश्वराय नमः
- ॐ वृद्धेश्वराय नमः
- ॐ कुंकुमवापीनाथाय नमः
- ॐ हिंगलाजीश्वराय नमः
- ॐ कामाक्षीस्वामिने नमः
- ॐ मीनाक्षीशाय नमः
- ॐ दमयन्तीस्वामिने नमः
- ॐ भद्रिकास्वामिने नमः
- ॐ प्रितिकर्णोत्पलेशाय नमः
- ॐ दीर्घिकेशाय नमः
- ॐ फलवतीस्वामिने नमः
- ॐ अमानाथाय नमः
- ॐ गोभिलास्वामिने नमः
- ॐ गोपसुतानाथाय नमः
- ॐ उदुम्बरीस्वामिने नमः
- ॐ अष्टषष्टिस्वामिने नमः
- ॐ रत्नवतीस्वामिने नमः
- ॐ शुभाक्षीस्वामिने नमः
- ॐ देवलीलास्वामिने नमः
- ॐ देवनदीश्वराय नमः
- ॐ बहुचराधिनाथाय नमः
- ॐ हिंगुलाजाभृते नमः
- ॐ ब्रह्ममोहिनीनाथाय नमः

- ॐ અનુવૃત્તિસ્વામિને નમઃ
- ॐ વિશાલાપતયે નમઃ
- ॐ પરાવિદ્યાધિપતયે નમઃ
- ॐ દેવતાપતયે નમઃ
- ॐ ચિત્યાકુતિસ્વામિને નમઃ
- ॐ પુરીનાથાય નમઃ
- ॐ કમલેશ્વરીશાય નમઃ
- ॐ પ્રાચીનાથાય નમઃ
- ॐ ઋષિતોયાનાથાય નમઃ
- ॐ ગૌતમીશાય નમઃ
- ॐ વપુષ્મતીશાય નમઃ
- ॐ મણિકર્ણાધિનાથાય નમઃ
- ॐ શ્રીમાતૃસ્વામિને નમઃ
- ॐ પાર્થાધિપતયે નમઃ
- ॐ માહિષ્મતિભૃતે નમઃ
- ॐ ભિલ્લિકાસ્વામિને નમઃ
- ॐ સૌરાષ્ટ્રીશીભૃતે નમઃ
- ॐ વ્યાઘ્રીશાય નમઃ
- ॐ ચિલ્લીનાથાય નમઃ
- ॐ તિથિનાથાય નમઃ
- ॐ આભિચારિણીશ્વરાય નમઃ
- ॐ નિષાદિસ્વામિને નમઃ
- ॐ વ્યાલીસ્વામિને નમઃ
- ॐ ચતુર્ભુજાધિનાથાય નમઃ
- ॐ હર્ષસિદ્ધિભૃતે નમઃ
- ॐ સારિકાપતયે નમઃ
- ॐ વિશ્વરૂપાનાથાય નમઃ
- ॐ શ્રૃગાલીપતયે નમઃ

- ॐ મયૂરીશાય નમઃ
- ॐ મંગલાસ્વામિને નમઃ
- ॐ શૈલીકન્યકાસ્વામિને નમઃ
- ॐ નાલમેધીસ્વામિને નમઃ
- ॐ ભકતાનાથાય નમઃ
- ॐ વિમલાસ્વામિને નમઃ
- ॐ લમ્બિકાસ્વામિને નમઃ
- ॐ મરીચિકાનાધિથાય નમઃ
- ॐ વેદીનાથાય નમઃ
- ॐ ગુણ્ડિચાધિપ્રણાથાય નમઃ
- ॐ ભકતીશ્વરાય નમઃ
- ॐ રોહિણીશાય નમઃ
- ॐ કામદુઘેશાય નમઃ
- ॐ રતીશ્વરાય નમઃ
- ॐ પૃથ્વીશ્વરાય નમઃ
- ॐ સંજ્ઞેશ્વરાય નમઃ
- ॐ દેવિકેશ્વરાય નમઃ
- ॐ વિભાવર્યધિનાથાય નમઃ
- ॐ મૂર્તિકાન્તાય નમઃ
- ॐ રૂકિમણીસ્વામિને નમઃ
- ॐ પ્રેમસખીકાન્તાય નમઃ
- ॐ ગોદાવરીસ્વામિને નમઃ
- ॐ કપિલાસ્વામિને નમઃ
- ॐ સ્વર્ણગૌરી સ્વામિને નમઃ
- ॐ રંભાનાથાય નમઃ
- ॐ શીતલાસ્વામિને નમઃ
- ॐ ચમ્પાસ્વામિને નમઃ
- ॐ સાધ્યાનાથાય નમઃ

- ॐ धन्याधिस्वामिने नमः
- ॐ पुष्पाकान्ताय नमः
- ॐ कोकिलाकान्ताय नमः
- ॐ पूर्णिमाधिपतये नमः
- ॐ मंजरीशाय नमः
- ॐ गालवीशाय नमः
- ॐ याज्ञसेनीशाय नमः
- ॐ श्रीमतीस्वामिने नमः
- ॐ लीलावतीनाथाय नमः
- ॐ कदलीस्वामिने नमः
- ॐ कालिन्दीश्वराय नमः
- ॐ हैमीश्वराय नमः
- ॐ महावेदीश्वराय नमः
- ॐ खनीश्वराय नमः
- ॐ सनातनीश्वराय नमः
- ॐ श्यामानाथाय नमः
- ॐ सर्वेशनीशाय नमः
- ॐ तपस्विनीस्वामिने नमः
- ॐ गायिकास्वामिने नमः
- ॐ कल्पपुत्तलिकेशाय नमः
- ॐ ईशिकास्वामिने नमः
- ॐ लाजाधिपतये नमः
- ॐ प्रेंखानाथाय नमः
- ॐ श्रीमंगलागौरीस्वामिने नमः
- ॐ क्रोधनापतये नमः
- ॐ श्रीवल्लीस्वामिने नमः
- ॐ वीरकन्याधिपतये नमः
- ॐ रणचण्डीश्वराय नमः

- ૐ ગુરૂત્મતીસ્વામિને નમઃ
- ૐ ભીરૂલક્ષ્મીશાય નમઃ
- ૐ બાલાહકીસ્વામિને નમઃ
- ૐ સુસહાસ્વામિને નમઃ
- ૐ કિરણાસ્વામિને નમઃ
- ૐ દ્યુતિસ્વામિને નમઃ
- ૐ નૂત્નકુમારિકાસ્વામિનાથાય નમઃ
- ૐ શત્રુંજયીસ્વામિને નમઃ
- ૐ કાલલક્ષ્મીશ્વરાય નમઃ
- ૐ શ્રાવણીપતયે નમઃ
- ૐ સાંવત્સરીકાન્તાય નમઃ
- ૐ કાલકન્યાધિપતયે નમઃ
- ૐ વહ્નિજાસ્વામિને નમઃ
- ૐ પ્રૈતિનાથાય નમઃ
- ૐ પિત્રીસ્વામિને નમઃ
- ૐ દર્વ્યાદિસ્વામિને નમઃ
- ૐ રાશિકન્યાકાન્તાય નમઃ
- ૐ આનન્દિનીસ્વામિને નમઃ
- ૐ શાન્તિનાથાય નમઃ
- ૐ પરધામ્નીશાય નમઃ
- ૐ પ્રધાનાપતયે નમઃ
- ૐ પ્રાહલાદીપતયે નમઃ
- ૐ વિભૂષાપતયે નમઃ
- ૐ કલિકાદ્યાધિપતયે નમઃ
- ૐ દૈત્યાનિકાધિનાથાય નમઃ
- ૐ સુનન્દિનીભૂતે નમઃ
- ૐ ભોગિનીસ્વામિને નમઃ
- ૐ મહાકાલીનાથાય નમઃ

- ॐ केसरिपृष्ठगाभृते नमः
- ॐ तपतीस्वामिने नमः
- ॐ सौदाम्नीपतये नमः
- ॐ हरिजिह्वाधिपतये नमः
- ॐ दृषद्वतीप्रकान्ताय नमः
- ॐ कृत्तिकास्वामिने नमः
- ॐ करंजनिलयानाथाय नमः
- ॐ लोहितायनिकानाथाय नमः
- ॐ नाट्यनटीस्वामिने नमः
- ॐ नारीश्वराय नमः
- ॐ कथानाथाय नमः
- ॐ संजीवनीनाथाय नमः
- ॐ राणिकापतये नमः
- ॐ अमरपुत्रिकापतये नमः
- ॐ धन्येश्वरीस्वामिने नमः
- ॐ सतीशास्वामिने नमः
- ॐ देवानिकीस्वामिने नमः
- ॐ कृष्णिकास्वामिने नमः
- ॐ कुशानाथाय नमः
- ॐ अनरण्यसुतेशाय नमः
- ॐ परानाथाय नमः
- ॐ हृच्छायिनीनाथाय नमः
- ॐ पट्टकन्यास्वामिने नमः
- ॐ कृतमालाभृते नमः
- ॐ मांजाम्बिकाधिनाथाय नमः
- ॐ जलनारीभृते नमः
- ॐ विद्यास्नातास्वामिने नमः
- ॐ सुषुम्णास्वामिने नमः

- ૐ ઈડાનાથાય નમઃ
- ૐ પિંગલાપતયે નમઃ
- ૐ યશસ્વિનીસ્વામિને નમઃ
- ૐ વિશ્વોદરાભૃતે નમઃ
- ૐ પયસ્વિનીસ્વામિને નમઃ
- ૐ તેજસ્વિનીભૃતે નમઃ
- ૐ પુરીતત્પતયે નમઃ
- ૐ ગાન્ધારીપતયે નમઃ
- ૐ અરજાસ્વામિને નમઃ
- ૐ ચિત્રાંગદાનાથાય નમઃ
- ૐ દૈત્યનારીપ્રણાથાય નમઃ
- ૐ શ્વેતાનાથાય નમઃ
- ૐ રકતાનાથાય નમઃ
- ૐ પીતાનાથાય નમઃ
- ૐ નીલાનાથાય નમઃ
- ૐ જયશ્રીપતયે નમઃ
- ૐ સેવાદેવીશ્વરાય નમઃ
- ૐ ઉર્ધ્વરેતસીપતયે નમઃ
- ૐ આરવીસ્વામિને નમઃ
- ૐ અનાથાસ્વામિને નમઃ
- ૐ ગોપદેવીસ્વામિને નમઃ
- ૐ મેરૂકોટીશ્વરાય નમઃ
- ૐ કલ્પપાવટિકેશાય નમઃ
- ૐ કુલપૂજયાભૃતે નમઃ
- ૐ કિશોરીસ્વામિને નમઃ
- ૐ સુકૃતિસ્વામિને નમઃ
- ૐ રાથીતરીસ્વામિને નમઃ

- ॐ धामकन्याभृते नमः
- ॐ ऋषिपत्नीस्वामिने नमः
- ॐ त्यागिनीस्वामिने नमः
- ॐ मनुकन्याधिपतये नमः
- ॐ भकतकन्याभृते नमः
- ॐ सुराणीपतये नमः
- ॐ असुराणीपतये नमः
- ॐ धनालसाधिपतये नमः
- ॐ त्रयष्टकार्वीभृते नमः
- ॐ द्युमतिपतये नमः
- ॐ सांख्यसतीशाय नमः
- ॐ शीलवतीस्वामिने नमः
- ॐ भीमाश्रीपतये नमः
- ॐ कृष्णानाथाय नमः
- ॐ तुंगभद्रानाथाय नमः
- ॐ ऐलविलाधिनाथाय नमः
- ॐ सह्यद्विजीभृते नमः
- ॐ दुग्धानाथाय नमः
- ॐ जीवन्तीस्वामिने नमः
- ॐ महामारीस्वामिने नमः
- ॐ ह्रस्वबद्रीशाय नमः
- ॐ ब्रह्मयोषित्पतये नमः
- ॐ धीनाथाय नमः
- ॐ सुनन्दापतये नमः
- ॐ लविंगास्वामिने नमः
- ॐ चक्रवाकीस्वामिने नमः
- ॐ मार्जारीशाय नमः

- ૐ જાનકીપતયે નમઃ
- ૐ કાંચનીગંગાપતયે નમઃ
- ૐ ચંદ્રાવતીસ્વામિનો નમઃ
- ૐ ચેરાવતીસ્વામિનો નમઃ
- ૐ શાલાવતીસ્વામિનો નમઃ
- ૐ હરાંગિકાભૃતે નમઃ
- ૐ મીનકંગ્વધિનાથાય નમઃ
- ૐ બ્રહ્મપુત્રીભૃતે નમઃ
- ૐ શિક્ષાંગાપતયે નમઃ
- ૐ મૌકિતકાપતયે નમઃ
- ૐ પન્નામિપતયે નમઃ
- ૐ મણિવર્ણાનાથાય નમઃ
- ૐ નારાયણીસ્વામિનો નમઃ
- ૐ મેનકાંગાભૃતે નમઃ
- ૐ અંગશિવાંગિકાભૃતે નમઃ
- ૐ લવહિતાભૃતે નમઃ
- ૐ લાટિશાપતયે નમઃ
- ૐ કાનિશાપતયે નમઃ
- ૐ માપીંગાપતયે નમઃ
- ૐ સીકયાંગાપતયે નમઃ
- ૐ અંગસ્વાંગાધિનાથાય નમઃ
- ૐ તારિમાપતયે નમઃ
- ૐ અંગહાસ્વામિનો નમઃ
- ૐ પર્ણવર્ણાનાથાય નમઃ
- ૐ મમ્નામ્નિસ્વામિનો નમઃ
- ૐ દેવવર્ણાનાથાય નમઃ
- ૐ રંગવર્ણાસ્વામિનો નમઃ

- ॐ શરભીપતયે નમઃ
- ॐ તરલિકાધિનાથાય નમઃ
- ॐ કુમુદાસ્વામિને નમઃ
- ॐ દેવવરૂથિનીશાય નમઃ
- ॐ શૂરદેવીશ્વરાય નમઃ
- ॐ પિશાચીશતનાથાય નમઃ
- ॐ દીક્ષિતાસ્વામિને નમઃ
- ॐ ત્રિનેત્રિકાધિકાન્તાય નમઃ
- ॐ ચોરૂલાસ્વામિને નમઃ
- ॐ જગતીસ્વામિને નમઃ
- ॐ પાટલિકાનાથાય નમઃ
- ॐ ધ્વજાનાથાય નમઃ
- ॐ યોનિભૃતે નમઃ
- ॐ શિલાનાથાય નમઃ
- ॐ યશોવત્યાદિસ્વામિને નમઃ
- ॐ મેખલાસ્વામિને નમઃ
- ॐ આધિદેવતાસ્વામિને નમઃ
- ॐ પ્રોક્ષણીસ્વામિને નમઃ
- ॐ તુરીદેવીનાથાય નમઃ
- ॐ ભુવનેશીસ્વામિને નમઃ
- ॐ ગંગાપુત્રીશાય નમઃ
- ॐ વલ્ગુપ્રભૃતિનાથાય નમઃ
- ॐ ઈન્દિરાસ્વામિને નમઃ
- ॐ આમ્રજાન્યાદિનાથાય નમઃ
- ॐ વામદેવીસુતાભૃતે નમઃ
- ॐ અમરીસ્વામિને નમઃ
- ॐ માસ્વામિને નમઃ

- ॐ निर्गुणापतये नमः
- ॐ सर्वापतये नमः
- ॐ काश्यपीपतये नमः
- ॐ कुण्डलिनीनाथाय नमः
- ॐ आपस्तम्बादिपतये नमः
- ॐ निजाकान्ताय नमः
- ॐ मत्कुंजेशाय नमः
- ॐ आमजनापतये नमः
- ॐ अकान्तकान्ताकान्ताय नमः
- ॐ ममकान्ताय नमः
- ॐ श्रीरंगाय नमः
- ॐ अशोकसुन्दरीश्रीकान्ताय नमः
- ॐ द्वाद्वशोत्तरसाहस्रयुगलात्माभिध-
  विशिष्टस्वामिने नमः
- ॐ स्वीयास्वामिने नमः
- ॐ शिवराज्ञीलक्ष्मीशाय नमः
- ॐ नारायणीशाय नमः
- ॐ दयाजयारमाहेमीमनूर्जालाडकीभृते नमः
- ॐ मालतीसुगुणाहंसीकस्तूरीपतये नमः
- ॐ मुक्ताभुक्ताधिनाथाय नमः
- ॐ रकृतारिकृताभृते नमः

હે પ્રભો ! તમારી સાથેના મારા સર્વે રૂપો અને યુગલ સુખોને સંભારીને હું અતિ આનંદિત થાઉં છું. તમારી કૃપાથી આ સિવાયના પણ અસંખ્ય સંસ્મરણો થાય છે તેથી હું અતિ અતિ આનંદિત છું. હે કાન્ત ! આપને વારંવાર નમસ્કાર છે. હવે મોક્ષવિષયક અને ધર્મવિષયક એવા તમારા એકાંતિક ભકતોના બીજા ચરિત્રોને હું સાંભળવા ઈચ્છું છું. આ એક હજાર બાર નામ વાળુ યુગલશ્રીકાન્તસ્તોત્ર ધર્મ અર્થ કામ અને મોક્ષરૂપ પરમ ચાર

પુરૂષાર્થોને, સૌભાગ્યને, વંશને, લક્ષ્મી સમ્પદાને, રાજયને, સ્વર્ગને, સર્વભોગોને, પોતાની ગમતી વસ્તુને, સિદ્ધિને, પુણ્યને, મૂર્તિમાં સમાધિને, દિવ્યભાવને, પરામુક્તિભૂને, અલભ્યને, આરોગ્યને, સમૃદ્ધિને દેનાર છે. પાવન છે. તથા પાપ – મૃત્યુ – વિઘ્નો તથા દુઃખોનો નાશ કરનારૂ છે. (આ સ્તોત્રને) વાંચતા સાંભળતા તથા સર્વનામોના અર્થને સંભારતા એવા તમામ નર-નારીઓની તમામ ઈચ્છાઓને પૂર્ણ કરનાર છે. હે હરે ! સાક્ષાત મારા મુખથી પ્રગટ થયેલ હોઈ આ સ્તોત્ર લક્ષ્મીજ (લક્ષ્મીથી ઉત્પન્ન થનાર) અને શ્રીપ્રદ (લક્ષ્મીઆપનાર) છે. (કારણકે) હું લક્ષ્મી સ્તવનરૂપા છું અને સ્તવપાત્ર આપ પતિ છો. (આ સ્તોત્રથી) આપણી સ્તુતિ કરનારાઓ આપણા જેવા થાઓ. હે અંતરાત્મા ! અનાદિશ્રીકૃષ્ણનારાયણ ! આપને નમસ્કાર છે તમારી તમામ સ્ત્રીશક્તિઓને વારંવાર નમસ્કાર છે. (હવે) તમારામાં સ્નેહભાવ અને પુરૂષોત્તમ ભાવને ઉત્પન્ન કરનારા અન્ય ચરિત્રો મને કહો. પૃથ્વી પર આપ અવતારીનો નરનારાયણાદિ અવતારો કઈ રીતે બોધ કરાવે છે ? તે જો લોકને ઉપકારક હોય તો મને કહો. અવતારીજ્ઞાન વિના ઉત્તમ ઉપાસના થતી નથી. તેથી હે પ્રભો! હે કાન્ત ! કાન્તા એવી મને (આ જ્ઞાન) કહો.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપર સન્તાનમાં બ્રહ્માના પાંત્રીસમાં વર્ષે અનાદિશ્રીકૃષ્ણનારાયણનું શ્રીશિવરાજ્ઞીશ્રીસહિત પ્રાગટય અને યુગલશ્રીકાન્તા સ્તોત્રાદિ કથન નામે આડત્રીસમો અધ્યાય ॥૩૮॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૯૫

શ્રીનારાયણીશ્રી બોલ્યા : હે કાન્ત ! હે સ્ત્રીઓને કૃપા વડે વશ થનાર ! સ્ત્રીઓને પોતાની મુક્તિ માટે કયો જપ

કરવો જોઈએ ? કોણ પુજય છે ? અને કોણ નમસ્કાર કરવા યોગ્ય છે ?

શ્રીપુરૂષોત્તમ બોલ્યા : ભામિનીઓએ સદા સુખને દેનાર મારા નામોમાં ઉત્તમ એવા 'શ્રીકાન્ત' નામનો જપ કરવો જોઈએ તેનાથી હું તેમને નક્કિ જ મુક્તિ આપું છું. વિધવાઓએ પોતાની મુક્તિ માટે વારંવાર હે હરે ! હે કૃષ્ણનારાયણ ! હે પ્રભો ! હે પતે ! એમ જપ કરવો જોઈએ. કન્યાઓએ સદા મારૂં 'રાધાવર' આ નામ જપવું જોઈએ. વૃદ્ધાઓએ સર્વદા 'લક્ષ્મીનારાયણ' આ મન્ત્રનો જપ કરવો જોઈએ. 'અનાદિશ્રીકૃષ્ણનારાયણ' આ મન્ત્ર ઉત્તમ છે તેથી તમામ સ્ત્રીઓએ સર્વસિદ્ધિ માટે આ મન્ત્રનો જપ કરવો જોઈએ. સુવર્ણાદિકની પ્રતિમાઓમાં અને પતિમાં શ્રીકૃષ્ણવલ્લભ પતિ પરમેશ્વર એવો હું જ પૂજવા યોગ્ય અને નમસ્કાર કરવા યોગ્ય છું.

શ્રીનારાયણીશ્રી બોલ્યા : માનવોએ સર્વદા વ્રતમાં, મહોત્સવમાં, ઘરમાં, મંદિરમાં, દેવપૂજામાં, શ્રાદ્ધમાં, પ્રવાસમાં, પ્રસ્થાનમાં, પ્રવેશમાં, વિવાહમાં, શુભકર્મોમાં, ગૃહારંભમાં, ખેતીકાર્યમાં, ઉદ્યમમાં, વિજય પ્રાપ્ત કરવામાં, અભ્યુદયમાં, સ્વાસ્થ્યમાં, વૈમનસ્યમાં, અનિષ્ટમાં, શુભ-અશુભ ઈત્યાદિમાં પોતાના ઈષ્ટફળની પ્રાપ્તિ માટે શું જપ કરવા યોગ્ય છે ?

શ્રીપુરૂષોત્તમ બોલ્યા : સર્વત્ર લાભ દેનારૂ, શાન્તિ પુષ્ટિ દેનારૂ, ભયનો નાશ કરનારૂ, રક્ષા કરનારૂ, શત્રુ દ્વારા કરાયેલ વિઘ્નોનો નાશ કરનારૂ, સાધુ પુરૂષોને સમ્મત, સર્વ પાપોનો વિનાશ કરનારૂ બ્રહ્મશર કહું છું જેનો જપ કરીને દેહી સર્વ પાપોથી મુકાય છે, આયુષ્યમાન થાય છે અને ઉત્તમ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. હે પદ્મજે ! જયારે હું તમારી સાથે સૃષ્ટિમાં આવ્યો ત્યારે અક્ષરધામમાં મારી સંતુષ્ટી માટે અક્ષરબ્રહ્મની સામ્યતાવાળુ મુકતોના મંડળોએ સહિત (આ) વાઙ્મય થયું હતું.

- ॐ श्रीपरमेशाय नमः
- ॐ अक्षराधिपाय नमः
- ॐ मुक्ताधिनाथाय नमः
- ॐ ब्रह्मप्रियाजुषे नमः
- ॐ हरिप्रियादिपतये नमः
- ॐ अवतारिणे नमः
- ॐ अनादिकृष्णनारायणाय नमः
- ॐ परमात्मने नमः
- ॐ ईश्वरनाथाय नमः
- ॐ ईश्वरीणीस्वामिने नमः
- ॐ व्यूहाधिनाथाय नमः
- ॐ वैष्णवीस्वामिने नमः
- ॐ नारायणीशाय नमः
- ॐ श्रीलक्ष्मीशाय नमः
- ॐ अन्तर्यामिणे नमः
- ॐ वेदनिधये नमः
- ॐ सहस्रशीर्षाय नमः
- ॐ असंख्यनाम्ने नमः
- ॐ विष्णवे नमः
- ॐ शंभवे नमः
- ॐ अजाय नमः
- ॐ त्रिरूपाय नमः
- ॐ आदित्येभ्यो नमः
- ॐ वसुभ्यो नमः
- ॐ अश्विभ्यां नमः
- ॐ सर्वसुरेभ्यो नमः
- ॐ यज्ञदेवेभ्यो नमः

- ॐ कालाय नमः
- ॐ मृत्यवे नमः
- ॐ विश्वदेवेभ्यो नमः
- ॐ पितृभ्यो नमः
- ॐ सिद्धेभ्यो नमः
- ॐ मुनिभ्यो नमः
- ॐ साधुभ्यो नमः
- ॐ गणेश्वरेभ्यो नमः
- ॐ सर्वपार्षदेभ्यो नमः
- ॐ साध्वीभ्यो नमः
- ॐ सतीभ्यो नमः
- ॐ देवीभ्यो नमः
- ॐ मातृभ्यो नमः
- ॐ जनकेभ्यो नमः
- ॐ वृद्धेभ्यो नमः
- ॐ विप्रेभ्यो नमः
- ॐ पूजयवर्गेभ्यो नमः
- ॐ तीर्थेभ्यो नमः
- ॐ कंभरायै नमः
- ॐ महालक्ष्म्यै नमः
- ॐ सन्तुष्टायै नमः
- ॐ माणिकयायै नमः
- ॐ प्रभावत्यै नमः
- ॐ प्रज्ञायै नमः
- ॐ लक्ष्म्यै नमः
- ॐ श्रियै नमः
- ॐ राधिकायै नमः

- ॐ કમલાયૈ નમઃ
- ॐ શ્રીમદ્ગોપાલકૃષ્ણાય નમઃ
- ॐ મહાવિષ્ણવે નમઃ
- ॐ સપ્તર્ષિભ્યો નમઃ
- ॐ માનવેભ્યો નમઃ
- ॐ બ્રાહ્મણેભ્યો નમઃ
- ॐ ચમત્કારિપુરૂષેભ્યો નમઃ
- ॐ સદ્ગુરૂભ્યો નમઃ
- ॐ ધર્માય નમઃ
- ॐ ભકત્યૈ નમઃ
- ॐ કૃષ્ણાય નમઃ
- ॐ હરયે નમઃ
- ॐ નરાય નમઃ
- ॐ તત્પૂર્વજાય નમઃ
- ॐ વૃષજેભ્યો નમઃ
- ॐ સમસ્તદિક્પાલેભ્યો નમઃ
- ॐ સમસ્તલોકપાલેભ્યો નમઃ
- ॐ ગુરૂભ્યો નમઃ
- ॐ મોક્ષદેભ્યો નમઃ
- ॐ શાન્તિદેભ્યો નમઃ
- ॐ પાલકેભ્યો નમઃ
- ॐ પવિત્રેભ્યો નમઃ
- ॐ પાવનેભ્યો નમઃ
- ॐ પાવકેભ્યો નમઃ
- ॐ તત્વેભ્યો નમઃ
- ॐ ઐશ્વર્યેભ્યો નમઃ
- ॐ સર્વબ્રહ્મવિદ્યાભ્યો નમઃ

- ॐ मुक्तिदाभ्यो नमः
- ॐ गुर्वीभ्यो नमः
- ॐ कामधेनुभ्यो नमः
- ॐ सदभ्यो नमः
- ॐ तापसेभ्यो नमः
- ॐ शीलधर्मिभ्यो नमः
- ॐ योगिभ्यो नमः
- ॐ सर्वात्मने नमः
- ॐ अनादिकृष्णनारायणाय नमः
- ॐ स्वतःप्रकाशरूपाय नमः
- ॐ मन्त्रनिधये नमः

આ બધા બ્રહ્મસ્વરૂપો કીર્તિ વધારનારા છે. તેનું કીર્તન (ઉચ્ચારણ- સ્મરણ) કરવું તથા દેવતાઓનું મુકતોનું અવતારોનું અને ઈશ્વરોનું કીર્તન કરવું. સર્વશાસ્ત્રો દ્વારા પ્રબોધિત સર્વભૂતોને મંગળરૂપ પવિત્ર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ એવા મારૂ સંકીર્તન કરવું. વ્યાધિઓને દુર કરનાર, સિદ્ધિ દેનાર તથા પુષ્ટિ દેનાર હોઈ સવારે, સાયંકાળે, રાત્રિમાં, અહોનિશ સર્વદા મારૂ કીર્તન કરવું. આ બધા દેવતાઓ મનુષ્યોને સર્વકાર્યની સિદ્ધિ પ્રદાન કરનારા છે અને એમનું કીર્તન કરવાથી રક્ષણ કરે છે અને કામનાઓ પુરી કરે છે. વળી આ બધા નાયક છે (શ્રેષ્ઠ) અને કર્મોના સાક્ષી છે તેથી કીર્તન કરાયેલા અને કીર્તનથી સંતુષ્ટ થયેલા મનુષ્યોના તમામ અશુભને દૂર કરે છે. આવી રીતે બ્રહ્મમૂહુર્તમાં (વહેલી સવારે) ઉઠીને વારંવાર નમસ્કાર કરવા. (આ સ્તોત્ર પાઠ કરનારને) અગ્નિ કે ચોરનો ભય રહેતો નથી અને માર્ગમાં રૂકાવટ થતી નથી, અશુભ થતું નથી. પગલે પગલે નક્કિ તેનું શુભ જ થાય છે. તેને દુઃસ્વપ્ન થતુ નથી અને ક્ષણે ક્ષણે તે સ્વસ્તિમાન થાય છે. તેના સર્વ પાપો નાશ પામે છે અને તમામ પુણ્યો ઉદિત

થાય છે. તમામ વ્યાધિઓ અને રોગોનો નાશ થાય છે અને કુળમાં કલ્યાણ થાય છે. પોતાના પુત્રોની સ્ત્રીઓની કુંટુંબીઓની ધનની ઔષધીઓની રક્ષા આ 'બ્રહ્મશર' કરે છે. આ બ્રહ્મશરનો પાઠ કરનારના શત્રુઓ રણમાં નાશ પામે છે તે વિજય પામે છે. દૈવકાર્યમાં આનો પાઠ કરવાથી દેવતાઓ અને પિતૃકાર્યમાં આ બ્રહ્મશરનો પાઠ કરવાથી પિતૃઓ તૃપ્ત થાય છે. આ બ્રહ્મશર પ્રવાસ અને શુભ કાર્યમાં સફળતા આપે છે. આ બ્રહ્મશરનો પાઠ કરવાથી મલિનતા દૂર થાય છે અને સદા નિર્મળતા રહે છે. (આ બ્રહ્મશરનો પાઠ કરવાથી) પોતાના ઈષ્ટકાર્યની પરાસિદ્ધિ થાય છે એમાં સંશય નથી. આ બ્રહ્મશરના જપ કરનારને રાજાનો, આપત્તિઓનો, શત્રુઓનો, પિશાચોનો, સર્પોનો, રાક્ષસોનો, અગ્નિનો, જળનો, પવનનો, આકાશનો, ભુકંપનો તથા ગ્રહોનો ભય રહેતો નથી. જયાં બ્રહ્મશર સ્તોત્ર છે દુઃખ ત્યાંથી વિલીન થઈ જાય છે. ત્યાં બાળકો મૃત્યુ પામતા નથી, સંપત્તિનો નાશ થતો નથી. આ સ્તોત્રનો પાઠ કરવાથી ધનની મહારાશી મળે છે. ગાયો બહુવત્સા થાય છે. આવું આ બ્રહ્મશર સ્તોત્ર શર અર્થાત્ તીરની જેમ રક્ષણ કરનારૂ છે. હે લક્ષ્મિ ! તમને મેં આ સનાતન બ્રહ્મ સત્ય કહયું. સર્વભુતોના હૃદયભૂત મારી આ ફળશ્રુતિરૂપ વાણી સનાતની છે. (જીવો) દેવતાઓનો જપ કરીને સ્વર્ગને પામે છે. મહાવિષ્ણુ અને ઈશ્વરોના જપ કરીને તેમના લોકોને પામે છે. અવતારોનો જપ કરીને ધામને પામે છે. અનાદિ હરિકૃષ્ણ નારાયણ એવા મારૂ સંકીર્તન (જપ) કરીને મારા અક્ષરપદને પામે છે. લક્ષ્મીનો જપ કરીને સંપદા પામે છે. રાધા તથા અશ્વિનીકુમારોનો જપ કરીને ઉત્તમ રૂપ પામે છે. ધર્મનુ સ્મરણ કરીને ધર્મને પામે છે. બ્રહ્મનું સ્મરણ કરીને અક્ષય સુખને પામે છે. સત્પુરૂષોનું સ્મરણ કરીને સર્વદા પુણ્ય અને નિર્વિઘ્નતા પામે છે. તમામ કાર્યો અને અર્થની સિદ્ધિ માટે બ્રહ્મશર સ્તોત્રનો

જપ કરવો. સર્વપાપોની શાન્તિ માટે સત્પુરૂષોને પૂજવા, સાધુઓનો રાજીપો તો ઈશ્વરોને પણ સિદ્ધ કરી દે છે. સાધુજનને રાજી કરીને કયારેય દુઃખી થવાતું નથી, સન્તપુરૂષો પરમેશ્વરની જેમ પૂજનીય નમસ્કાર કરવા યોગ્ય અને સેવા કરવા યોગ્ય છે. સંતો પાસે હંમેશા દીનજનની જેમ વર્તવું. સન્તો દયાળુ હોય આ સર્વ લોકોને ધારણ કરે છે. ભક્તિયુકત હોય ભજનથી શરણાગતનું રક્ષણ કરે છે. સાધુપુરૂષો ભગવાન શ્રીહરિના યોગથી મહાન ધર્મસેતુ છે. સાધુઓ સ્ત્રીધનના ત્યાગી, વાણીને સંયમમાં રાખનારા, યોગી, પ્રાણી માત્રને દર્શન કરવા યોગ્ય, શીલવાન, વ્રતોનું આચરણ કરનારા, લોકોનો મોક્ષ કરનારા, શાસ્ત્રો દ્વારા વિહિત વિધિ નિષેધનું પાલન કરનારા, શાસ્ત્રોના લેખક, શાસ્ત્રોના દર્શક, ધર્મરૂપી ઉદ્યમ પરાયણ, તપ અને ભક્તિ જેનું ધન છે એવા, શ્રીહરિના વિપુલ બળવાળા, સર્વધર્મોને આશ્રય કરવા યોગ્ય, દિવ્ય દ્રષ્ટિવાળા, મોક્ષની કામનાવાળા, ધર્મ, ભક્તિ અને ધર્મસેતુમાં સ્થિત રહેનારા, જેનો આશ્રય કરીને તમામ પ્રજાઓ અને દેહીઓ જીવે છે એવા હોય છે. મુક્તિગામીઓને સાધુઓ અને બ્રહ્મની (પરબ્રહ્મની) ઉપાસના આ બે માર્ગ છે. સાધુઓ સનાતન, ભોજનાદિ વડે યજ્ઞના પુણ્યનું ફળ દેનારા, હવ્યકવ્ય આદિમાં અગ્રભોજી (સૌથી પહેલા જમાડવા લાયક) પિતૃદેવોનો ઉદ્ધાર કરનારા, પોતાના આશીર્વાદથી ત્રણેય લોકોને માયિક ભયથી ઉગારનારા, સર્વ લોકોના અને નેત્રધારીઓના સૂર્ય, સર્વકથાઓની શ્રુતિ તે રૂપ ધનવાળા, નિપુણ, મોક્ષદેનારા, સર્વ સ્વજનોની ગતિને જાણનારા, અધ્યાત્મગતિનું ચિંતન કરનારા. આરંભ અંત આદિનો બોધ કરાવનારા, પરમ ગતિ તરફ ગતિ કરનારા, પર અવર આદિના વિજ્ઞાનવાળા, આત્માનો બોધ કરાવવો ઈત્યાદિ શોભાવાળા, વિમુકતો, પાપરહિત, આશ્રિતોના પાપને ધોનારા, દ્વન્દ્વે રહિત, માયાના બન્ધનોએ રહિત, પરિગ્રહ (સંગ્રહ) નહિ

કરનારા, રાગે રહિત, માન આપવા યોગ્ય, વૈષ્ણવો મહાત્માઓ અને સત્પુરૂષો દ્વારા મનાએલા, કાદવનો લેપ અને ચંદનનો લેપ તેમાં સમાન ભાવવાળા, ઈષ્ટ (મધુર રસ) રસ અને કડવા રસમાં સમાન ભાવવાળા, રેશમી વસ્ત્રમાં મૃગચર્મ અને દુકૂલ ઈત્યાદિમાં સમાનભાવવાળા, અનશનમાં રત રહેનારા, તપ વિદ્યા અને વ્રતો વડે શરીરને સુકવનારા, ભાગ્યરહિતને સારાભાગ્ય (ધન-ધાન્યાદિ સમૃદ્ધ) વાળો કરનારા હોય છે. સાધુઓ પોતાના તપોબળથી અન્ય લોકોનું સર્જન કરે છે. એ વિપ્રોના પણ વિપ્ર અને દેવતાઓના પણ દેવતા, પ્રમાણોના પણ પ્રમાણ છે. શાસ્ત્રો સાધુઓના ભૂષણ છે. વૃદ્ધ, બાળક, નિર્ધન, ધનવાન, નારી કે નરને સમાનપણે માન દેનારા, તપ અને વિદ્યાથી જે વિશેષ હોય તેને વિશેષ માન દેનારા હોય છે. સાધુ અવિદ્વાન હોવા છતાં બ્રહ્મને જાણનારા હોઈ મહાન પાત્ર છે અને પરબ્રહ્મના વિષયમાં વિદ્વાન હોઈ પાવન અને ઉત્તમપાત્ર છે. અવિદ્વાન હોય કે વિદ્વાન હોઈ સાધુ એ મહાન દૈવત છે. શ્મશાનમાં રહેવા છતા જેમ તેજસ્વિ અગ્નિ દૂષિત થતો નથી તેમ સંસારચક્રમાં રહ્યા હોવા છતાં સત્પુરૂષો કયારેય દૂષિત થતા નથી અને જેમ યજ્ઞમાં હવિનું ભક્ષણ કરતો અગ્નિ શોભે છે (તેમ સંસારમાં ભગવત્સંબંધી ભોગને ભોગવતા સત્પુરૂષો શોભે છે.) સાધુઓ સૂર્ય, ચંદ્ર ઈત્યાદિને પણ પૂજવા યોગ્ય અને ઈશ્વરોના પણ ઈશ્વર છે. સાધુઓની પૂજા કરવાથી આયુ યશકીર્તિ અને બળ મળે છે. ભક્તિ, મુક્તિ અને ભાગ્ય રાત-દિવસ સદા વધે છે. સાધુઓની પૂજા કરનારા આલોક અને પરલોકમાં ઈશ્વરો થાય છે. ધર્મ- અર્થ – કામ - અને મોક્ષમાં, યશ – ધન અને રોગની શાન્તિમાં, દેવ અને પિતૃ પૂજામાં નિર્મળ સંતોને સંતોષિત કરવા. આ લોક અને પરલોકમાં સાધુઓ માધવ (ભગવાનનું સ્વરૂપ) છે અને સંતોષ પામેલા તે ભગવાનની જેમ જ સંસારને તારનારા થાય છે. કશ્યપના ઘરે

બ્રહમાના માનસપુત્ર સાધુ, વૈષ્ણવ, તપસ્વિ પ્રણદ્બ્રહ્મ નામક સન્યાસી હતા. તે શીલવ્રતવાળા, જટાવાળા, કૃશશરીરવાળા અને મહૈશ્વર્યાદિ સિદ્ધિઓથી યુકત હતાં. તે પ્રાયઃ (મોટા ભાગે) મૌનપરાયણ અને માળા જપમાં મગ્ન રહેતા. કશ્યપ સદા પ્રાતઃકાળે તેમની ભોજન પાણી ઈત્યાદી અર્પણ કરીને વળી પાદ સંવાહનાદિકે (પગ દબાવવા) કરીને સેવા કરતા હતા અને આ પ્રણદ્બ્રહમ પણ કૃષ્ણનારાયણ હરિ એવા મારી ભકિત પરાયણ અને ધ્યાન પરાયણ પ્રાયઃ રહેતા હતા. તે પોતાની ઈચ્છાથી મનુષ્યલોક, નાગલોક તથા અન્ય દિવ્યલોકોમાં ફરી પુનઃમાહાત્મા કશ્યપના ઘરે આવતા. એક વાર પ્રણદ્બ્રહમે કશ્યપને કહ્યું કે મને માલપુવા અને દુધપાક જમાડો તેથી કશ્યપે તેમને જમાડ્યા પછી પ્રણદ્ બ્રહમે સેવક એવા કશ્યપને કહ્યું કે દુધથી મારા અંગોને વારંવાર ચોળો. કશ્યપે જેમ કહ્યું તેમ તેમના પુરા શરીરને દુધથી ચોળ્યું અને પછી દુધથી નવરાવ્યાં. પછી પ્રણદ્ બ્રહમે તે સ્નાન કરાયેલુ ઈચ્છિષ્ટ દુધ લઈ કશ્યપના મુખ, મુર્ધા ઈત્યાદિ અંગોએ લગાડયું અને બાજુમાં ઉભેલી યુવતી અદિતિને જોઈ હાથથી તેને ખેંચી તેના મુખમાં, વક્ષસ્થળમાં, કટિપ્રદેશમાં, સાથળમાં, પૃષ્ઠભાગમાં (વાંસામાં) નિતમ્બમાં તે દુધ લગાડ્યું અને પછી તેને છોડી દીધી. વળી તે મુનીશ્વર પ્રણદ્બ્રહ્મની દુધથી ખરડાયેલી સંપૂર્ણ શરીરવાળી અદિતિને કહ્યું કે મને તમારા ખભે બેસારી બહાર બધાની સામે મારૂ વહન કરો ત્યારે અદિતિ તેમને ખભે બેસારી બહાર ગયા. તે બાલયૌવનાને પ્રણદ્બ્રહ્મમુનિ પત્ર અને લતાઓ વડે તાડિત કરતા હતા (મારતા હતા). તે અદિતિ પણ સર્વ લોકોને જોતા સાધુને પોતાના ખભે બેસારી બધી બાજુ (નગરમાં) ફરી રાજમાર્ગે ઘરે (મુનિએ બતાવેલ રસ્તે) આવી. કશ્યપ અને અદિતિને આનું લેશમાત્ર પણ દુઃખ ન થયું. ઘરે આવીને તે મુનિરાજ અદિતિના ખભા પરથી ત્વરિત જમીન પર

પડયા તેથી કશ્યપ, અદિતિ અને અન્ય સ્ત્રીઓ તુરંત તેમની પરિચર્યા કરવા લાગ્યા અને હે ભગવન ! રાજી રહો રાજી રહો તેમ કહેવા લાગ્યા. ત્યાર પછી સંતુષ્ટ થયેલા તે પ્રણદ્બ્રહમે અદિતિને કહયું કે તમે દેવમાતા થશો. અને હે કશ્યપ ! તમે ક્રોધને જીતી લીધો છે તેથી તમે સર્વ પ્રજાના પિતા થશો તેમાં સંશય નથી. તમારા વંશમાં મારી જેવા બ્રહમધ્યાન પરાયણ, વંશનો ઉદ્ધાર કરનારા, સ્ત્રીઓએ યુક્ત, ગૃહમેધિ (ગૃહસ્થ), કરોડો અબજો સાધુઓ થશે. તમામ પ્રકારના પુત્રો તમારા જ હશે. તમારી પુણ્યકીર્તિ નિત્ય રહેશે તેમાં સંશય નથી. હે કશ્યપ ! તમારા વંશમાં લોકોના ઉદ્ધાર માટે શ્રીહરિનું પ્રાગટય પણ વારંવાર નિશ્ચિત થશે. તમને કે અદિતિને વૃદ્ધાવસ્થા કે રોગો કયારેય લાગશે નહિ અને અદિતિ તમે સર્વસ્ત્રીમાં મુખ્ય થશો. સાધુઓના પ્રતિ તમારી આવી જ સદ્બુદ્ધિ રહો એમ કહીને તે વિરામ પામ્યાં અને સ્નાન કરીને શુદ્ધ થયા (વળી કહેવા લાગ્યા) હે અદિતિ ! તમારા પુત્રો અમૃતપાન કરનારા, પાયસ, અન્ન, ફળો જમનારા શુભ દેવતાઓ થશે. હે કશ્યપ ! તમારી અન્યસ્ત્રીઓ દૈવયોગે કરીને કયારેક પ્રસાદભાગી થશે. તમે સુખી થાઓ. કશ્યપ ! તમારા ઘર સર્વ સમૃદ્ધિથી યુકત થાઓ અને એમના આશીર્વાદ પ્રમાણે જ બધું થયું હે લક્ષ્મિ ! આવી રીતે સાધુ પ્રણદ્બ્રહમ ના આશીર્વાદ અને કશ્યપની સંશય શૂન્ય સેવા ફળી. ભગવત્માતા અદિતિને પણ સાધુ સેવા ફળી. વારંવાર દેવતાઓની માતા અદિતિ જ થાય છે બીજી નહી. હે લક્ષ્મિ ! સાધુઓની સેવાનું ફળ ભોગ અને મોક્ષ દેનાર, સર્વસમ્પતિ દેનાર અને કામનાપૂર્તિ કરનાર છે. સર્વે દેવતાઓ દ્વારા, માનવો દ્વારા, લોકપાલ દ્વારા, દિક્પાલ દ્વારા, ઈશ્વરો દ્વારા સાધુઓ સતત પૂજાય છે. એક બાજુ સર્વભૂતોની સેવા હોય અને એક બાજુ સત્પુરૂષોની સેવા હોય તો સત્પુરૂષોની સેવાના ફળની આગળ બીજા સોળમાં

ભાગમાં પણ આવતા નથી. આ અધ્યાયને વાંચવાથી, સાંભળવાથી સત્પુરૂષોની સેવાનું ફળ, ભુક્તિ મુક્તિ મળે છે અને શાશ્વત આનંદના (મોક્ષના) ભોગી થવાય છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપર સન્તાનમાં પૂજનીય નમસ્કરણીય સાધુજનના માહાત્મયમાં પ્રણાદ્બ્રહમ સાધુના આશીર્વાદથી અને સેવાથી કશ્યપ અદિતિને માતૃત્વ પિતૃત્વની પ્રાપ્તિ થઈ એ નામે પંચાણુમો અધ્યાય. ॥૯૫॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૬૭

શ્રીનારાયણીશ્રી બોલ્યા : હે કેશવ ! આપત્કાળને પામેલા તમારા ભક્ત અને ભકતાઓનો એ આપત્કાળ કેમ નાશ પામે ? વળી પાપનાશ પણ કેવી રીતે થાય ? શ્રીપુરૂષોતમ બોલ્યાઃ અશકત, વ્રત ન કરી શકે એવા અને જ્ઞાનરહિત દેહિઓને આપત્કાળ અને પાપાદિકનો નાશ કરવા 'વ્યપોહન સ્તોત્ર'નો પાઠ કરવો. એકાગ્રમનવાળા થઈને પરમેશ્વરની, અવતારોની, મુકતોની, ઈશ્વરોની, પિતૃદેવતાઓની, ઋષિઓની, ગુરૂઓની, ભાગવતોની, સાધુઓની અને ભકતોની સ્તુતી કરવી જોઈએ. અનન્યશરણ થઈને જે પ્રાર્થના કરે છે તે સુખી થાય છે. હે રમે! સર્વ સિદ્ધિને દેનાર આ દિવ્ય સ્તોત્ર તમને કહુ છું જે સાંભળનાર વાંચનાર કે વંચાવનાર સર્વેની ઈચ્છિત વસ્તુનો તુરંત આપનાર છે.

નમોઽનાદિકૃષ્ણનારાયણાય પરમાત્મને ।
મહાભગવતે મુકતાક્ષરેશાય પરાત્મને ॥
સૃષ્ટિત્રયાધિનાથાય સર્વાન્તર્યામિણે નમઃ ।
પરબ્રહ્મણે પુરૂષોત્તમાય ચાવતારિણે ॥

(પરમાત્મા, મહાભગવાન, અનંતઅક્ષર મુકતોના નાથ, પરાત્મા, ત્રણેય સૃષ્ટિના અધિપતિ, સર્વાન્તર્યામિ, પરબ્રહ્મ, પુરૂષોતમ, અવતારિ એવા અનાદિકૃષ્ણનારાયણને નમસ્કાર)

સર્વજ્ઞ, સર્વ જગ્યાયે વાસ કરનાર, શ્રીનિવાસ, બધી જગ્યાએ સ્થિત અને સૌથી પર અક્ષરમાં રહેનાર મુકતોના પતિ આપત્તિઓ અને પાપોને દૂર કરો. અવતારી, પરબ્રહ્મ, દિવ્યાત્મા, શ્રીનારાયણ અને પરમેશ્વર ભગવાન આપત્તિઓ અને પાપોને દૂર કરો. અનાદિ, અનંત, સર્વેશ, સર્વવિદ્યાને ધારણ કરનાર, સર્વપ્રદ અને સુખદેનાર હરિ આપત્તિઓ અને પાપોને દૂર કરો. અણુથી પણ અણુ અને મહતથી પણ મહત, વિશ્વપૂજિત અનાદિશ્રીકૃષ્ણનારાયણ આપત્તિઓ અને પાપોને દૂર કરો. બ્રહમપ્રિયાને પ્રિય, કાન્ત, શાન્ત, સ્નેહથી સભર, હરિપ્રિયાના મનને હરનાર પ્રભુ આપત્તિઓ અને પાપોને દૂર કરો. મુકતમંડળ અને મુકતાનિકાઓથી સારી રીતે સેવાયેલા, કમનીય પરઃકાન્ત આપત્તિઓ અને પાપોને દૂર કરો. અવતારી, પરિપૂર્ણ, પરંબ્રહ્મ, પરાત્પર, પરમ અને પરાવરેશ આપત્તિઓ અને પાપોને દૂર કરો. શ્રીપતિ, શ્રીધર, શ્રીહૃત્, શ્રીમાન, શ્રીદ, શ્રીપાદ, શ્રીહરિ અને શ્રી કહેતા લક્ષ્મીએ સહિત કૃષ્ણ આપત્તિઓ અને પાપોને દૂર કરો. લક્ષ્મીપતિ, લક્ષ્મીધર, લક્ષ્મીહૃત્, લક્ષ્મદાયુકત અને લક્ષ્મીસેવાથી અતિ સંતુષ્ટ અવા હરિ આપત્તિઓ અને પાપોને દૂર કરો. રાધાપતિ, રાધાધૃક, રાધાહૃત્, રાધાએ યુકત, રાધાત્મા એવા રાધિકાકૃષ્ણ આપત્તિઓ અને પાપોને દૂર કરો. માણિકી જેનુ વાહન છે, માણિકીના જે ઈશ્વર છે, માણિકીના જે પ્રભુ છે અને માણિકી દ્વારા જે અભિનવહાર છે તે આપત્તિઓ અને પાપોને દૂર કરો. ગોલોકેશ, ગોપિકેશ, ગોપીઓ અને ગોપોથી પૂજાએલા ગોધૃક એવા ગોપાલકૃષ્ણ આપત્તિ અને પાપને દૂર કરો. નૃધર, નૃપતિ, નાથ, નારાયણ, નરોત્તમ અને વૈકુંઠવાસી ભગવાન આપત્તિઓ અને પાપોને દૂર કરો. વસુદ, વાસુદેવ, ધર્મ અર્થ કામ અને મોક્ષ દેનાર, અમૃતાદ અને

અમૃતદ આપત્તિઓ અને પાપોને દૂર કરો. ભૂમિદ, ભૂસ્થિત, ભૂમા, ભૂવાનના ભાગ્યને વધારનાર અને ભૂસત્તા એવા અવ્યાકૃતસ્વામી આપત્તિઓ અને પાપોને દૂર કરો. વેદનું રક્ષણ કરનારા, ધરાધૃક, મન્દ્રધૃક, જ્ઞાનધૃગ, ગોધૃગ, ગોદોહન અને હંસ એવા હરિ આપત્તિઓ અને પાપોને દૂર કરો. તાપસ, વત્સલ, સાધુ, ભિક્ષુ, ક્રૂર, અધ્વર, વની, બાલ, ભિષગ્વર અને ક્લેશી આપત્તિઓ અને પાપોને દૂર કરો. સમ્રાટ, શાસ્ત્રી, કૃષ્ણકાન્ત, પ્રાજ્ઞ, આવેશ, અંશ, કલા અને વિભૂતી આ અવતારોનું કારણ એવા શ્રીહરિ આપત્તિઓ અને પાપોને દૂર કરો. પૂર્ણ, પર, વ્યૂહ, ઐશ, અન્તર્યામી, અર્ચા, વિભવ, ઐત્ય, સન્યાસી ઈત્યાદિ સ્વરૂપ ધારણ કરનારા આપત્તિઓ અને પાપોને દૂર કરો. સર્વધામમાં નિવાસ કરનારા, અનેક સ્વરૂપવાળા, જડ ચેતનના શાસ્તા એવા પરમેશ્વર મારી આપત્તિઓ અને પાપોને દૂર કરો. નારાયણીશ્રી, પુરેશી, માધવી, પુરૂષોત્તમી, કાષ્ણી, શ્રી અને લલિતાલક્ષ્મી આપત્તિઓ અને પાપોને દૂર કરો. ભાર્ગવી, દુ:ખહા લક્ષ્મી, શિવરાજ્ઞી, વૈષ્ણવી, પદ્મિનિકા અને પદ્મજા મારી આપત્તિઓ અને પાપોને દૂર કરો. કંભરાશ્રી, મહાલક્ષ્મી, વાસુદેવી, પરમેશ્વરી, આક્ષરી અને શ્રીભગવતી આપત્તિઓ અને પાપોને દૂર કરો. પૌરૂષી, પ્રાકૃતિ, દેવી, માયેશી, પાર્વતી, પ્રભા, પારબ્રહ્મી, રમા અને માતા આપત્તિઓ અને પાપોને દૂર કરો. ભૂમ્ની, પદ્મા, વૈરાજી, ગંગા, રેવા, સરસ્વતી, ગાયત્રી, ગોમતી અને ગોપી આપત્તિ અને પાપને દૂર કરો. સાદાશૈવી, માહેશી, બ્રાહ્મી, બ્રહ્મપ્રિયા, સતી, સાધ્વી, સ્વામિની અને ચાન્દ્રી આપત્તિ અને પાપને દૂર કરો. હિરણમયી, કાનકી, હરિણી, સ્વર્ણરૂપિણી, વૈકુંઠા, તુલસી અને વૃન્દા આપત્તિઓ અને પાપોને દૂર કરો. સિદ્ધા, પૈત્રી, સિદ્ધિરૂપા, ચમત્કૃતિ, સુધૈનવી, સુધા, અમૃતા અને પાશવતી આપત્તિઓ અને પાપોને દૂર કરો. પ્રભા, સૌરી, પાર્ષદાની, ઐશ્વરી, દેવતા, રતિ, પ્રીતિ, ભક્તિ અને વ્રતરૂપા

આપત્તિઓ અને પાપોને દૂર કરો. સૌમ્યા, પુરાતની, દિવ્યા, સન્તુષ્ટા, તૃપ્તિ, અબ્જિકા, કમલા, અમ્બા અને શારદા મારી આપત્તિઓ અને પાપોને દૂર કરો. ઐન્દ્રી, આનંદમાત્રા, ચિચ્છક્તિ, જ્ઞાનરૂપિણી, યોગિની, નૈષ્ઠિકી અને હૃત્સ્થા, આપત્તિઓ અને પાપોને દૂર કરો. મોહિની, નન્દિની, પદ્મેક્ષણા, ઉર્વશી, પતિવ્રતા, જનની અને સ્વર્ણવર્ણા, મારી આપત્તિઓ અને પાપોને દૂર કરો. પુણ્યા, પાવની, વિદ્યા, ધનદા, વિત્તધારિણી, આર્તિહા, અબ્ધિસુતા અને શાન્તા આપત્તિઓ અને પાપોને દૂર કરો. ભાવજ્ઞા, ભુક્તિમુક્ત્યાદિપ્રદા, ભક્તા, અભયંકરી, સર્વા, અર્ધાંગા, જીવની અને શ્રી આપત્તિઓ અને પાપોને દૂર કરો. સૌભાગ્યયુકતા, શોભાઢયા, સર્વાભરણભૂષિતા અને સર્વ શ્રૃંગારદીપ્તાંગા આપત્તિઓ અને પાપોને દૂર કરો. સસ્યલક્ષ્મી, રત્નલક્ષ્મી, સમ્પત્લક્ષ્મી, કુટુમ્બિની, ધાન્યા, અન્નધારિણી અને ગૌરી આપત્તિઓ અને પાપોને દૂર કરો. રોહિણી, પોષણકર્ત્રી, કન્યકા, નવયૌવના, રામયિત્રી અને સુરામા મારી આપત્તિઓ અને પાપોને દૂર કરો. સત્વમયી, સત્વદાત્રી, સત્વધ્રા, સત્યયોગિની, સાત્વિકી અને સચ્ચિદાનંદા આપત્તિઓ અને પાપોને દૂર કરો. મુકતો, પાર્ષદો, ભકતો, ભક્તાણિઓ, સાધ્વીઓ, ઈશ્વરો, ઈશ્વરાણીઓ અને મહામુકતો આપત્તિઓ અને પાપોને દૂર કરો. શ્રીહરિના શંખ, ચક્ર, ગદા, પદ્મ, કૌસ્તુભ, મુકુટ, વનમાલા અને પુષ્પમાલા આપત્તિઓ અને પાપોને દૂર કરો. (શ્રીહરિના) લાકડી, છત્ર, ચામર, આંગદ, કટક, શ્રૃંખલા, રશના અને કાષ્ણી, આપત્તિઓ અને પાપોને દૂર કરો. શ્રીહરિના સર્વ ગુણો, ઐશ્વર્યો, ચમત્કારો, સિદ્ધિઓ અને શક્તિઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. શાલગ્રામ, શાલંકાયન ઋષિ, ગંડકી, ત્રિવેણી અને શાલવૃક્ષ, આપત્તિઓ અને પાપોને દૂર કરો. નરનારાયણ, બદરી, બદરીકાશ્રમમાં વાસ કરનારા ઋષીઓ, ગંગા, હિમાશ્રયો અને હૈમા આપત્તિઓ અને પાપોને દૂર કરો. શેષશાયી, ક્ષીરનિધિ,

ક્ષીરજા, શ્વેતભોગિરાટ, નિરન્નમુકત અને ભકતો આપત્તિઓ અને પાપોને દૂર કરો. બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ગણેશ, પ્રભાકર, ગણો, રૂદ્રો અને રૂદ્રાણીઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. સિદ્ધો, યક્ષો, ગન્ધર્વો, ચન્દ્ર, તારાઓ, તેજસો, ગ્રહો અને કેતુઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. હંસ, ગરૂડ, વૃષભ, સિંહ, હરિણ, ગજ, શેષ, શિખી અને દિવ્યવાહા આપત્તિઓ અને પાપોને દૂર કરો. કાર્તિકેય, મહાકાળ, મહાવજ્ર, ત્રિશુલ, કાલદંડ અને હેતી આપત્તિઓ અને પાપોને દૂર કરો. આદિત્ય, વસુઓ, રૂદ્રો, અશ્વિનીકુમારો, ઈશ્વરેશ્વરો, દિક્પાલો અને લોકપાલો આપત્તિઓ અને પાપોને દૂર કરો. ગગન, સ્પર્શ, તેજ, રસ, પૃથિવી, તન્માત્રાઓ તથા પ્રાણો આપત્તિઓ અને પાપોને દૂર કરો. સાધ્યો, વિશ્વેદેવા, મરૂતો, કિન્નરો, ગુહ્યકો, ગન્ધર્વો અને કિંપુરૂષો આપત્તિઓ અને પાપોને દૂર કરો. સર્વે દેવોની માતાઓ, ગણોની માતાઓ અને ભૂતોની માતાઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. અપ્સરાઓ, દેવીઓ, રાશિઓ, તિથીઓ, પક્ષો, માસો અને વત્સરો આપત્તિઓ અને પાપોને દૂર કરો. અનેક પ્રકારના તાવ, રોગો, ઋતુઓ, ઋણો, રાક્ષસો, દૈત્યો, દાનવો અને દુષ્ટો આપત્તિઓ અને પાપોને દૂર કરો. સાગરો, નદીઓ, કુવાઓ, તળાવો, દીર્ઘિકાઓ, વાવો, સરોવરો અને વરૂણ આપત્તિઓ અને પાપોને દૂર કરો. કામનાઓ પુરી કરનારી ગાયો (કામદુઘાઓ) કામનાઓ પુરી કરનારી વેલો (કલ્પલતાઓ) તથા કલ્પતરૂઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. યજ્ઞો, યજ્ઞક્રિયાઓ, વિધિઓ, શ્રુતિઓ, ઋચાઓ, વેદો અને છંદો આપત્તિઓ અને પાપોને દૂર કરો. હજારો મસ્તકવાળા, હજારો આંખોવાળા, હજારો ચરણવાળા, હજારો બાહુવાળા એવા સર્વજ્ઞ પુરૂષ આપત્તિઓ અને પાપોને દૂર કરો. પાવક, પાવન, વહ્નિ, સપ્તર્ષિઓ, સપ્તજિહ્વિક, સ્વર્ણપિતા અને બ્રહ્મમુખ આપત્તિઓ અને પાપોને દૂર કરો. દાન, દમ, દયા, દૈવ, દેવો, દેવીઓ, સાધુઓ, સંતો, સત્પુરૂષો અને

પુણ્યો આપત્તિઓ અને પાપોને દૂર કરો. વૃદ્ધો, વન્દનીયો, ભાગવતો, શ્રીહરિના એકાંતિક ભકતો, દૈવજ્ઞો અને દેવપુરૂષો, આપત્તિઓ અને પાપોને દૂર કરો. વ્રતો, પુણ્યકર્મો, સુકૃતો, સેવાઓ, શ્રદ્ધા, ભાવના અને પ્રસેવન આપત્તિઓ અને પાપોને દૂર કરો. યોગો, સર્વ પ્રકારના જ્ઞાનો, સત્ય, વૈરાગ્ય, ઈશિતા, શ્રીહરિની આજ્ઞા અને ઉપાસના આપત્તિઓ અને પાપોને દૂર કરો. ગૃહદેવો, ગ્રામદેવો, ક્ષેત્રદેવો, દ્વારદેવો અને બહિર્દેવો, આપત્તિ અને પાપને દૂર કરો. વાસ્તુદેવો, શ્રાદ્ધદેવો, યજ્ઞદેવો, મહોત્સવો, તીર્થો અને સર્વ દેવતાઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. દેવાલયો, મંદિરો, મઠો, કથાસ્થલો અને મુક્તિક્ષેત્રો આપત્તિઓ અને પાપોને દૂર કરો. માતાઓ, પિતાઓ, શ્રેષ્ઠો, બાન્ધવો, સતીઓ, ભકતો, બાળકો અને બાલિકાઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. સર્વે પ્રાયશ્ચિતો, દર્ભો, દેવહેતિઓ, હવ્ય કવ્ય અને દૈવો આપત્તિઓ અને પાપોને દૂર કરો. દેવરથો, દેવવાહનો, દેવમાર્ગો, દેવતાઓ અને આતિવાહિક દેવો આપત્તિઓ અને પાપોને દૂર કરો. વિજળીઓ, ઘન, મેઘો, ભૂકમ્પો, ઈતિઓ અને બલિહારક દેવતાઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. નિધિઓ, દિશાઓ, મનુઓ, કળાઓ અને ચૌદભવનો, આપત્તિઓ અને પાપોને દૂર કરો. વ્યાહૃતિઓ, પ્રાણાયામો, યામ્યો, ધર્મવંશજો, ધર્મદેવ, અને તેની પત્નીઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. કુંડમંડપના દેવો, ધ્વજશાખામાં વસનારાઓ અને સમિત પાત્રાદિના દેવતાઓ આપત્તિઓ અને પાપોને દૂર કરો. હે લક્ષ્મિ ! સદ્‌ગુરૂના ચરણો, ચરણામૃતજળ અને ગુરૂભકતનો પ્રસાદ આપત્તિઓ અને પાપોને દૂર કરો. સતી અને પતિના ચરણોદક, સાધુઓના ચરણામૃત અને પુણ્યમય વિષ્ણુચરણામૃત આપત્તિઓ અને પાપોને દૂર કરો. સાધુપુરૂષોનો સમાગમ, સેવા, આશ્રય, આજ્ઞાવચનો, પ્રસન્નતા અને આશીર્વાદો આપત્તિ અને પાપને દૂર કરો. માતૃતીર્થ, પિતૃતીર્થ, તીર્થોત્તમ

એવું ગુરૂતીર્થ, પતિતીર્થ અને સતીતીર્થ આપત્તિઓ અને પાપોને દૂર કરો. ગોતીર્થ, અવભૃથતીર્થ, પંકિતતીર્થ, દીક્ષા, સન્યાસતીર્થ અને મન્ત્ર આપત્તિઓ અને પાપોને દૂર કરો. યજ્ઞોપવીત, તુલસીની કંઠી અને આત્મનિવેદન રૂપ સમર્પણ આપત્તિઓ અને પાપોને દૂર કરો. યોગિતા, સાધુતા, નૈષ્ઠિકતા, શ્રોત્રિયતા, બ્રહ્મસત્તા, અને ભકતતા આપત્તિઓ અને પાપોને દૂર કરો. પાવનકારી કુંકુમવાપી, પાવનકારી શ્રીનારાયણ અને પાવનકારી લક્ષ્મી શરણાગત એવા મને પાવન કરો. આ હું સમર્પિત છું તે ભકત એવા મને સદા પાવન કરો. હે લક્ષ્મિ ! એમ સ્તુતી કરતો પાવનવૃત્તિવાળો ભૂમિ પર નમસ્કાર કરે તો તેની આપત્તિઓ અને પાપો દૂર થાય છે. જે આ દિવ્ય 'વ્યપોહનસ્તવન' ને સાંભળે, વાંચે, પત્ર પુષ્પ અર્પણ કરે તે તત્ક્ષણ જ શુધ્ધ થાય છે. કન્યાર્થી કન્યા પામે છે. જયની કામનાવાળો જય પામે છે. અર્થ (ધન) ની કામનાવાળો અર્થ (ધન) ને પામે છે. પુત્રની કામનાવાળો પુત્રો પામે છે. વિદ્યાર્થી વિદ્યા પામે છે. ભોગાર્થી ભોગ પામે છે. સમ્પત્તિની કામનાવાળો સમ્પતિ પામે છે. રાજયની ઈચ્છાવાળો રાજય પામે છે. સ્વર્ગની કામનાવાળો સ્વર્ગ પામે છે. મોક્ષની કામનાવાળો મોક્ષ પામે છે. દુઃખનો નાશ કરવાની અભિલાષા વાળો દુઃખોનો નાશ કરે છે. પતિની અભિલાષાવાળી રમ્ય પતિ અને ધનની ઈચ્છાવાળી ધનને પ્રાપ્ત કરે છે. સુખની ઈચ્છાવાળી સુખને અને સૌભાગ્યને પ્રાપ્ત કરે છે. યશની ઈચ્છાવાળી યશ અને પ્રધાનતા પ્રાપ્ત કરે છે. આ સ્તોત્રનો પાઠ કરનાર જે જે કામના કરે છે તે સર્વ કામનાઓને પામે છે. આ પુણ્યરૂપ 'વ્યપોહનસ્તવન' જેના ઉદ્દેશથી વાંચવામાં આવે તેને વાતપિત્તાદિકથી ઉદ્ભવતા રોગો બાધિત કરતા નથી. આ વ્યપહોનસ્તવન નો પાઠ કરનારનું અપમૃત્યુ થતું નથી. તેને વિષધર પ્રાણીનો ડંખ થતો નથી અને તે અકાળ દુઃખવાન પણ થતો નથી. વ્યપોહનસ્તવન નો પાઠ કરનાર તમામ તીર્થોના

પુણ્યોને, સર્વ યજ્ઞના પુણ્યોને અને તમામ દાનવ્રતના પુણ્યોને પ્રાપ્ત કરે છે. આ સ્તોત્રનો પાઠ કરનાર કૃતઘ્ન, ગોહત્યારો, વીરને મારનાર, બ્રહ્મહત્યારો, બાલહત્યારો, શરણાગતની હત્યા કરનારો, મિત્રનો વિશ્વાસઘાત કરનારો, માતાને મારનારો, પિતાને મારનારો, નારીને મારનારો તથા પશુને મારનારો હોય તો પણ સર્વ પાપોથી છુટીને શુધ્ધ થાય છે. અને પછી ભક્તિ કરીને સર્વપુણ્યવાન થઈને મોક્ષપદને પ્રાપ્ત કરે છે. અગતિક ને ગતિ દેનાર આ વ્યપોહન સ્તોત્ર છે.

હે લક્ષ્મિ ! આ 'વ્યપોહનસ્તવન' થી મનો નમીને પછી પ્રાર્થના કરે અને ધ્યાન કરે તે બ્રહ્મમય થઈને સર્વબન્ધનો થકી મુકત થઈ જાય છે. ભાવપૂર્વક આ સ્તોત્રનું ઉચ્ચારણ કર્યા પછી કોઈ સ્તુતી કરવી બાકી રહેતી નથી તેથી આપત્કાળના સમયે આ વ્યપોહન સ્તોત્ર નો પાઠ કરવો.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ
સન્તાનમાં તમામ આપત્તિઓ પાપો તથા બન્ધનાદિના
નાશ માટે 'વ્યપોહન સ્તવન' કહ્યું એ નામે
એકસોનો સડસઠમો અધ્યાય ॥૧૬૭॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૧૬૮

શ્રીલક્ષ્મી બોલ્યા : હે ભગવાન ! દ્વાદશી (બારસ) નું વિધાન, તેમાં કરવા યોગ્ય વિષ્ણુપૂજનાદિક સર્વ અને તેના પુણ્યનો પ્રભાવ જેમ હોય તેમ મને કહો. હે પ્રિયતમ ! મારા વ્રતનો પ્રભાવ મારે સર્વથા શ્રોતવ્ય (સાંભળવા યોગ્ય) છે.

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! તમારા જન્મદિનના વ્રતને કહું છું તે સાંભળો. તમારા વ્રતના સંકલ્પથી હું સદા તૃપ્ત થાઉ છું. એકાદશી મારા અંગમાંથી ઉત્પન્ન થયેલી મારી પત્ની છે.

તેમજ તમે મારા વામ (ડાબા) અંગરૂપ મારી પત્ની છો વળી સમુદ્રથી ઉત્પન્ન થઈ તેથી સમુદ્રજા કહેવાઓ છો. અરૂણાચલમાં પદ્મા કહેવાઓ છો. ભૃગુની પુત્રી થયા તેથી ભાર્ગવી કહેવાઓ છો. પ્રેમથી તમે કંભરા થયા છો અને ખાણોમાં સુવર્ણ રૂપે થયા છો. એમ વારંવાર (પ્રસંગ પ્રાપ્ત થતાં મારી આજ્ઞાથી) ઉત્પન્ન થયા હોવા છતાં સદા વૈકુંઠમાં વાસ કરનારા છો, સદા દિવ્યા છો, મારી પત્ની છો અને જ્યાં હું છું ત્યાં તમે છો. ઘરઘરમાં સ્થિત એવા તમો મારા વિના રહેતા નથી. જ્યારે પરધામમાં પરંબ્રહ્મ એવા મેં રમણ કરવા માટે પોતાનું જ બીજુ સ્વરૂપ ઈચ્છયું ત્યારે તમો અદ્રશ્ય પણે મારા વામ અંગોમાં જે સ્થિત હતાં તે મારી ઈચ્છાથી જ મારાથી થોડાક જ ન્યૂન એવા મારી સેવિકા થયા. રૂપ ગુણ ઐશ્વર્ય સુખ ભોગ વિલાસ એ બધામાં ન્યૂન નહિ પરંતુ તમો સ્ત્રીભાવે હોવાથી પુંભાવ (પુરૂષનો ભાવ) ની જે ન્યૂનતા તે જ ન્યૂનતા છે બીજી કોઈ નહિ (અર્થાત્ સ્ત્રીએ દાસભાવનું પ્રતીક છે અને પુરૂષ એ સ્વામીભાવનું પ્રતીક છે. તેથી તમારામાં સ્વામી ભાવની ન્યૂનતા છે.) મારી અગિયાર (દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન) ઈન્દ્રિયોની જે શક્તિઓ છે તે ભેગી થઈને તમે મારા પત્ની રૂપે બારમાં થયા આથી દ્વાદશી (બારસ) તમને જ જાણવા જોઈએ તમારા આવિર્ભાવનું રૂપ બાર પ્રકારનું થયુ તેથી તમો મમાંગના અને મારી પત્ની એવા દ્વાદશી કહેવાયાં. દ્વાદશી એવા તમે મારૂં અંગ છો, મારી પત્ની છો, મારૂ વાસસ્થાન છો આમ હરિ એવા મારો તમારા માં વાસ કરવાથી અને રક્ષણકરવાથી આને (બારસને) હરિવાસર પણ કહેવાય છે. તમો મારૂં જ રૂપ છો, મારો જ વાસ છો અને મારી સદા તમારામાં જ પ્રીતિ છે તેથી તમે જ હરિવાસર એવી દ્વાદશી મનાએલી છો (આમ લક્ષ્મી અને નારાયણ આ બન્નેનું ઐકય કહયું) આ ગુપ્ત રહસ્ય મેં તમને કહ્યું. ત્યાર પછી ફરીથી તમો

સમુદ્રમંથન વખતે દ્વાદશીના દિવસે પ્રાતઃ કાળે ઉત્પન્ન થયા તેથી પણ દ્વાદશી જન્મજયંતિરૂપે સર્વત્ર પ્રખ્યાત થઈ. જે જે સમયે શ્રીહરિનારાયણ એવા મારો અને લક્ષ્મી એવા તમારો પ્રાગટય હોય તે સમય બળવાન થાય છે. જયારે આ લોકમાં મારો કે તમારો જન્મ થાય છે. ત્યારે તે સમય શ્રીહરિ એવા મારા બળથી બળવાન અને પુણ્યદેનાર થાય છે. તે તે સમયમાં (જન્મજયંતિઓમાં) ગીત-વાજીંત્ર-નૃત્યો વડે પૂજા કીર્તન ભક્તિ વડે અને ભોજનના દાન વડે મહોત્સવો કરવા જોઈએ. આ લોકમાં જે માનવો એકાદશીનો ઉપવાસ કરે છે તે સર્વપાપોથી મુકત થઈને વિષ્ણુ એવા મારા પરમ પદને પામે છે. એકાદશીના વ્રતનું આ લોકમાં ત્યારે જ પૂર્ણ પુણ્ય થાય છે જયારે બારસના દિવસે સવારે આપણા બન્નેની પૂજા કરીને ત્યાર પછી પારણા કરે. જ્ઞાનથી કે અજ્ઞાનથી કરેલા અને સાત જન્મોના અર્જીત થયેલા પાપો બારસના દિવસે આપણા બંનેનું પૂજન કરવાથી ક્ષણવારમાં જ નાશ પામે છે. હજારો અશ્વમેધ યજ્ઞો, સેંકડો વાજપેય યજ્ઞો, એકાદશીના ઉપવાસની સોળમી કળાને પણ પામતા નથી. જે બારસમાં આપણા બંનેનું પૂજન થયું હોય તે બારસ પુણ્યદેનારી, દ્રવ્યદેનારી, કામનાઓ પુરનારી અને સર્વલોકોનો મોક્ષકરનારી છે. મારી ઈન્દ્રિયોનું મહદ બળ એવી જે એકાદશી દેવી તેણે મારી પાસે એવુ માગ્યું કે મારા દિવસે બધા નિરન્ન (અન્ન જમ્યા વિના) વ્રત કરે તેથી એકાદશીના દિવસે અન્ન ના જ ખાવું જોઈએ. એકાદશીના દિવસે સર્વ પાપ અન્નમાં પ્રતિષ્ઠિત રહે છે. એકાદશી સમાન પાપનાશકારી કોઈ નથી. હે પ્રિયે ! અગિયાર ઈન્દ્રિયોથી જે પાપ કર્યુ હોય તે બધું એકાદશીના ઉપવાસથી નાશ પામે છે. એકાદશી પણ મારી પત્ની છે અને તેને પણ હરિવાસર કહેવાય છે. તેનો ઉપવાસ કરવાથી હું વારંવાર પ્રસન્ન થાઉ છું. વળી બારસના દિવસે મને નૈવેદ્ય કરી પારણા કરવા તેથી હું

સર્વદા પ્રસન્ન અને તૃપ્ત થાઉં છું. અને હું તૃપ્ત થતાં સર્વ જગત તૃપ્ત થયું તેથી સર્વતૃપ્તિનું ફળ મળે છે. હે પ્રિયે ! આ વિષયમાં સંહિતાઓ (ધર્મશાસ્ત્રો) વારંવાર કહે છે કે હરિવાસર એવી એકાદશી પ્રાપ્ત થતા અન્ન ન જ ખાવું જોઈએ. તમામ વર્ણો, તમામ આશ્રમો, સ્ત્રીઓ, બાળકો સર્વે જનોએ સદા સર્વથા એકાદશીનો ઉપવાસ કરવો જોઈએ. જો એકાદશીના દિવસે માતાપિતાના મરણનો દિવસ આવે અને તેનું શ્રાદ્ધ કરવાનું થાય તો તે શ્રાદ્ધ બારસના દિવસે કરવું પણ એકાદશીના ઉપવાસના દિવસે ના કરવું કારણકે પિતૃઓ પણ વૈષ્ણવ છે તેથી તે એકાદશીના દિવસે અન્નનું ભોજન કરતા નથી. સૂર્યોદયના સમયે જો દશમ હોય અને પછી અગિયારસ બેસતી હોય તો તે દિવસે ઉપવાસ ના કરવો પણ સૂર્યોદય સમયે એકાદશી હોય અને પછી બારસ બેસી જતી હોય તો પણ તે દિવસે જ ઉપવાસ કરવો તેવી જ રીતે જો સુર્યોદય સમયે બારસમિશ્રિત હોય તો તેને છોડીને શુદ્ધ બારસ જ (સૂર્યોદય સમયે જે દિવસે બારસ હોય તે) કરવી પછી તેરસના દિવસે પ્રાતઃકાળે સવારે સત્વર (જલ્દીથી) સ્નાનાદિક કરીને સૂર્યોદય સમયે જો તેરસ બેસી જતી હોય તો સૂર્યોદયથી પહેલા જ બારસના ભાગમાં પૂજા અને પારણા કરવા પણ તેરસના બેસતા ન કરવા આમ બારસના દિવસે જ એકાદશી નો ઉપવાસ (જો સૂર્યોદયના સમયે દશમ હોય તો) અને બારસના જ (બીજે દિવસે સૂર્યોદય થતા તેરસ બેસતી હોય તો સૂર્યોદય પહેલા અને (ના બેસતી હોય તો સૂર્યોદય પછી) પૂજા પારણા કરવા વળી મધ્ય રાત્રી સુધી તે વ્રતમાં જાગરણ કહ્યું છે. આ હરિવાસર નામનું સર્વશ્રેષ્ઠ વ્રત છે. આ વ્રતનો પરિત્યાગ કરીને અન્ય વ્રતોનું જે આચરણ કરે છે તે હાથમાં સ્થિત મહારાજયને છોડીને ભીક્ષા માંગે તેવું છે. બારસના દિવસે સૂર્યોદય થતા એક કળા પણ એકાદશી હોય તો વ્રત કરનારે તે જ દિવસે ઉપવાસ કરવો તેવી

જ રીતે તેરસની કળામાં સૂર્યોદય થાય તો પૂર્વ દિવસે શુદ્ધ બારસનું વ્રત મનાયેલ છે. એકાદશીનું વ્રત કરનારે દશમના દિવસે એકવાર જમવું, રાત્રે પૃથ્વી પર સુવું, બ્રહ્મચર્ય પાળવું અને સવારે આમળાના ફળનો રસ શરીરે લગાવીને સ્નાન કરવું. પછી સંધ્યા કરવી અને મારી પૂજા કરવી વળી ઉપવાસી રાત્રીએ ભક્તિભાવપૂર્વક ગન્ધ પુષ્પ ધૂપ દીપ વસ્ત્ર અલંકાર ભોજન જપ સ્તોત્ર નમસ્કાર ઈત્યાદિ વડે મારૂ પૂજન કરે વળી લક્ષ્મીનું પણ સૌભાગ્ય દ્રવ્યોની વસ્તુઓ વડે પૂજન કરે. તેમના કેશને સારી રીતે ગુંથે અને તેમાં પુષ્પમાળા ધારણ કરાવે. લટ સરખી કરે પછી મસ્તકમાં કેશમાં સિન્દુર અર્પણ કરે. લલાટમાં ચંદન કુંકુમ અક્ષત (ચોખા) ઈત્યાદિની શ્રૃંખલા (હારમાળા) કરે અને સુશોભિત ચાંદલો કરે. કાનમાં કુંડળ અને નાકમાં નથડી ધારણ કરાવે. નેત્રમાં કાજળ અને હોઠમાં રંજન અર્પણ કરે. ગાલમાં સુંદર લેપ કરે અને સૂક્ષ્મ તલ બનાવે. કંઠમાં સોનાના આભૂષણો અને પુષ્પોના હાર પહેરાવે. ભુજામાં સોનાના કટક પહેરાવે અને કાંડે રત્નની બંગડીઓ ધારણ કરાવે. આંગળીઓમાં વીંટીઓ પહેરાવે અને કૌસુંબી ચોળી પહેરાવે અને સુવર્ણના તારવાળી સાડી પહેરાવે. બ્રહ્મસુત્ર અને કૌસ્તુભમણિ ધારણ કરાવે. પુષ્પોના લાંબા હાર, ફુલોની પાંદડીઓના હાર અને સુવર્ણની પાંદડીઓના હાર ગળામાં ધારણ કરાવે. કેડમાં સોનાનો કંદોરો અને કુસુંબી ઘુઘરી ધારણ કરાવે. બંને પગમાં ઘુઘરીઓવાળા ઝાંઝર અને સોનાના તોડા ધારણ કરાવે. રૂપછટાઓ અર્પે અને પગના તળીયામાં અળતો અર્પણ કરે આંગળીઓમાં વેઢ-વીંટીઓ ધારણ કરાવે અને પગમાં સોનાના તારવાળી મખમલની મોજડીઓ પહેરાવે. વળી બહુમાન પૂર્વક અત્તર વિગેરેથી સુગંધિત કરે પછી લક્ષ્મીનારાયણની પાંચ વાટોવાળી આરતી કરે, પ્રદક્ષિણા કરે, દંડવત કરે, સ્તુતિ કીર્તન કરે, ઘી સાકર અને ફળાદિકનું નૈવેદ્ય કરે, મુખશુદ્ધિ માટે પાણી અને તાંબૂલ (મીઠુપાન)

અર્પણ કરે ત્યાર પછી શ્વેત, આશ્ચર્યકારી, રજવાડી, ફુલ ઈત્યાદિથી સુશોભિત, કોમળ, કપાસની ગાદીવાળી, કોમળ ઓશિકાઓવાળી અને સુખપ્રદાન કરનારી શય્યા તૈયાર કરે. તે શય્યામાં કોમળ પુષ્પોની પાંખડીઓ વિખેરે અને તેમાં ભગવાનને લક્ષ્મીએ સહિત પધરાવીને પંખાથી પવન નાંખે અને પછી પગચંપી કરે. વળી લક્ષ્મીનારાયણની આજ્ઞાથી ભગવાનના વિવિધ અંગોનું મર્દન કરે (દબાવે). આમ તે લક્ષ્મીનારાયણ દેવને સુવડાવીને સવારે જગાડીને દાતણ કરાવવા પૂર્વક સુગન્ધિત જળથી સ્નાન કરાવે, કોમળ વસ્ત્રથી અંગો લૂંછે અને પછી નવા વસ્ત્રો ધારણ કરાવે પછી તુલસીથી મિશ્રિત જળ વડે પિતૃતર્પણ કરીને જગતના અધિપતિ એવા લક્ષ્મીનારાયણદેવની કોમળ તુલસીપત્રો વડે, કમળો વડે, સ્થળપદ્મો વડે, સુગન્ધિત અક્ષત અને પુષ્પો વડે, સૌભાગ્યકારક દ્રવ્યો વડે (હળદર અબીલ ગુલાલદિ વડે), જળ વડે, વિવિધ ઉપકરણો અને રત્નજડીત આભૂષણો વડે પૂજા કરે પછી એક સો આંઠ દિવેટની આરતી અને શતપત્રથી કરાએલી માળા અર્પણ કરે વળી ધૂપ દીપ નૈવેદ્ય અર્પણ કરે. સાકર અને કેસર સહિતનું જાયફળ અને એલચીના સુગન્ધવાળું પાયસાન્ન (દુધપાક), પુરીઓ, પોળીઓ, અનેક પ્રકારના પકવાનો અને શાકો વળી દુધ દહીં છાશ સુપ ચટણીઓ પાપડ અથાણાઓ અનેક પ્રકારના ફળો જમવામાં અર્પણ કરે અને મુખશુદ્ધિ માટે વિવિધ પ્રકારના જળ અર્પણ કરે. દક્ષિણા આપે. પ્રદક્ષિણા કરે, નમસ્કાર કરે અને ક્ષમાપન (પૂજામાં થયેલ ભૂલો માટે ક્ષમાની માંગણી) કરે. પૂજા પછી પોતાને ઈષ્ટ અને સુખદેનાર વરદાન માંગે (જેમકે) ધન, ધાન્ય, સદા આરોગ્ય, વસ્ત્ર, વાહન, યાન, પાત્રો, આભૂષણો, ખેતર, વાડીઓ, ગાય-ભેંસ-બળદ આદિ પશુધન, પતિપત્નીનું સુખ, પુત્ર-પુત્રી, લાંબુજીવન, અવિઘ્ન કાર્ય, અભ્યુદય, મહાસત્તા, રાજય, ગૃહ, રાષ્ટ્ર, કુટુમ્બ, સુખ, સંપત્તિ, સ્વર્ગ કે બીજું જે કાંઈ

ઈષ્ટ (ગમતુ) હોય તે સર્વ સુખ સૌભાગ્ય અને સંપદાનો લક્ષ્મીનારાયણ દેવ પાસેથી માંગવી (વળી એમ પણ માંગી શકાય) હે ભગવાન ! પીડાઓ, ઉપદ્રવો, દુઃખો અને કલેશોથી મુકત કરો, મને વૈધવ્ય (વિધવાપણું) અને અનપત્યતા (સન્તાન રહિત પણું) કયારેય ના થાઓ. પુત્ર-પૌત્ર-પ્રપૌત્રાદિ કુટુમ્બ સદા સુખમાં રહે પછી ભકિતપૂર્વક પુરૂષ સૂકતથી કે શ્રીસૂકતથી ઘી અને પાયસ (દુધથી બનાવેલ હવિષ્) વડે એકસો આઠવાર હોમ કરવો તેમાં પ્રત્યેક ઋચાએ હોમ કરવો પછી સાધુઓ અને બ્રાહ્મણોને જમાડવા અને આશ્રિતવર્ગને ભોજન કરાવી પછી પોતે જમવું અને ધર્મગ્રન્થો કે મોક્ષકારી ગ્રન્થોનું શ્રવણ કરતા તે દિવસ નિર્ગમવો તથા રાત્રિમાં (મધ્યરાત્રી સુધી) જાગરણ કરવું ભૂમિ પર સુવું, બ્રહમચારી રહેવું અને નિન્દા ઈત્યાદિ દોષોને તે દિવસે સર્વથા ત્યજવા આમ બારસનું વ્રત કરવું તેથી પ્રસન્ન થયેલાં ભગવાન નક્કી જ સર્વ અભીષ્ટ દેનારા થાય છે. હરિવાસર (બારસ) નું જે વ્રત કરે છે તેના ઘરમાં નારાયણ અને લક્ષ્મીના વરદાનથી આમ ભવ સોમ ઘર નલ અનિલ પ્રત્યુષ અને પ્રભાવ નામના આઠ વસ્તુઓ નિવાસ કરે છે. (હવે શ્રીહરિ લક્ષ્મીને નિવાસ કરવાના સ્થાનો બતાવે છે) જે તીર્થમાં કે ઘરમાં તમારી પૂજા અર્ચના થતી હોય, જે વનમાં તમારૂં સ્મરણ હોય, જે સમુદ્રમાં તમારી કથા હોય અને જે લોકમાં તમારી સ્તુતિ હોય તે બધી જગ્યાએ વસો. જયાં બ્રાહ્મમુહૂર્તમાં તમારૂ અને મારૂ માનસિક ધ્યાન ભજન અને નામસ્મરણ હોય ત્યાં મારી સાથે નિવાસ કરો. જયાં પ્રાતઃ કાળે બાળકો પ્રસન્ન અને સુખી રહેતા હોય, ના રૂદન કરતા હોય કે ના આકોશ કરતા હોય ત્યાં મારી સાથે વસો. જયાં પ્રાતઃકાળે પતિ અને પત્નીમાં કલેશ ના થતો હોય ત્યાં વસો. જયાં પ્રાતઃકાળે દેહ શુદ્ધિ ન્હાવા-ધોવા વડે થતી હોય વળી શય્યાશુદ્ધિ વસ્ત્રશુદ્ધિ આદિ નિર્મળતા હોય ત્યાં વસો. જયાં વાળવા

વડે, જળ વડે કે લિંપણ વડે ઘરની સ્વચ્છતા થતી હોય વળી રંગોળી કે સ્વસ્તિક (સાથીયો) વડે માંગલ્ય કરાતું હોય ત્યાં નિવાસ કરો. જયાં દીવાઓ અને ચુલાનો અગ્નિ સવારે પ્રજવલિત થતો હોય વળી દહી-દુધ-ઘી અને મિષ્ટ પકવાનો હોય ત્યાં વસો. જયાં પિષ્ટાન્ન હોય (પીસેલુ અન્ન હોય) સકતુકાની (સાથવાનું અન્ન) હોય અને ભાત ઈત્યાદિ રંધાતા હોય વળી પ્રાતઃકાળે જયાં ઘઉંની પોળી ઈત્યાદિકની રસોઈ હોય ત્યાં સદા વાસ કરો. જયાં સવારે કુવા-તળાવમાંથી ઘરે લાવીને જળ ઉદકુંભમાં (માટલામાં) ભરયા છે. ત્યાં અને પૂજાના જળમાં સદા વસો. જયાં પ્રાતઃકાળે સદા સ્નાન ધ્યાન, દેવોનું પૂજન, પૂજયોનું પૂજન અને વૃદ્ધોનું માન હોય ત્યાં નિવાસ કરો. જયાં સવારમાં જ આંગણ, ગાયોનું નિવાસ સ્થાન (ફરજો) ઈત્યાદિ સાફસુફ થતાં હોય વળી પર્યુષિત (વાસી, રાત વિતેલુ અન્નાદિક) ની જયાં શુદ્ધિ થતી હોય (તેનો નિકાલ કરી સફાઈ થતી હોય) હે લક્ષ્મિ ! ત્યાં સદા વાસ કર. જયાં સવારે માતા-પિતાના, બ્રાહ્મણના, સત્પુરૂષોના, સાધ્વીઓના અને હરિભકતોના દર્શન કરાતા હોય ત્યાં નિવાસ કરો. જયાં સવારે ગુરૂના, વિદ્વાનના, સતીઓના, પુણ્યશાળીઓના, દેવોના અને ગાયોના દર્શન કરાતા હોય ત્યાં વસો. જેના ભાલમાં તિલક ચાંદલો છે. (આ માત્ર પુરૂષો માટે છે) વળી જેના નેત્રોમાં કાજળ અને મુખ પર પુષ્પ અને સુગન્ધિત દ્રવ્યો છે. (આ માત્ર સ્ત્રીઓ માટે છે) ત્યાં વસો. જયાં સવારે અગ્નિહોત્ર, ગાયત્રી, વિષ્ણુ પૂજા, શિવપૂજા કે બીજા દેવોની પૂજા થતી હોય, નૈવેદ્ય થતાં હોય ત્યાં વસો. જયાં કાષ્ઠ (લીંલુ લાકડુ) થી દાંતની શુદ્ધિ (દાંતણ), માટી અને જળથી શૌચશુદ્ધિ અને સ્નાન થતા હોય વળી સૌભાગ્ય આભૂષણાદિ જયાં પહેરાતા હોય ત્યાં સદા વસો. જયાં બાળકોની સ્તન્યપાનાદિક અને પશુઓના વત્સાદિકોની તૃણ-જળ ઈત્યાદિ વડે સેવા થતી હોય ત્યાં સદા વસો. જયાં પોપટ આદિક પક્ષીઓ અને કુતરા આદિકની રક્ષા થતી હોય અને અન્ન જળ વડે તેઓનું

પાલન પોષણ થતું હોય ત્યાં સદા નિવાસ કરો. જ્યાં ભાર વહન કરવામાં બળદ, ઘોડા, હાથી, ઉંટ ઈત્યાદિકને ત્રાસ ન અપાતો હોય વળી અન્ય પશુઓને પણ જયાં ત્રાસ ન અપાતો હોય ત્યાં નિવાસ કરો. જ્યાં ઘરનો બગીચો, ઝાડ, વેલીઓ ઈત્યાદિ ઉદ્‌ભિજ જાતી (જમીનમાંથી ઉગે તે જાતિ) જળ અને ખાતર પ્રાપ્ત કરતી હોય ત્યાં નિવાસ કરો. જે બુદ્ધિમાન ગૃહસ્થના ઘરે કીડીઓ કે તે જેવા અન્ય કીટોને પિષ્ટકણ (લોટ) ઈત્યાદિ મળે છે તેના ઘરમાં સદા નિવાસ કરો. ગામના પશુઓનું લોકો દ્વારા જયાં વૃથા તાડન (કારણ વગર મારવું) થતું નથી એવા દયાળુઓના ઘરોમાં નિવાસ કરો. જ્યાં અભ્યાગતો, (મહેમાનો) અતિથિઓ, ભિક્ષુકો વિગેરે અન્ન જળ અને વાણી વડે તૃપ્ત થતાં હોય ત્યાં નિવાસ કરો. જયાં ભોજન પોતાના માટે નહિ પરંતુ પરાર્થ માટે બને છે અથવા દેવની સેવામાંથી બચેલું, પ્રસાદીનું જયાં ભોજન લેવાય છે વળી જયાં સ્વાર્થ નથી કે પંકિતભેદ નથી ત્યાં નિવાસ કરો, જયાં શ્રાદ્ધ વ્રતના ઉત્સવો, ધાર્મિક નૃત્યગાનો, પરાર્થ (પરોપકારી) સમાજ અને જ્ઞાતિ ભોજન થતું હોય ત્યાં વસો. જ્યાં સત્પુરૂષોની સેવા, સંતોષ, દાનશીલતા, અને મોટા કે દીન જનનું સન્માન થાય છે ત્યાં વસો. જ્યાં અન્નવસ્ત્ર જળ ઘર ઈત્યાદિ વડે અનાથોને સંતોષાય છે અને ન્યાયપૂર્વક જયાં અનેકને જીવિકા અપાય છે ત્યાં વસો. હે લક્ષ્મિ ! જે ઘરમાં સાધુઓ બ્રહ્મચારિઓ અનાથો વિગેરેની સેવા દ્વારા બહુસંતોષ હોય ત્યાં નિવાસ કરો. જે ઘરમાં કપટ કલેશ ઠગાઈ શઠતા વિગેરે નથી અને શાન્તિ છે ત્યાં વસો. જ્યાં લોભ, ક્રોધ, મહા ઉદ્વેગ, મત્સર, અધર્મવૃત્તિ, ઈર્ષ્યા, અસૂયા, દંભ આદિ દોષો નથી ત્યાં નિવાસ કરો. જયાં તૃષ્ણા, નિન્દા, ચાડી-ચુગલી, દ્રોહ, મદ, અભિમાન અને પરદોષ પ્રકાશન નથી ત્યાં વસો. જેના પેટમાં અન્યાયનું અન્ન, ભિક્ષુકોનું અન્ન પારકું અન્ન, દુષ્ટોનું અન્ન અને પાપીઓનું અન્ન હોતુ નથી ત્યાં નિવાસ કરો. જયાં ન્યાયપૂર્ણ વેપાર, ન્યાયપૂર્ણ ખરીદ-વેચાણ છે

વળી તોલવામાં, ભેગું કરવામાં અને દાન આપવામાં જયાં કપટભાવ નથી ત્યાં સદા વસો. જયાં કપટતા પૂર્વક જૂનુ અને નવું મિશ્રિત ના કરાતુ હોય, વાગ્દાન અને હૃદયદાનમાં જયાં ભાવના હોય ત્યાં નિવાસ કરો. જયાં દ્રવ્યનો વ્યય પરોપકાર માટે, પુણ્ય કર્મો માટે, યજ્ઞો માટે કે રાષ્ટ્રના કલ્યાણ માટે થાય છે. ત્યાં નિવાસ કરો. હે લક્ષ્મિ ! જયાં પરાધીન એવા પશુ પક્ષી કે પ્રાણીઓની હિંસા થતી નથી કે તેઓને ત્રાસ દેવામાં આવતો નથી ત્યાં સુખપૂર્વક નિવાસ કરો. જયાં બાળાઓ, કન્યાઓ, સાધ્વીઓ, સત્પુરૂષો, દીનજનો, અનાથો, દરિદ્રો વિગેરે માટે અન્નક્ષેત્ર છે ત્યાં સદા વાસ કરો. વાવ, કુવા, તળાવ, નદી, સરોવર, ખાત (ખોદીને બનાવેલી પાણી માટે જગ્યા), ઝરણા, પરબો, ઈત્યાદિ (શુભકાર્યોમાં) સદા વસો. જયાં ધાન્ય, ઉદ્યાન, વનસ્પતિ, અરણ્ય આદિના ખેતરોના માલિક ઉદાર હોય ત્યાં નિવાસ કરો. જે ઘરમાં ક્રિયાયજ્ઞો, દાનયજ્ઞો, યોગયજ્ઞો, ભક્તિયજ્ઞો અને જ્ઞાનયજ્ઞો થાય છે ત્યાં સદાનિવાસ કરો. જયાં સેવા, ભક્તિ, ભૂતયજ્ઞો, બ્રહમયજ્ઞો, દેવયજ્ઞો અને સ્વાધ્યાયયજ્ઞો થાય છે ત્યાં સદા નિવાસ કર. જયાં દારૂ, માંસ, ચોરી, અન્યાય, વ્યભિચાર આદિ વૃથા વ્યસનો નથી ત્યાં નિવાસ કરો. જયાં જીવમાં, હૃદયમાં, વાણીમાં, કર્મમાં, સ્વાર્થમાં કે પરાર્થમાં દુષ્ટતા નથી ત્યાં નિવાસ કરો. જયાં સ્ત્રીઓમાં પતિવ્રતાપણું, પુરૂષોમાં પત્નીવ્રતપણું અને બન્નેમાં શીલતા, પરસ્પરનો વિશ્વાસ અને કૃતજ્ઞપણું છે ત્યાં સદા વસો. જયાં નીતિપૂર્વક કર્મચારીપણું હોય, જયાં નીતિપૂર્વક દ્રવ્ય અપાતું હોય, પ્રજાનું રક્ષણ નીતિ પૂર્વક થતું હોય તેવા નીતિમાનમાં સદા નિવાસ કરો. જયાં પ્રજાનું શોષણ, નારીઓનું ક્રન્દન અને દીનજનોનું અર્દન (પીડા આપવી) નથી ત્યાં સુખપૂર્વક રહો. જયાં નારીઓનું અને પરોપકારીઓનું સન્માન થાય છે એવા પ્રયત્નોથી કાર્યોને સફળ કરનારા ઘરમાં અને ધ્યેયમાં સદા નિવાસ કરો. પુત્રવત્ પ્રજાનું પાલન કરનારા, પ્રજા માટે પ્રાણ અર્પણ

કરનારા, ધાર્મિક અને ભક્ત એવા રાજાઓના રાષ્ટ્રમાં સદા નિવાસ કરો. જેના રાષ્ટ્રમાં શત્રુ, સાહસિક ચોર, સ્તબ્ધ - લુબ્ધક (લોભ બતાડી સ્તબ્ધ કરી દેનારા), વંચક (ઠગનારા), શઠ, ધૂર્ત અને પાંખડીઓ ના હોય ત્યાં સદા નિવાસ કર. જયાં રાજા-પ્રધાન-રાજકુમાર-રાણી-મન્ત્રીઓ-પુરોહિતો-સેનાપતિ વિગેરે દુષ્ટો ના હોય ત્યાં નિવાસ કર. જયાં જેલનો રખવાળો, ધર્મગુરૂઓ, ઘરના રખેવાળો અને અન્તઃપુર (રાણીઓને રહેવાની જગ્યા) ના પ્રતિહારીઓ (દરવાણીઓ) દુષ્ટો ના હોય ત્યાં નિવાસ કરો. જયાં શ્રેષ્ઠજનો, રત્નકારો, પ્રચુરધાન્યવાળા લોકો, સોનીઓ, શિલ્પિઓ, શાસ્ત્રીઓ અને ન્યાયકરનારાઓ દુષ્ટ ના હોય ત્યાં નિવાસ કરો. જયાં આશ્રમોમાં, વર્ણોમાં, નારીઓમાં, નરોમાં, ગામની વસ્તીમાં કે વનની વસ્તીમાં દુષ્ટત્વ નથી ત્યાં નિવાસ કરો. જયાં નોકર વર્ગમાં, કર્મચારી વર્ગમાં, શિષ્યોમાં, આશ્રિત જનોમાં, ગુરૂઓમાં અને રાજાઓમાં દુષ્ટત્વ નથી ત્યાં નિવાસ કરો. જયાં પાતાળમાં, ભૂસ્તરમાં, ભૂમિમાં, ખાણમાં, અંતરિક્ષમાં, સ્વર્ગમાં, સત્યલોકમાં, ઋતુમાં કે ગર્ભમાં દુષ્ટતા નથી ત્યાં વસો. જયાં ભક્ષ્ય (ભક્ષણ કરવા યોગ્ય), ભોજય (ભોજન કરવા યોગ્ય), પેય (પીવા યોગ્ય), પાચન (રસોઈ બનાવવી), અલંકાર ઈત્યાદિમાં વળી અગ્નિ, વાયુ, રૂપ, રસ, ગન્ધ ઈત્યાદિમાં દુષ્ટતા ના હોય ત્યાં નિવાસ કરો. જયાં માનસિક દુષ્ટતા, નેતાઓની દુષ્ટતા, જનોમાં છળ કપટ, રાજાની દુષ્ટતા, ગુરૂઓની દુષ્ટતા અને સ્ત્રીઓની દુષ્ટતા ના હોય ત્યાં નિવાસ કરો. જયાં તમારામાં કે મારામાં દુષ્ટતા ના (જોવાતી) હોય વળી ઠગ અને નાસ્તિકોની વૃત્તિઓની દુષ્ટતા ના હોય ત્યાં નિવાસ કરો. દેવનૈવેદ્યમાં જે ફળ છે તથા દેવકર્મમાં જે લાભ થાય છે તેનો જયાં બધા માટે ઉપયોગ થતો હોય ત્યાં તમારો સદાવાસ હો. ઘણુંક કહેવાથી શું લાભ ? હું તમને સંક્ષેપમાં કહું છું. જયાં નારાયણ એવો હું છું, ધર્મ છે, ભક્તિ છે, સત્પુરૂષો છે અને ધર્મનો વંશ છે ત્યાં સદા તમારો વાસ થાઓ. આમ તમને

વાસ કરવાની ઈચ્છા છે તેથી ઘણા બધા સ્થાનો કહયાં તેમાં પરોપકારીમાં જેમ મારા હૃદયમાં રહો છો તેમ રહેવું. જયાં અભક્ષ્યનું ભક્ષણ, અપેયનું પાન, અકાર્યનું આચરણ, અનાચાર અને ભ્રષ્ટતા નથી વળી જયાં સત્યયુગ (સારા દેશકાળ આદિક) છે ત્યાં મારી સાથે નિવાસ કરો. ઈશ્વરોમાં અને જીવોમાં ધર્મવંશ (સત્ય, તપ, દાન ઈત્યાદિ સદ્‌ગુણો) મને અતિપ્રિય છે તેથી તેમાં જેમ ગિરનાર પર વાસ કરો છો તેમ સદા વાસ કરવો. જયાં સાયંકાળે દેવપૂજા, કથા, કીર્તન, ઉત્સવો અને પ્રાણીઓને વિરામ હોય ત્યાં સદા તમારો વાસ થાઓ. હે લક્ષ્મિ ! અચ્યુતગોત્ર વાળા સાધુઓનું જયાં બહુપૂજન થતું હોય ત્યાં મારી આજ્ઞાથી તમારે સદા નિવાસ કરવો. જયાં વેદ-શાસ્ત્રાદિકમાં બતાવેલ ધર્મોનું સદા પાલન થતુ હોય અને દેવકાર્યમાં નાસ્તિક પણું ન હોય ત્યાં સદા વાસ કરો. હે પ્રિયે ! સવારથી લઈને સાંજ સુધી જે ઉદ્યમ કરે છે તે મનુષ્યમાં તમારે સર્વથા અને અવશ્ય વાસ કરવો. હે શુભાનને ! જયાં સ્વત્વમાં (પોતાપણાંમાં) પારકાપણાં જેવું કંઈ ના હોય તેવા સ્વત્વમાં તમે સદા રહો. વધારે શુ કહું ? જયાં તમારા ભકતો, મનુષ્યો, દેવો, દૈત્યો, નાગો, ઈશ્વરો, ઋષિઓ, મુનિઓ, અસુરો તથા સર્વે સૃષ્ટિ નિવાસીઓ તમારી પૂજા પરાયણ, નિત્ય તમારા આગમનની આકાંક્ષાવાળા, તમારા માટે પ્રયત્નો કરનારા, તમારા માટે પ્રાણો પણ અર્પણ કરનારા, તમારી પ્રાપ્તિ માટે વિદેશમાં જઈને પણ કષ્ટો સહન કરનારા, તમારી પ્રાપ્તિ માટે સ્વજનોને છોડીને અન્યત્ર નિર્જનમાં જનારા અને કાં તમારી પ્રાપ્તિ થાઓ કાં તો મૃત્યુ થાઓ આવી વિચારધારાવાળા, આ બધાનું તપ જોઈને જો તમને ગમે તો તેમાં રહો. જેવો જેવો પ્રયત્ન કરનારા હોય તેના ઘરમાં સદા તે તે રીતે વાસ કરો. જેવા જેવા કાર્યો કરનારા હોય તેના હાથમાં અપેક્ષા પ્રમાણે વસો. હે પ્રિયે ! હે ભદ્રે ! તમે જયાં કયાંય જાઓ ત્યાંથી પાછા મારા ઘરે આવો

કારણકે મારા વાસ વિનાનું કોઈ ઘર શાશ્વત નથી. મેં મારૂ હૃદય તમારા માટે ઘર બનાવી રાખ્યું છે તેથી મારા હૃદયને સાથે લઈને જયાં ઈચ્છો ત્યાં વસો. હે પ્રિયે ! જયાં ઈચ્છા હોય તે બધીજ જગ્યાએ વસો પરંતુ તે ઘરના માલિકોનો સ્પર્શ ના કરો આમ તમારે પતિવ્રતાપણાની સર્વથા રક્ષા કરવી. જયાં જયાં તમારો વાસ હશે ત્યાં ત્યાં મારી અંર્તયામિતા હશે કારણકે હું સર્વત્ર વ્યાપક છું અને નિવાસ કરીને રહું છું આથી સર્વત્ર પતિવ્રતાના ભાવે મને જ ભજો તેથી તમારો પતિવ્રતા - ધર્મ કયારેય લુપ્ત થશે નહિ. જેના ઘરમાં તમારો વાસ હશે તેના ભાલમાં મારો વાસ હશે. જયાં તમે વસ્ત્ર અને અલંકારો રૂપે હશો ત્યાં હું ભાલની તેજસ્વિતા હોઈશ. જે ઘરમાં તમારી મોટી બહેન અલક્ષ્મી વાસ કરતી હોય તેના અર્ધા ઘરમાં પણ બંને જણા મળીને વાસ કરો. બધા લક્ષ્મીવાળા કે બધા અલક્ષ્મીવાળા હોતા નથી. ઘરમાં અર્ધભાગમાં લક્ષ્મી તો અર્ધભાગમાં અલક્ષ્મી પણ હોય છે. એક જ ઘરમાં કંઈક ન્યૂન અને દુ:ખદ હોય તો કંઈક શ્રેષ્ઠ અને સુખદ પણ હોય છે. બધાને બધું જ ઉત્તમ હોતુ નથી. તેવા ઘર અને મનુષ્યમાં તમારે અલક્ષ્મી સાથે શાંતિપૂર્વક બધું સહન કરીને પણ રહેવું. ઘરના એક ખૂણામાં તમારે રહેવું અને એક ખુણામાં જયેષ્ઠા એવી અલક્ષ્મીએ રહેવું. કયારેય કલહ કરવો નહિ. સર્વની ભાગ્યરેખા અનુસારે બળાબળ જોવું, નિર્બળ હોય તેણે બળવાનને સ્થાન દેવું એવું શાસન અને સુખ માટે કલ્પાયેલી નીતિ સર્વત્ર છે. હવે તમને ગિરનારમાં આવેલા અન્ય તીર્થો કહીશ.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં બારસની હરિવાસરમાં કારણતા, લક્ષ્મીનું વિધિવત પૂજન, તેનું ફળ અને લક્ષ્મીના નિવાસ સ્થાનો ઈત્યાદિ નિરૂપણ એ નામે એકસો છપ્પનમો અધ્યાય ॥૧૫૬॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૧૨૧

શ્રીનારાયણીશ્રી બોલ્યા હે પ્રભો ! લલિતા મહાલક્ષ્મીના તો અસંખ્ય નામો છે. છતાં પણ સપાદ (ચોથાભાગે સહિત) એકસો આઠ નામ મને સંભળાવો.

શ્રીપુરુષોત્તમ બોલ્યા, મુખ્ય નામોનો પાઠ કરવાથી સંપૂર્ણ ફળ થાય છે. તેથી મુખ્ય નામોને કહું છું તે સાંભળો.

૧. લલિતા
૨. શ્રી
૩. મહાલક્ષ્મી
૪. રમા
૫. પદ્મિની
૬. કમલા
૭. સમ્પદીશા
૮. પદ્મમાલયા
૯. ઈન્દિરા
૧૦. ઈશ્વરી
૧૧. પરમેશી
૧૨. સતી
૧૩. બ્રાહ્મી
૧૪. નારાયણી
૧૫. વૈષ્ણવી
૧૬. પરેશ્વરી
૧૭. મહેશાની
૧૮. શક્તીશા
૧૯. પુરુષોત્તમી
૨૦. વિભ્વી

૨૧. માયા
૨૨. મહામાયા
૨૩. મૂલપ્રકૃતિ
૨૪. અચ્યુતી
૨૫. વાસુદેવી
૨૬. હિરણ્યા
૨૭. હરિણી
૨૮. હિરણ્મયી
૨૯. કાષ્ણી
૩૦. કામેશ્વરી
૩૧. કામાક્ષી
૩૨. ભગમાલિની
૩૩. વહ્નિવાસા
૩૪. સુંદરી
૩૫. સંવિત્
૩૬. વિજયા
૩૭. જયા
૩૮. મંગલા
૩૯. મોહિની
૪૦. તાપી
૪૧. વારાહી
૪૨. સિદ્ધિ
૪૩. ઈશિતા
૪૪. ભુક્તિ
૪૫. કૌમારિકી
૪૬. બુદ્ધિ
૪૭. અમૃતા

૪૮. દુઃખહા
૪૯. પ્રસૂ
૫૦. સુભાગ્યા
૫૧. આનંદિની
૫૨. સમ્પત્
૫૩. વિમલા
૫૪. બિન્દ્વિકા
૫૫. અભિધા
૫૬. માતા
૫૭. મૂર્તિ
૫૮. યોગિની
૫૯. ચક્રિકા
૬૦. અર્ચા
૬૧. રતિ
૬૨. ધૃતિ
૬૩. શ્યામા
૬૪. મનોરમા
૬૫. પ્રીતિ
૬૬. ઋદ્ધિ
૬૭. છાયા
૬૮. પૂર્ણિમા
૬૯. તુષ્ટિ
૭૦. પ્રજ્ઞા
૭૧. પદ્માવતી
૭૨. દુર્ગા
૭૩. લીલા
૭૪. માણિકી

૭૫. ઉદ્યમા
૭૬. ભારતી
૭૭. વિશ્વા
૭૮. વિભૂતિ
૭૯. વિનતા
૮૦. શુભા
૮૧. કીર્તિ
૮૨. ક્રિયા
૮૩. કલ્યાણી
૮૪. વિદ્યા
૮૫. કલા
૮૬. કુંકુમા
૮૭. પુણ્યા
૮૮. પુરાણા
૮૯. વાગીશી
૯૦. વરદા
૯૧. વિભવા
૯૨. આત્મિની
૯૩. સરસ્વતી
૯૪. શિવા
૯૫. નાદા
૯૬. પ્રતિષ્ઠા
૯૭. સંસ્કૃતા
૯૮. ઋચી
૯૯. આયુ
૧૦૦. જીવા
૧૦૧. સ્વર્ણરેખા

૧૦૨. દક્ષા
૧૦૩. વીરા
૧૦૪. રાગિણી
૧૦૫. ચપલા
૧૦૬. પંડિતા
૧૦૭. કાલી
૧૦૮. ભદ્રા
૧૦૯. અમ્બિકા
૧૧૦. માનિની
૧૧૧. વિશાલાક્ષી
૧૧૨. વલ્લભા
૧૧૩. ગોપી
૧૧૪. નારી
૧૧૫. નરાયણી
૧૧૬. સંતુષ્ટા
૧૧૭. સુષુમ્ણા
૧૧૮. ક્ષમા
૧૧૯. ધાત્રી
૧૨૦. વારૂણી
૧૨૧. ગુર્વી
૧૨૨. સાધ્વી
૧૨૩. ગાયત્રી
૧૨૪. દક્ષિણા
૧૨૫. અન્નપૂર્ણિકા
૧૨૬. રાજલક્ષ્મી
૧૨૭. સિદ્ધમાતા
૧૨૮. માધવી
૧૨૯. ભાર્ગવી

૧૩૦. પરી
૧૩૧. હારિતી
૧૩૨. રશિયાની
૧૩૩. પ્રાચીની
૧૩૪. ગૌરિકા
૧૩૫. શ્રુતિ

હે પ્રિયે ! આમ મેં તમને એકસો આંઠ અને સત્યાવીશ લલિતાના મુખ્ય નામો કહ્યા. જે મનુષ્ય આ નામોનો નિત્ય પાઠ કરે ભુક્તિ અને મુક્તિ તેના કરમાં સ્થિત છે. વળી તેમની સમૃદ્ધિ અને વંશનો વિસ્તાર થાય છે અને સર્વ આનંદમય થાય છે. ''ૐ શ્રીલલિતામહાલક્ષ્મ્યૈ નમઃ શ્રીં હ્રીં ક્લીં સ્વાહા'' આ મંત્રનો એકલાખવાર જપ કરવાથી નક્કી જ તેમના દર્શન થાય છે. હે લક્ષ્મિ ! હવે તમને મહામંત્ર કે જે ગુરુમંત્ર છે તે કહું છું ''ૐ અન્તર્લિંગાયગુરવે લલાટસ્થાય સર્વાત્મને નમઃ સ્વાહા'' આ મહામંત્રનો એકલાખવાર જપ કરવાથી બ્રહ્મસદેશ સિદ્ધિ થાય છે. ગુરુનું ધ્યાન કરવું જોઈએ. સ્નાન કરાવવું જોઈએ, બહુ વસ્તુઓ વડે પૂજન કરવું જોઈએ, જમાડવા જોઈએ, સારી રીતે સેવા કરવી જોઈએ અને સર્વવિધ દાનથી તેમને સંતુષ્ટ કરવા જોઈએ. ગુરૂ જ બ્રહ્મા છે. ગુરૂ જ વિષ્ણુ છે. ગુરુ જ સ્વયં શંકર છે. ગુરૂ જ નારાયણ છે. ગુરૂ જ કૃષ્ણ છે. ગુરૂ જ બ્રહ્મ છે. ગુરૂ જ પરબ્રહ્મ છે. ગુરૂ જ પિતા, પતિ, પુત્ર, બન્ધુ, માતા, રક્ષક, મોક્ષદેનાર, તારક તથા ગુરૂ જ મહાઆનંદનો દેનારા છે. હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ! તમે જ સાક્ષાત ગુરૂહરિ છો. આમ કહી પ્રણામ કરવા અને આરતી કરવી. પુષ્પાંજલિ આપવી અને દંડવત કરવા અને પોતાની પ્રિય વસ્તુનું ગુરૂને દાન કરવું. ચેતન એવા તે ગુરૂ જ પરેશ્વર ભગવાન છે. જે શરણાગતની આપદાઓથી રક્ષા કરે છે અને (અંતે) અક્ષરધામને પમાડે છે. નિત્ય પ્રત્યે

પ્રાતઃકાળે પ્રથમ ગુરુનું દર્શન ઉત્તમ મનાયેલું છે. ગુરૂના ચરણના અંગુઠાનું જળ પીવું જોઈએ તે પાવનકારી અને ઉત્તમ છે. વળી તે ગુરુનું ચરણામૃત હત્યાદિ પાપોનો નાશ કરનારું છે. ગુરુદેવના શ્રીચરણો માયાદિ બંધનોને કાપનારા છે. ગુરૂદેવનું સ્મરણ મનુષ્યને યમના પાશથી મુક્ત થવા સક્ષમ બનાવે છે. અનાથોના જે સદા નાથ છે તે નારાયણ પરમ ગુરૂ છે. ગુ અર્થાત ગાઢ અંધકાર રુ અર્થાત તેને રોધનાર અર્થાત ગાઢ અજ્ઞાનને દૂર કરનારને જ ગુરુ કહેવાય છે. ગુરુની શુભમૂર્તિ (સુવર્ણ ઈત્યાદિની) કરાવીને કંઠમાં અને ઘરમાં રાખવી જોઈએ. જે ગુરૂની અદ્વૈતભાવે (પરમાત્મા સાથે એકીભાવે) ઉપાસના કરે છે તે ઉત્તમોત્તમ અમૃતને પામે છે. હે લક્ષ્મિ ! આ મેં તમને તમામ સારનો પરમ સાર કહ્યો. માતૃતીર્થ અને પિતૃતીર્થથી પણ ગુરુતીર્થ મહાન છે. સસુરતીર્થ અને પતિતીર્થથી પણ ગુરુતીર્થ મહાન છે. સતીતીર્થ અને પત્નીતીર્થથી પણ ગુરુતીર્થ મહાન છે. દેવતીર્થ અને જડતીર્થ (સ્થાવર તીર્થ) થી પણ ગુરુતીર્થ મહાન છે. અર્ચાતીર્થ અને યજ્ઞતીર્થથી પણ ગુરુતીર્થ મહાન છે. વ્રતતીર્થ અને તપતીર્થથી પણ ગુરુતીર્થ મહાન છે. જ્ઞાનતીર્થ અને યોગતીર્થથી ગુરુતીર્થ મહાન છે. પરોપકારાદિક તીર્થોથી પણ ગુરુતીર્થ મહાન છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ રૂપ પરમાત્મા એવા મુજ દ્વારા ગુરુતીર્થ આ રીતે પ્રમાણભૂત કરવામાં આવે છે. સત્યતીર્થ, સાધુતીર્થ અને પરેશ્વરતીર્થ આ ત્રણેય તીર્થરૂપ હું ગુરુતીર્થમાં સમાયેલો છું. હે શિવરાજ્ઞીશ્રી ! આવી રીતે મેં તમને મારું હૃદય (ગુહ્યતમજ્ઞાન) કહ્યું. આના વાંચન અને શ્રવણથી મનુષ્ય ચારપુરૂષાર્થને પામે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં લલિતા મહાલક્ષ્મીના એકસો પાત્રીસ નામ અને ગુરુતીર્થમહાત્મ્ય કહ્યું એ નામક એકસો એકવીશમો અધ્યાય ॥૧૨૧॥

द्वापरयुग सन्तान
अध्याय-४५७

શ્રીનારાયણ બોલ્યા, ભગવાન દત્તાત્રેયનો સારો શિષ્ય રાજા કાર્તવીર્ય અર્જુન (સહસ્ત્રાર્જુન) હતો. મનોરમા નામક તેની પત્ની પતિવ્રતા હતી. તેના દ્વારા વારંવાર રક્ષાયેલો અને બોધ કરાયેલો હોવા છતા તે પોતાની પ્રિયાના વચનો ન માનીને અને તેનો અનાદર કરીને પરશુરામ સાથે યુદ્ધ કરવા ગયો ત્યારે મનોરમાએ દેહ છોડી દીધો. તેથી કાર્તવીર્ય પણ મૃત્યુ પામ્યો. હે લક્ષ્મિ ! હવે તે કથા તમે સાંભળો. માહિષ્મતી નામક નગરીનો તે અર્જુન નામક મહાન રાજા હતો. એકવાર તે વનમાં મૃગયા કરવા ગયો. રાત્રી થતા થાકેલો અને ભુખ્યો થયેલો તે ઋષિ જમદગ્નિનાં આશ્રમમાં આવ્યો ત્યારે ઋષિએ કામધેનુના પ્રભાવે સૈન્ય સહિત રાજાને ભોજન કરાવ્યું. (ત્યારે લોભવશ તે રાજા) જમદગ્નિ ઋષિને મારી નાખી કામધેનુને પોતાની સાથે લઈ ગયો. રેણુકા નામક જમદગ્નિની પતિવ્રતા પત્નીએ અગ્નિ પ્રવેશ કરીને પતિનું અનુગમન કર્યું. (પછી જ્યારે પરશુરામે આ વૃતાંત જાણ્યું ત્યારે) ક્રોધાયમાન થયેલા પરશુરામે પ્રતિજ્ઞા કરી કે એકવીશવાર આ પૃથ્વીને રાજા વિનાની (ક્ષત્રિય વિનાની) કરીશ. ત્યાર પછી બ્રાહ્મણોને દક્ષિણા આપી તે પરશુરામ બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે ગયા અને પોતાની પ્રતિજ્ઞા કહી ત્યારે બ્રહ્માએ કહ્યું કે વત્સ ! તું કૈલાસમાં શંકરને શરણે જા અને શંકર થકી શ્રીકૃષ્ણમન્ત્ર અને કવચને ગ્રહણ કર. દુર્લભ એવું વૈષ્ણવ તેજ શૈવ અને શાક્તનો જીતશે. આમ બ્રહ્માના વચનો સાંભળી તેમને નમસ્કાર કરી તે પરશુરામ શિવલોકમાં ગયા અને મસ્તક નમાવી શંકરને વંદન કરી સર્વ વૃતાંત કહ્યું ત્યારે પ્રસન્ન થયેલા શંકરે તેમને ભગવાન શ્રીકૃષ્ણનો મંત્ર, ત્રૈલોક્ય વિજય કવચ અને શ્રીહરિનું સ્ત્રોત્ર આ ત્રણ વસ્તુ આપી (હવે ત્રૈલોક્ય વિજય કવચ કહે છે.) ત્રૈલોક્ય વિજય કવચના

પ્રજાપતિ ઋષિ છે. ગાયત્રી છંદ છે. રાસેશ્વર પ્રભુ દેવતા છે અને સદા ત્રિલોકીમાં વિજય પ્રાપ્તિ તે વિનિયોગ છે. ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર છે. પ્રણવરૂપે તે મારા મસ્તિષ્કની રક્ષા કરો. કૃષ્ણાય સ્વાહા આ પંચાક્ષરાત્મક કપાળની રક્ષા કરો. કૃષ્ણ મારા નેત્રોની રક્ષા કરો. કૃષ્ણ સ્વાહા તે મારી આંખની પૂતળીઓની રક્ષા કરો. 'હરયે નમઃ' મારી ભ્રૂલતાનું સદા રક્ષણ કરો.

'ૐ ગોવિંદાય સ્વાહા' એ મારી નાસિકાનું સદા રક્ષણ કરો. 'ગોપાલાય નમઃ' એ મારા ગાલની બધી બાજુથી રક્ષા કરો. 'ૐ નમો ગોપાંગનેશાય' એ મારા કાનની સદા રક્ષા કરો. 'ૐ કૃષ્ણાય નમઃ' એ શશ્વત્ મારા અધરયુગલ (બંને ઓષ્ઠની) રક્ષા કરો. 'ૐ ગોવિંદાય સ્વાહા' એ મારી દંતપંક્તિઓનું સદા રક્ષણ કરો. 'કૃષ્ણાય' એ દાંતની નીચેના ભાગનું સદા રક્ષણ કરો. 'ક્લીં' એ દાંતની ઉપરના ભાગનું સદા રક્ષણ કરો.

'ૐ શ્રીકૃષ્ણાય સ્વાહા' એ મારી જીભનું સદા રક્ષણ કરો. 'રાસેશ્વરાય સ્વાહા' એ મારા તાળવાની સદા રક્ષા કરો. 'રાધિકેશાય સ્વાહા' એ મારા કંઠની સદા રક્ષા કરો. 'ગોપાંગનેશાય નમઃ' એ મારા વક્ષઃસ્થળની સદા રક્ષા કરો. 'ૐ ગોપેશાય સ્વાહા' એ મારા ખભાઓની રક્ષા કરો. 'નમઃ કિશોરવેષાય સ્વાહા' એ મારા પૃષ્ઠ ભાગની (વાંસાની) સદા રક્ષા કરો. 'મુકુંદાય નમઃ' એ મારા ઉદરની સદા રક્ષા કરો. 'ૐ હ્રીં ક્લીં કૃષ્ણાય સ્વાહા' એ મારા બંને હાથની સદા રક્ષા કરો. 'ૐ વિષ્ણવે નમઃ' એ મારા બાહુયુગલની સદા રક્ષા કરો. 'ૐ હ્રીં ભગવતે સ્વાહા' એ મારા નખોની રક્ષા કરો. 'ૐ નમો નારાયણાય' એ મારા નખછિદ્રોની સદા રક્ષા કરો. 'ૐ હ્રીં હ્રીં પદ્મનાભાય' એ મારા નાભિનું સદા રક્ષણ કરો. 'ૐ સર્વેશાય સ્વાહા' એ મારા અસ્થિપિંજરની સદા રક્ષા કરો. 'ૐ ગોપીરમણાય સ્વાહા' એ મારા નિતંબનું રક્ષણ કરો. 'ૐ ગોપીરમણનાથાય' એ મારા

પગની રક્ષા કરો. 'ૐ હ્રીં ક્લીં રસિકેશાય સ્વાહા' એ સર્વ રીતે સદા મારા સર્વ શરીરની રક્ષા કરો. 'ૐ કેશવાય સ્વાહા' એ મારા કેશની (વાળની) રક્ષા કરો. 'નમઃ કૃષ્ણાય સ્વાહા' એ મારા બ્રહ્મરન્ધ્રની રક્ષા કરો. 'ૐ માધવાય સ્વાહા' એ મારા રોમની સદા રક્ષા કરો. 'ૐ હ્રીં શ્રીં રસિકેશાય સ્વાહા' એ મારા સર્વ શરીરની સદા રક્ષા કરો. 'પરિપૂર્ણતમ કૃષ્ણ' પૂર્વ દિશામાં મારું રક્ષણ કરો. 'સ્વયં ગોલોકનાથ' આગ્નેય દિશામાં મારું રક્ષણ કરો. 'પૂર્ણબ્રહ્મસ્વરૂપ' દક્ષિણ દિશામાં મારું રક્ષણ કરો. નૈઋત્ય દિશામાં 'કૃષ્ણ' મારું રક્ષણ કરો. પશ્ચિમ દિશામાં 'હરિ' મારું રક્ષણ કરો. વાયવ્ય દિશામાં 'ગોવિન્દ' મારું નિત્ય રક્ષણ કરો. 'રસિકશિરોમણિ' ઉત્તરદિશામાં સદા મારી રક્ષા કરો. 'વૃન્દાવનવિહારકૃત્' ઈશાન દિશામાં સદા મારું રક્ષણ કરો. 'વૃન્દાવનીપ્રાણનાથ' ઉર્ધ્વ દેશમાં મારી રક્ષા કરો. બલિહારી બલાધિક માધવ સર્વદા મારી રક્ષા કરો. જળમાં, સ્થળમાં અને અન્તરિક્ષમાં 'નૃસિંહ' સદા મારી રક્ષા કરો. સ્વપ્ન અને જાગરણમાં 'માધવ' મારી શશ્વત્ રક્ષા કરો. 'સર્વાત્મ શ્રીકૃષ્ણનારાયણ' મારી સર્વ રીતે રક્ષા કરો. આ મેં મહાઅદ્‌ભૂત ત્રૈલોક્યવિજય કવચ તમને કહ્યું તેને બાહુમાં કે કંઠમાં ધારણ કરવાથી સદા વિજય થાય છે. જે મનુષ્ય આ કવચનો દશલાખ વાર જપ કરે છે તે સિદ્ધ કવચવાળો થાય છે. વળી જેને યથેષ્ટસિદ્ધિની ઈચ્છા હોય તેણે જપનો દશાંશ હોમ કરવો. (હવે મંત્ર કહે છે) 'ૐ શ્રીં નમઃ શ્રીકૃષ્ણાય પરિપૂર્ણતમાય સ્વાહા' આ સપ્તદશાક્ષર મંત્ર પાંચ લાખવાર જપવાથી સિદ્ધ થાય છે. હવે બ્રહ્માજીએ કહેલું દિવ્ય એવા શ્રીકૃષ્ણનારાયણનું સદ્યઃ (જલ્દી) સંતુષ્ટિ કરનારું (ભગવાન શ્રીકૃષ્ણને તુરંત પ્રસન્ન કરનારું) પરમ દિવ્ય સ્તોત કહું છું તે સાંભળો.

અક્ષરધામાધિપતિ, સૂક્ષ્મતમ, નિર્ગુણ, સગુણ, નિરાકાર અને સાકાર એવા શ્રીકૃષ્ણભગવાનને હું નમસ્કાર કરું છું. સર્વાધાર, સ્વતંત્ર, અત્યંત સુંદર, વિભુ (વ્યાપ્ત), સાક્ષી, કર્મફળપ્રદાતા અને હરિ એવા શ્રીકૃષ્ણભગવાનને હું નમસ્કાર કરું છું. જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનાર, સચ્ચિદાનંદ લક્ષણવાળા સ્ત્રીપુરુષ અને નપુંસકાત્મા એવા શ્રીકૃષ્ણભગવાનને હું નમસ્કાર કરું છું. તારક, ધારક, સર્વકારણોના કારણ, બીજસ્વરૂપ, વિપ્ર સ્વરૂપ, સૂર્ય અને ચંદ્ર એવા શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. શંકર, શેષ, બ્રહ્મા, કપિલમુનિ અને સનતકુમાર સ્વરૂપ રાધિકાના ઈશ એવા શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. વિષ્ણુ, દેવી, મનુ, ભક્ત, વસંતઋતુ, માગશરમાસ, એકાદશી અને સાગર સ્વરૂપ શ્રીકૃષ્ણભગવાનને હું નમસ્કાર કરું છું. હિમાલય, પૃથ્વી, તુલસી, ચંદન, કલ્પતરૂ, ધાન્ય અને પારિજાત સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. ઐરાવત, ગરૂડ, કામધેનુ, અમૃત, સુવર્ણ, જય અને સિંહસ્વરૂપ શ્રી કૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. બૃહસ્પતિ, કુબેર, વેદ, ઈન્દ્ર, સરસ્વતી, અકાર, ગંગા અને મનસ્વરૂપ શ્રીકૃષ્ણભગવાનને હું નમસ્કાર કરું છું. સુદર્શન, બ્રહ્મતેજ, કાન્ત, કાળ, બળ, ગુરુ, માતા અને વિશ્વકર્મા સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. પતિવ્રતા, પિતૃઓ, શાલગ્રામ, પુત્ર, રાજા, સામવેદ, ધર્મ અને શૈત્યસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. ગન્ધ, શબ્દ, રાજસૂય, ગાયત્રી, અગ્નિ, દુધ, સુચિત્રસ્થ, સ્તુતિ અને દર્ભસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું. શાન્તિ, વિભુ, મતિ, ચિત્ર, શ્યામ, ગોપિકાપતિ, દિવ્યભૂષાધારી અને કાન્ત એવા શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. વિહારી, રસિક, રાધાકાન્ત, મનોહર, લક્ષ્મીશ અને શ્રીકૃષ્ણનારાયણને હું નિત્ય નમસ્કાર કરું છું.

આ સ્ત્રોત વડે ત્રિલોકીમાં સર્વત્ર વિજય પ્રાપ્ત થાય છે. હવે તું જા અને તારી પ્રતિજ્ઞા પુરી કર. તારો જય થાઓ. પછી પરશુરામ પુષ્કરક્ષેત્રમાં આવી કવચ અને મંત્રને સિદ્ધ કરી યુદ્ધ માટે નીકળ્યા ત્યારે તેમને શુભ શુકનો થવા લાગ્યા અને હરિશબ્દ, સિંહશબ્દ, ઘંટા અને નગારાનો નાદ, આકાશમાંથી 'તમારો જય થાઓ' આવી સ્વરગીતિઓ વિગેરે જય સૂચક અને કલ્યાણમય શુકનો થવા લાગ્યા. વળી જયવાહ મેઘનો અવાજ સંભળાયો. તથા પોતાની સામે આવતાં વિપ્ર, બંદિજન, દૈવજ્ઞ, ભિક્ષુજન, દીપક, પતિ અને પુત્રે સહિત સતીનારી, શિવ-પાર્વતી, જળથી ભરેલો કુંભ, ધનુષ્ય, નોળીયો, કાળીયાર મૃગ, હાથી, સિંહ, ઘોડા, ગેંડા, દ્વિપ, રાજહંસ, ચક્રવાક, ચમરી, પોપટ, કોયલ, મોર, ખંજન, શંખચિલ, ચકોર, પારેવાં, બગલા, બતક, ચાતક, ચકલાં, વીજળી, ઈન્દ્રધનુષ, સૂર્ય, સૂર્યપ્રભા, તાજું માંસ, જીવતી માછલી, શંખ, સુવર્ણ, માણિક્ય, મુક્તા, લાજ, રજત, મણીન્દ્ર, પ્રવાળ, દહીં, સફેદ ધાન્ય, સફેદ ફૂલ, કુંકુમ, પર્ણ, પતાકાઓ, છત્ર, દર્પણ, શ્વેત ચામર, વત્સેયુક્ત ધેનુ, રથમાં સ્થિત અને આયુધેયુક્ત રાજા, દૂધ, ઘી, સોપારી, અમૃત, પાયસ, શાલગ્રામ, પાકેલાં ફળ, સ્વસ્તિક, સાકર, મધ, બિલાડો, શ્વેત વૃષભ, ઘેટું, પર્વતના ઉંદર, મેઘથી ઢંકાયેલા સૂર્યના દર્શન, ચંદ્રમંડળ, કસ્તુરી, પાણી, તીર્થ મૃત્તિકા, હળદર, પંખો, સરસવ, દૂર્વા, વિપ્રબાળક, કન્યા, મૃગ, વેશ્યા, ભ્રમર, કપૂર, પીળુ વસ્ત્ર, ગોમૂત્ર, ગાયનું છાણ, ગાયના પગથી અંકિત ગોધૂલિ, ગોશાળા, ગાયોનો ગોષ્ઠ, આભૂષણ, દેવમૂર્તિ, પ્રજવલિત અગ્નિ, મહોત્સવ, તાંબુ, સ્ફટિક, સિન્દૂર, મલયાગર ચંદન, સુગંધિત દ્રવ્ય, હીરા, રત્ન આ બધુ પોતાની જમણી બાજુએ પરશુરામે જોયું. ત્યાર પછી સુગન્ધિ પવનની સુગન્ધ અને વિપ્રોના શુભ આશીર્વાદો પ્રાપ્ત કરીને તે નર્મદા તટે સહસ્રાર્જુનની પાસે ગયા. ત્યાં રાત્રીએ તે અક્ષયવટની નીચે નિદ્રાધીન થયા. રાત્રીના અંતમાં તેમણે જે મનથી ચિંતવ્યા

ન હતાં તથા વાયુ, પિત્ત કે કફના પ્રકોપના કારણે ન થયા હતાં તેવા સ્વપ્નો જોયા. તેમાં પોતાને હાથી, ઘોડા, પર્વત, ઘર, ગાય તથા ફળવાળા વૃક્ષો પર આરોહિત થતા. કૃમિઓએ ભક્ષણ કરવાના લીધે રડતા, નૌકામાં બેસતા, ચંદનનો લેપ કરતા, પુષ્પોની માળા પહેરતા, સુશોભિત પીત વસ્ત્રો પહેરતા, વિષ્ટા અને મૂત્રથી સર્વાંગે ખરડાયેલા, ઉત્તમ પ્રકારની વીણાને વગાડતાં, નદી તટે વિસ્તીર્ણ પદ્મ પત્ર યુક્ત, દહીં, ઘી અને મધ યુક્ત પાયસનું ભક્ષણ કરતા, તાંબૂલ ખાતા, બ્રાહ્મણોના આશીર્વાદ પ્રાપ્ત કરતા, ફળ-પુષ્પો અને દીપને જોતા, પાકેલા ફળો, દૂધ, ગરમ-ભોજન, સાકરથી યુક્ત શ્વેત ચૂર્ણમાંથી બનેલા મિષ્ટાન જમતા અને સાકરે યુક્ત જળપાન કરતાં પોતાને જોયા. વળી પાણીમાં રહેવાવાળા મત્સ્યો, સર્પો અને વીંછીઓ દ્વારા ભક્ષિત થતાં અને ભયવડે પલાયન કરતાં જોયા. ત્યાર પછી તેમણે પોતાને શશી અને સૂર્યના મંડળમાં જોયા. ત્યારપછી પતિપુત્રવાળી મંદહાસ્યે યુક્ત નારીને જોઈ. ત્યારપછી મંદહાસ્ય વાળા દ્વિજ એવા પોતાને પરિતુષ્ટિ પૂર્વક સુંદર વેષવાળી કન્યા સાથે આલિંગન પામેલા જોયા. ત્યાર પછી તેમણે ફલિત અને પુષ્પિત વૃક્ષ, દેવતાની પ્રતિમા અને રાજાને જોયા અને વળી ગજ પર બેઠેલા અને રથ પર બેઠેલા પોતાને જોયા. પીળા વસ્ત્રોને ધારણ કરેલી રત્નોના અલંકારોથી વિભૂષિત થયેલી કોઈ બ્રાહ્મણ સ્ત્રીને પોતાના ઘરમાં આવતી જોઈ. વળી તેમણે શંખ, સ્ફટિક, શ્વેતમાળા, મુક્તા, ચંદન, સુવર્ણ, રજત અને રત્નને પોતે જોતા હોય તેમ જોયું અને તે સ્વપ્નાવસ્થામાં પરશુરામે સફેદ હાથી, સફેદ બળદ, સફેદ સર્પ, શ્વેત ચામર, નીલ-કમલ અને દર્પણને જોયા. વળી નવીન રત્નોથી મઢેલા રથમાં રત્નોના સિંહાસન પર સ્થિત અને માલતીની માળાથી સુશોભિત એવા પોતાને જોયા. તે પરશુરામે સ્વપ્નમાં પદ્મશ્રેણી, પદ્મકુંભ, દહીં, લાજ, ઘી, મધ, પાંદડાઓનું છત્ર અને છત્રધારીને જોયા. વળી સ્વપ્નાવસ્થામાં બકપંક્તિ, હંસપક્તિ

અને વ્રતકરનારી તથા ઘરનું પૂજન કરનારી કન્યાઓની પંક્તિને જોઈ. વળી સ્વપ્નમાં મંડપમાં સ્થિત દ્વિજગણોને ભગવાન હરિ અને હરની પૂજા કરતાં અને જય હો જય હો એમ ઉચ્ચારણ કરતા જોયા. વળી સ્વપ્નોમાં અમૃતવૃષ્ટિ, પર્ણવૃષ્ટિ, ફલવૃષ્ટિ, ગાયોનું આગમન તથા પુષ્પ અને ચંદનની વૃષ્ટિ થતી જોઈ. વળી પરશુરામે સ્વપ્નમાં તાજું માંસ, જીવીત મત્સ્ય, મયૂર, શ્વેત ખંજન, સરોવર તથા તીર્થોને જોયા. વળી તે રામે કબુતર, પોપટ, ધનુષ્ય, શંખ, ચિલ, ચાતક, વાઘ, સિંહ અને ગાયને સ્વપ્નમાં જોયા. વળી તે પરશુરામે ગોરોચન, હળદર, શુક્લ ધાન્યનો શુભ સમૂહ, પ્રજવલિત અગ્નિ અને દુર્વાને સ્વપ્નમાં જોયા. વળી દેવાલયોના સમૂહ, પૂજિત શિવલિંગ અને અર્ચિત થયેલી મા પાર્વતીની મૂર્તિને પરશુરામે સ્વપ્નમાં જોયા. જવ અને ઘઉંના લોટમાંથી બનેલા વિવિધ પ્રકારના ભક્ષ્યોને વારંવાર જમતાં પોતાને પરશુરામે સ્વપ્નમાં જોયા. વળી સ્વપ્નમાં તેમણે દિવ્યવસ્ત્રોથી વિભૂષિત નારીને ભોગવી તથા અગમ્યા એવી નારી સાથે પણ ગમન કર્યું. તથા નર્તકી અને વૈશ્યાને જોઈ. રુધિર અને સુરાનું પાન કર્યું તથા રુધિરથી ખરડાયેલા સર્વાંગવાળા પોતાને પરશુરામે સ્વપ્નમાં જોયા. વળી હે પદ્મજે ! પીળા રંગના પક્ષીઓ અને મનુષ્યોનું માંસ પ્રસન્નતા પૂર્વક પોતે જમતા હોય તેવું અરૂણોદય સમયે સ્વપ્નમાં પરશુરામે જોયું. વળી આકસ્મિક રીતે જ બેડીઓથી બંધાયેલા અને શસ્ત્રોથી ઘવાયેલા પોતાને સ્વપ્નાવસ્થામાં જોયા પછી પ્રાતઃકાળ થતા શ્રીહરિનું સ્મરણ કરતા થકા તે પરશુરામ જાગ્યા અને રાત્રે પોતે જોયેલા શુભ સ્વપ્નો વડે મનમાં નક્કી કર્યું કે હું નક્કી જ સર્વશત્રુઓને જીતીશ. તે જ રાત્રીએ સહસ્રાર્જુને સ્વપ્નમાં અનિષ્ટો જોયા. તેલનું અભ્યંગ કરી ગધેડા પર પોતાને બેસેલો, પુષ્પ તથા રક્તચંદનની માળા પહેરેલો. લાલ વસ્ત્ર પહેરેલો, લોઢાના અલંકારો પહેરેલો, ચિતાના અંગારાઓ વડે પોતે રમતો અને હસતો તેણે પોતાને જોયો. વળી ભસ્મથી ઢંકાયેલી પૃથ્વી, જપા પુષ્પથી યુક્ત

ધરા, સૂર્ય અને ચંદ્રથી રહિત રક્ત સંધ્યાવાળું ગગન અને છુટા કેશવાળી, અટ્ટહાસ કરતી, કપાયેલા નાકવાળી, નૃત્ય કરતી, લાલવસ્ત્રો પહેરેલી વિધવાને જોઈ. વળી તે સહસ્રાર્જુને સ્વપ્નમાં અગ્નિએ રહિત ભસ્મવાળી અને જળથી યુક્ત ચિતા અને ભસ્મવૃષ્ટિ, રૂધિરવૃષ્ટિ તથા અગ્નિવૃષ્ટિ જોઈ. વળી તે કાર્તવીર્યે પાકેલા તાલના ફળો, અસ્થિઓ, વિખરાયેલા નખ, કેશ તથા ખોપરીઓના સમૂહોથી ઢંકાયેલી પૃથ્વી જોઈ. રાતના સમયે તે સહસ્રાર્જુને મીઠાના પર્વતો, કોડીના ઢગલાઓ તથા ચૂર્ણો તથા તેલની કંદરાઓ સ્વપ્નમાં જોઈ. વળી તેણે સ્વપ્નમાં પુષ્પિત થયેલા અશોક અને કરેણને જોયા અને ફલિત થયેલા અને પડતા-ફળવાળા તાલવૃક્ષને પણ જોયા. વળી પોતાના હાથમાંથી પૂર્ણ ભરેલો ઘડો પડ્યો અને ફુટ્યો તથા ગગનમાંથી સૂર્યમંડળ અને ચંદ્રમંડળને પડતા તેણે સ્વપ્નમાં જોયા. વળી ઉલ્કાપાત, ધૂમકેતુ, સૂર્ય-ચંદ્રનું ગ્રહણ તથા વિકૃત આકાર તથા વિકૃત મુખવાળો દિગમ્બર પુરૂષ પોતાની સામે આવતો તે અર્જુને સ્વપ્નમાં જોયો. વળી તેણે સ્વપ્નમાં જોયું કે, વસ્ત્રો અને આભૂષણોથી આભૂષિત બાર વર્ષની બાળા રુષ્ટ થઈ પોતાના ઘરેથી જાય છે. વળી તે અર્જુને સ્વપ્નમાં જોયું કે, પોતાની મનોરમા પત્ની એકલી વનમાં જવા માટે યાચના કરી રહી હોય, બ્રાહ્મણ, યતિ, ગુરુ અને સન્યાસી પોતાને શાપ આપતા હોય તથા ભીંત પર ચીત્રેલી પુતળીઓ નૃત્ય કરતી હોય તથા ગીધડાઓ, કાગડાઓ તથા ભેંસો દ્વારા પીડાએલ અને તેલકાઢનારા દ્વારા તેલયન્ત્રમાં પોતાને જોતરાયેલો અને પીડિત થતો તેણે જોયો. જેમના હાથમાં પાશ છે અને જેઓ નગ્ન છે તેવા લોકોએ મને પકડ્યો છે. તેવું તેણે જોયું. વળી તે રાત્રીએ અર્જુને પોતાના ઘરમાં પરમાનંદ પૂર્વકના વિવાહમાં ગાયકો નૃત્યકરવા પૂર્વક ગાયન કરી રહ્યા છે. નાયકો રમી રહ્યા છે અને પછી બધા એકબીજાના વાળ ઝાલીને ખેંચાખેંચી કરી રહ્યા છે. તેવું સ્વપ્નમાં જોયું. વળી તે સહસ્રાર્જુને શવયુક્ત સ્મશાન, રાતાવસ્ત્ર,

સફેદવસ્ત્ર તથા કાગડાઓ તથા કુતરાઓ માટેના મોટા-મોટા પિંડ જોયા. વળી તેણે કાળાવર્ણવાળી, કાળા અને અતિ અલ્પવસ્ત્રોવાળી, મુક્ત કેશવાળી વિધવા સ્ત્રી પોતાને આલિંગન લઈ રહી છે તેવું સ્વપ્નમાં જોયું. વળી તે સહસ્ત્રાર્જુને વાળંદ માથું, દાઢી અને બગલ મુંડે છે તેવું અને નખો દ્વારા પોતાનું વક્ષઃ સ્થળ વિદારિત થયેલું છે તેવું પણ સ્વપ્નમાં જોયું વળી તેણે સ્વપ્નમાં જોડાઓ, ચામડાઓ અને દોરડાઓના ઢગલાઓ તથા કુંભારનું ભૂમિ પર ફરતું ચક્ર પણ સ્વપ્નમાં જોયું. વળી વાવાઝોડાથી ઘેરાઈને ઉભુ થયેલું શુષ્ક વૃક્ષ, શિર વિનાનું ધડ, વાવાઝોડા વડે ચૂર્ણિત થતી ગુંથાયેલી મુંડામાળા, અતિભયંકર મુખવાળા ભૂત-પ્રેતાદિક તથા વમન કરતો અગ્નિ પણ સ્વપ્નમાં તેણે જોયો. વળી તેણે દાઝેલા જીવો, બળેલા વૃક્ષો, પરમ વ્યાધિગ્રસ્ત મનુષ્ય અને અંગવિનાનો ઘોડો સ્વપ્નમાં જોયો. વળી તે સહસ્રાર્જુને પર્વત, વૃક્ષો વિગેરેનું અચાનક પડવું, વારંવાર થતા વજ્રપાત, કૂતરાઓ અને શિયાળોનું વારંવાર થતું રુદન સાંભળ્યું તથા નીચે મસ્તક અને ઉપર પગવાળા છૂટા કેશવાળા દિગમ્બર અને ભૂમિ પર ભ્રમણ કરતાં એવા દેહવાળાને સહસ્રાર્જુને સ્વપ્નમાં જોયાં. વળી વિકૃત ધ્વનિનાં શબ્દો અને ગામનાં અગ્રભાગમાં દેવતાઓનું રુદન સાંભળીને પ્રાતઃકાળે રાજા સહસ્ત્રાર્જુન જાગ્યો અને તેણે જોયું કે, પોતાની પત્ની પતિવ્રતા મનોરમા કે જે રાત્રે જોયેલા દુષ્ટ સ્વપ્નોથી અત્યંત દુઃખી થયેલી હતી તેણે ખોળામાં પોતાના પતિને રાખીને અંતિમ સેવા કરી કારણ કે સો પુત્રોથી પણ અધિક પ્રેમ સતીને પતિમાં હોય છે. પરંતુ દુષ્ટ અપશુકનો વડે ભાવિમાં થનારો વિનાશ અને મારો પતિ શ્રીકૃષ્ણનારાયણના અંશભૂત બ્રાહ્મણ સાથે યુદ્ધ કરવા જાય છે તેમ જાણી સર્વ પ્રાણોનું નિરોધન કરી ષટ્ચક્રોનું ભેદન કરી બ્રહ્મરન્ધ્રમાં તે ગઈ અને ત્યાંથી ત્વરિત દિવ્યરૂપવાળી થઈ તે સહસ્ત્રાર્જુનથી પહેલાં જ સતીલોકમાં ગઈ. હવે સહસ્ત્રાર્જુન પણ યુદ્ધ માટે ગયો. તેની સાથે તે સતી દિવ્ય શરીર વડે રથમાં પાસે

બેસીને અદ્રશ્ય રીતે ગઈ. તે સહસ્ત્રાર્જુને ઘણાં અમંગળો અને અપશુકનો જોયા. તેણે દ્વારમાં કુરુપિણી, કપાયેલા નાકવાળી વિધવા સ્ત્રી તથા કૃષ્ણવર્ણવાળી, રૂદન કરતી, મુંડનવાળી, ખલા, મુખદુષ્ટા, યોનિદુષ્ટા, અનેક વ્યાધિઓથી યુક્ત, કુટ્ટની અને પતિપુત્રથી વિહીન એવી બીજી એક પુંશ્ચલી સ્ત્રીને જોઈ. વળી કુંભાર, ઘાંચી, પારધિ, મદારી, અતિ રુક્ષ અંગવાળો, ખરાબ વસ્ત્રવાળો, નગ્ન, કાષાય વસ્ત્રધારી, ચિત્તામાં દગ્ધ થયેલું શવ, ચિતાની ભસ્મ, નિર્વાણ પામેલા અંગારા, ચરબી વેચનાર, કન્યા વેચનાર, સર્પથી ક્ષતિ પામેલો મનુષ્ય, સર્પ, ચંદનઘો, સસલું, ઝેર, શ્રાદ્ધ માટે બનાવેલા પાકો, પિંડ, મોટક અને તલ, શુદ્રનું અન્ન જમેલો વિપ્ર, ગામના મંદિરના દેવનું દ્રવ્ય ગ્રહણ કરતો પૂજારી, કુશપુતળી, શવની દાહ ક્રિયા કરનાર, ખાલી ઘડો, ભાંગેલો ઘડો, તેલ, મીઠું, અસ્થિ, કપાસ, કાચબો, ચૂર્ણ, ભસતા કૂતરાં, દક્ષિણ દિશામાં ભયંકર અવાજ કરતું શિયાળ, ખોપરી, કપાયેલા નખ-કેશ, મળ, કલહ, વિલાપ, કલેશ કરના મનુષ્ય, અમંગળ રોનાર, શોકપૂર્વક રોનાર, મિથ્યા સાખ પૂરનાર, ચોર, નરઘાતી, પુંશ્ચલીના પતિ-પુત્ર, પુંશ્ચલીનું અન્ન ખાનાર, દેવતા, ગુરુ અને બ્રાહ્મણની વસ્તુ અને ધનનો હરનાર, દાનમાં દીધેલી વસ્તુ હરનાર, ડાકુ, હિંસક, ખળ, માતા-પિતાથી દ્વેષ કરનાર, બ્રાહ્મણ અને પીપળાની હત્યા કરનાર, સત્યઘ્ન, કૃતઘ્ન, વિશ્વાસઘાતી, ગુરુદેવ અને બ્રાહ્મણનો નિંદક, બીજા પર કલંક નાખનાર, અંગોએ રહિત મનુષ્ય, કાણો, બહેરો, કોઢી, નપુંસક, લિંગ વિનાનો, ટાલવાળો, પુષ્ન વયનો છતાં દાઢીવિહીન, સુરાપાન કરી મદોન્મત્ત થયેલો, દારૂ, રાંડ, ઉંટ, ભેંસ, ગધેડો, ફેંકાયેલા અને રુધિર વમન કરતાં છૂક તથા કાગડો, મળ-મૂત્રનો લેપ કરનાર, મનુષ્યની ખોપરી લઈ ફરનાર, વાવાઝોડું, રક્તવૃષ્ટિ, કુવાઘ, વૃક્ષપાત, ભુંડ, ગીધ, બાજ, કંક, રીંછ, સુકુ લાકડું,

સાકળ, કાગડો, ગન્ધક, અભિચાર પ્રયોગો કરી આજીવિકા રળનાર, કુવૈદ્ય, કુવળ, ખરાબ ઔષધ, રક્તપુષ્પ, મૃતકની વાર્તા, વિપ્ર શાપ, યષ્ટિ અને મુકુટનુ પતન, વામઅંગોનું સ્ફુરણ, દેહમાં જડતાં, રથના અશ્વોનું જેમ-તેમ ચાલવું, રથના ચક્રોનો ક્રૂર અવાજ તથા હૃદયમાં ત્રાસ ઈત્યાદિ અમંગળો અને અપશુકનો, રાજા સહસ્ત્રાર્જુને જોયા છતાં પણ નિઃશંક થઈ તેણે રણાંગણમાં પ્રવેશ કર્યો. પરશુરામને પ્રણામ કરી બ્રાહ્મણોને ધન આપ્યું. પછી રણ નગારા વાગ્યા અને બંને સેના સામ-સામે આવી ત્યારે પરશુરામે બધાને સાંભળતા સહસ્ત્રાર્જુનને ન્યાય સંગત વાત કહી.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં કામધેનુના હરણના મિષે જમદગ્નિનો નાશ, રેણુકાનું સતી થવું, પરશુરામને શંકર પાસેથી કવચ મંત્ર અને સ્ત્રોતાનો લાભ, પરશુરામને થયેલ સ્વપ્નમાં શુકનો અને સહસ્ત્રાર્જુનને થયેલા સ્વપ્નમાં અપશુકનો, પતિવ્રતા મનોરમાનું સતીત્વ અને રણાગમન ઈત્યાદિ વર્ણન નામક ચારસો સત્તાવનમો અધ્યાય ॥૪૫૭॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૧૦૫

શ્રીનારાયણ બોલ્યા : (જીવિત થયેલા પુત્ર ગણેશને માતા પાર્વતીએ રત્નસિંહાસન પર બેસાર્યા) ત્યારે સ્તુતિ કરવા યોગ્ય મુનિઓ દ્વારા વેદોકતમન્ત્રો વડે રત્નોના કળશોમાં લાવેલા સર્વ તીર્થોના જળ વડે ગણેશજીને સ્નાન કરાવાયું પછી સતીએ પ્રેમ પૂર્વક તેમને અગ્નિશુદ્ધ વસ્ત્રો આપ્યા વળી ગોદાવરીના જળથી પાદ્ય અને દુર્વા અક્ષત પુષ્પ ચંદન ઈત્યાદિ યુકત ગંગાજળથી અર્ઘ્ય આપ્યું તથા પુષ્કરનું જળ લાવીને આચમન માટે આપ્યું. રત્નપાત્રોમાં શર્કરામિશ્રિત સુપેય મધુપર્ક આપ્યું. દેવતાઓના

વૈદ્યો વડે નિર્મિત થયેલુ વિષ્ણુતેલ આપ્યું. વળી અમૂલ્ય રત્નોથી રચિત સુંદર આભુષણો, પારિજાત માલતી ચંપા ઈત્યાદિ વિવિધ પુષ્પો, વળી પૂજા કરવા યોગ્ય તુલસી ઈત્યાદિના પત્રો, ચંદન, અગરૂ, કસ્તુરી, કુંકુમ ઈત્યાદિ દ્રવ્યો, રત્નપ્રદિપો અને ધૂપ અર્પણ કર્યા. વળી તેમને પ્રિય એવા તલના લાડુના પર્વતો જવ અને ઘઉંના લાડુના પર્વતો, સુસ્વાદુ અને મનોહર પકવાનના પર્વતો, સુસ્વાદુ સાકરથી યુકત સ્વસ્તિકોના પર્વતો, લાજી અને ગોળના લાડુઓના પર્વતો, ચોખામાંથી બનેલી વસ્તુઓના પર્વતો અનેકવિધ વ્યંજનો સાથે નૈવેદ્યમાં આપ્યાં. વળી પ્રેમપૂર્વક લાખો દુધથી ભરેલા અને દહીંથી ભરેલા કળશો આપ્યાં. ત્રણ લાખ મધ ભરેલા અને પાંચ લાખ ઘી ભરેલા સુવર્ણકુંભો આપ્યા. વળી અસંખ્ય શ્રીફળો અને વિવિધ દેશ અને કાળમાં ઉત્પન્ન થયેલા અને પાકેલા એવા દાડમો, ખજુરો, કોઠાઓ, જામ્બુઓ, કેરીઓ, ફણસો, કેળાઓ તથા અન્ય ઘણા બધા ફળો કે જે મધુર અને સ્વાદુ હતા તો મહાદેવીએ આપ્યા તથા ફરી કપુર આદિથી સુવાસિત સ્વચ્છ, અને નિર્મળ એવું ગંગાજળ આચમન માટે આપ્યું તથા કપુર એલચી સોપારી વિગેરેથી સુવાસિત શ્રેષ્ઠ તાંબુલ આપ્યું અને ભક્ષ્યથી પૂર્ણ એવા સોનાના સો પાત્રો પાર્વતીએ આપ્યા. આમ પાર્વતીએ ગણેશને પુજયાં તથા સ્વયં વિષ્ણુએ પણ અનુત્તમ ઉપહારોથી ગણેશની પૂજા કરી અને કહયુ કે હે સુરોત્તમ ! સૌથી અગ્રપૂજા મેં તમને આપી તેથી હે યોગીન્દ્ર ! તમે સર્વપૂજય થાઓ. વળી વનમાળા, મુક્તિ દેનારૂ બ્રહ્મજ્ઞાન અને સર્વસિદ્ધિઓ આપીને શ્રીહરીએ તેમને પોતાના સમાન કર્યા. તથા લાલ દ્રવ્યો તથા ષોડશ ઉપચારો આપી મુનિઓ અને દેવતાઓ સાથે નામો વડે સ્તવન કર્યુ. વિઘ્નેશ, ગણેશ, હેરમ્બ, ગજાનન, લમ્બોદર, એકદન્ત, શૂર્પકર્ણ, અને વિનાયક આ આઠ નામો સર્વસિદ્ધિપ્રદાન કરનારા છે. જે જે નાનું કે મોટુ કામ હોય તેમાં સર્વદા પ્રથમ

ગણેશનું પૂજન તો કરવું જ ત્યાર પછી મારૂ કે અન્ય દેવોનું પુજન કરવુ. જો કોઈ સાધક ગણેશની પૂજા છોડીને અન્ય કાર્ય કરે તો નક્કી જ તે સિદ્ધ નહિ થાય. ઋષિઓ, મુનિઓ, પિતૃઓ, દેવતાઓ, મનુઓ, દિકપાલો, લોકપાલો, યક્ષો, ગન્ધર્વો, કિન્નરો, પૃથ્વી પર રહેતા માનવો, અને અંતરીક્ષમાં તથા પાતાળાદિક ચૌદભુવનમાં રહેતા સર્વે જનોએ ગણેશને સદા પ્રથમ પૂજ્ય માનવા. આવુ બ્રહ્માનું અનુસાશન છે. આમ બ્રહ્માએ તો સભામાં ગણેશને અગ્રપૂજયતા આપી વળી ત્યાં સ્વયં શ્રીકૃષ્ણે તેની પ્રથમ પૂજા કરી. પૂજા પછી બધાએ આશીર્વાદો આપ્યા. વિષ્ણુએ કહયું કે તમે શિવતુલ્ય જ્ઞાની, ચિરાયુ, ઈશ્વર, પરાક્રમમાં મારા તુલ્ય અને સર્વ સિદ્ધિઓના ઈશ્વર થાઓ. બ્રહ્માએ કહયું કે તમે સૌથી વધારે યશ કીર્તિ અને ખ્યાતિવાળા થાઓ અને અતિદુર્લભ એવી સૌથી અગ્રપૂજા તમારી થાઓ. ધર્મે કહયું કે મારા જેવા ભક્તિમાન અને ધર્મિષ્ઠ થાઓ. શંભુએ કહયું કે તમે સદા મારા જેવા દાતા, શ્રીહરિના ભક્ત, વિદ્યાબુદ્ધિ અને પુણ્યોથી સમૃદ્ધ, શાન્ત અને દાન્ત થાઓ. લક્ષ્મીએ કહયું કે તમારા દેહ અને ગોદમાં મારો વાસ થાઓ અને તમારી પત્નીઓ મારા જેવી પતિવ્રતા થાઓ. વાણીએ કહયું કે તમારી સદા મારા જેવી કવિતા ધારણા સ્મૃતિ વિવેચના સુમેધા ઈત્યાદિ સત્શક્તિઓ થાઓ. સાવિત્રીએ કહયું કે હે વત્સ ! તમે જપ કરનાર અને વેદજ્ઞાની થાઓ. હિમાલયે કહયું કે તમારી શ્રીકૃષ્ણમાં સદા ભક્તિ થાઓ અને તમે કૃષ્ણ પરાયણ અને કૃષ્ણતુલ્ય ગુણવાન થાઓ. મેનાવતીએ કહયું કે તમે ગાંભીર્યમાં સમુદ્ર તુલ્ય, રૂપમાં કામદેવ સમાન, શ્રીયુકતમાં લક્ષ્મીપતિ સમાન અને ધર્મમાં ધર્મસમાન થાઓ. પૃથ્વીએ કહયું કે તમે મારા તુલ્ય ક્ષમાવાન, સર્વરત્નવાન, શરણ્ય, વિઘ્નનાશક, પારણ્ય અને શોભાવાળા થાઓ. ઉમાએ કહયું કે તમે મહાયોગમાં પિતા સમાન, અર્થસિદ્ધિઓને દેનારા, મૃત્યુંજય, અતિવિશારદ

અને ઐશ્વર્યવાન થાઓ. વળી ઋષિઓ મુનિઓ સિદ્ધો વિગેરે સર્વેએ આશીર્વાદો આપ્યા અને બ્રાહ્મણો અને બન્દિઓએ સર્વમંગલ કર્યુ ત્યાં પાર્વતીએ કોટિ રત્નો, હજારો અશ્વો અને સેંકડો હાથીઓ બ્રાહ્મણોને આપ્યા અને બન્દિઓને પણ વિવિધ પ્રકારના દાનો આપ્યા પછી બ્રાહ્મણોને, સાધુઓને, સાધ્વીઓને અને બાળકોને જમાડ્યા, અને વેદોના પાઠ કરાવ્યા તથા મંગળ કરાવ્યું. 'ૐ શ્રીં હ્રીં કલીં ગણેશાય બ્રહ્મરૂપાય ચારવે સર્વસિદ્ધિપ્રદેશાય વિઘ્નેશાય નમો નમઃ' આ મન્ત્રથી પૂજા કરીને ભક્તિપૂર્વક બહુ દ્રવ્યોના દાન કરીને બ્રહ્મા વિષ્ણુ મહેશાદિક તથા સર્વે દેવતાદિકો આનંદને પામ્યાં. બત્રીસ અક્ષરનો આ માલામન્ત્ર સર્વ કામના પુરી કરનારો છે. ધર્મ અર્થ કામ અને મોક્ષના ફળને દેનારો અને સર્વ સિદ્ધિને દેનારો છે. મન્ત્રના જપ કરનારને પાંચ લાખ જપ થી સિદ્ધિ થાય છે. ગણેશના નામસ્મરણ માત્રથી વિઘ્નો પલાયન કરે છે. યાત્રા સમયમાં જે ભક્તિપૂર્વક આ મન્ત્રનો જપ કરીને જાય છે તેને સર્વ અભિષ્ટસિદ્ધિ થાય છે તેમાં સંશય નથી. આ મન્ત્રના જપથી રાત્રિમાં જોયેલું દુઃસ્વપ્ન પણ સુસ્વપ્ન થાય છે. વળી આ મન્ત્રના જપથી કયારેય દારૂણ ગ્રહપીડા થતી નથી અને શત્રુનાશ અને બુદ્ધિ અને લક્ષ્મીની સદા વૃદ્ધિ થાય છે. ગણેશજીની પૂજા અને સ્તવન કરવાથી આધિઓ, વ્યાધિઓ, શોકો, ભયો નાશ પામે છે કે આવતા નથી હે મહાલક્ષ્મિ ! વિનાયકનું કવચ સર્વ આપત્તિનું નિવારક છે. સર્વ લોકોમાં શાન્તિ કરનારૂં છે અને સામવેદમાં કૌથુમી શાખામાં કહેવાયેલુ છે તે તમને કહું છું. આ કવચ ધારણ કરનારને મૃત્યુ કે ભય પાસે આવતો નથી. તેની આયુનો વ્યય થતો નથી. તેનું અશુભ થતું નથી અને બ્રહ્માંડમાં કયાંય પરાજય થતો નથી, દસલાખ જપ કરવાથી આ કવચ સિદ્ધ થાય છે. સંસારમોહક આ કવચના પ્રજાપતિ ઋષિ છે. બૃહતિ છન્દ છે. સ્વયં લમ્બોદર દેવતા છે. અને ધર્મ, અર્થ, કામ મોક્ષમાં વિનિયોગ

છે. ૐ ગં હું શ્રીગણેશાય સ્વાહા મારા મસ્તકની રક્ષા કરો. બત્રીસ અક્ષરનો મન્ત્ર સદા મારા લલાટની રક્ષા કરો.

ૐ હ્રીં શ્રીં ગં સતત મારા નેત્રોની રક્ષા કરો. વિઘ્નેશ ધરાતલમાં સતત મારા તાલુની રક્ષા કરો. ૐ હ્રીં શ્રીં કલીં સતત મારી નાસિકાનું રક્ષણ કરો. ૐ ગૌં ગં શૂર્પકર્ણાય સ્વાહા મારા અધરોની રક્ષા કરો. મારા દાંત તાલુ અને જીહ્વાનું ષોડશાક્ષર રક્ષા કરો ૐ લં શ્રીં લમ્બોદરાય સ્વાહા સદા મારા ગાલની રક્ષા કરો. ૐ કલીં હ્રીં વિઘ્નનાશાય સ્વાહા સદા મારા કાનની રક્ષા કરો. ૐ શ્રીં ગં ગજાનનાય સ્વાહા સદા મારા સ્કન્ધોની રક્ષા કરો. ૐ હ્રીં વિનાયકાય સ્વાહા સદા મારી પીઠનું રક્ષણ કરો. ૐ કલીં હ્રીં મારા વક્ષઃસ્થળ અને કાંકલ (અસ્થિપિંજર)ની રક્ષા કરો.વિઘ્નનાશ કરનારા મારા હાથ પગ અને સર્વ અંગોનું સદા રક્ષણ કરો. પૂર્વ દિશામાં લમ્બોદર રક્ષા કરો. આગ્નેયી દિશામાં વિઘ્નનાશક રક્ષા કરો. દક્ષિણ દિશામાં વિઘ્નેશ રક્ષા કરો. નૈઋત દિશામાં ગજાનન રક્ષા કરો. પશ્ચિમ દિશામાં પાર્વતી પુત્ર રક્ષા કરો. વાયવ્ય દીશામાં શંકરાત્મજ રક્ષા કરો. ઉત્તર દિશામાં પરીપૂર્ણતમ કૃષ્ણના અંશ રક્ષા કરો. ઈશાન દિશામાં એકદન્ત રક્ષા કરો. ઉર્ધ્વમાં હેરમ્બ રક્ષા કરો. અધઃ (નીચે) ગણાધિપ રક્ષા કરો અને સર્વતઃ (ચારે બાજુ) સર્વ પૂજય રક્ષા કરો. સ્વપ્ન અને જાગરણમાં યોગિઓના ગુરૂ મારૂ રક્ષણ કરો. ગોલોકમાં સ્વયં શ્રીકૃષ્ણે આ કવચ મને આપ્યું હતું. મેં નારાયણે યમાદિ દેવતાઓની સન્નિધીમાં તે સર્વસંકટનાશક કવચ શનૈશ્ચરને (શનિદેવને) આપ્યું હતું. તે જ આ કવચ મેં બધાને સંભળાવ્યું. ગુરૂની પૂજા કરીને વિધિવત જે આ કવચને કંઠમાં કે જમણી બાહુમાં ધારણ કરે તે પણ વિષ્ણુ સમાન થાય છે. કવચના ગ્રહણ માત્રથી સર્વત્ર વિજયી અને પૂજય થાય છે. ભૂત, પ્રેત, પિશાચ, કૂષ્માંડ, બ્રહ્મરાક્ષસ, ડાકિની, યોગિની, યક્ષ, વેતાલ, ભૈરવ, બાલગ્રહ, નવગ્રહ, ક્ષેત્રપાલ ઈત્યાદિ સર્વે આ કવચ શબ્દ માત્રથી ભય પામીને

પલાયન કરી જાય છે. જે ઋજુ હોય, પોતાનો શિષ્ય હોય અને ગુરૂભકત હોય તેને જ આ કવચ આપવું. હવે સુખને દેનારૂ ગણેશજીનું અષ્ટક કહું છું. જેના પાઠ કરનારની ગણેશરૂપે સ્વયં કૃષ્ણ સર્વદા રક્ષા કરે છે. ૐ અનન્તસુસત્વવાળા અને શિવ સત્વવાળા તમને નમસ્કાર છે. ૐ કૃષ્ણરૂપ અને પાર્વતીના પુત્ર એવા તમને નમસ્કાર છે. ૐ વૃદ્ધવિપ્ર અને સત્વમાં હંમેશા રહેનાર એવા આપને નમસ્કાર છે. ૐ પિંડરૂપ અને ન્યસ્તચિન્ત એવા આપને નમસ્કાર છે. ૐ સિદ્ધિના અધિષ્ઠાતા અને સર્વજ્ઞ એવા આપને નમસ્કાર છે. ૐ ગોપુરત્રાતા અને માતાની આજ્ઞાનું પાલન કરનાર આપને નમસ્કાર છે. ૐ અલક્ષ્ય પિતાવાળા અને પિતૃશસ્ત્ય એવા આપને નમસ્કાર છે. ૐ સ્કન્ધરૂપવાળા અને કરિ (હાથી) ના મુખવાળા આપને નમસ્કાર છે. ૐ શિવપુત્ર અને સર્વપૂજ્ય એવા આપને નમસ્કાર છે. ૐ અગ્રપૂજ્ય અને લાડુ ભક્ષણ કરનાર આપને નમસ્કાર છે. ૐ વિઘ્નનાશક અને મૂષકના આસનવાળા આપને નમસ્કાર છે ૐ હેતિલાભ અને ચિરંજીવ એવા આપને નમસ્કાર છે. ૐ દિવ્યવર્ષ્મ અને ભવ્યવર્મ એવા આપને નમસ્કાર છે. ૐ કવચને પૂર્ણ કરનાર અને અવ્યયવાણીવાળા આપને નમસ્કાર છે. ૐ મંગળથી સમૃદ્ધ અને ભક્તિથી દૃઢ એવા આપને નમસ્કાર છે. ૐ શ્રીગણેશ અને શ્રીકૃષ્ણ એવા આપને નમસ્કાર છે. આમ ભક્તિ પૂર્વક સ્તુતિ કરીને મનુષ્ય અમર થાય છે. (મૃત્યુના ભયે રહિત થાય છે) અને મોક્ષમાં જનારો થાય છે. આમ મેં ગણેશજીનું વૃત્તાંત કહયું હવે શું સાંભળવા ઈચ્છો છો ?

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં
ગણેશની વિશેષ અગ્રપૂજા, આશીર્વાદ, મન્ત્ર કવચ
સ્તોત્રાદિકનું નિરૂપણ કર્યું એ નામક
એકસો પાંચમો અધ્યાય ॥૧૦૫॥

द्वापरयुग सन्तान
अध्याय-१५०

શ્રીનારાયણીશ્રી બોલ્યા : વનમાં સ્થિત, અરણ્યમાં વસનાર, પર્વતાદિક પર સ્થિત, ગામ ના હોય તેવી જગ્યાએ સ્થિત અને નિર્જન પ્રદેશમાં સ્થિત કેવી રીતે ઉપદ્રવોથી મુકત થાય છે ?

શ્રીપુરૂષોતમ બોલ્યા : હે શિવરાજ્ઞીશ્રી ! તમે સાંભળો, વન – પર્વત – નિર્જન – ઈત્યાદિ કોઈપણ સ્થાને સ્થિત અને કષ્ટથી પીડાએલો મારા સ્મરણથી, મારા ભકતોના સ્મરણથી, પૂજનથી, વન્દનથી, નિર્જન સ્થાનમાં પણ સર્વવિધ બન્ધથી મુકત થાય છે.

શ્રીનારાયણીશ્રી બોલ્યા : તમારા ઘણા ભકતો બળવાન અને શીઘ્રપુષ્ટિદેનારા છે તેમાંથી સહાય કરનાર અને કષ્ટ હરનાર કોણ છે ? તે મને કૃપા કરીને કહો.

શ્રીપુરૂષોતમ બોલ્યા : સેવા કર્યા વિના, પૂજન કર્યા વિના, આરાધના અને ભક્તિ કર્યા વિના સ્મરણમાત્રથી હનુમાનજી જલ્દી જ કષ્ટનો નાશ કરે છે. હનુમાનજીનો શરણ્યત્વ (શરણાગતનું રક્ષણ કરવું) અને પરોપકાર ધર્મ છે. કોઈપણ કારણ (સાધન કર્યા વિના) વિના દુઃખહરણ કરવાનો ગુણ હનુમાનજીમાં બીરાજે છે. ધૂપ કરવા માત્રથી તેઓ આવે છે. સ્તોત્ર માત્રથી દેખાય છે. સ્મરણ કરવા માત્રથી આવીને આશ્રિત જનનું ગમતું કરે છે. ભૂત-પ્રેત, પિશાચ, ડાકિની ઈત્યાદિ કુયોષિતાઓ અને બાલગ્રહો, વ્યોમ ગ્રહો ઈત્યાદિની પીડાને હનુમાનજી દૂર કરે છે. હનુમાનજીમાં નૈષ્ઠિક બ્રહ્મચર્ય બિરાજે છે અને બ્રહ્મચર્ય તે સદા બ્રહ્મનું રૂપ છે. મારૂં રૂપ છે.

ભક્તિ અને બળથી યુકત એવા હનુમાનજી પરબ્રહ્મ પાસેથી બળ પ્રાપ્ત કરીને કાર્ય કરે છે. અને આપત્તિમાં સહાય કરે છે. (સંભારવા માત્રથી) અદ્રશ્ય એવા વાયુરૂપે પણ જલ્દીથી આવીને

ભૂત-પ્રેતાદિકને મારીને આશ્રિત જનનો કષ્ટથી મુકાવે છે. જયાં પ્રતિષ્ઠાવિધિથી હનુમાનજી સ્થિત છે અથવા તેમની પ્રતિમા જયાં છે ત્યાં પીડા ઉત્પન્ન થતી નથી. વનમાં, અરણ્યમાં, પર્વતમાં, નગરમાં, પુરમાં, ગામમાં, બજારમાં, નેસડામાં, ઝુંપડામાં, નદી કીનારે, પર્વત પર, તળાવની પાળે, સીમમાં, ખેતરમાં, જળાશયમાં, ઘરમાં, માર્ગમાં, ચાર રસ્તા પર, વૃક્ષમાં અને મંદીરમાં જયાં હનુમાનજી, તેમની ધ્વજા કે પ્રતિમા હોય ત્યાંથી વન સ્થળ ઘર શિબિર ઈત્યાદિ કોઈ પણ સ્થાનમાંથી જવરો (તાવ) વિઘ્નો, ગ્રહો, ડાકિની, શાકિની, ભૂતો, ભૈરવો, પિશાચો, કૃત્યાઓ, વીરો, રોગો, તાપો, નિશાચરો, કષ્ટો, કબન્ધો, પ્રેતો, બ્રહ્મરાક્ષસો, શત્રુઓ, યક્ષો, કુષ્માંડો, યન્ત્રો, મન્ત્રો, તન્ત્રો, અભિચારો, ઈન્દ્રજાળો વિગેરે બધું જ (મલીન તત્વો) દૂર થાય છે. યોગીનિઓ (જોગણીઓ) માતૃકાઓ, દૈત્યો, ગણો, દાનવો, મહાબલી હનુમાનજીને જોઈને જ ભાગી જાય છે. કાકિની, કામીની, બ્રહ્મગ્રહો, ચૌરગ્રહો તથા મારીગ્રહો, હનુમાનજીનું સ્તોત્ર સાંભળીને નાશ પામે છે.

વાઘો, સર્પો, રાજાઓ, નારીઓ, શત્રુઓ, પાપો તથા સભા હનુમાનજીના સ્મરણથી બંધનમાં આવે છે. હનુમાનજીના બળથી આયુ આરોગ્ય ઐશ્વર્યાદિની વૃદ્ધિ થાય છે. તથા શિરઃશુલ, ગુલ્મશૂળ, નાગપાશ, કુવિદ્યા, અરિષ્ટો ઈત્યાદિ જે કોઈ દુઃખો છે તે બધા હનુમાનજીના સ્તોત્ર પાઠથી નક્કી જ નાશ પામે છે તેમાં સંશય નથી. યાતુધાનો (રાક્ષસો), પ્રમથો (હઠીલાઓ) તથા ઘોરદ્રષ્ટિવાળા આસુરો, કેતુઓ, શ્રેયકાર્યમાં વિઘ્નકર્તાઓ સરીસૃપો, ઘોર પાપો, કૃચ્છ્રો, દ્રષ્ટિઓ (દાઢથી મારનારાઓ), આપત્તિઓ, ઉપદ્રવો, કલહો વિગેરે હનુમાનજીના સ્તવનથી નાશ પામે છે.

હે લક્ષ્મિ ! સાંભળો, હવે હનુમાનજીનુ પૂજનાદિ કહુ છું. વ્રત કરનારો કાર્તિક કૃષ્ણ ચતુર્દશીના દીવસે (કાળી ચૌદશના

દિવસે, ગુજરાત અને મહારાષ્ટ્ર સિવાય સંપૂર્ણ ભારતમાં પહેલા વદ પક્ષ આવે અને પછી સુદ પક્ષ આવે તે રીતે જોતા આ કાળી ચૌદશનો દીવસ થાય છે.) બ્રાહ્મમૂહૂર્તમાં સ્નાન કરીને પૂજવા યોગ્ય અને માનવા યોગ્ય એવા દેવતાઓ અને પિતૃઓનું પૂજન કરીને કદળી (કેળના) સ્તંભથી શોભતો, રમણીય, હાર, હીરક, મૌકિતક - પત્ર - તોરણ - રંગ - વેલ - ધ્વજા - કળશ ઈત્યાદિથી સુશોભિત ચારદ્વારવાળો, બાર સ્તંભવાળો, સારા વસ્ત્રથી વિંટાયેલો મંડપ કરે અને ધ્વજામાં ગદાનું ચિહન કરાવે. તે મંડપના મધ્યે બે હાથના પ્રમાણવાળો કુંડ કરે તથા યથાયોગ્ય ત્રિસેતુને સિન્દુર, અબીલ, કુંકુંમ ઈત્યાદિથી શણગારીને તૈલપાત્ર, અડદ, વડા, લાડવા, ચણા, બ્રીહી (ધાન્યો), ચોખા, રાજમા, ઘી, મિષ્ટાન્ન, ફળો, રોટલાઓ, દુધમાં બનાવેલ પુરીઓ, ગોળ, ગોળ-ભાત, દુધપાક, નારીયેલ, ખારેક, ખજુર, ફણસ, ઈત્યાદિ પુષ્ટિકારક અન્ન તથા પુષ્ટિકારક ફળો યથાશક્તિ વ્રત કરનાર મંડપમાં રખાવે પછી પુણ્યાહવાચન અને મંગલવાચન બ્રાહ્મણો પાસે કરાવીને પ્રાયશ્ચિત કરાવે (દેહ શુદ્ધિ – આત્મશુદ્ધિ માટે) પછી સંકલ્પ કરાવે કે સર્વે અનિષ્ટના વિનાશ માટે સર્વ ઈષ્ટની પ્રાપ્તિ માટે, શાન્તિ માટે, હનુમાનજીની પ્રતિષ્ઠાના અંગભૂત યજ્ઞને કરૂં છું તો હનુમાનજીની કૃપાથી નિર્વિઘ્ન પણે પૂર્ણ થાઓ પછી ગણપતિની પૂજા કરાવે, રુદ્રની સ્થાપના કરાવે અને તેમાં મુખ્ય દેવતા તરીકે હનુમાનજીના કળશનું સ્થાપન કરે તથા માતા અંજનિ, પિતા કેસરી, વાયુદેવ તથા શંકરજી તથા સ્કન્દ, બ્રહ્મચારી, સાધુઓ, સનકાદિકો, માતૃકાઓ, રૂદ્રો, વસુઓ, આદિત્યો, નિધિઓ, બ્રહ્મવ્રત, બ્રહ્મચર્ય, દેવતાઓએ સહિત વાસ્તુદેવ, દિકપાળો, લોકપાળો, સપ્તર્ષિઓ, ગરૂડજી, શેષજી, ચતુર્વ્યુહ (વાસુદેવ, સંકર્ષણ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન) મહાલક્ષ્મીશ્રી લલિતા, નરેશ્વર શ્રીરામ, વાનરો, તત્સજાતીયો (યુદ્ધમાં ભગવાન શ્રીરામની મદદ કરનારા

વાનર સિવાયની પ્રજાતિઓ), પગમાં સ્થિત પનોતિ, સર્વ પાપોનો નાશ કરનારી ગદા, બ્રહ્મમાલા તથા વર્ધિની કલશ ઈત્યાદિનું સ્થાપન તથા પૂજન કરે અને તેમાં (કળશમાં) તીર્થોનું આવાહન કરીને રત્નો પધરાવે અને તે તીર્થ જળથી પંચામૃત, સર્વેહોમના પાત્રો અને સર્વ પૂજાના દ્રવ્યોનું પ્રોક્ષણ કરે (પાણીની છાંટ નાખી શુદ્ધ કરે) પછી દેવોનું આહવાન કરીને ષોડશોપચારો વડે તેમનું પૂજન કરી કુંડમાં વહ્નિન પ્રગટ કરે અને ઘૃત, મિષ્ટાન્ન, પાયસ, સમિધાઓ, આંકડાના ફુલો વિગેરે વડે હવન કરે વળી ગ્રહોનું પૂજન કરી તેતે ગ્રહોની સમિધા વડે હવન કરે અને બીજા સર્વ દેવો માટે ઘી, બ્રીહી, ફળ, પત્ર, પુષ્પ, શર્કરા ઈત્યાદિકે કરીને હવન કરે પછી વેદિકા પર મુખ્યદેવ હનુમાનજી સોનુ – ચાંદી, તાંબુ ઈત્યાદિ ધાતુથી બનેલી, રત્નથી બનેલી કે પત્થરમાંથી બનેલી મૂર્તિ લાવીને સ્થાપિત કરે અને ત્યાં ફરી પુણ્યાહવાચન કરે અને પંચામૃતથી સ્નાન કરાવે, સુગન્ધિતેલ, સુગન્ધિત પદાર્થ ઈત્યાદિ વડે અંગ મર્દન કરે પછી સ્વચ્છ જળથી અભિષેક કરે, માર્જન કરે, વસ્ત્રો પહેરાવે, શ્રૃંગાર કરે અને પછી વાયુપુત્ર શ્રી હનુમાનજીને રથમાં બેસારે અને અનેક પ્રકારના વાજીંત્રોથી ઉત્સવ ગીતો વગાડતા ચારેબાજુ નગરમાં ફેરવે અને સર્વ પુરજનો તેમની પૂજા કરે, પ્રણામ કરે અને ઘરે લાવે પછી વેદિકા સ્થાને લાવે, પૂજા કરે, જળમાં વાસ કરાવે, અને એક રાત્રી ત્યાં (વેદિકા પર) સુવરાવે પછી સવારે જગાડે અને સમસ્ત દેવપૂજા કરે અને હવન કરે અને હનુમાજીના મન્ત્રોને વેદમન્ત્રોએ સહિત જપાવે હે લક્ષ્મિ! હનુમાજીનો મહામન્ત્ર કહું છું. તે સાંભળો ! *ૐ નમો હનુમતે દુઃખભંજનાય સુખં કરૂ ફટ્ સ્વાહા* આ વીશ અક્ષરના મન્ત્રને દસ હજાર વાર એક માસ સુધી જપે તો સર્વ દુઃખનો નાશ કરનાર થાય છે.

'ઓમસ્ય શ્રીહનુમન્મહામન્ત્રસ્ય શ્રીકૃષ્ણનારાયણઃ ઋષિઃ,
શ્રીહિમાચલહનુમાન્ દેવતા, મમ સમસ્તેષ્ટપ્રાપ્ત્યર્થે,
સમસ્તાડનિષ્ટનાશાર્થે શ્રીકૃષ્ણનારાયણપ્રસન્નતાર્થે
શ્રીહિમાચલહનુમત્સ્તોત્રમન્ત્રજપમહં કરિષ્યે . ॥૫૭॥

''ઓં નમો ભગવતે મહાબલવતે
સર્વાધિકવીર્યવતે મહાહનુમતે વજ્રદેહાય
કુમારબ્રહ્મચારિણે યક્ષરાક્ષસભૂતપ્રેતપિશાચકુષ્માણ્ડ-
વિનાયકવેતાલડાકિનીશાકિનીકાકિનીયોગિનીવેતાલિ-
નીકૃત્યાગ્રહગણબન્ધનાય રોગાદિબન્ધનાય એહિ એહિ
આગચ્છ આગચ્છ આવેશય આવેશય પ્રવેશય
પ્રવેશય સ્ફુર સ્ફુર સર્વમુખબન્ધન શત્રું મે વશમાનય
ક્લીં ક્લીં ક્લીં હ્રીં શ્રીં શ્રીં શ્રીં ક્લીં હ્રીં મર્દય મર્દય મારય મારય
ચૂર્ણય ચૂર્ણય ઓં હ્રાં હ્રીં હ્રૂં હ્રૈં હ્રૌં હ્રઃ ફટ સ્વાહા' ॥૫૮॥

''ઓં હ્રાં હ્રીં ઓ નમો ભગવતે બ્રહ્મહનુમતે રુદ્રમરુદ-
જ્જનિજાતાય સર્વદુઃખનિવારણાય સર્વવિધજ્વરાન્
છિન્ધિ છિન્ધિ સર્વકષ્ટાન્યુચ્ચાટય ઉચ્ચાટય ઓં હ્રાં
શ્રીં ઓં નમો ભગવતે શ્રીહિમાચલમહાહનુમતે
દુઃખહાલક્ષ્મીપૂજિતાય ઓં હ્રાં હ્રીં હ્રું હ્રૈ હ્રૌં હ્રઃ આં
હાં હાં હાં હાં જૌં સૌં એહિ એહિ એહિ ૐ હં ૐ હં
ૐ હં ઓં નમો બલવતે ગદાવતે સર્વવિષં હર હર
વ્યોમવનં ભેદય ભેદય જ્વાલય જ્વાલય પ્રહારય પ્રહારય
સર્વા માયાં ભેદય ભેદય ઓં હ્રાં હ્રીં ઓં નમો ભગવતે
મહાલાઙ્ગુલવતે સર્વબલાનિ ક્ષોભય ક્ષોભય સકલ બન્ધમોક્ષણં કરુ
કરુ સર્વશૂલાન્ નિર્મૂલય નિર્મૂલય

સર્વપાશાન્ શિથીલય શિથીલય દુષ્ટાવિદ્યાચ્છેદય
છેદય નિજવિદ્યાઃ પ્રકટય પ્રકટય સર્વારિષ્ટાનિ
નાશય નાશય અસાધ્યં સાધય સાધય અત્ર મૂર્તૌ
વાસં વિધેહિ વિધેહિ ચમત્કારં પ્રદર્શય પ્રદર્શય
અદ્રિવીર તનુમન્ હનુમન્ મમ સર્વશત્રૂન્
ભસ્મ કરુ કરુ હન્ હન્ હું ફટ્ સ્વાહા''. ॥૫૯॥

૧૦૮ વાર જપ કરી પછી હોમ કરવો અને પછી પૂજા કરી પરિહાર કરવો. ત્રીજે દિવસે સવારે દેવતાઓને પૂજીને હવન કરીને હનુમાજીને પૂજે. અને વિમાનમાં બેસારીને મંદિરની સામે લાવે પ્રદક્ષિણા કરીને (વિમાનથી જ હનુમાનજીને મંદિરની ચારે બાજુ ફેરવે) મંદિરની આગળ પૂર્વમુખે અથવા ઉત્તર મુખે પધરાવીને નેવૈદ્ય અર્પણ કરે, અંગન્યાસ કરે તથા તત્વોનો ન્યાસ કરે, નેત્રમાં અંજન કરે, વસ્ત્ર આભૂષણાદિ અર્પણ કરે અને બીજ વર્ણથી ધ્વનિત પ્રાણપ્રતિષ્ઠા કરે.

અર્ચા સ્વરૂપ તે હનુમાજીના હૃદયમાં અંગુઠો રાખીને નીચેનો મંત્ર બોલવો

ઓં કં ખં ગં ઘં ઙં આં પૃથિવ્યપ્તેજો-
વાય્વાકાશાત્મને આં હૃદયાય નમઃ ।
ઓં ચં છં જં ઝં ઞં ઈં શબ્દસ્પર્શ-
રુપરસગન્ધાત્મને ઈં શિરસિ સ્વાહા ।
ઓં ટં ઠં ડં ઢં ણં ઉં શ્રોત્રત્વક્-
ચક્ષુરસનાઘ્રાણાત્મને ઊં શિખાયૈ વષટ્ ।
ઓં તં થં દં ધં નં એં વાક્પાણિપાદપાયૂપસ્થાત્મને
એં કવચાય હુમ્ । ઓં પં ફં બં ભં મં ઓં વચનાદાન-
વિહરણોત્સર્ગાનન્દાત્મને ઔં નેત્રત્રયાય વૌષટ્)
ઓં યં રં લં વં શં સં હં લં ક્ષં ઙ્ઞં અં મનોબુદ્ધ્યહંકાર-
ચિત્તાત્મને અઃ અસ્ત્રાય ફટ્ ॥૬૪॥

अथ देवं स्पृष्ट्वा - 'ओं आं ह्रीं क्रौं यं रं लं वं शं
षं सं हं सः देवस्य प्राण इह प्राणाः ।
ओं आं ह्रीं क्रौं यं रं लं वं शं
षं सं हं सः देवस्य जीव इह स्थितः ।
ओं आं ह्री क्रौं यं रं लं बं शं
षं सं हं सः देवस्य सर्वेन्द्रियाणीह ।
ओं आं ह्रीं क्रौ यं रं लं वं शं षं सं हं सः देवस्य
वाङमनश्चक्षुःश्रोत्राघ्राणप्राणाः इह तिष्ठन्तु स्वाहा ॥६५॥

પ્રણવથી (ૐકારથી) મૂર્તિમાં હનુમાનજીને નિરૂધ્ધ કરે અને તેમનું સજીવ પણે જ ધ્યાન કરીને મૂર્તિના કાનમાં હનુમન્મન્ત્ર જપે પછી નમસ્કાર કરી જયજયકાર પૂર્વક મંદિરના સિંહાસનમાં મૂર્તિ સ્થાપિત કરે અને પ્રાર્થના કરે કે હે દેવ ! આપની સ્થાપનાથી તમામ અનિષ્ટો લય પરમ લયને પામો અને હે હનુમાનજી મહારાજ ! સર્વેને સર્વ પ્રકારે સુખી કરો પછી ધુપ – દીપ નૈવેદ્ય તામ્બુલ-જળ પુષ્પાંજલિ આપવી અને પછી રૂની દિવેટો પ્રકટાવીને આ આરતી કરવી (જય કપિ બળવંતા.....)

પછી પૂર્ણાહુતિ કરી પરિહાર કરવો અને બ્રાહ્મણો, સાધુઓ, સતીઓ, ભકતો ઈત્યાદિને ભોજન કરાવવા અને દક્ષિણા આપવી, નિત્ય એ દેવની પૂજા કરવી, ધ્વજાદિકનું દર્શન કરવુ, મન્ત્રજપ કરવો અને સદા ધ્યાન કરીને સિન્દુર, તેલ, અર્કમાલા, ઈત્યાદિ અર્પણ કરવુ તેથી તે અનિષ્ટનો નાશ કરે છે અને હે લક્ષ્મિ ! હનુમાનજીને પૂજવાથી ભુક્તિ અને મુક્તિ સિદ્ધ થાય છે. અને મારી તુલ્યતાને પામે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ
સન્તાનમાં હનુમન્મન્ત્ર, તેનો જપ,
હનુમત્પ્રાણપ્રતિષ્ઠાદિવિધિ નિરૂપણ નામ
એકસો પચાસમો અધ્યાય. ॥૧૫૦॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૨૮૨

હે લક્ષ્મિ ! જેટલાં સાંસારિક દુઃખો છે તેને દૂર કરી પાપહરનાર એવું પવિત્ર શ્રી લક્ષ્મીનારાયણવ્રત તમોને કહું છું તેનું શ્રવણ કરો. જે વ્રત બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રો તેમજ સ્ત્રીઓની સમસ્ત કામનાઓને પરિપૂર્ણ કરનાર, સર્વ વ્રતોના ફળને દેનાર, દુષ્ટસ્વપ્નોનો નાશ કરનાર, ધર્મમય, દુષ્ટગ્રહોની પીડાનો નિવારનાર અને જેનું અનુષ્ઠાન કરવાથી કરોડો પાપ સમૂહ નાશ પામે છે તે વ્રત માગશર માસની પૂર્ણિમાને દિવસે, બ્રાહ્મ મુહૂર્તમાં સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો ધારણ કરી, શુદ્ધ આસન ઉપર બેસી, આચમન કરી, મૌન ધરી, શ્રી નારાયણનું સ્મરણ કરી, નિત્યદેવપૂજા કરીને સંકલ્પ કર્યા પછી શ્રીલક્ષ્મીનારાયણ પ્રભુનું આવાહન કરી આસન વગેરે ઉપચારો અર્પણ કરીને પંચામૃતાદિક પદાર્થો વડે સ્નાન કરાવી ભગવાનને શ્રૃંગાર કરવા. ત્યારપછી અત્તર, ચંદન, પુષ્પની માળાઓ તેમજ ધૂપ, દીપ, સુંદર ભોજન, પેયરસો, ફળ, તામ્બૂલ પાન અર્પણ કરવા. કીર્તન, નૃત્ય, સ્તુતિ, ભજન તેમજ ક્ષમાપન સ્ત્રોતો વડે શ્રીનારાયણને સંતુષ્ટ કરી તે દેવની આગળ ચતુરસ્ર સ્થણ્ડિલમાં વિધિપૂર્વક અગ્નિ સ્થાપન કરી આજ્ય ભાગ પર્યન્ત વિધાન કરી પુરુષસૂક્ત વડે ચરુ, તિલ, પુષ્પો, ઘી, ફળ આદિ તથા રસયુક્ત અન્ય હવનીય પદાર્થો વડે યથાશક્તિ હોમ કરવા. પુરુષસૂક્તના ઉચ્ચારો શુદ્ધ ન આવડે તો શુદ્ધ ઉચ્ચાર કરનાર વિદ્વાન બ્રાહ્મણ પાસે મંત્ર પાઠ કરાવી હોમ કરવો. પાપોના નાશ માટે દેહશુદ્ધિ વગેરે પ્રાયશ્ચિત કરવું હોમ સમાપ્ત કરી પુનઃ શાંતિસૂક્તનો પાઠ કરવો. આ રીતે વ્રતની પૂર્તિ માટે પૂર્ણિમાના દિવસે નિરાહાર રહીને શ્રીહરિનું પૂજન કરી પ્રાર્થના કરવી કે, હું બીજે દિવસે વદ એકમે પારણા કરીશ. આ પ્રમાણે સંકલ્પ કરી સાયંકાલે ચંદ્રોદય પછી ચંદ્રને અર્ધ્ય આપવો. ત્યારે

બોલવું કે હે ક્ષપાકર ચંદ્ર ! શ્વેત પુષ્પો અક્ષત વગેરેથી યુક્ત અર્ઘ્યનો આપ સ્વીકાર કરો. ચંદ્રને વંદન કરતાં બોલવું કે હે શુક્લાંશો ! આપને નમસ્કાર, હે લક્ષ્મીજીના ભ્રાતા ! આપને વારંવાર નમસ્કાર. પછી તે રાત્રે ભગવત કથા-કીર્તન નૃત્ય વગેરે કરીને જાગરણ કરવું. કૃષ્ણપક્ષની એકમના દિવસે સવારે શ્રીકૃષ્ણ નારાયણનું પૂજન કરવું ત્યારપછી બ્રાહ્મણોને બોલાવી ભોજન કરાવવું, દાન-દક્ષિણા દેવાં, સાથે-સાથે બટુકો તેમજ સુવાસિનીઓ તથા સાધ્વીઓને ભોજન કરાવવું. તે પછી વ્રતધારકે પોતાના પરીવારજનો સાથે પારણા કરવાં. આમ પ્રતિમાસની પૂર્ણિમાનું વ્રત એક વર્ષ સુધી કરી કાર્તિકમાસની પૂર્ણિમાના દિવસે અદ્‌ભૂત મોટો ઉત્સવ કરવો, જેમાં સુંદર મોટો મંડપ બાંધવો. વેદી ઉપર સર્વતોભદ્રમંડળ બનાવી તેના મધ્યમાં પંચરત્ન પંચપલ્લવાદિ યુક્ત કુંભ ઉપર પૂર્ણપાત્રમાં તલભરી શ્રીલક્ષ્મીનારાયણ પ્રભુની સ્થાપના કરી આવાહનાદિ કરી સ્થાપના કરી પંચામૃત સ્નાન કરાવવું. શુદ્ધજલ વડે સ્નાન કરાવી, ગન્ધ, વસ્ત્ર આભૂષણ પૂષ્પમાળા, ધૂપદીપાદિકથી પૂજન કરી, ભક્ષ્યભોજ્યાદિ નૈવેદ્ય ધરાવી મીઠું શીતલ જલ અર્પણ કરી, તામ્બૂલ, ફળાદિક અર્પણ કરવાં, નીરાજન કરી કીર્તન નૃત્યાદિક કરતાં રાત્રિ જાગરણ કરીને ભગવાન શ્રીકૃષ્ણને શયન કરાવવું. પુનઃ પ્રાતઃકાલે ઉત્થાપન કરી પૂજન કરવું. ભગવન્મૂર્તિ સ્વરૂપ યજ્ઞના આચાર્યશ્રીને સમર્પિત કરવું. બ્રહ્મભોજન કરાવી દક્ષિણા દેવી.અગ્નિમાં તિલ વગેરેનો હોમ કરવો. વિવિધ દાનો આપવાં. સાધુઓ-સાધ્વીઓને ભોજન કરાવવું. તિલ વગેરે પવિત્રવસ્તુઓના દાન દેવાં. આ પ્રમાણે વ્રતધારી ભક્ત સુચારુરૂપેણ શ્રીલક્ષ્મીનારાયણવ્રત કરી પુત્ર-પૌત્ર કુટુંબ સહિત આ લોકમાં સુખ ભોગવી. વિવિધભોગોને પામી અંતે શ્રીવિષ્ણુભગવાનના ધામને પામે છે. વળી યોગીઓને દુર્લભ એવી સર્વગતિ (દિવ્ય પરમધામની પ્રાપ્તિ) શ્રી હરિની કૃપાદ્રષ્ટિથી પામે છે.

હે લક્ષ્મિ ! હવે તમોને રાજ્યદાતા, વિજય અપાવનાર તથા શ્રીવિષ્ણુપ્રીતિકારક એવા ધ્વજારોપણ વ્રતનું કથન કરું છું તે શ્રવણ કરો. શ્રી હરિને અથવા શ્રીહરિની વિભૂતિ એવા દેવમંદિર પર જે ભક્ત ધ્વજ અર્પણ કરે છે તે સ્વર્ગના દેવોને માટે પણ પૂજ્ય બને છે. અને એક હજારભાર સૂવર્ણદાનથી ઉત્પન્ન ફળ, ગંગાસ્નાન સમાન ફળ તથા શિવજીના પૂજન સમાન ફળની પ્રાપ્તિ માત્ર ધ્વજદાનથી થાય છે. તુલસીજીના અર્ચન સમાન પુણ્ય ધ્વજારોપણથી પ્રાપ્ત થાય છે. અહો ! ધ્વજારોપણ વ્રત અદ્‌ભૂત છે ! દિવ્ય છે ! પવિત્ર છે ! આમ, ધ્વજારોપણવ્રત સર્વ પાપહર સર્વપૂણ્યપ્રદ છે. ધ્વજવ્રતિ (ધજા ચડાવનાર ભક્તે) કાર્તિક અથવા કોઈપણ માસની શુક્લપક્ષની દશમીના દિવસે પોતાની નિત્ય દેવસેવાથી પરવારી, એકવાર ભોજન ગ્રહણ કરે. ભૂમિશયન કરી બીજે દિવસે વહેલી સવારે પુનઃનારાયણનું સ્મરણ કરે. એકાદશીના દિવસે વિધિપૂર્વક સ્નાન કરીને શ્રીહરિનું ધ્યાન ધરી ભગવાનનું નૈવેદ્યાદિક (થાળ) ધરી પૂજન કરીને, મંગલમય સમયમાં ચાર બ્રાહ્મણોનું વરણ કરી તેઓના દ્વારા થતા પુણ્યાહવાચનમાં અભ્યર્થના કરે. ત્યારપછી પોતાના પિતૃઓના રાજીપા માટે નાંદીશ્રાદ્ધ કરે. બધા ધજાદંડોને લઈ આવે. બંને ધજાદંડો ને બે-બે નવાં વસ્ત્રો વડે સુશોભિત કરીને બ્રહ્મગાયત્રી મંત્ર (અથવા મંદિરસ્થદેવના મંત્ર) વડે દંડોનું પ્રોક્ષણ કરે દંડોની જમણે-ડાબે ક્રમશઃ સૂર્ય-ચંદ્ર, વિધાતા-ધાતા અને શ્રીગરુડજીનું આવાહન કરીને દંડ સહિત તે દેવતાઓનું ચંદન-અક્ષત-શ્વેતપુષ્પ, કુંકુમ, અત્તર, હળદરનું ચૂર્ણ વગેરે પદાર્થો વડે પૂજન કરીને સાકરનું નૈવેદ્ય અર્પણ કરે. ત્યારપછી ગોચર્મ (ગોચર્મ એટલે ગાય/બળદનું ચામડું એ તથા વસિષ્ઠોક્ત પ્રમાણે - દશહાથનો દંડ, એવા પંદર ચોરસદંડ એટલે એક ગોચર્મ ભૂમિ થઈ.) ના માપે સ્થંડિલ (ઓટલી) બનાવી તેને ચારેય બાજુથી ગાયના છાણથી લીંપી તેની મધ્યમાં

યજ્ઞકુંડ મધ્યે અગ્નિસ્થાપન કરી વેદમંત્રો વડે આજ્યભાગ ઈત્યાદિક વિધાન કરીને, ઘી મેળવેલા પાયસ (ઓછા દૂધમાં પકાવેલા છૂટા ચોખા) થી પુરુષસૂક્તની ઋચાઓ વડે એકસો આઠ આહૂતિઓ તથા વિષ્ણુભગવાનના નામો વડે હોમ કરે. ત્યારપછી ધજાવ્રતીએ ઈરાવતી (ઋ. ૭/૯૯/૩) એ અનુવાકનું ઉચ્ચારણ કરી (૧૦૮-૨૮-૮ સંખ્યામા) હોમ કરવો અને વૈનતેયાય સ્વાહા એ મંત્ર વડે આઠ આહુતિઓ આપવી. પુનઃ સોમોધેનુમદુત્થંની (૧૦૮-૨૮-૮ સંખ્યામાં) આહૂતિઓ દેવી. પછી સૌર (સૂર્ય સંબંધીત) મંત્રોનો જાપ કરવો તથા શાંતિસૂક્તો ભણવાં. આ રીતના વિધાન સમયે વ્રત નિર્જલ કરવું. રાત્રે જાગરણ કરી બારશનો દિવસે વહેલી સવારે ઉઠી સ્નાન કરી ફરીવાર શ્રીહરિનું પૂજન કરીને મંગલવાદ્ય ગીત વગેરે સાથે સૂક્તપાઠ સ્તવન ઈત્યાદિ પૂર્વક ધ્વજને શ્રીહરિના મંદિરની સમીપે લઈ જઈ ભગવાનને વંદન કરે. ભગવાનના મંદિરે દ્વાર પાસે અથવા શિખર ઉપર દંડસહિતના ધ્વજનું સ્થાપન કરી દૃઢ રીતે સ્થિર કરી ધ્વજનું નીરાજન (આરતી) કરવું. ધ્વજની આગળ નારિયેલ (શ્રીફળ) ચઢાવવું. તેમાંથી કોપરૂં કાઢી ભક્તોને પ્રસાદરૂપે વહેંચવું. તે સમયે મંદિરસ્થ શ્રીવિષ્ણુભગવાનને શણગારવા. ભગવાનને ગંધ-અક્ષત-પુષ્પ-ધૂપ-દીપ સુગંધીત અત્તર વગેરેથી પૂજી, ભક્ષ્ય ભોજ્યાદિ મિષ્ટ પદાર્થો અને અન્ય નૈવેદ્યો સમર્પિત કરી પૂજન કરવું. વ્રતધારીએ ત્યારપછી પ્રદક્ષિણા કરી ભગવાનની ક્ષમાયાચના કરી, વિનંતી કરવી હે શ્રીહરિકૃષ્ણ નારાયણ ! આપના મંદિરના શિખર તેમજ ધ્વજાના પડછાયાઓની જ્યાં-જ્યાં ગતિ થાય ત્યાં-ત્યાં દુઃખ-દારિદ્ર દોષોનો સર્વદા વિનાશ થાઓ અને પુત્ર-પૌત્રાદિક વિસ્તાર, ધન ધાન્યાદિસમ્પદાઓ, આરોગ્ય, ઉત્સાહ, ઐશ્વર્ય આદિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામો.

આપનો ધ્વજ સર્વોપરિ છે. મને પણ એ રીતે સર્વોપરિ બનાવો, ધ્વજ પુચ્છ એ વિજ્ઞાનનું રૂપ છે. તેમજ સ્વયંધ્વજ સત્-

ચિત્-આનંદ સ્વરૂપ છે. ધ્વજદંડનો અગ્રભાગ બ્રહ્મલોક છે. વંશ (દંડ, વાંસ) તેજસ્વિતાના માર્ગરૂપ છે. પુનઃ કહે છે કે, ધ્વજદંડનો અગ્રભાગ સત્યલોક પણ કહેવાય છે. દંડમાં રહેલી પટ્ટિઓ દેવલોકરૂપ છે. ધ્વજદંડમાં લાગેલી ઘંટડીઓ જ્યોતિષચક્ર (આકાશગંગા વગેરેનું પ્રતિક) છે. ધ્વજદંડ સ્વયં ધર્મરૂપે સ્થિત છે. સ્તમ્ભનું મૂળ ધર્મ અર્થ કામ મોક્ષરૂપ ચતુર્વિધ પુરુષાર્થ છે. તેમજ ભગવન્ આપ પોતે આત્મારૂપ સ્તમ્ભી છો માટે હું આપને સાંષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું. જેના શરણમાં સત્પુરુષો નમસ્કાર કરી પરમગતિને પામે છે એવા સચ્ચિદાનંદ વિગ્રહ લક્ષ્મીસહ શ્રીકૃષ્ણનારાયણ ! આપને હું સતત ભજું છું. આ પ્રમાણે સ્તુતિ કરી શ્રીવિષ્ણુનારાયણને વંદન કરી આચાર્ય, સદ્ગુરુ, અન્ય બ્રાહ્મણો (આચાર્ય શબ્દથી અહીં ધ્વજારોપણ યજ્ઞના આચાર્ય તેમજ ઋત્વિજો આવો અર્થ સૂચિત થાય છે.) તે સર્વેને ભોજન કરાવી દક્ષિણા અર્પણ કરી પોતે પારણા કરવા. હે કમલે ! ધ્વજનું પટવસ્ત્ર જ્યાં સુધી વાયુ દ્વારા આંદોલિત થતું રહે છે ત્યાં સુધી ધ્વજ અર્પણ કરનાર સેવકના પાપના જાળાઓ નષ્ટ થતાં રહે છે. જેટલા દિવસો સુધી ભગવાનના મંદિરે ધ્વજ ફરકતો રહે છે તેટલા હજાર યુગો સુધી ધ્વજારોપણ કરનારા સેવક શ્રીહરિના દિવ્યધામમાં નિવાસ પ્રાપ્ત કરે છે. મંદિર ઉપર ચઢાવેલ ધ્વજનાં દર્શન કરી જે-જે વ્યક્તિ રાજી થાય છે અને ધ્વજદાતાને અભિનંદન આપે છે તે-તે સર્વના વજ્રલેપ સમાન પાપો નાશ પામે છે. ધ્વજ પોતાના પટવસ્ત્રને ફરકાવે છે ત્યારે તો ધ્વજા-રોપણ કરનાર સેવાર્થીના પાપ સમૂહને ઉડાડી મૂકે છે તથા તે ભક્ત અંતસમયે દેવવિમાન દ્વારા પરમધામમાં જાય છે.

પ્રાચીન સમયે સત્યયુગમાં ચંદ્રવંશીય સુમતિ નામના રાજા હતા. રાજા શ્રીહરિની કથાઓના અનુરાગી હતા. સત્યમતી નામની તેની રાણી પણ એવા જ ગુણો ધરાવતી હતી. આ બંને દમ્પતી

નિત્યપ્રતિ શ્રીહરિ સેવા પરાયણ, જાતિસ્મર (પૂર્વભવોના સ્મરણવાળાં), અન્નજલનું દાન દેનારાં હતા, આ રીતે ધર્મકાર્યોનો વિસ્તાર કરનારા હતા. તે રાજા પ્રતિદ્વાદશીને દિવસે ભગવાનના મંદિર ઉપર ધ્વજારોપણ કરતા જેથી રાજાની કીર્તિનું ગાન દેવો પણ કરતા જેથી એક સમયે રાજાની કીર્તિ સાંભળી વિભાંડક ઋષિ રાજા પાસે ગયા. અતિથિસત્કાર કરી રાજા મુનિને કહેવા લાગ્યા. ભગવન્ ! આપના આગમનથી હું કૃતકૃત્ય થયો છું. સત્પુરુષોનું આગમન ગૃહસ્થો માટે સર્વસુખ શાંતીને માટે હોય છે. જ્યાં સત્પુરુષો પ્રત્યે પ્રેમભાવ હોય ત્યાં સર્વ રિદ્ધી-સિદ્ધીઓ આવીને નિવાસ કરે છે. જ્યાં-જ્યાં સત્પુરુષોની કૃપા હોય ત્યાં તેજ-કીર્તિ-ધન-ધાન્ય અને પુત્રોની વૃદ્ધિ થાય છે અને દિવસે-દિવસે શ્રેષ્ઠ સુખોની પ્રાપ્તિ થાય છે તેમજ અંતે કલ્યાણ પણ થાય છે. જે મહાપુરુષોના ચરણારવિંદની રજને ભાવપૂર્વક ધારણ કરે છે તેણે માનો સર્વયજ્ઞના અવભૃથસ્નાન તેમજ સર્વતીર્થોમાં સ્નાન કરવાનું પુણ્ય પ્રાપ્ત કરી લીધું છે. મારી પત્નીઓ, પુત્રો અને સર્વ સમ્પત્તિ સઘળું આપને સમર્પિત છે, મને આપ આજ્ઞા આપો કે હું આપનું શું ઉત્તમ-પ્રિય કરું ? ત્યારે રાજાના વિનયયુક્ત વચનો સાંભળીને રાજાના મસ્તકે પોતાનો હાથ મૂકી વિભાંડક ઋષિ પ્રસન્ન થઈને બોલ્યા કે હે રાજન્ ! તમે જે કહ્યું તો તમારી કુળમર્યાદાને અનુકૂળ ઉચિત જ છે. અઢળક શ્રેય (કલ્યાણ) ને તમે પ્રાપ્ત કરો. (અથવા તમારું ઉત્તમોત્તમ કલ્યાણ થાઓ.) તથા ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ ચારેય પુરુષાર્થની તમે પ્રાપ્તિ કરો. મહાપુરૂષોની સેવાથી માનવ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. તમારું સતત મંગલ થાઓ - કલ્યાણ થાઓ. હવે હું જે પૂછું છું તેનો ઉત્તર તમે આપો. ભગવાન શ્રીકૃષ્ણને પ્રસન્ન કરનાર આરાધનાઓ અનેક પ્રકારની છે છતાં ધ્વજારોપણને તમે પ્રધાન માનો છો અને કરો છે તે શા માટે એ કહો ? તમારાં રાણી પણ ભગવાન આગળ

ધ્વજારોપણ સમયે નૃત્ય પરાયણા બની જાય છે તો શા માટે ? તે કહો. વિભાંડક ઋષિનું આવું વચન સાંભળીને રાજાએ એક આશ્ચર્યકારી વૃતાંત કહ્યું જે જન્માંતરમાં બન્યું હતું. હું જન્માંતરમાં (પૂર્વજન્મમાં) પાપી એવો શૂદ્રજાતિમાં જન્મ્યો હતો. મારું નામ માલિની હતું. હું દયાહીન, મદ્ય-માંસ ભક્ષક - વ્યભિચારી - ચોરી કરનારો હતો. હું હત્યારો હતો. મારા સમાજે તથા બાંધવોએ મારો ત્યાગ કર્યો તેથી વનમાં જતો રહ્યો હતો. ત્યાં ભગવાન વિષ્ણુનું જીર્ણમંદિર જોયું એટલે ત્યાં મે આશરો લીધો. વનમાં ફળ-મૂળ આદિ ભક્ષણ કરીને રહેતાં વીસવર્ષો વીત્યાં. જીર્ણ મંદિરમાં જ્યાં-જ્યાં તીરાડો પડી હતી તેને મેં સાંધી. મે મારા પોતાના નિવાસ માટે ભૂમિને સમતલ સ્વચ્છ બનાવી, લીપણ કર્યું. પરિસરમાં વૃક્ષો વાવ્યાં. સરોવરનું પાણી વૃક્ષોના ક્યારામાં સીચ્યું. અહીં તહીંથી જૂના વસ્ત્રો ભેગા કરી, સાંધી કરી તેની ધજા બનાવી. સળીઓ, કૂણાં પાન, તેની દાંડલીઓથી વિષ્ણુ મંદિરની ભીંતોને સુરક્ષિત બનાવી. આ સત્યમતિ નામની મારી રાણી તે સમયે વિન્ધ્યાચલ નિવાસી, ભીલ્લ સારથીની પુત્રી કોકિલ નામે હતી. તેણીનો સ્વજનોએ પરિત્યાગ કરેલો તેથી ભાગ્યવશ વિંધ્યાચલથી ત્યાં આવી ચડી. પતિને છોડી અન્ય સાથે સ્વૈરવિહાર કરનારી તે સ્ત્રીને મેં પત્નીરૂપે સ્વીકારી રક્ષણ પૂરું પાડ્યું. ત્યારબાદ અમે દંપત્તિ ભાવે સાથે રહી દેવસેવા કરવા લાગ્યાં. આમ કરતાં દશ વર્ષો વીતી ગયાં. એક વાર અમે માંસ ભોજન કરી રાજી થયાં અને એકબીજાને સહયોગે મદ્યપાન કરી મત્ત બન્યાં જેથી અમારા શરીર ઉપરના વસ્ત્રોનું પણ અમને ભાન રહ્યું નહીં. મોહિત થઈ નૃત્ય કરવા લાગ્યાં, પ્રારબ્ધકર્મ ભોગના અંત સુધી આવી રીતે સાથે રહ્યાં. આ સમય દરમિયાન ભયંકર યમદૂતો અમને બંનેને લેવા આવી પહોંચ્યા, તે સમયે અમોને પોતાના સેવકો માનીને મંદિરમાં બિરાજતા ભગવાન વિષ્ણુએ શંખ ચક્ર ગદા પદ્મધારી

એવા પોતાના પાર્ષદોને મોકલ્યા. તે પાર્ષદોએ યમદૂતોને કહ્યું કે હે દુરાચારી યમદૂતો ! ભગવત્સેવકોને છોડી દો. આ બંને વનમાં ભગવાન વિષ્ણુના આશરે રહી તેમની પૂજા અર્ચા કરનાર અમારા ભક્તો છે. ત્યારે આવું સાંભળી યમદૂતો બોલ્યા કે, આ બંને અતિશય પાપી છે. પાપીઓને યમરાજ દંડ આપે છે માટે અમે આ બંનેને યમલોકમાં લઈ જશું. આવું યમદૂતોનું વચન સાંભળી આ પાપીઓ છે. એવો આગ્રહ કરનારા યમદૂતોને વિષ્ણુપાર્ષદો કહેવા લાગ્યા. હે યમદૂતો ! શ્રીહરિની સેવા કરવાથી આ બંને દમ્પતિ પાપથી મુક્ત થયા છે. શ્રી હરિ એના રક્ષક છે. માટે તેને શીઘ્ર મુક્ત કરો. આ સ્ત્રીએ ભગવાન આગળ નૃત્ય કર્યું છે અને તેના પતિએ ધ્વજારોપણ કર્યું છે. તથા આ બંનેએ શ્રી હરિના મંદિરની સાચવણી કરી છે. સ્વાર્થ કરવા જતાં આડકતરી રીતે પરમાર્થ કર્યો છે.અન્તસમયે એકવાર પણ કોઈ ભગવાનનું નામ શ્રવણ કરે તેમજ મુખથી ઉચ્ચારે તે મોક્ષ પામે છે તો જેમણે સાક્ષાત્ ભગવત્ સેવા કરી હોય તે મોક્ષ કેમ ન પામે ?

શ્રીકૃષ્ણની તેમજ પતિની સેવા કરનાર પાપી હોય તો પણ વૈંકુઠધામને પામે છે. એક અથવા અર્ધમુહૂર્ત પર્યન્ત જે શ્રીહરિના મંદિરમાં નિવાસ કરે છે તે પણ બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે. તો પછી બત્રીસ વર્ષો સુધી મંદિરમાંજ વાસ કરીને મંદિરમાં સફાઈ, લીંપણ, મંદિરના જીર્ણશીર્ણ ભાગોના સાંધા પૂરવા વગેરે સેવા કરનાર તથા મંદિરમાં દીપપ્રાગટ્ય, જલવ્યવસ્થા, છાંયા માટેની વ્યવસ્થા કરનારાં આ બંને શા માટે યમયાતના ભોગવવા યોગ્ય કહેવાય? આમ કહી બળપૂર્વક યમદુતોને દૂર કરી અમને બંનેને સાથે લઈ ઉત્તમ વિમાનમાં બેસાડી વિષ્ણુ ભગવાનના સુખરૂપ ધામમાં લઈ ગયા.

ત્યાં દિવ્ય મહાભોગો ભોગવી આ પૃથ્વી ઉપર આવ્યા અને અહીં પણ ભગવાનના મંદિરની સેવાના પ્રતાપે ધ્વજ સહિતનું શ્રેષ્ઠ સુંદર રાજ્ય પ્રાપ્ત થયું. અનિચ્છાથી અજ્ઞાનથી પણ સેવા કરવાને લીધે રાજ્યરૂપી મહાફળ પ્રાપ્ત થયું. આ સ્મરણમાં રાખીને હું ધ્વજ અર્પણ કરું છું અને મારી પત્ની નૃત્ય અર્પણ કરે છે. જ્ઞાનપૂર્વક ગોવિંદની આરાધના કરી અમે બંને પરમગતિને પ્રાપ્ત કરશું. જો વિવશ થઈને સેવાભક્તિથી આવું મહાફળ પ્રાપ્ત થતું હોય તો શ્રદ્ધાપૂર્વક કરવાથી શું પ્રાપ્ત ન થાય ? વિભાંડક મુનિ આ પ્રમાણેનું રાજાનું વચન સાંભળી તે બંનેની પ્રશંસા કરી વનપ્રતિ પ્રસ્થાન કરી ગયા. હે લક્ષ્મિ ! તમે એ વાત સ્મરણમાં રાખો કે, શ્રી કૃષ્ણનારાયણની (તન-મન-ધનથી) તમામ પ્રકારની સેવા સર્વ કોઈને ચિંતામણિ સમાન માનવામાં આવી છે. કારણ કે, શ્રી હરિ સ્વયં સેવાભક્તિ પરાયણ જીવાત્માઓના સર્વ મનોરથને પૂર્ણ કરનારા છે.આ પવિત્ર આખ્યાનને જે કોઈ હરિસેવાપરાયણ જન સાંભળશે અથવા પાઠ કરશે કે પ્રવચન કરશે તો તે ત્રણેય પરમગતિ(પરમધામ) ને પામશે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં સાંસારિક દુ:ખોને દુર કરી સુખી કરનાર - શ્રીલક્ષ્મીનારાયણવ્રતા તોનો ઉત્સવ તેમજ સર્વપાપોનો નાશ કરી પૂણ્ય પ્રદાન કરનાર - શ્રીધ્વજારોપણવ્રતા ઈત્યાદિ નિરૂપણ નામે બાસોબ્યાંશીમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૮૨॥

ત્રિષ્યયુગ સન્તાન
અધ્યાય-૩૨

શ્રીનરનારાયણ બોલ્યા : હે બદ્રિપ્રિયે ! ફણા ગામની રહવાસી અને કુંભારણ કે જેનું નામ સુનારિણી હતું (તેની કથા કહું છું) તે કુંભારણ ભદ્રાનદીના કીનારે ફણા નામક ગામમાં રહેતી હતી.

પતિના વચન અનુસાર તે મૃત્તિકાના પાત્રો બનાવી ઘરે જ વેચતી હતી પણ કયારેય બહાર જતી ન હતી. તેમનો રણસ્તમ્બ નામનો પતિ માટીના પાકા વાસણો વાહનમાં ભરી કયારેક બીજા ગામમા વેચવા જતો ત્યાં તે વેચી તેનું જે મૂલ્ય અને અન્ન મળે તે લઈ ઘરે આવતો અને સદૈવ જે આવક થઈ હોય તેનો દશમો ભાગ ભગવાન શ્રીકૃષ્ણ માટે તથા સાધુઓ માટે ખર્ચ કરતો હતો. વળી તે ધાર્મિક ભકત પુરૂષોત્તમનારાયણ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું રટણ કરતો અને પોતે બનાવેલા માટીના પાત્રો પર શલાકાઓ વડે કૃષ્ણ કૃષ્ણ એમ લખતો વળી હે બદ્રિકે! તેના દ્વારા બનાવાયેલી શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ તેના ઘરે હતી. તેનું તે પ્રાતઃકાળે પૂજન કરતો હતો. સુનારિણી તેની પત્ની પણ રોજ સ્નાન કરીને તે મૂર્તિનું પૂજન કરતી અને રોટલો અને છાશનું નૈવેદ્ય ધરતી તથા જળ, દીપ, મુખવાસ, સોપારી, વિગેરે અર્પણ કરી નમસ્કાર કરી ત્યાર પછી બીજા કાર્યો કરતી વળી મધ્યાહને પણ તે પ્રતિમાને નિવેદિત કરીને તે પ્રસાદીનું અન્ન જ દંપતિ સદા જમતા અને ત્યાર પછી યાત્રિકોની, યોગિઓની, સાધ્વીઓની અને યતિઓની ભક્તિ ભાવથી ભોજન, પાદસંવાહન, જળપાન, નિવાસ દાન વગેરે વડે સતત વારંવાર સેવા કરતા હતાં. સંતાન રહિત તે દંપતિને પુત્ર પ્રાપ્તિની ઈચ્છા રહેતી તેથી સારા સાધુઓ પૂછે ત્યારે તેમની આગળ પુત્રેચ્છાની વાત કરતા. તે સાંભળી સાધુઓ આશીર્વાદ આપતા કે પુત્ર-પુત્રી વાળા થાઓ. આમ ભક્તિ વડે પ્રસન્ન કરાયેલા મહાપુરૂષો હંમેશા આશીષ આપતા. થોડો સમય વિતતાં તેમના મનને રંજન (પ્રસન્ન) કરે તેવો પુત્ર થયો. તે સાધુધર્મા, સાધુવૃત્તિ, સર્વ સંપતિ વધારનાર અને જેના કંઠમાં પરમ સુશોભીત માળાનું ચિન્હ છે એવો હતો. તેને જોઈને તેના માતા પિતા તથા બીજા દર્શકો ઘણો આનંદ પામ્યા તથા સાધુઓ તથા સાધ્વીઓ પણ માળાનું ચિન્હ જોઈ

ઘણું આનંદ પામ્યા. પુત્ર પણ સતત ધ્યાનિ અને વાણીએ કરીને નારાયણ એવો જાપ કરનાર હતો. આ દેહમાં અભ્યાસ રહિત હોવા છતાં પૂર્વની શિક્ષાને કારણે નારાયણ નારાયણ એમ ભગવન્નામ (અનાયાસે) કાલી કાલી ભાષામાં બોલતો હતો. અહો ભાગ્ય ! અહો ભાગ્ય ! જેના ઘરે માળાના ચિન્હથી મુકત નારાયણનો ભકત એવો પુત્ર સત્પુરૂષોની કૃપાથી થયો. તે સુત પણ શરીર ભક્તિ યશ અને બુદ્ધિ વિગેરેથી દિવસે દિવસે વધવા લાગ્યો. તે માળાના ચિન્હવાળો બાળક કેવો હશે ? એમ તેને જોવા માટે અનેક સાધુઓ, સાધ્વીઓ, યાત્રાળુઓ, ગામ-નગર, સૌરાષ્ટ્ર દેશ વિગેરેમાંથી કૌતુકવાન અનેક નરનારીઓ આવતા હતા. બાળક નારાયણ, કૃષ્ણ, બાલકૃષ્ણ, લક્ષ્મીપતિ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિ આમ રટન કરે છે આવું સાંભળી વળી નજરે જોઈ ક્ષણભર ત્યાં સ્થિત થઈ તે બાળકને મહાભકત, દેવનો અંશ, કૃષ્ણનો અંશ માની તેની વંદના કરી તેને અન્ન-વસ્ત્ર, સુવર્ણમુદ્રાઓ, ફળો, રત્નો, માણિકય પાત્રો વિગેરે ભેટ આપી કૃતકૃત્ય થઈ પોતાના ઘરે જતા હતા. આમ તે કુંભકારનું ગૃહ સુસમ્પત્તિથી પૂર્ણ રીતે સમૃદ્ધ થઈ ગયું. પુત્રની પ્રાપ્તિથી જનોના પ્રવાહથી અને સાધુઓના વાસથી તે ઘર પ્રસિદ્ધ અને સર્વને મનોહર લાગે તેવુ તીર્થ થયું. એકવાર સારાયણ નામક ઋષિ તે કુંભકારને ત્યાં આવ્યા, દંપતિએ સેવા કરાયેલા ભોજન જમાડેલા વંદના કરાયેલા અને પ્રસન્નતાને પમાડેલા તે ઋષિનો પુત્રના માળા ચિન્હ વિષે તેઓએ પુછયું કે મારા પુત્રને શરીરે આ માળા જેવું ચિન્હ કેમ છે ? આનું ભાગ્ય કેવું છે ? આ પુત્ર કેવો થશે ? તે કેવા કર્મ કરશે ? તેની આયુ કેટલી છે ? આવા કુંભકારના વચનો સાંભળી સારાયણ ઋષિએ તે બાળકના લલાટમાં સ્થિત રેખાઓથી તેનું ભાગ્ય જાણીને વળી પોતાના યોગબળથી પૂર્વ સમયની વાત (આ બાળક પૂર્વે કોણ હતો ? શુ કામ અવતર્યો

છે ઈત્યાદિ) જાણીને રણસ્તમ્બ નામક કુંભારને આ હિતકારી વચનો કહયા. હે રણસ્તમ્બ ! તમે મહાન ભકતરાજ છો અને તમારી પત્ની સાથે તમે ઘરમાં સાક્ષાત અનાદિશ્રીકૃષ્ણનારાયણની નિત્ય સેવા કરો છો. અને તીર્થયાત્રાએ નીકળેલા અને તીર્થતુલ્ય એવા સાધુઓ અને સાધ્વિઓની સેવા કરો છો. માટીથી બનાવેલા તમારા તમામ પાત્રો પર કૃષ્ણ એવુ નામ લખો છો આમ હર હંમેશ તમે શ્રીહરિનું સ્મરણ કરો છો તમારૂ હૃદય પાવન છે તથા તમારી પત્ની પાવની ભકતાણી સાધ્વી સતી અને મુકતાનિકા જેવી છે. સાધુઓ સાધ્વીઓ યોગીઓ યતિઓ ઈત્યાદિના આશીર્વાદો વડે તમારા ઘરે ઉત્પન્ન થનાર આ પુત્ર નક્કી જ નક્ષત્રમંડળનો અધિપતિ એવો ચંદ્ર છે. તમારી પત્ની રોજ સવારે શ્રીહરિની પૂજા કરી ચંદ્રસમાન શુભ પુત્રની તેમની પાસેથી આશા રાખતી હતી તેથી શ્રીહરિની કૃપા અને સાધુઓના આશીર્વાદથી તમારે ત્યાં નક્ષત્રરૂપી માળા જેના કંઠમાં છે તેવો પુત્ર થયો. આ માનવરૂપધારી તારો પુત્ર ચંદ્રમાં નામક દેવતા છે અને (મનુષ્યરૂપ હોવા છતા) દેવ સમાન છે. જેથી મનુષ્યો તેમાં આકર્ષિત થાય છે. ચંદ્રના અંશભૂત આ પુત્રને પામીને તમો સ્વર્ગ સમાન સુખ મેળવશો વળી ભવિષ્યકાળમાં તમારો આ પુત્ર મહાન વૈષ્ણવ અને માનવોનો ગુરૂ બનશે તેમાં સંશય નથી. તમારા પુત્રનું ચંદ્રસ્તમ્બ એવુ નામ લોકમાં વિખ્યાત થશે તે ધનવાન અને પુત્રવાન થઈ પિતૃઓની મુક્તિ કરાવી ત્યાગવાન સાધુ થશે આમ કહી તો ઋષિરાજ સારાયણ ગિરનાર પર્વત પર ગયા. તો કુંભાર દંપતિ પણ ઋષિના વચનો સાંભળી પોતાને ચંદ્રના માતા-પિતા જાણી પ્રસન્ન મનવાળા થયા અને ઉત્તમ ભાગ્યવાન માનવા લાગ્યા. ત્યારપછી ચંદ્રસ્તમ્બના જન્મથી આરંભી તે કુંભકારના ઘરે રાત-દિવસ સમ્પતિ અને વિભૂતિઓનું આગમન થયા કરતું તેથી તો રણસ્તંબે એક મહાન અન્નસત્રનું નિર્માણ કર્યું જયાં હજાર કે તેથી

પણ વધુ મનુષ્યો રોજ રાજાધિરાજના રાજયની જેમ ઉત્કૃષ્ટ મિષ્ટાન્નનું ભોજન કરતા હતા. એકવાર રણસ્તમ્બો તીર્થયાત્રા કરવાની ઈચ્છાથી પોતાની પ્રિયા એવી સુનારિણીને કહયું કે આપણે અક્ષર તીર્થમાં જઈએ કે જયાં પરબ્રહ્મ પુરૂષોતમ સ્વયં બાલકૃષ્ણ રૂપે બિરાજે છે. વળી આપણા બન્ને ના ગુરૂદેવ એવા લોમશ ઋષિ જયાં બિરાજે છે. ત્યાં જવાથી શ્રીહરિ અને ગુરૂદેવના દર્શન થશે, પુત્રને ગુરૂમન્ત્રની પ્રાપ્તિ થશે, બ્રહ્મપ્રિય અને બ્રહ્મવાદિ એવા સત્પુરૂષોના દર્શન થશે, અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન થશે, દેવતા-તીર્થોના દર્શન થશે આથી પુત્ર સાફલ્ય અને સર્વસ્વ સાફલ્ય થશે. હે બદ્રિકે ! આમ નિશ્ચિત કરી પુત્રની સાથે તે રણસ્તમ્બ અને સુનારિણી કુંકુમસ્થળી જવા તૈયાર થયાં. તે માતાપિતા અને ફણા ગામના લોકોની સાથે ચંદ્રસ્તમ્બો અનેક મણિ રત્ન-અન્ન-વસ્ત્રથી યુકત થઈ શકટ-વાહન-યાન-અશ્વ-ગજ-ઉંટ વિગેરે લઈ હજારો માનવ નરનારીઓ સાથે ત્યાંથી પ્રયાણ કર્યુ અને માઘ માસની પૂર્ણિમાને દિવસે અશ્વપટ્ટ સરોવરે પહોચ્યા અને ત્યાં તેઓએ કુંકુમવાપી તીર્થનું જળ પીધું અને અશ્વપટ્ટ સરોવરનું જળપાન કરી તેમાં સ્નાન કર્યું વળી દિવસના અંતે સાયંકાળે તેઓએ તે અશ્વપટ્ટ સરોવરની આરતી કરી.

શ્રીબદ્રિપ્રિયા બોલ્યા કે હે શ્રીમન્નારાયણ ! લોકોના કલ્યાણ માટે મને પરમ મોક્ષનો દેનાર એવી આરતીનું ફળ કહો ? શ્રી નારાયણ બોલ્યા હે બદ્રિકે ગાયના ઘીથી યુકત એવી એક વાટની આરતી કરનારને ઉત્તમ મહેન્દ્રપદ પ્રાપ્ત થાય છે. ત્રણ વાટની આરતી કરવાથી શ્રેષ્ઠ એવા સૂર્યપદની પ્રાપ્તિ થાય છે. પાંચ વાટવાળી આરતી કરવાથી બૃહસ્પતિનું પદ મળે છે. સાત વાટવાળી આરતીથી બ્રહ્માનું સ્થાન પ્રાપ્ત થાય છે. નવ વાટવાળી આરતી કરવાથી શિવના સાનિધ્યને પમાય છે. અગિયાર વાટવાળી આરતીથી વૈરાજના પદને પમાય છે. તેર વાટવાળી આરતીથી હિરણ્યમય પદને પમાય છે. પંદર વાટવાળી આરતીથી મહાભૌમ

પદને પમાય છે. એકાવન વાટવાળી આરતીથી વાસુદેવના ધામને પમાય છે. એકસો વાટવાળી આરતીથી વૈકુંઠને પમાય છે. હે બદરિ ! બસો એક વાટો વડે આરતી કરનાર ગોલોકને પામે છે અને ત્યાં આનંદ પૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરે છે. પાંચસો એક વાટો વડે આરતી કરનાર સૌથી પર અક્ષરધામને પામે છે. તેમાં સંશય નથી. એક હજાર એક વાટો વડે જે આરતિ કરે છે તે ભકત અક્ષરધામમાં જઈ ત્યાં ઉત્તમોત્તમ એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણના યુગલ ચરણનો દાસ અથવા દાસી થઈ શાશ્વત આનંદને પ્રાપ્ત કરે છે. વળી તે પરબ્રહ્મ સાથે તાદાત્મ્યભાવને પામીને સર્વનું સ્વામીપણું, સર્વ ઐશ્વર્યનું અધિકારીપણું, સર્વાધિકમયપણું, બ્રહ્મપ્રિયાપણું, હરિપ્રિયાપણું, મહામુકતપણું, મહામુકતાનિકાપણું ઈત્યાદિ અનેક શાશ્વત ઐશ્વર્યો અને અનેક કામનાઓને પરબ્રહ્મની સાથે રહી ભોગવે છે. હે બદ્રિકે ! અશ્વપટ્ટ સરોવરની આરતિનું આવું મહાફળ છે. અશ્વપટ્ટ સરોવરના જળમાં દેવતાઓ પિતૃઓ, કોટિ સિદ્ધો, સાધુઓ, મુનિઓ, યોગિવર્યો, ગણો, પાર્ષદો, બ્રહ્મવ્રતધારીઓ, તપસ્વીઓ, માતૃકાઓ, સર્વદેવીઓ, અન્ય તીર્થો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અન્ય અવતારો વિગેરે સર્વે નિવાસ કરીને રહે છે તેથી તે સરોવરની આરતિ કરવાથી ત્રણેય સૃષ્ટિની આરતિ થઈ, તે ત્રણેય સૃષ્ટિની આરતિનું ફળ અશ્વપટ્ટ સરોવરની આરતિ કરનારને મળે છે. આમ આરતિ અને ત્યાર પછી સંધ્યા વંદન આદિ કરી અનાદિશ્રીકૃષ્ણના સુર્વણના મંદિરે દર્શન માટે તેઓ ગયા. ત્યાં દિવ્ય ગજાસન પર બિરાજીત અનેક દેવ દેવીઓ વડે આરતી કરાયેલા, મહામુકતો, શક્તિઓ, તીર્થો અને બ્રાહ્મણો વિગેરે વડે ઉપાસના કરાયેલા, મહર્ષિઓ આદિ સત્પુરૂષો વડે કીર્તન કરાયેલા એવા પરમેશ્વરના તેઓએ દર્શન કર્યા. તથા કુંભકાર દંપતિ ફણાગામ નિવાસીજનો અને ચંદ્રસ્તમ્બો ત્યાં અનેક પ્રકારની ભેટ રત્નો મણિઓ આભૂષણો વિગેરેથી શ્રીહરિની પૂજા કરી તે સમયે સર્વ લોકોને જોતા જ ચંદ્રસ્તમ્બ અતિ ઉજજવળ,

ઔષધિઓનો પતિ અને મૃગવાહન એવા ચંદ્રમાના રૂપે થયો અને તેણે અનાદિશ્રીકૃષ્ણનારાયણને અમૃતનો કુંભ અને ચંદ્રકાંતમણિ ભેટ સ્વરૂપે અર્પણ કર્યા. શ્રીહરીએ પણ અતિ પ્રસન્ન થઈ એકાએક જ તે અમૃત ઘટ અને મણિને ગ્રહણ કર્યા. વળી મણિને પોતાના કંઠમાં ધારણ કર્યો અને અમૃત કુંભ લક્ષ્મીને આપ્યો. ત્યાર પછી તે સર્વજનોએ અનાદિશ્રીકૃષ્ણનારાયણની આરતિ કરી અને શ્રીહરિએ પણ તે સર્વેને અક્ષરબ્રહ્મમાંથી મેળવેલું એવુ પોતાનું પ્રસાદિરૂપ અમૃત પાયું અને તૃપ્ત કર્યા તથા તે સર્વેનો સત્કાર કર્યો. આમ તેઓ કૃતકૃત્ય થઈ પછી ત્યાંથી શ્રીલોમેશઋષિના આશ્રમે આવ્યા ત્યાં લોમશ ઋષિની પૂજા કરી ફળાદિકનું દાન કર્યુ અને વિશાળ અને સુખના સાગર એવા તે આશ્રમમાં જ તેઓ રાત રહયા. રાત્રિએ તેઓએ પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કીર્તન પણ કર્યુ. પ્રાતઃ કાળે ગુરૂદેવ લોમશ પાસેથી ચંદ્રસ્તમ્બે 'ૐ નમઃ શ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને સ્વાહા' આ મન્ત્ર ગ્રહણ કર્યો અને પંદર દિવસ સુધી તે બધા ત્યાંજ નિવાસ ગ્રહણ કરીને રહયા. ત્યારબાદ અમાસની રાત્રિએ અર્ધરાત્રિ વ્યતીત થતા ચંન્દ્રસ્તમ્બે અતિ આશ્ચર્ય દેખાડયું કે પોતે (અમાસની રાત હોવા છતાં) પૂર્ણચંદ્ર રૂપે થઈ ચાંદનીનું સર્જન કર્યુ તેથી પૃથ્વી-આકાશ-અશ્વપટ્ટ સરોવર અને કુંકુમવાપિકા ક્ષેત્ર અત્યંત ઉજજવળ પ્રકાશિત થયા આમ સવાર સુધી તે જ રીતે રહયું અને પછી (સુર્યોદય થતાં) તે તેજ લીન થયું. આમ ચંદ્રદેવ કુંભારના પુત્ર થઈને રહયાં. લોક કલ્યાણના હેતુથી સૌરાષ્ટ્રમાં સદા દેવતાઓ ભકતોના ઘરે માનવ રૂપ ધારણ કરે છે. ત્યારપછી અંતિમ દિવસે શ્રીલોમશ ઋષિનો ઉપદેશ સાંભળીને વૈરાગ્યના વેગથી તે સર્વેએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ત્યાગાશ્રમનો સ્વીકાર કર્યો અને સાધુઓ અને સાધ્વીઓ થયાં. ચંદ્રદેવ ચંદ્રસ્તમ્બાયન નામના શ્રેષ્ઠ સાધુ થયાં. તેમના પિતા રણસ્તમ્બાયન નામે થયા અને માતા સુનારિણી

નારાયણી નામક સાધ્વી થયા વળી બીજા પણ તે આશ્રમમાંજ આજીવન આનંદપૂર્વક રહયા. આમ ફણાગામ નિવાસીઓ ભગવાન શ્રીહરિના યોગે કરીને દેહાંત સમય પ્રાપ્ત થતા મુક્તિને પામ્યાં અને મહા અક્ષરપદમાં સ્થિત થયા. ત્યાર પછી કાળે કરીને રણસ્તમ્બ પણ સુનારિણી પત્ની સાથે શ્રીહરિના સૌથી પર અક્ષરધામને પ્રાપ્ત કરી ત્યાં શ્રીહરિની સેવા કરવા રૂપ મુક્તિને પામ્યાં. ત્યાર પછી મુકતરાજ ચંદ્રસ્તમ્બાયન પણ ચંદ્રાંશનો સ્વર્ગમાં ત્યાગ કરી મુકતસ્વરૂપધારણ કરી અનાદિશ્રીકૃષ્ણનારાયણની ઈચ્છાથી મહામુકત થઈ પરબ્રહ્મના ચરણ કમળને અક્ષરબ્રહ્મ પદમાં પામ્યા હે બદ્રિ ! શ્રીહરિ માણિકીસ્વામી શ્રીમત્ કૃષ્ણકાંત એવા મારો મહિમા તને હું શું કહું ? ત્યાર પછી ફણાગામ ચંદ્રગામ ના નામે વિખ્યાતિ પામ્યુ અને ચંદ્રના સમ્પર્કવાળુ અશ્વપટ સરોવરનું તે તીર્થ ત્યારથી આરંભી કૌમુદિ (ચાંદની) નામક તીર્થ કહેવાયુ. હે બદ્રિકે ! આ અધ્યાયના પઠન અને શ્રવણથી પણ નરનારીઓને મહાઆરતિ કર્યાનું પણ પુણ્ય મળે છે. તથા તેજોમય શરીર પ્રાપ્ત કરી મહામુકતતા મેળવી મહામોક્ષને પમાય છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં ચતુર્થતિષ્યયુગ સન્તાનમાં સૌરાષ્ટ્રમાં ફણાગામ નિવાસી રણસ્તમ્બનામક કુંભારના ઘરે સુનારિણી નામક સ્ત્રીભકતથી ચંદ્રનો જન્મ ચંદ્રસ્તમ્બાદિકે કરેલી કુંકુમવાપી યાત્રા, ત્યાં સર્વેનો વાસ તથા મોક્ષ ઇત્યાદિ નિરૂપણ નામક બત્રીસમો અધ્યાય ॥૩૨॥

કૃતયુગ સન્તાન
અધ્યાય-૫

શ્રીનારાયણ બોલ્યા, ઉત્પન્ન થયેલા વાસુદેવે પોતાનું પ્રયોજન જાણવાની ઈચ્છા કરી કે મારે અહીં શું કરવાનું છે ? કેમ મારૂ સ્વરૂપ આવું છે ? આમ વિચારીને પરમ મૂળ સ્વરૂપનું ચિતંન કર્યુ ત્યારે શ્રીહરિએ તેમને (બીજા) ત્રણ સ્વરૂપો દેખાડયા કે જે

વાસુદેવથી જ ઉત્પન્ન થતાં હતાં. અને વાસુદેવમાંજ લીન થતાં હતાં (તેમાં) અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ હતા. શ્રીહરિમાં વાસુદેવ અને વાસુદેવમાં આ ત્રણ છે એમ જાણીને ફરી તેમણે વિચાર કર્યો કે આ ત્રણ સ્વરૂપો વડે મારે શુ કામ કરવાનુ હશે ? ત્યાર પછી શ્રીહરિએ તેમનો ઈશ સૃષ્ટિ (ઈશ્વરોની સૃષ્ટિ) ની નેતૃતા દેખાડી કે જે ઉત્પત્તિ સ્થિતિ અને લય આમ ત્રણ પ્રકારની કરાયેલી હતી. હવે સૃષ્ટિ કેવી કરવી ? લોકનો વિસ્તાર કેવો કરવો ? એમ ચિંતન કરતા તે વાસુદેવને શ્રીહરિએ પોતાની મૂર્તિમાં તે સર્વે આકૃતિઓ અને કળાઓ દેખાડી. સમાયિક અનંત અને અગાધ એવા શ્રીહરિના શરીરમાં પોતપોતાની (તે તે) વિભૂતિઓ વડે પોતપોતાનાં (તે તે વિભૂતિઓના) સર્વે ધામોને જોયાં. (તેમાં) મહાકાળ, પ્રકૃતિપુરૂષ, ભૂમાપુરૂષ, પ્રધાનપુરૂષ, મહાપુરૂષ, મહાવિષ્ણુ, વૈરાજપુરૂષ, હિરણ્યગર્ભ, બ્રહ્મા-વિષ્ણુ મહેશ્વર વિગેરેને જોયાં. વળી ગોલોક, વૈકુંઠ, અમૃત, શ્વેતદ્વીપ, લક્ષ્મી અને વિષ્ણુનું અવ્યાકૃત ધામ, સદાશિવનું ધામ, મહામાયાનું મંડળ, ચોવીશ તત્વોના વિવિધ ધામો, વળી જેનો જેવી રીતે જયાં નિવાસ, જેવી શક્તિ અને બળ, જેવી વ્યવસ્થા, જયાં જેવી દિવ્યતા, જેવા આશ્ચર્યોના પ્રકારો, એશ્વર્યો, ચમત્કારો, બ્રહ્મ રસપૂર્ણ સરોવરો, ઈષ્ટ લતાઓ, સમ્પતિઓ, ઈષ્ટ વિભૂતિઓ, બ્રહ્મરસના પ્રવાહો માટે જે અતિ આશ્ચર્યો છે તે, રૂપને અનુરૂપ આકારો, સંકલ્પ પ્રમાણેની કલ્પલતાઓ, મોદને અનુરૂપ પ્રમોદ તરૂઓ, આનંદને અનુરૂપ અનુનંદભૂમિઓ, તૃપ્તિને અનુરૂપ પાન-આસ્વાદન, સૌગન્ધિક અર્ચન, શીતળતાને અનુરૂપ તેનું વહન કરનાર પ્રકૃતિ, હ્લાદ-આહ્લાદ રંજન એમ જયાં જયાં જેટલા જેટલા વિચિત્ર આશ્ચર્યો હતા તે સર્વે ભગવાન શ્રીહરિએ ત્યારે પોતાના શરીરમાં દેખાડયા. ઈશ લોકની સૃષ્ટિ કરનાર ભગવાન વાસુદેવ તે સર્વેને જોઈ જોઈ તેના પારને પામ્યા નહિ ત્યારે ન ઈતિ .. નેતિ નેતિ (આનો અંત નથી અંત નથી) એમ કહેવા

લાગ્યા. આમ પોતાની વિભૂતિઓનો પોતે વાસુદેવ અંત પામ્યા નહિ અને શ્રીહરિને કહેવા લાગ્યા કે હે નિયામક ! આપ અનંત છો. અનંત પ્રકારના રૂપોને અનુશાશિત કરો અને નિત્ય જ્ઞાન આપો એમ હું માગું છું. ત્યારે તથાસ્તુ એમ કહી વળી શ્રીહરિએ કહયું કે તમે ઈશ સૃષ્ટિની ભાવનાઓનું વહન કરો અને ઈશ્વરત્વનો ભાર વહન કરનાર પોતાના (સ્વરૂપથી) સ્ત્રી અને પુરૂષોને આવિર્ભાવ પમાડો. આવી શ્રીહરિની આજ્ઞાનું ગ્રહણ કરીને વાસુદેવે પોતાનાથી સર્વ ઈશ્વરોની સૃષ્ટિ પુષ્ટિ તથા વિરામ કરનારા રાજાધિરાજરાજાઓ એવા અનિરૂદ્ધ પ્રદ્યુમ્ન તથા સંકર્ષણને આવિર્ભૂત કર્યા. આ ત્રણ દેવોના અંશ સ્વરૂપ બ્રહ્મા વિષ્ણુ મહેશ છે. તેઓ વૈરાજના દેહથી ઉત્પન્ન થયેલા બ્રહ્માંડોના નિયામકો છે. બીજા અંડના પ્રણેતાઓ છે તથા જીવ સૃષ્ટિના પ્રશાસકો છે. અનિરૂદ્ધાદિક ત્રણ ઈશસૃષ્ટિના પ્રશાસકો છે. પરસૃષ્ટિના પ્રણેતાઓ પરમાત્મસ્વરૂપક છે. આવી રીતે ઈશ્વરોનું સૃષ્ટિ વિષયક વૈચિત્ર્ય છે અને તે તે ઈશ્વરભાવ પરબ્રહ્મના અન્વયપણાથી જ મનાયેલો છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં
વાસુદેવની ઈશ સૃષ્ટિનુ પ્રદર્શન એ નામક
પાંચમો અધ્યાય ॥૫॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૬

શ્રીનારાયણ બોલ્યા, પહેલા જેમ વૈરાજના નાભિ પ્રદેશમાંથી જે કમળ થયું હતું તેમાં ચાર મુખ વાળા બ્રહ્મા થયા હતા તેવી જ રીતે ત્યાર પછી તે જ નાભિપ્રદેશથી બીજુ કમળ પ્રગટ થયું તેમાં બીજા બ્રહ્મા થયા જે આંઠ મુખવાળા હતા. ત્યાર પછી ત્રીજા પદ્મમાં સોળ મસ્તક વાળા બ્રહ્મા થયા. ચોથા કમળમાં બત્રીસ

મુખવાળા બ્રહ્મા થયા. પાંચમાં કમળમાં પચાસ મુખ વાળા બ્રહ્મા થયા. છઠ્ઠા કમળમાં સો મુખ વાળા બ્રહ્મા થયા. સાતમાં કમળથી પાંચસો મુખવાળા બ્રહ્મા થયા. આંઠમાં કમળમા એક હજાર મુખ વાળા બ્રહ્મા થયા. નવમા કમળથી પાંચ હજાર મસ્તકવાળા બ્રહ્મા થયા. દસમાં કમળથી દસ હજાર મસ્તકવાળા બ્રહ્મા થયા. અગિયારમાં કમળથી પચાસહજાર મસ્તકવાળા બ્રહ્મા થયા. બારમા કમળથી એક લાખ મુખવાળા બ્રહ્મા થયા. તેરમા કમળથી બે લાખ મુખવાળા બ્રહ્મા થયા. ચૌદમાં કમળથી પચાસ લાખ મુખવાળા બ્રહ્મા થયા. પંદરમા કમળથી કરોડ મુખવાળા બ્રહ્મા થયા. સોળમાં કમળથી દસ કરોડ મસ્તકના બ્રહ્મા થયા. સત્તરમાં કમળથી એક અબજ મસ્તકના બ્રહ્મા થયા. અઢારમાં કમળથી એક ખર્વ મસ્તકના બ્રહ્મા થયા. ઓગણીસમાં કમળથી પદ્મ સંખ્યક મસ્તકના બ્રહ્મા થયા. વીસમા કમળથી પરાર્ધ મુખવાળા બ્રહ્મા થયા. આમ ત્યાં એક એક કમળમાંથી સજાતીય એવી બ્રહ્મકોટિ ઉત્પન્ન થઈ તેની સંખ્યા અનંત છે. ઉત્પન્ન થયેલા વિષ્ણુ અને રૂદ્રોની કોટિઓ પણ અનંત છે કે જેની સંખ્યા નથી. ઈશ્વરોની સૃષ્ટિનો જેમ પાર નથી તેમ વૈરાજ પુરૂષો અને તેના પિતાઓનો પણ અન્ત નથી. મહાવિષ્ણુ સુધીના તે અસંખ્યોના પાર કોઈના દ્વારા પણ પામી શકાય તેમ નથી. હવે તે ચાર મુખવાળા બ્રહ્માંથી માંડી સર્વે બ્રહ્માઓનો અધિકાર પણ સુનિર્ણીત કરવામાં આવ્યો. તેમાં ચૌદ સ્તરવાળા બ્રહ્માંડમાં ચાર મુખવાળા બ્રહ્માની સત્તા છે. અઠયાવીસ લોકવાળા બ્રહ્માંડમાં આઠ મુખવાળા બ્રહ્માની સત્તા છે. છપ્પન લોકવાળા બ્રહ્માંડમાં સોળ મુખવાળા બ્રહ્માની સત્તા છે. બત્રીસ મુખવાળા બ્રહ્માનું સો સ્તરવાળા બ્રહ્માંડમાં નેતૃત્વ છે. પચાસ મુખવાળા બ્રહ્માની સત્તા વિરાજપુરૂષે બસો લોકવાળા બ્રહ્માંડમાં સ્થાપી. આમ સો મુખવાળા બ્રહ્માની પાંચસો સ્તરના બ્રહ્માંડમાં, પાંચસો મુખવાળા બ્રહ્માની એક હજાર લોકવાળા બ્રહ્માંડમાં, તથા એક હજાર મુખવાળા બ્રહ્માની બે હજાર લોકવાળા બ્રહ્માંડમાં વિરાજ

પુરૂષે સત્તા સ્થાપી. વળી પાંચ હજાર મુખવાળા બ્રહ્માની ચાર હજાર લોકવાળા બ્રહ્માંડમાં વિરાટનારાયણે સત્તા સ્થાપી. દસ હજાર મુખવાળા બ્રહ્માની દસ હજાર લોકવાળા બ્રહ્માંડમાં સત્તા સ્થાપી. વળી તે વિરાટનારાયણે વીસ હજાર લોકવાળા બ્રહ્માડમાં પચાસ હજાર મુખવાળા બ્રહ્માની સત્તા નિશ્ચિત કરી. ચુમ્માલીસ લોકવાળા બ્રહ્માંડમાં એક લાખ મુખવાળા બ્રહ્માની, એક લાખ સ્તરવાળા બ્રહ્માંડમાં બે લાખ મુખવાળા બ્રહ્માની, બે લાખ સ્તરવાળા બ્રહ્માંડમાં પચાસ લાખ મુખ વાળા બ્રહ્માની, પાંચલાખ લોકવાળા બ્રહ્માંડમાં કરોડ મુખવાળા બ્રહ્માની, દસ લાખ લોકવાળા બ્રહ્માંડમાં દસ કરોડ મુખવાળા બ્રહ્માની, વીસ લાખ લોકવાળા બ્રહ્માંડમાં એક અજબ મુખવાળા બ્રહ્માની, પચાસલાખ લોકવાળા બ્રહ્માંડમાં ખર્વ સંખ્યાત્મક મુખવાળા બ્રહ્માની, કરોડ લોકવાળા બ્રહ્માંડમાં પદ્મ સંખ્યાત્મક મુખવાળા બ્રહ્માંડની, અને દસ કરોડ લોકવાળા બ્રહ્માંડમાં પરાર્ધ મુખ વાળા બ્રહ્માની સત્તા વિરાટ નારાયણે સ્થાપી. વળી આમ પરાર્ધભુજા સુધીના વિષ્ણુ અને પરાર્ધ નેત્રોવાળા સુધીના શંકરોની સત્તાઓ પણ સ્થાપી. આ સર્વે ઈશ્વરો પોતપોતાના અધિકાર પ્રમાણે પોત પોતાના કાર્યો કરે છે. એક વાર વિરાટ નારાયણના રાજસૂય મહોત્સવમાં વિરાટનારાયણના ઘરે હજારો ઈશ્વરો પધાર્યા તેમાં અનેક ભુજાઓવાળા વિષ્ણુઓ, વિભિન્ન નેત્રો વાળા રૂદ્રો, અન્ય વિરાટ નારાયણો તથા અન્ય ઈશ્વરેશ્વરો પણ પધાર્યા. ત્યાં ઉત્સવમાં ઈશ્વર સમાજમાં અગ્રપૂજયતા કોને મળવી જોઈએ ? એ બાબતે મહાન કોલાહલ થયો તેમાં કેટલાકે કહયું કે પરાર્ધ મુખવાળા બ્રહ્મા અગ્રપૂજાને લાયક છે તો કેટલાકે પરાર્ધનેત્રો વાળા શંભુને અગ્રપૂજય ગણાવ્યા વળી કેટલાકે પરાર્ધ ભૂજાવાળા વિષ્ણુને અગ્રપૂજય ગણાવ્યા. આમ આ વાદવિવાદનો નિર્ણય થઈ શકયો નહી. આમ પરસ્પર વાદ થયો ત્યારે સર્વેએ વિચાર કર્યો કે વાદાદિક વિભ્રમોમાં વૃદ્ધોનું વચન ગ્રાહ્ય રાખવુ જોઈએ (કારણકે તે સચોટ ન્યાય કરી શકે) તેઓના

પ્રપિતા (દાદા) અને મહાબુદ્ધિમાન મહાવિષ્ણુ એ સભામાં વૃદ્ધ (આયુ અને લાયકાતમાં સર્વ શ્રેષ્ઠ) હતાં તેથી તે જે નિર્ણય આપે તે સૌએ માન્ય રાખવાનું ઠેરાવી મહાવિષ્ણુની પાસે આવી નમસ્કાર કરી ઈશ્વરોએ તે સર્વ વૃત્તાંત નિવેદિત કર્યુ. ક્ષણભર ધ્યાન કરીને મહાવિષ્ણુએ પૌત્ર એવા ઈશ્વરોને પોતે વિચારેલી વાત કહી કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણ તમે તુલ્ય છો. સમાન બળશાળી છો, સમાન પણે પૂજય છો, સમાન શ્રેષ્ઠ છો, સમાન પણે પોતપોતાના કાર્યો વહન કરનારા છો, પરસ્પર એકબીજાથી ન્યૂન નથી, તેથી ત્રણેય પૂજાને લાયક છો. છતાં રાજસૂયમાંતો એકની જ પૂજા થઈ શકે આથી તમે ઈશ્વરોજ જાતે વિચારીને નિર્ણય કરો તેમા ત્રણમાંથી એકને અગ્રપૂજયતા (આ યજ્ઞ પુરતી) આપો અને બીજા બે તેની અનુવૃત્તિ ગ્રહણ કરો. આમ આજ્ઞા કરી મહાવિષ્ણુ મૌન થયા.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં બહુવિધ બ્રહ્માદિકોના અધિકારોનું વર્ણન કર્યું એ નામક છઠ્ઠો અધ્યાય ॥૬॥

દ્વાપરયુગ સન્તાન
અધ્યાય-૭

શ્રીનારાયણ બોલ્યા : ત્યાર પછી તે ત્રણેયની અગ્રપૂજ્યતાને માટે દુરાગ્રહ વડે (ફરી) મહાન કોલાહલ થયો અને (તે પરાર્ધમસ્તક હાથ અને નેત્રોવાળા બ્રહ્મા - વિષ્ણુ અને મહેશ પણ) હું જ સૌથી પહેલો પૂજય થાઉં તમે કે આ ઈશ્વરો નહિ એમ પોતાના પૂજયત્વની સંપ્રાપ્તિ માટે કલહ કરવા લાગ્યા. એકબીજા પર આક્ષેપો નાખી પરસ્પર તિરસ્કાર કરવા લાગ્યા અને દુરુક્તિઓ રૂપી તીખા બાણોથી જાણે મર્મ સ્થાનોને ભેદી નાંખતા હોયને શું ? તેમ કોલાહલ કરવા લાગ્યા. તેટલામાં તેમના મતને અનુસરનારા

કરોડો બ્રહ્મા - વિષ્ણુ અને મહેશો આયુધો લઈ પરસ્પર ભીષણ યુદ્ધ કરવા લાગ્યા તેથી સર્વેનું અતિ ઉગ્રમર્દન થયું પણ કોઈ એકની અગ્રપૂજ્યતાનો નિર્ણય તેઓ દ્વારા થયો નહિ. ત્યારે અનેક મહાવિષ્ણુઓથી સમન્વિત અનેક વૈરાજ પુરૂષોએ સાક્ષાત પરબ્રહ્મ શ્રીહરિને નિર્ણય માટે પ્રાર્થના કરી. પરંબ્રહ્મ શ્રીહરિએ તેઓની પ્રાર્થના જાણીને પોતાના અક્ષર નામના ધામમાં અવ્યાકૃતધામ નામક ન્યાયલયના પરમ સ્થાનની રચના કરી પોતે જ ભૂમાપુરૂષનું રૂપ ધારણ કરી ન્યાયાધીશપણે બિરાજ્યાં. વળી ન્યાયસંપાદક ઈશ્વરોને પણ તેમાં નિયોજિત કર્યા તથા ભૂમાપુરૂષે પોતાના વામભાગથી ભૂમ્ની નામના લક્ષ્મીજીને પ્રગટ કર્યા. તો પરેશ્વરી પણ ન્યાયકર્ત્રી ન્યાયાધીશા છે. આમ ભૂમાપુરૂષ અને ભૂમ્ની લક્ષ્મીદેવીનું તે અવ્યાકૃત નામનું પરમધામ છે. તે ધામમાં અનેક ન્યાયકર્તાઓ, ન્યાયાધીશો, ઉપનિર્ણય પ્રદાન કરનારાઓ, પરાવર નિયામકો, પ્રકૃતિપુરૂષ અને પ્રધાનપુરૂષાત્મક મહાવિષ્ણુઓ અને વૈરાજાદિક ઈશ્વરોના પણ નિર્ણાયકો છે. ત્યાં ત્યાં તે તે સ્થાનોમાં ઈશ્વરકોટિઓ અત્યંત સુખદેનાર અને ઐશ્વર્યવાન હોય છે. પરાર્ધ ભુજાઓવાળા વિષ્ણુ રાજસૂયમાં અગ્ર પૂજ્ય છે એમ ભૂમાપુરૂષે ન્યાય કર્યો તે જ રીતે તે ન્યાયની આજ્ઞા પ્રમાણે સર્વે ઈશસૃષ્ટિઓએ (ઈશ્વરોએ) રાજસૂય યજ્ઞ કર્યો. ન્યાય કાર્યનું ફળ તે તે જગ્યાઓએ મળે છે. (જેમ કે) એક રાજાનો ક્ષય થતાં બીજાનો પટ્ટાભિષેક ઉત્સવ, કાર્યનો વિનિમય પ્રાપ્ત થતાં નેતા (અગ્રણી) એવા ઈશ્વરોનું પરિવર્તન (બદલી), યુદ્ધકાળમાં, વિનાશમાં, આકસ્મિક ઉપદ્રવમાં, વ્યૂહ - અંશ - વિભવ - આવેશ અને વિભૂતિઓના પ્રકાશનમાં, બ્રહ્માંડોમાં અવતારોને મોકલવામાં અને પાછા બોલાવવામાં સદાય ભગવાન ભૂમાપુરૂષનો સર્વથા અધિકાર છે. પરબ્રહ્મ એવા સાક્ષાત સ્વયં શ્રીહરિ ભૂમાપુરૂષના રૂપે અવ્યાકૃત નામના પોતાના ધામમાં ન્યાયકાર્ય માટે ઉપસ્થિત

છે. બ્રહ્માંડમાં જ્યારે જ્યારે જે જે સ્થળે ધર્મની હાનિ જણાય છે ત્યારે ત્યારે તે પોતાના અંશને અવતરવા પ્રેરણા આપે છે તેથી બ્રહ્માંડમાં યુગે યુગે રામકૃષ્ણાદિક વિભિન્ન અવતારો પૃથક પૃથક પણે અનંત થાય છે. (તેવી જ રીતે) ઈશ્વરોના લોકોમાં પણ તેમના જેવા જ શીલ-રૂપ અને ક્રિયાવાળા અનંત અવતારો થાય છે. કાળના અત્યંતપણાથી, સૃષ્ટિના અપાર પણાથી અને કાર્યોની અનંતતા હોવાથી શ્રીહરિના અવતારો અસંખ્ય અને અનંત છે. (હવે અથ શબ્દથી વિષયાંતર કરે છે.) સર્વે ઈશ્વરોને સર્વદા સુખોની ઉપલબ્ધિ રહે તે માટે શ્રીહરિએ હૃદયમાં તપ અને બ્રહ્મચર્યનું ધ્યાન કર્યુ. પ્રકૃતિપુરૂષ, પ્રધાનપુરૂષ, ભૂમાપુરૂષના લોકમાં સ્થિત ઈશ્વરો, મહાવિષ્ણુઓ, મહેશ્વરો, હિરણ્યગર્ભો, વિરાટપુરૂષો, અષ્ટાવરણના ઈશ્વરો, ગોલોકમાં સ્થિત, વૈકુંઠમાં સ્થિત, શ્વેતદ્વીપમાં સ્થિત, અવ્યાકૃતમાં સ્થિત, અક્ષરમાં સ્થિત સર્વે મુક્તો, માયા, ઈશ્વરો વિગેરે સર્વે મારા તપથી સુખી થાઓ આમ દયા વડે શ્રીહરિએ અક્ષર નામના પ્રદેશમાં તપ કરવા માટે ધામનું નિર્માણ કર્યું તે દિવ્ય એવું બદરિકાશ્રમધામ રમણીય, તપ-ત્યાગમય અને સદા શાંતિ તથા આનંદમય છે. વળી શ્રીહરિએ દિવ્ય બ્રહ્મચારીનું રૂપ ધારણ કર્યુ. તે સર્વના સ્વામી એવા 'નારાયણ' દિવ્ય સોળ વર્ષના થયા. ત્યારે અક્ષરે તેમની સેવા માટે પ્રાર્થના કરી અને સોળવર્ષના 'નર' નામક નરાકાર રૂપ ધારણ કર્યુ. તે નર સેવક છે અને નારાયણ સ્વામી છે એમ તે નરનારાયણ અક્ષર અને પરબ્રહ્મ છે. બ્રહ્મવર્ચસ્વના સાગર, ઉર્ધ્વસ્રોતા, તેજસ્વી અને બ્રહ્મચારી એવા નરનારાયણ પ્રભુ તે બદરિકાશ્રમ ધામમાં બિરાજે છે. તે શ્રીહરિના દર્શન કરવા માટે વારંવાર ઈશ્વરો ત્યાં જાય છે. મુક્ત એવા અસંખ્યાત નૈષ્ઠિક ઋષિઓ ત્યાં સ્થિત છે તેઓ નિશ્ચય જ દયાળુ, શાન્ત, સાધુઓ અને મુનિઓ મનાયેલા છે. ગૃહસ્થ એવા ઈશ્વરોના ઉદ્ધાર માટે શરણાગતવત્સલ એવા તેઓ ઈશ્વરોના

લોકોમાં ભ્રમણ કરે છે અને 'નારાયણ' નો મન્ત્ર આપી મોક્ષને પમાડે છે. વળી સાક્ષાત પરબ્રહ્મ શ્રીહરિની ઉપાસનાનું ઈશ્વરલોકમાં પ્રવર્તન કરી તેથી તેનો મોક્ષ કરે છે. ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, અવ્યાકૃત અને બદરિકાશ્રમ આ ધામો દિવ્ય છે અને અક્ષરધામના પ્રદેશોમાં જ શ્રીહરિએ તે ધામોની રચનાઓ કરેલી છે. શ્રીહરિજ શ્રીકૃષ્ણ, શ્રીરામચંદ્ર, શ્રીનારાયણ, શ્રીભૂમા, શ્રીનરનારાયણ, બ્રહ્મેશ્વર, અક્ષરાધિપતિ, બ્રહ્મલોકેશ્વર વિગેરે રૂપોને ધારણ કરે છે આથી જે પુરૂષોત્તમ સંજ્ઞક પરમેશ્વર ભગવાન છે તે ભિન્ન ભિન્ન રૂપે સર્વત્ર બિરાજમાન છે. વળી અક્ષર સંજ્ઞક પોતાના ધામના પ્રદેશોમાં જ તેમણે અન્ય ધામોની રચના કરી છે આથી તે સર્વે ધામોમાં પણ અક્ષર છે જ તેથી ગોલોકાદિના મધ્યમાં અક્ષરધામ છે. આમ વ્યાપક પણે અક્ષર, પરમધામ અને બ્રહ્મલોકનું વર્ણન થાય છે. ઈશ્વરોના લોકોની સીમા પ્રકૃતિ કહેવાય છે. આ ધામો સીમાઓથી બ્રહ્મ સાથે સંલગ્ન છે તેથી અક્ષર વડે વ્યાપ્ત થયેલા તે અક્ષરસંજ્ઞક કહેવાય છે. જે પ્રકૃતિની ઉપર સ્થિત છે અને પ્રકૃતિના સ્પર્શે રહિત છે તેવા લોકોને મર્મને જાણનારાઓ મોક્ષભૂમિ કહે છે. હે લક્ષ્મિ ! આમ મેં ઈશ સૃષ્ટિ સંસ્થાન કહ્યું. આ તમારી જ સંજ્ઞાઓ છે. આ તમારૂ જ સર્વે સામર્થ્ય છે. આ બધું તમારા પ્રભાવથી જ થયેલું છે. આ સર્વ ઈશ્વર સંસ્થાન તમારા વિના શોભા પામતું નથી. હું અને તમે સદા ત્યાં સર્વાત્મરૂપધારક છીએ. તમારા વિના મારૂં ઈશત્વ નથી અને મારા વીના તમારામાં રતિ નથી. સત અને ચિત એવો આપેલો જે સર્વથા આનંદ તેને જ સુખ કહેવાય છે તે સર્વ લોકો અને ઈશ્વરો આપણા સુખને ભોગવે છે તેથી ઈશ્વરમંડળ લક્ષ્મીનારાયણાત્મક છે. આપણા બન્નેમાંથી પ્રાદુર્ભૂત થયેલું છે અને આપણામાં જ તિરોભાવને પામે છે. આત્યંતિક પ્રલયમાં બધું મારામાં લીન થઈ જાય છે અને સર્ગના પ્રારંભમાં મારામાંથી જ ફરી ઉત્થિત થાય છે આમ

વિચારીને ઈશ્વરો સદા મને ભજે છે. મારા ઐશ્વર્યને પામેલા ઈશ્વરો મારા દ્વારા અધિષ્ઠિત થયેલા છે. મારા યોગથી જ તો ઈશ્વરો થયા છે. મારા યોગ વિના તે ઈશ્વરો નથી.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં અવ્યાકૃતધામ અને બદરિકાશ્રમધામ - પ્રદર્શન નામક સાતમો અધ્યાય ॥૭॥

ત્રેતાયુગ સન્તાન
અધ્યાય-૧૧૩

શ્રીકૃષ્ણ બોલ્યા હે રાધિકે ! કૃષ્ણપ્રિયા એવી તે પિતૃકન્યાઓએ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુને આદર પૂર્વક પૂછ્યું કે હે કાન્ત ! તમે કૃપા વડે અમારો મહિમા વધાર્યો. હે સર્વાત્મન્ ! તમારો મહિમા અમે જેમ જાણી શકીએ તેમ અમને કહો જેથી અંતમાં અમારો મોક્ષ થાય. આવી રીતે કહેવાયેલા અવિનાશી ભગવાન પ્રભુએ તે કન્યાઓને ભક્તિમાં સહાય કરનારૂ પોતાના સ્વરૂપનું જ્ઞાન કહ્યું કે જીવલોકથી પરે ઈશ્વરોના લોકો છે. વાસુદેવાદિક વ્યૂહ કોટિઓ ત્યાં નિવાસ કરે છે. રાધા વડે સેવાયેલો હું ગોલોકમાં નિવાસ કરૂં છું. વૈકુંઠમાં નારાયણ એવો હું લક્ષ્મી સાથે નિવાસ કરૂ છું. તેનાથી પર અક્ષરધામમાં પુરૂષોત્તમ રૂપે વર્તુ છું અને ત્યાં દ્વિભુજ છું તેથી અક્ષરાતીત સંજ્ઞક છું. વળી સર્વથી પર અક્ષરથી પણ પરે પરમધામમાં અસંખ્ય મુક્તો અને બ્રહ્મપ્રિયાઓ વડે સેવાયેલો એવો હું નિવાસ કરૂં છું. મારા રોમના એક અણુમાત્ર પ્રદેશમાંથી ઉત્પન્ન થયેલા તેજ અને ઐશ્વર્યો સર્વે ઈશ્વરોમાં વ્યાપ્ત છે અને તે પૂર્ણની જેમ જ જણાય છે. મારા એક ગુણના લેશમાત્ર પાશ વડે ઈશ્વરો તે તે ગુણોથી યુક્ત કહેવાય છે મારા સંકલ્પ માત્રથી અવતારો થાય છે. પુરૂષોત્તમ એવા મારી ઈચ્છાથી અસંખ્યાત સૃષ્ટિઓ ઉત્પન્ન થાય છે અને તેમાં હું અન્તર્યામિ સ્વરૂપે સ્થિત રહું છું. ભૂત-પ્રાણીઓમાં અંદર-બહાર યથાસ્થાન હું નિવાસ કરૂં છું. જેવું કાર્ય હોય, જેવી અપેક્ષા હોય અને જેવું ભક્તોનું સેવન હોય

તેવી રીતનો થઈને હું ભક્તોના વૃંદમાં નિવાસ કરૂં છું. હે પ્રિયાઓ ! ક્યારેક ઈશ્વરોમાં, ક્યારેક સ્વર્ગમાં દેવતાઓમાં, ક્યારેક ઋષિઓમાં, ક્યારેક માનવજાતિના ભક્તોમાં, ક્યારેક જળમાં, ક્યારેક સ્થળમાં, ક્યારેક અરણ્યમાં, ક્યારેક પશુ-પક્ષીઓમાં, ક્યારેક તૃણ-વેલી-વૃક્ષોમાં જ્યાં જેવું કાર્ય હોય ત્યાં નર-નારી કે ઈતર રૂપે વળી રાજા-પ્રજા-દીન-સાધુ-સાધ્વી-કામિની-ગોપાલ-ગોબાલ-ગોપિકાપતિ વિગેરે વિગેરે રૂપમાં કલ્પોમાં, યુગોમાં, દિવસોમાં અને લગ્નોમાં (તમામ રાશિઓમાં) નક્કી જ મારા અવતારો થાય છે. (અત્યારે અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા કોટિ - અબજ કન્યાઓનો કાન્ત અને પુરૂષોત્તમ સંજ્ઞક એવો જે હું તે શ્રીમદ્‌ગોપાલકૃષ્ણ અને કંભરાલક્ષ્મીના પુત્ર રૂપે માનવરૂપધારી એવો બાલકૃષ્ણ છું. અને તમારે સર્વેને પ્રાપ્ય છું. માત્ર કરૂણાએ કરીને સૌરાષ્ટ્રમાં અશ્વપટ્ટ સરોવરથી સુશોભિત કુંકુમવાપી ક્ષેત્રમાં લોમશ આશ્રમના સમીપે અક્ષર નામના ક્ષેત્રમાં હું નિવાસ કરૂં છું. હું અમેય હોવા છતાં પૂર્વકલ્પની કન્યાઓના તપના ફળને આપવા માટે કરોડો કામદેવ સમાન સૌન્દર્યવાન, અનવધિ વીર્યવાન, ષટ્ ઐશ્વર્ય - અષ્ટ સામર્થ્ય અને અષ્ટ સિદ્ધિઓથી અન્વિત થયેલો, કોટિ - અબજ રૂપ સામર્થ્ય અને અસંખ્ય બળ અને ગુણોના આશ્રયરૂપ એવો હું કન્યાઓના ભાવની પૂર્તિ માટે નર નાટકને ધારી સાક્ષાત પતિ સ્વરૂપે પ્રગટ થયો છું અને આજે તપોબળથી તમારા સર્વેના પતિ રૂપે હું વર્તુ છું.) તમારે સર્વેએ સુખની પ્રાપ્તિ માટે મારી સેવા કરવી. સ્નેહપૂર્વક મારી સેવાનો જ મેં ભક્તિ માનેલી છે. તેના વડે જ હું પ્રસન્ન થાઉ છું પણ બીજા કોઈ ઉપાયો વડે ક્યારેય પ્રસન્ન થતો નથી. જેમ પતિવ્રતા સતી પોતાના પતિને સેવે છે તેવી જ રીતે અનન્ય ભાવે મુમુક્ષુઓ મને ભજે છે. અતિ શ્રેષ્ઠ અનુરાગરૂપા એવી ભક્તિ સર્વથા મારામાં કરવી. મારા જન્મ અને કર્મોની કથાઓનું શ્રવણ મારા ભક્ત કે ભક્તાણીઓના મુખે કરવું તે મોક્ષને દેનાર છે. વળી મુમુક્ષુઓએ મારા અવતારોના ચરિત્રો તથા મારા ભક્તોના ચમત્કારો - ચરિત્રો અને આખ્યાનો સાંભળવા. હે પ્રિયાઓ ! મારૂં અને મારા સત્પુરૂષોનું કીર્તન કરવું. યોગ્ય સમયે શ્રદ્ધાપૂર્વક વારંવાર સત્પુરૂષોના

મુખે મારા જન્મ, કર્મ અને ચરિત્રોની કથાવાર્તા કરાવવી. જે ગ્રન્થોમાં મારા, મારી પત્નીઓના અને મારા ભક્તોના ચરિત્રો હોય તે ગ્રન્થોનું પઠન-પાઠન (ભણવું-ભણાવવું) મોક્ષને દેનાર છે. વળી સર્વદા છન્દોમાં પદ્યોનું, ગદ્યોનું તથા સંસ્કૃત અને પ્રાકૃત એવા ગ્રન્થોનું ગાયન પ્રેમપૂર્વક વીણાદિક વાદ્યોએ સહિત, તાળીઓએ સહિત તથા વિવિધ પ્રકારના વાજીંત્રોએ સહિત કરવું અથવા પગમાં નુપૂરબાંધી તેની ઝાંઝરની ધ્વનિઓથી યુક્ત કે કેડમાં બાંધેલ પટ્ટાની ઘુઘરીઓના નાદથી યુક્ત નૃત્યે સહિત કીર્તન કરવું. મારી સ્તુતિ-પ્રાર્થના-નામ સંકીર્તન વિગેરે પ્રેમપૂર્વક મનોરમ વાક્યો અને પદ્યો વડે કરવું. હે પ્રિયાઓ ! હૃદય કમળમાં મારૂં ચિંતન કરવું, સ્મરણ કરવું. તેમાં સાંગોપાંગ મારી મૂર્તિનું હૃદયમાં ચિંતન કરવું. મૂર્તિના ધ્યાનમાં કેશથી લઈને પગના નખ સુધી એક એક અંગનું ચિંતવન કરીને વિશેષપણે મારા હાસ્યનું ચિંતન કરવું. સર્વદા મારા નામો અને કર્મોનું સ્મરણ કરવું. મારા અને મારા ભક્તોના ગુણો અને ચમત્કારોનું સ્મરણ કરવું. મારા મન્ત્રોનો જપ કરવો. હે પ્રિયાઓ ! પરમધામ, અક્ષરધામ, ગોલોકધામ, અમૃતધામ, વૈકુંઠધામ, અવ્યાકૃતધામ, શ્વેતદ્વીપધામ, બદરિકાશ્રમધામ, સાકેતધામ, નિત્યકૈલાસધામ, ક્ષીરસાગરધામ, શ્રીપુરધામ, મારી લક્ષ્મીઓ, પાર્ષદો, બ્રહ્મયોષિતાઓ, ઐશ્વર્યો, સિદ્ધિઓ, વિભૂતિઓ અને દિવ્ય સાધુઓ વિગેરેનું સ્મરણ ઉત્સાહપૂર્વક કરવું. મારા દેવાલયોની, મારા માતાપિતા - કુટુમ્બિજનોની, મારી ગાયોની, મારા વાહનોની, મારા વેષોની, મારા આયુધોની અને મારા સંબંધને પામેલ વસ્તુઓની સદા સ્મૃતિ મુક્તિ દેનારી છે. હે પ્રિયાઓ ! સત્પતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ અને પ્રત્યક્ષ શ્રીહરિ એવા મારા ચરણોનું સંવાહન કરવું. (પગચંપી કરવી) તથા મારી મૂર્તિનું પાદસંવાહનાદિક કાર્ય વારંવાર કરવું તેમાં સ્થિર રહીને હું પાદસંવાહનાદિક સેવાઓનો સ્વીકાર કરૂં છું. ધાતુની, કાષ્ઠની કે માટીની કિશોર અવસ્થાવાળી, સર્વ અંગો અને ચિન્હોથી સુશોભિત એવી મારી મૂર્તિ કરાવવી અને નર અને નારીઓએ સર્વથા સ્નેહપૂર્ણ થઈ તેની સેવા કરવી. અથવા તો મનમાં ગમે તેવી ધ્યાન નિર્મિત માનસી મૂર્તિની કલ્પના કરી તેના ચરણનો તથા તમામ અંગોનો સ્પર્શ બધી બાજુથી ભાવપૂર્વક કરવો તથા તેની સાથે રમણ

કરવું. આમ સર્વથા માનસ સેવન કરવું. તેમાં ભોજન કરાવવા પૂજન કરવા અને વિશેષ પણે મને રંજિત કરવો (મારી સાથે રતિક્રીડા કરવી) હૃદયમાં સ્થિર કૃષ્ણ એવો હું તમારી સેવાને ગ્રહણ કરીશ. શયનમાં પણ મને ધારીને મારી સાથે જ નિત્ય સુવું. વ્યવહારમાં પણ મને આગળ કરી તે વ્યવહાર કરવો. ભોજનાદિક પણ મને ધરાવીને જ કરવું પણ બીજી રીતે ક્યારેય ન કરવું. શરીરમાં, ઈન્દ્રિયોમાં, ભક્તોમાં અને ભોગ્યોમાં હું સર્વથા રહ્યો છું. તેથી મારા સ્મરણ પૂર્વકની જ તમામ ક્રિયાઓ કરવી. તેથી તે સર્વે નિર્ગુણ પુણ્ય દેનારી અને મોક્ષ દેનારી થાય છે. મનમાં મને આગળ સ્થાપીને જવું, મારામાં સ્થિર થવું આમ સર્વથા મારા દેહના સંવાહનરૂપ સેવન કરવું. મારી સેવાથી વાસુદેવથી ઉત્પન્ન થનાર વ્યૂહ સ્વરૂપોએ સમસ્ત સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાની સામર્થી મેળવી. મારા પગના અંગુઠાથી પાવન થયેલી ગંગા ગોલોકને પવિત્ર કરે છે. મારા ચરણના આશ્રયવાળાને સેવા વડે કાળ-માયા-પાપ-કર્મ-શત્રુ અને કુહૃદ આદિકનો ભય ત્વરિત નાશ પામે છે. રાધા, રમા, પ્રભા, પાર્વતી, શ્રીમાણિકી વિગેરે એકસો બાર સંખ્યાવાળી તથા અન્ય બ્રહ્મ યોષિતાઓ મારા ચરણકમળની પરિચર્યા કરે છે વળી કોટિ અર્બુદ સ્ત્રીઓ અને મુક્ત કોટિઓ પણ સદા મારા ચરણકમળની પરિચર્યા કરે છે. અસંખ્ય દેવપ્રિયાઓ અને અસંખ્ય ગોપીઓ મારા ચરણકમળની સેવાથી મારાથી પણ અધિક કીર્તિને પામી છે. જે ચરણકમળની લાખો વ્યાસો સ્તુતિ કરે છે તેવા મુક્તિની ઈચ્છા રાખનારે મારા તે ચરણોની સેવા કરવી. મારા ચરણો, મારી ભુજાઓ, મારૂં મસ્તક તથા મારી પીઠની સંવાહન (ચંપી) વડે સદા સેવા કરવી. હે પ્રિયાઓ ! મારા અંગો ઉપાંગો કે પ્રત્યાંગોને ભાવપૂર્વક સેવવા. મારા કોઈપણ અંગોનું સેવન મોક્ષ દેનારૂં થાય છે. વળી નરનારીઓને મારૂ અર્ચન કરવું તે સોળ પ્રકારના બાહ્ય ઉપચારો વડે તથા શ્રેષ્ઠ અને મનોરમ એવા માનસિક એકસો આઠ ઉપચારો વડે કરવું. મારી ચલ પ્રતિમામાં મારૂ આહ્વાન કરીને મારી પૂજા કરવી તેમાં પંચામૃત તથા જળ વડે અભિષેક કરવો, સ્નાન કરાવવું. પછી શ્રેષ્ઠ વસ્ત્રો અર્પણ કરવા, યથાસ્થાન વિવિધ અલંકારો ધરાવવા, ઋતુ પ્રમાણે કાશ્મીરી કેસરથી યુક્ત ચંદનાદિકથી

અંગલેપન કરવું, સ્નેહ વડે તિલક ચાંદલો કરવો, સુગંધિત પુષ્પોના હાર-તોરાઓ ધરાવવા, ધૂપદીપ નૈવેદ્ય ધરવા, ગીત અને વાજીંત્રોના વાદન સાથે મહાનીરાજન (મહાઆરતી) કરવું પછી નમન-પ્રદક્ષિણા અને સ્તુતિ પ્રાર્થના કરી પુષ્પાંજલિ અર્પણ કરવી. આમ દિવસમાં પાંચવાર પૂજન કરવું, ત્રણવાર કરવું, બે વાર કરવું કે અવશ્યપણે સવારમાં તો કરવું જ. વળી મારી જન્મ જયંતિઓમાં અને એકાદશી આદિક વ્રતોમાં ગીતવાજીંત્રો પૂર્વક મારૂ મહાપૂજન કરવું અને પારણાના દિવસે સાધુઓ અને સતીઓને જમાડવા. વળી જે ધનવાન હોય તેમણે મારા મંદિરો કરાવવા અને મહોત્સવ વડે તેમાં મારી પ્રતિષ્ઠા કરવી અને ત્યાં પૂજાનો પ્રવાહ અવિરત રહે તે માટે ગામ, ખેતર, ધન, ઘર ઈત્યાદિ અર્પણ કરી તેની રમણીય આજીવિકાનો પ્રબંધ કરવો. વળી મારા માટે તથા મારા સત્પુરૂષો માટે કુવા, વાવ, પુષ્પવાટિકા, સરોવરો, કુંડો વિગેરે કરાવવા તથા ઘણીક દક્ષિણાઓ આપવા પૂર્વકના શ્રેષ્ઠ વૈષ્ણવ યજ્ઞો કરાવવા. મન્ત્રજપ કરવા, સ્તોત્રોના પાઠાદિક કરવા, વારંવાર મારા નામોનું, મન્ત્રોનું તથા ગ્રન્થોનું ભાવપૂર્વક પુરશ્ચરણ કરવું. વળી પિતૃઓ, દેવતાઓ, ઋષિઓ અને વૃદ્ધોની પૂજા કરવી આમ બાહ્ય અર્ચન કહ્યું. માનસ પૂજન તો હૃદયમાં પ્રેમ સાગરમાં નિમગ્ન થઈ શ્રેષ્ઠ એવા એકસો આઠ ઉપચારો વડે જે પૂજન કરવું તે છે. વળી મને સાષ્ટાંગ કે ષષ્ટાંગ વંદન કરવું તેમાં પુરૂષોએ પગ, હાથ, ગોઠણ, છાતી, શિર, દૃષ્ટિ, વાણી અને મન આ આઠ વડે દંડવત્ (અર્થાત્ દંડની જેમ પૃથ્વી પર પડી) પ્રણામ કરવા તથા નારીઓએ પગ, હાથ, મન, વચન, શિર અને દૃષ્ટિ વડે બેસીને જ ષષ્ટાંગ પ્રણામ કરવા. મારા ચરણનો સ્પર્શ પામેલી ધૂળમાં આળોટવું અને તે રજકણોને શિર પર ચઢાવવા. મારા શરીરને સ્પર્શેલ ચંદન, અત્તર, જળ-રંગ વિગેરે પદાર્થોને ધારણ કરવા અને મારા અહોભાગ્ય છે કે ભગવાનના ચરણ કમળનો સ્પર્શ પામેલ રજ કે ભગવાનના શરીરને સ્પર્શેલ ચંદનાદિકનો મને યોગ થયો. હું મહાભાગ્યવાન છું આમ બોલતા મુમુક્ષુજને નિત્યાનંદમાં નિમગ્ન થવું. વળી જેમ લક્ષ્મી તથા લોમશમુનિ સદા દાસભાવે વર્તે છે તેવી રીતે મારી પાસે

દાસ ભાવે રહેવું. તે સેવામાં ક્ષતિ પહોંચાડે તેવું અભિમાન ક્યારેય કરવું નહિ. સર્વકાળે જેવી અપેક્ષા હોય તેવી દાસની જેમ સેવા કરવી. નર અને નારીઓએ યોગ્ય અને અયોગ્ય એવી તમામ પ્રકારની મારી પરિચર્યા તે સર્વથા દાસભાવે કરવી. પરમેશ્વર એવો હું તે સદા ભક્તિ વડે સેવવા યોગ્ય છું તેથી મારી સ્નાનાદિક ક્રિયાઓ માટે સ્વયં જળાદિક લાવવા, ફૂલો ચુંટી લાવી સ્વયં હાર બનાવવા, તુલસી દળ લાવવા, ચંદનાદિક ઘસવા, રસોઈ બનાવી સ્વયં મને કોળીયા વડે જમાડવો, જળપાન કરાવવું, કોગળા કરાવવા, સ્વયં પાનબીડા-મુખવાસ આપવા, યથોચિત પંખાઓ વડે પવન ઢોળવા, મારા મંદિરોમાં સ્વયં વાળવું, લેપન વિગેરે કરવું, જીર્ણોદ્ધાર કરવા, નવીન મંદિરો કરવા, ભક્તોની અન્ન, જળ, ફળાદિક વડે સેવા કરવી અને માનનો ત્યાગ કરી ભાવપૂર્વક તેઓને પ્રણામ કરવા તથા દાસ ભક્તિમાં દેહ, સ્ત્રી, પુત્ર, ધન આદિક સર્વસ્વનું અર્પણ કરવું. આમ જે વર્તે છે તેને હું મારી સમાનતા આપું છું. હવે સર્વપ્રકાશવાન એવા મારામાં મિત્રપણું કરવું જે આ મિત્રપણું કરે છે તે આ લોક અને પરલોકમાં મારી સમાન છે. (તે કેવી રીતે કરવું ? તે કહે છે) દેહ સ્ત્રી પતિ પુત્રાદિકથી વધારે સ્નેહ મારામાં કરવો. માનુષ્ય નાટકને ધારણ કરી રહેલા મારી ક્રિયાઓમાં દોષ બુદ્ધિ ના કરવી. હે પ્રિયાઓ ! ભક્તાધીન અને કર્તુમકર્તુમન્યથા કર્તુમ સમર્થ એવા મારા કર્મોમાં ક્યારેય સંશય કરવો નહિ. કામથી, ક્રોધથી, લોભથી, મોહથી, સ્વાર્થથી કે સુખની ઈચ્છાથી જે જનો જેવી રીતે મારા શરણે આવે છે તેને હું તેવી જ રીતે ભજુ છું તેથી મારામાં સંશય ન કરતા મિત્રતા કરવી કારણ કે હું જે કાંઈ કરૂં છું તે ભક્તો માટે અને ભક્તોના કલ્યાણ માટે કરૂં છું લોકો મારી તે ગહન ગતિને જાણતા નથી તેથી મારી ક્રિયાઓમાં સર્વથા વિશ્વાસ કરવો. હવે સર્વસ્વ મને સમર્પિત કરવું તે આત્મનિવેદન છે. નર અને નારીઓએ દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણો, સ્વભાવો અને કુટુમ્બ વિગેરે સર્વથા મને અર્પણ કરવા પણ તેને આધીન થવું નહિ. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું તે સ્વામી છું તેથી નિત્ય મને આધીન રહેવું. મારા માટે જ સર્વ ક્રિયાઓ કરવી અને મારા માટે જ સર્વ વ્યાપાર

કરવો. આવી રીતનો જે ભક્ત છે તે મને પ્રિય છે. આમ મારી પ્રિયાઓ એવી તમો સર્વે વર્તો તેથી તમારો પતિ એવો જે હું તે તમોને નિશ્ચિત શાશ્વત સુખ આપીશ. હે રાધિકે ! આમ સ્વયં પરમેશ્વર શ્રીકૃષ્ણનારાયણે વિશેષપણે ભક્તિના ઘણાક સ્વરૂપો કહ્યાં.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણીયસંહિતામાં દ્વિતીય ત્રેતા સન્તાનમાં પ્રભુની સર્વથા પ્રસન્નતા પ્રાપ્ત કરાવનારા ભક્તિના વિવિધ સ્વરૂપોના વિવેચન નામક એકસો તેરમો અધ્યાય ॥૧૧૩॥

❖ ❖ ❖

આરતી

આરતી લક્ષ્મીનારાયણ સંહિતાની.....
પ્રગટ પ્રભુ શ્રી શ્વેતાયન વ્યાસે,
સ્વયં રચી છે મહાસુખખાની... ॥૧॥
વેદ શાસ્ત્ર ઈતિહાસ પુરાણો,
સર્વેના સાર સ્વરૂપિણી વાણી... ॥૨॥
દુર્વાસન અઘ ઓઘ વિનાશિનિ,
સાક્ષાત પરમધામ પ્રદાની... ॥૩॥
દાસાનુદાસ કહે કરજોડી,
સત્યરૂપા આ પરબ્રહ્માણી... ॥૪॥

— **રચિતા** : ડૉ. હર્ષદભાઈ સતાસીયા

❖ ❖ ❖

જયનાદ

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય
પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય
શ્રીશ્વેતાયન વ્યાસ હરિની જય, શ્રી કંભરાગોપાલ બાળની જય
શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજની જય, શ્રી વિઘ્નવિનાયક દેવની જય
શ્રી કષ્ટભંજનદેવની જય, શ્રીહરિ શરણાગતિ મંડળની જય

❖ ❖ ❖